Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

निजशुद्धात्मने नमः

# શ્રી પ્રવચન રત્નો-૧

શ્રી પરમાત્માને નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ
નિજ શુદ્ધાત્મને નમઃ

શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપરના પરમ ઉપકારી.
પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ગાથા ૨, ૬, ૭૫
ઉપર ૧૯ મી વારના મંગલ પ્રવચનો તથા પરિશિષ્ટમાં
સમાવિષ્ટ પાંચ પ્રવચનો અને પ્રવચન સંદર્ભો.

**: પ્રાયોજક :**

**શ્રી વજુભાઈ અજમેરા**

B. Sc. M. Ed. LL. B.

રાષ્ટ્રભાષા રત્ન, વર્ધા

રાજકોટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

: પ્રકાશન તારીખ :
પ્રથમ આવૃત્તિ
પ્રત: ૧૦૦૦

પ્રથમ આવૃત્તિ:
**દિનાંક : ૨૫-૧-૯૮,**
**સંવત ૨૦૫૪ પોષ વદ ૧૨**

દ્વિતીય આવૃત્તિ
પ્રત: ૫૦૦

: દ્વિતીય આવૃત્તિ :
**દિનાંક: ૨૮-૧૧-૯૮,**
**પૂ. ગુરુદેવશ્રીનો સમાધિદિન**

: પ્રાપ્તિસ્થાન :
શ્રી વજુભાઈ અજમેરા
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કહાન માર્ગ
રાજકોટ- ૩૬૦ ૦૦૧.
ફોન: ૨૨૩૧૦૭૩

:પ્રકાશક:
શ્રી વજુભાઈ અજમેરા
B. Sc. M. Ed. LL. B
રાષ્ટ્રભાષા રત્ન, વર્ધા
રાજકોટ- ૩૬૦ ૦૦૨.

# Thanks & Our Request

This shastra has been kindly donated by Jashwantlal Chandulal Kotadia and Family, Baroda, India & California, USA who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Shree Pravachan Ratno - 1 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

3) If you would like to donate a shastra to AtmaDharma.com, please visit:-

http://www.AtmaDharma.com/donate

to see the list of shastras we would like to see next on AtmaDharma.com.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 18 May 2004 | First electronic version. |

# પ્રાસ્તાવિક

પ્રવચન રત્નો-૧ પુસ્તક પરમ ઉપકારી અધ્યાત્મ યુગ સ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર ઉપરના ૧૯ મી વારના- અંતિમ વારના અંતરના ઊંડાણમાંથી અંદરમાંથી આવેલા ભાવોને ભાષામાં વ્યક્ત કરતા પ્રવચનો છે. ધન્ય પળે રચાઈ ગયેલ અને ભારતના અતિ નિકટ ભવિજનો માટે જળવાઈ રહેલ આ અદ્વિતીય અધ્યાત્મ શાસ્ત્રની ગાથા-૨, ૬, અને ૭૫ ઉપરના પૂજ્યશ્રીના પ્રવચનો કેસેટોમાંથી અક્ષરસઃ આ પુસ્તકમાં ઉતારવામાં આવેલ છે.

જીવ અનાદિકાળથી પોતાના સ્વસમયરૂપ સ્વરૂપને યથાર્થપણે સમજ્યો નથી તે સમજાવીને તેનું પરપ્રદેશે સ્થિતપણું કેમ છૂટે એ દર્શાવવાનો પ્રયત્ન ગાથા-૨ ઉપરના પ્રવચનોમાં કરવામાં આવ્યો છે.

ગાથા ૬, ૭૫ તથા પરિશિષ્ટરૂપે પાંચ પ્રવચનોનું સંકલન વર્તમાનમાં બહુચર્ચિત જ્ઞ સ્વભાવ, જ્ઞાનનું સ્વ-પર પ્રકાશક સામર્થ્ય તથા જ્ઞાનની સ્વજ્ઞેય- પરજ્ઞેયની જાણવાની રીત સંબંધી સ્પષ્ટીકરણ પૂ. ગુરુદેવશ્રીના સ્વમુખેથી થયું છે તે દર્શાવે છે.

સ્વ-પર પ્રકાશકપણાની શક્તિનું અર્થઘટન જ્ઞાન સ્વને જાણે તેમજ પરને જાણે એમ જે કરવામાં આવે છે તેમાં કાંઈક માર્મિક વાત આત્માર્થી જીવોના ચિંતનના બાકી રહી ગઈ હોય તેમ લાગે છે. પૂ. ગુરુદેવશ્રી જ્યારે વારંવાર તેઓશ્રીના મંગલ પ્રવચનોમાં એમ સ્પષ્ટ રીતે ફરમાવતા હોય કે જ્ઞાન પરને ખરેખર જાણતું નથી પરંતુ જ્ઞાન તો જ્ઞાનને જ જાણે છે. પરને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. ખરેખર તો સ્વ સંબંધી અને પરસંબંધીનું જ્ઞાન જ જ્ઞાનમાં નિરંતર જાણવામાં આવી રહ્યુ છે. આ સ્પષ્ટ ભાષાના સૂચિતાર્થને શ્રી બનારસીદાસજી જેવા અનુભવી પુરુષના આ કથન સાથે મેળવતાં મર્મ ઉપર લક્ષ ગયા વિના રહેતું નથી. તેઓ શ્રી ફરમાવે છે કે "સ્વપર પકાશક શક્તિ હમારી, તા તૈ વચન ભેદ ભ્રમ ભારી". આ કથનમાં કાંઈક રહસ્ય પડ્યું છે એમ લાગે છે. સ્વપર પ્રકાશતાનો અર્થ જ્ઞાન સ્વને જાણે તેમજ પરને જાણે એવો જો ખરેખર થતો હોત તો "તા તૈ વચન ભેદ ભ્રમ ભારી" લખવાની આવશ્યક્તા જ ન રહેત. પરંતુ સ્વ પર પ્રકાશક શક્તિનો અર્થ જ્ઞાન સ્વને જાણે તેમજ પરને જાણે એમ કરતાં ભારે ભ્રમ પેદા થાય છે એ શબ્દો એવું સૂચવતાં જણાય છે કે અનંત સામર્થ્ય સંપન્ન ભગવાન આત્માના અખંડ અમૂર્તિક અસંખ્ય આત્મ પ્રદેશોમાં જ્ઞાનની જાણનક્રિયા સાથે સહવર્તીપણે સ્વપરને પ્રકાશતી કોઈ અદ્‌ભૂત પ્રક્રિયા નિરંતર વર્ત્યા કરે છે જે સ્વપર પ્રકાશકતાની આત્માની એક શક્તિને જાહેર કરે છે અને આ શક્તિની અભિવ્યકિત થતી રહેતી હોવાથી સ્વજ્ઞેય - પરજ્ઞેય બંને સંબંધીનું જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનની પર્યાય જણાંતા સહજપણે થયા કરે છે. મંથનની ભૂમિકામાં આ પ્રક્રિયા સંબંધી ઊંડાણથી વિચારતાં એવું સ્પષ્ટ સ્વીકૃત થાયછે કે જાણવાની પ્રક્રિયારૂપે જ્ઞાનની પર્યાયમાં પર્યાય જ જણાય છે એ પણ સદ્‌ભૂત વ્યવહારનું કથન છે તો જ્ઞાનમાં જ્ઞાન જ નિરંતર જાણવામાં આવી રહેલ છે, પર નહી. વળી બીજો ન્યાય પૂજ્યશ્રીએ દર્શાવી રહ્યા છે કે જ્ઞાનની પર્યાય જેમાં તન્મય થાય તેને જ જાણે છે. હવે પર્યાય ભિન્ન સત્તાવાળા પરપદાર્થોમાં તો તન્મય થઈ શકે નહિ તેથી ખરેખર પરને જ્ઞાનની પર્યાય જાણી શકે

જ નહિ. જ્ઞાનની પર્યાય પોતામાં તન્મય હોવાથી પોતાને જ જાણે અને અભેદ વિવક્ષાથી પ્રયોજનની સિદ્ધિ માટે વિચારીએ તો જ્ઞાનની પર્યાય જ્ઞાયક સાથે તન્મય-અભેદ પરિણમે છે તેથી ખરેખર તો જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય છે. આમ જાણનાર જ જણાય છે અને પર ખરેખર જણાતું નથી એ પૂજ્ય ગુરુદેવશ્રીનું જ મંત્રકથન છે અને આ કથન સ્વીકારવું જ રહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી પૂર્વભવમાં વિદેહક્ષેત્રે સાક્ષાત્ બિરાજમાન સીમંધર પરમાત્મા જે જીવંત સ્વામી સર્વજ્ઞદેવ છે તેમની વાણી પ્રત્યક્ષ સાંભળીને અહીં પધારેલા તેમજ વર્તમાનકાળે ભરત ક્ષેત્રમાં અવતરીને સ્વયંબુદ્ધત્વ થઈ નિજ ચૈતન્ય ભગવાનના દર્શન પામેલ તથા ભાવિ તીર્થંકરનું દ્રવ્ય હોવાથી તેમની જે વાણી નીકળી તે અતિશયતાથી ભરેલી હતી. તે અનુભવમાંથી આવેલી દિવ્ય વાણીના ન્યાયો મર્મસ્પર્શી હોવાથી સર્વ આત્માર્થી ભવ્યજનોએ ઊંડાણથી મંથન કરીને સમજીને સ્વીકારવા યોગ્ય છે.

આ પુસ્તકના પ્રકાશન પાછળ પૂ. ગુરુદેવશ્રીની વાણી દ્વારા જાણવાની પ્રક્રિયાની સ્પષ્ટ સમજણ થાય અને કોઈ વિવાદને અવકાશ ન રહેતાં આપણે બધા ગુરુભક્તો આત્માર્થને સાધી વર્તમાન મનુષ્ય-ભવ સાર્થક બનાવવા સક્ષમ બનીએ એ જ એકમાત્ર પવિત્ર ભાવના તેમજ પ્રયોજન છે.

આ પુસ્તકની રચના થાય તે માટે કેસેટોમાંથી અક્ષરશઃ ગુરુવાણીને કાગળ ઉપર ઉતારવાની ઘણીજ મહેનત માગી લેતી કામગિરિ શ્રીદેવશીભાઈ ચાવડા, શ્રીવિનુભાઈ મહેતા તથા શ્રીજયેશભાઈ બેનાણી દ્વારા કરવામાં આવેલ છે તે સૌ પ્રથમ આભાર માનવા યોગ્ય આત્માર્થી સહકારીઓ છે. તેમના સહકાર વિના આ કાર્ય શક્ય જ ન બન્યું હોત. વળી છેલ્લા આઠેક મહિનાથી પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વારના શ્રીસમયસારજી શાસ્ત્ર ઉપરના પ્રવચનોની કેસેટો હું સાંભળું છું તેમાંથી ઉદ્‌ભવેલા આ પ્રકાશન માટેના ભાવને પ્રેરણા પૂરી પાડવાનું કાર્ય પરમ આદરણીય વડીલ આત્માર્થી ભાઈશ્રી લાલચંદભાઈ મોદીનો તો હું અત્યંત ઋણી છું. આર્થિક વ્યવસ્થા ગોઠવી આપવામાં તેઓશ્રીએ તેમજ વડીલ આત્માર્થી ભાઈશ્રી શાંતિભાઈ ઝવેરીએ જે નિશ્ચિંતતા મારામાં ભરી દીધી તે બદલ તેઓશ્રીનો આભાર તો માનું જ છું તથા તેઓશ્રીના પ્રયાસોથી જેઓ આ પ્રકાશનમાં આર્થિક સહયોગ આપીને સહાયક બન્યા છે તે સર્વ ગુરુભક્તોના પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ પ્રકાશન માટેની સંપૂર્ણ આર્થિક સહાય બૃહદ્ મુંબઈના આત્માર્થી મુમુક્ષ ભાઈબહેનો તરફથીજ પૂરી પાડવામાં આવેલ છે.

આ પુસ્તકમાં સંગ્રહિત પૂ. ગુરુદેવશ્રીના મહાપ્રવચનોનો આત્માર્થના જ એકમાત્ર પ્રયોજનપૂર્વક નિજ સ્વભાવના લક્ષે ભવ્ય આત્માર્થીઓ સ્વાધ્યાય કરે એ હેતુથી આ પ્રકાશનની કોઈ વેંચાણ કિંમત ન રાખતાં સ્વાધ્યાય માટે પાત્ર જીવો ને આ પુસ્તક પ્રાપ્ત થાય એવું આયોજન કરવામાં આવેલ છે. આ પણ જિનવાણી ઉપરની વાણી છે તેથી તેની અશાતના ન થાય તેનું લક્ષ રાખવાનું યોગ્ય છે.

**- વજુભાઈ અજમેરા**

# પ્રાસ્તાવિક :

# દ્વિતીય આવૃત્તિ પ્રસંગે

પ્રસ્તુત પુસ્તકની પ્રથમ આવૃત્તિ રાજકોટના પંચકલ્યાણકના પાવન પ્રસંગે પ્રકાશિત થયેલ. તેમાં દર્શાવેલ જ્ઞાનના સ્વ-પર પ્રકાશક સ્વભાવની પૂ. ગુરુદેવશ્રી દ્વારા થયેલ ચોખવટ તથા જ્ઞાન તો સદાકાળ જ્ઞાનનેજ જાણે છે તે તથ્ય તેમજ અનંત સામર્થ્ય સંપન્ન ભગવાન આત્માના અમૂર્તિક આત્મ પ્રદેશોમાં સ્વચ્છત્વના પરિણમનરૂપ સ્વ-પરના પ્રતિભાસને કારણે સ્વ-પર સંબંધીનું જ્ઞાન થવામાં જ્ઞાનની પર્યાયને પરની સાપેક્ષતા કે પર સન્મુખતાની આવશ્યક્તા રહેતી નથી તે વાસ્તવિક્તાના ખુલાસાથી જ્ઞાનની જાણન પ્રક્રિયાની ઘણી સ્પષ્ટ ચોખવટ થઈ. આધારરૂપે પૂ. ગુરુદેવશ્રીના મંગલ પ્રવચનો વાંચી ઘણા જીવોએ ભારતના અન્ય અન્ય સ્થળોએથી ખુશી વ્યક્ત કરી. ગુરુભક્ત પંડિતજનોના હર્ષયુક્ત પત્રો આવવાથી આ વિષયની સારી ચોખવટ થઈ એમ મને લાગ્યું. આવો પ્રયાસ ફળદાયી નીવડયો.

પ્રથમ આવૃત્તિની બધી પ્રતો વહેંચાઈ જતાં આ બીજી આવૃત્તિ પૂ. ગુરુદેવશ્રીના ૧૯મા સમાધિદિને પ્રકાશિત કરતાં પૂજ્યશ્રીને શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું અને એવી આશા રાખું છું કે પૂજ્ય ગુરુદેવશ્રીના જે પ્રવચનો આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવેલ છે તે સર્વ નિજ હિતાકાંક્ષી આત્માર્થી જીવોને જ્ઞેય સંબંધીની અનાદિની ભ્રમણામાંથી મુક્ત કરીને સ્વજ્ઞેયને સ્વીકારી ધ્યેયપૂર્વક જ્ઞેયરૂપ પરિણમન થવામાં ઉપકારી બનશે.

દિનાંક: ૨૮-૧૧-૧૯૯૮

**પૂજ્ય ગુરુદેવશ્રીનો સમાધિદિન**

**વજુભાઈ અજમેરા**

રાજકોટ

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )


તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર–વીર–કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ–ગુણ–પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )


હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર–અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, –મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અનુક્રમણિકા

| ક્રમ | ગાથાક્રમાંક | પ્રવચનક્રમાંક | દિનાંક | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૮ | ૧૫-૬-૭૮ | ૩ |
| ૨ | ૨ | ૯ | ૧૬-૬-૭૮ | ૭ |
| ૩ | ૨ | ૧૦ | ૧૭-૬-૭૮ | ૧૭ |
| ૪ | ૨ | ૧૧ | ૧૮-૬-૭૮ | ૨૭ |
| ૫ | ૨ | ૧૨ | ૧૯-૬-૭૮ | ૩૮ |
| ૬ | ૬ | ૨૦ | ૨૯-૬-૭૮ | ૪૮ |
| ૭ | ૬ | ૨૧ | ૩૦-૬-૭૮ | ૫૮ |
| ૮ | ૬ | ૨૨ | ૧-૭-૭૮ | ૬૯ |
| ૯ | ૬ | ૨૩ | ૨-૭-૭૮ | ૮૦ |
| ૧૦ | ૬ | ૨૪ | ૩-૭-૭૮ | ૯૧ |
| ૧૧ | ૬ | ૨૫ | ૪-૭-૭૮ | ૧૦૩ |
| ૧૨ | ૭૫ | ૧૫૯ | ૩-૧-૭૯ | ૧૧૫ |
| ૧૩ | ૭૫ | ૧૬૦ | ૪-૧-૭૯ | ૧૨૦ |
| ૧૪ | ૭૫ | ૧૬૧ | ૫-૧-૭૯ | ૧૩૦ |
| ૧૫ | ૭૫ | ૧૬૨ | ૭-૧-૭૯ | ૧૪૧ |
| ૧૬ | ૭૫ | ૧૬૩ | ૮-૧-૭૯ | ૧૫૨ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પરિશિષ્ટઃ


| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કળશ ટીકા કળશ-૧૯૨ | પ્રવ. ક્રમાંકઃ ૨૧૩ | દિ. ૨૪-૧-૭૮ | પૃષ્ઠક્રમાંક ૧૬૩ |
| ૨ | કળશ ટીકા કળશ-૨૧૫ | પ્રવ. ક્રમાંકઃ ૨૩૯ | દિ. ૨૩-૨-૭૮ | પૃષ્ઠક્રમાંક ૧૭૨ |
| ૩ | શ્રી સમયસાર ગાથા ૧૯૯ | પ્રવ. ક્રમાંકઃ ૨૭૫ | દિ. ૧૫-૧-૭૯ | પૃષ્ઠક્રમાંક ૧૮૪ |
| ૪ | શ્રી સમયસાર ગાથા ૨૦૪ | પ્રવ. ક્રમાંકઃ ૨૮૩ | દિ. ૧૩-૮-૭૯ | પૃષ્ઠક્રમાંક ૧૯૩ |
| ૫ | શ્રી સમયસાર ગાથા ૨૮૩ થી ૨૮૫ | પ્રવ. ક્રમાંકઃ ૩૪૮ | દિ. ૧૬-૧૧-૭૯ | પૃષ્ઠક્રમાંક ૨૦૩ |
| ૬ | પૂર્તિ પાના ગાથા-૨૯૪ | - | દિ. ૦૬-૧૨-૭૯ | પૃષ્ઠક્રમાંક ૨૧૫ |
| ૭ | પૂર્તિ પાના નિયમસાર શ્લોક ૧૨૦ | - | દિ. ૨૫-૧૧-૭૯ | પૃષ્ઠક્રમાંક ૨૧૮ |
| ૮ | પ્રતિભાસ સંબંધી થોડુંક | | | પૃષ્ઠક્રમાંક ૨૧૯ |


***

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શ્રી સદ્ગુરુદેવાય નમઃ **સમયસાર ગાથા-૨** શ્રી સદ્ગુરુદેવાય નમઃ

तत्र तावत्समय एवाभिधीयते–

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मदेसछिदं च तं जाण परसमयं।।२।।**

પ્રથમગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી, ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું? હવે પહેલા સમયને જ કહે છેઃ

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

**ગાથાર્થઃ** હે ભવ્ય! (जीव) જે જીવ (चरित्रदर्शन ज्ञान स्थित:) દર્શન-જ્ઞાન -ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે (तं) તેને (हिं) નિશ્ચયથી (स्वसमयं) સ્વસમય (जानीहि) જાણ; (च) અને જે જીવ (पुद्गलकर्मप्रदेशस्थितं) પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે (तं) તેને (परसमयं) પરસમય (जानीहि) જાણ.

**ટીકાઃ** 'સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ' સમ' તો ઉપસર્ગ છે, તેઓ અર્થ' એકપણું' એવો છે; અને अय गतौ ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે; તેથી એકસાથે જ (યુગપદ) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે.

આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામ સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એક્તારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો તથા પુરુષને (જીવને) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું.

વળી જીવ કેવો છે? ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય ઉદ્યોતરૂપ, નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિરૂપ છે (કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે) આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર સાંખ્યમતીઓનું નિરાકરણ થયું.

વળી તે કેવો છે? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે (કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે) આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો.

વળી તે કેવો છે? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. (પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે.) આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વળી તે કેવો છે? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે. (અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છ એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે.) આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાનેનથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર માનનારનો, વ્યવચ્છેદ થયો.

વળી તે કેવો છે? અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો-અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું અને રૂપીપણું-તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ-એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.

વળી તે કેવો છે? અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાની જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. આ વિશેષણથી, વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો-આવો જીવ નામનો પદાર્થ સમાન છે.

જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ અને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે; પણ જ્યારે તે અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાઠ જેવો જે (પુષ્ટથયેલો) મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિભાવો સાથે એકત્વ ગતપણે (એકપણું માનીને) વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.

આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય-એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.

ભાવાર્થ:- જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.' જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે, એ જીવપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે, તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે, વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અનેઅન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને પરસ્વભાવ -રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા-૨ પ્રવચનક્રમાંક-૮ દિનાંકઃ ૧૫-૬-૭૮

'પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી', સિદ્ધાંત-પદાર્થને કહેવાની પ્રતિજ્ઞા કરી, ત્યાં એ આકાંક્ષા થાય-ઈચ્છા થાય 'કે સમય એટલે શું?' સમય કહેવો કોને? તમે સમયપ્રાભૃત કહેવા માગો છો... તો સમય કહેવો કોને? શું તમે કહેવા માગો છો? સમય એટલે શું?

આહા...! કે 'તેથી હવે પહેલાં સમયને જ કહે છે' -કોને સમય કહેવો એની વ્યાખ્યા બીજી ગાથાથી શરૂ કરે છે.

'જીવો' ઉપાડયું આંહીથી પહેલું જીવો! 'જીવો' એટલે જીવ છે ને...! જીવને કહેવું છે આંહી! અને તેથી ૪૭ શક્તિમાં પહેલી શક્તિ 'જીવત્વશક્તિ' લીધી છે. એ આંહીથી ઉપાડી છે. જીવ જીવત્વશક્તિથી બિરાજે છે ત્રિકાળ! ભગવાન આત્મા ત્રિકાળ ભાવ! જીવત્વશક્તિ એટલે? અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતઆનંદ, અનંત બળ, એનાથી એનું જીવન અનાદિથી છે.

એવો 'જીવો' એમ ઉપાડયું! આમ સંસ્કૃતમાં વિસર્ગ થઈ ગ્યો! 'જીવો' આમ કહીએ તો જીવો! જે જીવ છે તે રીતે જીવો! એ જીવતરશક્તિ કીધી! જે રીતે જીવ છે વસ્તુ! આહા. હા! તે રીતે જીવો! એને જીવ કહીએ.

આહા.. હા! આ શરીરથી ને.. ઈંદ્રિયોથી ને દશપ્રાણથી જીવે એ જીવ નહીં.

(तत्र तावत्समय एवाभिधीयते-)

जीवो चरित्तदंसणणाणठिदो- ન્યાં 'जीवो' આવ્યું ને આંહી 'ठिदो' આવ્યું! तं हि ससमयं जाण। તેને સ્વસમય જાણ. આહા.. હા! આદેશ કર્યો છે. ભગવાન કુંદકુંદાચાર્ય 'જાણ' એમ કહે છે. 'જાણે' તો એનો અર્થ ઈ કે અજાણને જાણ બતાવે છે. જે જાણતો નથી એને કહે છે કે 'જાણ'.

આહા..! 'पोग्गलकम्मदेसछिदं' च तं जाण परसमयं।। આહા... આહા.. હા!

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો.. એમ જીવો જીવ એમ અહીં કહે છે. પણ દર્શનજ્ઞાનચારિત્રથી જીવે તે જીવ છે. ત્યારે એણે જીવ જાણ્યો કહેવાય. આહા.. હા! શું કહ્યું? 'જે છે' એ અનંતદર્શન જ્ઞાન આનંદને વીર્યથી જીવે છે! ત્રિકાળ..!! પણ એ જીવને એ રીતે જેણે જાણ્યો, માન્યો, અનુભવ્યો એને સ્વસમય કહેવામાં આવે છે. આહા.. હા! એણે આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. આહા... હા!

ગાથાર્થ લઈએ પહેલે...

ગાથાર્થઃ 'હે ભવ્ય!' છેલ્લી લીટીમાં 'જાણ' (કહ્યું) છે ખરું ને..! 'જાણ' ત્યારે કો' કને કહે છે ને..! 'હે ભવ્ય! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત રહે છે સ્થિત થઈ રહ્યો છે, પર્યાયમાં હો! આહા..! જીવ ત્રિકાળશક્તિથી તો જીવી રહ્યો છે. પણ એને જીવી રહ્યો છે એનું જ્ઞાન જેને થાય, એની શ્રદ્ધા થાય. ઠરે! એ સાચો જીવ છે. આહા.. હા! 'ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે' એમ છે ને..' 'તેને નિશ્ચયથી સ્વસમય જાણ' -એને ખરો આત્મા જાણ. જેને સમ્યગ્દર્શન... (શ્રોતાઃ) સાધે, એ ખરો

આત્માથાય એમ કીધું? (ઉત્તરઃ) સાધુ, કહેનાર છે ને...! સાધુ કહેનાર છે તે ત્રણ બોલથી ઉપાડયું છે. કહેનાર પોતે સાધુ છે ને..! તેથી છઠ્ઠી ગાથામાં, પ્રમત્ત-અપ્રમતનો નિષેધ કર્યો છે ને..! પોતે, પ્રમત-અપ્રમત (ગુણસ્થાનમાં) છે. એનો નિષેધ કરીને, જ્ઞાયકભાવ છું એમ કહ્યું છે.

કહેનાર પોતાની સ્થિતિને... વર્ણવતી ભાષાથી વર્ણવી રહ્યા છે. આહા.. હા! એને જીવ એટલે સ્વસમય-પોતામાં આવ્યો છે એને એ કહીએ કે જીવસ્વરૂપ ભગવાન! એની સન્મુખ થઈને જે સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, એમાં સ્થિરતા, એવા જીવને સ્વસમયમાં આવ્યો અને સ્વસમયને જાણ્યો, અને સ્વસમયરૂપ થયો એમ કહેવામાં આવે છે.

આહા.. હા.. હા! ગજબ શૈલી છે! સમયસાર એટલે... (શ્રોતાઃ) દિવ્યધ્વનિ..! થડું.. પણ ધીમે થી અંદર ઓગાળીને..! (જેમ) ઢોર ખાયને પછી અંદર ઓગાળે (વાગોળે) નિરાંતે બેસીને.. (વાગોળે-ઓગાળે) એમ 'આ' ઓગાળવું જોઈએ. એટલે વારંવાર એનું મંથન થવું જોઈએ. આહા..!

આહા.. હા! જીવ સ્વસમય એને કહીએ કે જેની પર્યાયમાં, જેની દશામાં, દશાવાનની પ્રતીતિ થઈ છે. જેની દશામાં, દશાવાનનું જ્ઞાન થયું છે જેની દશામાં, દશાવાનમાં ઠર્યો છે એ. આહા.. હા! 'એને સ્વસમય જાણ' કુંદકુંદાચાર્ય આદેશ કરે છે. (શ્રોતાઃ) પર્યાયથી જાણે! (ઉત્તરઃ) જાણ.. જાણીશ જ. પાઠ એવો છે આહા...!

એમ રહેવા દે, સંદેહ રહેવા દે, ન જાણી શકું રહેવા દે. મને અઘરું પડે ઈ રહેવા દે. 'છે' તેને પ્રાપ્ત કરવો એમાં તને અઘરું કેમ લાગે છે એમ કહે છે.

આહા... હા! ભગવાનને પરાણે પોતાનો કરવો હોય, તો ન થઈ શકે! અરે રાગને કાયમ રાખવો હોય તો નહીં થઈ શકે. પણ આ તો કરી શકીશ. આહા.. હા.. હા! 'जीवो चरित्तदंसणणाणठिदो' પહેલી લીટી છે. ભાષા કેવી લીધી છે. જીવમાં ઠર્યો, દર્શનજ્ઞાનથી ઠર્યો એમ ન લેતાં 'જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં ઠર્યો!' શું કીધું? (શ્રોતાઃ) જીવ ઠર્યો! (ઉત્તરઃ) એમ કીધું! ધ્યેય તો આત્મા છે. એને ધ્યેય બનાવીને જે દર્શનજ્ઞાનચારિત્ર થયું, તો ઈ તો દ્રવ્યને આશ્રયે થયું છે. એમાં આંહી તો કહે છે કે જે જીવ દર્શનજ્ઞાન ચારિત્રપર્યાયમાં ઠરે તેને સ્વસમય કહે છે. આંહી ઠર્યો આમ... સમજાય છે? આહા.. હા!

જીવ જે અનાદિથી કર્મના પ્રદેશે એટલે ભાવ એવો વિકાર એમાં ઠરે છે. એ તો અનાદિ છે. એતો જીવ અજીવ છે! અને જે જીવ પોતાની સંપદાને પૂરણ સંપદાને જ્ઞાનમાં જાણી.. પ્રતીત કરી અને એમાં ઠરે છે-જીવ' એમાં ઠરે છે! દર્શનજ્ઞાનચારિત્રમાં જીવ ઠરે છે. દર્શનજ્ઞાનચારિત્ર જીવને આશ્રયે થાય છે એમ ન લેતાં.. એ આમ રાગમાં ઠરતો, એ હવે સ્વભાવમાં ઠરે છે એમ બતાવવું છે.

આહા.. હા! બહુ થોડા શબ્દો! આ તો નિવૃત્તિનો મારગ છે બાપા!

આહા..! 'સ્વસમય જાણ' - જે ભગવાન પ્રભુ પૂરણ સંપદાથી ભરેલ છે એ જીવ પોતે પોતાના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રમાં ઠરે છે આંહી, એ અનાદિથી રાગમાં વિકારમાં ઠરતો, એની વાત પહેલી ન લેતાં, એ પછી લેશે. પહેલી તો આંહી શરૂઆત કરવી છે, અને થોડા કરનારાઓને કરવી છે એથી એણે આ જ વાત લીધી પહેલી. પહેલા પદમાં આ લીધું 'जीवो चरित्तदंसणणाण ठिदो' પછી ઓલી વાત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કરશે અનાદિની. આહા.. હા! 'તેને નિશ્ચયથી हि (કહ્યું) એટલે ખરેખર. જે જીવ પોતાની નિર્મળપર્યાયમાં ઠરે છે! જે જીવનમાં રહે છે, દ્રવ્યમાં એમ નહીં દ્રવ્ય તો રહેલું જ છે! અભેદ દ્રવ્ય-જીવદ્રવ્ય, જે પોતાના દર્શનજ્ઞાનચારિત્રમાં જે જીવ ઠરે છે તેને સ્વસમય નામ આત્મા જાણ, તેને આત્મા કહેવામાં આવે છે.

આહા.. હા! જીવ, જીવમાં રહે છે ત્રિકાળી એમ નહીં, ત્રિકાળી તો રહેલો છે. અને રહેલાને જાણ્યું કોણે? રહ્યો છે ઈ અંદર છે એવું જાણ્યા વિના રહ્યો છે એવું જાણ્યું કોણે? (શ્રોતાઃ) પર્યાયે. આહા.. હા! પરમસ્વભાવ ભાવ ભગવાન આત્મા! પોતામાં રહ્યો છે. પણ રહ્યો છે એવું જાણ્યું કોણે! રહ્યો છે એ રહ્યો છે એવા ધ્રુવે જાણ્યું?

આહા.. હા! જીવ ત્રિકાળ પરમ સ્વભાવભાવપણે રહેલો છે. એવું જેણે સમ્યક્-દર્શન પ્રગટ કર્યું, એની જેણે પ્રતીત કરી, એનું જેણે, છે એવું પ્રતીત કર્યું! આ 'છે' એમ જાણીને પ્રતીત કર્યું. એ આત્મા પ્રતીતમાં આવ્યો! એ આત્મા, આત્માના દ્રવ્યમાં તો હતો. પણ એની પ્રતીતમાં આવ્યો!

આહા..આહા..હા! 'दंसणणाण'માં આવ્યો! એ એના જ્ઞાનમાં આવ્યો ઈ. આહા..! ભગવાન આત્મા પૂરણજ્ઞાનથી તો છે, પણ 'છે' એમ જાણ્યું કોણે? જાણ્યા વિના એ 'છે' એમ માન્યું કોણે? આહા.. હા!

ભાઈ...? આવું ઝીણું છે, 'આ' ઝીણું!

આહા..હા! ગજબ વાત છે!! એક એક ગાથા ને એક એક પદ.. શિવપદના ભણકારા વાગે છે!

આહાહા! એ... જીવ... છે. અનંત અપરિમિત ગુણોનો ભંડાર પણ જેણે જાણ્યું નથી, માન્યું નથી એને ક્યાં છે? કહ્યું તું ને.. પ્રશ્ન થયો હતો ને આંહી હમણાં! ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે પ્રભુ! આપ કારણ પરમાત્મા કહો છો જીવને.. 'કારણપરમાત્મા' કારણ જીવ.. કારણ પ્રભુ! તો કારણ હોય તો એનું કાર્ય આવવું જોઈએ ને.. પણ કાર્ય તો આવતું નથી, કારણ પરમાત્મા તો છે તમે કહો છો.

પ્રશ્ન થયો' તો કાલ. આ કાઠિયાવાડમાં એમના પિતાશ્રી વિરજીભાઈનો દિગમ્બરના શાસ્ત્રોનો અભ્યાસ પહેલો એમનો જ હતો. એમના દિકરાનો પ્રશ્ન હતો, કારણ પરમાત્મા તમે કહો છો પ્રભુ! તો કારણ છે તો કાર્ય આવવું જોઈએ ને અને કાર્ય તો આવતું નથી.

કીધું, કોને પણ...? કારણપરમાત્મા છે.. એવો જેણે સ્વીકાર કર્યો છે.. તેને કાર્ય થયા વિના રહેતું નથી! પણ સ્વીકાર નથી ત્યાં કાર્ય ક્યાંથી આવે એને? એની દૃષ્ટિમાં કારણપરમાત્મા છેજ નહિ. દૃષ્ટિમાં તો પર્યાય ને રાગ છે. એને કાર્ય આવે ક્યાંથી? સમજાય છે આમાં?

આહા.. હા! કારણ.. પરમાત્મા.. છે, ઈ કોને? જેણે 'છે' એવું માન્યું જાણ્યું તેને..! ઈ જાણ્યું-માન્યું તેને જીવ છે ઈ પરિણમતી પર્યાય છે. એની પર્યાયમાં આની કબુલાત કરી છે, ત્યારે આંહી પર્યાય થઈ છે. એની પર્યાય વિના, ઈ કાર્ય આવે નહીં. સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રનો મારગ મોક્ષનો, ઈ ત્રિકાળી ચીજની માન્યતામાં અને તેના જ્ઞાનના જ્ઞેય વિના, એ વાત આવે જ નહીં. એ જ્ઞાનમાં ઈ જ્ઞેય આવું છે એમ જાણ્યું તો ઈ જ્ઞાન આવ્યું. 'આવું છે' એમ પ્રસિદ્ધ કર્યું તો સમ્યગ્દર્શનમાં આત્મા આવો છે એમ માન્યું. આહા.. હા.. હા! આંહી આ ત્રણ બોલથી વાત કરી છે મુનિ છે ને! પ્રથમ પદમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'चरित्तदंसणणाण..... ठिदो' થી વાત લીધી છે. પદમાં પહેલા ચરિત્ત લીધું છે એ તો પદની રચના માટે છે. પદ્ય છે ને આ... (ગાથાઓ) અને એની રચના-પદ્યની માટે 'चरित्त' લીધું પહેલું. આમ તો 'दंसणणाणचरित्त' છે. પણ પાઠમાં આમ આવ્યું છે. 'चरित्तदंसणणाण ठिदो' એ ગદ્યની રચનામાંથી પદ્યની રચનામાં એ રીતે આવ્યું છે. નહિતર, વસ્તુની સ્થિતિમાં તો દર્શનજ્ઞાનચારિત્ર છે. છે ને..?

આહા..! જુઓ...! અર્થ કેમ મૂકી દીધો! જોયું! પાઠ... તો 'चरित्तदंसणणाण' થી છે.. છે? ગાથામાં! અર્થ કેવો (ટીકામાં) થયો' દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત રહ્યો છે. ત્યાં એમ કહ્યું.

મૂળગાથામાં પહેલો શબ્દ ઈ, ટીકા નહીં-ટીકા નહીં. આહા..! માળા પંડિતોય પણ આ પંડિતો કહેવાય! જે આશય કહેવાનો છે તે આશય કાઢે ને સમજે! આ... કોરા વ્યાકરણવાળા નહીં કાઢી શકે!

અરે! ભગવાન! એક વાર સાંભળતો ખરો પ્રભુ તું! વિરોધ કરે ઈ એ.. એકાંત છે, એકાંત છે! પણ એકવાર સાંભળતો ખરો! ભાઈ..! નિશ્ચયનયનો અર્થ જ સમ્યક્એકાંત છે નય સમ્યક્એકાંત છે. પ્રમાણમાં અનેકાન્ત છે! આહા હા! સમ્યક્એકાંતમાં... જેવો જીવ છે તેવો જેણે 'दंसण' -પ્રતીત કર્યો-એ દર્શનમાં સ્થિર થયો! દર્શન આત્માને આશ્રયે થયું એમ ન કહેતાં... દર્શનમાં આત્મા સ્થિર થયો. પર્યાયમાં આત્મા-નિર્મળ પર્યાયમાં આત્મા આવ્યો! ધ્રુવ તો હતું! સમજાણું કાંઈ..?

આહા.. હા! આવો મારગ છે પ્રભુ! બહુ જુદી વાત ભાઈ..! આ એક એક ગાથા! એક-એક શબ્દ! ગજબ કામ કર્યાં છે આહા.. હા!

(શ્રોતા:) कहते हैं कि पर्याय छूती नहीं, यह तो आ गया! (ઉત્તર:) પર્યાયમાં જણાણો ત્યારે તેને આત્મા કહેવામાં આવ્યો. ન જણાણો એને આત્મા છે ક્યાં? આહા.. હા! ઘરમાં હીરો પડયો છે પણ ખબર નથી કોલસો છે કે હીરો!

આહા.. હા! એમ ચીજ જે છે એ છે જેટલી ને જેવડી, એટલી પ્રતીત કર્યા વિના, ઈ છે એમ આવ્યું કોને? આહા.. હા!

વિશેષ કહેશે...

* * *

## (૧) જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ

જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાલ-ગોપાલ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, "જાણનાર જ જણાય છે" તેમ નહીં માનતાં રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી અને જ્ઞાની તો "આ જાણનાર જણાય છે તે જ હું છું" એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે. (આત્મધર્મ અંક-૩૯૨)

## પ્રવચન ક્રમાંક - ૯ દિનાંક - ૧૬-૬-૭૮ (સમયસાર, ગાથા-૨)

'જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત' એ તો પદ્યની રચના માટે ચારિત્ર પહેલું આવ્યું છે. ખરેખર તો દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત રહ્યો છે. તેને નિશ્ચયથી સ્વસમય જાણ. અહીંયાં તો ત્રણ બોલ લીધાં છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર! છે તો અનંતગુણની પર્યાય! દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે. નિર્મળપણે થઈ છે (બધી પર્યાયો) પણ મુખ્યપણે અહીં દર્શન-જ્ઞાન-ચારિત્ર-મોક્ષનો મારગ જે દુઃખથી મુક્ત થવાનો, એને મુખ્યપણે કહ્યું છે.

એટલે કે... દર્શન, જ્ઞાન, ચારિત્ર! આત્મા અનંત ગુણસ્વરૂપ, તો અહીંયાં અનંત અનંત ગુણની વર્તમાન પર્યાય પણે-વ્યક્તપણે સ્થિત થાય, તેને અહીંયાં સ્વસમય નામ આત્મા કહ્યો છે. આત્મા તો આત્મા છે! પણ જેને શ્રદ્ધાજ્ઞાનને ચારિત્રમાં એ આવ્યો આત્માધ્રુવ, પરિણમન થયું, તેના ખ્યાલમાં આવ્યો એને આત્મા સ્વસમય કહેવામાં આવે છે. આત્મા તો આત્મા જ છે. પણ આંહીયાં દર્શનજ્ઞાનચારિત્રમાં (જે સ્થિત થયો તે આત્મા છે)

ઝીણી વાત છે ભાઈ..!

એના-આત્મામાં ગુણ તો અનંત છે. રાતે કહ્યું' તું. જેમ આ આકાશ છે એના આંહીના પ્રદેશથી શરૂ કરીએ, આંહીના આકાશથી.. શરૂઆત કરીએ તો અંત નથી, શરૂઆત આંહીથી લેવાય પણ ઈ પ્રદેશનો અંત નથી. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત એમ આંહીથી શરૂઆત કરીને આમ લઈ જાય તોય અનંત અનંત અને બેયનું ભેગું કરીએ તોય અનંત.

એક સમયના એક શ્રેણીના પ્રદેશ, એવીતો અનંતી શ્રેણી છે. એવો એક પ્રદેશ, એક પ્રદેશમાં શ્રેણી, એનો આદિ અને અંત નથી. એવી અનંતી શ્રેણીઓ છે. હવે આંહી તો એમ કહેવું છે કે જેના અનંત-અનંત પ્રદેશ આકાશના, જેનો અંત નથી, જેનો છેડો શું? છેડો શું? પછી શું? એમ કાળની પણ આદિ નથી. વર્તમાન એનો અંત આવે! અનાદિ-અનંત! આદિ નહીં ને અંત આવે. ભવિષ્યનો અંત નહીં. પણ શરૂઆત આંહીથી કહેવાય તો સાદિ-અનંત છે! અને સમુચિત કહેવાય તો અનાદિ-અનંત કહેવાય.

આહા.. હા! એમ આત્મામાં અને પરમાણુઓમાં એટલા ગુણો છે, એ આકાશના પ્રદેશથી પણ અનંતગુણ. એનો અર્થ શું થયો! આહા..! ગંભીર ગજબ વાત છે? આત્મામાં અનંત સંખ્યાએ ગુણ છે. એમાં આંહી ત્રણમાં સ્થિત કહ્યું પણ છે તો અનંતગુણમાં (સ્થિત) એ અનંતગુણ છે એમાં પહેલો પછી નથી. પણ ઈ અનંતગુણા છે... એમાં ગણત્રી કરવા જાય કે આ એક, બે, ત્રણ, ચાર, પાંચ તો એનો છેલ્લો ક્યો ગુણ? એ આવે નહીં એમાં આહાહા! ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે! અને ક્ષેત્ર એટલે પોતાનું ક્ષેત્ર (આત્માનું) અસંખ્ય પ્રદેશ પ્રમાણે! પણ એના જે ગુણોની સંખ્યા... અનંત! એમાં પહેલો-પછી એવું નહીં. પહેલું જ્ઞાનને પછી દર્શનને એવું નહીં, (બધાં ગુણો) એક સાથે! પણ એકસાથે હોવા છતાં એને ગણતરીથી ગણવા માંડે... કે આ એક, બે, ત્રણ, ચાર આ તો છેલ્લો ગુણ ક્યો? આહા.. હા! છેલ્લો છે જ નહીં! આહા..! આ તે કાંઈ વાત કહે છે એ શું કહે છે!

અનંત જે સંખ્યાએ આત્મામાં ગુણ છે. એગુણ પહેલો, પછી નથી. એક હારે... છે! પણ એક હારેમાં આ એક-બે-ત્રણ-ચાર એમ છેલ્લો ક્યો? આહા... હા! ગણતરીમાં છેલ્લો આવતા નથી. શું કહે છે આ?

અરે! એણે નિજ તત્ત્વ કેવું, કેવડું છે? એવું એણે અંતરથી સાંભળ્યું નથી.

આહા..! એના ગુણો... તે ભાવ.. એની સંખ્યા અપાર! તો ગુણ.. ગુણ.. ગુણ.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. દર્શન.. ચારિત્ર.. આનંદ.. અસ્તિત્વ.. વસ્તુત્વ.. એમ કરતાં ક્યાંય છેલ્લો ગુણ આવે એવો અંત નથી! આહા.. હા! જેમાં અંત વિનાના, છેલ્લો નહીં એવા અનંતગુણ! આ તે શું કહે છે! આહા... હા! અરે! એણે નિજતત્ત્વને જાણવાનો પ્રયત્ન કર્યો જ નથી. બાકી બધું આ સંસારના.. ઘોર પાપ! આખો દિ' એણે કર્યા!

અહીંયાં તો કહે છે જીવ ચરિત્તદંસણણાણ-चरित्तदंसणणाण ठिदो' तं हि स्वसमय जाण। એમાં તો જેટલા ગુણો છે. એ ગુણોની સંખ્યાનો છેડો, કોઈ અંત નથી. એટલી સંખ્યા.. એટલી સંખ્યા.. એટલી સંખ્યા અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત, એને અનંતને અનંતગુણા વર્ગ કરો તોપણ છેલ્લો આ ગુણ જેમાં નથી. આહા.. હા!

એવડું આ અસ્તિત્વ એના જેટલા ગુણો છે તેટલી જ એની પર્યાય છે. એકસમયમાં અનંતી પર્યાય છે! એમાં પહેલી-પછી ઈ શબ્દ નથી. કારણ કે એકસમયમાં જ અનંતી સાથે છે.

છતાં એ પર્યાયની ગણતરીથી ગણવા માંડો એક, બે, ત્રણ, ચાર, સંખ્ય, અસંખ્ય, અનંત.. અનંત... અનંત ઈ અનંતી પર્યાયમાં છેલ્લી કઈ પર્યાય? ઈ નહીં આવે એમાં! ઝીણું તત્ત્વ બહુ બાપુ! આહા.. હા! આ ગંભીર! સર્વજ્ઞ સિવાય કોઈએ જોયું નથી, જાણ્યું નથી કહ્યું નથી.

આહા.. હા! એના અનંતા ગુણોની સંખ્યા! આકાશ તો ક્ષેત્રથી અંત નહીં. આકાશ.. આકાશ.. આકાશ દશેય દિશામાં.. પછી શું? ... પછી શું? ક્યાંય આકાશનો અંત નથી. એટલા બધા આકાશના પ્રદેશોથી અનંત ગુણા આંહી (આત્મામાં) ગુણ છે. જેનો-આકાશના પ્રદેશનો અંત નથી! આહા.. હા! એથી અનંતગુણા ગુણ, સંખ્યાએ અનંતગુણા ગુણ, એ રહ્યા અસંખ્ય પ્રદેશમાં, રહ્યા એકસમયમાં! રહ્યા અસંખ્ય પ્રદેશમાં રહ્યા એકસમયમાં! રહ્યા અનંત.. તો અનંતનો આ છેલ્લો ગુણ 'આ' .. આ તે કાંઈ વાત છે! શું છે! એ છેલ્લો ઈ શબ્દ જ નથી ત્યાં! અને ઈ ભાવમાં ઈ નથી. આહા.. હા! એવા અનંત.. અનંત ભાવરૂપ ગુણ એ આંહી કહેશે નીચે!

'એ અનંતધર્મોમાં રહેલું એક ધર્મીપણું તે દ્રવ્ય છે.' -એમ આવશે નીચે.

ભાષા સાધારણ છે એમ જાણીને એની ગંભીરતા ન બેસે તો, ભાષા-ભાષા તો જડ છે. એ અનંતગુણ જે છે, એનો કોઈ છેડો નહીં. છેડો નહીં એટલે? આ છેલ્લો ગુણ... છેલ્લો ગુણ.. છેલ્લો ગુણ અનંત.. અનંત ગણતાં કે આ છેલ્લો, ઈ એમાં છે જ નહીં. આ શું કહે છે આ..!? **આ વાત પહેલીવહેલી છે! કોઈ દિ' કહેવામાં આવી નથી.** સમજાણું કાંઈ..? અનંત છે ને એ બધું ઘણીવાર કહ્યું! પણ અનંત છે.. ઈ અનંતનો.. અનંતનો.. છેલ્લો, છેલ્લો ક્યો? આહાહા..!

અસંખ્યપ્રદેશમાં એક સમયમાં અનંતની સંખ્યામાં આ છેલ્લો, ઈ છેલ્લો આવતો જ નથી! છેલ્લાનો

છેડો જ નથી. આહાહા.. હા! આ તે વાત!!

(શ્રોતા:) વ્યાખ્યાનમાં નહોતી થઈ આપે રાતે વાત કરી હતી! (ઉત્તર:) હા, બહેનોને કાને પડે ને..! **આ થઇ તે પહેલાં વહેલી કરી છે. આટલા વર્ષમાં પહેલીવાર આ કરી છે** કે અનંત ભાવમાં, એ અનંતની સંખ્યામાં છેલ્લો ગુણ ક્યો? કે છે જ નહીં એમાં (છેલ્લો!) આહા.. હા! એમ.. અનંતગુણની એકસમય કાળમાં એકસમય અને અસંખ્યપ્રદેશનો છેલ્લો અંશ, ક્ષેત્રનો એમાં થતી અનંતી પર્યાય/ગુણમાં તો અસંખ્યપ્રદેશ છે, આખા! આમ એક પર્યાય છે એનો છેલ્લો/અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ એમાં ઉત્પન્ન થતી અનંતી પર્યાય, ક્ષેત્ર એટલું અંશ, કાળ એક સમય, એ પર્યાયની સંખ્યા એટલી અનંતી.. આહા.. હા! કે આ પર્યાય છેલ્લી! એમ ગણતરીની ગણતરામાં છેલ્લી પર્યાય હોય નહીં. આહા.. હા!

આમ.. અનંત-અનંત તો કહે છે પણ અનંત એ કઈ રીતે એમ. આહા.. હા! ક્ષેત્રનો અંત તો તો હજી એમ કહે હશે! પણ આ એટલામાં ભાવનો અંત નહીં, ભાવની સંખ્યા જેટલી છે એટલી સંખ્યાનો ક્યાંય અંત નહીં, સમય એક, ક્ષેત્ર અસંખ્યપ્રદેશ અને ભાવની સંખ્યાનો છેડો નહીં, છેલ્લો 'આ' એવો છેડો નહીં! આહા.. હા! એવી જ અનંતી પર્યાય, પ્રદેશનો એક અંશ, સમયનો એક સમય અને સંખ્યામાં અનંત! પર્યાય. એમાંય પહેલી-પછી તો નથી ક્યાંય! એકસાથે છે અનંત, છતાં અનંતમાં આ, આ, આ, આ, આ... અનંત.. અનંત છેલ્લી આ.. આવું તત્ત્વ ભગવાન સર્વજ્ઞ સિવાય ક્યાંય કોઈએ જોયું નથી અને કોઈએ કહ્યું નથી.

એક સમયની અનંતી પર્યાય, એમાં હવે એક પર્યાય લેવો. જ્ઞાનની એક પર્યાય. અનંતી પર્યાયની સંખ્યામાં છેલ્લી પર્યાય નહીં, છેડો નહીં એટલી પર્યાય, આહા.. હા! કેમ? આકાશના પ્રદેશની સંખ્યાનો અંત નથી આંહી પર્યાયની સંખ્યાનો અંત નથી. ભાવ.. આહા.. હા! હવે એક-એક પર્યાયમાં, જ્ઞાનની એક પર્યાય, એક જ્ઞેયપ્રમાણે. જ્ઞાનની એક પર્યાય ઈ જ્ઞેય પ્રમાણે. જ્ઞેય કેટલાં? કે અનંત આત્મા, અનંતા પરમાણુઓ એ જ્ઞેય! જ્ઞાન જ્ઞેય પ્રમાણે! જ્ઞેય કેટલાં? કે લોકાલોક પ્રમાણે. આહા.. હા!

એક સમયની પર્યાયમાં પ્રમેય લોકાલોક! જેના ભાવનો અંત નથી તે તે પરમાણુના ગુણનો તેની પર્યાયોનો! એ બધુ અહીંયાં એક સમયની પર્યાયમાં જણાય જાય! શ્રુતજ્ઞાનની પર્યાયમાં ય હો! કેવળ જ્ઞાનની તો વાત શું કરવી!

આહા.. હા! એવી એક સમયની પર્યાયમાં પણ અનંતા અવિભાગપ્રતિચ્છેદ! જ્ઞાનની એકસમયની પર્યાયમાં અનંતા દ્રવ્યો ને એક દ્રવ્યના અનંતા ગુણો, જેની સંખ્યાનો પાર નહીં અને એક-એક ગુણની પર્યાય, જેનો પાર નહીં-એને આ શ્રુતજ્ઞાનની પર્યાયે જાણી લીધું.

આહા.. હા! એ જ્ઞાનની એકસમયની પર્યાયમાં આવા અનંતા લોકાલોક જાણ્યા, દ્રવ્ય ગુણોને પર્યાયો! તો એટલા ભાગ પડી ગયા એક પર્યાયમાં, અંશો એટલા અંશો કે ઈ અંશોનો છેડો નહીં. આહા.. હા! અનંત ને એમ નહીં. (શ્રોતા:) છેડો નહીં (ઉત્તર:) એમ ભાષા કરો એમ કામ ન આવે! અનંત... અનંત... અનંતતો દ્રવ્યે ય છે અનંત! પણ એનો અંત આવી જાય છે. ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભાવ અનંત, પર્યાય અનંત એનો કોઈ પાર નથી! આહા.. હા! એની સંખ્યામાં કેટલી છે? અને એનો છેડો છેલ્લો ક્યો? એટલી સંખ્યાએ એની પર્યાય અને એક-એક પર્યાયમાં, અનંત દ્રવ્યો અને અનંત

એના ગુણો-જેના ગુણનો અંત નહીં, પર્યાયનો અંત નહીં.. એટલી સંખ્યાએ... કાળે અનંત એમ નહીં, કાળે ભલે એકસમય હો! પણ એકસયમનું તેનું ગુણને પર્યાય, એકસમયની પર્યાયમાં જણાય જાય (તો) એક સમયની પર્યાયના ભાગ કેટલા? એના ભાગ.. કટકાં કરતાં, કરતાં, કરતાં અવિભાગ, જેનો બીજો વિભાગ ન થઈ શકે (તે અવિભાગ!) ઓહો!

એવા એકસમયની પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ! એના-અવિભાગ પ્રતિચ્છેદનો છેશ્નો ક્યો? અંત નથી.

હવે, આંહી તો એમ કહેવું છે કે જેટલા ગુણો છે એટલા જ્યાં દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત થાય છે-ત્યારેવાત ત્રણની લીધી છે આંહી ભાઈ..! પણ અનંતા ગુણોની પર્યાય વ્યક્ત થઈને સ્થિર થાય છે ત્યાં! શુદ્ધિમાં કેટલીક શુદ્ધિ થાય ને કેટલીક ન થાય એમ નહીં.

પણ અહીંયાં દર્શનજ્ઞાનચારિત્રની મુખ્યતા ગણીને, તેમાં જીવ જે આખો, અંનતગુણનો પિંડ છે તેસ્થિર થાય છે આમ! રાગમાં સ્થિર થાય છે, એ પછી કહેશે. આહા..! અને પોતાના અનંતા જે ગુણો છે, એનું એકરૂપ જે દ્રવ્ય છે. અનંત ધર્મ એ ગુણો એનું ધરનાર એક તત્ત્વ!

એ (આત્મ) તત્ત્વ જ્યારે પોતાની નિર્મળપર્યામાં સ્થિત થાય છે ત્યારે તેના જેટલા ગુણો છે, તેટલા ગુણોનું વ્યક્તતામાં અંશો બધા ગુણોના પ્રગટ થાય છે. છતાં આંહી ત્રણ કહ્યા છે ઈ મુખ્યપણે મોક્ષમાર્ગની અપેક્ષાએ... સમજાણું કાંઈ...?

ગંભીર છે ભાઈ..! ગંભીર દરિયો છે! **બીજાં ઘણાં વિચારો આવ્યા છે! પાર પડે એમાં એવું નથી!**

આહા... હા! 'અને જે જીવ (કર્મ) પુદ્‌ગલર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે. હવે આંહી કર્મ-પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત શબ્દ એમ વાપર્યો છે. વાત ઈ છે કે પુદ્‌ગલના નિમિત્તે થતી વિકારી અવસ્થા, તેમાં સ્થિત છે. એ સ્થિતમાં... અનંતગુણો વિકારપણે નથી. અનંતાગુણો નિર્મળપણે હતાં! સમજાણું કાંઈ...?

પહેલાના જે દર્શનજ્ઞાન ચારિત્ર (ગુણ) ત્રણ મુખ્ય લીધાં, પણ તેમાં જેટલી સંખ્યામાં ગુણ (આત્મામાં) છે, જેનો છેડો નહીં! એ બધા ગુણોની અંશે વ્યક્તતા પ્રગટમાં સ્થિત છે. તેને અહીં સ્વસમય આત્મા કહે છે.

આહા.. હા! આ તો ઓગણીસ (મી) વાર વંચાય છે 'આ' ... તે ઈનુંઈ આવે કાંઇ...?

આહાહા! હવે આમાં બીજું કહેવું છે. કે 'જે જીવ પુદ્‌ગલકર્મોના પ્રદેશોમાં' એ પુદગ્લકર્મોના પ્રદેશોમાં' એ પુદ્‌ગલકર્મ જડ-અજીવ છે. પણ તેના અનુભવમાં એ એકાગ્ર થાય છે. એમાં જેટલા ગુણો છે ઈ બધા ગુણો, કર્મના પ્રદેશમાં સ્થિત થતા નથી. **કેટલાય ગુણોની પર્યાય નિર્મળ સદાય રહે છે. સમજાણું કાંઈ...?**

એ એક વાત! બીજું, કર્મપણે પરિણમેલા જે પરમાણુ છે એમાંય કર્મ-પરમાણુમાં જેટલા ગુણો છે એ બધા ગુણો કર્મપણે પરિણમે છે એમ નથી આહા..! ક્યાં નવરાશ! જગતના પાપ આડે! એકલું પાપ, પોટલા બાંધી, હાલ્યા જવાના ચાર ગતિમાં રખડવા..!

આહા... હા! હજી પહેલી શું ચીજ છે, ઈ સમજવાને પણ વખત લ્યે નહીં!

આહા.. હા! આવો જે અપાર સ્વભાવને પર્યાય, એનો પત્તો અંદર લાગે, જે જ્ઞાનને શ્રદ્ધા એનો પત્તો લ્યે, એને રાગમાં રસ ઊડી જાય. રાગ ઊડી જાય એમ નહીં, રાગ રહે. સમજાણું કાંઈ..?

આહા..! આવા જે અનંતા ગુણો અને અનંતી પર્યાયો, છેડા વિનાની, છેલ્લા વિનાની, અવી 'દ્રવ્યની દૃષ્ટિ' જેને થાય, એના અસ્તિત્વનો સ્વીકાર થાય, એના રસ આડે એને રાગમાં રસ રહે નહીં.

રાગ તો એ અમુકગુણની પર્યાય છે અને આંહી તો અનંતા.. અનંતા.. છેડો નહીં જેનો (એટલા ગુણો) આહા.. હા! ઝીણું બહુ બાપુ!

વીતરાગ મારગની પ્રથમ સમ્યગ્દર્શન જ શું ચીજ છે ઈ.. ગજબ વાત છે.

આહાહા! એના વિના રખડી મર્યો છે ચોરાશીના અવતારમાં! આહા.. હા.. એ અબજોપતિ, શેઠિયા કહેવાય! એ મરીને ગધેડાં થાય! કૂતરાં થાય! કેમકે ધર્મ શું ચીજ છે ઈ અંતરમાં ખબર નથી. અને માંસ આદિ ખાતા ન હોય તો ઈ નર્કમાં તો ન જાય. સિદ્ધાંતમાં ઈ લેખ છે અંદર કે બધાં જવાના ઢોર-તિર્યંચમાં! આહા...! જેવું સ્વરૂપ છે, એવું જેણે જાણ્યું નથી, માન્યું નથી, ઓળખ્યું નથી, એના વિરોધી ભાવો.. જે આડાં, વિકારીભાવો ને આડોડાઈ કરીને કર્યા છે એ આડોડાઈ એટલે ટેઢાઈ થઈ ગઈ છે. એ મરીને આડોડાઈ, તીર્યંચના શરીરમાં જવાના.. કારણ કે તીર્યંચના શરીર આમ આડાં છે! મનુષ્યનાં આમ ઊભાં છે. ગાય, ભેંસ ખીસકોલી આદિના આમ આડા છે. આહા..! ઈ મોટી સંખ્યા ઈ છે!! એની સંખ્યા ત્યાં પૂરવાના છે.

આહા.. હા! આંહી બીજું કહેવું છે કે કર્મના પ્રદેશમાં સ્થિત છે તે બધા ગુણો તો વિકારી પર્યાયમાં સ્થિત નથી. એકવાત! અને કર્મ જે છે પરમાણુઓ, ઈ તો વિભાવરૂપે પરિણમેલ છે. એક પરમાણુ સ્વભાવરૂપે છે. અને આ તો વિભાવ રૂપે પરિણમેલ છે. વિભાવરૂપે પરિણમનમાં કર્મરૂપે બધા ગુણો (પરમાણુના) પરિણમ્યા છે એમ નથી. સમજાણું કાંઈ..?

જેમ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પર્યાયના પરિણમનમાં સર્વગુણો અશંતઃપણે પરિણમ્યા છે. એમ વિકારપણે બધા ગુણો પરિણમ્યા છે પરમાણુમાં એમ નથી, આત્મામાં પણ એમ છે. આત્મામાં પણ અશુદ્ધપણું જે છે, બધા ગુણો અશુદ્ધપણે થાય છે એમ નથી. કેટલાક ગુણો અશુદ્ધ થાય બાકી તો શુદ્ધ રહે. કેટલાક ગુણો અભવીને પણ શુદ્ધ રહે છે પર્યાયમાં. જેમ અસ્તિત્વ ગુણ! અસ્તિત્વનું અશુદ્ધ શું થવું? 'હોવું' ઓછું થઈ જવું? વાત સમજાય છે?

આહા.. હા!

ઈ તો આમાં એક પ્રદેશત્વ નામનો ગુણ છે સામાન્યમાં એ વિકારરૂપે પરિણમે ઈ એ તે બે પરમાણુ, ચાર પરમાણુરૂપે થાય ત્યારે એકલો નહીં. આહા.. હા.. હા! તે કર્મપણે પરિણમેલા પર્યાયો, એમાં પણ પરમાણુમાં જેટલા ગુણો છે એ બધા કર્મપણે પરિણમ્યા નથી. અમુક જ ગુણની પર્યાયો કર્મપણે થઈ છે.

આહા..! એમાં જે રોકાયેલો છે જીવ! આમ અનંતગુણોમાં ન આવતાં અનંતા પર્યાયો કર્મના રસની છે ત્યાં અટકયો છે તે પરસમય એટલે અણાત્મા છે.

આડાઈ કરે! વિરોધ અર્થ કરે, વિરુદ્ધ શ્રદ્ધા કરે! આત્માથી વિરોધ, વિકારના ભાવ કરે..!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


'ગોમટ્ટસાર' માં પાઠ છે. તિર્યંચ કેમ થાય? 'તિર્યંચ' છે ને શબ્દ!! તિર્યંચ એટલે તીરછું, તીરછું એટલે આડું! ઘણી સંખ્યા તો ઈ જ છે.

આહા... હા! પણ કોને પડી આ! આ બહારમાં થોડી અનુકૂળતા રહે! મરી જઈને પછી ક્યાં જઈએ, કોણ જાણે? એ કાંઈ (ખબર) નહીં, ગોલણ ગાડાં ભરે!

અહીંયાં કહે છે. એક શ્લોકમાં કેટલું સમાડી દીધું છે! અને તે કર્મના પ્રદેશ કીધાં છે. તે.. કર્મના પ્રદેશ તો પરમાણુ, જડ છે. પણ એનો અનુભાગ જે છે એનો-પ્રદેશનો ભાગ કહેવાય! એના તરફના લક્ષમાં જઈને, જે વિકારપણે પરિણમ્યો છે તે અણાત્મા-પરસમય કહેવામાં આવે છે.

આહા... હા! આવી વાત છે!

કર્મપણે પણ પરમાણુના અનંતગુણો પરિણમ્યા નથી. આહા... હા! એમ **ભગવાન આત્માના અનંતા ગુણો, મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિમાં-એમાં અનંત ગુણો પરિણમ્યા નથી. કેટલા' ક ગુણો... બહુ વિચાર કરીને કાઢયાં 'તા ઘણાં વરસ પહેલાં! તો ય વધારે ન નીકળ્યા એકવીસ ગુણ કાઢયા' તા વીપરીતપણાના.** કાઢયાં 'તા... ઘણાં વરસ પહેલાં, ગામડામાં હોય ને એકાંત..! વિપરીત આત્મામાં... મિથ્યાત્વ, ચારિત્ર, આનંદ, પ્રદેશત્વ એવા એવા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન (અધિકરણ) એવાં એવાં ગુણો વિકારપણે થયા છે. બધાં ગુણો નથી થયાં સમજાણું?

વિચાર તો બધા આવ્યા હોય ને એક્કેએક ઘણાં!

આહા.. હા! આંહી કહે છે કે 'જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં' એટલે કે, એ કર્મનો જ ભાવ છે વિકાર, આત્માનો સ્વભાવ નથી. વિભાવ-પુણ્યને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, રળવું-કમાવું, એ બધું પાપ આહા..! એમાં જે સ્થિત છે? 'તેને પરસમય જાણ' તેને અણાત્મા જાણ!

આહા.. હા! કેમકે એની પર્યાયમાં વિકારપણે થવું, એ વિકાર આત્મા નથી. વિકાર એ આત્માનો કોઈ સ્વભાવ નથી. વિકારપણે પરિણમ્યો છે-થયો છે, તે અણાત્મા છે.

આહા.. હા! એ તો શબ્દાર્થ થયો! હવે એની ટીકા.

(ટીકાઃ) 'સમય' પહેલો સમય ઉપાડયો! 'સયમ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે' '**सम्**' તો ઉપસર્ગ છે- વ્યાકરણના નિયમ પ્રમાણે 'સમ્' ઉપસર્ગ છે. તેનો એક અર્થ 'એકપણું' એવો છે' - તેનો અર્થ 'એકપણું' એવો છે.'

'**सम्**' એકપણું! (અને) '**अय गतौ**' સમય છે ને...! **सम्** ને **अय** બે શબ્દ ભેગાં છે. સમ્ નો અર્થ એકપણું! '**अयगतौ**' ધાતુ છે ધાતુ. પરિણમન કરવું એ. આહા..! એ **अय** ધાતુનો ગમન અર્થ પણ છે.

'**अय**' એટલે ગમન કરવું - પરિણમવું, ગમન કરવું' અને જ્ઞાન અર્થ પણ છે.'

આહા..! ગમન કરવું અને પરિણમવું, જ્ઞાનરૂપે હો! 'ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે.'

'તેથી એકસાથે જ યુગપદ્ જાણવું અને પરિણમવું એ બે ક્રિયાઓ, જે એકત્વપૂર્વક કરે... તે ક્રિયાઓ એકસમયમાં, એકત્વપૂર્વક કરે-પરિણમે અને જાણે! પરિણમે અને જાણે... એવી એક સમયમાં બે ક્રિયાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એકપણે કરે આહાહાહા! છે? 'તે સમય છે'

અહા... હા! એ સમયની વ્યાખ્યા કરી.

ફરીને...! **'सम् अय'** આત્મા લેવો છે ને અહીં અત્યારે! એટલે **सम्** એકપણે **'अय'** ગમન કરવું પરિણમવું અને જાણવું, એવી બે ક્રિયા એકસમયમાં જે કરે તેને સમય' કહેવામાં આવે છે.

'સમય' કેમ ઓળખ્યો? પૂછ્યું તું તે દિ' દિલ્હી! 'સમય' કેમ કહ્યો? અરે.. કીધુંઃ વસ્તુનું સ્વરૂપ છે 'સમય' = **सम् + अय,** સમય કીધું. આહા.. હા! આત્માને 'સમય' કેમ કહ્યો? કે એકપણે.. પરિણમે અને જાણે, એકસમયમાં એક પણે બે ક્રિયા કરે તેને 'સમય' કહેવામાં આવે છે. એ 'સમય' તે આત્મા છે. એ આત્મા જ પરિણમે અને જાણે! બીજા પદાર્થોમાં પરિણમન-ગમન છે પણ 'જાણવું' નથી. ગમનની અપેક્ષાએ બીજાને 'સમય' કહેવાય.

પણ, આંહી તો 'જાણવું ને ગમન કરવું' બે અર્થમાં જે હોય તેને 'સમય' કહીએ.

આહા.. હા! પછી સ્વસમય લેશે. આ 'સમય' કોને કહીએ (તે વ્યાખ્યા કરી) આહા..! 'આ જીવ નામનો પદાર્થ એ સમયનો અર્થ કર્યો હવે જીવની હારે મેળવે છે. 'આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક / એકત્વપૂર્વક સુધાર્યું છે. 'એક જ વખતે' – એકત્વપૂર્વક એક જ કાળે 'પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે' – તેથી તેને 'સમય' આત્માને કહેવામાં આવે છે.

જાણવાનું કાર્ય પણ કરે અને પરિણમે, એકી સાથે બે કરે! આહા.. હા! સમય એક! બે ક્રિયા! પરિણમવાની ને જાણવાની...!! 'એકસાથે' કેમ કહ્યું કે પરિણમે પહેલો ને જાણે પછી, એમ નહીં. પરિણમવું ને જાણવું એક જ સમયે છે. આહા.. હા! એકત્વપૂર્વક જ કરે! બે ને એકપણે કરીને કરે! આહા.. હા!

આવી ઝીણી વાત છે. સમયસાર સમજવું-સાંભળવું બાપુ! આકરું કામ છે. બાકી તો બધુ દુનિયા કરે છે આખી! ઢોરની જેમ મેહનતું કરે છે ઢોરની જેમ બધાં! આખો દિ રાગને આ ને આ ને..! ઢોર થવાના ને ઢોર જેવી મહેનતું કરે છે.

(શ્રોતાઃ) પૈસાવાળા એમાં આવી જાય? (ઉત્તરઃ) પૈસાના બાપ હોય, અબજોપતિ બધાં ઢોર થવાનાં! પશુ! કાગડાનાં કાગડી થવાનાં, બકરાના બચ્ચાં થવાનાં, ઢેઢગરોળીની કૂંખે ઢેઢગરોળી થાશે! બાપુ! વસ્તુસ્વરૂપ એવું છે.

આહા.. હા! અરે એણે જાણ્યું ને જોયું છે ક્યાં? એને દરકાર ક્યાં છે? આહા..! અનંતકાળ વીતી ગયો પ્રભુ! તેં આ રીતે ઊંધાઈ કરી છે. આહા... હા! ભગવાન આત્મા! અનંતગુણનું પરિણમન એકસમયે અને જ્ઞાન-જાણવું એકસમયે! બીજાં અનંતાગુણો પરિણમે છે પણ જાણતાં નથી.

આહા.. હા! એક સમયમાં એટલે કે સૂક્ષ્મકાળમાં ભગવાન આત્માના જે અનંતગુણો જે છેડા વિનાના ને છેલ્લા વિનાના કીધાં, એબધા ગુણોનું એક સમયમાં પરિણમન, બદલવું, હલચલ થવી, ધ્રુવ છે એમાં હલચલ નથી. ઉત્પાદ-વ્યયમાં હલચલ છે. એટલે ઈ ધ્રુવ, ધ્રુવપણે રહી અને અનંતાગુણોનું હલચલ નામ પરિણમન થાય અને તે જ વખતે જ્ઞાન જાણવાનું કામ કરે એને આત્મા કહીએ!

અરે! પ્રભુ, આવું ક્યાં છે ભાઈ...! અનંત કાળના, અસંખ્ય ક્ષેત્રમાં, અનંત વાર ઊપજ્યો!

આહાહા... હા! એવો આત્મા... કેટલો-કેવડો છે અને ઈ કેવડો આત્મા? એક સમયમાં અનંતા ગુણોનો છેડો નહીં. છેલ્લો નહીં, એનું પરિણમન કરે અને તે જ સમયે જ્ઞાન કરે! એકત્વપૂર્વક બેની ક્રિયા કરે! કાળભેદ નહીં.

આહા.. હા! (પ્રશ્ન) ભઈ! જે વખતે પરિણમે છે એ વખતે જાણે એને? અને જ્ઞાનપણ જે વખતે પરિણમે છે તે વખતે એને જાણે?

(ઉત્તરઃ) કે હા. જ્ઞાન પોતે પરિણમે પણ છે, પરિણમનનું તો જ્ઞાનનું આવી ગયું ને..! બધાં ગુણો પરિણમે છે તો આ જ્ઞાન પણ પરિણમે એમ આવી ગયું. અને સાથે જાણે પણ છે. પરિણમે છે ને જાણે છે!! **જે સમયે પરિણમે છે તે સમયે જાણે છે! તેથી એકત્વપૂર્વક કરે છે એમ કીધું ને..!**

આહા.. હા! આવી વાત છે બાપા.. ઝીણી! સર્વજ્ઞ ત્રિલોકનાથની પ્રમાણથી વાત નીકળી છે. આહા..! ગણધરો! સંતો, કેવળીના નિકટવાસીઓ! નજીકમાં રહીને સાંભળેલા. અને અનુભવેલા! આહા.. હા! એનું કહેલું 'આ' શાસ્ત્ર છે. તેથી એ 'પ્રમાણભૂત' છે.

આહા.. હા.. હા! સમજાણું કાંઈ...?

આહા..! 'એક જ વખતે પરિણમે પણ છે પરિણમે એમાં જ્ઞાનપણ ભેગું પરિણમે, ઈ આવી ગ્યું ને.. આહાહા..! એક જ સમયે જ્ઞાન પરિણમે છે ને અનંતગુણો પરિણમે છે. પણ એક જ સમયે જ્ઞાન પરિણમતું જ્ઞાનને જાણે છે અને બધાંને જાણે છે? આહા.. હા!

એક જ સમયે પરિણમે અને જાણે! અને એકત્વપૂર્વક જાણે પણ છે પણ બધાને હો?!

જે સમયે પરિણમન થાય છે પોતાનું ને બધાં ગુણોનું, તે જ સમયે તેને જાણે છે. આહાહા..! હજી તો.. આત્મા કહેવો કોને...? ખબરું ન મળે ને... એને ધરમ થઈ જાય ને! આહા...! રખડપટ્ટી કરી-કરીને મરી ગયો ચોરાશીના અવતારમાં! એવાં તો અનંતવાર અવતાર કર્યા **શાસ્ત્રો પણ જાણ્યાં-વાંચ્યાં! પણ આ ભાવ... આ રીતે છે એ અંદર પરિણમ્યો નહીં.** એમ કીધું આંહી.

આંહી 'પરિણમન કીધું ને..! આહા.. હા! 'એકત્વપૂર્વક એક જ સમયમાં પોતાનું જ્ઞાનનું ને અનંતગુણનું પરિણમન એક સમયમાં, તે જ સમયે તે બધાનું જ્ઞાન પણ તે સમયે કરે. આહા.. હા! **પરિણમવું ને જ્ઞાન કરવું એક જ સમયમાં છે. પરિણમે છે ને પછી જાણે છે એમ નથી.** આહાહા.. હા! સમજાણું કાંઈ...?

આવી વાત છે! જૈન ધર્મ!! આ જૈન ધરમ!

આહા.. 'એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે 'તેથીતે સમય છે' આહા.. હા!

'આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી' .. આહા.. સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી- તે તેનો સ્વભાવ છે, અને તે સ્વભાવમાં રહેલો છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.' ત્રણ લીધાં (લક્ષણ)

'સદાય પરિણમન સ્વરૂપ સ્વભાવમાં રહેલો' પરિણમન છે ઈ ઉત્પાદ-વ્યય-સ્વભાવમાં છે એ ધ્રુવ! આહા..! છે? 'સદાય પરિણમન સ્વરૂપ' બાપુ! આ તો મંત્રો છે. આ કાંઈ વારતા નથી. આ

તો.. સર્વજ્ઞ ત્રિલોકનાથ, જેમની પાસે એકભવમાં મોક્ષ જનારાં ઈદ્રો સાંભળે છે. એ ગલૂડિયાંની જેમ સભામાં બેઠાં હોય છે આહા..! હા! એ કોઈ વારતા નથી. કથા નથી એ ચૈતન્ય હીરલાની વાતું ચૈતન્યમણીની વાતું છે પ્રભુ!

આહા..! એ ચૈતન્ય હીરો! કેવો છે? આહાહા! કહે છે.. 'સદાય પરિણમન' એની પર્યાયનું બદલવું સદાય છે. આહા.. હા! એક ધારાવાહી સદાય પરિણમે છે! પરિણમે.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. ઉત્પાદ... વ્યય.. ઉત્પાદ.. વ્યય થયા જ કરે. નવી ઉત્પાદ થાય, જૂની વ્યય થાય.. બીજે સમયે નવી ઉત્પન્ન થાય... વ્યય થાય એમ પરિણમન સદાય.. ક્રમસર! આહા.. જુઓ આમાં ક્રમસર પણ નીકળે છે!

આહા..! 'સદાય પરિણમનસ્વરૂપ, સ્વભાવમાં રહેલો-ધ્રુવ! આહાહા! એ પરિણમનસ્વરૂપ ઉત્પાદ-વ્યય અને સ્વભાવમાં રહેલો એ ધ્રુવ! આહાહા! એ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ સ્વરૂપમાં રહેલો છે એટલે કે પરિણમનમાં રહ્યો છે એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં રહ્યો છે ઈ કાયમનું નિત્ય સ્વરૂપ આહા.. હા!

ટકતું ને બદલતું, બે સ્વરૂપે છે. નિત્ય પરિણામી! ધ્રુવઉત્પાદવ્યય! આહા.. હા!

અરે! એણે પોતાની ચીજને અને તે સર્વજ્ઞ પરમેશ્વરે, કેવળી પરમેશ્વરે કહી છે એ વાત એણે સાંભળવા દરકાર કરી નથી. આહા..! અને આવું સ્વરૂપ, દિગંબર સંત સિવાય ક્યાંય છે નહીં. બધે ઊંધું જ માર્યું છે લોકોએ એક્કેએકે!

આહા.. હા! પરીક્ષા નથી ત્યાં ગોળ ને ખોળ સરખું! હેં? આહા.. હા! જેની એક એક કડીને એક-એક લીટી, પાર પામે નહીં એટલી વસ્તુ છે એમાં.

આહા.. હા! કહે કે સમયસાર અમે વાંચી ગ્યા! વાંચ્યા બાપા!! (શ્રોતાઃ) શબ્દો વાંચ્યા, ભાવ સમજ્યા વિના (ઉત્તરઃ) શબ્દો વાંચ્યાની શું થ્યું ભાઈ, અંદર ભાવ શું છે એ ખ્યાલમાં ન આવે, એ વાંચ્યા ઈ વાંચ્યું શું? ગડિયો ગોખ્યે ગ્યો! એ ગડિયાની ભાષા બીજી કહેશે (હિન્દી શ્રોતાઃ) પાડા. (ઉત્તરઃ) પાડા. (ચંદુભાઈ રાત્રે નહોતાને અત્યારેય નથી) બેયમાં નહોતા **આવી વાત જિંદગીમાં પહેલી કહેવાણી છે.** ભાવ અને છેડાવિનાના ભાવ, છેડાં વિનાની પર્યાય/કાર્ય એકહારે ભલે હો! છેડા વિનાના અવિભાગ પ્રતિચ્છેદ! છતાં તે જ્ઞાનની પર્યાય એનો અંત લઈ લ્યે છે, 'જાણે છે' એમ કીધું ને..!

અનંતા દ્રવ્યોનું ધ્રુવપણું અને અનંતા દ્રવ્યોનું ઉત્પાદ-વ્યયપણું, આંહી આત્માની વાત કરે છે પણ આત્માની પર્યાયમાં, અનંતા દ્રવ્યોના ગુણપર્યાયો પરિણમનમાં જણાઈ જાય છે. એ જ્ઞાનનાપરિણમનમાં જણાઈ જાય છે.

આહા..! એના પોતાના અસ્તિત્વમાં જ અનંતા દ્રવ્યગુણપર્યાયો, એ જ્ઞાનની પર્યાયનું પરિણમન થતાં તેમાં જણાઈ જાય છે.

આહા... હા! 'સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ' શું કીધું જોયું? પરિણમન છે ઉત્પાદ વ્યયનું-ઉત્પાદ-વ્યય ઉત્પાદ-વ્યય એકસમયમાં, ધ્રુવપણ એક સમયમાં. એ ત્રણની એકતારૂપ અનુભૂતિ-ત્રણનું એકપણે થવું, ત્રણનું એકપણે થવું જેનું

લક્ષણ છે એમ.

અનુસરીને થવું. ઉત્પાદ-વ્યયને ધ્રુવને અનુસરીને થવું એમ. આહા.. હા!

આહા.. હા.. હા! સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ ત્રણની એકતા એક સમયમાં! સમયમાં ભેદ નથી. જે સમયે ધ્રુવ છે તે સમયે ઉત્પાદ-વ્યય છે. જે સમયે ઉત્પાદ-વ્યયરૂપે પરિણમે છે તે સમય ધ્રુવ અપરિણમન પણે પડ્યું જ છે'

આહા.. હા.. હા! ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે 'એવી સત્તાથી જીવ સહિત છે'. આ જીવપદાર્થ કેવો છે? ત્યાંથી શરૂ કર્યું! તો શરૂ કરીને આંહી લઈ લીધું 'સદાય પરિણમન સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ-એકસમયમાં અનુભૂતિ-એ રૂપે થવું 'જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.

ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણેય સત્ છે. ઈ સત્તા છે, ત્રણે ય સત્તા! તે ત્રણ સત્તાથી તે જીવ સહિત છે. તે જીવનું કહી, કેવો જીવ? એની વ્યાખ્યા કરી. આહા..! સમજાણું?

'આ વિશેષણથી જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો' 'તથા પુરુષને (જીવને) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ. આત્મા છે તે બદલતો નથી કાયમ એકરૂપ રહે છે. એવા મતનો વ્યવચ્છેદ થયો. છે ને..? પરિણમનસ્વભાવ કહેવાથી થયો.

'નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે' - સત્ છે એને એક જ રૂપે માને. 'બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે' - એકસમયની સત્તાવાળું જ દ્રવ્ય માને.

'તેમનું નિરાકરણ સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું.'

અર્થ આ પંડિતે કર્યો છે! ઉત્પાદ-વ્યય સાંખ્ય માનતા નથી. બૌદ્ધ ધ્રુવ માનતા નથી. ઈ બેયનો નિષેધ થયો! ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ જ વસ્તુ છે. એકસમયમાં જ ઈ ઉત્પાદવ્યયધ્રુવ છે એવો ઈ જીવ નામનો પદાર્થ છે.

વિશેષ કહેશે... પ્રમાણ વચન ગુરુદેવ!

- સ્વ-પરને જાણવાના સ્વભાવને કારણે પર જાણવામાં (જ્ઞાનમાં) આવ્યા એમ કહેવાય, પણ ખરેખર પર કાંઈ જાણવામાં આવ્યા નથી, પણ પોતાનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ જ અંદર જાણવામાં આવ્યો-પ્રસર્યો છે. (પ્રવ. રત્ના. ભાગ-૮, પાનું-૧૯૫)

- વ્યવહાર રત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યો. ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તો પણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે... સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી. (આત્મધર્મ અંક-૬૩૬)

## પ્રવચન ક્રમાંક - ૧૦ દિનાંક - ૧૭-૬-૭૮

સમયસાર ગાથા બે. પહેલો એક બોલ ચાલ્યો છે. જીવ કેવો છે? 'જીવ-પદાર્થ કેવો છે? છે ને...? (ટીકામાં) 'આ જીવ-પદાર્થ કેવો છે?' એ એક બોલ ચાલ્યો.

બીજો બોલ. 'વળી જીવ કેવો છે?' છે? વચમાં.

'નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું' ત્યાં સુધી તો આવી ગયું છે.

'વળી જીવ કેવો છે? ચૈતન્યસ્વરૂપપણાથી' -એનું સ્વરૂપ તો ચૈતન્ય છે. જાણવું-દેખવું એનું કાયમ સ્વરૂપ છે. 'ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય ઉદ્યોતરૂપ છે' ચૈતન્યના સ્વરૂપથી જીવ નિત્ય પ્રકાશમાન છે. કેવો છે જીવ? કે ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય પ્રકાશમાન, નિર્મળ ઉદ્યોતરૂપ સ્પષ્ટ-ઉદ્યોતરૂપ... નિર્મળ અને સ્પષ્ટ! 'દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે' એ ત્રિકાળની વાત કરી. ત્રિકાળી તત્ત્વ આવું છે.

એ હવે ઠરે છે ક્યારે શેમાં, એ પછી લેશે. આવી ચીજ છે! એ દર્શનજ્ઞાનમાં સ્થિત થાય, તો એને સ્વસમય કહેવાય એમ સિદ્ધ કરવું છે.

આહા.. હા! નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ-પ્રત્યક્ષ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે. ઈ તો પ્રત્યક્ષદર્શનજ્ઞાનજ્યોતિ ત્રિકાળસ્વરૂપ એનું છે. નિત્યઉદ્યોતનિર્મળ છે. એવું ઈ જીવદ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. જીવ-પદાર્થ આવો છે. પછી શેમાં સ્થિત થાય એ પછી કહેશે એ પર્યાયમાં.

'આ વિશેષણથી ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર સાંખ્યમતીઓનો નિષેધ થયો. કૌંસમાં કહ્યું કે કારણકે ચૈતન્યનું પરિણમન દર્શન જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય લેવો છે ને...! 'જાણનાર-દેખનાર' એનું પરિણમન દર્શનજ્ઞાનરૂપ છે. ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનરૂપ છે.

(શ્રોતાઃ) ત્રણે કાળે જીવ કેવો છે તે બતાવવું છે? (ઉત્તરઃ) ત્રણે કાળે જીવદ્રવ્ય છે એ ચૈતન્યસ્વરૂપપણાને લઈને નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે. એટલે કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે. પરિણમન નાખ્યું અંદર એમાં. આમ તો ત્રિકાળી બતાવવું છે. ત્રિકાળી દર્શનજ્ઞાનસ્વરૂપ છે. એનું પરિણમન દર્શનજ્ઞાનમય છે.

આહા.. હા! અહીંયાં તો ત્રિકાળી ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ કરાવીને, ચૈતન્યને અંતર્ દર્શનજ્ઞાનમાં સ્થિત થયેલો એ આત્મા છે એમ જણાવવું છે. ત્રીજો બોલ! વળી તે કેવો છે પ્રભુ! જીવ દ્રવ્ય? 'અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું 'આહા.. હા! અનંતથગુણોરૂપી ધર્મી! આહા..! અનંતગુણોરૂપી ધર્મી એમાં જે રહેલું એક ધર્મીપણું દ્રવ્ય એક. અનંતગુણોમાં કેમકે અનંતધર્મ એવો એક એનો ગુણ છે. એથી અનંતધર્મોમાં રહેલું (જે) એક ધર્મીપણું-એકદ્રવ્યપણું. એક દ્રવ્યમાં અનંતા ગુણો રહ્યાં છે એથી એકરૂપ તે દ્રવ્ય અનંતધર્મોમાં એકરૂપી ધર્મી તે દ્રવ્ય. છે ને...? 'અનંતધર્મોમાં રહેલું' - ધર્મ શબ્દે ગુણને પર્યાય અથવા ત્રિકાળીગુણો (એવા) 'અનંતધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે' કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે.' કોઈ જુદી ચીજ નથી. જ્ઞાન, દર્શન જે ગુણ અપાર છે,

અનંત છે અને તે ગુણો એકગુણ જ્યાં વ્યાપક છે ત્યાં અનંતગુણો વ્યાપક છે. એમ કહ્યું ને...! એ અનંતધર્મોમાં રહેલું એકધર્મીપણું.

એ વસ્તુ જ છે આત્મા, એના ગુણો અનંત, પણ તે અનંતધર્મોનું રૂપ એકધર્મીપણું તે દ્રવ્ય છે. આહા.. હા! એટલે? એ ધર્મો અનંત.. એનો કોઈ અંત નહીં. અને એ ધર્મોમાં દરેક ધર્મ વ્યાપક છે. એટલે? કે અનંતગુણો છે આત્મામાં, તો જ્ઞાન છે ઉપર છે ને દર્શન હેઠે, ચારિત્ર હેઠે શાંતિ હેઠે વીર્ય હેઠે એમ એમાં ક્ષેત્રભેદ નથી. સમજાણું કાંઈ...?

જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે. આમ વ્યાપક છે. એકેક ગુણો અનંતધર્મોમાં વ્યાપક છે. એકેક ગુણો અનંતધર્મોમાં રહેલ છે. જેમ આ રજકણો છે. ઉપરનું રજકણ તે નીચલા રજકણની હારે નથી, નીચલું ઉપરની હારે નથી. એમ આત્મામાં નથી. આત્મામાં અનંત ગુણો એમાં એક ગુણ ઉપર છે ને પછી છે ને પછી છે ને એમ નથી. પણ અનંતગુણનો પિંડ આમ છે એમ નથી એક-એક ગુણ સર્વગુણમાં વ્યાપક છે.

આહા.. હા! જેમ કેરીમાં રંગથી દેખો તો સારી (આખી) કેરી વ્યાપક છે. ગંધથી દેખોતો આખી કેરી (ગંધમય) વ્યાપક છે. કેરી રસથી દેખો તો આખી કેરી વ્યાપક છે ને સ્પર્શથી દેખો તો આખી કેરી સ્પર્શમય વ્યાપક છે. એમ નથી કે કેરીનો રસ છે એ ઉપર રહે છે ને ગંધ છે તે હેઠે છે, સ્પર્શ હેઠે છે એમ ભાગ નથી. સમજાણું કાંઈ...?

ગહન વિષય છે! એ અનંતા ધર્મોમાં રહેલું એક ધર્મી (પણું) દ્રવ્ય, અનંતધર્મોમાં વ્યાપનારું એમ. આહા..! જેમ ધર્મ એક અનંતમાં વ્યાપક છે એમ ધર્મી-દ્રવ્ય અનંતગુણમાં વ્યાપક છે. આહા..! 'અનંતધર્મોમાં રહેલું જે એક ધર્મી પણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે.' - વસ્તુ તે પ્રગટ છે આહાહા' કારણકે અનંતધર્મોની એકતા તે દ્રવ્યપણું છે' એ ખુલાસો કર્યો (કૌંસ આપીને) કૌંસમાં ઓલું જરી ચૈતન્યનું પરિણમન નાખ્યું છે ને... ખરેખર તો નિત્યદર્શનજ્ઞાનસ્વરૂપ સિદ્ધ કરવું છે આંહી, આંહી પરિણમન સિદ્ધ નથી કરવું.

પરિણમન સિદ્ધ નથી કરવું આંહી તો વસ્તુ આવી છે એટલું બસ એટલું! ઈ પછી સ્થિત કેમ થાય ઈ પછી પરિણમનની દશા, એ પછી કહેશે. જે આ કૌંસમાં છે ને...? 'કારણકે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે' (એમ લખ્યું છે) ઈ ત્યાં મેળ નથી ખાતો. શું કહ્યું સમજાણું?

આ નિત્ય કેવું છે ને આંહી. વસ્તુ-જીવ-પદાર્થ, ત્રિકાળજીવપદાર્થ કેવો છે? એ લઈ અને પછી એ સ્થિત થાય છે દર્શનજ્ઞાનચારિત્રમાં એ પરિણમન છે. સમજાણું કાંઈ..? પાઠે ય છે ને... જુઓ ને..! 'ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય, ઉદ્યોતરૂપ, નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે' (આ પાઠ છે)

અને આમાં અનંતધર્મોમાં રહેલું ઓહો હો! જે એક ધર્મીપણું તેન લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે. કેમકે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે આ વિશેષણથી વસ્તુને ધર્મોથીરહિત-ગુણોરહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. આ જીવ-પદાર્થ, જીવો એ શબ્દ છે ને..! એની વ્યાખ્યા કરે છે આ. 'जीवो' પછી चरित्तदंसणणाण ठिदो એ પછી પર્યાયની વ્યાખ્યા ચાલશે. સમજાણું કાંઈ...?

આમ તો જુવાનિયા સાંભળે છે ને... આ તો આત્માની વાત છે આહા.. હા!

એક કોર 'તત્ત્વાર્થસૂત્ર' માં એક કહે કે ઉદયભાવ તે જીવ છે. છે ને..? તત્ત્વાર્થસૂત્ર પહેલો અધ્યાય.

પુણ્ય-પાપ, રાગ-દ્વેષ એ જીવતત્ત્વ, જીવ છે કેમકે જીવની પર્યાય છે ને...!

એકબાજું એમ કહે છે ક્ષયોપશમભાવ આદિ ભાવ પણ જીવમાં નથી. એ દ્રવ્યની અપેક્ષાએ વાત છે.

એકબાજુ એમ કહે, કે જીવના જે પર્યાયો.. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ થાય છે એ બધાં પુદ્‌ગલ છે કેમ કે એનામાંથી નીકળી જાય છે ને એની ચીજ નથી માટે. અને એને જીવતત્ત્વ કહ્યું કેમ કે એની પર્યાયમાં એના અસ્તિત્વમાં છે. કર્મના અસ્તિત્વમાં રાગદ્વેષ, પુણ્યપાપ નથી. સમજાણું કાંઈ..?

આહાહા! આવી વાત છે!

એક કોર કહે, કે જીવમાં ક્ષાયિકભાવ નથી. 'નિયમસાર' .. એ ત્રિકાળીદ્રવ્યની અપેક્ષાએ..! ક્ષાયિકભાવ વસ્તુમાં ક્યાં છે? વસ્તુ પરમપારિણામિકભાવ એકરૂપ છે. ક્ષાયિકભાવ તો પર્યાય છે. ક્ષાયિકભાવ જીવદ્રવ્યમાં નથી. અને એકકોર કહે કે પર્યાયમાં રાગ-દ્વેષ એ જીવતત્ત્વ છે. કઈ અપેક્ષાએ.. (અપેક્ષા) જાણવી જોઈએ ને.! પર્યાય એની છે એનામાં થાય છે, પણ વસ્તુનો 'સ્વભાવ નથી' એથી એને કાઢી નાખીને... પુદ્‌ગલના પરિણામ કહ્યાં.

અહીંયાં હવે જે છે એ તો એનાં ગુણોની વાત છે. પર્યાયની નથી. અરે! આવું બધું સમજવું...!

આહા.. હા! 'અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે' વસ્તુ તે અનંત ગુણો જે છે અનેક, પર્યાયની અહીં વાત નહીં અત્યારે! તેમ પુણ્ય-પાપના વિકલ્પો એનામાં છે જ નહીં. વસ્તુના ગુણોમાંય નથી ને વસ્તુમાં ય નથી.

આહા.. હા! આવો જે જીવ-પદાર્થ! અનંતગુણોનું એકરૂપ!! તે દ્રવ્ય છે. એમ કહીને 'વસ્તુને ધર્મોથી રહિત માનનારનો નિષેધ કર્યો. હવે વળી તે કેવો છે? હવે સિદ્ધ કરે છે એની પર્યાયસહિત.

'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે' આહા.. હા! ક્રમરૂપ એ પર્યાય છે. ક્રમે.. ક્રમે થતી પર્યાય... ક્રમે થતી-એક પછી એક, એક પછી એક તે થતી, થતી, થતી તે એકપછી એક. એકપછી એક ગમે તે એકપછી એક એમ નહીં. જે થવાની છે તે એકપછી એક, તે તે રીતે ક્રમવર્તી છે ઈ... આહા..! લંબાઈ! .. એકધારા.. પર્યાય લંબાઈ એટલે આયત-એકપછી એક જે પર્યાય થવાની છે તે. ક્રમબદ્ધ એકપછી એક, ક્રમવર્તી કહો, ક્રમબદ્ધ કહો પણ.. ક્રમબદ્ધમાં બધાનો સંબંધ એકપછી એકની જે થવાની એમ આંહી ક્રમવર્તીમાં વર્તે છે એટલું. પણ એમાંય ન્યાય તો આવી જાય છે ભાઈ..! ક્રમે વર્તે છે. પર્યાય એકસમયે એક વર્તે એ જ વર્તશે. એકસમયે વર્તે છે તે જ વર્તશે. એક ક્રમે ઈ વર્તશે. એવો જેનો ક્રમવર્તી, પર્યાયનો ધર્મ છે. અને તે ક્રમવર્તી પર્યાયમાં તેને પરની કોઈ અપેક્ષા નથી. કે પર હોય તો આ ક્રમવર્તી પર્યાય થાય... એનો પોતાનો ક્રમવર્તી સ્વભાવ છે. સમજાણું કાંઈ...?

આવું ઝીણું હવે સમજવા ક્યાં નવરા થાય! એક તો આખો દિ' સંસારના પાપ આડે નવરાશ ન મળે! આહા.. હા! સાંભળવા મળે તો પાછું કહે કે જીવતત્ત્વ, રાગ દ્વેષ જીવતત્ત્વ! એકકોર કહે કે રાગદ્વેષ પુદ્‌ગલ તત્ત્વ! કઈ અપેક્ષાથી કહે છે જ્ઞાન ન કરે ને એકાંત માની લ્યે કે રાગદ્વેષ જડના છે, જડ જ છે એ ખોટું! અને એ રાગ વસ્તુનો સ્વભાવ છે તેથી એ તે સ્વભાવમાં છે એ ય ખોટું!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા.. હા! 'ક્રમરૂપ અને અક્રમરૂપ' જુઓ! આવ્યું... ગુણો છે ઈ અક્રમ છે આમ તીચ્છા અને પર્યાય આમ ક્રમવર્તી છે આમ... એકપછી એક પર્યાય કાળક્રમે આયત, અને આ (ગુણો) અક્રમે છે. જેટલા ગુણો છે તેટલા એ અક્રમે એકસાથે (છે) એકસાથે છે પણ ઉપરાઉપર રહેલા એમ નહીં. બધા એકરૂપે રહેલા છે આમ. તીરછા.. તીરછા નામ વિસ્તાર... તીરછોવિસ્તાર આત્મામાં વિસ્તારતીરછો, પર્યાય આયત આમ લાંબી એક પછી એક અને આ વસ્તુના ગુણો છે એ અક્રમે છે. એકસાથે અનંત આમ તીરછા, છતાંય એ તીરછા એક ઉપર એક પછી એક ઉપર એક, ઉપર પાથરેલા એમ નહીં. પાથરેલા.. એમ વિસ્તાર નહીં. એ એક જ ગુણ જ્યાં છે ત્યાં બધા ગુણો વ્યાપેલા હારે છે. છતાં એક ગુણ બીજા ગુણરૂપે થયો નથી. સર્વે ગુણ અસહાય! જેટલા ગુણો અનંત છે ઈ બધા અસહાય છે! એને બીજા ગુણની સહાય નથી કેમકે ઈ સત્ છે. અસહાય છે, તીરછા રહેલા છે માટે અક્રમે છે અને એકસાથ વ્યાપેલા છે. એટલે અનંતગુણોમાં અનંત સંખ્યાના તીરછામાં આ પહેલો ને આ બીજો ને આ ત્રીજો એમ નથી.

આહા.. હા! જેમ.. અનંતગુણોની સંખ્યામાં આ પહેલો, બીજો ને આ છેલ્લો, એમ ગુણમાં નથી. એમ તીચ્છામાં ગુણમાં પણ પહેલો આ ને બીજો આને ત્રીજો આ એમ એમ તીરછા, એમ પણ નથી. સમજાણું?

ફરીને...! વસ્તુ છે એના અનંત ગુણ છે. એ અનંત ગુણ.. એને કાળભેદ નથી. એકહારે છે. એકવાત અને અનંતગુણ છે એનો છેલ્લો ગુણ અનંતમો ક્યો? એ નથી. એટલા અનંત સંખ્યાએ છે અને તે અનંત સંખ્યાએ છે તે.. એક-બે-ત્રણ આમ જે રહે એમ નથી રહેલા. એકસમયમાં તીચ્છા વ્યાપક એકસાથે રહેલા છે.

આહા.. હા! આ તો હજી 'જીવો' એની વ્યાખ્યા કરે છે. પહેલો શબ્દ પડયો છે ને (ગાથાનો) 'જીવો' આ તો વાણી વીતરાગની બાપુ! સર્વજ્ઞ, ત્રણલોકના નાથની વાણી એ સંતો! જગતમાં આડતિયા થઈને જાહેર કરે છે. આડતિયા છે ભગવાનના માલના. કારણકે 'પૂરું તો સર્વજ્ઞે જોયું છે. પ્રત્યક્ષ! મુનિએ પૂરું પ્રત્યક્ષ જોયું નથી પણ પૂરા પ્રત્યક્ષનો એને પ્રતીતને વિશ્વાસ છે.

આહા.. હા! એ વિશ્વાસ, અનુભૂતિ સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં- સ્થિરવસ્તુમાં રહેલા પાછા ચારિત્રની એ ભૂમિકાની આ વાત કરી રહ્યા છે. આહા.. હા! 'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા' પ્રર્વતતા નામ? ક્રમે પ્રવર્તે ઈ તો પર્યાય ભલે! પણ અક્રમે પ્રવર્તતા એટલે એકહારે હોય પ્રવર્તતા એટલે રહેલા અનંતગુણો છે એક્રમે પ્રવર્તતા. પ્રવર્તતા નામ અનેકઅક્રમે પરિણમે છે ઈ નહીં એ અત્યારે નથી વાત. ઈ તો પર્યાયમાં ગ્યું પરિણમન. અને આ ગુણો છે તે અક્રમરૂપે પ્રવર્તતા, પ્રવર્તતા એટલે રહેલા.

આહા.. હા! અરે...! કોને? નિજઘરમાં શું છે એની ખબરું ન મળે! બાકી બધી વાતું બહારની... આહા..! આવો પ્રભુ! કેવો છે જીવ-પદાર્થ? કે ક્રમે-અક્રમે પ્રવર્તતા...

આહા.. હા! 'અનેક ભાવો.' છે? બે ય અનેક ભાવ છે. ક્રમે પ્રવર્તતી પર્યાયો અનેક ભાવરૂપ છે. અને ગુણો અક્રમે રહેલા તિરછા એક સાથે વ્યાપેલા. આમ જ્ઞાન ને દર્શનને આનંદ ને.. એમ નહીં. આમ જ્ઞાન છે ત્યાં દર્શન છે ત્યાં આનંદ છે. અનેકપણે પ્રવર્તતા-રહેલા 'અનેકભાવો' જેનો સ્વભાવ હોવાથી' જોયું? પર્યાયને ગુણ બેય જેનો સ્વભાવ હોવાથી ક્રમે પ્રવર્તવું એવો પણ અનેક ભાવ એનો સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


હોવાથી, અને અક્રમે પ્રવર્તવુ-રહેવું એનો સ્વભાવ હોવાથી!

આહા.. હા! આ તો સમયસાર છે! ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી, ઊંચામાં ઊંચી ચીજ! આહા..! સત્‌ને પ્રસિદ્ધ કરનારી એ ચીજ છે 'આ'

વાણિયાને તો એનો એક ધંધો! ઈ નું ઈ બોલ્યા કરે આખો દિ'! એક જાતનો ધંધો તો આનું આ ને આનું આ, એમાં કાંઈ નવું કે તર્ક કાંઈ નહીં. આ લોઢાનો વેપાર! આ લોઢું આવું છે આનું આમ છે! એ ભાઈ! જેને જે ધંધો હોય અમારે માસ્તર કહેતા, નૈ? માસ્તર! અમે માસ્તર બધા પંતુ કહેવાય કહે. કેમ? આખો દિ' શીખવવાનું જ હોય એકનું એક! એમાં કોઈ નવું કે શીખવવાનું તર્ક ન હોય એમાં! માસ્તર હતા ને...! એ કહેતા' તા. એમ આ વાણિયા ય તે પંતુ જેવા છે. એને ય આખો દિ' શબ્દો તે ને તે. પણ તેમાં શું નવીન ચીજ છે?

(શ્રોતાઃ) વાણિયા તો ડાહી જાત છે. (ઉત્તરઃ) ડાહી જાત છે બધી સમજવા જેવી. કીધું તું ને આવ્યો' તો છોકરો એક વીસ-પચીસ લાખનો આસામી. દુકાન નવી કરી હશે તો મનને એમ મારાજ' ના દર્શન કરી. મેં તો એટલું પૂછયું એને કે એલા આ પચાસ, સાઠ, સીત્તેર વરસ કહેવાય છે, એ શરીરના કે આત્માના? (શ્રોતાઃ) મા' રાજને ખબર. (ઉત્તરઃ) એક જુવાન માણસ આવ્યો, વીસ-પચીસલાખનો હતો. એને પ્રેમ તો આંહી ઘણો ને...! મારાજ' ના પગમાં પડશુ તો દુકાન-દુકાન સરખી ચાલશે. એવી એવી માન્યતાઓ બાકી તો થવાનું હોય તે થાય ત્યાં ક્યાં અમારે લઈને થાય છે.

આંહી કહે છે આહા... હા! જીવ-પદાર્થ એવો છે કે જેને પર્યાયો ક્રમવર્તી પ્રવર્તે છે એની અને જેના ગુણો અક્રમે-... -સાથે-તીચ્છા આમ.. (વિસ્તારક્રમ) પર્યાય આમ... ગુણ આમ એક સાથે એ પણ એકપછી એક એમ ગુણ નહીં. એક ગુણ છે ત્યાં અનંત ગુણો વ્યાપેલાં છે બધાં! આહા..હા! એ 'વિભુ' નામનો ગુણ છે. ને એમાં ૪૭ શક્તિ વિભત્વગુણ ત્યાં જ્ઞાન વ્યાપક છે ત્યાં બધું વ્યાપક છે. આ... આ... એમ અનંતગુણ છે તે જ્ઞાન આંહી, દર્શન આંહી આનંદ આંહી થોકડો પડયો છે એમ નથી. વ્યાપેલો થોકડો છે! જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ રહેલાં છે! ક્ષેત્રથી તો રહેલાં છે ભાવથી પણ વ્યાપીને રહેલાં છે.

આ ઈ જ કહ્યું ત્યાં વિકલ્પ-ભેદ નથી, ઓલું એકપછી એક ને આ (એકસાથ). એમ આમાં નથી. એમ આ ગુણો જે છે. એક તો એક શબ્દ વાપર્યો કે 'ક્રમ અને અક્રમ અનેકભાવો' એમ કીધું ને...! અનેક શબ્દ અનંત બેથી માંડીને અનેક કહેવાય છે. એટલે વસ્તુ જે છે પ્રભુ આત્મા, એની પર્યાયો અનેક લાંબી આમ ક્રમે પ્રવર્તે. તે પણ એકપછી એક, એકપછી એક, આડીઆવળી નહીં અને વચ્ચમાં પાંચમે સમયે થવાની હોય બીજે સમયે થાય બીજે સમયે થવાની પાંચમે (સમયે થાય) એમે ય નહીં.

આહા... હા! એવી ક્રમે પ્રવર્તતી પર્યાય, એ તો છે. 'અનેક' શબ્દ વાપરીને અનેક કહ્યું છે. એમ અક્રમે પ્રવર્તતા ગુણો પણ અનંત! આહા... હા!

જરી ઊંડો વિચાર કરે તો એને પત્તો લાગે કે ઓહો... હો... હો!

બીજા દ્રવ્યો તો એની પાસે રહ્યાં, જુદાં! આ એક પોતે છે. જે અનંત, અનંત, અનંત ગુણોથી ભરેલો, અને એક ગુણ છે ત્યાં બીજો ગુણ વ્યાપી રહેલો અને અનંત છે ત્યાં સંખ્યાનો ક્યાંય છેડો નથી, ક્ષેત્રથી તો આત્મા (આ શરીર પ્રમાણ) એટલામાં આવી ગયો આત્મા. પણ એની શક્તિઓ જે ગુણો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ તો એટલા અનંત છે કે જેને એકપછી એક તો કાળ લાગુ પડતો નથી, પણ જેને આ છેલ્લામાં છેલ્લો ગુણ છે એવું ત્યાં લાગુ પડતું નથી.

આહા... હા! એમ 'અનેક' પ્રવર્તતા કહ્યું. અનંતગુણો એકસાથે પ્રવર્તે છે. વિસ્તારરૂપે-તીરછારૂપે આમ. આહા... હા!

આ તો ભઈ... ઓગણસમી વાર વંચાય છે. એ બધું પછી... અઢારવાર તો વંચાઈ ગયું છે આ સમયસાર! આ તો ઓગણીસમી વાર શરૂ થયું છે.

(શ્રોતાઃ) દરેક વખતે જુદી જુદી રીતે આવે? (ઉત્તરઃ) આવે! એકધારી વાત છે?

આહા... હા! 'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા' એટલે હયાતિ ધરાવતા, એમ સમજાણું? 'અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી' અનેક એટલે અનંત હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે' પદાર્થ... એવી ચીજ છે કે અનંતાગુણ અક્રમે અને તે પર્યાયો ક્રમે એ અંગીકાર કર્યા છે. એવો જે પદાર્થ.

આહા... હા! 'ગુણ ને પર્યાયો જેણે અંગીકાર કર્યા છે એવો છે' અને ૪૯મી ગાથામાં 'અવ્યક્ત' (ના બોલમાં) એમ કહે કે જીવદ્રવ્ય છે તેમાં પર્યાય આવતી નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આહા... હા! બે નું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ કરવા (કહ્યું છે)

અને આંહી તો એ જીવ પોતે છે આખો એ પોતે ગુણપર્યાયો અંગીકાર કરેલ છે. ભાઈ...? આવું ઝીણું છે! એકવાર સમયસાર સાંભળ્યું છે તે આપણે સાંભળ્યું છે બસ! અરે... બાપુ! એ સમયસાર શું ચીજ છે!! ત્રણલોકના નાથ સર્વજ્ઞપરમાત્મા એનું પ્રવચનસાર છે 'આ', આ 'સમયસાર' છે. આત્મસાર! ઓલું પ્રવચનસાર એની વાણીનો સાર!

આવા અગાધ ગુણ ને અગાધ ક્રમ પર્યાયો અનંતી એનો જેણે અંગીકાર કર્યો છે એટલે કે ગુણપર્યાયવાળું દ્રવ્ય છે એમ. (એ આત્મદ્રવ્ય) ગુણપર્યાયવાળું દ્રવ્ય છે. 'તત્ત્વાર્થસૂત્ર' માં આવે છે.

આહા... હા! 'પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે' સાથે રહેનારા અનંત ગુણોને અક્રમવર્તી પણ કહે છે. સહવર્તી એટલે દ્રવ્યની સાથે રહેલા એમ નહીં. દ્રવ્યની સાથે રહેલા માટે સહવર્તી એમ નહીં. ગુણો ગુણો પોતે એકસાથે રહેલા માટે સહવર્તી! સહવર્તી, દ્રવ્યની સાથે (રહેલા) જો સહવર્તી કહીએ તો પર્યાય પણ દ્રવ્યમાં સાથે વર્તે છે! એટલે આંહી તો ગુણો એકસાથે વર્તે છે, તીરછા અનંતગુણો ભલે સંખ્યાનો પાર ન મળે છતાં એકસમયમાં સાથે વર્તે છે. ગુણો, ગુણમાં એકસાથે વર્તે તે સહવર્તી છે. ગુણ, દ્રવ્યમાં એકસાથે વર્તે માટે સહવર્તી છે એમ નહીં.

આહા... હા! 'પંચાધ્યાયી' માં છે ઈ. 'પંચાધ્યાયી' માં ખુલાસો કર્યો છે.

આહા.. હા! 'સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે. આ વિશેષણથી જીવના વિશેષણ છે ને આ...!' આ વિશેષણથી પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો.' સાંખ્યમતી કહે છે પુરુષનો નિર્ગુણ છે. એ તો એના પ્રકૃતિના જે (ગુણ) છે સત્ત્વ, રજ, તમોગુણ એ એમાં નથી. પણ એના જે સ્વભાવરૂપ ગુણ છે એ એમાં ત્રિકાળ પડયા છે. ઈ તો એને ખબર નથી. ગુણનું એનું આવે છે ને... સત્ત્વ, રજ, તમ! ઇતો પ્રકૃતિના ગુણો, ઈ પ્રકૃતિના ગુણો સ્વભાવમાં ઈ છે અને અનંતી પર્યાયો છે. એ ગુણ ને પર્યાયો જેણે અંગીકાર કર્યા છે એવું તે-જીવદ્રવ્ય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા... હા! આમાં કેટલું યાદ રાખવું? દુકાનના ધંધામાં તો ઈ ને દાખલા ને ઈ ને ઈ પલાખા. નવું કાંઈ શીખવાનું કાંઈ ન મળે! મજુર બેઠો હોય તો ઈ એય બોલ્યા કરે ઈ ને ઈ. આનું આટલું ને આનું આટલું ને આનું આટલું (ઈ ને ઈ વાત) એનો શેઠ બેઠો હોય તો ઈ એ એ જ કર્યા કરે, બોલ્યા કરે (ઈનુંઈ)

આહા...! આ ચીજ તો બીજી છે બાપુ! આહા... હા! દેહમાં ભિન્ન જે પદાર્થ કઈ રીતે છે ને કઈ રીતે એમાં ગુણોને પર્યાયો પ્રવર્તી રહ્યા છે?

પર્યાયો ક્રમે પ્રવર્તી રહી છે, ગુણો એકસાથે-અક્રમે પ્રવર્તી રહ્યા છે. માટે તે દ્રવ્યને ગુણપર્યાયોને અંગીકાર કરનારું કહેવામાં આવે છે.

આહા... હા! ભાષા તો સાદી છે, પણ ભાવ તો જે હોય તે હોય ને...!

(શ્રોતાઃ) બહુત ગંભીર હૈ! (ઉત્તરઃ) ગંભીર હૈ. આહા... હા! (શ્રોતાઃ) નિમિત્તથી તો પર્યાયનો ક્રમ તોડીને થાય છે.

(ઉત્તરઃ) બિલકુલ જૂઠી વાત છે. એ જ અજ્ઞાનીમાં, મોટા વાંધા!

ઉપાદાનમાં અનેક જાતની યોગ્યતા છે નિમિત્ત આવે એવું થાય એમ કહે છે, એ તદ્દન જૂઠી વાત છે.

ઉપાદાનમાં એક જ વાતની તે સમયે તે ક્ષણે ઉત્પન્ન થવાનો સમય છે અને તે થશે. એક જ યોગ્યતા છે, બીજી યોગ્યતા છે જ નહીં. એ પંડિત કહે છે બધા... ઉપાદાનમાં ઘણી જાતની યોગ્યતા છે, પાણીમાં ઘણી જાતની યોગ્યતા છે, રંગ નાખો એવું દેખાશે. લીલો નાખો તો લીલું, પીળો નાંખો તો પીળું એ વાત તદ્દન ખોટી છે.

આહા... હા! તત્ત્વની વાતું સમજવી, સાંભળવી એ બાપુ! બહુ સૂક્ષ્મ બાપુ! બાકી તો ધૂળધાણીને બધું આવું... સંસાર, હેરાન થઈને મરી ગ્યા છે! અનંત કાળ કાઢયો, રખડતાં!

પણ રખડનારની દશાને રખડનારના ગુણો અને રખડનારો પોતે કોણ? કેટલો? કેવડો છે? જાણ્યો નહીં. કાં તો ભૂલ થઈ છે કર્મે કરાવી છે આહા..! અને કાં ભૂલ છે એ મારો ત્રિકાળીસ્વભાવ, ગુણ મારો છે એ દરેક ભૂલ...

પર્યાયમાં ભૂલ જે સમયે થવાની છે ક્રમે તેનો કાળ છે કાળલબ્ધિ છે ઈ. જે સમયે જે પર્યાય થાય એ તેની કાળ લબ્ધિ છે. અને તે તેની નિજક્ષણ છે. આહા... હા! મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ત્યાં સુધી (કહ્યું છે) કહ્યું ' તું તે દિ ' ત્યાંય કે અરે...! જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં, કર્મથી વિકાર થાય એમ માને. જૈનની આજ્ઞા જો માને તો આવી અનીતિ સંભવે નહીં. એ વાત થઈ ' તી તે દિ ' પણ અંદર... ઘણા વરસથી બેઠેલી ઊંઘી (માન્યતા), ખસેડવું કઠણ પડે માણસને...! પંડિત થઈ ગયેલા હોય મોટા, વ્યાકરણ (શ્રોતાઃ) કાશી જઈ આવ્યા હોય! (ઉત્તરઃ) કાશી થઈ આવ્યા હોય કે બનારસ જઈ આવ્યા હોય કાશી કરવત મૂકી આવ્યા હોય!

આ તો કાશી-ભગવાન આંહી છે. ત્યાં જાય તો એની ખબર પડે! એની શી સ્થિતિ છે.

આહા... હા હા 'વળી તે કેવો છે પ્રભુ! **'જીવો'** એની વ્યાખ્યા હાલે છે અત્યાર સુધી. અને તેથી જે ૪૭ શક્તિઓ છે એમા જે પહેલાં 'જીવત્ત્વશક્તિ' છે એ આમાંથી કાઢી છે. અમૃતચંદ્રઆચાર્યે ટીકા પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરનાર છે ને...! અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યું છે! કુંદકુંદાચાર્યે, પંચમઆરાના તીર્થંકર જેવું કામ કર્યું છે, આણે (અમૃતચંદ્રાચાર્યે) ગણધર જેવું કામ કર્યું છે.

ટીકા છે ને ટીકા તો એકહજારવરસથી છે. પાઠમાં જેવું છે, જેવું અંદરમાં છે એવું ખોલીને મૂક્યું છે આંહી. આહા...! સમાજની જેને તુલના રાખવાની દરકાર નથી, કે સમાજ આમાં સરખી રીતે બધાં માનશે કે નહીં માને એની જેને દરકાર નથી, સત્ય આ છે. સમાજ સમતુલ રહો, બધાં ભેગાં થઈને માનો, ભેગાં ન રહીને ન માનો એની સાથે કોઈ સંબંધ નથી. આહા... હા!

(શ્રોતાઃ) નિર્ભયપણે કહ્યું છે, એણે નિર્ભયતાથી કહ્યું? (ઉત્તરઃ) એ એણે નિર્ભયતાથી નાખેલો પાઠ છે શાસ્ત્રમાં કળશ છે. રાગ-દ્વેષને ભેદ વિના, નિર્ભયપણે કાપી નાખે છે એને. એવો પાઠ છે મૂળ પાઠ છે. કરવતની પેઠે, કરવત હોય ને...! નિર્દયરીતે ભેદ કાપી નાખે છે. એટલે કે અનાદિનો રાગનો સંબંધ તેને નિર્દય રીતે ભિન્ન કરી નાખ્યો! આમ. અનાદિનો 'બંધુ' તરીકે (હતો) 'પરમાત્મપ્રકાશ' માં તો એમ નાખ્યું છે. એ પુણ્ય-પાપ એ 'બંધુ' હતા અનાદિના રહેલા, હારે રહેલા અનાદિના 'બંધુ' એ 'બંધુ' નો ઘાત કરનારો આત્મા છે.

આહા... હા! અનાદિકાળથી પુણ્યને પાપ ને મિથ્યાત્વ ધારી રાખ્યા હતા એને એક ક્ષણમાં ભેદજ્ઞાને નિર્દયરીતે કાપી નાખ્યાં! અહાહાહા!

આવી વસ્તુ છે!

આહા...! 'વળી તે કેવો છે? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી' જીવદ્રવ્યમાં એટલું સામર્થ્ય-તાકાત છે, કે પોતાના અને પરદ્રવ્યોના આકાર એટલે વિશેષરૂપો, 'એને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે'

આહાહા... હાહા 'બધાને જાણવા છતાં એકરૂપે રહેલો છે' 'અનેકને જાણવા છતાં અનેકપણે થયો નથી' 'અનેક જ્ઞેયને જાણવા છતાં અનેક જ્ઞેયરૂપે થયો નથી' 'અનેક જ્ઞેયોને જાણવા છતાં, એ જ્ઞાનરૂપ રહીને અનેક જ્ઞેયોને જાણ્યા છે જેણે' આહા... હા! કુંદકુંદાચાર્યે સમયસાર બનાવ્યું હશે! આહા... હા! એ હું શરૂ કરું છું. મારા જ્ઞાનમાં, ક્ષયોપશમમાં જે ભાવ છે, એ રીતે હું જણાવવા શરૂ કરું છું વાણીનો વિકલ્પ ને વાણી તો એને કારણે આવશે.

આહા... હા! આ તો ભઈ નિવૃત્તિનું કામ છે, નિવૃત્તિ લઈને પછી આ વસ્તુ તદ્દન નિવૃત્તસ્વરૂપ છે અંદર... એને જાણવા માટે ભાઈ...! બહુ વખત જોઈએ ભાઈ નહિતરએના જનમ-મરણ નહિ મટે બાપા! એ ચોરાશીના અવતાર ભાઈ...! આ દેહ છૂટયો ને ક્યાં જશે! આહા... પ્રભુ! આ દેહ છૂટશે પણ આત્માનો નાશ થશે? આત્મા તો રહેવાનો છે આહા... હા! આ બધું છૂટી જશે તો રહેશે એકલો ક્યાં? આ મારાં, મારાં કરીને મમતાને મિથ્યાત્વમાં ગાળ્યો વખત, મિથ્યા ભ્રમમાં રહેશે ભવિષ્યમાં. અહા... હા! અને એ ભ્રમના ફળ... રખડવાના... અવતાર... કોઈ જાણેલાં સગાં-વહાલાં જ્યાં નથી. કોઈ બાયડી-છોકરાં એનાં નથી. કોઈ ફઈ, ફૂવા, માસી, માસા ત્યાં નથી. આહા... હા! એકલડો જઈને, એકલો મથશે ઊંધે રસ્તે!

આહા... હા! 'પોતાના અને પરદ્રવ્યોના આકારો' ગુણને પર્યાયો બધાને 'પ્રકાશવાનું સામર્થ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


હોવાથી જેણે સમસ્ત રૂપને-બધા રૂપને સ્વના દ્રવ્યગુણપર્યાય, પરના દ્રવ્ય-ગુણપર્યાય બધાને જાણવારૂપે પ્રકાશનારું 'એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે' -એટલા, અનંતજ્ઞેયોને જાણતાં જ્ઞાનનો પર્યાય અનેકરૂપે-પરનેરૂપે થતી નથી. 'પોતાના જ્ઞાનની પર્યાયરૂપે એકપણે રહે છે.' આહા... હા! સમજાણું કાંઈ...?

અનેકને જાણવા કાળે પણ જીવની પર્યાય એકરૂપે પોતાનાજ્ઞાનરૂપે રહે છે. પરજ્ઞેયરૂપે અનેકને જાણવા છતાં પરજ્ઞેયરૂપે તે જ્ઞાન થતું નથી. અગ્નિને જાણતું જ્ઞાન, અગ્નિરૂપે થતું નથી. 'જ્ઞાન તો જ્ઞાનરૂપે રહીને અગ્નિને જાણે છે' આહા... હા! એમ જ્ઞાન પોતારૂપે રહીને અન્યજ્ઞેયોને જાણે છે એ અનંતજ્ઞેયને જાણતાં, અનેકપણાના ખંડ-ખંડ થઈ ગ્યા છે જ્ઞાનમાં એમ નથી.

આહા... હા... હા! સમયસાર ધર્મકથા છે બાપુ! આ તો ભાગવત-કથા! હેં?

(કહે છે) 'એકપણું પ્રાપ્ત કર્યું છે' છે! 'જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે' આકાર પ્રતિભાસે કહેવું ઈ પણ નિમિત્તની વાત છે. એ તો પોતાનું પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે સ્વને પરને જાણવારૂપે-જ્ઞાનરૂપે પોતે પરિણમે છે. એવું પોતાના પરિણમન-પર્યાયનું અસ્તિત્વનું એટલું સામર્થ્ય છે.

પર છે માટે એને પરને જાણે છે એમે ય નથી. એ પર છે એના તે સંબંધીનું અસ્તિત્વનું જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે તેટલા અસ્તિત્વનું પોતે પોતામાં રહીને સ્વને અને પરને જાણતાં અનેકરૂપે પરિણમ્યું જ્ઞાન, એથી અનેક થઈ ગ્યું છે એમ નથી. જ્ઞાનની પર્યાય તો પોતે એકરૂપ રહી છે.

આહા...! 'જેમાં અનેક વસ્તુઓના ભાવો પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે' આહા...! આ વિશેષણથી, આ બધા જીવના વિશેષણ કહ્યા ને...! જીવવસ્તુ, એને વિશેષણથી ઓળખાવી, કે આવો જીવ છે. આવો જીવ છે એનાં આ વિશેષણો છે. વિશેષવસ્તુ પોતે એનાં આ બધાં વિશેષણોથી ઓળખાવી.

આહા... હા! એક 'जीवो' એની વ્યાખ્યા હાલે છે આ. 'जीवो चरित्तदंसणणाण ठिदो' એ પછી (કહેશે) આહા...! અમૃતચંદ્રાચાર્ય! જે કુંદકુંદાચાર્યને મળ્યા નહોતાં. ભગવાન પાસે ગયાં નહોતાં. એ કુંદકુંદાચાર્યના પેટમાં... જે ભાવ કહેવાના હતા ભાષામાં એ ભાવ ખોલ્યા છે.

આહા... હા! આવી ટીકા! ભરતક્ષેત્રમાં અત્યારે બીજે તો નથી પણ દિગમ્બરમાં આ સમયસાર ને આવી ટીકા બીજે ઠેકાણે નથી! આહા... હા! આખો એને હલાવી નાખે એકવાર! આહા...! પરથી જુદો તું પ્રભુ પરથી જુદો!

પરને જાણવા છતાં પરરૂપે થઈને જાણે છો એમ નહીં. પરને જાણવા કાળે પણ તારારૂપે રહીને થઈને તું જાણે છે! ભાઈ...? ભાષા તો સહેલી છે! આવી વાતું છે બાપુ શું થાય?

આહા... હા હા પરનું કાંઈ કરી શકતો તો નથી, કેમકે પરના આકારો અહીં કીધા ને... તે પરરૂપે છે. આ એમ આવ્યું ને...! 'પોતાના અને પરદ્રવ્યોના આકારોને' પરદ્રવ્ય, પરદ્રવ્યરૂપે છે એના દ્રવ્યગુણપર્યાય ત્રણે. પોતાના દ્રવ્યગુણપર્યાય છે. એને 'પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી' પરરૂપે થઈને નહીં. પોતાના જ્ઞાનમાંથી ખસીને પરને જાણે છે એમ નહીં આહા...! પોતાના જ્ઞાનના અસ્તિત્વમાં રહીને, સ્વને પરના આકારોને જાણવા છતાં 'એકરૂપે રહે છે' એ એકનો બે થાતો નથી.

આ જ્ઞાન પોતાને જાણે ને પરને નથી જાણતું એક કહેનારાઓનો નિષેધ કર્યો. જ્ઞાન પોતાને જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જાણે છે, પરને નથી જાણતું! 'પરને જાણતું નથી' કઈ અપેક્ષાએ? પરમાં તન્મય થઈને પરને જાણવું નથી.!

પણ પરને પરમાં તન્મય થયા વિના, પોતામાં રહીને પરને પર તરીકે બરાબર જાણે છે. (મતાર્થીનો નિષેધ કરેલ છે)

આહા...! 'આ વિશેષણથી જ્ઞાન પોતાને જ જાણે છે પરને નથી જાણતું 'એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે. 'એમ અનેકાકાર માનનારનો વ્યવચ્છેદ થયો' - પોતે પોતાને નથી જાણતો પરને જ જાણે છે એમ માનનારા છે આહા... હા! આ શરીર છે, આ વાણી છે, આ ધંધો છે એને જ્ઞાન જાણે ઈ પરને જાણે છે એમ. પોતાને નથી જાણતો અરે પણ, પરને જાણવાકાળે જાણનાર પર્યાય પોતાની છેકે પરની છે?

એ પોતામાં રહીને પરને જાણે છે કે પરરૂપ થઈને પરને જાણે છે? એ પોતામાં રહીને પરને જાણે છે તો એનું સ્વરૂપ સિદ્ધ છે તો એને કેમ ન જાણે?

આહા... હા! 'તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો વ્યવચ્છેદ થયો લ્યો! આહા... હા!

વિશેષ કહેશે હવે.....

* * *

-જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન જ્ઞેયમાં તન્મય થતું નથી. જ્ઞેય સંબંધીના પોતાના જ્ઞાનમાં આત્મા તન્મય છે, જ્ઞેયમાં તન્મય નથી. તેથી જ્ઞાનમાં પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવજ વિસ્તરે છે, તેમાં પરનો વિસ્તાર નથી. (આત્મધર્મ અંક-૬૩૯)

-આત્મા પરનું કાંઈ કરે તો નહિ પણ પરને જાણે એ પણ અસદ્‌ભૂત વ્યવહારકથન છે. ખરેખર તો પોતેપોતાને જાણે છે. જોકે પોતે પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે. પોતે પોતાને જાણવાનું કાર્ય કરે એ પણ ભાવક-ભાવના ભેદરૂપ સદ્‌ભૂત વ્યવહાર છે પરનું કરવું તો ક્યાંય રહ્યું, પરને જાણે એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે પણ પોતે પોતાને જાણે એ પણ સ્વ-સ્વામીનો ભેદ પડતો હોવાથી સદ્‌ભૂત વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે. (આત્ધર્મ અંક-૬૪૨/૪૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન ક્રમાંક - ૧૧ દિનાંક: ૧૮-૬-૭૮

સમયસાર ગાથા-૨ અધિકાર એ ચાલે છે કે જીવ, જીવ કેને કહેવો? એનાં ઘણાં વિશેષણ આવી ગયાં છે પહેલાં (ટીકામાં)

એને ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો પણ કહ્યો છે ને ભાઈ ઈ શું કહ્યું ઈ? કે વસ્તુ છે એમાં પર્યાય બદલે છે. નવી નવી અવસ્થા થાય જૂની અવસ્થા જાય, બદલે છે ને...! ઈ બદલે છે ઈ એને નવી દશા ઉત્પન્ન થાય ને જૂની વ્યય થાય, અને વસ્તુ છે એ ધ્રુવ કાયમ રહે ઉત્પાદવ્યયધ્રુવ સહિત તે તત્વ જીવ છે. અને આમેય કહ્યું ને ગુણપર્યાયવાળું! એ વસ્તુ જે છે ગુણ એટલે ત્રિકાળ રહેનાર આ વસ્તુ જે છે આત્મા અંદર! એ ત્રિકાળ રહેનાર છે એ અપેક્ષાએ ધ્રુવ અને નવી નવી અવસ્થા પલટે છે તે પર્યાય, પર્યાય એટલે હાલત દશા. તો ગુણપર્યાયવાળું એ દ્રવ્ય છે. એ સમુચ્ચય અત્યારે જીવને સિદ્ધ કરે છે. દર્શનજ્ઞાનમય છે એમ કહ્યું. જયસેનઆચાર્યની ટીકામાં તો એવી રીતે લીધું છે. જીવ છે એ નિશ્ચયથી પોતાના જ્ઞાનને આનંદથી છે માટે નિશ્ચય જીવ! વસ્તુ છે ને...! અસ્તિ છે ને...! છે તો તેના અસ્તિ-છે એવા ગુણ છે ને...! તો આનંદને જ્ઞાન આદિ ગુણ છે, એ પ્રાણથી કાયમ જીવે ટકે માટે એને અમે જીવ કહીએ.

અને બીજી રીતે પણ લીધું કે, અશુદ્ધભાવપ્રાણ (થી) જીવે છે ને આ. ભાવ પ્રાણ! આ આયુષ્ય, મન, વચન, કાય નો યોગ આદિ છે અશુદ્ધદશા વિકારી એના પ્રાણથી જીવે છે, ટકે છે એ પણ એક અશુદ્ધ નિશ્ચયથી કહ્યું છે. અને અસદ્ભૂત વ્યવહારથી દશપ્રાણથી તે જીવે છ આ જડ નિમિત્ત છે ને આ પાંચ ઇન્દ્રિય આદિ એ જડ પર છે. એનાથી જીવે એમ અસદ્ભૂતવ્યવહારથી પણ કહેવાય.

આંહી આપણે આવ્યું છે આંહી 'વળી તે કેવો છે?' આંહી સુધી આવ્યું છે. છે? આ જીવવસ્તુ છે ને તત્ત્વ છે ને પદાર્થ છે. આ જેમ જડ છે, એની જેમ અસ્તિ છે તત્ત્વો! એમ ચૈતન્ય એનો જાણનારો! જાણનાર જણાય છે, એ જાણનારો જુદી ચીજ છે. એ જુદી ચીજ છે એના બધા વિશેષણો આપ્યાં છે. એ જીવ કેવો છે? એ શક્તિ અનેરૂપ અવસ્થાવાળો છે, ઉત્પાદવ્યયધ્રુવવાળો છે, દર્શનજ્ઞાનસ્વરૂપે છે, આંહી વળી તે કેવો છે? વિશેષ વાત કરે છે.

આહા... હા! 'અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો-વળી જીવમાં અન્ય બીજાં દ્રવ્યો નથી. આ શરીર, વાણી કાંઈ જીવમાં નથી. 'અન્ય દ્રવ્યોના' છે ને? વિશિષ્ટ જે ખાસ ગુણો, એમ કરીને બીજી ચીજો પણ સિદ્ધ કરી. આકાશ નામનો પદાર્થ છે કે જે બધા પદાર્થને રહેવાને અવગાહન આપે. એવી એક અરૂપી ચીજ (આકાશ) છે. લાંબી લાંબી વસ્તુ સિદ્ધ કરવા જાય તો વખત જાય! આકાશ નામનો એક પદાર્થ છે. એનો ગુણ અવગાહન છે. અવગાહન એટલે? એમાં બીજા પદાર્થો રહે એવા ગુણને અવગાહન કહે છે. તો ઈ અવગાહન ગુણ આકાશનો છે. એ આત્માનો નથી એમ સિદ્ધ કરવું છે. અહા...! છે? મૂળ વાત છે શરૂઆતના શ્લોકો જ ઝીણાં છે!

'દ્રવ્યોના જે વિશિષ્ટ (ખાસ) ગુણો- અવગાહન-ગતિ-સ્થિતિ' ધર્માસ્તિકાય નામનું તત્ત્વ છે જડ-ચેતન ગતિ કરે તેમાં એ ધર્માસ્તિ તત્ત્વ નિમિત્ત છે. અધર્માસ્તિ (કાય) છે. જીવ ને જડ સ્થિર રહે પોતાની

શક્તિથી, એમાં નિમિત્તરૂપે જે દ્રવ્ય છે એને અધર્માસ્તિકાય કહે છે.

'વર્તનાહેતુપણું' કાળદ્રવ્ય એક છે. અસંખ્ય કાલાણુ છે જે દરેક પદાર્થ બદલે છે- પરિણમે છે એમાં નિમિત્તરૂપ જે છે, એને કાળદ્રવ્ય કહે છે. લાંબી વ્યાખ્યા બહુ મોટી! છે? 'અને રૂપીપણું' વર્તનાહેતુપણું તે કાળ અને રૂપી તે આ જડ - આ શરીર, વાણી, પૈસા રૂપી છે, જડ છે. (તેમાં) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. રૂપીપણું તે જડનો ગુણ છે. એ ગુણ આત્મામાં નથી.

આહા...! 'તેમના અભાવને લીધે' બીજાં દ્રવ્યના જે ગુણો ખાસ છે તે ગુણોનો આત્મામાં અભાવને લીધે. આહા.. આરે આવી વાતું છે! તત્ત્વની વસ્તુ બહુ મોંઘી પડી ગઈ. લોકોને અભ્યાસ ન મળે! અને બહારમાં રોકાઈ ગ્યા! મૂળ ચીજ શુ છે ચૈતન્યવસ્તુ, એનાથી બીજાં પાંચ પદાર્થ ભિન્ન છે. એ પાંચ પદાર્થના જે ખાસગુણ છે એ ગુણોનો આમાં (આત્મામાં) અભાવ છે. છે?

'રૂપીપણું- તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્‌ભાવને લીધે' એનો તો ચૈતન્ય-જાણવું-દેખવું એ સ્વભાવ છે. કાયમી ત્રિકાળી જાણવું અને દેખવું એવો ચૈતન્યસ્વભાવ છે. ચેતનનો-આત્માનો ચૈતન્યસ્વભાવ કાયમી હોવાથી બીજા પદાર્થના ગુણોનો એમાં અભાવ છે. પોતાના ગુણોનો એનામાં સદ્‌ભાવ છે.

આહા... હા! 'ચૈતન્યરૂપતા સ્વભાવના સદ્‌ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલ- એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે' ચૈતન્યવસ્તુ એ જગતના પાંચ પદાર્થથી ભિન્ન છે. એનાથી એ ભિન્ન જુદો છે.

આહા...! એ રૂપે-શરીરરૂપે નથી, વાણી રૂપે નથી, કર્મરૂપે નથી, આકાશને ધર્મ-અધર્મરૂપે પણ આત્મા નથી. આહા... હા! ઘણું શીખવું પડે! અનાદિકાળની વાસ્તવિક ચીજ શું છે! અને ઈ કઈ રીતે રખડે છે અને રખડવાનું પરિભ્રમણ બંધ કેમ થાય? એ ચીજો કોઈ અલૌકિક છે.

આહા...! આંહી કહે છે બીજાં દ્રવ્યોના જે ગુણો છે એનો આત્મામાં અભાવ છે. 'એ પાંચ દ્રવ્યોથી તે ભિન્ન છે' કેમકે એનાં ગુણો આમાં નથી તેથી એ દ્રવ્યોથી ભિન્ન છે. 'આ વિશેષણથી એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.' એક જ આત્મા વ્યાપક છે એમ કેટલાક માને છે, વેદાંત! સર્વવ્યાપક એક આત્મા વેદાંત માને છે એનું નિરાકરણ થયું.

એ માને ન માને વસ્તુ સિદ્ધ કરીને તો કહે છે કે બીજા પદાર્થોમાં ગુણ છે, તો ઈ ગુણવાળા દ્રવ્યો છે. તે ગુણ આમાં (આત્મામાં) નથી, તે તે દ્રવ્યરૂપ આત્મા નથી, ન્યાયથી લોજિકથી તો વાત કહે છે પણ હવે અભ્યાસ નહીં ને... શું થાય?

આહા...! બહારમાં ધરમને નામે પણ બીજા રસ્તે ચડાવી દીધાં લોકોને. તત્ત્વ અંદર શું ચીજ છે અસ્તિપણે મૌજુદગી ચીજ અંદર અનાદિ અનંત છે. અને તે પોતાના ગુણવાળી-શક્તિવાળી છે. તે બીજાના ગુણવાળી નથી તેથી તે બીજાં દ્રવ્યોનો તેમાં અભાવ છે.

આહા... હા! 'વળી તે કેવો છે?' છેલ્લો બોલ હવે. 'અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ રહેવા છતાં' શું કહે છે? ભગવાન આ ચેતનવસ્તુ જાણન-દેખન, બીજાં અન્ય-અનેરાં દ્રવ્યો એક જગ્યાએ રહેલાં છે. જુઓને આ શરીર આંહી છે, વાણી આંહી છે, આત્મા આંહી છે, બીજાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તત્ત્વો પણ આંહી છે. એવા એક જગ્યાએ આત્મા અને બીજાં પદાર્થો રહેલાં હોવા છતાં... છે? 'એકક્ષેત્રાવગાહ (એટલે) એક ક્ષેત્રમાં રહેલાં છતાં પણ 'પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી' પોતે પોતાના સ્વરૂપથી છૂટતો નથી કદિ. એ ચૈતન્યસ્વરૂપ છે જાણન-દેખન જેનું સ્વરૂપ છે. બીજાં અન્ય દ્રવ્યોની સાથે એક જગ્યાએ ભેગાં રહેવા છતાં પોતાના ચૈતન્યસ્વરૂપથી તે છૂટતો નથી.

આહા... હા! ઝીણી વાતું ઘણી ભાઈ! હજી તો કહેવું છે પછી સ્વસમય ને પરસમય એનું. આંહી તો હજી 'જીવ' આવો છે એટલી વાત સિદ્ધ કરે છે.

આહા... હા! 'છતાં પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્ય-સ્વભાવરૂપ છે' જાણક્સ્વરૂપ વસ્તુરૂપે, સત્‌રૂપે, શાશ્વત-શરૂઆત નહીં આદિ નહીં અંત નહીં ચૈતન્યસ્વરૂપ જેનો ગુણ છે. એવો આત્મા અનાદિથી છે.

'છે' એને આદિ ન હોય, 'છે' એનો નાશ ન હોય. 'છે' ઈ પોતાના ગુણથી ખાલી ન હોય આ તો મહાસિદ્ધાંતો છે બધા!! ટંકોત્કીર્ણ એટલે જેવો છે એવો અનાદિથી ચૈતન્ય સ્વભાવી છે. 'આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો' વસ્તુસ્વભાવ છે તે આમ હોય એમ બતાવ્યું 'આવો જીવ નામનો પદાર્થ સમય છે' સમુચ્ચય વાત કરી. અંદર વસ્તુ ચૈતન્યસ્વરૂપ અને ચૈતન્યગુણવાળું તત્ત્વ! એનાથી બીજાં તત્ત્વો બીજાં ગુણવાળા-એ ગુણોનો આમાં અભાવ છે માટે તે દ્રવ્યનો પણ એમાં અભાવ છે. એક જગ્યાએ રહેવા છતાં પોતાના સ્વ ચૈતન્યગુણથી કોઈ દિ' છૂટતો નથી. પરરૂપે થતો નથી ને સ્વપણું છોડતો નથી.

આહા... હા! શરીર, શરીરપણે રહ્યું છે એ શરીર આત્માપણે થતું નથી, અને શરીરનો શરીરપણાથી અભાવ થતો નથી. એમ આત્મા, આત્માપણે રહે છે એ શરીરપણે થતો નથી, પોતાના સ્વભાવથી રહિત થતો નથી. છે તો લોજિકથી પણ ઝીણું બહુ બાપુ! અત્યારે તો... દોડ ચાલે એકલી... મારગ ઝીણો બહુ બાપુ! જનમ-મરણ રહિત થવાનો મારગ-પંથ, બહુ અલૌકિક છે!

હવે આવો જે જીવ! 'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન' શું કહે છે હવે! આત્મામાં કેવળજ્ઞાન જયારે ઉત્પન્ન થાય છે- પૂર્ણ જ્ઞાન! કેમકે પૂરણજ્ઞાનસ્વરૂપ પ્રભુ (આત્મા) છે. જ્ઞાનસ્વરૂપ કીધું ને... ચૈતન્યસ્વરૂપ છે. તો ચૈતન્યસ્વરૂપ છે તો પૂરણ ચૈતન્યસ્વરૂપ છે. અને પૂરણચૈતન્યસ્વરૂપ છે એટલે સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યસ્વરૂપ છે. એનું જેણે ધ્યાન કરીને જેની દશામાં કેવળ જ્ઞન! એકસમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય. એવું જે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

'એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદયં થવાથી' આહાહા...!

એટલે શું કહે છે? ચૈતન્યસ્વરૂપ જે અંદર છે એ આ શરીર, વાણીથી જુદો! ભેદજ્ઞાન! અને પુણ્યને પાપના વિકલ્પની વૃત્તિઓ-રાગ-દ્વેષ એનાથી જુદો! એવું રાગને પરથી ભેદજ્ઞાન પ્રગટ થવાથી, પરથી જુદું પાડવાની ભેદજ્ઞાનની કળા પ્રગટ કરવાથી એક તો જીવદ્રવ્ય સિદ્ધ કર્યું, બીજાં દ્રવ્યો સિદ્ધ કર્યા, બીજાં દ્રવ્યોની ગુણો નથી એમાં (આત્મામાં માટે) બીજાં દ્રવ્યો પણ એમાં નથી. અને પોતાનો ચૈતન્યસ્વભાવ છે. એક જગ્યાએ બધાં તત્ત્વો રહ્યાં હોવા છતાં પોતાના સ્વભાવને તે છોડતો નથી.

હવે એ સ્વભાવની પ્રાપ્તિ પૂરણ જયારે થાય છે તેને કેવળજ્ઞાન-સર્વજ્ઞજ્ઞાન કહે છે. જેમ લીંડીપીપરમાં ચોસઠ પોરી તીખાશ ભરેલી છે. છોટી પીપર-લીંડીપીપર, કદે નાની રંગે કાળી, પણ એનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તીખો સ્વભાવ ચોસઠપોરો છે. તેથી ચોસઠ પ્હોર ઘૂંટવાથી ચોસઠ પંહોરી તીખાશ બહાર આવે છે. લીંડીપીપરમાંથી... પણ ઈ અંદર પૂરણતીખાશ હતી. ઈ ચોસઠ પ્હોરી શક્તિ, ચોસઠપ્હોરી એટલે રૂપિયો! સોળ આના, ૬૪ પૈસા. એ લીંડીપીપરમાં પણ ચોસઠપ્હોરી એટલે પૂરણ તીખાશ હતી એટલે ઘૂંટવાથી હતી તે બહાર આવી છે. લાકડાને અને કોલસાને ચોસઠપ્હોર ઘૂંટે તો ચોસઠપ્હોરી તીખાશ નહિ બહાર આવે કારણકે એમાં તે છે નહીં. પણ આ પીપરમાં તો (તીખાશ) છે. છે ચોસઠપ્હોરી રૂપિયેરૂપિયો પૂરણ. લીલો રંગ અને તીખાશની પૂર્ણતા એ એક-એક પીપરના દાણામાં પડી છે. તો... છે ઈ બહાર આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે.

એમ ભગવાન આત્મા, એનામાં સર્વજ્ઞસ્વભાવ શક્તિ છે. સર્વજ્ઞ કહો કે પૂરણજ્ઞાન કહો ચોસઠપ્હોરું એટલે પૂરણજ્ઞાન કહો. આહા... હા! (લીંડી) પીપરની વાત બેસે પણ આ વાત...! પૂરણજ્ઞાન અંદર છે (આત્મામાં) ચોસઠપ્હોર એટલે રૂપિયે ૧ રૂપિયો સોળઆના. એવા પૂરણજ્ઞાનનેપૂરણઆનંદ સ્વરૂપ પ્રભુને જયારે એક વર્તમાનમાં કેવળજ્ઞાન થાય છે. ત્રણકાળ-ત્રણલોકને જાણનારું જ્ઞાન, 'એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી' આહા...! હા! ભાષા જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે!

આવા બધા સિદ્ધાંતો... ભારે! આ તો કોલેજ છે. અધ્યાત્મનું પહેલું જાણવું હોય, તો આ સમજાય કે જેમ એ પીપરમાં ચોસઠપ્હોરી તીખાશ ભરી છે તો એ ઘૂંટવાથી છે તે બહાર આવે છે, એમ આત્મામાં સર્વજ્ઞસ્વભાવ, જ્ઞસ્વભાવ પૂરણ પડયો છે એને દયા-દાનના વિકલ્પને શરીર, વાણીથી ભિન્ન-જુદો કરતાં, જુદો પાડતાં, ભેદ-જ્ઞાન કરતાં એમાં પૂરણ જે ભર્યું છે તે તરફની એકાગ્રતાથી, પરથી જુદો પાડી, સ્વમાં એકાગ્ર થતાં એ લીંડીપીપરમાં જેમ વર્તમાનમાં કાળપ અને અલ્પ તીખાશ છે એને ઘૂંટવાથી અલ્પ તીખાશને જૂદી પડતાં અને અંદર તીખાશ પૂરી ભરી છે તે પ્રગટ થતાં, ભરી છે ઈ પ્રગટ થતાં એમ આત્મામાં રાગ ને દયા-દાનને-વિકલ્પ જે પુણ્ય-પાપના કે શરીરના, એનાથી જુદો પાડતાં, એમાં પૂરણસ્વરૂપ ભર્યું છે એમાં એકાગ્ર થતાં, તે કેવળજ્ઞાન એટલે પરમાત્મ દશા-મોક્ષદશા તેને ઉત્પન્ન થાય છે.

આહા... હા! મોક્ષની દશાનો ઉત્પન્ન થવાનો ઉપાય કે રાગઆદિ વિકલ્પ છે તે દુઃખરૂપ છે એનાથી મુક્ત થવું અને સ્વભાવની પૂરણતામાં એકાગ્ર થવું એ દુઃખથી મુક્ત થવું તે નાસ્તિ અને તેના સ્થાનમાં અતિન્દ્રીયજ્ઞાન પ્રગટ થવું તે અસ્તિ!

શબ્દો પણ એકે એક ઝીણાં છે! ખબર છે દુનિયાની બધાંની ખબર છે! આ માલ જુદી જાતનો છે ભાઈ!

આહા... હા! 'કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી, ભાષા છે ને...! 'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન.' પૂરણજ્ઞાન જયારે પ્રગટ થાય છે. આત્મામાં ત્યારે ઈ સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવા સમર્થ છે. પહેલો તો ઈ સિદ્ધાંત સિદ્ધ કર્યો! બીજો... એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થવાથી' આહા... હા! વ્યવહાર કરતાં કરતાં કેવળજ્ઞાન થશે એમ ન આવ્યું એમાં ભઈ... એ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એવા વ્યવહાર સદ્આચરણ કરો એ કરતા સર્વજ્ઞપણું-મોક્ષ થશે એમ નથી.

આહા... હા! એનાથી ભિન્ન પાડતાં અને સ્વભાવ જે પરિપૂર્ણ છે તેમાં એકાગ્ર થતાં, આમાંથી ખસતાં અને આમાં વસતાં આહાહા! 'પરથી ખસ, સ્વભાવમાં વસ એ ટૂંકું ટચ, એ તારે માટે બસ!' આકરાં સિદ્ધાંતો છે બાપુ! એ આંહી કહે છે પરથી ખસ. ભેદ કર! રાગ ચાહેતો દયા-દાનનો હો પણ એનાથી ભેદ-ભિન્ન કર અને સ્વરૂપ જે છે તેમાં વસ! એકાગ્ર થા... તો તે ભેદજ્ઞાન દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કે જે કેવળજ્ઞાન સર્વ પદાર્થને જાણનારું છે એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થશે.

આહા... હા! જેમ ચોસઠપ્હોરી તીખાશમાંથી, ચોસઠપ્હોરી તીખાશ બહાર આવે છે એમ અંદર સર્વજ્ઞસ્વભાવમાં એકાગ્ર થતાં, રાગથી ભિન્ન પડતાં, સર્વજ્ઞ સ્વભાવ શક્તિરૂપે છે એ અવસ્થામાં પર્યાયમાં પ્રગટરૂપે થાય છે. સમજાણું કાંઈ?

આવી વાત છે ભાઈ! લોકો તો ક્યાંય બહારમાં મથ્યા (કરે છે) ભગવાનની ભક્તિ કરીને ઈશ્વરની ભક્તિ કરી ને થઈ જાય? હવે ઈશ્વરની ભક્તિ કરે ઈ તો રાગ છે. અને તારો માલ ત્યાં ક્ય ાં છે કે ત્યાંથી આવે? તારો તો આંહી પડયો છે અંદર! જે કંઈ પ્રગટ કરવાની તારી ધર્મદશા-શાંતદશા પ્રગટ કરવાની તને ભાવના હોય, તો ઈ ત્યાં છે ઈ શાંતદશા! તારી શાંતદશા ક્યાં ભગવાન પાસે છે? તારી શાંતદશા પ્રગટ કરવાનું ભરેલું સ્થાન તારું તત્ત્વ અંદર છે. એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. 'છે' એમાંથી આવશે. ભગવાન પાસે છે ઈ એની છે. સમજાણું કાંઈ...?

આહા... હા! ઈ બે લીટીમાં તો ઘણું છે!!

આવો જે જીવ વર્ણવ્યો, જવ કહેતાં આત્મા છે. 'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ' આહા... હા... હા! પ્રભુઆત્માને જયારે કેવળજ્ઞાન થાય છે-એકલું જ્ઞાન પ્રગટ હોય છે. વિકાર નહીં, અલ્પજ્ઞતા નહીં. પૂરું (પૂર્ણ) જ્ઞાન થાય છે આત્માને જયારે, એ કેવળજ્ઞાન છે. એ કેવળજ્ઞાન, સર્વ પદાર્થના સ્વભાવને જાણવા સમર્થ છે. એ કેવળજ્ઞાન, અને પરદ્રવ્યથી ભિન્ન આત્માને કરતાં, જેમાં ઈ જ્ઞાન પણું પૂરું ભર્યું છે તેમાં એકાગ્ર થતાં, પરથી એકાગ્રતા છૂટતાં, સ્વમાં એકાગ્રતા કરતાં, એ ભેદજ્ઞાનની જ્યોતિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

આહા... હા! ભેદજ્ઞાન કહો કે મોક્ષમાર્ગ કહો, કેવળજ્ઞાન કહો કે મોક્ષ કહો. આહા...! કેટલું યાદ રહે આમાં? બધું અજાણ્યા જેવું લાગે બધું! બાપુ! મારગ કોઈ જુદો છે ભાઈ! ધરમ, એ ધરમ પ્રગટ થવો, ધરમ એટલે આત્માની શાંતિ! વીતરાગતા! નિર્દોષતા! સ્વચ્છતા! એ પ્રગટ થવું એ ક્ય ાંથી પ્રગટ થાય? કહે છે કે પરથી હઠી, પરથી જુદું પાડી અને જેમાં એ શક્તિઓ પડી છે તેમાં એકાગ્રતા થતાં, એ સ્વચ્છતાથી ભરેલો ભગવાન છે, એ અતીન્દ્રિયજ્ઞાનથી પૂરો ભર્યો છે પ્રભુ! અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો ભગવાન છે.

જે વસ્તુ હોય તેનો સ્વભાવ અપૂર્ણ ન હોય. પૂરણ સ્વભાવથી ભરેલો ભગવાન! (આત્મદ્રવ્ય) એમાં એકાગ્ર થવાથી, અને પરથી ભિન્ન પડવાથી/પરથી નાસ્તિ ને સ્વથી અસ્તિ એમાં એકાગ્રતા, એવું જે ભેદજ્ઞાન એ મોક્ષ નામ પૂરણજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ છે.

આહા... હા! આમાં હવે નવરાશ કેદિ' મળે! આખો દિ' ધંધા... પાણી! બાયડી-છોકરાં સાચવવાં, ધંધા કરવા, એમાં ધરમ તો નહીં પણ પુણ્યનાં ય ઠેકાણાં નહીં. કે બે-ચાર કલાક સત્ય આવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ચીજ છે એને વાંચવી-વિચારવી-સાંભળવી, એવો વખત ન મળે! ભાઈ?

આંહી તો એકદમ ભગવાન આત્માને સિદ્ધ કરી 'જીવો' આવો, આવો છે ગુણપર્યાયવાળો, ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો, દર્શનજ્ઞાનજ્યોતિ, એ જીવ (અને) બીજાં તત્ત્વો છે. બીજા તત્ત્વો ન હોય તો બીજાં તત્ત્વોને લક્ષે વિકાર થાય એ વિકાર ન હોય. પોતાના સ્વભાવના આશ્રયે વિકાર ન થાય. કેમકે સ્વભાવમાં વિકાર છે નહીં. એથી જે વિકાર થાય છે પુણ્ય-પાપનો, એ પરદ્રવ્યના લક્ષે થાય છે. તેથી પરદ્રવ્ય અને પરદ્રવ્યના ગુણોનો જેમાં અભાવ છે એટલે એને પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાનું છે નહીં.

આહા... હા! તારામાં જ ભરેલા/ઈ પીપરમાં જેમ લીલોરંગ ભરેલો છે, કાળારંગનો નાશ થઈને એ લીલો પ્રગટ છે, અંદર ભર્યો છે. લીલો (રંગ) બહારથી કાંઈ આવતો નથી. લીલી થાય છે ને આ પીપર...! લીલો રંગ! એમાં પડયો છે ઈ બહાર આવે છે.

એમ પ્રભુ આત્મામાં લીલો નામ અનંતજ્ઞાન અને તીખો નામ અનંતઆનંદ અનંત વીર્ય, અનંત દર્શન, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, એવી શક્તિથી ભરેલું જીવતત્ત્વ છે! એને કેવળજ્ઞાનને મુક્તિપ્રાપ્ત કરનારને પરદ્રવ્યથી ભિન્ન પાડીને, પોતાના પૂરણ સ્વભાવમાં, (પૂર્ણ) પર્યાય પ્રગટ કરવા માટે, પોતાના પૂરણસ્વભાવમાં એકાગ્ર થતાં તે ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે) ઈશ્વરની ભક્તિ ને કરોડોના દાન ને માળા જપે-માળા એ બધું તો શુભ રાગ છે- વિકલ્પ છે એનાથી ભેદ પાડે જુદુ પાડે, કેમકે સ્વરૂપમાં એ રાગ નથી સ્વરૂપ તો જ્ઞાન દર્શનને આનંદથી ભરેલું છે.

આહા... હા! 'સર્વ પદાર્થોના સ્વભવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન' એ કેવળજ્ઞાનની સિદ્ધિ કરી. કોઈ એમ કહે કે ત્રણકાળનું જ્ઞાન થાય નહીં આત્માને... સર્વ પદાર્થોના સ્વભાવને જાણવાની શક્તિ આત્મામાં છે જ નહીં, એને આંહી જૂઠ્ઠો ઠરાવ્યો છે.

આહા... હા! ભાઈ...! ખરેખર તો તારો જ્ઞસ્વભાવ છે ને 'હા' - જાણવું' એ સ્વભાવ છે ને...! ઈ કોનો સ્વભાવ છે? શરીરનો? રાગનો? કર્મનો? ઈ તો 'જાણવું' ચૈતન્યનો સ્વભાવ છે, આત્માનો (સ્વભાવ છે) જેનો જે સ્વભાવ છે એ જ્ઞસ્વભાવ એ અપૂર્ણ ન હોય. એનો સ્વ.. ભાવ છે પોતાનો ભાવ, એ અપૂર્ણ ન હોય, વિપરીત ન હોય. એ પૂરણસ્વરૂપ છે!! એ પૂરણ શક્તિરૂપે પૂરણસ્વરૂપ છે. એને... રાગ-દયા-દાનના વિકલ્પોથી જુદો પાડી કેમકે પૂરણ થવાની શક્તિ એનામાં (રાગાદિમાં) નથી, રાગમાં-વ્યવહારમાં, પૂર્ણ થવાની શક્તિ તો સ્વભાવમાં છે. એથી સ્વભાવમાં એકાગ્ર થતાં ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં અને રાગની-પુણ્યપાપની ક્રિયાથી ભિન્ન પડતાં, જે સર્વજ્ઞસ્વભાવ, સર્વપદાર્થના સ્વભાવને પ્રકાશવાં સમર્થ છે, તે ભેદજ્ઞાનજ્યોતિથી કેવળજ્ઞાન થાય છે.

આહા... હા! આમાં કેટલું યાદ રાખવું! બધા નવા સિદ્ધાંત લાગે! નવા નથી બાપુ! તારું સ્વરૂપ જ એ છે. તેં જાણ્યો નથી તને! એ ચીજ અત્યારે બધી ગૂમ થઈ ગઈ છે. ઈ હવે બહાર આવે છે!

આહા... હા! ભાઈ... તું કોણ છો? જેમ પીપર ચોસઠપ્હોરી એટલે રૂપિયે રૂપિયો સોળઆના! સોળઆના એટલે ચોસઠ પૈસા કહો કે રૂપિયો કહો (પૂરણ) સ્વભાવથી ભરેલી વસ્તુ છે એમ આ ભગવાન આત્મા વસ્તુ છે એ સોળઆના નામ પૂરણ જ્ઞાનને આનંદથી ભરેલી શક્તિવાળું તત્ત્વ છે. એ શક્તિમાં એકાગ્ર થતાં/જ્યારે એ શક્તિમાં એકાગ્ર થવું છે ત્યારે પરથી ખસી જવું છે, પરતરફથી ભિન્ન પડયા વિના,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વમાં એકાગ્ર થવાય નહીં... આહા! અને સ્વમાં એકાગ્ર થયા વિના, સ્વમાં શક્તિ જે છે એમાં એકાગ્ર થયા વિના એની દશામાં પરિપૂર્ણ જ્ઞાનને પરિપૂર્ણ આનંદ કોઈ દિ' પ્રગટ ન થાય. સમજાણું કાંઈ...?

એ ભાઈ? આવી વાતું છે! 'છે' દુનિયાને એવું લાગે એવું છે! પાગલ જેવું લાગે એવું છે. આખી લાઈન ફેર! હેં? આખો મારગ ફેર છે બાપુ! તને ખબર નથી ભાઈ! અનંતકાળનો અજાણ્યો મારગ! એને આંહી જાણવાનું કહીને, પૂરણની પ્રાપ્તિ એનાથી થશે. પૂરણ પરમાત્મા દશા-જનમ-મરણસહિત દશા એ રાગથી ભિન્ન, અને પૂરણ સ્વભાવમાં એકાગ્રતા એનાથી થશે.

આહા... હા! માણસો તો કંઈક માને ને કંઈક માને! એમ અજ્ઞાની અનાદિથી ભ્રમણામાં પડયા, પરિભ્રમણ કરી, ચોરાશીના અવતાર, કાગડાના ને કૂતરાંના અવતાર કરી-કીરને, માંડ માંડ માણસપણું મળ્યું હોય, એમાં જો આ રીતે નહીં સમજે, પાછા ઈ ના ઈ દોષે અવતાર છે!

આહા... હા! આંહી તો ઈ અવતારનો અભાવ કરવાની રીત બતાવે છે! કે જેમાં ઈ ભવ ને ભવનો ભાવ જેના સ્વરૂપમાં નથી, જેના સ્વભાવમાં તો પરિપૂર્ણ જ્ઞાનઆનંદ છે. આહાહા! ભાઈ તું વસ્તુ છો! વસ્તુ છે તેમાં શક્તિ અને ગુણો વસેલાં-રહેલાં છે. એ શક્તિ-ગુણ વિનાની ચીજ હોઈ શકે નહીં. અને એ શક્તિને ગુણ પરિપૂર્ણ-આનંદજ્ઞાનાદિ પરિપૂર્ણ શક્તિ છે. તો... જે તારી ચીજમાં નથી એવા આ શરીરવાણીમન, પુણ્ય-પાપના ભાવ, એનાથી જુદો પડી અને તારામાં જે પુરણ પડયું છે તેમાં એનો આદર કરી, તેમાં એકાગ્ર થઈ, તને તારી દશામાં કેવળજ્ઞાન મુક્તદશા, દુઃખથી મુક્ત અને આનંદને જ્ઞાનથી (પરિપૂર્ણ) દશા થશે તારી.

આહા... હા! બે લીટીમાં તો બહુ ભર્યું છે! એકલા સિદ્ધાંતો છે!

આહાહા! 'જયારે આ જીવ' એમ કીધું ને... જીવની વ્યાખ્યા તો (પહેલાં) કરી. હવે જયારે આ જીવ હવે પોતે કરે ત્યારે! કો'ક કરી દે ને કો'ક કરાવી દે ને? એમ છે નહીં. આહા... હા! 'જયારે આ આત્મા, સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન-સર્વજ્ઞજ્ઞાન' એ પૂરણજ્ઞાન પ્રગટ કરે તો એનો અર્થ છે કે અંદર પૂરણ જ્ઞાન છે. આહા... હા! અંદર કેવળ... એક... કેવળ એક જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ છે. આહા...! અસ્તિ ચૈતન્યસ્વરૂપ પૂરણ, જ્ઞાનને આનંદથી પૂરણ છે. તે ચીજમાં જેને એનો આદર કરવો હોય, એને રાવાદિનો આદર છોડી દેવો, એટલે એનાથી ભિન્ન પડવું. આહા... હા! ચાહે તો દયા-દાન-વ્રતને ભક્તિ-પૂજા (ના ભાવ) હો! એ પણ એક રાગ છે વિકલ્પ છે વૃત્તિ છે. (શ્રોતાઃ) આ સાંભળવું ય રાગ? (ઉત્તરઃ) ઈ એ રાગ છે ને કહેવું ઈ એ રાગ છે.

આહા... હા! આ તો... જનમ-મરણ રહિત થવાની વાતું છે પ્રભુ! જનમ-મરણને ચોરાશીના અવતાર કરી-કરીને અનંતા અવતાર કર્યા! વસ્તુ છે ને પોતે! તે રહી ક્યાં અત્યાર સુધી? છે તો છે આત્મા. એ રહી ચાર ગતિ રખડવામાં રહી અત્યારસુધી આ કાગડામાં ને કૂતરામાં ને ભવ કરી-કરી નરકનાને નિગોદના ને મનુષ્યના અને એક ગતિમાં ગમે ત્યાં જાય દુઃખ જ છે! દુઃખ જ છે સ્વર્ગ હોય તો છે પરાધીનતા અબજોપતિ, આ શેઠિયાવ ધૂળના ધણી! એ બધા દુઃખી બચારા છે. આહા... હા... હા! દુઃખી છે બિચારાં!

(શ્રોતાઃ) પૈસા જોઈએને બિચારા! (ઉત્તરઃ) પૈસા જોઈએ છે ને એને! આત્મા જોતો નથી એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ ધૂળ જોઈએ છે. આ લાવો... આ લાવો... આ મારું એ માગણ ભિખારી છે. અંદરમાં અનંતજ્ઞાનને અનંતઆનંદ ભર્યો છે. એવી લક્ષ્મીવાળો પ્રભુ છે અંદર. એની પાસે જાતો નથી! જ્યાં મળે એવું છે ત્યાં જાતો નથી. જેમાં આવે એવું નથી ત્યાં જઈને માગ્યા કરે છે. અને તે પણ પૈસા આવે તો એની પાસે આવતો નથી. એની પાસે તો મમતા આવે છે કે પૈસા આવ્યા તે મારા! મમતા (છે) પૈસો, પૈસામાં રહે છે જડમાં આહા... હા... હા! આ તો એવી ચીજ છે! વસ્તુ છે ને...! આંહી પુરણજ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય કહે છે ને...! પૂરણજ્ઞાન પ્રગટ કરવાની સમયની દશા એવી તો અનંતીશક્તિ જેનામાં હોય, એમાં અકાગ્ર થાય તો કેવળજ્ઞાન થાય. એ કેમકે કેવળજ્ઞાન એક જ પર્યાય એકસમયે આવે તે બીજું શું થાય? આહા.. હા! એક સેકન્ડના અસંખ્યભાગમાં-નાનામાં નાના સૂક્ષ્મ કાળમાં ત્રણકાળ-ત્રણલોકને જાણે એવી એની શક્તિ પર્યાયમાં પ્રગટ થાય, એને કેવળજ્ઞાન કહે છે દશામાં છે કેવળજ્ઞાન. એવી તો અનંતી-અનંતી શક્તિઓ અંદરમાં પડી છે (આત્મામાં) જો એક જ પર્યાય બહાર આવી ને ખાલી થઈ જાય એવું હોય તો તો ખલાસ થઈ જાય પછી શું રહ્યું! એમ કોઈ દિ' બને નહીં.

આહા... હા! સત્યના સિદ્ધાંતો બહુ કઠણ છે બાપુ! આહા... હા! અત્યારે તો લોકોએ, ગુરુ એ ને ધરમના ગુરુઓએ કંઈકનું કંઈક ચલાવીને ચલાવી માર્યું છે! (અમને) બધી ખબર છે દુનિયાની!

આહા... હા! સત્ પ્રભુ! ... 'છે' અને જે 'છે' ઈ શક્તિ વિનાનો ન હોય, એટલે એના ગુણ વિનાનો-સ્વભાવ વિનાનો ન હોય. જેમ 'છે' એમ એના ગુણો પણ, શક્તિ પણ ત્રિકાળ છે. જેમ દ્રવ્ય પૂરણ છે એમ એનાં ગુણો પણ પૂરણ છે. એવો ભગવાન આત્મા,

આહા...! અરે, એને કેમ વિશ્વાસ બેસે?! આંહી પાંચ-પચાસ હજાર પૈસા મળે ત્યાં રાજી-રાજી થઈ જાય! છે ધૂળ... એમાં...!

મૂઢ છે તેથી ખુશી થાય. મૂઢ છે ને મૂઢ! સાધારણ કોને કહેવું? પ્રભુતો અંદર આનંદથી ભરેલો છે. એની લક્ષ્મીનો પાર નથી! અમાપ ને અમાપ... અમાપને... અપરિમિત! અપરિમિત નામ મર્યાદા જેમાં નથી એવો સ્વભાવ છે બાપુ! જે સ્વભાવ હોય એને મર્યાદા હોય નહીં. એ શું? આહા...!

એવું જે આત્મતત્ત્વ! જેમાં અપરિમિત, મર્યાદા વિનાના સ્વભાવ ને શક્તિઓ પડી છે. એનો વિશ્વાસ લાવી અને પુણ્ય-પાપના ભાવ અને એનાં ફળ બહારનાં એનો વિશ્વાસ ઊઠાડી દઈ આહાહા... હા! એમાં હું નથી, એમાં મને કંઈ લાભ નથી આહા... હા! અને જેમાં હું છું તેનાથી મને લાભ છે, એવો પોતાનો સ્વભાવ સ્વભાવવાન જેમ છે અનાદિ... એમ એનો સ્વભાવ, સ્વભાવવાન હોય ને સ્વભાવ ન હોય? સાકર હોય ને ગળપણ ન હોય? એમ બને?

એમ આત્મા સ્વભાવવાન છે અને એનો સ્વભાવ અનંદ ને જ્ઞાનનો (ન હોય) એમ બને નહીં ત્રણકાળમાં! આહા... હા! અને જેનો સ્વભાવ છે એ પરિપૂર્ણ છે. સ્વ... ભાવ! પોતાનો ભાવ, પોતાનું સત્ત્વ, પોતાની શક્તિ, પોતાનો ગુણ પોતાનો સ્વભાવ! આહા...! એવા આત્મામાં એકાગ્ર થવાથી અને રાગને શરીરની ક્રિયાથી ભિન્ન પડવાથી એને કેવળજ્ઞાનજ્યોતિ સર્વપદાર્થને પ્રકાશવામાં સમર્થ એવી પ્રગટ થાય છે.

ઓલા-શુભરાગ! દયા-દાન ને વ્રત શુભરાગ! વૃત્તિ ઊઠે છે વૃત્તિ, વિકલ્પ એ રાગ છે.

આહા...! એનાથી ભિન્ન પડતાં, સ્વરૂપમાં અભિન્નતા થતાં 'પરથી વિભક્ત ને સ્વથી એકત્વ' ત્રીજીગાથામાં કહેશે. આહા... હા! સમજાણું કાંઈ...?

હવે આમાં દેવ-ગુરુ-શાસ્ત્રથી ય મળે એવું નથી એમ આંહી આવ્યું આંહી તો! કેમકે જે આ ગુણો છે ઈ એમાં નથી. અને એના ગુણો જે છે ઈ આમાં નથી. તો... જ્યાં ગુણ છે ત્યાં જાય તો વસ્તુ મળે! આ ગુણો ત્યાં નથી, એની પાસે.

(શ્રોતા:) ભલે એના ગુણો એની પાસે નથી પણ બતાવનાર તો જોઈએ ને?

(ઉત્તર:) બતાવનાર જોઈએ પણ 'જાણનારો જાણે' ત્યારે બતાવનારે બતાવ્યું એમ કહેવાય ને...! 'એ આ નળિયાં સોનાના થયા લ્યો! (લોકો) સવારમાં નથી કહેતાં? કહેવતમાં કહે છે. સૂરજ ઊગી ગ્યોને ઓલો ઊઠે નહીં. ઓલા નળિયાં ધોળાં થઈ ગ્યા હોય ને સૂરજ ઊગ્યો' તો... (શ્રોતા:) એ તડકો થયો હોય! (ઉત્તર:) એ તડકો થયો તો નળિયાં સોનાના થયાં તો તે જુએ એને કે ન જુએ એને? ઓલાએ તો કહ્યું: એલા સોનાના નળિયાં થયાં હવે તો ઊઠ, ક્યાં સુધી સૂઈ રહીશ? એટલે શું? નળિયાં ઊજળાં થયાં સૂર્યના પ્રકાશથી પણ 'જોનાર' ને ખબર પડે કે આંખ્યું (વીંચીને સૂતેલાને ખબર પડે?)

ઓરડો એક હોય, બારણું એક હોય આહી ત્રણ ગોદડાં ઓઢયાં હોય, આંખ્યુંમાં ચીપડાં વળ્યાં હોય! હવે એને શીરીતે જોવું ઈ? સમજાણું કાંઈ...?

આ બધા દાખલા છે, શાસ્ત્રમાં છે હો? એકે એક દાખલા.

એમ અનાદિથી મિથ્યાદર્શનજ્ઞાન અજ્ઞાનને (ભ્રમના) એમાં ચીપડાં તો પડયાં છે અંદર, આંખ્યું તો બંધ છે. અને ઓરડો એક જ છે. બારણું ખુલ્લુ કરવાને-જવાને એની સામું તો જોતો નથી તો નળિયાં ધોળા ક્યાંથી દેખાય એને આહા... હા! એમ આ ભગવાન આત્મા અજ્ઞાનને રાગ-દ્વેષમાં ઊંઘે છે. એને એમ કહે કે આ ચૈતન્યપ્રકાશનું પૂર અંદર પડયું છે ને...! પણ બતાવનારે બતાવ્યું પણ જોનારેત્રપ જોયા વિના આસ્થા ક્યાંથી બેસે?

એ ગુણનો તેજ છે, ચૈતન્યના પૂરનું તેજ છે પ્રભુ તો. આ સૂર્યના પ્રકાશના તેજને પોતાના તેજની ખબર નથી (સૂર્યના) પ્રકાશની ખબર તો આ (આત્માના) પ્રકાશને ખબર છે ચૈતન્યપ્રકાશ જાણે છે કે આ જડનો પ્રકાશ છે. હું ચૈતન્ય પ્રકાશ છું.

આહા... હા! પણ એનું એને માહાત્મ્ય આવ્યું નથી ને...! આત્મા એટલે શું ને કેવડો, કેમ? અને એની દશા પૂરણ પ્રગટ થાય તે કેવી, કેવડી હોય? કોઈ દિ' સાંભળ્યું નથી, બેઠું નથી. નવરો નથી. બાવીસ બાવીસ કલાક ત્રેવીસ કલાક તો બાયડી, છોકરાં ધંધો ને પાપ-પાપ બધું! કલાક-બે કલાક મળે તો તેને મળી જાય એવા, રસ્તે ચડાવી દે બીજે! જ્યાં છે ત્યાં જાય નહીં, નથી ત્યાં જશે કુદેવને... એ પુણ્ય કરો, દાનકરો, વ્રતકરો... જે એમાં નથી આત્મા, અને એમાંથી પ્રગટે એવો નથી. એમાં ચડાવી દીધાં એને! આહા...! ઝીણું તો પડે ભાઈ...!

આહા... હા! 'ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી' ભાષા દેખો! ભાઈ... શ્રીમદ્‌વાપરે છે ને.. 'ઉદય થાય ચારિત્રનો' ઉદય નામ પ્રગટ. આહા... હા! અસ્તિ છે વસ્તુ છે આત્મા! તો એની શક્તિ-કાંઈક સ્વભાવ છે કે નહીં. તો જેની વસ્તુસ્થિતિ એકરૂપે છે, પરના અભાવસ્વભાવસ્વરૂપ છે. એમ એની

શક્તિઓ એકરૂપે પૂરણ છે. અને તે પણ પરના ભાવના અભાવસ્વભાવસ્વરૂપ છે.

આહા... હા! એવો ભગવાન આત્મા, સર્વોત્કૃષ્ટ પોતે પરમાત્મા સ્વરૂપજ શક્તિએ-સ્વભાવે છે, એમાં એકાગ્ર થવાથી અને રાગની ક્રિયા ને શરીરની ક્રિયા ને બહારની ક્રિયાથી ભેદપાડીને જુદો પાડીને, કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે.

આહા... હા! આવું છે! આ બહારમાં શું કરવું આમાં?

બહારનું કાંઈ કરીશ (તોપણ) અંદરનું મળે એવું નથી લે! (શ્રોતાઃ) પણ બહારનું ક્યાં કરી શકે છે? (ઉત્તરઃ) બહારમાં છે પણ ક્યાં, બહારમાં તું છો ક્યાં? શરીરમાં છે? વાણીમાં, જડમાં પૈસામાં? પુણ્યપાપના ભાવ થાય શુભઅશુભ, એમાં આત્મા છે?

આહા... હા! ન્યાયથી જરી, લોજિકથી... પકડશે કે નહીં? હેં? એમને એમ આંધળે-આંધળું અરેરે! આંખ્યું વીંચીને... ક્યાંય ચાલ્યો જશે! દેહની સ્થિતિ પૂરી થઈ જશે, થઈ રહ્યું! આત્મા તો અવિનાશી છે તે આત્મા ભેગો નાશ થાય એવો નથી. શરીર તો નાશ થઈ જશે આંહી.

અને (અજ્ઞાની) મારા, આ મારા એ માનીને ચાલ્યો જશે, રખડવા ચોરાશીમાં...! આહા...! ત્યાં કાંઈ ધર્મશાળા નથી! પાંજરાપોળ ત્યાં નથી ક્યાંય! ત્યાં 'માશીબા બેઠાં નથી કે આવો ભાઈ!

આહા...! જેમાં તું છો... તારો સ્વભાવ છે અને તે સ્વભાથી સ્વભાવથી ખાલી હોય નહીં પ્રભુ! એ સ્વભાવ પૂરણ છે. એ ગુણો અનંતગુણોની શી વાતો કરવી આહા...! જેને સંખ્યાએ ગુણનો પાર ન મળે! આહા... હા... હા! એ દરેક ગુણ પરિપૂર્ણ છે અને એવા પરિપૂર્ણ ગુણનો પુંજ પ્રભુ તે આત્મા છે. એ આત્મામાં રાગથી ભેદજ્ઞાન કરીને, માર્ગ આ છે બાપુ! બીજા ગમે તે રીતે ચડાવે બીજે રસ્તે! જીવન ચાલ્યા જશે પ્રભુ! બાપુ, મનુષ્યપણું અનંત કાળે મળવું મુશ્કેલ છે પ્રભુ!

આહા... હા! બે લીટીમાં તો ઓહોહોહો! પછી કહે છે, 'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન' એકલી પર્યાય પૂર્ણ જ્ઞાનની પ્રગટ થાય એને 'ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ' એને પરથી ભિન્ન પાડવાની ભેદજ્ઞાનદશા તે પૂરણપ્રાપ્તિનો ઉપાય છે. એ સર્વ પરદ્રવ્યથી છૂટી/ભેદ કહ્યું ને...? ભેદજ્ઞાન કીધું ને..! તો સર્વ પરદ્રવ્યથી છૂટી, પુણ્યને પાપ ના ભાવ, દયા-દાન આદિના ભાવ એ પરદ્રવ્ય રાગ છે એનાથી છૂટી 'દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ' આહા.. હા!

'જે દર્શનજ્ઞાનસ્વભાવ છે એમાં નિયત-નિશ્ચય પરિણતિરૂપ, અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે' આહા... હા! જયારે ભગવાન આત્મા પરદ્રવ્યથી છૂટી પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં સ્થિર રહે-નિયતવૃત્તિ-નિશ્ચયવૃત્તિરૂપ છે એવું અસ્તિત્વ રૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ત્યારે દર્શનજ્ઞાનચારિત્રપણું કહ્યું છેને પાછું પાઠમાં 'चरित्तदंसणणाण' હતું (અહીંયાં) પાછું લઈ લીધું હતું ઈ. (ઓલું તો) પદ્યમાં ગોઠવવા સાટુ!

આહા... હા! 'સર્વ પરદ્રવ્યોથી છૂટી' એમાં કયું બાકી રહ્યું? પરમાત્મા, દેવ-ગુરુ-શાસ્ત્ર, એનાથી છૂટી! એ ભાઈ...! કેવળી ગુરુએ પરદ્રવ્ય? એના બાપે પ્રશ્ન કર્યો' તો! દસની સાલ, બોટાદમાં મ્યુનિસિપલમાં વ્યાખ્યાન ચાલતું હતું આ પ્રશ્ન, દેવગુરુશાસ્ત્ર ઈ પર? શુદ્ધ છે ઈ પર? લાખવાર પર. આંહી પરદ્રવ્ય કીધાં ને...! 'સર્વપરદ્રવ્યો' કીધું તો એમાં દેવગુરુશાસ્ત્ર બાકી રાખ્યાં?

આહા... હા! 'સર્વ પરદ્રવ્યોથી છૂટી' દર્શનજ્ઞાનસ્વભાવ પોતાનો... એમાં જ્ઞાનદર્શન ચારિત્ર છે ને...! 'નિયત વૃત્તિરૂપ એવું અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ત્યારે તે દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી' આહા... હા... હા! અંતર્ સ્વરૂપમાં શ્રદ્ધામાં વર્તે! જ્ઞાનમાં વર્તે ને સ્થિરતામાં વર્તે ત્યારે તે આત્મા જ્ઞાનદર્શન-ચારિત્રમાં આવ્યો, એથી તેને સ્વસમય નામ આત્મા કહેવામાં આવે છે. સ્વસમય એને કહીએ! એને આત્મા કહીએ.

આહા... હા! 'છે' તો 'છે' પણ પરિણતિમાં શ્રદ્ધાજ્ઞાનચારિત્રમાં આવે ત્યારે એને 'છે' આત્મા એને સ્વસમય કહીએ એમ કહે છે.

શું કહ્યું ઈ...? છે તો છે આહા...! વસ્તુ તો છે અનંત આત્માઓ પડયા છે ને! પણ એનું-એની તરફની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, પૂર્ણાનંદનાનાથમાં શ્રદ્ધાજ્ઞાનને ચારિત્રની પરિણતિ કરતાં તેને આત્મા સાચો કહેવામાં આવે છે. અને તે સ્વસમય નામ આત્મા આત્મારૂપે થયો એમ એને કહેવામાં આવે છે. અને તેને ધર્મી કહેવામાં આવે છે.

વિશેષ કહેવાશે... (પ્રમાણવચનગુરુદેવ!)

* * *

-જોનાર જે આત્મા છે તે પોતાના સામાન્ય અને વિશેષને જુએ છે પણ પરને નહીં, અહા! ખૂબ ગંભીર વાત છે. પોતાની વિશેષ પર્યાયમાં જે પર જણાય છે તે ખરેખર પોતાની પર્યાય જણાય છે; એટલે સામાન્ય અને વિશેષને જોનારા એમ બે ચક્ષુ કહ્યાં છે પણ પરની વાત લીધી નથી.

(અધ્યાત્મ પ્રવચન રત્નત્રય-પાનું-૧૩૮)

-સામાન્યનું યથાર્થ જ્ઞાન થાય તો વિશેષનું જ્ઞાન યથાર્થ થાય. અહીં પરને જાણવાની વાત નથી લીધી કેમકે આત્મા જે પરને જાણે છે એ ખરેખર તો પોતાની પર્યાયમાં પર્યાયને જાણે છે. લ્યો, આવી સૂક્ષ્મ વાત! પરને જાણે છે, એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહાર છે. ખરેખર તો ત્રિકાળ સામાન્ય આત્માનું જે વિશેષ છે તે વિશેષમાં વિશેષનેજ જાણવાનું છે, પરને નહિ.

(અધ્યાત્મ પ્રવચન રત્નત્રય પાનું-૧૩૮)

# (સમયસાર ગાથા-૨) પ્રવચન ક્રમાંક-૧૨ દિનાંક: ૧૯-૬-૭૮

'જ્યારે આ જીવ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી' આત્મામાં રાગ ઊઠયો, વિકલ્પ ઊઠયો/ 'ભેદજ્ઞાનજ્યોતિ' એમ શબ્દ વાપર્યો છે. એ રાગને શરીરને કર્મથી જુદો પણ અસ્તિત્વ એનું ચૈતન્યજ્યોત-ભેદજ્ઞાનજ્યોતિ, એવા ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે પ્રગટ થાય છે, ભેદજ્ઞાનજ્યોતિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા... હા! આત્માની પૂરણ મોક્ષદશા એટલે પૂરણ દુઃખથી રહિત દશા અને પૂરણ અતીન્દ્રિયઆનંદને જ્ઞાનની દશા, એ ભેદજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. વ્યવહારના રાગના સંબંધથી સ્વતઃસિદ્ધ કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

આહા... હા! ધીરાની વાતું છે ભઈ આ તો એ 'ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી', જુઓ આ ભેદજ્ઞાનજ્યોતિ શુદ્ધાત્મ (દશા), 'સર્વ પરદ્રવ્યોથી છૂટી' - રાગાદિ બધાં પરદ્રવ્યો એનાથી છૂટી 'દર્શનજ્ઞાનસ્વભાવમાં' -દર્શન જ્ઞાન... એનો સ્વભાવ, એવું જેનું નિત્ય અસ્તિત્વ, દર્શનને જ્ઞાન એવું જેનું અસ્તિત્વ હોવાથી ભગવાન આત્મા દૃષ્ટાને જ્ઞાતા, એવી જેની હયાતિ છે, મૌજુદગી દર્શન ને જ્ઞાનની છે. આવું આત્મતત્ત્વ એની સાથે 'એકત્વગતપણે વર્તે' -એકત્વપરિણમનપણે અંદર વર્તે આહાહા! રાગથી ને વિકલ્પથી ભેદજ્ઞાનજ્યોતિ વડે જુદું પાડી, અને કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી તો એ ચીજ છે. એક જ આહા...! વ્યવહાર રત્નયત્ર કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ નથી. ક્યાં'ય કહ્યું હોય તો ઉપચારથી કથન (છે). નિશ્ચય સાથે વ્યવહારનો સહચર દેખીને સાથે દેખીને, એનો એનામાં ઉપચાર કર્યો હોય છે. વસ્તુસ્થિતિ 'આ' છે.

આહા... હા! 'ત્યારે એ દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી' આત્મતત્ત્વ જે દર્શન ને જ્ઞાનના અસ્તિત્વવાળું તત્ત્વ છે, જ્ઞાતા ને દ્રષ્ટા એ સ્વભાવવાળું જે અસ્તિત્વ-મૌજુદગીચીજ તત્ત્વ છે. એમાં જે... છે ને! 'એકત્વગતપણે વર્તે'...'ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી' સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનને આનંદ એની હયાતિવાળું તત્ત્વ-મૌજુદગી ચીજ એમાં એકપણે જ્યારે વર્તે ત્યારે તે દર્શનજ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી-ત્યારે તે સમ્યગ્દર્શનજ્ઞાન ને ચારિત્રમાં સ્થિત છે. સમજાય છે કાંઈ...? આ વાતું આવી ઝીણી છે!

આહા...! 'ત્યારે એ દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી' આત્મતત્ત્વ જે દર્શન ને જ્ઞાનના અસ્તિત્વવાળું તત્ત્વ છે, જ્ઞાતા ને દ્રષ્ટા એ સ્વભાવવાળું જે અસ્તિત્વ-મૌજુદગીચીજ તત્ત્વ છે. એમાં જે... છે ને? 'એકત્વગતપણે વર્તે'... 'ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી' સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનને આનંદ એની હયાતિવાળું તત્ત્વ-મૌજુદગી ચીજ એમાં એકપણે જ્યારે વર્તે ત્યારે તે દર્શનજ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી-ત્યારે તે સમ્યગ્દર્શનજ્ઞાન ને ચારિત્રમાં સ્થિત છે. સમજાય છે કાંઈ...?

આ વાતું ઝીણી છે!

આહા...! જેને કેવળજ્ઞાન એટલે મુક્તિ, મોક્ષ જેને ઉત્પન્ન કરવો છે એને ભેદજ્ઞાનજ્યોતિથી તે ઉત્પન્ન થાય છે. એ રાગના.., શ્રદ્ધાજ્ઞાનચારિત્રના વ્યવહાર ભાવ, એનાથી ભેદ પાડે, ત્યારે તે ભેદજ્ઞાનજ્યોતિ વડે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, તેથી તે આત્મામાં દર્શન, જ્ઞાનને ચારિત્રમાં સ્થિત થાય છે.

આહા... હા! ઝીણી વાતો બહુ! ધરમ બહુ સૂક્ષ્મ ભાઈ! આહા... હા! 'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી' જુઓ...! પાઠમાં 'चरित्तदंसणणाण' હતું. પણ... તે પદ્યમાં રચના કરવા માટે. એ મૂળ હતું એ પદ્યમાં એમ આવ્યું અને ટીકાકારે દર્શન-જ્ઞાન-ચારિત્ર લીધું. અમૃતચંદ્ર આચાર્યે પણ એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


લીધું! આંહી એમ ન લીધું ચારિત્ર-દર્શન-જ્ઞાન.

શું કીધું? 'जीवो चरित्तदंसणणाण ठिदो' એમ આવ્યું ને (મૂળ) પાઠમાં! એનો અર્થ એવો કર્યો. 'જીવ જ્યારે પોતામાં એકત્વપણે દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત થઈને વર્તે ત્યારે તેને આત્મા, સ્વસમય આત્મા કહેવામાં આવે છે. તો જેવું જેનું રૂપ હતું તેમાં ઈ આવ્યો!

આહા... હા! ભગવાન આત્મા દર્શન-જ્ઞાન એનું રૂપ, એની હયાતિ એ છે. એ બહારના રાગાદિના વિકલ્પના ભેદ પાડી, અને પોતાના આત્મતત્ત્વમાં એકત્વપણે આવ્યો! રાગઆદિમાં જતો તો એને બગડતું, 'એકડે એક ને બગડે બે' ઈ આત્મતત્ત્વ વસ્તુ છે એમાં એકત્વગતપણે, દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત ઈ એકત્વ! પુણ્યને દયા-દાના રાગમાં સ્થિત, એ તો બેપણું-બગડવાપણું છે. ઈ કર્મમાં સ્થિત છે. કર્મના રસમાં-રાગમાં એ સ્થિત છે.

આત્મામાં દર્શન-જ્ઞાન જેનો રસ છે જેનો સ્વભાવ છે તેમાં તે સ્થિત નથી. આવી વાત છે!

આહા... હા! 'ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી 'યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો' એકસાથે આત્માને એકત્વપણે જાણતો અને 'સ્વ-સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે' જોયું? જ્યારે એકત્વગતપણે વર્તે પ્રભુ આત્મામાં, ત્યારે તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી' જીવ દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ અને એકત્વપૂર્વક જાણતો' એક સાથે પોતાને જાણતો અને સ્વસ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો, 'જાણતો ને પરિણમતો' સમયનો અર્થ કરવો છે ને...! એકસમયે જાણે ને એકસમયે પરિણમે, એવી ચીજ હોય તે આત્મા છે. બીજીચીજ પરિણમે છે પણ જાણતી નથી. એટલે ખરેખર 'સમય' એને કહીએ કે પોતે પોતાના સ્વરૂપને જાણતો પરિણમે અને પરિણમતો જાણે! એ બેય એકહારે હોય એને આત્મા કહેવામાં આવે છે.

આહા.. હા નિશ્ચયચારિત્ર છે એ વ્યવહારચારિત્રથી પ્રાપ્ત થાય છે (શ્રોતાઃ) એ પહોંચાડે છે! (ઉત્તરઃ) પહોંચાડે, એ કાલ આવ્યું' તું ને...! (શ્રોતાઃ) વ્યવહાર ચારિત્રથી નિશ્ચય ચારિત્ર છે! (ઉત્તરઃ) એમ છે નહીં. (વ્યવહાર) આવે છે. સ્વરૂપની-એકત્વગતની, દર્શનજ્ઞાનચારિત્રની સ્થિતિમાં અપૂર્ણ દશામાં વ્યવહારના એવા પંચમહાવ્રતના આદિ વિકલ્પો હોય છે પણ એનાથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે એમ નહીં અને એમ ક્યાંય કહ્યું હોય તો એ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. એનાથી થાય છે એમ કહેવા માટે નહીં.

આહા... હા! આંહી... ક્યાંય કેટલે પહોંચવું એને!

આહા... 'સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો' છે ને...? અહીં સમયનો અર્થ કર્યો, જાણવું ને પરિણમવું ઇ. પહેલો કર્યો' તો ને...! 'अय गतौ' ધાતુ છે એનો ગમન અર્થપણ છે તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું તથા પરિણમન કરવું' એ અર્થ કર્યો તો ને..! એ પહેલાં અર્થ આવી ગયો. એનો સરવાળો લીધો આંહી.

આહા... હા! જાણતો... જે સમયે પરિણમે છે તે સમયે તેને જાણતો! આહા... હા! અથવા જે સમયે જ્ઞાન થાય છે તે સમયે જ તેને જાણતો. આહા... હા! ગાથા ઓ તો પહેલી 'બાર' મુદ્દાની છે ને...! બહુ ટૂંકામાં... એકદમ ભર્યું છે! પછી વિસ્તાર કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહા...! આત્મા દર્શનજ્ઞાનમાં હોવાપણે ટક્યો છે તેમાં જે એકત્વપણે, પરથી ભિન્ન થઈને એકત્વપણે દર્શનજ્ઞાનમાં સ્થિત થાય, એ જીવ તે જ સમયે દર્શનજ્ઞાનચારિત્રપણે પરિણમતો અને તે જ સમયે તેને જાણતો! સમજાણું કાંઈ...? છે ને સામે? આ તો ઓગણસમી વાર વંચાય છે.

(શ્રોતાઃ) બધા માટે ઓગણસમી વાર કે આપના માટે? (ઉત્તરઃ) તો આંહી હશે કે નહીં કેટલા'ક! કેટલાય નવા હોય! વારતહેવારે આવે ઈ ન હોય. આંહી રહેનારા હોય તે હોય.

આહા... હા! 'એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે' આહા...! ભગવાન... આત્મા! દર્શનને જ્ઞાનની હયાતિવાળું તત્ત્વ જેમાં વિકારની હયાતિ ત્રણકાળમાં છે નહીં. એવો જે ભગવાન સ્વભાવ! ઈ દર્શનજ્ઞાનમાં- જેવું તત્ત્વ છે તેમાં એકત્વપણે એટલે રાગનો સાથ લઈને નહીં, રાગથી ભિન્ન પડીને એકત્વપણે આહાહા! ત્યાં આ રાગનું એકલાપણું લઈને અહીંયાં/રાગમંદ છે તેને લઈને અહીંયાં એકત્વ થાય છે, એમ નથી. તો તો બેકલાપણું/બેપણું થઈ ગયું.

આહા... હા! આંહી તો રાગના વિકલ્પની ગમે તેવી વૃત્તિ હોય-દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાની વૃત્તિ હો, કે શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ હો, એ બધાંથી ભિન્નપણે... એમ છે ને...? એકત્વપૂર્વક જાણતો યુગપદ્ પરિણમતો દર્શનજ્ઞાનચારિત્રરૂપે અને તે સમયે તેને જાણતો-સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીત કરવામાં આવે છે. એમ શ્રદ્ધામાં લેવામાં આવે છે, એ વસ્તુ પોતે દર્શનજ્ઞાનવસ્તુ એમાં એકત્વ થઈને શ્રદ્ધાજ્ઞાનને ચારિત્રમાં સ્થિત થાય એને 'સ્વસમય' એમ પ્રતીત કરવામાં આવે છે. એવો આત્મા ઈ સ્વસમય થયો- જેવો હતો તેવો થયો. દર્શનજ્ઞાનપણે હતો એવી જ પર્યાયમાં દર્શનજ્ઞાનની પ્રતીતી દર્શનજ્ઞાનનું જ્ઞાન દર્શનજ્ઞાનમાં સ્થિરતા.

આહા... હા! 'યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે' પાઠમાં છે ને ઈ '**ससमयं जाणं**' પાઠ એમ છે ને...! '**स्वसमय जाण**' એમ કીધું ને..! કુંદકુંદાચાર્યનો શબ્દાર્થ અહીં લીધો છે તેને સ્વસમય જાણ!

આવો સ્વરૂપ તે ભગવાન, એમાં જે એકત્વપણે દર્શનજ્ઞાનચારિત્રમાં, પરના સાથ અને મદદ વિના, સ્વરૂપમાં દર્શનજ્ઞાનચારિત્રમાં, પોતાના અસ્તિત્વમાં-દર્શનજ્ઞાનચારિત્રમાં વર્તે તેને તું સ્વસમય જાણ એનો આંહી અર્થ કર્યો કે 'એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે' એ આત્મા આવો છે એ સ્વસમય એમ જાણવામાં-પ્રતીતરૂપ કરવામાં આવે છે'

આહા... હા! હવે આવું! ક્યાં પહોંચવું એને! વ્યવહારની વાતું આખો દિ' કરે! વ્યવહાર... વ્યવહાર! (સાધકદશામાં) વ્યવહાર વચ્ચે આવે!

પણ ઈ વ્યવહાર પણ જેને નિશ્ચયની ભાવના છે, વ્યવહાર નિશ્ચયમાં પહોંચાડે એમ. પણ ભાવના શું એનો અર્થ? આહા...! ઝીણી વાતું બહુ ભાઈ...!

ભૂમિકાને યોગ્ય વિકાર આવે છે, હોય તો ખરું ને... ન હોય એમ નહીં. પણ નિશ્ચયને પહોંચાડે છે ઈ? એકત્વપણે હોય ઈ પહોંચાડે છે. બેકલાપણું હારે લઈને ઈ પહોંચાડે છે? આહા...! વ્યવહાર આવે છે વચ્ચે ઈ બંધનું કારણ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતદશા આદિનો ભાવ, શાસ્ત્રનું-શાસ્ત્રતરફનો ભણવાનો વિકલ્પ એ બધો આવે! પણ છે ઈ બંધનું કારણ, બંધના કારણને હારે

લઈને નિશ્ચય પમાય એમ નથી. એનાથી ભેદ પાડીને, જુદો પાડીને નિશ્ચય પમાય. એનાથીનપમાય! છતાં એ વ્યવહાર આવ્યા વિના રહે નહીં. પૂરણ વસ્તુ ન હોય ત્યાં વ્યવહાર આવે, હોય પણ 'સ્વસમય' તો આને કહીએ.

આહા... હા! પોતાનું પરિણમન દર્શનજ્ઞાન સ્વરૂપના અસ્તિત્વમાં, શ્રદ્ધાજ્ઞાનને ચારિત્ર રૂપે થયું તેને 'સ્વસમય' જાણ એમ કીધું.

આહા..! 'એવો તે 'સ્વસમય' પ્રતીત કરવામાં આવે છે.' એવા જીવને મોક્ષમાર્ગ છે એમ શ્રદ્ધવામાં આવે છે. આહાહા! ઈ એક વાત થઈ.

(ગાથામાં) 'जीवो चरित्त' જીવો કહી 'दंसणणाण ठिदो' એટલે દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત 'तं हि ससमयं जाण' તે 'स्वसमय' જાણ એટલાનો અર્થ થયો! બે પદનો હવે ત્રીજા પદની (વ્યાખ્યા)

'પણ જ્યારે તે અનાદિ અવિદ્યારૂપી જે કેળ' આહા... હા! પોતાના પુરણ દર્શનજ્ઞાનસ્વરૂપી પ્રભુ (આત્મા) જ્ઞાતાદષ્ટાથી હયાતિવાળો ભગવાન, એના અજ્ઞાનને લઈને, એ સ્વરૂપના ભાન વિના, 'અનાદિ અવિદ્યારૂપી કેળ' કેળ આ જેમાં કેળાં થાય છે ને...! 'તેના મૂળની ગાંઠ જેવો' કેળની મૂળની ગાંઠ! એમાંથી કેળ બહુ પાકે, ફાલ્યા જ કરે! છે ને કેળની (ગાંઠમાંથી બચલાં ફૂટયાંજ કરે) આહા...!

અજ્ઞાનરૂપી તે કેળ તેના મૂળની ગાંઠ જેવો મોહ. જેમ કેળની ગાંઠમાંથી અનેક કેળું (કેળના બચલાં) થાય, કેળની ગાંઠ હોયને મોટી ગાંઠ, એમાં અનેક કેળ પાકે. કેળની વાત છે કેળાંની વાત નથી. કેળું (પાકે) એમ મોહરૂપી ગાંઠ!

આહા... હા! 'અનાદિ અવિદ્યારૂપી અજ્ઞાનરૂપી જે કેળ, એ કેળની ગાંઠ જેવો મોહ પુષ્ટ થયેલો આહા! 'મોહ.. તેના ઉદય અનુસાર' એને કર્મનો જે ઉદય છે એને 'અનુસારે પોતે પ્રવર્તે આધીનપણાથી' એ ઉદય તેને પ્રવર્તાવે છે એમ નહીં પણ ઉદયના અનુસારે પોતે પ્રવર્તીને આધીનપણાથી.

જે આંહી સ્વભાવના આધીનપણે દર્શનજ્ઞાનને ચારિત્રમાં સ્થિત થવું જોઈએ એમ ન કરતાં, નિમિત્ત જે કર્મનો ઉદય એને અનુસારે પ્રવૃત્તિના આધીનપણાથી આહા.. હા! કર્મના અનુભાગના-નિમિત્તના અનુસારે પ્રવૃત્તિના આધીનપણાથી-પોતે કરે છે. કર્મ કરાવતું નથી એને કાંઈ...! આહાહા! 'તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ ત્યાં કીધું' તું ને 'નિયતવૃત્તિરૂપ અસ્તિત્વ' ઓલામાં પ્રવૃત્તિ કીધી. આહા.. 'નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી' દર્શનજ્ઞાન સ્વભાવમાં નિશ્ચય અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ, આત્મતત્ત્વ એને કહીએ જે જ્ઞાનદર્શનમાં અસ્તિપણે રહે છે. દર્શનજ્ઞાન એવું જે નિશ્ચય-એનું જે ટકવું, એવું જે આત્મતત્ત્વ.' એ દર્શનજ્ઞાનમાં ટકેલું આત્મતત્ત્વ છે. સમજાણું કાંઈ...?

આહા.. હા! દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત નિશ્ચય હોવાપણારૂપ આત્મતત્ત્વ-દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચયપણે રહેલું-હોવારૂપે રહેલું આત્મતત્ત્વ, એનાથી છૂટી મોહ તેના ઉદય અનુસાર તેના આધીનપણાથી-નિમિત્તના ઉદયના આધીનપણાથી આત્મતત્ત્વથી છૂટી, ઈ કરમના ઉદયના આધીન તે પ્રવર્તતો તે આતમતત્ત્વથી છૂટયો આહા.. હા! સ્વરૂપ જે દર્શનજ્ઞાનસ્વરૂપ છે. દ્રષ્ટાને જ્ઞાતા જે આત્મતત્ત્વ છે. એનાથી છૂટયો, અને મોહ જે કેળની ગાંઠ જેવો મોહ એને અનુસારે પ્રવર્તતો, મિથ્યા દર્શન

જ્ઞાનને ચારિત્રરૂપ પરિણમ્યો-મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાનને મિથ્યાચારિત્ર-રાગ (રૂપે વર્ત્યો).

આ તો અંતરની વાતું છે બાપુ ક્યાંય અત્યારે તો બહારમાં તો મળે એવું નથી અને બહારમાં એ છે એમ કીધું ને..! ઈ તો દર્શનજ્ઞાનસ્વભાવના અસ્તિત્વમાં આત્મતત્ત્વ છે. ભગવાન આત્મ દર્શનજ્ઞાનની હયાતિવાળું તત્ત્વ આત્મા છે. એ હયાતિવાળાને છોડી દઈને મોહનાઅનુસારે, આધીનપણાની જેની પ્રવૃત્તિ છે તે સ્વદ્રવ્યથી ચ્યૂત થઈ જાય છે. સમજાણું કાંઈ...?

આહા... હા! 'પરદ્રવ્યના નિમિત્તથી સ્વદ્રવ્યથી છૂટી નિમિત્તથી હો? 'ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ' નિમિત્તથી નો અર્થઃ નિમિત્ત એને (મોહરાગ દ્વેષ) ઉત્પન્ન કરાવતું નથી પણ આંહી આ બાજુમાં (સ્વદ્રવ્યમાં) એકાગ્ર નથી, તેથી નિમિત્ત તરફ એકાગ્ર છે. આહા... હા! 'પરદ્રવ્યના નિમિત્તથી' આંહી જો અમારે બધાં (કહેવા લાગે કે) પરદ્રવ્યના નિમિત્તથી થાય છે જુઓ નિમિત્તથી (આંહી કહ્યું!) એનો અર્થ શું? પરદ્રવ્ય છે એના તરફના ઝૂકાવથી, સ્વદ્રવ્યથી ચ્યૂત થવાથી, અને પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવ/એ આંહી ટીકામાં તો ત્રણ (ભાવ) છે. ઓલામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર (ત્રિપુટી) અને આંહી મોહ-રાગ-દ્વેષ (ત્રિપુટી), આત્મતત્ત્વથી છૂટી-દર્શન જ્ઞાનનું હયાતિવાળું પ્રભુત્વ! એના આસ્થા, શ્રદ્ધાજ્ઞાનથી છૂટી અને મોહ જે છે તેને અનુસારે આધીનપણે પ્રવર્તતા- 'નિમિત્તથી ઉત્પન્ન થતાં મોહરાગદ્વેષાદિ ભાવો સાથે મિથ્યાત્વ, રાગ અને દ્વેષ, રતિ વાસના વગેરે સાથે એકત્વગતપણે-એની સાથે એકપણું માનીને આંહી એકત્વગતપણેનો અર્થ એકપણું માનીને અર્થ કર્યો-એકપણું માનીને વર્તે છે.

આત્મા, વ્યવહાર તે મારી ચીજ છે એમ મિથ્યાત્વમાં એકપણે વર્તે છે. અને રાગમાં એકપણે વર્તે છે. દ્વેષમાં એકપણે વર્તે છે. જે આત્મા જ્ઞાનદર્શનમય, એનાથી ભિન્ન હોવા છતાં રાગદ્વેષમોહ થતાં તેમાં એકપણે વર્તે છે. એનું નામ મિથ્યાત્વને મોહ ને રાગ-દ્વેષાદિ છે.

આહા... હા! ત્યારે... એકપણે વર્તે છે' ત્યારે... પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી' જોયું? ઓલા મોહરાગ દ્વેષમાં વર્તે છે એ પુદ્‌ગલપ્રદેશોમાં સ્થિત કહેવામાં આવે છે. આંહી ભગવાન આત્મામાં સ્થિત હતા જે દર્શનજ્ઞાન ચારિત્રમાં તે છૂટીને નિમિત્તને આધીન થઈને મોહ-રાગ-દ્વેષના પ્રદેશમાંએ પુદ્‌ગલકર્મનાપ્રદેશ કહેવાય. એ મોહ-રાગ-દ્વેષ એ કર્મનો જ ભાગ છે, કર્મ તરફના વલણવાળી ઉપાધી છે. એ મિથ્યાત્વ અને રાગદ્વેષ/ ભગવાન (આત્મા) તો નિરુપાધિ તત્વ છે, એ તો દર્શનજ્ઞાનમય નિરુપાધિ તત્ત્વ છે એ નિમિત્તને આધિન ઉપાધિ તત્ત્વ સાથે એકત્વપણે વર્તે છે એને અણાત્મા કહેવામાં આવે છે. એને પરસમય કહેવામાં આવે છે. આહા... હા!

'ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો આંહી 'જાણતો' તો લીધો પણ મોહ ને રાગદ્વેષાદિને એકત્ત્વપણે જાણતો અને પરિણમતો. ઓલો ભિન્નપણે જાણતો ને પરિણમતો.

આહા.. હા! એક એક શ્લોકની વાત! છે ક્યાં? મધ્યસ્થ થઈ. જુએ, ધીરજથી.. સત્યનો શોધક બનીને..? તો આચીજ છે એ બીજે ક્યાંય છે નહિ. યુગપદ્ આહા..! એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો' સમયનો અર્થ આપ્યો ને..! 'એકસાથે જાણે ને પરિણમે'

તો જ્યારે સ્વસમયમાં એકાગ્ર છે. ત્યારે તે જ સમયે જાણે ને પરિણમે. અને આંહી રાગની

સાથે-મિથ્યાત્વ સાથે એકાગ્ર છે તે તે જ સમયે જાણતો ને રાગ મારાં છે એમ જાણતો અને એરૂપે એકત્વપણે પરિણમતો. આહા... હા! જાણતો ' તો રાખ્યું પણએ જાણવામાં વિશેષણ આ આપ્યું આ 'એકત્વપણે જાણતો ' મોહને રાગદ્વેષનો પરિણામને સ્વભાવમાં-આત્મામાં એકત્વપણે જાણતો. આહા...! સમજાણું ?

ઓલું યુગપદ્ સ્વને એકત્વપણે જાણતો એમ હતું પહેલામાં દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્સ્વને એકત્વપણે જાણતો, આ પરને એકત્વપૂર્વક જાણતો. બસ આમ અસ્તિ, નાસ્તિ કરી છે.

આહા... હા! યુગપદ્ અને એકત્વપૂર્વક જાણતો તથા સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે એમ પહેલાં કહ્યું હતું હવે આંહી ' યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.' એને નહીં, બીજાને... એ આત્મા અજ્ઞાની છે, પરસમય છે, અણાત્મા છે, અણાત્મામાં એકત્વપણે વર્તે છે માટે તે પરસમય છે, એમ જાણવામાં આવે છે. છે ને...? 'पोग्गलकम्मदेस छिदं चतं जानीहि' છે ને...! બેયમાં જાણવું-જાણવું બેયમાં 'પ્રતીત કરવામાં આવે છે' એનો અર્થ કર્યો છે. એટલે કે જાણવામાં એમ આવે છે.

આહા... હા! 'એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે' એટલે કે જાણવામાં આ આત્મા, અણાત્મા થયો એમ જાણવામાં આવે છે. આહાહા! રાગના વિકલ્પ સાથે એકત્વપણે પરિણમતો અને એકત્વપણે જાણતો, જાણતો તો રાખ્યું, પણ એકપણે જાણતો તેને પરસમય એમ જાણવામાં આવે છે એ પરસમય છે. એ અણાત્મા છે. એ સ્વરૂપથી ચ્યૂત થઈને જે એનામાં નથી તેમાં ઈ રહેલો છે માટે પરસમય કહેવામાં આવે છે.

આહા... હા... હા! આ વાત વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી! વસ્તુની સ્થિતિ જ આવી છે જ્યાં! પછી ગમે તેટલાં લખાણ શાસ્ત્રમાં આવે! કોઈ વ્યવહાર નયે આવે એ તો નિમિત્તના જ્ઞાન કરવા માટે આવે છે. વસ્તુસ્થિતિ તો આંહીથી ઉપાડી છે, એનો જ પછી બધો વિસ્તાર છે.

આહા...! 'આ રીતે જીવ નામના પદાર્થને' જીવ નામનો પદાર્થ તો કહ્યો પહેલો! ગુણ પર્યાયવાળો, ઉત્પાદવ્યયધ્રુવવાળો, જ્ઞાનદર્શનવાળો, એવા 'જીવ પદાર્થને સ્વસમય અને પરસમય-એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.'

આહા... હા! સ્વસમયપણું, એકત્વમાં હોય તો સ્વસમય પ્રગટ થાય છે. રાગમાં એકત્વ હોય તો પરસમયપણું પ્રગટ થાય છે. એકમાં બે-પણું આમ ઊભું થાય છે. આહા..! વસ્તુ એમ દર્શનજ્ઞાનમય પ્રભુમાં આવું પરમાં-રાગમાં એકતા થવાથી પરસમયપણું -દ્વિવિધપણું, સ્વસમયપણું ને પરસમયપણું દ્વિવિધપણું ઉત્પન્ન થાય છે. એકમાં બેપણું ઉત્પન્ન થવું એ જ નુકસાન કારક છે.

આહા... હા! સ્વમાં એકત્વપણે પ્રગટ થવું તે આત્માને લાભદાયક છે. એ ભગવાન આત્મા, દર્શનજ્ઞાનમાં હયાતિવાળો પ્રભુ! એ રાગને પુણ્ય-પાપની હયાતિમાં એકત્વપણે સ્વીકારતો એ એકમાં બીજાપણું-દ્વિવિધપણું ઉભું થયું. સ્વસમયપણું ને પરસમયપણું એકમાં બેપણું ઊભું થયું! આહા.. હા! આમાં ક્યાંય એમ કહ્યું નથી કે કર્મના ઉદયનું જોર છે તે પ્રમાણે આંહી વર્તે છે રાગમાં-દ્વેષમાં એવું તો કાંઈ

છે નહીં. પરને તો નિમિત્ત કીધું છે. નિમિત્તને આધીન થઈને પ્રવર્તે છે એ મોહને રાગદ્વેષમાં પ્રવર્તતાં પરસમયમાં ગયો છે ઈ સ્વસમયમાં રહ્યો નથી, એમ જાણવામાં આવે છે.

આહા... હા...! આવું સ્વરૂપ છે!

આવું છે ઈ સોનગઢનું છે એમ કેટલા' ક કહે છે. કોનું છે આ? વસ્તુનું સ્વરૂપજ આવું છે ત્યાં...! કહે પ્રભુ કહે, તું પણ પ્રભુ છે! જેથી દર્શનજ્ઞાનવાળું તત્ત્વ એમાં જ રહે તો તો તે સમયે સ્વને એકત્વપણે જાણતો અને સ્વને એકત્વપણે પરિણમતો એ જે સમયે જાણે તે સમયે પરિણમે, જે સમયે પરિણમે તે સમયે જાણે. આહા.. હા.. હા!

અને બીજો આત્મા, અવિદ્યારૂપી કેળ (ની ગાંઠ જેવો જે) મોહ, મોહકર્મ-જડ એના અનુભાગને અનુસારે પ્રવર્તતો, એ જેટલું કર્મ ઉદય આવ્યું તે પ્રમાણે પ્રવર્તતો એમ નથી કહ્યું. તેને અનુસારે પોતે પ્રવર્તતો (એમ કહ્યું છે) પોતાનો જે ચૈતન્યસ્વભાવ છે, દર્શનજ્ઞાનસ્વભાવ છે એમ આવ્યું ને...! એના-પણે ન પ્રવર્તતો. પ્રવર્તતો તે એ ય પ્રવર્તે ને ઓલો ય પ્રવર્તે! ઓલો નિમિત્તને અનુસરીને થતાં પોતાના પરિણામ તેમાં સ્થિત થયો થકો-સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો, એને 'પરસમય' જાણ. એમ કહ્યું છે ને...? એમ કહ્યું, પરસમય પ્રતીત કરવામાં આવે છે. જાણવામાં (છે) એને પરસમય કહી એને જાણવામાં આવે છે.

આહા... હા... હા! 'આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય એવું દ્વિવિધપણું- દ્વિ+વિધ = બે પ્રકારપણું પ્રગટ થાય છે.

આ ટીકાનો અર્થ કર્યો! સંસ્કૃત ભાષા હતી, બહુ ગંભીર! અમૃતચંદ્રાચાર્યની ટીકા ઘણી ગંભીર! જેમ મૂળ શ્લોક (ગાથા) ગંભીર છે! એવી ટીકા ગંભીર છે! એને સમજવા માટે ઘણો જ પક્ષપાત છોડીને મધ્યસ્થથી તેને જે કહેવું છે એ રીતે એને સમજવું. જે રીતે કહેવું છે તે રીતે સમજવું એનું નામ યથાર્થ સમજણ કહેવામાં આવે છે.

આહા...! પોતાની કલ્પનાથી એના અર્થ કાઢવા... એ તો વિપરીતતા બધી છે. કેટલું લીધું છે આમાં! એ ભાવાર્થમાં કહેવાય છે.

**ભાવાર્થ:** 'જીવની નામની વસ્તુને પદાર્થ કહેલ છે.' વસ્તુ, વસ્તુ છે એ. 'જીવ એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે' - પદાર્થ છે ને...! પદાર્થની વ્યાખ્યા કરી **પદાર્થ!** 'જીવ' એ અક્ષર છે એનો વસ્તુ છે ઈ પદાર્થ છે, પદા... ર્થ! 'જીવ' બે અક્ષરનું પદ છે 'જીવ', એ પદ છે. જીવવસ્તુ છે ઈ એનો અર્થ પદાર્થ છે. વસ્તુ છે. પદનો અર્થ એ વસ્તુ છે! પદ' એને બતાવે છે આહા... હા! 'જીવ' એવો અક્ષરોનો' એમ કેમકે બે અક્ષર થયાને... 'જીવ' એટલે બે અક્ષર છે એટલે બહુવચન છે. 'જીવ એવો અક્ષરોનો સમૂહ, બે અક્ષરનો સમૂહ માટે તે પદ છે. 'અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું' જોયું? આવ્યું' તું ને અંદર (ટીકામાં) ઉત્પાદવ્યયને ધ્રૌવ્ય, ગુણપર્યાય જેણે અંગીકાર કર્યા છે (વગેરે વિશેષણો છે)

તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ-વસ્તુ અને અવસ્થાસ્વરૂપ 'અનેકાંતસ્વરૂપપણું' અનેકાંત છે. દ્રવ્યે ય છે ને પર્યાયે ય છે. પર્યાય નથી એમ નહિ. એ ૧૧મી ગાથામાં પર્યાયને અસત્ કીધી છે તે પર્યાયને ગૌણ કરીને, તેનું લક્ષ છોડાવવા એમ કીધું છે. (જો પર્યાય નથી તો કાર્ય શું? પર્યાય સિદ્ધ એ ય પર્યાય છે,

મોક્ષમાર્ગ પર્યાય, મોક્ષ એ પર્યાય સંસાર પર્યાય-બંધમાર્ગ એ પર્યાય છે. અને વેદન પર્યાયનું છે. સંસારીને દુઃખનું વેદન પર્યાયમાં છે. મોક્ષમાર્ગનું-આનંદનું વેદન પર્યાયમાં છે. સિદ્ધને પૂર્ણ આનંદનું વેદન પર્યાયમાં છે.

પર્યાય નથી એમ જે કીધું છે એનો અર્થઃ ગૌણ કરીને, એ ઉપરથી લક્ષ છોડાવવા ત્રિકાળીને મુખ્ય કરીને, નિશ્ચય કહીને - નિશ્ચયકહીને, મુખ્ય કરીને એમ નહીં. ગૌણ કરીને વ્યવહાર, વ્યવહાર કરીને ગૌણ કર્યું એમ નહીં. એમ નિશ્ચય તે મુખ્ય એમ નહીં. મુખ્ય તે નિશ્ચય. કેમકે નિશ્ચય તો ત્રણેય નિશ્ચય છે દ્રવ્ય, ગુણ, ને પર્યાય-ત્રણેય પોતાના માટે નિશ્ચય છે. 'સ્વઆશ્રય તે નિશ્ચય ને પરાશ્રય તે વ્યવહાર' પણ આંહીયાં હવે ત્રણ પોતાના હોવા છતાં મુખ્યને-દ્રવ્યને કરવું છે તેથી મુખ્યને નિશ્ચય કહ્યો અને પર્યાયને ગૌણ કરવું છે માટે તેને વ્યવહાર કહ્યો.

આહા... હા! એવું દ્રવ્યને પર્યાય જોડલું છે. વસ્તુ! સ્વતંત્ર વસ્તુ એને પરના સંબંધની કોઈ અપેક્ષા નહીં. આહા...! એ દ્રવ્ય, પર્યાયરૂપ અનેકાંત, અનેકધર્મસ્વરૂપપણું છે. દ્રવ્યધર્મ પણ એનો, પર્યાયધર્મ પણ એનો-બેય એને ટકાવી રાખ્યું છે. ધર્મ એટલે... ભાવ. દ્રવ્યપણું અને પર્યાયપણું એવું અનેકધર્મપણું, અનેક ધર્મ એટલે ગુણો અથવા અનેકપણું તે 'નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે' દ્રવ્યને પર્યાય-બેપણે નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. એકલા દ્રવ્યને નિશ્ચિત કરવામાં આવે છે ને એકલી પર્યાયને એમ નહીં.

આહા... હા! 'એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે' આંહીથી ઉપાડયું જીવપદાર્થ ઉત્પાદવ્યય ને ધ્રુવ સ્વરૂપ છે. એકલું ધ્રુવસ્વરૂપ છે એમ નથી અને એકલું ઉત્પાદવ્યય પર્યાયસ્વરૂપ છે એમ નથી. આહા... હા! ઉત્પાદવ્યય/ઉત્પાદ પહેલો લીધો છે. વ્યય પછી, ધ્રુવ પછી. પણ એવી એક સત્તા છે હોવાવાળી વસ્તુ છે. ઉત્પાદવ્યયધ્રુવનું હોવાવાળું એ પદાર્થ છે. 'દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે' - દર્શનજ્ઞાનમય તે ચેતના પોતે વસ્તુ-જ્ઞાતાદ્રષ્ટામય તે વસ્તુ સ્વરૂપ છે, ચેતન પદાર્થ!

'અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે.' આવી ગ્યું છે ને ભાઈ પહેલું એમાં! (ટીકામાં) અનંતધર્મસ્વરૂપ વસ્તુ એક છે. અનંતધર્મ-ગુણપર્યાય અનંતા હોવા છતાં, વસ્તુ તરીકે દ્રવ્ય એક છે. આહા... હા! આવું ભણતર!

'અનંત ધર્મસ્વરૂપ દ્રવ્ય છે' અનંત શક્તિસ્વરૂપ પદાર્થ છે. એક જ શક્તિ છે સંખ્યાત-અસંખ્યાત શક્તિ છે એમ નહીં, અનંત શક્તિસ્વરૂપ તે દ્રવ્ય છે.

'દ્રવ્ય હોવાથી વસ્તુ છે.' દ્રવ્ય હોવાથી વસ્તુ, વસ્તુ છે. આ એ વસ્તુની એક ફેરે મોટી ચર્ચા હાલી હતી. રાજકોટ નેવાસીની સાલમાં એક વિશાશ્રીમાળી શ્વેતાંબર એક (માણસ) રાણપરનો આવ્યો હતો. અધ્યાત્મનું થોડું વાંચ્યું હશે પછી... આત્મા, વસ્તુ ન કહેવાય આત્માને એ કહે. નેવાસીની સાલ!

એ આવ્યો' તો, કાંઈ ઠેકાણાં વિનાનાં. આત્માને વસ્તુ ન કહેવાય કહે. મોટી ચર્ચા ચાલી હતી. કીધું વસ્તુ કહેવાય. વસ્તુ છે. આવતો વ્યાખ્યાનમાં બેસતો! દેરાવાસી હતો શ્વેતાંબર જુવાન! જાણે કે કંઈક જાણું છું આત્માને એવો એને ડોળ હતો.

'દ્રવ્યહોવાથી વસ્તુ' વસ્તુ કેમ? અંતર શક્તિઓ અંદર વસેલી છે માટે વસ્તુ કહેવામાં આવે છે. એક જ ચીજ છે ને એક જ ગુણ છે ને એક જ પર્યાય છે એમ નથી. અનંતગુણ ને અનંતીપર્યાય એમાં વસેલી છે. માટે તેને દ્રવ્ય અને વસ્તુ કહેવામાં આવે છે.

આહા... હા! 'ગુણપર્યાયવાળો છે' 'અંગીકાર કર્યા છે' એ આવ્યું 'તું ને...! ગુણપર્યાય જેણે અંગીકાર કર્યા છે. આત્મામાં ત્રિકાળી ગુણ પણ છે ને વર્તમાન પર્યાય પણ છે. ગુણપર્યાયવાળું એ તત્ત્વ છે. એના પર્યાય માટે – હયાતિને માટે બીજાં તત્ત્વોને લઈને આ પર્યાય છે એમ નથી. ચાહે અવિકારી કે વિકારી હો! પણ એ ગુણપર્યાયવાળું પદાર્થ પોતે એ રૂપે રહેલું છે. પરને લઈને નથી.

આહા... હા! 'ગુણપર્યાયવાળો છે' 'તેનું સ્વપરપ્રકાશક જ્ઞાન' આત્માનું સ્વપરપ્રકાશક જ્ઞાન છે? 'અનેકાકારરૂપ એક છે' એ જ્ઞાન... અનેક જ્ઞેયોને જાણે, છતાં અનેકપણે કટકા-ખંડ થતા નથી. અનેકને જાણે છતાં એકરૂપજ્ઞાનરૂપે રહે છે.

આહા... હા! આવી ગ્યું છે એમાં (ટીકામાં)

આ આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. પ્રજ્ઞાસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ પ્રભુ! ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ! એ ચૈતન્ય પરને-અનેક-અનંતપદાર્થને જાણે છતાં તે પરપદાર્થ રૂપે તે જ્ઞાન થતું નથી. એ પરપદાર્થ-અનંતને જાણે તેથી તે જ્ઞાનમાં અનંત ખંડ પડી જાય છે અનંત જ્ઞેયોને જાણતા એ જ્ઞેયાકારોરૂપ અનંત ખંડ થાય છે એમ નથી, જ્ઞાન તો એકરૂપે જ રહે છે એ અનંત જાણવામાં એકરૂપે રહે છે. આહા... હા!

'સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે' પર આવ્યું ને એમાં? પરને, અનેક જાણવા છતાં સ્વરૂપ તો એકજ છે. પર્યાયનો ધર્મ જ સ્વપરપ્રકાશક! અનંત પરને... અનંતપોતાના ગુણ હોવાથી, બેયને પ્રકાશે છતાં તે એકરૂપ રહેનાર છે. જ્ઞાનના ખંડ ને ભેદ થતાં નથી ત્યાં! આહા... હા! આ 'જીવ' નામના પદાર્થની વ્યાખ્યા કરે છે.

'વળી તે જીવપદાર્થ આકાશાદિથી ભિન્ન' આકાશ, પરમાણુ જેમ ભિન્ન ચીજ છે જુદી એવો પ્રભુ (આત્મા) 'અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે' જેનામાં ચૈતન્યગુણ અસાધારણ (છે) એટલે કે બીજાં દ્રવ્યોમાં તો નથી... પણ બીજો એવો ગુણ નથી. એવો અસાધારણ ચૈતન્યગુણ સ્વરૂપ છે. એની સાથે અનંતાગુણો બીજાં ભેગાં છે. પણ ચૈતન્યની મુખ્યતામાં કારણકે ચૈતન્ય પોતાને જાણે, બીજાં ગુણોની હયાતિને જાણે! બીજાં ગુણોની હયાતિ બીજાં ગુણો ન જાણે! જડની હયાતિ જડ ન જાણે! તે જ્ઞાન પરની હયાતિને જાણે અને પરના-પોતાના જ્ઞાન સિવાય બીજા અનંતા ગુણને જાણે! તેથી તેને મુખ્ય ચૈતન્યગુણ સ્વરૂપ કહેવામાં અસાધારણ (ગુણ સ્વરૂપ છે) બીજો કોઈ એના જેવો છે નહીં ગુણ!

આહા... હા! આ તો જીવ કેવો? કે ત્રસની દયા પાળે ને પરને સુખ આપે ને દુઃખ આપે ને મારે ને... જીવાડે ને... એ જીવ! આ ધંધો કરે ધ્યાન રાખીને એ જીવ! મારી નાખ્યા અજ્ઞાનીએ... આહા... હા! ધંધાના પ્રવીણ થઈને... હુશિયારી કરીને ધંધા કરે, દુકાનમાં થડો સાચવે, પાંચ પચાસ નોકરો હોય તો બધાને કબજામાં રાખે! એ જીવ!

એ તારી બધી વાત ખોટી. આહાહા! જીવ તો સ્વને પરને જાણનારો જીવ છે. પરનું કાંઈ કરે ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પરની કાંઈ વ્યવસ્થા કરે એ જીવ છે જ નહીં..

આંહી કહે છે કે પરદ્રવ્ય છે એને પ્રકાશે! એને કરી શકે નહીં એનું! આહાહા... હા! આત્મા સિવાય અનંતપદાર્થ છે એનું કાંઈ કરી શકે નહીં પણ એને સ્વમાં રહીને પોતાની સત્તાથી અનેકને જાણતાં છતાં જ્ઞાન એકરૂપ રહે અનેક- ખંડ-ખંડ ન થાય! એવો એનો સ્વભાવ છે.

આહા... હા! આવી વાત છે!

આહા...! 'અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી' ક્ષેત્ર ભલે એક છે. આ શરીર શરીરમાં ને આત્મા આત્મામાં જુદો! આ (શરીર) તો માટી-જડ-ધૂળ છે. આહાહા...!

અરે...! એને ક્યાં ખબર છે? હું કોણ છું! એમાં ઓઘે-ઓઘે, આંધળે આંધળા... જન્મ્યા ને પછી બાળકે ને યુવાનને ને વૃદ્ધ પછી મરી જાય ને બીજો ભવ, થઈ રહ્યું! પછી ત્યાં જનમની કતાર હાલી... એકપછી એક, એક પછી એક જન્મ-મરણ, જનમમરણ કતાર લાગી ગઈ છે અનાદિથી...!

આહા... હા! વસ્તુની ખબર નથી! એક ક્ષેત્રે રહ્યાં છતાં પોતામાં સ્થિત છે. આહા...! 'આવો જીવ નામનો પદાર્થ સમય છે જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે' પહેલાનું (ટીકાનું) ટૂંકું કરી નાખ્યું છે. 'અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે' કર્મના પ્રદેશ કીધાં' તા એનો અર્થ જ રાગદ્વેષમોહ કર્યો! ટીકામાં એ જ લીધું છે. આહા...! 'પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે.

એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે. એકવસ્તુને બે-પણું આવું આવે છે. તે બેપણું શોભાયમાન છે નહીં.

વિશેષ કહેશે... (પ્રમાણવચન ગુરુદેવ)

* * *

-પરદ્રવ્ય જ્ઞેય છે ને આત્મા એનો જ્ઞાયક છે એમ માને એ ભ્રાંતિ છે એમ કહે છે. ભાઈ! જે પરજ્ઞેય છે તે તો વ્યવહારે જ્ઞેય છે, વાસ્તવમાં નિશ્ચયથી તો પોતાની જ્ઞાનની દશામાં જે છ દ્રવ્યનું જ્ઞાન થાય છે તે જ પોતાનું જ્ઞેય છે, તે જ પોતાનું જ્ઞાન છે અને પોતે આત્મા જ જ્ઞાતા છે. (અધ્યાત્મ પ્રવચન રત્નત્રય પાનું-૧૬૬)

-છ દ્રવ્યો જે જ્ઞાનમાં પ્રતિભાસે છે તે જ્ઞાનની પર્યાય તે - તે જ્ઞેયના કારણે થઈ નથી પણ સ્વપરને પ્રકશતી થકી પોતાથી-પોતાના સામર્થ્યથી પ્રગટ થઈ છે. માટે પોતાની જ્ઞાનની પર્યાય જ પોતાનું જ્ઞેય છે. લ્યો; આવી ખૂબ ગંભીર વાત! (અધ્યાત્મ પ્રવચન રત્નત્રય પાનું-૧૬૮)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી સમયસાર ગાથા ૫ ભાવાર્થ પ્રવચન ક્રમાંક-૨૦ દિનાંકઃ ૨૯-૬-૭૮

"**ભાવાર્થ :** આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.

તેને સાંભળનારા હે શ્રોતાઓ!

પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; અહીં પોતાનો અનુભવ પ્રધાન છે તેનાથી શુદ્ધસ્વરૂપનો નિશ્ચય કરો- એમ કહેવાનો આશય છે."

(શું કહે છે) આચાર્યે આગમનું સેવન કરવાનું કહ્યું, તો એ આગમ કયા? આગમ એને કહીએ-અરિહંતના-સર્વજ્ઞના મુખે નીકળેલી વાત. કલ્પિત આગમો જે છે, લોકોએ કરેલાં એ નહીં. સર્વજ્ઞ, ત્રિલોકનાથ પરમાત્મા, એના મુખે નીકળેલી વાણી 'મુખ ઓંકાર ધ્વનિ સૂનિ, અર્થ ગણધર વિચારૈ' - એ વાણીને આગમ કહેવામાં આવે છે. અહા...! એ આગમનું સેવન આકરી વાત છે! ખરેખર તો શ્વેતાંબરના આગમ પણ એ આગમ નથી, એમ સિદ્ધ થાય છે, (તેથી) એનું સેવન અને અનુભવમાં એ નિમિત્ત થાય, એમ છે નહીં. (અનુભવમાં જે નિમિત્ત થાય) એ આ આગમ. સર્વજ્ઞે કહેલી વાણી, એને ગણધરે ગૂંથી હોય તે વાણી આગમ. આહા.. હા! એ આગમનું સેવન. એક વાત.

'યુક્તિનું અવલંબન' (એટલે) અન્યમતો જેટલા એકાંતિક છે, એ (સર્વની) નિસ્તુષ યુક્તિથી જેનું અમે ખંડન કર્યું છે (અર્થાત્) નિરાકરણ કરીને અમને અનુભવ થયો છે. આહા.. હા! જેટલા-ઉદ્દ્ડ પાખંડ છે એ બધાનું યુક્તિથી અમે નિરાકરણ કર્યું છે કે એ વસ્તુ (એમની વાત) ખોટી છે. આહા.. હા! ઝીણી વાત બહુ...!! બે વાત.

(ત્રીજી વાત) 'પરાપર ગુરુનો ઉપદેશ' - આહા..! અરિહંતથી માંડીને અમારા ગુરુ પર્યંત, એની પરંપરાનો મળેલો ઉપદેશ અને ચોથું 'સ્વસંવેદન' (પહેલાં કહ્યાં એ) ત્રણ નિમિત્ત, ચોથું સ્વસંવેદન ઉપાદાન.

આહા.. હા! તે ચાર પ્રકારે ઉત્પન્ન થયેલી, પોતાના જ્ઞાનના વિભવથી (એટલે) મારા જ્ઞાનના, નિજના વિભવથી 'એકત્વ-વિભક્ત' - એકત્વ-વિભક્ત કરવું છે ને...! અંતર પૂરણ અતીન્દ્રિય જ્ઞાન આનંદથી એકત્વ છે અને રાગાદિ-વિકલ્પથી પૃથક-વિભક્ત છે. છેખરો રાગાદિ, પણ છે પૃથક! આહા... હા! વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ઊઠે-એ રાગથી પણ પૃથક આત્મા છે. સમજાણું કાંઈ...?

આહા.. હા! 'સ્વસંવેદન' -ચાર પ્રકારે (થયું તો હવે) જ્ઞાનમાં એકત્વ-વિભક્ત એવો શુદ્ધ આત્મા, એનું સ્વરૂપ (આચાર્યદેવ) દેખાડે છે.

ગમે તે પ્રકારનો શુભરાગ હો... પણ એનાથી તો પ્રભુ! આત્મતત્ત્વ ભિન્ન છે, કેમકે... એ રાગ છે તે તો આસ્રવતત્ત્વમાં જાય છે અને આત્મા છે તે તો જ્ઞાયકતત્ત્વ છે. બે તત્ત્વ જ નવતત્ત્વમાં તદ્દન જુદા છે. આહા... હા... હા.!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(આચાર્યદેવ) એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે અને સાંભળનારા હે શ્રોતાઓ! (તમે) પોતાના સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો!! (જુઓ!) એમાં કાંઈ એકલા મુનિને નથી કહ્યું (પરંતુ) જે શ્રોતાઓ છે તે સર્વને કહ્યું છે.

આહા... હા! બાપુ! કરવા જેવું તો 'આ' છે. જે કંઈ કર્તવ્ય છે મોક્ષના માર્ગનું, એ તો રાગથી ભિન્ન ને સ્વભાવથી અભિન્ન તે કર્તવ્ય છે.

(કહે છે કે:) સાંભળનારા હે શ્રોતાઓ! પોતાના સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો-પોતાની જાતના અનુભવમાં પ્રમાણ-પ્રત્યક્ષ-અનુભવથી-પ્રત્યક્ષ એનું વેદનથી પ્રત્યક્ષ પ્રમાણ કરો એટલે કે અનુભવ કરો. આહા.. હા! પ્રથમ તો 'આ' કરવાનું છે. પછી આગળ શાંતિ વધે સ્વનાઆશ્રયથી ને વિકલ્પો આવે વ્રતના, પંચમગુણસ્થાને છઠ્ઠે ગુણસ્થાને (યથા) યોગ્ય, પણ એ બધા વિકલ્પો આસ્રવ છે.

આહા... હા! કરવાનું તો 'આ' છે. એ વખતે પણ વિભક્તપણું છે એ તારે કરવાનું છે. વ્રતો.. આવે-છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતાદિ, પાંચમે બારવ્રત, પણ એ વખતે પણ એનાથી વિભક્ત કરવાનું છે, એનાં એકત્વથી-એનાથી (વિકલ્પ કરતાં-કરતાં) વિભક્ત થવાય નહીં. એ શુભરાગનાં એકત્વથી, એનાથી ભિન્ન પડાય-એમ નહીં, એનાથી ભિન્ન પાડ, તો ભિન્ન પડે સમજાણું કાંઈ...?

(કહે છે) 'અહીં પોતાનો અનુભવ પ્રધાન છે' - અનુભવની મુખ્યતા છે, આંહીતો! આહા..! તેનાથી શુદ્ધસ્વરૂપનો નિશ્ચય કરો- 'એમ કહેવાનો આશય છે'

જયચંદપંડિતે ભાવાર્થમાં લખ્યું છે. પહેલાંના પંડિતો ય એવા હતાં!! દિગંબર પંડિતો- જયચંદપંડિત, ટોડરમલ્લ, બનારસીદાસ, ભાગચંદજી આદિ ઓહોહો! જયચંદ પંડિતે આ ભાવાર્થ કર્યો છે કે આચાર્યને આમ કહેવું છે અહા...! ચાલતી ભાષામાં (સૌને સમજાય.)

ત્યારે... હવે, શિષ્યને પ્રશ્ન ઊપજે છે. હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે? છે પાઠમાં? (જુઓ!) મથાળું છે. "कोऽसौ शुद्ध आत्मेति चेत्" - એ એકત્વ છે ને પરથી વિભક્ત છે. એવો શુદ્ધ આત્મા છે કેવો!? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?

શિષ્યનો આ પ્રશ્ન અંતરથી આવ્યો છે, કે આવો તો, શુદ્ધ આત્મા-સ્વભાવથી અભેદ અને રાગથી ભેદ, એવો શુદ્ધ આત્મા કોણ છે?! કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?

એમ છે ને? છે કે નહીં મથાળે? આવી જેને અંતર જિજ્ઞાસાથી પ્રશ્ન ઊઠયો છે, એવા શ્રોતાને ઉત્તર દેવામાં આવે છે. આમ (-અમથું) સાંભળવા સાધારણ આવ્યા છે, એવાઓ માટે નહીં, કહે છે. અહા..! જેને અંતરથી પ્રશ્ન ઊઠયો છે કે એ શુદ્ધ આત્મા તે કોણ છે?! આહા..! શું છે ઈ તે (તત્ત્વ!) કે જેનું 'સ્વરૂપ' જાણવું જોઈએ. (જુઓ શિષ્યને) બીજા દ્રવ્યનું (સ્વરૂપ) જાણવું- એ પ્રશ્ન એને ઊઠયો નથી (વિશ્વના) છ દ્રવ્યો અને છ દ્રવ્યના ગુણ... ને (પર્યાય) એ તો વાત સાધારણ એમાં ગૌણપણે આવી ગઈ.

આહા.. હા! આવો જે ભગવાન આત્મા! શુદ્ધ સ્વરૂપ!! સ્વભાવથી એકત્વ ને રાગથી વિભક્ત, એવો જે શુદ્ધ, એ તે આત્મા કોણ છે, કેવો છે?! કે જેનું 'સ્વરૂપ' જાણવું જોઈએ, એવો તે શુદ્ધ કોણ છે કે જેનું 'સ્વરૂપ' જાણવું જોઈએ. (જુઓ!) છે?

એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા છે. (ઓહો!) આવો જેને પ્રશ્ન અંતરમાંથી ઊઠયો છે, એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શ્રોતાઓને માટે આ ઉત્તર છે. અહા.. હા.. હા..! અમૃતચંદ્રાચાર્ય શૈલી કરે છે. કે જેને અંતરથી ઊઠયું છે કે આ શુદ્ધ છે વસ્તુ અંદર! પૂર્ણાનંદનો નાથપ્રભુ (જ્ઞાયકધ્રુવ), એ વિકલ્પના વિકારથી તદ્દન જુદો અને પોતાના પરિપૂર્ણ સ્વભાવથી એકત્વ-અભેદ એવો તે શુદ્ધ આત્મા છે.

એવો શુદ્ધ આત્મા છે કોણ? કે જેનું 'સ્વરૂપ' જાણવું જોઈએ. આવો પ્રશ્ન અંતરમાંથી જેને ઊઠયો છે, એવા શ્રોતાઓને આ ઉત્તર દેવામાં આવે છે. શું શૈલી!

* * *

-રાગના કાળે જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી પ્રગટ થાય છે. દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવે તે સ્વપ્રકાશક અને પર-રાગ સંબંધી પોતાનું જ્ઞાન પોતાની પર્યાયમાં થાય તે પરપ્રકાશક. ત્યાં રાગથી જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય થઈ છે એમ નથી. સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય તો પોતાથી થઈ છે, તેમાં રાગ નિમિત્ત છે. જ્ઞાનની જે પરિણત્તિ પ્રગટ થઈ તેનો કર્તા પોતાનો આત્મા છે. તેમાં રાગ નિમિત્ત છે, નિમિત્તકર્તા નહીં.

(પ્રવ. રત્ના. ભાગ-૫, પાનું-૧૨)

-ધર્મી રાગનો જ્ઞાતા છે એમ કહેવું એ પણ વ્યવહાર છે કેમકે રાગમાં જ્ઞાની તન્મય નથી. જ્ઞાની તો રાગસંબંધી જે જ્ઞાન થયું તે જ્ઞાનમાં તન્મય છે અને તે જ્ઞાનનો જાણનાર છે. (તન્મય થયા વિના જાણવાનું બની શકે નહિ)

(પ્રવ. રત્ના. ભાગ-૫, પાનું-૩૮૨)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# ગાથા-૬

હવે પ્રશ્ન ઊપજે છે કે, એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ

**कोऽसौ शुद्ध आत्मेति चेत्।**

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।। ६।।

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીતે 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬**

**ગાથાર્થઃ-** [ **यः तु** ] જે [ **ज्ञायकः भावः** ] જ્ઞાયક ભાવ છે તે [ **अप्रमत्तः अपि** ] અપ્રમત્ત પણ [ **न भवति** ] નથી અને [ **न प्रमतः** ] પ્રમત્ત પણ નથી,-[ **एवं** ] એ રીતે [ **शुद्ध** ] એને શુદ્ધ [ **भणन्ति** ] કહે છે; [ **च यः** ] વળી જે [ **ज्ञातः** ] જ્ઞાયકપણે જણાયો [ **सः तु** ] તે તો [ **सः एव** ] તે જ છે, બીજો કોઈ નથી.

**ટીકાઃ-** જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી ( કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી ) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી ( અપેક્ષાથી ) ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની ( -કષાયસમૂહના અપાર ઉદયોની ) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી ( જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી ) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.

વળી દાહ્યના ( -બળવાયોગ્ય પદાર્થના ) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણકે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની ( સ્વરૂપને જાણવાની ) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે- પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. ( જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને- પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું. )

**ભાવાર્થ :-** અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય ( અવસ્થા )-દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી' - એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. અવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. - આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્વાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે, એ જ ફેર છે. અશુદ્ધનય ને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે કલેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે- એ પ્રમાણદૃષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.

અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.

* * *

-ભગવાન! તું છો કે નહીં? આ બધું છે અને એ બધું જણાય છે તે પણ તારી પર્યાયમાં જણાય છે. જે પર્યાયમાં બધું જણાય છે તે પર્યાય જેટલો તું છો? આ બધું જણાય છે જેની સત્તામાં-જેની હયાતીમાં એટલું પર્યાયનું જાણપણું એટલામાં એ જણાતું નથી. ખરેખર તો એ પર્યાય જણપાય છે. જેની વર્તમાન દશામાં આ બધું છે એમ જાણે છે કોણ? જાણનારની દશા જાણે છે. જાણનારની દશા ખરેખર તો પોતાને જાણે છે. પણ તેનું લક્ષ પર ઉપર છે એથી જાણે હું આને જાણું છું.

(પૂ. ગુરુદેવશ્રીનું નિયમસાર ગાથા ૮૮/૮૯ ઉપરનું પ્રવચન દિનાંક - ૨૩-૧૧-૭૯ માંથી)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન ક્રમાંક - ૨૦ દિનાંક: ૨૯-૬-૭૮

**૬. ગાથાર્થ:-** 'જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી' - એ રીતે એને શુદ્ધ કહે છે' ... આહા! કહેશે ટીકામાં. (આચાર્યદેવ) એ વસ્તુ પોતે જે શુદ્ધ છે, પરથી વિભક્ત (અર્થાત્) શુભ-અશુભરૂપે થઈ જ નથી. જ્ઞાયક ભાવ જે છે, એ વસ્તુસ્વરૂપ છે, એ શુભાશુભ ભાવપણે થઈ નથી. કેમ? કે શુભાશુભ ભાવ જડ છે, એમાં ચેતનનો અભાવ છે. ઓ... હો.. હો..! એ જ્ઞાયક સ્વરૂપ! શુભાશુભ ભાવપણે થાય તો જડ થઈ જાય. જુઓ..! એકત્વ-વિભક્ત સિદ્ધ કરે છે. એ શુભાશુભ (ભાવ) થી ભિન્ન છે, એટલે શુભાશુભપણે પર્યાય થઈ જ નથી. પર્યાયમાં જ્ઞાયક છે ને... એ શુભાશુભભાવપણે થયો જ નથી. જો શુભાશુભભાવપણે થાય, તો પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ..? આહા... હા! બહુ ઝીણું બાપુ!

એ જ્ઞાયક ભાવ છે. બહેનની ભાષામાં આવ્યું છે ને... "જાગતો જીવ ઊભો છે ને તે કયાં જાય?" તે આ. જાગતો એટલે જ્ઞાયક, જ્ઞાયક એટલે કે ધ્રુવ, એ શુભાશુભ ભાવપણે થયો નથી. કેમ કે જ્ઞાનસ્વરૂપી પ્રભુ! (ચેતન) છે, એ શુભ-અશુભ (ભાવ) અચેતન છે, એમાં જ્ઞાનનો (ચૈતન્ય) નો અંશ નથી- એ રીતે એ કેમ થાય? આહા... હા..! શુભાશુભ ભાવરૂપે જ્ઞાયક થયો જ નથી., એટલે એનાથી પૃથક જ રહ્યો છે.

આહા... હા! 'એ રીતે એને શુદ્ધ કહે છે' (કહે છે કે) શુભાશુભ ભાવરૂપે જ્ઞાયક ભાવ થયો નથી તેથી તે અપ્રમત્ત-પ્રમત્ત પણ નથી. (ગાથા) માં પહેલાં અપ્રમત્ત લીધું છે ને...! આહા..! અપ્રમત્ત પણ નથી. સાતમા (ગુણ સ્થાનથી) ચૌદ સુધી અપ્રમત્ત, એકથી છ (ગુણસ્થાન) પ્રમત્ત. પહેલાં અપ્રમત્તથી ઉપાડયું (આચાર્યે) કેમ કે જ્ઞાયક ભાવ એકરૂપ વસ્તુ છે. એ શુભ-અશુભ ભાવરૂપે થઈ નથી. તેથી તે અપ્રમત્ત-પ્રમત્ત એવાં ગુણસ્થાન ભેદો, જ્ઞાયક ભાવમાં નથી. એટલે? ચૈતન્યનો એકરૂપરસ જાણક્ સ્વભાવનો એકરૂપરસ, એ બીજારૂપે (અર્થાત્) શુભાશુભ ભાવરૂપે થયેલ નથી. આહા.. હા! એ તો જ્ઞાયકરૂપ-એકરૂપરસે રહ્યો છે.

(શ્રોતા:) આમાં કાંઈ સમજાતું નથી. (ઉત્તર:) કાંઈ સમજાતું નથી? એ તો ચૈતન્યસ્વભાવના રસે જ રહ્યો છે. એમાં અચેતનનો અંશ અડયો નથી. અચેતનના શુભાશુભ રસભાવે, ચૈતન્યરસ-જ્ઞાયકરસ- જ્ઞાયક અસ્તિત્વ- જેની હયાતિ જ્ઞાયક સ્વભાવરૂપ છે. તે... શુભાશુભ ભાવપણે થયો નથી, એનાથી પૃથક છે, (તે) જ્ઞાયકભાવે જ રહ્યો છે. માટે પ્રમત્ત-અપ્રમત્ત એવા ભેદ તેને લાગુ પડતા નથી. આહા.. હા..! સમજાણું કાંઈ...?

(શ્રોતા:) અપ્રમત્ત એ પણ અશુદ્ધ પરિણામ છે? (ઉત્તર:) હા, ભેદ છે ને...! એ ગુણસ્થાનો નથી આત્મામાં. ચૌદેય ગુણસ્થાનો નથી, ભેદ છે ને...! ભેદમાં ઉદયભાવ છે ને..! એ ભેદો છે. (આત્મા) શુભાશુભ ભાવપણે થયો નથી, તેથી તે અપ્રમત્ત-પ્રમત્ત નથી, તેથી તે ગુણસ્થાનના ભેદરૂપ થયો જ નથી.

(શ્રોતા:) શુભાશુભ ભાવ છે ને...! (ઉત્તર:) એને તો અચેતન કહેલ છે. છેલ્લે ગાથા-૬૮ (ગાથાર્થ:- જે આ ગુણસ્થાનો છે તે મોહકર્મના ઉદયથી થાય છે એમ (સર્વજ્ઞનાં આગમમાં) વર્ણવવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવ્યું છે; તેઓ જીવ કેમ હોઈ શકે કે જેઓ સદા અચેતન કહેવામાં આવ્યા છે?) આહા.. હા..! અલૌકિક છે ભઈ આ વાત! અનંતકાળમાં એણે, ભવનો અંત આવે- એ વાત જાણી નથી. અહા...! ભવના અંતવાળી ચીજ છે!!

કહે છે ભવ ને ભવનો ભાવ જેમાં નથી, કેમકે શુભ-અશુભપણે (તે..) જ્ઞાનરસ-ચૈતન્યધામ-ચૈતન્યરસકંદપ્રભુ-અનાદિ અનંત એકરૂપ (રસે જ રહ્યો છે.) આહા... હા..! એ કોઈ દિ' શુભાશુભ પણે થયો જ નથી. તેથી પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનભેદ એમાં નથી. અહા..! 'જ્ઞાયકભાવ એકરૂપ છે, એમાં ભેદ નથી' ગુણસ્થાનના ભેદો એમાં છે નહીં.

આહા.. હા..! એ દ્રષ્ટિનો વિષય છે. એ જ્ઞાયકને અહીંયાં ભૂતાર્થ કીધો છે (એટલે) છતો પદાર્થ-વસ્તુ એકરૂપ- નિત્યજ્ઞાયકભાવ- જ્ઞાયકભાવ- ધ્રુવસ્વભાવ!! ચૈતન્યના પૂરનો ધ્રુવપ્રવાહ!!

(જુઓ..!) પાણીના પૂર આમ હાલે આ પૂર ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ એ જ્ઞાયકપણે જણાયો છે, તો શુદ્ધ, પણ જણાયો એને શુદ્ધ કહે છે.

(કહે છે કે:) 'વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે' એટલે? **જાણનારો જણાયો... એ જાણવાની પર્યાય પોતાની છે. જાણવાની જે વસ્તુ છે એ જણાણી, એ જણાણી-પર્યાય એ પોતાની છે.** એ પર્યાય પોતાનું કાર્ય છે અને આત્મા એનો કર્ત્તા છે. જાણનારો... એવો ધ્વનિ છે ને...! તો, જાણનારો એટલે જાણે. પરને જાણે છે? **જાણનાર કીધો ને...! જાણનાર છે, તો તે પરને જાણે છે? તે કહે... 'ના' એ તો પરસંબંધીનું જ્ઞાન પોતાથી, પોતામાં સ્વપર-પ્રકાશક થાય છે. તે પર્યાય જ્ઞાયકની છે.** એ જ્ઞાયકપણે રહેલો છે. એ જ્ઞાયકને જાણનાર પર્યાય, તે તેનું કાર્ય છે. જણાવા યોગ્યવસ્તુ છે એને ઈ જાણવાનું કાર્ય નથી, ઈ જણાવા યોગ્યવસ્તુ છે ઈ જાણનારનું કાર્ય નથી. આહા...! આવું છે!!

'જ્ઞાયકપણે જણાયો' ... કીધું ને...! જ્ઞાતઃ 'જણાયો તે તો તે જ છે' - 'જાણનારો' ... (કીધો) છે માટે બીજો જણાયો એમાં એમ નથી. તો 'જાણનાર' છે ને..! તો 'જાણનાર' ને બીજો જણાણો એમાં...? (કહે છે કે) ના, એમ નથી. **એ જણાય છે ઈ પોતાને પોતાની પર્યાય જણાય છે. 'જાણનારની પર્યાય જણાણી છે'** આહા..! રાગાદિ હોય, પણ રાગસંબંધીનું જ્ઞાનજે છે ને...! એ જ્ઞાન તો પોતાથી પ્રગટેલું છે, એ રાગ છે માટે આંહી સ્વપર પ્રકાશક જ્ઞાનની પર્યાય પ્રગટી છે, એમ નથી. આહા... હા... હા.. હા!

'જણાયો તે પોતે જ છે' એમ કહે છે.

'જણાયો' જે જ્ઞાનની પર્યાયમાં, એ 'જાણનારો' એમ અવાજ આવે! એટલે કે જાણે કે 'બીજાને જાણ્યું' - ઈ એનું બીજાનું કાર્ય છે. (કહે છે કે) ના. **બીજાને જાણવાને કાળે, પોતાનો પર્યાય પોતાથી જણાણો છે- પોતાથી થયો છે, એને તે જાણે છે.**

આહા... હા..!

(શ્રોતાઃ) બીજો છે એમ કહ્યું એટલે? (ઉત્તરઃ) બીજાને-બીજો એટલે રાગ નથી, રાગનું જ્ઞાન નથી- એ રાગનું જ્ઞાન નથી, (એ તો) એનું જ્ઞાનનું જ્ઞાન છે. (સ-સાર બારમી ગાથામાં) વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એમ આવશે, પણ કહે છે કે એ રાગ છે તો રાગનું જ્ઞાન થયું છે, એમ નથી. અને **રાગને જાણે છે એમ નથી. એ તો રાગસંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાને થયું છે, તેને ઈ જાણે છે.** આહા.. હા..! આવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વાત છે!

(શ્રોતાઃ) ઈ જાણે છે તે આત્માની પર્યાય છે! (ઉત્તરઃ) પર્યાય, પોતાની છે, ઈ જણાણો, જેમાં ઈ પર્યાય પોતાની છે એને જાણે. આ પરને જાણે છે, એમ નથી. આહા... હા..! ઝીણી વાત છે ભાઈ! અભ્યાસ નહીં ને... 'આ', અનંતકાળનો મૂળ ચીજનો.

આહા... હા! 'તે જ છે' એમ છે ને? 'બીજો નથી' એટલે? એ રાગનું જ્ઞાન નથી. પરનું-જણાણું છે- જાણનારો જણાણો છે, માટે એ જાણનારો પરને જાણે- એ માટે પરને જાણવાનું જ્ઞાન છે, એમ નથી.

આહા.. હા! શબ્દે, શબ્દે... ગૂઢતા છે. આ તો સમયસાર છે!! એમાં કુંદકુંદાચાર્ય! (માંગલિક) માં ત્રીજે નંબરે આવ્યું છે ને... मंगलम् भगवान वीरो, मंगलम् गौतमो गणी मंगलम् कुंदकुंदार्यो! આહા.. હા..! પહેલા ભગવાન, બીજા ગણધર, ત્રીજા કુંદકુંદાચાર્ય! जैन धर्मोऽस्तु मंगलम्। આહા.. હા..! આકરી વાતો બહુ!! પુરુષાર્થ ઘણો જોઈએ ભાઈ...!

'વળી જે જ્ઞાયકપણે જણાયો' એમ આવ્યું ને...! પર્યાય છે ઈ.

**(ટીકાઃ-)** 'જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી પોતે પોતાથી સત્તારૂપે વસ્તુ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી અનાદિ સત્તારૂપ છે' - એની સત્તા, પોતે પોતાથી જ હયાતિ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નથી, તેથી ભગવાન આત્મા, અમે શુદ્ધ કહેવા માગીએ છીએ. (તે) અનાદિ સત્તારૂપ છે- અનાદિ હોવારૂપ છે. આહા... હા..! પર્યાય તો થાય ને જાય. વસ્તુ જે છે તે તો રાગથી પૃથક તે તો અનાદિ સત્તા છે. અનાદિથી 'હોવાવાળી' ચીજ!! (ત્રિકાળીજ્ઞાયક) કેમ કે કોઈથી ઉત્પન્ન થયો નથી. ઈશ્વરે એને ઉત્પન્ન કર્યો છે કે ઈશ્વર કોઈ કર્ત્તા છે આત્માનો, એમ નથી. આહા.. હા...! એ પોતે- પોતાથી જ.

'કથંચિત્ પોતાથી ને કથંચિત્ પરથી' તો અનેકાંત થાય ને? 'પોતે પોતાથી છે, પરથી નથી' - એનું નામ અનેકાંત છે. પોતાથી સત્તા પોતાથી છે ને પોતાની સત્તા પરથી નથી. (એ અનેકાંત) છે. આહા... હા..! એ અનાદિ સત્તારૂપ છે.

(કહે છે કેઃ) 'કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે' - કદી વિનાશ પામતો નથી. 'છે' ... અનાદિ સત્તા વસ્તુ છે! છે.. છે.. છે.. ભૂતકાળમાં છે વર્તમાન કાળે છે, ભવિષ્યમાં છે. છે ઈ છે બસ!! આહા.. હા..! 'છે' - અનાદિ સત્તા-હોવાવાળી ચીજ (આત્મવસ્તુ) કદી વિનાશ પામતી નથી- કોઈ કાળે નાશ પામતી નથી. 'કદી' શબ્દ છે ને..! આહા.. હા..! માટે તે અનંત છે. ભવિષ્યમાં કાયમ રહેનાર છે માટે અનંત છે. આહા..! વસ્તુનો અંત નથી કદી જેની શરૂઆત નથી, જેનો અંત નથી, એવી અનાદિ અનંત એ (આત્મ) વસ્તુ છે. આહા.. હા..! ભાષા તો સાદી છે.. પણ ભાવ તો જે છે તે આકરા છે!

(ઓ.. હો.. હો..!) 'નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી' - પાછું વર્તમાનકાળમાં રહેનારો હોવાથી. 'ક્ષણિક નથી' (કાયમ) 'છે' ને ક્ષણિક હોય કોઈ ચીજ, એમ કોઈ કહે તો એમ નથી. 'નિત્ય ઉદ્યોતરૂપ' - કાયમ ઉદયરૂપ (પ્રગટ) વર્તમાનમાં કાયમ, એવો ને એવો ધ્રુવ! અનાદિ-અનંત! સત્તાસ્વરૂપ વસ્તુ! નિત્ય ઉદ્યોતરૂપ છે. વર્તમાનમાં પણ ઉદ્યોતરૂપ-કાયમ છે. (ત્રિકાળીજ્ઞાયક) ભૂતકાળમાં ઉત્પન્ન થયેલ નથી, ભવિષ્યમાં કદી અંત છે નહીં, વર્તમાનમાં ઉદ્યોતરૂપ પ્રગટ છે.

આહા... હા...! એ જ વસ્તુ, રાગથી ભિન્ન-સ્વભાવથી અભિન્ન, એવી ચીજ વર્તમાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રગટરૂપ હોવાથી ક્ષણિક નથી, એ ક્ષણિકવસ્તુ નથી, એ તો ધ્રુવ છે!!

આહા... હા..! એક-એક શબ્દ ને એક-એક પદ બરાબર સમજે તો, બધા ન્યાય આવી જાય, ઘણાં... (ન્યાય સમજાય જાય!)

અહા...! 'અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક' - આહા..! કેવો છે? એ તો ચળકતો, સ્પષ્ટ, પ્રગટ, પ્રત્યક્ષ પ્રકાશમાન- પ્રત્યક્ષ પ્રકાશમાન (છે) આહા..! વર્તમાન પ્રત્યક્ષ જણાય એવી જ્યોતિ છે. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ-ચૈતન્ય જ્યોતિ-ચેતન જ્યોતિ, ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન પ્રત્યક્ષ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આહા.. હા..! 'એવો જે જ્ઞાયક' એક ભાવ છે. જોયું?! (શું કીધું?) જ્ઞાયક એવો જે એકભાવ છે! આહા.. હા...!

હવે, અવસ્થાની વાત કરે છે. 'તે સંસારની અવસ્થામાં' જુઓ, વસ્તુ તો આવી જ છે, અનાદિ સત્તારૂપ શુદ્ધરૂપે નિત્ય છે. જે અનાદિ અનંત, નિત્ય, સ્પષ્ટ, વર્તમાન ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. હવે, એની અવસ્થામાં અનાદિથી જે ભૂલ છે, પર્યાયની-એની વાત કરે છે. જે સંસારની દશામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી કથંચિત્ બંધની અવસ્થામાં અપેક્ષાથી જોઈએ તો, 'ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં' - જેમ દૂધને પાણી એકરૂપ દેખાય છતાં દૂધ દૂધરૂપે છે પાણી પાણીરૂપે છે. આહા... હા..! 'એમ ક્ષીર-નીરની જેમ' - ક્ષીર એટલે દૂધ ને નીર નામ પાણી. ક્ષીર આત્માને લાગુ પડે છે ને નીર કર્મપુદ્‌ગલોને લાગુ પડે છે જેમ પાણી પાણીરૂપે છે ને દૂધ દૂધરૂપે છે. (કહેવત છે ને...) પાણીના પાણી ને દૂધના દૂધ!

ઓલા દૂધમાં પાણી નાખીને આપે છે ને...! તો લોકો બોલે છે કે 'દૂધના દૂધ ને પાણીના પાણી' રહેશે. દૂધમાં પાણી નાખીને આપે છે તો પૈસા અનર્થના નહીં રહે. એમ પાણીને દૂધ ભિન્ન-ભિન્ન છે, એમ ભગવાન આત્મા ને કર્મપુદ્‌ગલો ભિન્ન ભિન્ન છે, સાથે એકરૂપ (દેખાતા) હોવા છતાં, એકરૂપ સાથે. પણ..., 'દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો' - ઓલી (પહેલાં કહ્યું ઈ) પર્યાયના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવતાં, વસ્તુ એવી દેખાય છે, પણ વસ્તુના સ્વભાવથી જોવામાં આવે તો, એ કાંઈ સમજાણું...?

(શું કીધું?) સંસારની અવસ્થામાં અનાદિબંધ- પર્યાયની અપેક્ષાએ જોવામાં આવે તો ક્ષીર-નીરની જેમ હોવા છતાં પર્યાયમાં-પર્યાયમાં-પર્યાયની સાથે કર્મપુદ્‌ગલો સાથે દેખાય છે. પણ...,

'દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, વસ્તુનો સ્વભાવ જે છે કાયમી, અસલી અનાદિ-અનંત, નિત્યઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન-જ્યોતિ (સ્વરૂપ) એવો જે દ્રવ્યસ્વભાવ, એની અપેક્ષાથી જોવામાં આવે તો...

હવે કહે છે 'તો દુરંત કષાયચક્રના ઉદયની (કષાયસમૂહના અપાર ઉદયની) વિચિત્રતાના વશે' - કષાયચક્રનો અંત લાવવો, મહાપુરુષાર્થ જોઈએ, અનંતા-દૂર + અંત = દૂરંત છે, જેનો મહાપુરુષાર્થ છે. એના કષાયચક્રના (એટલે) પુણ્યને પાપ. (અર્થાત્) પુણ્યને પાપ. (અર્થાત્) કષાયસમૂહના અપાર ઉદયની એમ. કષાય ચક્ર છે ને...!

'કષાયાચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતાં જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર' - કર્મનાં

નિમિત્તનાં સંબંધે જોડાતાં, જે કંઈ વિચિત્રતાના વશે પ્રવર્તતાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર (એટલે) નિમિત્તરૂપ, પુણ્ય-પાપ એ પરમાણુઓના બંધની ક્રિયા નિમિત્તે, ઉત્પન્ન કરનારા શુભ-અશુભ ભાવ વર્તમાન, અને પુણ્ય-પાપ એ કર્મ, એનાં (નિમિત્તે) ઉત્પન્ન કરનારાં શુભ-અશુભ ભાવ 'તેમના સ્વભાવે પરિણમતો નથી'.

શું કીધું? 'દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, ત્યાં રાખવું- તો, 'દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર અનેકરૂપ-સમસ્ત અનેકરૂપ, શુભ-અશુભભાવો અનેકરૂપ છે, અસંખ્ય પ્રકાર-શુભ-અશુભે ય અસંખ્ય પ્રકાર-એ રીતે દ્રવ્યના સ્વભાવથી જોવામાં આવે તો,... પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારાં એવાં શુભાશુભ ભાવો 'તેમના સ્વભાવે પરિણમતો નથી'

આહા.. હા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય! (તેને) વસ્તુ સ્વભાવથી જોઈએ તો, વસ્તુથી જોઈએ તો... પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારાં શુભાશુભ ભાવ, એ ભાવરૂપે તે દ્રવ્યસ્વભાવ કોઈ દિ' થયો જ નથી. આહા.. હા..! કેમ કે એ તો જ્ઞાયકસ્વરૂપ છે. અને ઉત્પન્ન કરનારાં પુણ્ય-પાપનાં જે શુભાશુભ ભાવો છે, એ તો અચેતન છે. એમાં ચૈતન્યના સ્વભાવનો અંશ નથી.

આહા... હા..! 'તેમના સ્વભાવે થતો નથી' આહા.. હા..! અહીં પંડિત જયચંદજી ખુલાસો કરે છે. 'જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી'. ભાષા જોઈ લો!! (કહે છે કેઃ) શુભ-અશુભ ભાવરૂપે થાય તો જડ થઈ જાય, કેમ કે શુભ-અશુભભાવ તો અચેતન-અજીવ છે.

આહા.. હા..! એ જીવ જ્ઞાયક! એ શુભાશુભ- અજીવરૂપે કેમ થાય? (કદી ન થાય) આહા.. હા..! દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો, જે કષાયનો અંત લાવવો મુશ્કેલ, એ વિચિત્રતાના વશે પુણ્ય-પાપથી ઉત્પન્ન થયેલા શુભાશુભ ભાવો- એ રૂપે આત્મા થતો જ નથી. શી રીતે થાય? આવું છે.

(કુંદકુંદાચાર્યદેવ) "वोच्छामि समयपाहूड" એમ કહ્યું છે ને...! 'वोच्छामि' - કહીશ. કહીશ (કહ્યું) તો એનો અર્થ (છે કે) સાંભળનારા છે એને કહે છે ને...! આહા.. હા...! એને કહે છે (કે) તારો નાથ! અંદર જે ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ પડયો છે 'એ' શુભાશુભભાવે, તે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારાં (એવા) શુભને અશુભ ભાવરૂપે' 'એ' દ્રવ્ય સ્વભાવ, કદી થયો જ નથી. છે ને...?

આહા... હા...! 'જ્ઞાયકભાવથી જડભાવ (રૂપે) થયો નથી' - એમ કીધું. જોયું...?! એ શુભાશુભને જડ કીધાં.

આહા..! જ્ઞાયક..! જે ચૈતન્યસ્વરૂપ ચૈતન્ય-પ્રકાશનો પુંજ (છે) અને શુભ-અશુભભાવ તો અંધારા છે, (તેમાં) ચૈતન્યના પ્રકાશનો શુભાશુભ ભાવમાં અભાવ છે. એ પ્રકાશ, અંધારારૂપે કેમ થાય? એમ જ્ઞાયક, શુભાશુભપણે કેમ થાય?

આહા.. હા...! એટલે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી આ કારણે ભગવાન આત્મા- જ્ઞાયકભાવ, શુભાશુભ (ભાવ) પણે થયો નથી, એથી એને ગુણસ્થાનના ભેદ પણ નથી.

હવે, એક છેલ્લી લીટી છે. (ટીકાની બાકી)

* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન ક્રમાંક - ૨૧ દિનાંકઃ ૩૦-૬-૭૮

શિષ્યનો પ્રશ્ન એમ હતો કે 'શુદ્ધ આત્મા' જે તમે કહ્યો, તે છે કોણ? કેવો છે? કે જેનું 'સ્વરૂપ' જાણવું જોઈએ, જેને જાણવાથી હિત થાય અને અહિત ટળે. ઈ શું ચીજ છે?

કેમ કે (આપશ્રીએ તો કહ્યું) એ આત્મા અનાદિ-અનંત, નિત્ય ઉદ્યોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. એ સંસાર અવસ્થામાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર, એવું જે દુરંત કષાયચક્ર (અર્થાત્) શુભ-અશુભરૂપ ભાવો થાય છે, પણ એ શુભાશુભ ભાવરૂપે જ્ઞાયક થયો નથી. (એતો) એની અવસ્થામાં (પર્યાય) માં થાય છે.

જ્ઞાયકભાવ (કે) જે વસ્તુ છે, એ શુભાશુભપણે થતી જ નથી. જો એ-પણે થાય તો... વસ્તુ છે જે જ્ઞાનરસ સ્વભાવરૂપ અને શુભાશુભ છે અચેતન-અંધારા (સ્વરૂપ) છે. એ સ્વરૂપે જો આત્મા થાય તો (આત્મા) જડ થઈ જાય! આહા.. હા..! તેથી એ જ્ઞાયકભાવ-વસ્તુ જે છે પદાર્થ, તે શુભાશુભ ભાવરૂપે નહિ થવાથી- શુભાશુભરૂપે નહિ પરિણમવાથી, એમાં પ્રમત્ત-અપ્રમત્તના પર્યાયના ભેદો નથી. આહા... હા..! મૂળ ગાથા છે! છઠ્ઠીના લેખ કહે છે ને..! આહા.. હા..! જ્ઞાયકવસ્તુ-ચૈતન્ય! એ એકલો જ્ઞાનરસ! આનંદ રસ! શાંત રસ! વીતરાગ રસ- સ્વરૂપે જ બિરાજમાન. એ રાગરૂપે કેમ થાય? આત્મા જિનસ્વરૂપી- શાંત સ્વરૂપી- વીતરાગ સ્વરૂપી (એવો) જે જ્ઞાયકભાવ એ રાગરૂપે કેમ થાય? આહા...!

(શ્રોતાઃ) રાગ તો છે ને...! (ઉત્તરઃ) પર્યાયમાં રાગ થાય, વસ્તુમાં રાગ ન થાય! અહા... હા...! ચૈતન્યપ્રકાશનો ચંદ્ર!! શીતળ.. શીતળ... શીતળ..!! એ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ!! એ અશીતળ એવા વિકાર ને આકુળતા (રૂપ) ભાવો, એ રૂપે કેમ થાય?

આહા.. હા! ભગવાન જિનચંદ્રસ્વરૂપ પ્રભુ! ચૈતન્યના રસથી ભરેલો પ્રભુ! (અભેદજ્ઞાયક) એ અચેતન એવા શુભાશુભ પરિણામરૂપે, એ જ્ઞાયક ભાવ-ચેતનભાવ કેમ થાય?

તેથી, તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. અહીં સુધી તો (ગઈકાલે) આવ્યું હતું હવે, છેલ્લી એક લીટી રહી છે, મુદ્દાની વાત છે!!

એને (જ્ઞાયકભાવને) શુદ્ધ કેમ કીધો? જ્ઞાયકભાવ, એ શુભાશુભ ભાવે પરિણમતો નથી- એ ચીજને તમે શુદ્ધ કેમ કીધી?

તો કહે છે, તે શુદ્ધ તો છે જ. (પણ કોને?) કે ભિન્ન-પણે ઉપાસવામાં આવતાં- શુદ્ધસ્વભાવમાં આવતાં, એને શુદ્ધ જણાય છે. શું કહ્યું ઈ? વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે જ. એ તો છે, પણ છે કોને?

અહા.. હા... હા...! 'તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી' (એટલે) અન્ય દ્રવ્યોના ભાવ (અર્થાત્) કર્મનો રસ આદિ આહા...! વિકાર આમાં ન લેવો. આંહી તો અન્યદ્રવ્યોના ભાવ લેવા. ઈ અન્યદ્રવ્યોના ભાવથી ભિન્ન પડતાં, વિકારથી ભિન્ન પડી જાય છે. 'ભાવ' એમ કહેવું છે ને...! અન્ય દ્રવ્યોના 'ભાવ' એટલે પુણ્ય-પાપના ભાવ ઈ આંહી નહીં. અન્ય દ્રવ્યોનો જે 'ભાવ' અન્યભાવ, એની શક્તિ, 'ભાવ' – એનાથી ભિન્ન, એનું લક્ષ છોડીને, એનાથી ભિન્ન જ્યાં એનું લક્ષ છોડે ત્યાં વિકારનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


લક્ષ છૂટી જાય છે હારે!! આહા.. હા..! આવો મારગ..!!

(કહે છે કે:) 'તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી' - અન્ય- દ્રવ્યના ભાવથી, એ છે સંસાર, 'મોક્ષમાર્ગ-પ્રકાશક' માં છે, ભિન્નપણે ઉપાસવામાં આવતાં- પોતે કર્યો છે આ અર્થ. શું કીધું? અહીંયા આત્મા-જ્ઞાયક ભાવ- શુદ્ધ ચૈતન્ય સ્વભાવભાવ-ત્રિકાળ (છે) એ પોતે શુભાશુભપણે થયો નથી, એવા શુદ્ધ સ્વભાવને 'શુદ્ધ' કહ્યો કેમ? છે તો શુદ્ધ ત્રિકાળ! પણ કોને? જેણે અન્ય દ્રવ્યના ભાવનું લક્ષ છોડી અને સ્વદ્રવ્યનું પર્યાયમાં, એનું (સ્વદ્રવ્ય સ્વભાવનું) સેવન કરે, એનો અર્થ એ થયો કે અન્ય દ્રવ્યના ભાવથી (એનું) લક્ષ છૂટયું, પોતે સ્વદ્રવ્યના લક્ષે સ્વભાવની ઉપાસના થઈ એટલે વિકારનું (પર્યાય) નું લક્ષ પણ એમાં ભેગું છૂટી ગ્યું! આહા.. હા..!

મારગ એવો છે ભાઈ! મૂળ 'દર્શનશુદ્ધિ' - એની વ્યાખ્યા છે. મૂળ રકમ છે ઈ પવિત્ર ને શુદ્ધ જ્ઞાયક છે. પણ 'છે' ઈ કોને ખ્યાલ (જ્ઞાનમાં) આવે છે? 'છે' - એની પ્રતીત કોને આવે? 'છે' - એનું જ્ઞાન કોને થાય? 'છે તો છે' આહા.. હા..!

(કહે છે) અન્યદ્રવ્યો ને દ્રવ્યના ભાવનું લક્ષ છોડી, એ અન્યદ્રવ્યના 'ભાવ' માં અસ્તિપણું જે છે, એ છોડી દઈ અને એનાથી થોડે અંતર- (પાસે જ પાછળ) જ્ઞાયકભાવ છે, એ તરફ એની પર્યાય ગઈ એ પર્યાયે એનું સેવન કર્યું!! આહા.. હા..! એ પર્યાય જે વર્તમાન જ્ઞાનને શ્રદ્ધાની પર્યાય છે, એ પરના લક્ષને છોડીને, સ્વના-ચૈતન્યના- જ્ઞાયક ભાવના લક્ષમાં જ્યાં આવી ત્યારે એની પર્યાયમાં શુદ્ધતાનું સ્ફુરણ થયું, એટલે કે શુદ્ધતામાં એકાગ્રતા થઈ, આ એકાગ્રતા (લીનતા) થઈ... એમાં જણાણું કે 'આ' શુદ્ધ છે.

ઝીણી વાત છે બહુ બાપુ! આહા... હા..! ચૈતન્યધામ-પ્રભુ! 'સ્વયં જ્યોતિ સુખધામ' - એનું સેવન એટલે પરના આશ્રયનું લક્ષ છોડી દઈ, અને સ્વ-ચૈતન્યજ્ઞાયકભાવ (જે છે) તેનું લક્ષ કરતાં- એ લક્ષ કયારે થાય? કે એની પર્યાયમાં તેના તરફનું વલણ થાય ત્યારે. તો, એ પર્યાયમાં દ્રવ્યનું સેવન થયું છે? 'જે સમસ્ત દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં' - વસ્તુ તો શુદ્ધ છે, પણ ભિન્નપણે ઉપાસવામાં આવતાં 'શુદ્ધ' કહેવાય છે, એને શુદ્ધપણું જણાણું છે. પર્યાયમાં શુદ્ધ દશામાં 'આ શુદ્ધ છે' એમ જણાણું, એને 'શુદ્ધ' કહેવાય છે. આહા.. હા..! સમજાય છે? સામે (શાસ્ત્ર પાઠ?)

(જુઓ! કહે છે) એક કોર ભગવાન જ્ઞાયકભાવ અને એકકોર અનંતા દ્રવ્યો બીજાં બધાં પડયાં છે. (તેમાં) કર્મનું (દ્રવ્ય કર્મનું) મુખ્યપણું છે, એનાં તરફનું જે લક્ષ છે, આંહીથી (ત્રિકાળીથી) લક્ષ તો અનાદિથી છૂટી ગયું છે એથી એને પર્યાયમાં, 'આ શુદ્ધ છે' એવી દષ્ટિ તો થઈ નહીં, તેથી, 'ભિન્નપણે સેવતાં' (ઉપાસવામાં આવતાં)' - અન્ય દ્રવ્યોનાં ને દ્રવ્યના 'ભાવથી' ભેદ પાડતાં- જૂદું પડતાં પાડતાં (તો તેનો) અર્થ એ કે (સ્વ) દ્રવ્ય ઉપર લક્ષ જતાં, ઈ લક્ષ ગયું ઈ વર્તમાન પર્યાયમાં શુદ્ધતા થઈ, એ શુદ્ધતા દ્વારા 'આ શુદ્ધ છે' એમ જણાણું, એને શુદ્ધ છે.

આહા.. હા..! જેને શુદ્ધ છે ઈ પર્યાયમાં અશુદ્ધતા જણાય છે અને ઈ અશુદ્ધતા ઉપર જ (પર્યાય ઉપર જ) પર્યાયબુદ્ધિ ઉપર જ જેની રુચિ-દષ્ટિ છે, એને તો (શુદ્ધ હોવા છતાં) શુદ્ધ છે નહીં. વસ્તુ ભલે શુદ્ધ છે, પણ એને શુદ્ધ છે નહીં, આહા... હા..! ગજબ વાત છે! સમયસાર! એની એક-એક ગાથા, એક-એક પદ! સર્વજ્ઞ અનુસારીણિ ભાષા છે. ત્રિલોકનાથ, સર્વજ્ઞ પરમેશ્વર એમણે કહેલી ચીજ જ આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રમાણેની છે. આહા... હા..! અને તે ન્યાયથી, તેના ખ્યાલમાં આવી શકે છે. 'ન્યાયથી ખ્યાલમાં આવે ને પછી અંદરમાં જાય તો અનુભવ થાય. આહા... હા..! એક પદ હતું ને બાકી કાલનું આહા..! (તેનું સ્પષ્ટીકરણ થાય છે.)

(કહે છે) એ જ જ્ઞાયક છે, તે જ. એ રીતે એટલે તે જ. (અર્થાત્) જ્ઞાયક છે તે જ. તેજ (અજવાળું) નહીં. પરંતુ તે જ. એ ત્રિકાળજ્ઞાયક સ્વરૂપ, જેમાં પર્યાય નથી. જેમાં શુભાશુભ ભાવ નથી. જેમાં પ્રમત્ત-અપ્રમત્ત ભેદ નથી. આહા.. હા..! એવી (અભેદ) ચીજને...! 'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી- અનેરા- અનેક આંહી તો નોકર્મ છે અને કર્મ જે છે અંદર, એમના તરફનો ઉદયભાવ જે છે- એમના તરફનું લક્ષ છોડી દઈને, પોતે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ છે- ચૈતન્યચંદ્ર છે પ્રભુ જ્ઞાયક! આહા.. હા..! વસ્તુ ભિન્ન!! 'ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સૌ મતવાલા સમજૈ ન' જેનો અભિપ્રાય રાગનો, રુચિ પરની ને એવા રુચિવાળાને આ વસ્તુ છે તો શુદ્ધ સ્વરૂપ- છે તો શુદ્ધ (એને) શુદ્ધ કહો, જિનસ્વરૂપ કહો, જ્ઞાયક કહો, ધ્રુવરૂપ અભેદ કહો, સામાન્ય કહો (એકરૂપ કહો) એવી ચીજ (આત્મવસ્તુ) હોવા છતાં - અજ્ઞાનીનું અન્યદ્રવ્ય ઉપર લક્ષ છે તેથી તેની સમીપમાં ઈ દ્રવ્ય પડયું છે, એની એને ખબર પડતી નથી. આહા.. હા. હા.. હા.! પર્યાય, એક સમયની સમીપમાં પ્રભુ (ધ્રુવ) પડયો છે, ભગવાન અનાકુળ આનંદનો નાથ! આહા...! એક સમયની પર્યાય જે છે- જ્ઞાનની- જાણવાની, એ પર્યાયની સમીપ જ પ્રભુ છે. આખું (પરિપૂર્ણ) દ્રવ્ય ચિદાનંદ ધ્રુવ સમીપ જ પડયો છે, પણ તેની ઉપર તેની નજર ન હોવાથી (તેને 'શુદ્ધધ્રુવ' દેખાતો નથી) 'સમયસાર' ૧૭-૧૮ ગાથામાં તો એમ કહ્યું કે એની વર્તમાન જ્ઞાનપર્યાયમાં જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ...) ઝીણી વાત છે બાપા! આહા..! પ્રભુ તારી પ્રભુતાનો પાર ન મળે! જેની પ્રભુતાની પૂરણતાનું કથન કરવું કઠણ પડે! એવો તું સર્વોત્કૃષ્ટ નાથ અંદર બિરાજે છે. (છતાં પણ) એને, એક સમયની પર્યાયમાં પડેલો (એટલે પર્યાયને જ જાણતો) એને ઈ સમીપમાં છે ઈ નજરમાં આવતો નથી.

શું કહ્યું? જ્ઞાનની એક સમયની પર્યાયનો સ્વભાવ તો એવો છે કે આખું દ્રવ્ય જે જાણે છે સ્વભાવ સહિત!! સમજાણું કાંઈ..? આહા... હા..! **એક સમયની પર્યાય જે છે જ્ઞાનની ઉઘડેલી વર્તમાન, એમાં એ દ્રવ્ય જ જણાય છે.**

પણ, અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી, અનાદિથી અજ્ઞાનીની દૃષ્ટિ દયા-દાન-વ્રત-કામ-ક્રોધનાં પરિણામ ને કાં એને જાણનારી એક સમયની પર્યાય ત્યાં એ રહી ગ્યો છે. બાપુ! મિથ્યાદૃષ્ટિ છે, સત્યદૃષ્ટિથી વિરુદ્ધ દૃષ્ટિ છે.

આહા..! સત્ય જે પ્રભુ જ્ઞાયક ભાવ (એને) સત્યાર્થ કહો, ભૂતાર્થ કહો, સત્‌સાહેબ પૂર્ણાનંદનો પ્રભુ એની ઉપર એની નજર નથી, છે તો પર્યાયમાં જણાય એવી ચીજ, જણાય જ છે!! શું કહ્યું? જ્ઞાનની પર્યાયમાં જણાય છે તો એ જ પરમાત્મા, કહે છે પર્યાય એમ કહે છે!

અહા..! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એના કેડાય તો સંતો, ઈ એમ કહે છે કે પ્રભુ એમ કહે છે. પ્રભુ! તું એક વાર સાંભળ, તારી વર્તમાન જે જ્ઞાનની એક સમયની દશા, એનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભલે તું ત્યાં નજર (કરતો) ન હોય, પણ પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે. આહા... હા..! અરે... રે! ક્યાં વાત ગઈ!! ક્યાં જાવું છે ને કોણ છે, એની ખબર ન મળે!

આહા... હા..! ભગવાન આત્મા! ત્રિલોકનાથ એમ કહે, પ્રભુ! તું જેવડો મોટો પ્રભુ છો, **એ તારી એક સમયની પર્યાયમાં, અજ્ઞાનમાં પણ પર્યાયમાં જણાય છે. કેમ કે (જ્ઞાન) પર્યાયનો સ્વભાવ છે સ્વપર પ્રકાશક, તો ઈ પર્યાયમાં સ્વ પ્રકાશક તો છે,** પણ તારી નજર (તારું લક્ષ) ત્યાં નથી. તારી નજર, આ કાં દયા કરીને.. ભક્તિ કરીને.. વ્રત પાળ્યાં ને.. પૂજાઓ કરી એવો જે રાગ, એના ઉપરથી તારી નજર છે. એ નજરને લઈને, રાગની આગળ જે જ્ઞાનપર્યાય છે-રાગને જાણનારી છે એ જ પર્યાય તને જાણનારી છે, પણ તેમાં તારી નજર નહીં હોવાથી, તને રાગ ને પર્યાય જણાય છે (પણ વસ્તુ ઉપર નજર જતી નથી) તેથી તે મિથ્યાદૃષ્ટિ છે-મિથ્યાદૃષ્ટિ જ છે. આહા... હા..! સમજાણું કાંઈ..?

(કહે છે કે મિથ્યાદૃષ્ટિ હોવા છતાં) પણ, જેની દૃષ્ટિ પરદ્રવ્યના 'ભાવ' ઉપરથી છૂટી ગઈ. અને ભેદ, પર્યાયના પર્યાયમાં નથી, એથી પર્યાયલક્ષ (પર્યાયદૃષ્ટિ) જ્યાંથી છૂટી ગઈ. આહા.. હા..! અન્યદ્રવ્યના ભાવથી લક્ષ છૂટી, એનો અર્થ (આ છે કે) આંહીથી જ્યાં અંદરમાં લક્ષ છૂટયું, તો રાગથી પણ લક્ષ છૂટયું ને રાગથી છૂટયું ને પર્યાયથી પણ લક્ષ છૂટયું! આહા... હા...! આવી વાત બાપુ! સમ્યગ્દર્શનની પહેલી-ધર્મની સીડી! એવી ચીજ છે!! લોકો તો એમ ને એમ જિંદગી ગાળીને ચાલ્યા જશે. તત્ત્વની દૃષ્ટિ કર્યા વિના! ઈ તો ચોરાશીના અવતાર કર્યા બાપા! ચોરાશીના અવતાર અરે! પ્રભુ! ત્યાં નથી તારું, કાંઈ નથી, તું ત્યાં નથી. આહા... હા..! ત્યાં જઈને અ.. વ.. ત.. ર.. શે!!

આહા.. હા..! તો, એકવાર જ્યાં પ્રભુ (આત્મા) છે ત્યાં નજર કર.. ને..! જ્યાં ભગવાન ચૈતન્યસ્વરૂપ છે પ્રભુ! એકલો-અખંડ-આનંદનોકંદ-પૂર્ણાનંદ-ચૈતન્યરસથી ભરેલો-જિનસ્વરૂપ આત્મા છે. એ ત્રિકાળ જિન સ્વરૂપી જ છે. ત્રિકાળ જિનસ્વરૂપ જ છે! વીતરાગ છે. એને (લક્ષગત કરવા) પરનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, રાગને જાણનાર (જ્ઞાનપર્યાય નું) લક્ષ છૂટયું-એની પર્યાયે સ્વલક્ષ થ્યું કે આમ છૂટતાં, એનાથી પણ લક્ષ છૂટી ગ્યું છે આહા.. હા..! એનું લક્ષ જ્યાં આત્મા ઉપર ગયું ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટી!! બહુ... છઠ્ઠી ગાથા! મુદ્દાની રકમ છે.

આહા... હા..! 'અન્ય દ્રવ્યોના સમસ્ત' -સમસ્ત લીધું ને..! (તેમાં) તીર્થંકરો આવ્યા, તીર્થંકર વાણી આવી-એના ઉપરથી પણ લક્ષ છોડી દે! આહા.. હા..! 'સમસ્ત અન્ય દ્રવ્ય' અને એના 'ભાવ' આહા.. હા..! ભગવાનનો 'ભાવ' તે કેવળ કેવળજ્ઞાન, કર્મનો 'ભાવ' તે પુણ્ય-પાપનો રસ, એ બધાથી લક્ષ છોડી દે!! અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે સેવવામાં આવતાં (એટલે) એનાથી જુદો રાગથી-વાણીથી જુદો, આત્માજ્ઞાયક ભગવાન પૂર્ણ સ્વભાવથી ભરેલો જિનચંદ્ર છે એ તો વીતરાગી શીતળ સ્વભાવથી પૂરણ ભરેલો ભગવાન! એની ઉપર લક્ષ જતાં એટલે કે પર્યાયમાં તેનું લક્ષ થતાં, પોતે દ્રવ્યમાં લક્ષ કર્યું એ સેવા છે આહા.. હા..! દ્રવ્યની સેવા!! કેટલું ભર્યું છે એમાં!! હેં? આહા.. હા..! અરે.. રે..! જગત ક્યાં પડયું છે! ને ક્યાં ચાલ્યું જાય છે અનાદિથી, રખડે! ચોરાશીના અવતાર કરી-કરીને... કાગડાનાં કૂતરાનાં, નિગોદનાં ભવ કરી મિથ્યાત્વથી રખડી મર્યો છે! સાધુ થ્યો અનંતવાર દિગંબર સાધુ અનંતવાર થ્યો, પણ દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે. જ્યાં ભગવાન પૂરણ સ્વરૂપ છે, તેની ઉપાસના એનો અર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(કે) એનો સ્વીકાર-એનો સત્કાર એટલે કે એનો આશ્રય.

(કહે છે) 'એ ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ કહેવાય છે'. (એટલે) એ રાગને પર્યાયનું લક્ષ છોડી, એની સેવા કરનાર (અર્થાત્) સ્વરૂપનું લક્ષ થતાં તેની પર્યાયમાં શુદ્ધતા જે થાય, એ શુદ્ધતા ઈ દ્રવ્યની સેવા-શુદ્ધતા એ (શુદ્ધ) દ્રવ્યનો સ્વીકાર કર્યો છે. એ શુદ્ધતાની પર્યાયે, શુદ્ધદ્રવ્યનો સ્વીકાર કર્યો એથી શુદ્ધની પર્યાયમાં શુદ્ધ જણાયો, એને શુદ્ધ કહેવામાં આવે છે. આહા.. હા..! ગંભીર ભાષા છે ભાઈ!

આ તો- આ તો ઓગણીસમી વાર વંચાય છે. સમયસાર!! પહેલેથી છેલ્લે સુધી કોઈ વાર દોઢ વરસ, કોઈ વાર બે વરસ, કોઈ વાર અઢી વરસ, એમ અઢાર વાર ચાલ્યું છે. આ ઓગણીસમી વાર છે. આહા.. હા..! ગજબ વાત છે.

વીતરાગ ત્રણલોકના નાથ! એની વાણી, એ સંતો આડતીયા થઈને જાહેર કરે છે. પ્રભુ! તું કોણ છો? તને ક્યારે ખબર પડે? તું છો જ્ઞાયક! જેમાં શુભાશુભ ભાવ છે જ નહીં તેથી એમાં પર્યાયભેદ છે નહીં. પણ.., એની ક્યારે તને ખબર પડે? 'છે તો છે શુદ્ધ'.

તું... જ્યારે પરનું લક્ષ છોડી દઈ અને સ્વદ્રવ્યને ધ્યેય બનાવી અને ધ્યેયનો પર્યાયમાં સત્કાર થયો, ઉપાસના થઈ, શુદ્ધતા પ્રગટી એ સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાયમાં 'આ શુદ્ધ છે' એમ જણાય છે. સમજાણું કાંઈ...? આવી વાત છે!! કઠણ વાત છે બાપુ!! વીતરાગ મારગ મળ્યો નથી લોકોને ભાઈ..! લોકો બહારની પ્રવૃત્તિમાં-રાગમાર્ગ-સંસાર માર્ગ છે એમાં રચ્યા-પચ્યા છે, અત્યારે તો પૂજા, ભક્તિ, વ્રત ને તપ, અપવાસ એ બધો રાગમાર્ગ છે અન્ય માર્ગ છે એ જૈનમાર્ગ નહીં!

આહા.. હા..! આંહી પ્રભુ એમ કહે છે, તારી પ્રભુતા જેમ છે તેમ તે પૂછ્યું' તું! અને તેનું 'સ્વરૂપ' જાણવું જોઈએ તે તેં પૂછ્યું તો એનો ઉત્તર આ છે કે પરદ્રવ્ય ઉપરનું બિલકુલ લક્ષ-પરદ્રવ્ય ઉપરનું સંપૂર્ણ લક્ષ છોડી દઈ એ 'જ્ઞાયકભાવ' -શુદ્ધભાવ પર લક્ષ જતાં, જે પર્યાયમાં શુદ્ધતા થાય, સમ્યગ્દર્શન થાય, તે જીવને શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાયની શુદ્ધતાનું ભાન થયું-સમ્યગ્દર્શન થયું, એ અંતરમાં લક્ષને લઈને અંતરનો આશ્રય લઈને-અંતરમાં સત્કાર ને સ્વીકાર શ્રદ્ધાને સ્વભાવમાં ભગવાનને લઈને, ત્યારે તે જીવને 'આ શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે. આકરી વાત છે બાપા! શું થાય!

આ અનંતકાળ વયો ગયો, જૈનમાં અનંતવાર જન્મ્યો! ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો, પણ આંહી આને જ્યાં જાવું છે ત્યાં ન ગયો, અને એની રીત શું છે? એની પણ ખબર ન પડી! આહા.. હા..! એક લીટીમાં આવો 'ભાવ' ભર્યો છે!! ઈ તો પાર પડે એવું નથી બાપા! એ ભગવાનની વાણી ને એનાં ભાવ વાણીમાં પાર આવે? ઈ અંતરમાં ભાસે એ ભાષામાં આવે નહીં, ભાસે એટલું ભાષણમાં નો આવે!! આહા..! સાક્ષાત્ આવી વાણી પડી છે જીવંત! (એ વાણીમાં આવ્યું છે કે) એ (જ્ઞાયકભાવ) પુણ્ય-પાપ પણે થયો નથી. એટલે પુણ્ય-પાપનાં થનારાં, એના કારણ એવાં એ શુભાશુભ ભાવ એ પણે પ્રભુ! જ્ઞાયકભાવ થયો જ નથી. તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયે, એને લઈને નથી. પર્યાયભેદ તેમાં નથી. આહા...! ચૌદગુણ સ્થાનના ભેદો પણ આમાં નથી.

એવો જે અભેદ ભગવાન જ્ઞાયક શુદ્ધ, એકરૂપ, ભગવાન પ્રભુ છે.

(પ્રશ્નઃ) કોને શુદ્ધ કહેવાય? કોને શુદ્ધ છે? (ઉત્તરઃ) કે જેણે શુદ્ધ (આત્મદ્રવ્ય) તરફનો સત્કાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(સ્વીકાર) પર્યાયમાં કરી અને પરદ્રવ્યનો જેને આશ્રય અને સત્કાર છૂટી ગયો છે. ભગવાન પૂર્ણાનંદ સિવાય, પરચીજની એકપણે અધિકતા, વિશેષતા, અચિંત્યતા, ચમત્કાર (દૃષ્ટિમાંથી) છૂટી ગ્યો છે બધો!! અધિક હોય તો ય હું, શુદ્ધ હોય તો ય હું, ચમત્કારી ચીજ હોય તો ય હું, પ્રભુ હોય તો ય હું, સમજાણું કાંઈ..?

આહા.. હા..! આવું છે! અરેરે! જિંદગિયું!! જગતમાં મજુરી કરીને હાલી જશે.. મજુર છે બધા.. બાયડી, છોકરાને ધંધા! મજુર મોટા રાગના છે! આહા.. હા..! અને કદાચિત શુભભાવમાં આવે ને શુભ કરે, તો ઈ રાગની મજુરી છે. મજુર.. મજુર!! આહા.. હા..! શુભરાગ એ મજુરી છે, તારી ચીજ નહીં ઈ પ્રભુ! તારી ચીજમાં તો પર્યાયે ય નથી. એવી ચીજને પકડતાં જે પર્યાય થાય, એ પર્યાયશુદ્ધતામાં 'આ શુદ્ધ છે' એમ જણાય છે.

આહા.. હા..! એ (આત્મા) દયા, દાનના વિકલ્પ કે વ્રતાદિના ભાવથી એ જણાય એવો નથી. કારણ કે એ તો રાગ છે. એ તો દુઃખ છે. વ્રત-તપ ભક્તિ-પૂજાના ભાવ એ તો રાગ છે, દુઃખ છે તું તો રાગરહિત જ છો!! આહા.. હા..! આ ભગવાન તો આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે!! આહા.. હા.! એની સેવા એટલે એનો સત્કાર, એનો આદર, એનું જ અધિકપણું બીજી બધી વસ્તુથી, એ અધિકપણું ભાસતાં પર્યાયમાં નિર્મળપણું પ્રગટ થાય, એને 'આ શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે. આહા... હા..! ગજબ વાત છે ને..! આ પ્રભુનાં વચનો છે બાપા! બાકી બધાં થોથાં છે. આહા.. હા..!

સમજાણું કાંઈ..? કાંઈ એટલે? સમજાય તો તો પ્રભુ અલૌકિક વાત છે. પણ, સમજાણું કાંઈ? એટલે કઈ પદ્ધતિએથી કહેવાય છે? કઈ રીતથી કહેવાય છે એની ગંધ આવે છે?

આહા... હા..! અરે! એણે મૂળ વાત મૂકીને બીજે બેઠો છે અનાદિનો. આહા.. હા..! ઘરે ભગવાન પડયો છે ત્યાં જાતો નથી!! હેં? રાંકો અનાદિનો રાંકા-પામર પુણ્ય-પાપનાં ભાવ ભિખારા-રાંકા પામર છે, પામરને પકડીને બેઠો! એક સમયની પર્યાય પણ પામર છે!!

આહા.. હા..! સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્ણતાની પ્રાપ્તિ પર્યાયમાં જણાય.. છતાં એ પર્યાય, કેવળ જ્ઞાનની પાસે પણ પામર છે. તો એ અજ્ઞાની, પર્યાયમાં સ્થિત, પર્યાય જણાય માટે પરને જાણીને પર્યાયમાં બેઠો (એકત્વબુદ્ધિ) કરી છે ઈ તો ભિખારીમાં ભિખારી પર્યાય છે-રાંક પર્યાય છે, એમાં ભગવાન (આત્મા) આવ્યો નથી, એ પર્યાયમાં પામર-પુણ્યને પાપ, દયા ને દાન વ્રતને ભક્તિ, રાગ-પામર જેમાં આવે છે, એ પર્યાય રાંક ભિખારા છે.

(કહે છે કેઃ) આંહી તો આવી પર્યાયમાં, જેણે શુદ્ધ દ્રવ્યની, અંદરમાં સેવા કરી અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ (આત્મા)! એનો આદર થયો ને પર્યાયમાં એનો સત્કાર થયો, ત્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન થયું, એ સમ્યગ્દર્શને 'આ શુદ્ધ છે' એમ જાણ્યું, એ સમ્યગ્દર્શન પણ કેવળજ્ઞાનની આગળ પામર છે અને ત્રિકાળી વસ્તુ પાસે પણ એ પામર છે!!

આહા.. હા..! નિત્યપ્રભુ! શુદ્ધ ચૈતન્ય-ધાતુ-ચૈતન્યધાતુ (કે જેણે) ચૈતન્યપણું જે ધારી રાખ્યું છે, જેમાં પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પની ગંધ નથી. પર્યાય-ચૌદગુણ સ્થાનની જેમાં ગંધ નથી. અરે..! તેરમું ગુણસ્થાન 'સયોગી કેવળી' એ પણ જેમાં-વસ્તુમાં નથી, કારણ કે ઈ પર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહા.. હા..! ભગવાન (આત્મા), ભગવાનને જેણે શોધ્યો સાધ્યો અને શુદ્ધ છે તેમ પર્યાયમાં અનુભવ થયો, તેને હવે, આત્મા જ્ઞાયક શુદ્ધ છે, ભૂતાર્થ છે એમ કહેવામાં આવે છે. આહા.. હા..! આવી વાત છે ભાઈ! અત્યારે તો મુશ્કેલ પડે એવું છે! અત્યારે શ્રદ્ધાને નામે ગોટા, મોટા ગોટા છે. વ્રત પાળોને.. ભક્તિ કરોને.. વ્રત કરોને.. કરોડો ખર્ચો મંદિરોમાં ને..! એ બધા ગોટા છે. (શ્રોતાઃ) ધર્મને નામે ફોફાં ખાંડે છે! (ઉત્તરઃ) ફોફાં છે. રાગની કદાચ મંદતા હોય તો પુણ્ય છે, પણ ફોફાં છે. એમાં જનમ-મરણનો અંત નથી પ્રભુ! એ તો (પુણ્યના ભાવ) જનમ-મરણનાં બીજડાં છે, બધાં!!

આહા.. હા..! એ શુભભાવ પણ મારો છે ને હું કરું છું (એ માન્યતા) મિથ્યાત્વભાવ છે. એ માન્યતાં આ અનંતા ચોરાશીના અવતારનો ગરભ છે! એનાથી અનંતા અવતાર નિગોદને, નરકને, પશુના ને ઢોરના અવતારો થશે. આહા.. હા..! ન્યાં કોઈની સફારીશ કામ નહીં આવે! અમે ઘણાંને સમજાવ્યાં' તા ને.. ઘણાંને વાડામાં જૈનમાં (સંપ્રદાયમાં) ભેયાં કર્યા' તા ને..! બાપુ એ વસ્તુ જુદી છે આહા..! આંહી તો બોલવાનો વિકલ્પ પણ જ્યાં મારો નથી.

આહા.. હા..! ભગવાન ત્રણલોકના નાથ પરમાત્માને એની વાણી પણ મારી નથી. એના લક્ષમાં જાઉ તો મને રાગ થાય. (તેથી) એ લક્ષ છડીને ચૈતન્ય ભગવાન-જ્ઞાયકભાવ-પરમપિંડ નિજપ્રભુ શુદ્ધ પડયો છે, એક સમયની પર્યાયમાં પાસે જ પડયો છે, ત્યાં નજર કરતાં, જે નજરમાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, એને 'આ આત્મા શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ...?

આહા..! છઠ્ઠી ને અગિયારમી ગાથા તો અલૌકિક છે. આ તો છેલ્લા એક પદની (વાક્યની) વ્યાખ્યા ચાલે છે. આહા. હા..! પાર.. નથી એનો!! આહા..! સમ્યગ્દષ્ટિ-જ્ઞાની સંતો, આત્માના આનંદના અનુભવીઓ! આહા.. હા..! એવા સંતની વાણીનું શું કહેવું!!

'તે જ' એટલે જ્ઞાયક, તે પુણ્ય-પાપપણે થયો નથી તે.. કેમ કે પુણ્ય-પાપપણે, અપ્રમત્ત-અપ્રમત્તપણે થયું નથી (આત્મ) દ્રવ્ય! 'તે જ' (એટલે) તે જ વસ્તુ એમ'. 'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા' એમ છે ને..? એની સેવા કરે તો-ઉપાસવામાં એટલે એની સેવા, સત્કાર ને આદર કરે દષ્ટિમાં તો એને દ્રવ્ય શુદ્ધ છે. આહા... હા! જ્ઞાયકનું આવ્યું (અર્થાત્) (જ્ઞાયક ભાવનું સ્પષ્ટીકરણ આવ્યું)

હવે, ચોથા પદની વ્યાખ્યા. ઝીણું છે પ્રભુ! શું થાય!

'હરિનો મારગ છે શૂરાનો, કાયરનાં કામ નથી ત્યાં' -એ પુણ્ય-પાપમાં પુણ્યને ધરમ માનનારાં ને પાપમાં અધર્મ માનનારાં પામરો-મિથ્યાદષ્ટિ, એવા જીવોનું કામ નથી કહે છે.

અહીંયાં તો પુરુષાર્થી અંતરમાં આહા.. હા..! અંતર સ્વરૂપમાં સ્વીકાર કરનારો પુરુષાર્થ છે તેવા પુરુષાર્થી છે, એવા પુરુષાર્થવાળાની વાતું છે આ તો!! આહા..! હવે, ચોથા પદની વ્યાખ્યા ચાલે છે.

(કહે છે કેઃ) 'વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે' શું કહે છે? અગ્નિને 'બાળનારી' કહેવાય છે. એ બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી (એટલે કે) એ લાકડાને, છાણાને બાળે ત્યારે, આકાર તો એવો (અગ્નિનો) થાય ને..! જેવા છાણા, લાકડાં (હોય) એવો જ આકાર થાય ને..?! એ આકાર (અગ્નિ) નો કાંઈ એને લઈને થયો નથી, ઈ તો અગ્નિનો આકાર

છે. (જેમ) અડાયું સળગતું હોય તે આકારે (અગ્નિ દેખાય છે) 'અડાયું' સમજ્યા? વગડામાં અમથું છાણ પડયું હોય, તે સૂકાઈ ગયું હોય. અને આમ છાણ ભેગુ કરીને છાણાં કરે-થાપે તે છાણું અને અડાયું તે છાણ પડયું હોય ને સૂકાઈ ગયું હોય, એને આપણે કાઠિયાવાડમાં 'અડાયું' કહે છે. તો ઈ (અડાયાની) આંહી જેવી સ્થતિ હોય, એને અગ્નિ બાળે તો એવો આકાર (અગ્નિ) નો થાય. પણ એ આકાર અગ્નિનો છે. એનો (અડાયા) નો નથી. બળવાયોગ્ય વસ્તુને આકારે (અગ્નિ) થઈ માટે દાહ્યને આકારે પરાધીન અગ્નિ થઈ ગઈ-ઈ બળવા યોગ્યને આકારે થઈ કહેવાય છે (છતાં) એમ નથી. આહા.. હા..! હજી તો આ દષ્ટાંત છે હો? આત્મામાં તો પછી ઊતરશે! આહા.. હા..! અરે.. રે!

(કહે છે) 'દાહ્યના બળવા યોગ્ય પદાર્થના આકારે' એટલે? છાણાં-લાકડાં કોલસા તેના આકારે અગ્નિ.. થવાથી.. દહન.. બાળનાર કહેવાય છે. છે ને દહન એટલે 'બાળનાર'. 'તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી' -બળવા-યોગ્ય-પદાર્થનોજેવો આકાર થયો, માટે તેની અપેક્ષાથી ત્યાં (અગ્નિનો) આકાર થયો છે, એવી અશુદ્ધતા-પરાધિનતા તેને (અગ્નિ) ને નથી. એ અગ્નિનો આકાર થયો છે એ પોતાથી થયો છે. એવે આકારે અગ્નિ પોતાથી થઈ છે. એ છાણાં-લાકડાં-કોલસો એ આકારે અગ્નિ થઈ તો એ બળવાયોગ્યને આકારે (અગ્નિ) થઈ, તો બળવાયોગ્ય ને (આધીન) થઈ પરની પરાધીનતા (અગ્નિ) ને છે એમ નથી. આહા.. હા.. હા..! છે?

(કહે છે) 'બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી' અગ્નિને 'બાળનાર' કહેવાય છે' તો.. 'બાળનાર' તેમાં અવાજ એવો આવ્યો (કે) બળવાયોગ્ય છે તેને બાળે છે (એટલે કે) એને આકારે (અગ્નિ) થઈ છે, એમ નથી. એ વખતે પણ અગ્નિ પોતાને આકારે થયેલી છે. આહા..હા..! બળવા યોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ (દેખાય છે) એ અગ્નિ પોતાને આકારે સ્વયં પોતાથી થઈ છે. સમજાણું કાંઈ...?

હજી તો દષ્ટાંત છે. પછી, સિદ્ધાંત તો અંદર (આત્મામાં) ઊતરશે.

(કહે છે કે:) તો આ દાહ્યકૃત-બળવાયોગ્ય પદાર્થને આકારે થયેલી હોવાથી, અશુદ્ધતા (પરાધીનતા) અગ્નિની નથી, એ અશુદ્ધતા અગ્નિની, એને લઈને નથી. ઈ તો અગ્નિ (સ્વયં) પોતાને આકારે થયેલી છે, જે આકાર છે એ અગ્નિનોજ આકાર છે, બળવાયોગ્ય પદાર્થન ઈ.. આકાર નથી. 'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી' -જ્ઞાનસ્વરૂપી પ્રભુ (આત્મા)! જ્ઞેય-જણાવા યોગ્ય પદાર્થને આકારે થવાથી, એ જાણે કે જ્ઞેયકૃત આકાર છે, એમ નથી! ઈ તો જ્ઞાનનો પોતાનો જ આકાર ઈ રીતે પરિણમ્યો છે. આહા.. હા..!

ફરીને.. એકદમ સમજાય એવું નથી આ, (કહે છે) જેમ બળવાયોગ્યને આકારે અગ્નિ થવાથી, અગ્નિ બળવાયોગ્ય પદાર્થને આકારે થવાથી, એ (આકારરૂપી) અશુદ્ધતા અગ્નિને નથી, અગ્નિ પોતે જ (સ્વયં) એ આકારે થઈ છે. 'તેવી રીતે જ્ઞેયાકાર જ્ઞાનમાં, શરીર વાણી-મન-મકાન-પૈસા આમ દેખાય.. આકાર, એને (જ્ઞેયને) આકારે આંહી જ્ઞાન થયું માટે તે જ્ઞેયાકારની અપેક્ષાથી થયું.. એવી જ્ઞાનના આકારને પરાધીનતા નથી. જ્ઞાન સ્વયં-પોતે તે રૂપે-આકારે થયું છે (એટલે કે) પરને જાણવા કાળે, પરચીજ જેવી છે તે આકારે જ્ઞાન થયું છે તે જ્ઞાન (આકાર) જાણવાલાયક (જ્ઞેયપદાર્થ) છે એને કારણે થયું છે, એમ નથી. એ જ્ઞાન જ તે આકારે (સ્વયં) પોતે પરિણમ્યું છે પોતાથી સ્વતંત્ર!!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(કહે છે કેઃ) 'જ્ઞેયાકાર થવાથી' એ હવે શું? કે જરી સૂક્ષ્મ લઈએ. જે રાગ થાય છે ને સમકિતીને-જ્ઞાનીને! રાગ થાય, તો રાગ જેવું જ્ઞેયાકાર (જ્ઞાન) થાય! રાગના જેવી આંહી જ્ઞાનની પર્યાય થાય, પણ એથી જ્ઞાનની પર્યાય રાગને લઈને થઈ છે, એમ નથી. આહા.. હા! એ જ્ઞાનની પર્યાય જ તે આકારે પરિણમીને સ્વયં-સ્વતંત્ર પોતાથી થઈ છે. આહા.. હા..! ધર્મી જીવને આત્મજ્ઞાન થયું છે એને હજી રાગ આવે, તો રાગ આકારે આંહી જ્ઞાન થાય, પર્યાયમાં જેવો રાગ છે, તેવું (જ) જ્ઞાન થાય-પણ, તેથી તે જ્ઞાન-આકાર, જ્ઞેયાકાર થયું માટે પરાધીન છે, એમ નથી. એ જ્ઞાનાકાર, રાગનું જ્ઞાન થઈને, જ્ઞાનાકાર જ્ઞાન પોતે પોતાથી જ પરિણમ્યું છે. એ જ્ઞેય-રાગને લઈને નહીં. અહા.. હા. હા!

કોને 'આ' પડી છે!! આખી દુનિયા, બાવીસ કલાક, ત્રેવીસ કલાક બાયડી-છોકરાં-ધંધા! પાપ એકલાં પાપ!! કલાક વખત મળે સાંભળવા જાય ત્યારે, ત્યાં બધું ઊંધું મારે બધું! આનો કલાક લૂંટી લ્યે! તમને આમ ધરમ થાશે ને... તમને આમ થાશે.. તમને આનાથી થાશે ને..! આહા.. હા..! અરે.. રે! જિંદગિયું ચાલી જાય છે!

પરમાત્માનો પોકાર છે પ્રભુ! તેં તારા સ્વભાવનો, સ્વીકાર કરી શુદ્ધતા જાણી, હવે એ શુદ્ધતા જે પર્યાયમાં આવી- થઈ, એ જ્ઞાની તેનામાં હજી રાગ થાય છે એ રાગનું જ્ઞાન આહીં થાય છે. એ તે રાગ જેવો છે તેવું જ્ઞાન આંહી થાય, માટે જ્ઞેયકૃત અશુદ્ધતા આંહી થઈ-જ્ઞાન એ આકારે થયું માટે જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ જ નથી.

એ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે, તે પ્રકારે રાગસંબંધીનું જ્ઞાન, પોતાનું, પોતાથી થયેલું છે એવી એની (જ્ઞાનની) સ્વાધીનતા છે. આહા.. હા..! મારગ વીતરાગનો ઝીણો બાપુ! અરે, અત્યારે તો ક્યાંય મળતો નથી ભાઈ! શું કહીએ..! સાંભળવા મળતો નથી પ્રયોગ કરે તો ક્યાંથી?

આહા... હા! શું કહે છે? કે સમ્યગ્દષ્ટિને, પોતાની પર્યાયમાં, શુદ્ધત્રિકાળ (દ્રવ્ય) છે, એવું જણાણું, એથી એને શુદ્ધ કહીએ. હવે, આ બાજુમાં-આ બાજુમાં જતાં શુદ્ધની પર્યાય પ્રગટી એમાં શુદ્ધ જણાણો, માટે એને શુદ્ધ કહીએ. હવે, આ બાજુમાં બાકી રાગ છે, રાગઆદિ જણાય છે, તે છે. એ રાગ જણાય છે માટે તે 'રાગનો જાણનારો છે તેનું જ્ઞાન છે?' તો, કહે ના.

**એ રાગસંબંધીનું જ્ઞાન, રાગઆકારે થયું ઈજ્ઞાન, પોતાને આકારે (જ્ઞાનાકાર) થયું છે. એ રાગને કારણે થયું નથી, એનો (જ્ઞાનપર્યાયના) સ્વપરપ્રકાશક સ્વભાવને કારણે એ પરપ્રકાશપણે જ્ઞાન થયું છે.** સમજાણું કાંઈ? ભાષા સમજાય છે ને..! આવો મારગ છે ભાઈ...! શું કહીએ!!

આહા.. હા! આંહી તો સમકિતીને-જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું કે (આત્મા) ત્રિકાળ શુદ્ધ છે. એવું પર્યાયમાં જ્ઞાન થયું, એથી એને શુદ્ધ કહેવામાં આવે છે. હવે, એની પર્યાયમાં-રાગ થાય છે અને એની પર્યાયમાં આ શરીર, આ મકાન આદિ (પરચીજ) જણાય છે. તો તેમનું જ્ઞાન, જેવું જ્ઞેય છે તે આકારે આંહી જ્ઞાન થાય છે, તેથી તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને (આકારે જણાય તો) જ્ઞેયને કારણે તેને પરાધીનતા-અશુદ્ધતા છે? તો કહે, ના. (કારણ) એ જ્ઞેયકૃતથી (જ્ઞાન) થયું નથી, એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ જ પરપ્રકાશનો-તે પ્રકારનો છે તે પ્રકારથી તે રીતે થયું છે!! ગહન વિષય છે બાપુ!

અરે! આ સત્ય હાથમાં ન આવે તો મરી જવાના છે બિચારાં! ચોરાશીના અવતારમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રખડી-રખડીને, સોથા નીકળી ગ્યા છે બાપુ! પ્રભુ તો કહે છે કે તારા દુઃખનાં, એકક્ષણ-તારા એકક્ષણનાં દુઃખ નર્કનાં પ્રભુ! કરોડો ભવથી ને કરોડો જીભથી ન કહી શકાય. એવા તે દુઃખો તેં એકક્ષણમાં વેઠયાં છે. એવાં-એવાં તેત્રીસ સાગર ને એવાં અનંતકાળ! એ મિથ્યાત્વને લઈને બધું (દુઃખ) છે બાપુ! આહા.. હા! તો, સમ્યગ્દર્શન વિના, એ ચોરાશીના અવતારમાં મરી જઈશ બાપા! રખડીને, ક્યાંય અંત નહિ આવે ક્યાંય ભાઈ..!

(ભવના અંત લાવે) એવું જે સમ્યગ્દર્શન!! આહા..! જેણે ત્રિકાળી શુદ્ધને પકડયો અને જ્ઞાનની પર્યાયમાં શુદ્ધતાનો-આનંદનો સ્વાદ આવ્યો અને 'સ્વપ્રકાશક' પર્યાય જ્ઞાનની થઈ, હવે એને પણ હજી થોડું' ક-પૂરણ કેવળ જ્ઞાન નથી એથી એને રાગ આવે છે, તો એ રાગનું જ્ઞાન આંહી થાય છે. રાગ જેવું જ, મંદરાગ હોય તો મંદનું, તીવ્ર હોય તો તીવ્રનું-તો એ રાગ છે, તો રાગકૃત-રાગઆકારે જ્ઞાન થયું છે? (ના) ઈ તો જ્ઞાનની પોતાની જ્ઞાનકૃતજ્ઞાન, પોતાને (સ્વયંને) આકારે થવાથી થયું છે. આહા.. હા!

અરે...! આવું બધું (સમજવું), વાણિયાને ધંધા આડે! આહા...! વાણિયાને જૈન ધરમ મળ્યો!! આહા! મારગ ઝીણો ભાઈ..! આહા... હા... હા ગજબ વાત કહે છે ને..!

પ્રભુ! ... તને કહે છે કે આત્માનું જ્ઞાન થયું, પણ હવે એ શુદ્ધચૈતન્યનું જ્ઞાન થયું પર્યાયમાં, પણ તારી પર્યાયમાં જે હજી રાગ થાય છે. અને તે પર્યાયનું જ્ઞાન હજી છે! એમાં પરનું જ્ઞાન (એટલે કે) શરીરનું, સ્ત્રીનું, કુટુંબનું-જેવા ભાવ થાય એવી રીતે આંહી જ્ઞાન થાય છે. તો ઈ જ્ઞેય છે એની અપેક્ષાથી (આંહી) જ્ઞાન થયું છે. તો ઈ જ્ઞાનનો પરપ્રકાશનો સ્વતઃસ્વભાવ હોવાથી, પરની અપેક્ષા વિના, તે જ્ઞાનકૃત, પરનું જાણવાનું (જ્ઞાન) પર્યાય થયો એ જ્ઞાતાનું કાર્ય છે. આહા.. હા! સમજાણું કાંઈ..?

ફરીને.. આ તો જણાણો શુદ્ધ (આત્મા) એને પર જણાય છે શું? એની વાત હાલે છે. જેને આત્માનું જ્ઞાન નથી, એની તો વાત છે જ નહીં. એ તો પરાધીન થઈને, મિથ્યાત્વને લઈને રખડી મરવાના છે. આહા.. હા! જેને, ઈ આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ! (નો અનુભવ થયો) એ જિન સ્વરૂપી વસ્તુ! એ જિનના પરિણામમાં જિનસ્વરૂપી વસ્તુ જણાણી, શુદ્ધ પરિણામમાં, શુદ્ધવસ્તુ જણાણી એને શુદ્ધ કીધું છે.

હવે, આ બાજુમાં કે આ બાજુમાં (પરપ્રકાશકમાં) જ્ઞાનની પર્યાય, હજી જેવો રાગ થાય, દ્વેષ થાય તે પ્રકારે તે જ્ઞાન (પર્યાય) તેવું જાણે! તેથી તે જ્ઞાન, તે જ્ઞેયકૃતના કારણે તે અશુદ્ધ છે? કે પરાધીન છે? ના. એ જ્ઞાનનો તે વખતનો સ્વભાવ જ, એને પ્રકાશવાના કાળમાં પરને પ્રકાશવાનો સ્વભાવ સ્વતઃ છે, સ્વતઃપણે જ્ઞાન, રાગને જાણતું પરિણમે છે. આહા.. હા! **"તે જ્ઞાયકનું જ્ઞાન છે, તે રાગનું જ્ઞાન નહીં"** એમ કહે છે અરે.. રે! આ તે મળે નહીં ત્યાં શું કરે?! આહા..! અરે, અનંતભવ થયાં! જૈનસાધુ થયો, દિગંબર સાધુ અનંતવાર થયો! પણ, આ રાગની એકતા તોડીને સ્વભાવનું જ્ઞાન કર્યું નહીં અને સ્વભાવનું જ્ઞાન થવામાં પરની કોઈ અપેક્ષા.. છે નહીં!

હવે, આંહી તો 'પરનું જ્ઞાન' કરવામાં પણ પરની અપેક્ષા નથી.

આહા.. હા! સમજાણું કાંઈ...? સમજાય એટલું સમજવું પ્રભુ! આ તો.. ત્રણલોકના નાથની વાતું છે બાપા! જેને ઈંદ્રો ને ગણધરો સાંભળે, એ વાત બાપા કાંઈ સાધારણ વાત હશે!!

આહા... હા! 'જ્ઞેયાકાર થવાથી તે ભાવને' તે ભાવને એટલે જ્ઞેયાકાર થયેલું જે જ્ઞાન, તે ભાવને

'જ્ઞાયકપણું' પ્રસિદ્ધ છે-ઈ 'જાણનારો' છે એમ પ્રસિદ્ધ છે.

પણ, 'જાણનારો' છે એ શું?

'તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી' (કહે છે કે:) રાગ જણાય છે ને તેનું જ્ઞાન આંહી થાય છે માટે રાગની અપેક્ષા રાખીને જ્ઞાન થયું છે અહીંયાં, એમ નથી. આહા... હા!

વિશેષ કહેવાશે...

* * *

વ્યવહારનય તે કાળે જાણેલો પ્રયોજનવાન છે એટલે કે તેકાળે વ્યવહાર છે એમ જાણેલો પ્રયોજનવાન છે. વાસ્તવમાં તો તે પોતાની પર્યાયને જાણે છે તેમાં તે જણાઈ જાય છે. આવી વાત છે. ભગવાન કેવળી લોકાલોકને જાણે છે એમ આવે છે ને? હા. પણ એ તો અસદ્‌ભુત વ્યવહારનય છે. ખરેખર તો ભગવાન જેમાં લોકાલોક પ્રકાશે છે એવી પોતાની પર્યાયને જ જાણે છે. તેમ જ્ઞાની રાગને જાણે છે એમ ઉપચારથી-વ્યવહારથી કથન છે.

(પ્રવ. રત્ના. ભાગ-૭ પાનુ-૧૧૭)

## પ્રવચન ક્રમાંક - ૨૨ દિનાંક ૧-૭-૭૮

(કહે છે કે) 'વળી દાહ્યના, બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન-બાળનાર કહેવાય છે' - અગ્નિ, બળવાયોગ્ય પદાર્થને આકારે થવાથી, તે અગ્નિને 'બાળનાર' એમ કહેવામાં આવે છે, જાણે કે પરને બાળતો હોય! એમ કહેવામાં આવે, કહેવામાં આવે! તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી' - જે અગ્નિ, બળવાલાયક (પદાર્થ) રૂપે થઈ, તેથી તે બળવાલાયક પદાર્થને કારણે, અગ્નિ એ (ના આકારે થઈ, એમ નથી.

એ અગ્નિ, પોતે જ પોતાના સ્વભાવથી, પોતાને પ્રકાશતી અને પરને પ્રકાશતી (તે) પોતે જ પરિણમે છે અગ્નિરૂપે, અગ્નિરૂપે એ બાળે છે એને આકારે એ (અગ્નિ) થયો, માટે એટલી પરાધીનતા (અગ્નિને) થઈ, એમ નથી. (ત્યાં તો) અગ્નિ, પોતે જ પોતે પોતાના આકારે પરિણમેલી છે.

**'જ્ઞેયાકાર થયો, એ જ્ઞાનાકાર પોતાનો છે.'** આવું છે! છે ને? (શ્રોતા:) હા, જી. 'તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી' તેવી રીતે જ્ઞેયાકાર થવાથી જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી' - જ્ઞાયક, જેનો જાણક સ્વભાવ (એટલે કે) પોતાને જાણવું. અને ઈ બીજી ચીજના આકારે જ્ઞાન પરિણમ્યું-જ્ઞેયાકાર થયેલ જ્ઞાન, તે જ્ઞાયકભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે (એટલે) 'જાણનાર' છે એવું પ્રસિદ્ધ છે. 'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.' 'જાણનાર' જણાવાયોગ્યને આકારે થયું જ્ઞાન, છતાં તેને જણાવાયોગ્યને કારણે, ઈ (જ્ઞાનની) પર્યાય થઈ, એમ નથી.

આહા.. હા! એ તો જ્ઞાનાકારરૂપે પરિણમન જ પોતાનું (જ્ઞાયકનું) એ જાતનું છે. (એમાં) પરનું જાણવું છે અને પરને જાણવાનો પર્યાય થયો ઈ (જ્ઞાનપર્યાય) પોતાનો, પોતાથી થયો છે, પરવસ્તુ છે ઈ રાગાદિ તેથી અહીંયાં રાગ ને પરનું જ્ઞાન થયું, એમ નથી.

આહા.. હા! ત્યાં સુધી તો આવ્યું' તું!

(કહે છે) 'કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં' - 'જે જ્ઞાન છે' જ્ઞેય જણાય એ જણાવાલાયક પદાર્થ, તે પદાર્થને આકારે, અવસ્થામાં-એ જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞાયકપણે જે જણાયો, એ તો જ્ઞાયકપણે જણાયો છે, પરપણે જણાયો છે, એમ છે નહીં..! આહા.. હા! જાણવાના પ્રકાશ કાળે, જ્ઞેયને-રાગને જાણતાં છતાં, એ રાગને આકારે જ્ઞાન થયુ એમ નથી. એને કારણે (એ આકાર) નથી. એ પોતાનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે, સ્વને પ્રકાશે છે ને રાગને પ્રકાશે છે, એ સ્વનીપ્રકાશશક્તિને કારણે પ્રકાશે છે!! એ રાગને કારણે પરને પ્રકાશે છે (કે) જ્ઞેયાકાર. જ્ઞેયને કારણે અશુદ્ધતા-પરાધીનતા થઈ એમ નથી. આહા..! આવું છે!

ન્યાયનું તત્ત્વ ઝીણું બહુ! આહા.. હા! છે?

(કહે છે કે:) 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો' જોયું? ત્યાં રાગનું જ્ઞાન થયું એમ કહેવું તે વ્યવહાર છે. એ રાગસંબંધીનું જ્ઞાન (કહેવાય તે) જ્ઞાનનું જ્ઞાન અહીંયાં પોતાનું થયું છે આહા... હા!

(શ્રોતાઃ) પોતાનું જ્ઞાન કહેવું એ ભેદ થયો ને? (ઉત્તરઃ) ભેદ છે ને..! એટલું કર્ત્તા-કર્મપણું સિદ્ધ કરવું છે ને..! કેમ કે આંહી તો કર્તા પર્યાયને સિદ્ધ કરવી છે. સ્વને જાણનારું જ્ઞાનને પરનું જાણનારું જ્ઞાન, એ સ્વ-પરપ્રકાશક જ્ઞાન, તે આ જ્ઞાયકનું કાર્ય છે, કર્મ છે, ને આત્મા તેનો કર્ત્તા છે. અહા..! રાગ છે.. એનું જ્ઞાન આંહી થયું માટે રાગ કર્તા છે ને જ્ઞેયાકાર-રાગને આકારે જ્ઞાન થયું તે રાગનું કાર્ય છે, એમ નથી! ઝીણી વાત છે બાપુ! બહુ.. આહા.. હા!

આહા.. હા.! આચાર્યે એમ કહ્યું હતું ને..! મારો અને પરનો મોહ હણાવા માટે હું કહીશ' એ અમૃતચંદ્રાચાર્યે એમાંથી કાઢયું, જ્યાં પોતે કાઢયું ત્રીજા શ્લોકમાં. કે હું આ ટીકા કરું છું તેમાં મારી શુદ્ધતા થજો, કેમકે અનાદિની મને અશુદ્ધતા છે, મુનિ છું-આચાર્ય છું પણ હજી અશુદ્ધતાનો અંશ અનાદિનો છે એ આ ટીકાના કાળમાં-પાઠ એવો છે કે ટીકાથી.. -પણ, એનો અર્થ એ છે કે ટીકાના કાળમાં મારું લક્ષ ધ્રુવ ધ્યેય ઉપર છે, એનાં જોરમાં અશુદ્ધતા ટળજો,! , એમ આચાર્ય પોતે કહે છે, કે 'હું જે આ સમયસાર કહીશ, એ મારા ભાવ અને દ્રવ્યશ્રુતિથી કહીશ' અને ભાવવચન અને દ્રવ્યવચનથી કહીશ. આહા..! સામાના (સાંભળનારાના) દ્રવ્યવચન અને દ્રવ્યશ્રુતિ નથી કીધી. (જો કે) સામામાં તો અનંત સિદ્ધને સ્થાપ્યા છે, એ સ્થાપ્યા છે એટલે કે જે સ્થાપે છે, તેને સ્થાપ્યા છે- એમ કહેવામાં આવે છે.

આહા.. હા! અહીંયાં તો કહે છે જે આ 'વંદિતુ સવ્વસિદ્ધે' -સર્વ સિદ્ધોને સ્થાપ્યા છે મેં મારી પર્યાયમાં, એનું નામ 'વંદિતું સવ્વસિદ્ધે'! કેમકે ધ્યેય જે-સાધ્ય જે આત્મા!! એના ધ્યેયના સ્થાને સિદ્ધ છે, માટે સિદ્ધને હું નમસ્કાર કરું છું, એટલે કે સિદ્ધને હું મારી પર્યાયમાં સ્થાપુ છું. એ મારી પર્યાય, પોતે સિદ્ધપણાને પામશે! અને પર્યાય, સિદ્ધ એવી મારી થઈ, તે તરફ જશે જ માટે હું એને વંદન કરું છું, માટે મેં મારી પર્યાયમાં એને સ્થાપ્યા છે!

આહા..? અને શ્રોતાઓ પણ.. બધા શ્રોતાઓ એમ નહીં (પરંતુ) જે શ્રોતાઓ! જેમણે પોતાની જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપ્યા એમ મેં કહ્યું પણ એ (શ્રોતા પોતે) સ્થાપે જ્યારે, એની એકસમયની અલ્પજ્ઞ અવસ્થા, એને એણે (શ્રોતાએ) જ્ઞેય કરીને સાંભળ્યું, સાંભળીને પર્યાયમાં લીન થઈ (પર્યાયને એકાગ્ર કરીને) સિદ્ધને એ સ્થાપે, એટલે કે રાગથી પૃથક થઈને, જ્ઞાનની પર્યાયમાં સ્થાપે (અર્થાત્) એનું લક્ષ, જેમ 'અરિહંતના દ્રવ્યગુણપર્યાયનો જાણનારો પોતાને જાણે' - એમ કહ્યું, એમ અનંતા સિદ્ધોને જેણે (પોતાની) પર્યાયમાં સ્થાપ્યા, એને અનંતા સિદ્ધોને પર્યાયમાં જાણ્યા!!

આહા.. હા! એકસમયની જ્ઞાનની પર્યાયે અનંતા સિદ્ધોને જાણ્યા!! ઈ તો એક અરિહંતને જાણ્યા કહો કે અનંત અરિહંતને જાણ્યા કહો-એમ એક સિદ્ધને જાણ્યા કહો કે અનંત સિદ્ધને જાણ્યા કહો, બધું એક જ છે. એ અનંતા સિદ્ધ જે અલ્પજ્ઞ અવસ્થામાં જાણ્યા, અનંત જે સર્વજ્ઞો છે એને સ્થાપ્યા આંહી મારામાં, એ તો મારી વાત રહી (આચાર્યે કહ્યું પણ) મેં પરમાં સ્થાપ્યા (કહ્યું) પણ એ સ્થાપે ત્યારે (મેં) પરમાં સ્થાપ્યા એમ વ્યવહાર કહેવામાં આવે છે.

આહા... હા! એની અલ્પજ્ઞ દશામાં, અનંતા સર્વજ્ઞોને 'वंदितुं' – વંદે છે એટલે કે સ્થાપે છે આહા.. હા! એ અનંતા સિદ્ધોને જે પર્યાય જાણે-સ્થાપે એ પર્યાય, વિવેક કરીને દ્રવ્ય તરફ ઢળ્યા વિના રહે નહીં, આહા.. હા! આવી વાતું છે! ઘણી ગંભીર!! ગાથામાં જેમ જેમ ઊંડું જાશે ને... એનાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તળિયાં ઝીણાં બહુ!

એવા શ્રોતાઓ જે છે કે જેણે પર્યાયમાં અનંતા સિદ્ધોને પોતામાં પોતે પોતાથી સ્થાપ્યા છે. ‘મેં સ્થાપ્યા છે’ – (એમ) આચાર્યે કહ્યું, એ તો નિમિત્તથી (કથન) છે.

આહા.. હા! એવા શ્રોતાઓને, સિદ્ધપણું પોતાનું સ્વરૂપ છે, તેની દૃષ્ટિ થાય છે. અને તે (સ્વરૂપ) શ્રુતકેવળી અને કેવળીએ કહેલું છે. તો ઈ (પોતામાં સિદ્ધોને સ્થાપનાર શ્રોતા) પણ શ્રુતકેવળી થશે જ, શ્રુતકેવળી એટલે સમકિતી! જેણે અનંતા સિદ્ધોને પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં સ્થાપ્યા છે..!! અરે, બાપુ! એ કંઈ વાત છે!

આહા..! જેનો પર્યાય અલ્પજ્ઞ-એક સમયનો (અનુભવમાં) ભલે અસંખ્ય સમય થાય-અનંતા સિદ્ધોનું જ્ઞાન કરે અને પર્યાયમાં સ્થાપે કે રાખે! (એટલે કે) જેની પર્યાયમાં અનંતા સિદ્ધો રહે આહા.. હા! એવું જેણે પોતે કર્યું, એવા શ્રોતા (અહીંયાં) લીધા છે. આહા.. હા.. હા..! બાકી તો આમ... અનંતવાર ભગવાન (અરિહંતદેવ) પાસે ગયો ને વાત- (દિવ્યધ્વનિમાં) સાંભળ્યું છે, અનંતવાર ગયો! આમ અનંતવાર ભગવાન પાસે તો સાંભળ્યું છે! પણ, જે શ્રોતા, પોતાની એકસમયની અલ્પજ્ઞઅવસ્થા હોવા છતાં.. અનંતા સર્વજ્ઞો-સિદ્ધોને અલ્પજ્ઞમાં સ્થાપે છે-રાખે છે, એનું લક્ષ અને દૃષ્ટિ (નિજ) દ્રવ્ય ઉપર જશે. અને તેના લક્ષે સાંભળશે એ સાંભળતાં, તેની અશુદ્ધતા ટળી જશે. એ લક્ષને કારણે, સાંભળવાના કારણે નહીં. સમજાણું કાંઈ..?

(ટીકાકાર આચાર્યદેવ કહે છે) અને મારો મોહ પણ ટળી જશે, મારો મોહ અનાદિનો છે, ત્રીજા શ્લોકમાં (કળશમાં) એમ કહ્યું કે મારામાં મોહ-અનાદિનાં કલુષિત પરિણામ મારામાં છે. (अविरतम् अनुभाव्य–व्याप्ति–कल्माषिताया] આહા.. હા! આચાર્ય છે! સંત છે!!

આહા.. હા.! એક બાજુ એમ કહેવું કે સમ્યગ્દૃષ્ટિને રાગ છે જ નહીં, દુઃખ છે જ નહીં-ઈ તો કઈ અપેક્ષાએ?

અનંતાનુબંધી અને મિથ્યાત્વની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને રાગ અને દુઃખ નથી.

(પરંતુ) આહા...! અહીંયાં તો આચાર્ય પોતે કહે છે, અરે! કુંદકુંદાચાર્ય! આ ગાથાના અર્થની ટીકાં કરતાં (અમૃતચંદ્રાચાર્ય) પોતે કહે છે કે મારામાં મોહ છે. એ મોહ ક્યારનો છે? અનાદિનો છે. પહેલી ગાથામાં કહ્યું છે કે મારો મોહ અનાદિનો છે. આહા.. હા! એ જ વાત ત્રીજા કળશમાં અમૃતચંદ્રચાર્યે લીધી છે. એ મોહ મારામાં, અસ્થિરતાનો હો? સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર તો છે, મુનિ છે ને! આનંદનો અનુભવ છે. તેની સાથે થોડો રાગ, અનાદિનો છે. ગયો છે ને થયો છે, એમ નથી. આહા... હા... હા! આવી રીતે શ્રી કુંદકુંદાચાર્યની ગાથાની ટીકા કરનાર શ્રીઅમૃતચંદ્રાચાર્ય કહેછે, કે શ્રી કુંદકુંદાચાર્ય આમ કહેવા માગે છે. પણ પ્રભુ! તમે ક્યાં એમના જ્ઞાનમાં-હૃદયમાં વયા ગ્યા!! તમે? કે ભઈ.. જેમ વસ્તુની સ્થિતિ છે એમ અમે કહીએ છીએ.

આહા.. હા! પોતાનો ભગવાન અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે!! એ જાણનારો (પોતાના) આત્માને જાણે-એમ કહ્યું.

તો, આ તો અનંતા સિદ્ધના પર્યાયને જે જાણે એટલે કે સ્થાપે. આહા.. હા! એને સમ્યગ્દર્શન, સ્વના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લક્ષે, થયા વિના રહે નહીં. અને તે શ્રુતકેવળી એટલે સમકિતી. -શ્રુતકેવળી એટલે બાર અંગ ને ચૌદ પૂર્વના વિશેષ જ્ઞાનવાળો એનું કાંઈ નહીં-એ શ્રુતકેવળી થાય, અને પછી કેવળી થશે! આહા.. હા.. હા! ગજબ વાત છે ને..!!

લ્યો! આ સિદ્ધાંત કહેવાય, એક-એક શ્લોકનો પાર આવે નહીં, એની ગંભીરતા! સંતોની! દિગંબર મુનિઓ!! એની વાણી! એ વાણીમાં ગંભીરતા ન ઊંડપનો.. પાર ન મળે!!

**એ અહીંયાં કહે છે, કે જ્યારે આત્માને અમે ' જ્ઞાયક ' કહ્યો અને જ્ઞાયકપણે ' ' જ્ઞાયક ' જણાયો, તો ' જાણનારને તો જાણ્યો ' પણ ' જાણનાર ' છે એમ કહેવાય છે તો પરને પણ જાણે છે એમ થયું! .. કે પરને જાણે છે ભલે એમ કહ્યું; પણ ખરેખર તો પર છે એને જાણે છે, એમ નથી.**

પર-રાગાદિ છે, તેને (જાણનારો) જાણે છે, એ રાગને લઈને જાણે છે એમ નથી! પણ ઈ **જ્ઞાનની પર્યાયનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય જ એવું છે પોતે, પોતાને જાણે છે, જ્ઞાયક ભાવપર્યાયની વાત છે હો! દ્રવ્યને તો જાણે છે.** આહા.. હા! ગજબ વાત છે!! વસ્તુસ્વરૂપચિદાનંદપ્રભુ! ' જ્ઞાયકપણે તે જણાયો ' લક્ષમાં આવ્યો, દૃષ્ટિમાં આવ્યો. પણ એને ' જાણનારો ' કહીએ છીએ તે સ્વ-પરપ્રકાશક, તો પરનો ' જાણનારો ' એમ આવ્યું? કે સ્વને જાણ્યો અને પરનું જાણવું પણ એમાં આવ્યું?! ત્યારે કહે છે **' પરનું જાણવું એમાં નથી આવ્યું ' પરસંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી (પોતાને) થયું છે. તે આકારે તે ' જ્ઞાયકનું જ્ઞાન ' જ્ઞાનના પર્યાયે, જ્ઞાનને જાણ્યું, એ જાણવાના પર્યાયને એણે જાણ્યો.** (અર્થાત્ પર-રાગને એણે જાણ્યો નથી) આહા.. હા! સમજાણું કાંઈ...? આકરું કામ બહુ બાપુ! મારગ એવો છે વીતરાગ સર્વજ્ઞનો! સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;

અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

(શ્રીમદ્‌રાજચંદ્ર)

આહા.. હા! મુનિ મહારાજ કહે છે મારા અને તારા મોહના નાશ માટે, ઓહોહો! ' કોલકરાર! ' એટલો બધો પ્રભુ! પોતાના મોહના નાશ માટે તો ભલે તમે કહો, પણ.. શ્રોતાને માટે! પર કહ્યા ને...! અનંતા સિદ્ધોને એમણે પરના પર્યાયમાં સ્થાપ્યા છે. મોહના નાશ માટે. મેં સ્થાપ્યા છે એ તો (મુનિમહારાજે પોતે) વાત કરી છે. આહા... હા! એકસયમની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે.

(સાંભળનાર શ્રોતાની) એ પર્યાય, અંદર ઝૂકીને (આત્મ) દ્રવ્ય તરફ જ જાય. એટલી એ પર્યાયમાં (તાકાત) છે કે તેણે અનંત સર્વજ્ઞને રાખ્યા, એ પર્યાય, સર્વજ્ઞસ્વભાવી પ્રભુ (આત્મદ્રવ્ય) એની ઉપર જ, એનું લક્ષ જાય. જેણે, એકસમયની પર્યાયમાં, અનંતા સર્વજ્ઞોને, સ્થાપ્યા.. રાખ્યા.. આદર્યા સત્કાર કર્યો... સ્વીકાર કર્યો અને તે એકસમયની પર્યાયમાં, અનંતા સર્વજ્ઞને જાણ્યા.. તે સમયની પર્યાયને જાણીને, એ જાણે છે ને..!

આહા.. હા! તેનો આત્મા જ્ઞાયકપણે તે જણાણો! પણ ઈ ' જ્ઞાયક ' છે એટલે કે ' જાણનારો ' છે એમ કહ્યું, તો તેમાં પરને ' જાણે છે ' એવું જે આવે છે તો (તે તો) પરને આકારે જ્ઞાન થયું, તે પરને લઈને થયું એમ નથી. ધર્મીને પણ હજી રાગ આવે ને રાગનું જ્ઞાન થાય સ. સાર બારમી ગાથામાં કહ્યું છે ને...

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(વ્યવહાર) જાણેલો પ્રયોજનવાન ભાષા તો ચારેકોર એક, અવિરોધ વાતને સિદ્ધ કરે છે.

આહા. હા! એ... 'જ્ઞાયકપણામાં' જે રાગ-વ્યવહાર આવ્યો તે જણાણો તે રાગ છે તેને જાણે છે, તે રાગ છે માટે અહીંયાં રાગનું જ્ઞાન, જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ નથી. આહા.. હા! આવો મારગ એટલે સાધારણ માણસ બિચારો શું કરે? વીતરાગ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ! ત્રણલોક જેણે જાણ્યા, એ પરમેશ્વરનું આ બધું કથન છે. એક સિદ્ધનું કહોકે અનંતા સિદ્ધનું કહો, એક તીર્થંકર નું કહો કે અનંતા સંતોનું કહો!!

આહા.. હા! અને મુનિ તો છે, એની પર્યાયમાં ત્રણ કષાયનો અભાવ છે જિનદશા જેમને પ્રગટી છે!! એને મુનિ કહીએ. એ મુનિ કહે છે કે 'હું આ સમયસાર ને કહીશ' આ 'કહીશ' (કીધું) તો વિકલ્પ છે ને...! (મુનિમહારાજ કહે છે) વિકલ્પ છે પણ મારું જોર ત્યાં નથી. (મેં કહીશ એમ કહ્યું) તો હું ત્યાં 'સ્વભાવ' તરફના જોરમાં, લક્ષની વાત ત્યાં કરીશ, મારું જોર તો ત્યાં છે. ગજબ છે ને...!! તેથી અશુદ્ધતા ટળી જશે, એમ સાંભળનારને પણ અનંતા સિદ્ધોને પોતે જ્યાં પર્યાયમાં અનંતા સિદ્ધોને જેણે સ્થાપ્યાં, તેણે સાંભળતાં... સ્વલક્ષે સાંભળે છે, અમારી પૂરણ વાત આવશે, એથી અમને અને તમને સ્વલક્ષથી મોહ ટળશે. ઈ અસ્થિરતા (અમારી) એમાં ટળી જશે અને શ્રુતકેવળી થશે એટલે સમકિતી થશે જ. શ્રુત કેવળીએ કહેલું છે, ઈ (અનુભવીને) શ્રુતકેવળી પોતે થશે જ એટલે સમકિતી થશે જ. પછી કેવળી થશે. આહા.. હા! (ભાઈ!) આ ગાથાનો આવો અર્થ છે. પાર પડે તેવું નથી, દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો! બાકી બધાએ કલ્પનાની વાતું કરી છે સૌંએ, આહા...! આમાંતો એક-એક શબ્દની પાછળ કેટલી ગંભીરતા છે, ભાઈ!

એ કહે છે કે ભલે! અમે 'જ્ઞાયક' કહીએ છીએ, અને 'જ્ઞાયક' ને જાણ્યો!! અને 'જાણનારે' પણ જાણ્યો!! હવે ઈ 'જાણનારો' છે તો પરનો "જાણનારો"છે ઈ ભેગું આવ્યું' સ્વ-પરપ્રકાશક છે ને?!

તો, પરનો 'જાણનારો' છે માટે પરને જાણે છે (એટલે કે) પર છે તેને આકારે જ્ઞાન અહીંયાં થયું! (તો,) પર છે તે સ્વરૂપે જ્ઞાન થયું તો...., એટલી તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી કે નહીં? અહા..! એટલી જ્ઞેયકૃત-પ્રમેયકૃત પરાધીનતા આવી કે નહીં?

ના, એતો, રાગના જ્ઞાનકાળે કે શરીરના જ્ઞાનકાળે જ્ઞાન-જ્ઞાયકપણાની પર્યાયપણે જ જણાયો છે, તેણે (સાધકે) રાગની પર્યાય તરીકે ન રાગથી જ્ઞાન થયું છે, એમ જાણ્યું નથી. આહા.. હા! કો 'ભાઈ! બીજે છે આવી વાતું?! અરે, પ્રભુ! તને ખબર નથી, ભાઈ! આહા..! તારું દ્રવ્ય ને તારી પર્યાય, એનું સામર્થ્ય કેવું છે!!

આહા.. હા! અહીં તો કહેછે કે રાગ ને શરીરને કે જે કંઈ દેખાય, તે કાળે તેને આકારે જ્ઞાન થયું, માટે એને કારણે થયું એમ નથી. અમારો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વને જાણતાં, પરનું જાણવાનો પર્યાય મારો પોતાથી પોતાનો થયો છે, એને અમે જાણીએ છીએ. આહા.. હા!

અરે, પ્રભુની વાણી તો જુઓ! આહા..! એવા સંતોની સાક્ષાત્ મળે એવી વાણી! આહા.. હા! ગજબ વાતુ છે ને...!

(કહે છે કે) એ 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો-જ્ઞાનની પર્યાય તરીકે એ જણાયો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ પરની પર્યાય તરીકે જણાયો, એમ છે.. નહીં. આહા.. હા! છે ને સામે પુસ્તક છે! ભાઈ! મારગ બહુ ઝીણો બાપુ! જેને અનંત સંસારનો અંત અને અનંત ગુણની પર્યાય આદિ અનંત પ્રગટે. બાપુ! એ મારગડા કોઈ અલૌકિક છે એ જ્ઞાનાકાર અવસ્થામાં એ હોય. રાગને જાણવાની અવસ્થામાં જ્ઞાયકપૂર્ણ જે જણાયો છે. એ જ્ઞાયકની પર્યાયપણે જે જણાયો છે અન્યની પર્યાયપણે તે જણાયો છે એમ છે નહીં.

આહા...! 'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી' એટલે? રાગની એ વખતે શરીરની ક્રિયા તે વખતે થાય, તે રીતે જ્ઞાન પોતે પરિણમે-જાણે, છતાં તે જ્ઞેયકૃતની અશુદ્ધતા-પરાધીનતા જ્ઞાનના પરિણમનને નથી. આહા.. હા! જે જ્ઞાનનું પરિણમન થયું, તે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે થયું છે 'તે જાણનારો જણાયો છે' પણ જણાય એવી ચીજ જણાતી નથી. જે જણાય છે એ ચીજ (રાગ-શરીરાદિ) એમાં જણાઈ નથી. 'જાણનારો જણાયો છે ત્યાં' ગૂઢ વાતું છે ભાઈ! અલૌકિક ચેતનસ્વરૂપ જ અલૌકિક છે બાપુ!

આહા..! એકસમયની પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપીને ગજબ કામ કર્યાં છે ને! ઉપાડી લીધા છે!! જેણે સ્થાપ્યા પોતાની પર્યાયમાં અનંતા સિદ્ધોને, એને સંસારથી ઉપાડી લીધા છે, એને જ હો? એકલા શ્રોતા તરીકેને નહીં.

આહા.. હા! જેણે... અનંતા... સિદ્ધોને... પોતાની... પર્યાયમાં સ્થાપ્યાં અને જેને જ્ઞાનનું-જ્ઞાયકનું જ્ઞાન થયું તે જ્ઞાન, રાગ ને પરને જાણે તેથી તેને જ્ઞેયકૃત-પ્રમેયકૃત અશુદ્ધતા ન થઈ (કારણ કે) એ તો જ્ઞાયકની પર્યાય થઈ, એને એ જાણે છે. એ રાગને જાણવા કાળે રાગઆકારે જ્ઞાન થયું, એ રાગને કારણે જ્ઞાન તે આકારે થયું એમ નથી. તે કાળે જ્ઞાન જ પોતાના જ્ઞાનાકારે થવાનો પર્યાયનો સ્વભાવ છે તે રીતે થયું. 'તો તે વખતે રાગ જણાયો નથી' 'જાણનારો' જાણનારની પર્યાય તેને તે જાણે છે. સમજાણું કાંઈ...?

આહા... હા! 'તે' .... 'જ્ઞાનાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો' 'તે' ..... 'સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ પોતે જણાયો છે' શું કીધું ઈ?

કે, આ જ્ઞાયકપ્રભુ! પોતાને જ્ઞાયક તરીકે જ્યાં જાણ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જણાયો, એ વખતે જે જ્ઞાનમાં, રાગાદિ પર (પદાર્થ) જણાય, એ કાળે પણ તેણે તે રાગને (પરને) જાણ્યો છે એમ નહીં. (પરંતુ) રાગસંબંધીનું પોતાનું જ્ઞાન, પોતાથી થયું છે તેને તે જાણે છે, **'જ્ઞેયાકાર અવસ્થાના કાળમાં, પણ (સાધક) પોતાની અવસ્થાને જાણે છે**. અને સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ (પોતે જણાયો છે) બેય વાત લીધીને....!!

શું કીધું? 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો... 'તે' 'સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ પોતે જણાણો છે' આહા.... હા! સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ, તે 'જ્ઞેયાકાર જ્ઞાનના' કાળે પણ, જ્ઞાયકની પર્યાયમાં, 'જાણનારો છે' તેની પર્યાય જણાણી છે, અને સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ 'જાણનારો છે' તેની પર્યાય જણાણી છે. દૃષ્ટાંત આપે છે. 'દીવાની જેમ'; કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી... જ્ઞાયક જ છે.

આહા...! પોતે જાણનારો માટે પોતે 'કર્તા', પોતાને જાણ્યો માટે પોતે 'કર્મ', આ પર્યાયની વાત છે હો!! 'જાણનાર' ને જાણ્યો અને પર્યાયને જાણી-એ જાણવાનું પર્યાયનું કાર્ય, કર્તા જ્ઞાયક, એનું તે

કાર્ય છે. એ રાગ-વ્યવહાર જાણ્યો માટે વ્યવહારકર્તા અને જાણવાની પર્યાય કાર્ય એમ નથી. આહાહાહા! કેટલું સમાડયું છે!!

અજ્ઞાની કહે કે મેં પંદર દિવસમાં (સમયસાર) વાંચી નાખ્યું! બાપા, ભાઈ! તારો પ્રભુ (આત્મા) કોણ છે? (કેવો છે) એને જાણવા માટે આવી વાણી! ભાઈ, અરે! અનંતકાળના પરિભ્રમણના અંત આવે, એનો સાચો પ્રયત્ન તેં કર્યો નથી. ઊંધો પ્રયત્ન કરી ને માન્યું છે કે અમે કંઈક કરીએ છીએ, ધર્મ કરીએ છીએ, હેરાન થઈને ચારગતિમાં રખડે છે!

આહા.. હા! આંહી કહે છે, કે ભગવાન આત્માને જ્યારે સર્વજ્ઞપણે સ્થાપ્યો ને જ્યારે સર્વજ્ઞસ્વભાવનું ભાન થયું, ત્યારે તેણે સ્વ-જ્ઞાનને-જાણનારને તો જાણ્યો, પણ તે વખતે પરને જાણ્યું છે તે વખતે પણ, જાણનારની પર્યાયને જ એ જાણે છે. 'જાણનારની પર્યાય તરીકે જણાયો છે' -તે વખતે પણ રાગની પર્યાય તરીકે જણાયો, માટે જાણે છે એમ નથી. આહા.. હા..!

આ તો પુસ્તક સામે છે, ક્યા શબ્દનો અર્થ થાય છે!

આહા..! ભગવાન પરમાત્મા, એની વાણી અને મુનિની વાણીમાં ફેર નથી. મુનિઓ આડતિયા થઈને આ સર્વજ્ઞની વાણી જ કહે છે. ભાઈ! તમે સાંભળી નથી, તે વાત! આહા.. હા..!

તું કોણ છો..? અને તું કોણ (કોને) જાણનારો છો?

કે હું જ્ઞાયક છું અને હું મારી પર્યાયને જાણનારો છું. એ જ્ઞાનની પર્યાય એ મારું કાર્ય છે- 'કર્મ' છે અને 'કર્તા' હું છું.

ખરેખર તો, પર્યાય 'કર્તા' ને પર્યાય જ 'કર્મ' છે.

પણ, અહીં જ્ઞાયકભાવને કર્તા તરીકે સિદ્ધ કરીને, જ્ઞાનપર્યાય તેનું કાર્ય છે-એમ સિદ્ધ કર્યું છે.

ખરેખર તો, તે જ્ઞાનની પર્યાય તેનું 'કાર્ય' છે અને તે વખતનો જે પર્યાય છે તે જ એ પર્યાયનો 'કર્તા' છે.

આખું, દ્રવ્ય છે એ તો ધ્રુવ છે એ તો ધ્રુવ છે, એ તો કર્તા છે નહીં, કર્તા કહેવો એ તો ઉપચાર છે. અને ધ્રુવ છે એ તો પરિણમતો નથી, બદલાતો નથી. બદલનારી પર્યાય જે જ્ઞાયકને જાણનારી થઈ, એ પરને જાણવાકાળે પણ, પોતાના જ્ઞાનપણે પરિણમી, માટે તે પોતે જ 'કર્તા' ને પોતે જ પોતાનું 'કર્મ' છે. રાગ 'કર્તા' ને જ્ઞાનની પર્યાય તેનું 'કાર્ય' છે એમ નથી. આહા. હા..! જેના એક પદમાંથી બહાર નીકળવું કઠણ પડે, એટલી તો ગંભીરતા છે!!

આહા.. હા! બાપુ! પ્રભુ! તું મહાપ્રભુ છો ભાઈ! તું મહાપ્રભુ છો.. ને તારી પર્યાય પણ મહાપ્રભુની છે!! જે જણાયો છે એની એ પર્યાય છે આહા.. હા! એ પ્રભુની પર્યાય છે, એ રાગની નહીં આહા.. હા!

આ જ્ઞાનમાં સ્વને જ્યાં જાણ્યો, તે વખતે આ પરનું જાણવું ત્યાં થાય છે ને...! એ પરનું જાણવું થયું ઈ પરને લઈને જાણવું થયું એમ નથી. એ જાણવાનો પર્યાય જ પોતે, પોતાના સ્વપર પ્રકાશક સ્વભાવની પરિણમવાની તાકાતથી પોતે પરિણમ્યો છે. તેથી તે પર્યાય 'કાર્ય' છે ને તે જ પર્યાય 'કર્તા' છે ને દ્રવ્ય ભલે કર્તા કહેવામાં આવે છે આહા.. હા!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ખરેખર, ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે, દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ છે, પણ પરિણમન નથી. સમજાણું કાંઈ...?

તેથી જ... જે જ્ઞાનની પર્યાયે પોતાને જાણ્યો, તે જ પર્યાયે, રાગસંબંધીના પોતાના જ્ઞાનની પર્યાયને તેણે જાણી. (સાધકને) વિકલ્પ જે ઊઠે છે તેનું જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનની પર્યાયને, જ્ઞાનપર્યાય પોતે પોતાથી જાણે છે અને તે (જ્ઞાનપર્યાય) પોતાથી થઈ છે. વ્યવહારથી થઈ નથી.

પર્યાય, વ્યવહારને જાણનારી પર્યાય (સાધકદશામાં) વ્યવહાર આવ્યો રાગાદિ અને તે જ્ઞાનની પર્યાય, એનાથી (વ્યવહારથી) થઈ છે એમ નથી. એમાં ક્યાં જ્ઞાન હતું? રાગમાં ક્યાં જ્ઞાન હતું કે રાગ જાણે! જેમાં જ્ઞાયકનું જ્ઞાન ભરેલું છે જ્ઞાયકમાં (તે જાણે છે) આહા... હા! જ્યાં અંદરમાં જ્ઞાન થતાં, જાણનારો જાણે છે, તો તે જાણનારો પોતે પોતાને જાણે છે અને જાણનારો પોતાની પર્યાયને જાણે છે.

'રાગને જાણે છે' એમ કહેવું તે પણ વ્યવહારથી કથન છે. આહા.. હા! સમજાણું કાંઈ...?

લ્યો! 'દીવાની જેમ' – 'કર્ત્તા-કર્મનું અનન્યપણું છે' અનેરાપણું નથી. કર્તા છે તે જ કર્મ છે ને કર્મ છે તેનો તે જ કર્તા છે. સમજાણું કાંઈ...? એટલે કે 'થનારો' અને 'થયું' તે બે અનન્ય છે. જુદા જુદા નથી. કર્તા=થનારો; કર્મ=થયું, તે બે અનન્ય છે, તે બેય એક જ વસ્તુ છે.

આહા... હા! 'અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.'

પોતે જાણનારો એ 'કર્ત્તા' માટે પોતે કર્ત્તા, રાગસંબંધીનું જ્ઞાન થયું છે તે જ્ઞાનની પર્યાયનો કર્ત્તા પોતે છે અને તેનું 'કર્મ' પણ એનામાં છે.

એ જ્ઞાનમાં, રાગને જાણે છે એમ નથી ને રાગને લઈને જાણે છે એમ નથી. આહા.. હા! હવે આવી વ્યાખ્યા! સાધારણ બિચારા જીવો કે જે સંપ્રદાયમાં પડયા હોય અને આખો દિ' ક્યારેય વખત મળતો ન હોય, જિંદગી જાય. આહા...! એમાં બે ઘડી સાંભળવા જાય ને... મળે એવું સત્યથી વિરુદ્ધની વાતું મળે!!

(કહે છે) 'એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક પણે જણાયો, જ્ઞાયક જ છે. છે ને છેલ્લો શબ્દ! વચ્ચેનું લખાણ મૂકી દ્યો. (અને પછી વાંચો) 'દીવાની જેમ' – કર્ત્તા-કર્મનું અનન્યપણું હોવાથી, તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે' એમ છે ને...? ઓલું તો (દીવાની જેમ) દષ્ટાંત છે.

આહા.. હા! કોઈ એમ જાણે કે, આપણે સમયસાર સાંભળ્યું છે, માટે એમાં કાંઈ નવીનતા ન હોય, એમ નથી પ્રભુ! આહા..! એ... નવી વસ્તુ છે બાપુ! ભગવાન!

શું કીધું? 'પોતે જાણનારો માટે પોતે કર્ત્તા' –રાગની, શરીરની ક્રિયા થઈ, એનું આંહી જ્ઞાન થયું, એ જ્ઞાનનું કાર્ય પોતાનું છે. એ કાર્ય, રાગનું શરીરનું નથી, તેથી તે કાર્ય પોતે-જ્ઞાનની પર્યાય જાણે છે તે કર્ત્તા અને પોતાને જાણ્યો માટે. પોતે કર્મ **પર્યાયની વાત છે હો! અહીંયાં. જણાય છે પર્યાય, એ પર્યાય એનું 'કાર્ય' જણાય છે રાગ એમ નથી,** તેમ રાગથી અહીં જાણવું થયું-કાર્ય થયું એમ નથી. એ રાગનું કાર્ય નથી, એ જ્ઞાયકનું કાર્ય છે. સમજાનું કાંઈ?

આહા.. હા! એ સરકારના કાયદા ગહન હોય સાધારણ! આ તો ત્રણ લોકના નાથના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કાયદા!! (ગહનમાં ગહન!) આહા... હા! સર્વજ્ઞસ્વરૂપ, તો તેના કાયદા કેવા હોય બાપા! એક-એક ગાથામાં કેટલી ગંભીરતા છે!!

આહા.. હા! 'પોતે જાણનારો માટે પોતે કર્તા' -કોનો જાણનારો? પોતાની પર્યાયનો આહા.. હા.. હા! **કેવળી, લોકાલોકને જાણે છે, એ પણ નહીં. કેવળી પોતાની પર્યાયને જાણે છે.** આહા.. હા! પર્યાય તેનું કાર્ય છે ને કર્ત્તા તેનું દ્રવ્ય, એટલે જ્ઞાન (પર્યાય) છે. આહા.. હા! લોકાલોક છે માટે આંહી (તેનું) જ્ઞાન થયું છે પરનું-એમ નથી. અહા! સમજાણું કાંઈ આમાં?

આ પ્રશ્ન તો ત્યાસીની સાલમાં ઊઠેલો, સંવત ૧૯૮૩, કેટલાં વરસ થયાં? એકાવન. એકાવન વરસ પહેલાં (આ) પ્રશ્ન ઉઠયો' તો કે આ લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે કે લોકાલોકનું જ્ઞાન છે કે જ્ઞાન પોતાથી છે લોકાલોકનું છે નહીં. આ એક પ્રશ્ન હતો. શેઠે એમ કહ્યું કે લોકાલોક છે તો તેનું આહીં જ્ઞાન થયું છે. જ્યારે વીરજીભાઈએ ના પાડી કે એમ નથી. પછી બન્ને ઠઠે આવ્યા, અને મને પૂછયું. કીધું બાપુ! એમ નથી. કેવળજ્ઞાન તો પોતાથી થાય છે. કેવળજ્ઞાનના કાર્યનો કર્તા આત્મા કર્મ કેવળજ્ઞાન લોકાલોક કર્તા ને કેવળજ્ઞાન 'કર્મ' એટલા બધા શબ્દો ત્યાં ત્યારે નહોતા એ વખતે, પણ લોકાલોક છે માટે જ્ઞાનપર્યાય થઈ છે એમ નથી. આહા.. હા! સમજાણું કાંઈ...?

અરે રે! એક પણ વાતને... સર્વજ્ઞના ન્યાયથી બરાબર જાણે, તો એક 'ભાવ' જાણે એમાં બધા 'ભાવ' જાણે એમાં બધા 'ભાવ' (યથાર્થ) જણાય જાય પણ એકકેય ભાવના ઠેકાણાં ન મળે! આહા... હા! અરે રે! જિંદગી પૂરી થવા આવી તો પણ જે કરવાનું હતું તે રહી ગ્યું!! કર્યા.. ધુમાડા એકલા પાપના! અરે! પુણ્યનાં પણ ઠેકાણાં ન મળે! એને માટે ચાર-ચાર કલાક સાચો સત્‌સમાગમ કરવો જોઈએ.

આહા...! સત્‌સમાગમ પણ કોને કહેવો તેની પણ હજી સમજણ નથી કરી અને સત્‌શાસ્ત્રનું ચાર-ચાર કલાક વાંચન કરે હંમેશા, તો પુણ્ય તો બંધાય, એનાં ય ઠેકાણાં ન મળે! ધરમ તો ન મળે, પણ પુણ્યનાં ય ઠેકાણાં ન મળે!! સત્‌શાસ્ત્ર, સત્‌સમાગમ, એ બેનો પરિચય, ચોવીસ કલાકમાં ચાર કલાક રહે તે પુણ્ય બાંધે, ધરમ નહીં. ધરમ તો રાગથી પૃથક્ પડીને સર્વજ્ઞપણાનું સ્વરૂપ મારું સ્વરૂપ છે, એવો અંતરમાં અનુભવ કરે, દષ્ટિ કરીને ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ... ?

તો કહે છે કે 'જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં ય દીપક છે' દીવો જે છે ને...! એ ઘટને, પટને-પટ એટલે વસ્ત્ર, અને પ્રકાશવાકાળે તો દીવો તો દીવો જ છે. એ દીવો, ઘટ-પટને પ્રકાશે એટલે એ-રૂપે થયો છે? ના, 'દીપક ઘટ-પટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં ય દીપકજ છે' શું કીધું? દીવો, ઘટ-પટાદિની અવસ્થાને પ્રકાશવાકાળે દીવો તો દીવારૂપે છે. એ ઘટ-પટને પ્રકાશવા કાળે, ઘટપટની અવસ્થાપણે એ દીવો થયો નથી, ઘટપટને લઈને પ્રકાશે છે એમ નથી. દીવાના પ્રકાશને લઈને પ્રકાશે છે. એમ ઘટ-પટને જ્ઞાન પ્રકાશે છે, એ જ્ઞાન એનું નથી, એ પોતાના (જ્ઞાન) પ્રકાશને લઈને પ્રકાશે છે. આહા.. હા!' જેમ દીપક ઘટ-પટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક જ છે.' 'અને પોતાને, પોતાની જ્યોતિરૂપ શિખાને, પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. એમ, 'જ્ઞાયક' રાગને-પરને જાણવા કાળે પણ, જ્ઞાયકની પર્યાયનું જ્ઞાન છે અને પોતાને પ્રકાશવા કાળે પણ જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય જ છે. આહા... હા! પરને જાણવા કાળે, એની પર્યાય પરને લઈને થઈ છે, એમ નથી.

આહા..! ઘટપટને પ્રકાશવા કાળે દીવો, ઘટપટને લઈને પ્રકાશે છે એમ નથી. દીવાનો પોતાનો જ પ્રકાશક સ્વભાવ છે, ઘટપટને પ્રકાશવાનો. ઘટપટને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો જ છે! પોતાની જ્યોતિને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો જ છે.

આવું ઝીણું બાપુ! એક કલાકમાં કેટલું આવ્યું! (સમજવાની) નવરાશ ન મળે, ફુરસદ નથી, આખો ' દિ પાપ આડે અને શરીરના રક્ષણ માટે હોય તો આખો દિ ' સલવાય જાય! આનું આમ કર્યું ને.. આનું આમ કર્યું ને.. છતાંય શરીરનું જે થવાનું હોય તે થાય, એનાથી કાંઈ ન થાય. આ તો, પુરુષાર્થથી થાય જ.

આહા.. હા.. હા! દીવો, ઘટ એટલે ઘડો ને પટ-વસ્ત્રાદિ, કોયલા કે નાગને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવારૂપે રહીને જ પ્રકાશે છે. શું પરરૂપે થઈને તે પ્રકાશે છે? **અને પરને પ્રકાશે છે? ના. દીવો, દીવાને પ્રકાશે છે. તેમજ પોતાને પ્રકાશવાના કાળે પણ દીવો દીવાને જ પ્રકાશે છે.**

એમ, ભગવાન આત્મા-જાણનારો, જણાય છે તે અવસ્થામાં પણ જ્ઞાયકપણે જ પોતે રહ્યો છે. પરપણે થયો નથી ને પરને લઈને થઈ નથી અવસ્થા! અને પોતાને જાણવાકાળે પણ પોતે છે, પોતાની પર્યાય છે. હવે! આવું બધું યાદ રાખવું! આવો મારગ છે પ્રભુનો (આત્માનો) બાપુ! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સિવાય એ તત્ત્વ ક્યાંય છે નહીં.

ત્રણલોકનો નાથ! તીર્થંકરદેવ!! આહા.. હા!

પણ એ વાતું કર્યે (હાથમાં ન આવે!) બહુ સૂક્ષ્મ છે પ્રભુ! એ કોઈ પૈસા ખર્ચી નાખે કરોડ-બેકરોડ માટે ધરમ થઈ જાય, એમ નથી. આહા.. હા! શરીરની ક્રિયા કરી નાખે અપવાસાદિ કરે! શરીરનો બળુકો અપવાસાદિ કરે અને જાણપણાના-એકલી બુદ્ધિનો પ્રકાશ કરવાવાળા બુદ્ધિની વાતો કર્યા કરે, પણ અંતર શું ચીજ છે, એને કેળવવા જતો નથી!

અહીં કહે છે કે 'અન્ય કાંઈ નથી' તેમ 'જ્ઞાયકનું સમજવું' એટલે? 'જાણનારો' ભગવાન આત્મા, સ્વને જાણતાં-પર્યાયમાં સ્વને જાણ્યો, તે જ પર્યાયમાં પરને પણ જાણ્યું એ પરને જાણવાની પર્યાય પોતાની છે ને પોતાથી જ થઈ છે, એટલે (પરને જાણ્યું કહ્યું તો પણ) ખરેખર, તો પોતાની પર્યાયને એણે જાણી છે. કારણ કે પર્યાયમાં કાંઈ જ્ઞેય આવ્યા નથી. જેમ ઘટપટને દીવો પ્રકાશે છે એટલે કાંઈ દીવાના પ્રકાશમાં ઘટપટ કાંઈ આવી ગયા નથી કે દીવાના પ્રકાશમાં તેઓ કાંઈ પેઠા નથી. આહા.. હા! સમજાણું કાંઈ...? એમ, ભગવાન ચૈતન્યદીવો ચૈતન્યચંદ્રપ્રભુ! એનું જેને અંતરમાં જ્ઞાન થયું, રાગથી ભિન્ન પડીને, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે એમ એનું જેનુ અંતરમાં જ્ઞાન થયું, રાગથી ભિન્ન પડીને, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે એમ જ્યાં ભાન થયું, ત્યાં અલ્પજ્ઞપર્યાયમાં સર્વજ્ઞસ્વભાવનું ભાન થયું, તો એ જે અલ્પજ્ઞપર્યાય થઈ તે સર્વજ્ઞસ્વભાવીની છે, એ જ્ઞાયકની પર્યાય છે. સ્વને જાણે તે અને તે જ પર્યાય પરને જાણે, તે પર્યાય પણ જ્ઞાયકની પર્યાય છે. એ પરની પર્યાય છે ને પરને લઈને થઈ છે.. એમ છે નહીં.

આહા.. હા! એક વાર મધ્યસ્થ થઈને સાંભળે ને..! ન્યાં આગ્રહ રાખીને પડયા હોય કે 'આનાથી આમ થાય ને આનાથી આમ થાય' વ્રત કરવાથી સંવર થાય ને તપસ્યા કરવાથી નિર્જરા થાય! વ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિશ્ચયવ્રત કોને કહેવું, એની ખબર ન મળે! વ્રત કરીએ તો સંવર થાય ને અપવાસ કરીએ તો નિર્જરા થાય! અરે, ભગવાન! એ વ્રતના વિકલ્પો જે વ્યવહારના છે એ પુણ્યબંધનું કારણ છે. એ અપવાસના જે વિકલ્પો છે વ્યવહારના એ પણ પુણ્યબંધનું કારણ છે, જો રાગમંદ કર્યો હોય તો! ત્યાં સંવર, નિર્જરા નથી. આહા.. હા!

(આહોહો!) ત્યાં તો એમે ય કહ્યું છે ને..! ૩૨૦ ગાથા. તે ઉદયને જાણવાકાળે પણ જ્ઞાનની પર્યાયને જાણે, નિર્જરા કાળે પણ નિર્જરાની પર્યાયને જાણે છે તે નિર્જરાને કરતો નથી. ઉદયને જાણવું કહેવું પણ (સાધકને) પોતાને રાગને જાણે છે તે જ્ઞાનની પર્યાય તરીકે એને જાણે છે. નિર્જરાને કાળે જાણે છે એ પણ નિર્જરાની પર્યાય નથી એટલે કે નિર્જરાની જે પર્યાય જ્ઞાનરૂપ થઈ છે એ એ જાણે છે. બંધને જાણે એટલે બંધનું જ્ઞાન થયું છે એ જાણે, તે જ્ઞાનની પર્યાયને જાણે છે. મોક્ષને જાણે, ઉદયને જાણે, અવિપાક-સવિપાક, સકામ-અકામ નિર્જરાને જાણે-એ ચાર બોલ લીધા છે ને...! સવિપાક, અવિપાક, સકામ, અકામના આહા.. હા!

દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે! તેને સમજનારા.. વિરલ પાકે! બાકી આવી વાત બીજે ક્યાંય છે નહીં ભાઈ! એની ઊંડપની વાતુ અમે શું કહીએ!!

આહા...! અને કર્તા-કર્મનું અનન્યપણું છે, એમ કહ્યું. એટલે શું? કે 'કર્તા' અન્યને 'કાર્ય' અન્ય, એમ હોઈ શકે નહીં. 'કર્તા' જ્ઞાનની પર્યાયનો આત્મા અને પર્યાયનું 'કાર્ય' રાગાદિ જાણવું એ એનું 'કાર્ય' એમ નથી. કર્તા-કર્મ અનન્ય જ હોય છે. અનન્યપણું એટલે? તે જ કર્તા ને તે જ 'કર્મ'! આહા.. હા! તેજ કર્તા ને તે જ કાર્ય, એમ કહે છે. આહા.. હા! રાગને જાણવાકાળે જ્ઞાન, જ્ઞાનરૂપે જ થયું છે તેથી તેનું 'કર્તા' જ્ઞાન અને 'કર્મ' પણ જ્ઞાન!!

એ રાગનું જ્ઞાન (કહેવાય છે છતાં) રાગ કર્તા ને રાગનું જ્ઞાન કર્મ એમ નથી. આહા.. હા! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઊઠયો, અને એનું જે જ્ઞાન થયું, તે એને લઈને જ્ઞાન થયું છે ને? (ઉત્તરઃ અરે, એમાં ક્યાં જ્ઞાન હતું કે તેનાથી જ્ઞાન થાય, જ્ઞાન તો આહીં છે, આત્મામાં!!

સ્વપરપ્રકાશક જ્ઞાન આવે છે ને..! સમયસાર નાટકમાં આવે છે (સાધ્ય-સાધક 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તા તૈં વચન ભેદ-ભ્રમ ભારી' -સ્વપ્રકાશ જ્ઞેય અને પરપ્રકાશ જ્ઞેય-બેય વસ્તુ જ્ઞેય, જ્ઞેય સ્વને પર બેય, છતાં પણ પરને જાણવાકાળે પર્યાય, પોતે પોતાથી જાણે છે (પોતાને) અહીંયાં એ સિદ્ધ કરવું છે. વિશેષ કહેશે.

* * *

> પ્રશ્નઃ સ્વ-પર પ્રકાશક સ્વભાવમાં બે પણું આવ્યું છે કે એકપણું?
>
> ઉત્તરઃ શક્તિ એક છે. એક પર્યાયમાં અખંડપણું છે, બે પણું નથી. સ્વ-પર પ્રકાશનું સામર્થ્યપણું એક છે. ભેદ પાડીને બે પણું કહેવાય છે.
>
> (પરમાગમ સાર બોલ-૮૭૦)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચનક્રમાંક-૨૩ દિનાંકઃ ૨-૭-૭૮

'સમયસાર' છઠ્ઠી ગાથાનો ભાવાર્થ. છઠ્ઠીગાથા થઈ ગઈ. આ ભાવર્થ છે. શું કહેવા માગે છે? કે આ વસ્તુ જે છે આત્મા! તે દ્રવ્ય તરીકે શુદ્ધ છે. વસ્તુના.. સ્વભાવ તરીકે વસ્તુ (આત્મદ્રવ્ય) પોતે શુદ્ધ છે. પવિત્ર છે, નિર્મળ છે. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, એની દ્રષ્ટિ કરતાં... એની દ્રષ્ટિ કરતાં એટલે એનો આદર કરતાં, એને એ 'શુદ્ધ છે' એવું જ્ઞાનમાં-ખ્યાલમાં આવે! વસ્તુ (આત્મદ્રવ્ય) તો શુદ્ધ છે, એ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યઘન-આનંદકંદ છે. મલિનતા તો, એકસમયની પર્યાયમાં દેખાય છે, વસ્તુ મલિન નથી. વસ્તુ (આત્મવસ્તુ) નિર્મળ, શુદ્ધ, પૂર્ણ, અખંડ, અભેદ એકરૂપ વસ્તુ ત્રિકાળ છે!! એતો, શુદ્ધ છે, પવિત્ર છે, અખંડ છે!!

પણ કોને? એને... જાણે... એને! જેના જ્ઞાનમાં આવી વસ્તુ આવી નથી- એ ચૈતન્યપ્રભુ છે. પૂર્ણાનંદ છે-પણ, જેના ખ્યાલમાં આવી નથી, એને તો છે જ નહીં.

એને ભલે, વસ્તુ (આત્મા) છે પણ, 'એ શુદ્ધ છે' એમ તો એને (જ્ઞાનમાં ખ્યાલમાં) છે નહીં, કેમકે દ્રષ્ટિમાં જેને રાગ ને પુણ્ય ને દયા, દાનના વિકલ્પ, જેની દ્રષ્ટિમાં વર્તે છે, એને વસ્તુ (આત્મા) શુદ્ધ છે તે તેના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યું નથી, એના શ્રદ્ધા-જ્ઞાનમાં તો અશુદ્ધતા આવી છે- પર્યાય આવી છે. અને એ અશુદ્ધતા પર્યાયમાં એને આવી છે તે યથાર્થ છે 'યથાર્થ છે' એટલે અશુદ્ધપણું (પર્યાયમાં) છે, પર્યાયદ્રષ્ટિએ અશુદ્ધપણું છે.

પણ, એ વાસ્તવિક ચીજ નથી. વાસ્તવિક ચીજ તો, ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે! એ સત્ય છે!!

એની (પર્યાયદ્રષ્ટિની) અપેક્ષાએ પર્યાય હતી ખરી-છે ખરી, પણ ત્રિકાળી આત્માની અપેક્ષાએ તે વસ્તુને (પર્યાયને) ગૌણ કરીને, નથી એમ કહેવામાં આવ્યું, પણ પર્યાય છે-રાગ છે-અસ્તિ છે ઈ. નથી એમ નહીં.

પણ, તે પર્યાય ઉપર દ્રષ્ટિ કરવાથી મિથ્યાત્વ થાય છે અને ભ્રમણ ઊભું રહે છે, માટે 'પર્યાય નથી' એમ નિષેધ કર્યો, એ પર્યાય હોવા છતાં-રાગાદિ હોવા છતાં, એ પર્યાયદ્રષ્ટિનો નિષેધ કરી, તે ચીજ મારામાં નથી, એમ નિષેધ કર્યો.

આહા.. હા! વસ્તુ જ્ઞાયક! ચૈતન્યપ્રભુ! સચ્ચિદાનંદ સ્વરૂપ એનું છે, આહા..! તેની દ્રષ્ટિ કરતાં, એની દ્રષ્ટિમાં - આવી દ્રષ્ટિ કરી (શુદ્ધ દ્રવ્યની) ત્યારે ચીજ આવી ખ્યાલમાં, એને માટે 'શુદ્ધ' ને પવિત્ર છે.

આહા...! જેને ખ્યાલમાં જ વસ્તુ આવી નથી એને 'શુદ્ધ' છે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, આ તો મુખ્ય વાત છે.. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલી અને જોયેલી અને જગતને દેખાડવા માટે આ વાત છે!

આહા...! પ્રભુ! તું કોણ છે? તને.. તેં દેખ્યો નથી! તું જે નથી, તેને તેં દેખી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા.. હા! પર્યાયમાં રાગ અને પુણ્યને પાપના ભાવ, કે જે એ વસ્તુમાં (આત્મામાં) નથી, એને તેં દેખીને માન્યું (કે શુભાશુભ મારામાં છે) એ તો, પરિભ્રમણનું કારણ છે.

એ પરિભ્રમણનો અંત... એટલે કે જેમાં પરિભ્રમણને પરિભ્રમણનો ભાવ નથી એવી ચીજ તું છો પ્રભુ! પૂર્ણાનંદનો નાથ! સચ્ચિદાનંદ!! સત્=સત્... ચિદ્.. આનંદ=સચ્ચિદાનંદ (એટલે) જ્ઞાન ને આનંદ પ્રભુ આત્મા (છે). પણ, એની દ્રષ્ટિ કરે એને એ જ્ઞાન-આનંદ છે. એની દ્રષ્ટિ ન કરે-વસ્તુ દ્રષ્ટિમાં આવી નથી, તો એને તો એ સચ્ચિદાનંદ ધ્રુવ છે જ નહીં. આહા.. હા! આકરું કામ બાપુ!

તેથી, અહીં ભાવાર્થમાં કહે છે કે 'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે' વસ્તુમાં નથી (આત્માદ્રવ્યમાં નથી) સમજાણું કાંઈ...?

વસ્તુ જે ત્રિકાળી ચૈતન્ય ધ્રુવ, સચ્ચિદાનંદ સ્વરૂપ જે શુદ્ધ છે, અખંડ!! એમાં મલિનતા નથી. પણ જે પર્યાયમાં મલિનતા થાય છે, એ અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. સંયોગી ચીજના લક્ષે તે 'સંયોગીભાવ' ઉત્પન્ન થાય છે.

સ્વભાવભાવની દ્રષ્ટિએ, સ્વ, ભાવ તેને દ્રષ્ટિમાં આવે છે, અને સંયોગીભાવના લક્ષે તેને સંયોગીભાવ લક્ષમાં આવે છે- અશુદ્ધતા તેને દ્રષ્ટિમાં આવે છે, એ (અશુદ્ધતા) પરદ્રવ્યના સંયોગથી આવે છે? આહા! ઝીણી વાત બહુ બાપુ! મારગ વીતરાગનો છે ને...! બાપા...!

આહા...! વીતરાગસ્વરૂપ છે પ્રભુ, જો તે વીતરાગસ્વરૂપ ન હોય તો, વીતરાગતા અને સર્વજ્ઞતા ક્યાંથી આવશે? શું તે કાંઈ બહારથી આવે તેવું છે?

આહા.... હા! વીતરાગસ્વરૂપે પ્રભુ આત્મા છે.

પણ, એને આ રાગ જે દેખાય છે, તે સંયોગજનિતપર્યાય-અશુદ્ધ-મલિન છે. જોયું? 'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે' છે? પર્યાયમાં અવસ્થામાં રાગ છે જ નહીં, એમ નથી. રાગ પણ છે. અને તે અપેક્ષાએ સત્ય સત્ય એટલે 'છે એમ'. 'નથી જ' એમ નહીં-અસત્ છે એમ નહીં.

(શ્રોતા:) રાગ ભ્રમણાથી ઉત્પન્ન કર્યો છે? (ઉત્તર:) હેં? ભ્રમણા છે, પોતે રાગ ઉત્પન્ન કર્યો એ જ ભ્રમણા છે. સ્વરૂપમાં રાગ નથી, સંયોગને લક્ષે ઉત્પન્ન કર્યો એ જ મિથ્યાત્વ ને ભ્રમ છે. આહા..! પણ, 'ભ્રમ' પણ છે, ભ્રમ નથી એમ નહીં. પર્યાયમાં, એ અશુદ્ધતાની અવસ્થા છે તેથી 'ભ્રમ' પણ છે. આ હું છું, તો એ 'ભ્રમ' પણ છે અને 'છે' ઈ અપેક્ષાએ 'ભ્રમ' સત્ય છે. પરંતુ 'છે' એ અપેક્ષાએ! ભલે, તે ત્રિકાળ નથી માટે અસત્ છે, પણ વર્તમાનમાં છે. તે બિલકુલ નથી જ એમ કોઈ કહે તો એ વસ્તુની પર્યાયને જ જાણતો નથી; દ્રવ્યને તો જાણતો નથી પરંતુ તેની પર્યાયને ય તે જાણતો નથી.

આહા... હા!' અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે' સંયોગ એટલે સંબંધ! સંયોગ (અશુદ્ધપણું) કરાવતું નથી. પરદ્રવ્યનો સંયોગ, અશુદ્ધપણું કરતું નથી, પણ પરદ્રવ્યના સંયોગે પોતે અશુદ્ધપણું ઊભું કરે છે. સમજાણું કંઈ....? આવી વાત છે બાપુ! બહુ ઝીણી વાત છે!!

અનંતકાળમાં એણે આત્મા શું ચીજ છે, તે વાસ્તવિક જાણવાનો પ્રયત્ન જ કર્યો નથી, બાકી બધા પ્રયત્નો કરી-કરીને મરી ગ્યો બહારથી...

(કહે છે) 'ત્યાં મૂળદ્રવ્ય તો અન્ય રૂપ થતું જ નથી' એટલે શું કહે છે? અશુદ્ધતા પરદ્રવ્યના સંબંધે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવે છે અર્થાત્ પરનો સંબંધ કર્યો છે માટે, હો? પણ, પરને લઈને અશુદ્ધતા-વિકાર થાય છે, એમ નથી.

હવે, કહે છે. કે: 'મૂળદ્રવ્ય તો અન્યદ્રવ્યરૂપ થતું જ નથી' એટલે કે (મૂળ દ્રવ્ય) વિકારરૂપ થતું જ નથી. અન્યદ્રવ્ય=રાગ, એ ખરેખર વસ્તુ નથી અન્યદ્રવ્ય છે. એ રૂપે મૂળદ્રવ્ય થતું નથી.

આહા... હા! અંદર ભગવાન આત્મામાં, જે કંઈ પુણ્યને પાપનો ભાવ થાય, તે નિશ્ચયથી અન્યદ્રવ્ય છે. તો, સ્વદ્રવ્ય તે અન્યદ્રવ્યરૂપે થતું નથી. આહા.. હા! વસ્તુ છે તે વિકારપણે થતી જ નથી ત્રણકાળમાં!!

આહા.. હા! 'તે મૂળ દ્રવ્ય તો..' મૂળદ્રવ્ય કહ્યું છે ને...! (પહેલા તો) ઉત્પન્ન થયેલી દશા કીધી, સંયોગના સંબંધે ઉત્પન્ન થયેલો અશુદ્ધ ભાવ છે,' પણ મૂળદ્રવ્ય જે છે, એતો અન્યદ્રવ્યરૂપ-મલિનતારૂપે થયું જ નથી. અન્ય દ્રવ્યના સંયોગે થતો 'ભાવ', એ ખરેખર તો અન્યદ્રવ્ય છે. વસ્તુનું સ્વરૂપ નથી. આહા.. હા! આવું સમજવું હવે!

આહા... હા! 'મૂળ દ્રવ્ય' -જે મૂળચીજ છે. સત્ અનાદિ-અનંત, વસ્તુ તરીકે દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે, સત્ત્વ તરીકે જે છે, એ અનેરા તત્ત્વપણે થતું નથી. અનેરા તત્ત્વ નામ એ રાગરૂપે થતું નથી. એ પરદ્રવ્ય છે-એ અનેરું તત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, એ વિકલ્પ છે, રાગ છે, એ અનેરું તત્ત્વ છે. એ જીવ તત્ત્વ નથી, ત્યાં મૂળદ્રવ્ય તો અન્યદ્રવ્યરૂપ એટલે અન્યતત્ત્વરૂપ થતું જ નથી.

આહા.. હા! 'માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે' નિમિત્તથી એટલે? નિમિત્તથી થતું નથી. નિમિત્ત છે તેના લક્ષે થયેલી છે મલિન અવસ્થા, તેથી નિમિત્તથી એમ કીધું છે, કથન છે. 'માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. (એટલે) અવસ્થામાં મલિનતા છે-પર્યાયમાં મલિનતા છે, વસ્તુ (તો) નિર્મળાનંદ પ્રભુ છે!

આહા.. હા! વીતરાગમૂર્તિ પ્રભુ ચૈતન્ય તો અનાદિ-અનંત, વસ્તુ છે. એના પર્યાયમાં, પરદ્રવ્યના નિમિત્તે, અવસ્થા એટલે કે દશા-હાલત મલિન થઈ જાય છે. વસ્તુ નહીં. આહા.. હા! એની વર્તમાનદશા મલિન થઈ જાય છે.

(કહે છે કે) 'દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તેજ છે' -દ્રવ્યદૃષ્ટિથી હો? દ્રવ્યને જે દૃષ્ટિ દેખે, તે દૃષ્ટિથી જોઈએ તો દ્રવ્ય જે છે તે જ છે. એતો જે છે તે જ છે! આહા... હા! ભાઈ, ભાવ ઝીણા છે! ભાષા સાદી છે, કંઈ બહુ એવી નથી.

આહા... હા! એને અનંત, અનંત કાળ થયા, તત્ત્વ શું છે? મૂળ-કાયમી ચીજ શું છે?

તે, 'દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે!! એમાં મલિનતા ય નથી, સંસારે ય જે છે તે જ છો?! નથી, એ છે તે જ છે અનાદિની!! દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય' એટલે વસ્તુ!, દ્રવ્ય એટલે આ પૈસો નહીં હો?! આહા...! ભગવાન આત્મા, વસ્તુ છે ને...! છે ને... !! એ ભૂતકાળમાં નહોતી એમ છે? એ તો પહેલેથી જ છે અનાદિ છે, અને વર્તમાન છે અને અનાદિ છે તે ભવિષ્યમાં છે. 'છે' તે તો ત્રિકાળ છે.' છે છે ને છે' આવો જે (આત્મા) 'દ્રવ્યદૃષ્ટિએ જે છે તે જ છે-જે છે તે જ છે. 'પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે' - જોવામાં આવે! જોયું? પર્યાયદૃષ્ટિથી આમ જોવામાં આવે... 'તો મલિન જ દેખાય છે' - છે મલિન, એ દેખાય છે. પર્યાયથી જોઈએ તો મલિન છે એમ દેખાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આંહી પરની દયા પાળવી કે પરની હિંસા (આત્મા) કરી શકે છે, એ વાત તો છે જ નહીં કારણકે એ વાત (સ્વરૂપમાં જ) નથી, એ કરી શકતો નથી, (કર્ત્તાપણું) એ તત્ત્વમાં જ નથી, એની વાત શું કરવી?

એનામાં ઈ કરી શકે છે-પર્યાયદષ્ટિ અને દ્રવ્યદષ્ટિ, એ (બે) વાત કરે છે. સમજાણું કાંઈ....?

મલિનપર્યાય કરી શકે છે અજ્ઞાનભાવે પર્યાયદષ્ટિએ પણ એથી પરનું કાંઈ કરી શકે છે, એ તો વાત આંહી લીધી જ નથી, કારણ કે પર તો પરપણે છે અને (આત્મા) શું કરી શકે?

તારામાં હવે બે વાત છે. જો પર્યાયદષ્ટિએ જોઈએ તો તારામાં મલિનતા છે, એ પણ બરાબર છે, દ્રવ્યદષ્ટિએ જોઈએ તો તે જે છે તે જ છે, એ પણ બરાબર છે. (બેય) બરાબર છે તો, જે ત્રિકાળી ચીજ છે તે દષ્ટિમાં લેવા.. એ મલિનતા જે પર્યાયમાં છે, તે છે છતાં તેને ગૌણ કરીને, તે નથી એમ કહીને એને ત્રિકાળી જે છે અને મુખ્ય કરીને-નિશ્ચય કરીને, સત્ય કહીને એનો આશ્રય લેવરાવ્યો છે. આહા.. હા! હવે, આવો ઉપદેશ છે!! પર્યાયદષ્ટિથી જોવામાં આવે તો મલિન દેખાય છે.

'એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે' જોયું? દ્રવ્ય જે છે તે જ છે, તો 'દ્રવ્ય' શું છે ઈ? આત્માનું હવે લેવું છે ને દ્રવ્ય!! બાકી (વિશ્વમાં) બીજાં દ્રવ્ય તો છે, પણ આંહી 'દ્રવ્ય' જે છે તે શું? 'એનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. 'દ્રવ્ય' આહા..! જાણક્સ્વભાવ! ધ્રુવમાત્ર પ્રભુ! એ આત્મા છે. અનાદિ-અનંત એ વસ્તુ છે. (તેને) દ્રવ્યથી કહો કે જ્ઞાયકપણાથી કહો, એ બધી એક ચીજ છે. પણ 'દ્રવ્ય' કહ્યું છે તો સામાન્ય થઈ ગયું અમારે એમાં 'આત્મા' કહેવો છે. ત્યારે તેને કહ્યું કે એ આત્માનો સ્વભાવ 'જ્ઞાયકપણું માત્ર' છે. (વિશ્વમાં) દ્રવ્ય તો છ એ છે, એ તો બધા દ્રવ્યોની સામાન્ય વાત કહી. પણ, 'આ દ્રવ્ય છે' એ વસ્તુ શું છે? તો કહે છે કે (વિશ્વમાં) દ્રવ્ય તો પરમાણુ પણ છે, આકાશ પણ છે. પણ આ જ્ઞાયકમાત્ર દ્રવ્ય છે. જ્ઞાયકપ્રભુ! જાણક્-સ્વભાવસ્વરૂપ તે દ્રવ્ય છે. (વિશ્વમાં) દ્રવ્ય તો પરમાણુ છે ને આકાશ પણ છે એ કાંઈ જ્ઞાયક સ્વભાવ સ્વરૂપ નથી, એ તો જડસ્વરૂપ છે.

'આ રીતે આત્માનો સ્વભાવ' જ્યારે દ્રવ્ય જે છે તે જ છે, (એમ કહ્યું) તો એ તો 'જ્ઞાયકપણું માત્ર' છે. આહા.. હા! જાણક્... સ્વભાવની મૂર્તિ... પ્રભુ... આત્મા છે. જાણક્સ્વભાવની પૂતળી પોતે છે. એકલો જ્ઞાયકભાવ! એ દ્રવ્ય!! સમજાણું કાંઈ...? મારગ બહુ અલૌકિક છે બાપા! એક તો આવું સત્ય છે, તેવું સાંભળવા મળે નહીં, તે કે દિ' વિચારે... અને વાસ્તવિક છે જે કરવા જેવું તે કેદિ' કરે?! એ દ્રવ્ય! આત્માનો સ્વભાવ, કાયમી દ્રવ્ય લેવું છે ને...! કહે છે કે દ્રવ્યનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર! બિલકુલ, રાગને પુણ્યને સંસાર ને ઉદયભાવ એમાં બિલકુલ છે નહીં. એ તો જ્ઞાયક માત્ર પ્રભુ ધ્રુવ, જાણક્સ્વભાવનો કંદપ્રભુ! જાણક્સ્વભાવનું વજ્રબિંબ!! એ તો 'જ્ઞાયકમાત્ર' પ્રભુ છે.

'જેની દષ્ટિ કરતાં સમયગ્દર્શન થાય' એ જ્ઞાયકની દષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, કારણ કે સમ્યક્ નામ સત્યદર્શન!! એ જ્ઞાયક ત્રિકાળી સત્ છે, એનું દર્શન કરતાં સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ...?

(કહે છે) 'અને તેની અવસ્થા, પુદ્ગલ કર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે' તે પર્યાય છે. પહેલી સાધારણ વાત કરી'તી પછી, દ્રવ્ય (ને) જ્ઞાયકભાવ તરીકે બતાવીને, એ વસ્તુ (આત્મતત્ત્વ) જ્ઞાયકભાવમય દ્રવ્ય છે. (એમ કહ્યું) અને એની પર્યાયમાં,

'તેની અવસ્થા પુદ્ગલ કર્મના નિમિત્તથી' (એમ કહ્યું તો) નિમિત્તથી એટલે એનાથી એમ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નિમિત્ત છે પણ એનાથી થયું નથી. ફકત, સ્વભાવથી નથી થયું, એથી તે 'નિમિત્તથી' થયું છે એમ કહેવામાં આવે છે.

આહા.. હા! 'પુદ્‌ગલ કર્મના નિમિત્તથી રાગાદિરૂપ...' રાગ-દ્વેષ, વિષય-કષાયના ભાવ, એ બધાં મલિન છે. એ તો પર્યાય છે. એ વસ્તુ નથી કાંઈ! મલિન જે કાંઈ પુણ્યને પાપના ભાવ દેખાય છે, એ તો પર્યાય છે. દ્રવ્ય-જ્ઞાયક છે તે, આ મલિનપર્યાયમાં આવ્યું નથી, તેમ મલિનપર્યાય, પર્યાય છે તે જ્ઞાયકભાવમાં ગઈ નથી. એનું 'હોવાપણું' પર્યાયનું પર્યાયમાં રહેલું છે, અને જ્ઞાયકભાવનું 'હોવાપણું' પોતાના જ્ઞાયકપણાને પોતાને લઈને જ્ઞાયકભાવમાં રહેલું છે. બેય 'હોવાપણે' તો છે.

આમ આકાશના ફૂલ નથી, એની જેમ અશુદ્ધતા નથી, એમ નથી, પણ ઈ (અશુદ્ધતા) પર્યાયમાં છે. આહા.. હા! વસ્તુમાં (દ્રવ્યમાં) નથી. આહા..! આવું જ્યાં! વાણિયાને ધંધા આડે, નવરાશ ન મળે! ભાઈ!

આહા... હા! આ વસ્તુ તો જુઓ! આ? પ્રભુ જે ચૈતન્ય દ્રવ્ય છે, એ જ્ઞાયકરૂપે દ્રવ્ય છે, એમ કહ્યું (જગતમાં) દ્રવ્ય તો બીજાંય છે પરમાણુ આદિ, આ તો, ચૈતન્યજ્યોત! જ્ઞાયકભાવ! જ્ઞાયકભાવ ધ્રુવ! જ્ઞાયકમાત્રભાવ, એ રીતે પ્રભુ (આત્મા) છે અને એની અવસ્થામાં સંયોગજનિત મલિનતા પણ છે. (છતાં) પણ એ મલિનતા જ્ઞાયકભાવમાં ગઈ નથી, 'જ્ઞાયક ભાવ મલિનપણે થયો નથી'

આહા... હા! 'પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો' જોયું? પર્યાય છે, એમ સિદ્ધ કર્યું છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન દેખાય છે' આહા.. હા! વર્તમાન રાગને પુણ્ય, પાપના ભાવ, સંયોગજનિત જે છે ઈ છે. એ પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે... તો એ છે.' મલિન જ દેખાય છે' આહા.. હા!

હવે, આવ્યું જુઓ!!

'દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો...' જોવામાં આવે એમ. ઓલામાં (મલિનતામાં) પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો.. (કહ્યું) વર્તમાન પર્યાયથી જોવામાં આવે તો મલિનતા જ્ઞાનીનેય દેખાય છે પર્યાયમાં, તેથી (આચાર્યદેવે) કહ્યું ને કે 'મારો મોહ ને પરના મોહના નાશ માટે' પર્યાયમાં મોહ છે, ઈ ભલે આંહી (સાધકને) રાગનો અંશ છે પણ 'છે' - અસ્તિ છે. પર્યાયથી જોઈએ તો મલિનતાનું અસ્તિત્વ છે. વસ્તુથી જોઈએ તો વસ્તુમાં એ છે નહીં. આહા.. હા! ભાષા તો સાદી છે, ભાવ તો જે છે તે છે!! આહા.. મૂળ વિના-વરવિના અત્યારે જાન જોડી દીધી! દુલ્હો નહીં ને જોડી દીધી. કે આત્મા, કોણ દ્રવ્ય છે? એનાં જ્ઞાન ને ભાન વિના... બધું કરો વ્રતને, તપને, ભક્તિને, મંદિરો.. ને.. આહા.. હા!

અહીંયાં કહે છે (કે) દ્રવ્ય જે છે એ તો જ્ઞાયકભાવ છે. પર્યાયથી જુઓ તો મલિનતા છે. 'દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે' એને.. દ્રવ્ય જે જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે. એ મલિન થયું જ નથી, વસ્તુ મલિન થઈ જ નથી!

આહા...! કેમ... બેસે? આ મલિન પર્યાય છે તે... મલિન પર્યાય, પર્યાય તો મલિન છે ને પર્યાય દ્રવ્યની છે તો દ્રવ્ય મલિન નથી થયું? એમ કહે છે. છાપામાં આવે છે, ઈ કહે છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થયું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરે, ભગવાન નવમી ગાથામાં આવે છે ને પ્રચવનસારની. અશુભભાવ વખતે દ્રવ્ય અશુભ, છે, અશુભભાવમાં તન્મય છે અને શુદ્ધભાવ વખતે દ્રવ્ય શુદ્ધ છે, શુદ્ધભાવમાં તન્મય છે પર્યાય, એ તો પર્યાયની વાત છે. બીજાની છે ને એની કહેવાય એમ નથી. (શ્રોતા) એ રીતે દ્રવ્ય અશુદ્ધ થઈ જાય? (ઉત્તર) પણ શુદ્ધ ત્રિકાળી છે, એ શુદ્ધ જ છે. દ્રવ્ય કોઈ દિ' અશુદ્ધ થાય જ નહીં ત્રણકાળમાં-ત્રણકાળમાં એમ નથી. ભગવાન (આત્મદ્રવ્ય) તો જ્ઞાયકરૂપે ત્રિકાળ રહ્યો છે. શુભપણે, અશુભપણે ને શુદ્ધપણે પરિણમે, એ પર્યાય પરિણમે છે. એ શુભની પર્યાય કાંઈ દ્રવ્યમાં ગરી ગઈ નથી. આહા.. હા! સમજાય છે કાંઈ.. ?

આવું સ્વરૂપ છે ભાઈ...! તારું સ્વરૂપ જ એવું છે પ્રભુ! તને ખબર નથી! આહા.. હા!

"અને તને દૃષ્ટિ કરવા માટે અવકાશ છે" કેમ? એતો જ્ઞાયકપણે રહ્યો જ છે, એમાં મલિનતા ક્યાં છે? (નથી) તેથી, દૃષ્ટિ કરવા માટે તને અવકાશ છે. એતો, જ્ઞાયકપણે પ્રભુ (શુદ્ધ) તો ત્રિકાળ રહેલો છે!! આહા..! માટે દૃષ્ટિનો વિષય છે એ તો 'એવો ને એવો' રહેલો છે (તેથી તો) રહ્યો છે માટે દૃષ્ટિ કરી શકીશ તું આહા.. હા..! (દૃષ્ટિનો વિષય દ્રવ્ય) મલિન થઈ ગ્યો હોય ને... શુદ્ધતા નામે ય ન હોય તો તો મુશ્કેલી!

પણ, ઈ તો પર્યાયમાં મલિન છે. (દ્રવ્ય તો એવું ને એવું રહેલું) પહેલી વાતમાં-પહેલામાં પહેલાં સમયગ્દર્શનનાં જ ઠેકાણાં નથી. એ વસ્તુ જ જ્યાં નથી-જેની ભૂમિકા-સમ્યગ્દર્શનની, ધરમની ભૂમિકા શરૂ થાય છે એ વસ્તુ જ જ્યાં નથી એને તો આ બધાં વ્રતને તપ કરે ઉપસર્ગ પરિષહ સહન કરે ને.. એ બધું થોથાં છે, સંસાર ખાતે છે પ્રભુ!!

આહા.. હા! 'દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે...' એ તો, દ્રવ્ય તો, જ્ઞાયકભાવે છે. એ દૃષ્ટિથી જોવામાં આવે.. તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ તેને નજરે પડશે! આહા.. હા! સમજાણું? શું કહ્યું? કે જે આત્મા છે એ જ્ઞાયકભાવ-જાણક્સ્વભાવ ભાવ એ તો ત્રિકાળ છે. એની વર્તમાન દશામાં મલિનતા છે ઈ તો દશામાં-પર્યાયમાં છે, વસ્તુ છે એ તો જ્ઞાયક ભાવે ત્રિકાળ રહેલી છે. એ જ્ઞાયકભાવ કોઈ દિ' મલિન થયો નથી, જ્ઞાયકભાવ કોઈ દિ' અપૂર્ણ રહ્યો નથી. જ્ઞાયકભાવ કોઈ દિ' પરપણે થઈને અશુદ્ધતા એને લાગુ પડે એમ થયું જ નથી. એ જ્ઞાયકભાવ ત્રિકાળ છે એને આવરણ નથી. આહા.. હા! એ તો, જ્ઞાયકપ્રભુ છે વસ્તુ છે ને...! ચૈતન્ય વસ્તુ છે ને...! જાણક્સ્વભાવ... જાણક્સ્વ ભાવ.. જાણક્સ્વભાવ, એવી નિત્યાનંદ પ્રભુ ધ્રુવ (વસ્તુ) અણઉત્પન્ન ને અવિનાશી એવી ચીજ છે ને... !!

તો..... તને અવકાશ છે. **કેમકે જ્ઞાયકભાવ, જ્ઞાયકપણે રહેલો છે. તો, તેની દૃષ્ટિ કરવાને અવકાશ છે તને. તો તે જ્ઞાયકની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.**

આહા..! એ મલિન થઈ ગ્યો હોય ને એને જ્ઞાયકપણે માનવો હોય, તો તો એને અવકાશ, સમ્યગદર્શનનો ન રહે!

આહા.. હા! પણ પ્રભુ (આત્મા)! તો અંદર ચૈતનય સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ! એ તો જ્ઞાયકપણે-જાણક્પણે-તત્ત્વપણે ત્રિકાળ છે. એની વર્તમાન અવસ્થા-હાલત-પર્યાય એમાં મલિનપણું આ પુણ્ય-પાપનું દેખાય છે. (છતાં) એ પુણ્ય પાપના મલિનતાપણે જ્ઞાયકત્રિકાળ થયો જ નથી કોઈ દિ' આહા... હા! કેમકે એ મલિનતાની પર્યાયનો એમાં પ્રવેશ નથી. કેમકે મલિનપર્યાયને એ જ્ઞાયકભાવ છે

તે અડતો ય નથી. આ તે કંઈ વાત!! આકરી વાત છે બાપુ!

એ જ્ઞાયકપણું, દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો, 'જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે' શું કહ્યું? 'જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું છે.' જોયું? એનો સ્વભાવ જાણવા-પણું છે, ઈ સત્ પ્રભુ ઈ આત્મા સત્! સચ્ચિદાનંદ!! ચિદ્ નામ જ્ઞાન ને આનંદનું સત્=સચ્ચિદાનંદ! એ તો ત્રિકાળી જ્ઞાનને આનંદ સ્વરૂપે જ બિરાજમાન છે.

આહા.. હા! દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો, કાયમ રહેલું તત્ત્વ છે. વર્તમાન દશામાં મલિનતા છે એને ન જોવામાં આવે અને કાયમ રહેલી ચીજ જે છે વસ્તુજ્ઞાયક-ધ્રુવ એને જોવામાં આવે, તો તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે.. 'ભાવ' લેવો છે ને..! સત્પણું સત્પણું? સત્ પ્રભુ, તેનું સત્પણું જે જ્ઞાયકપણું છે આહા..! સત્... 'છે' -એવો જે ભગવાન આત્મા એનું જ્ઞાયકપણું તે એનું સત્ત્વ એનો 'ભાવ' છે- આ પુણ્ય, પાપના ભાવ થાય, દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધ ના ભાવો (જે થાય) એ એનું (આત્મદ્રવ્યનું) સત્ત્વ નથી, એ સત્નું સત્ત્વ નથી, સત્નો એ કસ નથી.

આહા.. હા! સત્ પ્રભુ (આત્મદ્રવ્ય) છે એનો કસ (સત્ત્વ) તો જ્ઞાયકપણું જ છે. આરે.. આરે! આવી વાતુ હવે! નવરાશ ન મળે, તત્ત્વ સમજવાની! બપુ, આ કરવું પડશે ભાઈ..! એ નિવૃત્તિસ્વરૂપ જ પડયું છે.

'ઓલામાં આવે છે ને...! "નજરની આળસે રે, નીરખ્યા નહિ મેં હરિ" -મારી નયનને આળસે રે, નીરખ્યા નહિ નયણે હરિ!! ઈતો ઈ પર્યાયની મલિનતાની સમીપમાં પડયો છે પ્રભુ જ્ઞાયક. આહા.. હા! પણ એને જોવાને ફુરસદ ન લીધી! જોનારને, જોવાનું નજરું (કરી) ત્યાં રોકાઈ ગયો! પર્યાયમાં બહાર જોવાનું (કર્યું) જેની સત્તામાં જોવાય છે, તે સત્તા જોવા નવરો ન થયો! સમજાણું કાંઈ...? આવો મારગ છે!!

આહા.. હા! (લોકો કહે છે કે) આમાં (અમારે) કરવું શું? કાંઈ સૂઝ પડતી નથી. આગમ પ્રમાણે કહે કે વ્રત કરવું ને દયા પાળો ને પૈસા દાનમાં આપો.. મંદિર બનાવો, એવું કહો તો સમજાય તો ખરું?

એમાં સમજવું'તું શું? ઈ તો રાગ છે અને રાગપણે પ્રભુ (જ્ઞાયક) કોઈ દિ' થયો નથી. એ રાગપણે પર્યાયપણે, પર્યાય થયેલ છે. આહા.. હા! એ દ્રવ્ય પોતે રાગપણે થાય તો તો થઈ રહ્યું! દ્રવ્ય અશુદ્ધ થઈ જાય એટલે કે દ્રવ્ય જ પોતે રહ્યું નહીં આહા...? એ તો ચીજ છે એ છે.

આહા... હા! જ્ઞાયકપણે પ્રભુ આત્મા બિરાજમાન છે બધા આત્માઓ અંદરમાં, જ્ઞાયકપણું છે તે છે અંદર!! આહા...? 'છે' તેની દૃષ્ટિ કરવી છે ને...? પ્રભુ!!

આહા....? અમારી સામે જોઈને તું સાંભળે છે ને જે રાગ થાય છે, એ તો પર્યાયમાં થાય છે, તારો જ્ઞાયકભાવ છે, જે છે તે કોઈ દિ' રાગપણે પર્યાય પણે થયો જ નથી. સમજાણું કાંઈ...?

(કહે છે) 'કાંઈ જડપણું થયું નથી' એટલે? શુભ-અશુભ ભાવ છે એ તો જડ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે ઊઠે, એમાં ચૈતન્યના જ્ઞાયકપણાના અંશનો પણ અભાવ છે. આખા જ્ઞાયકપણાનો તો અભાવ છે એમાં શું કીધું ઈ? જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામમાં જ્ઞાયકપણાના તો 'અભાવ' છે પણ તેના એક અંશનો પણ એમાં અભાવ છે. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પર્યાય, એમાં જે ભગવાન જણાણો, એવી પર્યાયનો પણ રાગમાં અભાવ છે, જ્ઞાયકનો તો રાગમાં અભાવ છે જ.

આહા... હા! અરે! આવી વાત ક્યાં મળે ભાઈ? !

(કહેછે કેઃ) 'જડપણું થયું નથી' એટલે? જે કંઈ શુભભાવ કે અશુભભાવ થાય, એમાં ચૈતન્યનો-જ્ઞાયકભાવનો તો અભાવ છે, પણ જ્ઞાયકભાવની જે પર્યાય, શ્રદ્ધાજ્ઞાનને આનંદની થાય નિર્મળ એનો એમાં (રાગમાં) અભાવ છે, તેથી જડપણું છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, જાત્રાના ભાવ (થાય) એ બધો રાગ છે, તેથી જડ છે. ભગવાન ચૈતન્ય (આત્મા) જ્ઞાયકપણે છે વસ્તુ જે જ્ઞાયકપણે છે, તે તો રાગપણે રાગરૂપે થઈ નથી, એ રાગમાં આવી નથી, પણ જ્ઞાયકભાવના શ્રદ્ધાજ્ઞાનનાં કિરણ જે સાંચા ફૂટયાં, એ કિરણનો પણ રાગમાં અભાવ છે.

આહા... હા! માટે, કહે છે કે જે ભાવે પંચમહાવ્રતના ભાવ, ભગવાનનું સ્મરણ કહેવાય, એ ભાવોને ભગવાને જડ કીધા છે. આહા... હા.. હા.. હા! એ જડ (ભાવથી) ચેતનને-જ્ઞાયકનું જ્ઞાયકપણું પ્રગટે? જ્ઞાયકપણું નહોતું કે પ્રગટે? જ્ઞાયકપણું તો છે જ. જ્ઞાયકપણાના સ્વભાવનો સત્કારને પ્રતીત ને અનુભવ થયો, એનું (કારણ તો) ચૈતન્યચમત્કૃત જ છે, કહે છે. એ રાગના ક્રિયાકાંડના પરિણામથી પ્રભુને પ્રગટે. આહા...! આવું ભારે આકરું કામ બાપા!

આહા...! ચૈતન્ય જ્ઞાયકપણે તો કાયમ રહેલો પ્રભુ દ્રવ્ય છે. પણ, એને માનનારી જે દૃષ્ટિ છે- એને જાણનારું જે જ્ઞાન છે, એને (જ) જાણનારું હો? એવા જ્ઞાનનો અંશ પણ એ શુભ રાગમાં નથી. આહાહા! એથી તે રાગને શુભાશુભને જડ કહેવામાં આવે છે.

(કહે છે) 'અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે' પર્યાય નથી, એમ નહીં, પર્યાય 'છે' પણ અહીંયા દ્રવ્યદૃષ્ટિને, દ્રવ્યની દૃષ્ટિ કરાવવા, જ્ઞાયકપણાની દૃષ્ટિ એ (જ) સત્ય છે, સત્યનો સ્વભાવ છે તેની દૃષ્ટિ સત્ય કરાવવા... દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરીને કહ્યું છે, મુખ્ય-પ્રધાન કરીને કહ્યું છે. પ્રધાન (અર્થાત્) મુખ્ય કરીને કહ્યું છે.

આહા... હા! (અનાદિ) પર્યાયદૃષ્ટિ, પણ જ્યારે આ દ્રવ્યદૃષ્ટિ થાય યથાર્થ પછી, પર્યાયને જુએ તો મલિનતા દેખાય, તે જ્ઞાનનું જ્ઞેય છે. આહા... હા! સમજાણું કાંઈ... અને (સાધક) એને જાણે કે આ પરિણમન મારી પર્યાયમાં છે, મારા દ્રવ્યમાં નથી. પુણ્ય-પાપના ભાવ છે, મારે થાય છે, પરિણમન કરનાર હું કર્તા છું, નયજ્ઞાનથી (જ્ઞાની યથાર્થ જાણે છે)

પણ, વસ્તુદૃષ્ટિથી જોતાં, જ્ઞાયકપણું તે જ્ઞાયકપણું રહ્યું એને જુએ, એને જાણે, માને પછી એની પર્યાયમાં મલિનતા છે તેનું જ્ઞાન તેને સાચું થાય. આહા...! મારગ, ભાઈ આકરો છે! અપવાસ કરી નાખે, ચાર-છ-આઠ-દસ, કરી નાખે. શરીરના બળિયા હોઈ ઈ અપવાસ કરે! 'ઉપવાસ' નહીં હો? 'ઉપવાસ' તો ભગવાન જ્ઞાયક ભાવ છે. તેમાં-સમીપમાં જઈને વસવું પર્યાયમાં તેને (જ્ઞાયકભાવને) આદરવો અને અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થાય, એને 'ઉપવાસ' કહે છે. બાકી બધા 'અપવાસ' છે.

રાગની રુચિ (પડી છે) ને, પરને છોડીને (રોટલા છોડીને) અપવાસ માને, એ તો માઠોવાસ છે, ભગવાનજ્ઞાયકભાવ છે એને તો જોયો નથી! જેનું મહા અસ્તિત્વ છે, જેનું મહાહોવાપણું છે, મહાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માહાત્મ્ય જેનું છે એને તો જોયો નથી, માન્યા નથી.

આહા... હા! 'દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું 'જ' છે' (પ્રશ્ન) એકાંત છે? (ઉત્તરઃ) હા, નિશ્ચય દ્રવ્ય છે તે સમ્યક્એકાંત છે. સમજાણું કાંઈ...?

આહા.... હા! પ્રભુ અંદર બિરાજમાન! જેને કેવળજ્ઞાન થાય, એ પર્યાય ક્યાંથી આવશે પ્રભુ? ક્યાંય બહારથી આવશે? એ અંદરમાં શક્તિને સ્વભાવ પડયો છે જ્ઞાયકભાવ, એમાંથી આવશે. આહા...!

આહા...હા..હા! 'તે જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે' કાંઈ જડપણું થયું નથી. એટલે? એ શુભ-અશુભ ભાવ, પર્યાય નવી (નવી) છે, એ અચેતન છે, એ -રૂપે જ્ઞાયકભાવ થયો નથી, ઈ તો આવી ગયું છે ને... ટીકામાં... 'જ્ઞાયકભાવ તે શુભાશુભભાવપણે થયો નથી, એટલે જડપણે થયો નથી. એ ટીકામાં પહેલાં આવી ગયું છે.

આહા... હા! આ કાંઈ કથા નથી- વાર્તા નથી. આ... તો પ્રભુની 'ભાગવત કથા' છે. 'આ' -ભગવત્સ્વરૂપ પ્રભુ અંદર છે, એને પહોંચી વળવા ભેટો કરવાની વાતું છે!

પ્રભુ! પામરને ભેટીને પડયો છો! પ્રભુ, પ્રભુતાની ભેટ કરી લે એકવાર! તો તારી પામરતા નાશ થઈ જશે!!

સમાજ આખાને આવો ઉપદેશ? બાપુ, સમાજ આખાને આવો ઉપદેશ? બાપુ, સમાજ તે આત્મા છે ને અંદર, પ્રભુ છે ને! આ શરીર તો માટીજડ છે આ!! "જાણનારને જણાવે છે" જાણનારને જણાવે છે કે તું તો જ્ઞાયકપણે જ કાયમ રહ્યો છો ને...!

(કહે છે) 'જે પ્રમત્ત - અપ્રમત્તના ભેદ છે' એ ગુણસ્થાનના - ચૌદ ગુણસ્થાન છે. એ બધું તો અશુદ્ધનયને - વ્યવહારનયનો વિષય છે. એ વસ્તુમાં નથી. ચૌદ ગુણસ્થાન... હે? પહેલું, બીજું, ત્રીજું, ચોથું એમ ચૌદ ગુણસ્થાન (શાસ્ત્રમાં) કહ્યા છે. એ અશુદ્ધનયનો વિષય છે, એ અશુદ્ધનું કહો કે વ્યવહારનો વિષય કહો, ત્રણેય એક છે. 'જે પ્રમત્તને અપ્રમત્તના ભેદ છે' પાઠમાં હતું ને, તેમાંથી લીધું છે. પાઠમાં 'णवि होदि अपमत्तो ण पमत्तो' છે.

(શ્રોતાઃ) આચાર્ય, અપ્રમત્ત પહેલાં કહે છે! (ઉત્તરઃ) ઈ તો સામાન્ય! પ્રમત્ત પહેલું હોય છે. પહેલેથી છ ગુણસ્થાન પ્રમત્ત અને અપ્રમત્ત સાતમાથી ચૌદ (ગુણસ્થાન). ગુણસ્થાનની ધારા છે ને....! એટલે તેને સમજાવવા પ્રમત્ત (અહીં) પહેલું લીધું છે. આહા...! 'પ્રમત્ત-અપ્રમત્તના ભેદ નથી' -પ્રભુ, જ્ઞાયકભાવે બિરાજમાન!! એ શુભાશુભપણે થયો નથી. શુભ-અશુભપણે થયો નથી માટે, પ્રમત્ત-અપ્રમત્તના ભેદ એ વસ્તુમાં (જ્ઞાયક)માં નથી. સમજાણું કાંઈ....?

આહા.. આવો (સૂક્ષ્મ જ્ઞાયકભાવ) વાર્તા હોય તો કાંઈ સમજાયે ય ખરું! રાજા-રાણીની. રાણીને રાજા મનાવવા ગ્યો ને....! હેં? જેવું થાતું હોય એવી વાતું કરે તો સમજાય ને....! ઘરે થાતું હોય ને....!

અરે બાપુ! આ તો તારા ઘરમાં થાતું નથી કોઈ દિ' પર્યાયમાં આવી વાત છે આ તો!!

ભગવાન આત્મા, સર્વજ્ઞ ત્રિલોકનાથ પોકાર કરે છે કે અમે જે સર્વજ્ઞ થયાં, એ સર્વજ્ઞપણામાંથી સર્વજ્ઞસ્વભાવમાંથી સર્વજ્ઞ થયા છીએ. એ સર્વજ્ઞપણું ક્યાંય બહારથી આવ્યું નથી. એમ તારો ગુણ જ

સર્વજ્ઞસ્વભાવ છે. એ સર્વજ્ઞસ્વભાવી પોતે જ છે. એ કોઈ દિ ' રાગપણે કે અલ્પજ્ઞપણે થયો જ નથી. આહા... હા... હા! તારું જે સત્વ છે. -જ્ઞાયકપણું-જ્ઞ ' પણું-સર્વજ્ઞપણું કોઈ દિ ' અલ્પજ્ઞપણે થયું નથી. તો પછી રાગપણે તો થાય ક્યાંથી?

આહા...! 'તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે' શુભ-અશુભ ભાવ નથી અને પ્રમત્ત-અપ્રમત્ત એ બેય પર્યાય નથી, માટે ભેદ નથી, તેથી તે ભેદ પરદ્રવ્યના સંયોગજનિત છે. પરદ્રવ્યના સંયોગને લક્ષે થયેલાં છે.

(શું કીધું?) પરદ્રવ્યના સંયોગજનિત (કહ્યા એટલે) સંયોગે-પરદ્રવ્યે-નિમિત્તે ઉત્પન્ન કરાવ્યાં છે, એમ નહીં. સંયોગજનિત એટલે કે સંયોગના લક્ષે ઉત્પન્ન થયેલાં છે.

આહા...હા...! હવે, આવો ઉપદેશ! યાદ શી રીતે રહે! કલાક આવું સાંભળે ને! બાપુ, તું અનંત કેવળજ્ઞાનનો ધણી છોને નાથ! ત્રણકાળ, ત્રણલોકને જાણ નાથ! એવું તારું સ્વરૂપ ને શક્તિ પડી છે, અને આવી સાધારણ વાત તું ન જાણી શકે? એમ ન હોય ભાઈ! એમ ન હોય! ન સમજાય એમ ન કહે બાપુ! એ તો જ્ઞાયકપણાનો પિંડ છે ને !! એ કહે કે મને ન સમજાય, પર્યાયમાં ન સમજાય! (એમ ન કહે. બાપુ!)

આહા...! પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે એ તો પરદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયેલા પર્યાય છે. એ અશુદ્ધતા, પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-બદલતી હલચલ દશામાં એ અશુદ્ધતા છે. (કદી) નહીં બદલતી-સ્થિર-ધ્રુવ વસ્તુમાં તે (અશુદ્ધતા) નથી. જ્ઞાયકભાવ, નહીં હલતો નહીં ચલતો સ્થિરધ્રુવ (છે). "**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**" છે ને....! ધ્રુવ છે તે હલતો-ચલતો નથી.

આહા... હા! એ (ધ્રુવ) ત્રિકાળી વસ્તુ છે. એની દૃષ્ટિની અપેક્ષાએ, એની દૃષ્ટિની અપેક્ષાએ અશુદ્ધપણું... એ સંયોગજનિત વિકાર છે, તે દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, મુખ્ય નહીં. પેટામાં રાખ! ખરું. તળેટીમાં રાખ! (શિખર ઉપર) ચડતાં-જતાં એ તળેટી હારે નહીં આવે.

આહા...! એ દ્રવ્યદૃષ્ટિમાં મલિનતા તે ગૌણ છે, અભાવ છે એમ નહીં હો? મલિનતા નથી જ તો સંસારેય નથી, દુઃખે ય નથી, વિકારેય નથી! પણ એમ નથી. (તે મલિનતા પર્યાયમાં) છે. પણ દ્રવ્યદૃષ્ટિ, વસ્તુ-જ્ઞાયકભાવ એની દૃષ્ટિની મુખ્યતાએ, એ અશુદ્ધતાને ગૌણ કરીને- 'નથી એમ કહેવામાં આવ્યું છે. ગૌણ કરીને-પેટામાં રાખીને (કહ્યું) છે. ઉપર સ્વરૂપમાં જાવું છે (શિખરે પહોંચવું છે) તળેટી હેઠે રહી ગઈ છે, પણ ઈ છે ખરી!

એમ રાગથી ભિન્ન પડીને, સ્વરૂપની દૃષ્ટિ કરવાથી અને તેમાં સ્થિર થવામાં પર્યાયને ગૌણ કરે ત્યારે તેમાં (દ્રવ્યમાં) દૃષ્ટિ સ્થિર થાય! આહા...! છે? ગૌણ કરી, વ્યવહાર છે. બીજી ભાષાએ કહીએ તો, દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ-વસ્તુ-જ્ઞાયક જે ત્રિકાળ છે એની દૃષ્ટિએ એ (પર્યાય) ની અશુદ્ધતા છે તે વ્યવહાર છે. ત્રિકાળીજ્ઞાયક ભાવ તે નિશ્ચય છે. આ ગૌણ છે ને ઓલું મુખ્ય છે. આ વ્યવહાર છે, ઓલો ત્રિકાળી નિશ્ચય છે.

અભૂતાર્થ છે 'નથી' એમ કીધું છે. અ+ભૂત=પર્યાય નથી (એમ કહ્યું એ) ગૌણ કરીને. ભગવાન

જ્ઞાયક ભાવ ત્રિકાળીને મુખ્ય કરીને 'છે' એમ નિશ્ચય કહ્યો અને ગૌણ કરીને -વ્યવહાર કહીને નથી એમ કહ્યું. બિલકુલ પર્યાય-અશુદ્ધતા નથી જ એમ નહીં. અને અસત્યાર્થ છે, જૂઠું છે. અશુદ્ધતા અસત્યાર્થ છે (કહ્યું છતાં) છે પર્યાયમાં (ત્રિકાળીમાં તે નથી.)

વિશેષ કહેશે......

## "અધ્યાત્મ ગંગા" સંકલનમાંથી પૂ. ગુરુદેવશ્રીના વચનામૃતો

- જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન જ્ઞેયમાં તન્મય થતું નથી. જ્ઞેયસંબંધીના પોતાના જ્ઞાનમાં આત્મા તન્યમ છે, જ્ઞેયમાં તન્મય નથી તેથી જ્ઞાનમાં પોતાનો સ્વપર પ્રકાશક સ્વભાવજ વિસ્તરે છે, તેમાં પરનો વિસ્તાર નથી. (બોલ નં. ૧૩૯)

- જેને નિજ આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. (બોલ નં. ૧૬૦)

- જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયની જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. (બોલ નં. ૧૬૨)

- ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટયું ત્યારે પરનું જાણવું થયું તે સ્વજ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગને લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે. (બોલ નં. ૨૫૩)

- જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહીં... કેમ કે જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે- પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહીં. (બોલ નં. ૨૭૫)

-સ્વપર પ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે; જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. (બોલ નં. ૩૫૨)

- જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવજ છે. (બોલ નં. ૩૬૩)

-ચૈતન્યનું "સ્વ-પર પ્રકાશપણું" વિશાય છે. ચૈતન્યની સત્તા વિશાળ છે. ચૈતન્યના પ્રકાશમાં ચૈતન્યનો પ્રકાશ જ જાહેર થાય છે. આત્માની નજીકમાં નજીક-એક ક્ષેત્રે રાગાદિ ઉત્પન્ન થાય છે પણ આત્મા તેને જાહેર કરતો નથી. આત્મા તો પોતાને અને રાગ તથા પરને પ્રકાશે એવી પોતાની શક્તિની દ્વિરૂપતાને પ્રકાશે છે એટલે કે પોતાને જ જાહેર કરે છે, પોતાના ચેતકપણાને જ જાહેર કરે છે. (બોલ નં. ૩૭૩)

## પ્રવચન ક્રમાંક - ૨૪ દિનાંકઃ ૩-૭-૭૮

આહા.. હા! 'અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આવે છે. ભાવાર્થ છે, શું કહે છે? જુઓ! જે આ આત્મા છે ને! આત્મા વસ્તુ, તે તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે. અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની અતીન્દ્રિયપ આનંદની મૂર્તિ છે. એની પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-વર્તમાન દશામાં અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આવે છે.

એ અશુદ્ધતા નામ પર્યાયના ભેદ, પરદ્રવ્યના સંયોગથી એની (પર્યાય) ની પોતાની યોગ્યતાથી થાય છે. એ અશુદ્ધતા- વિકાર અથવા પુણ્ય-પાપના ભાવ, પોતાની ચીજ જે દ્રવ્ય છે એની પર્યાયમાં મલિનતા, પરદ્રવ્યના સંયોગથી આવે છે. એ અશુદ્ધતા પરદ્રવ્યને લઈને થતી નથી, પણ અન્યદ્રવ્ય નિમિત્ત (તરીકે) હોય છે.

શું કહે છે? વસ્તુ છે સચ્ચિદાનંદ-જ્ઞાનનંદ ધ્રુવ વસ્તુ આત્મા, નિત્ય ધ્રુવ વસ્તુ! એ કાંઈ પુણ્ય-પાપના મેલને અન્યદ્રવ્યોથી અશુદ્ધ થતો નથી. સમજાણું કાંઈ...? બાપુ, ધરમ શું ચીજ છે! સુક્ષ્મ ઘણું છે!!

આહા.. એ જ્ઞાયકદ્રવ્ય જે વસ્તુ છે, વસ્તુ આત્મા! જ્ઞાનસ્વરૂપ, જ્ઞાયકભાવ, એ અન્યદ્રવ્યોના ભાવ જે ભેદ, પુણ્ય-પાપ એ રૂપે કદી થતો નથી. સમજાણું...? માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. પર-કર્મનું નિમિત્ત, એના સંબંધે, આત્માની અવસ્થામાં-પર્યાયમાં-હાલતમાં મલિનતા થઈ જાય છે, વસ્તુમાં મલિનતા નથી. વસ્તુ તો ત્રિકાળ નિર્મળાનંદ છે.

આહા.. હા! 'દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય તો જે છે તે જ છે' – વસ્તુ જે છે વસ્તુ!! સચ્ચિદાનંદ પ્રભુ! શુદ્ધ અખંડ આત્મદ્રવ્ય, એ તો જે છે તે જ છે. એમાં કંઈપણ ફેરફાર થતો નથી. પર્યાયમાં ફેરફાર (દેખાય છે) ઈ સંયોગજનિત મલિનતા એ વસ્તુમાં છે નહીં. દશામાં, પર્યાયમાં ભેદ છે, વસ્તુમાં ભેદ નથી. વસ્તુ આ ને પર્યાય (આ)! (શ્રોતાઃ) એ મલિનતા થાય છે તે પર્યાયમાં જ છે? (ઉત્તરઃ) મલિનતા પર્યાયમાં છે, વસ્તુમાં નહીં. વસ્તુ તો એકરૂપ દ્રવ્ય છે આહા..! વસ્તુ તો છે તે, તે જ છે.

આહા..! પર્યાયમાં-અવસ્થામાં મલિનતા છે તો મલિનતા ચાલી જાય છે, વસ્તુમાં મલિનતા હોય તો, વસ્તુ (દ્રવ્ય) ચાલ્યું જાય (નાશ) થાય. વસ્તુ અશુદ્ધ થઈ જાય? થાય તો, મલિનતાનો નાશ કરવાનું આવે તો તો એ વસ્તુ જ નાશ થઈ જાય. ઝીણી વાત છે ભાઈ! તત્ત્વ ઝીણું!!

આહા.. હા...! 'દ્રવ્યદૃષ્ટિથી... દ્રવ્ય નામ વસ્તુ! ત્રિકાળ શુદ્ધ દૃષ્ટિથી દેખો, તો દ્રવ્ય જે છે તે જ છે, જે તત્ત્વ છે તે એવું ને એવું અનાદિ-અનંત છે, અને પર્યાયદૃષ્ટિથી... દેખો તો મલિન જ દેખાય છે. વર્તમાન એની દશા... એની હાલત... એની પર્યાય જુઓ તો મલિન છે, પર્યાયદૃષ્ટિથી દેખો તો મલિન છે. દ્રવ્યદૃષ્ટિથી દેખો તો નિર્મળ છે. આહા.. હા!

હવે, આવું સમજવું?! અહા.. મારગ અનાદિ ખ્યાલમાં નહીં (તેથી..) જન્મ-મરણ કરી કરી ચોરાશીનાં અવતાર....!

(કહે છે) એ.. પર્યાયદૃષ્ટિથી જુઓ તો મલિન દેખાય છે-એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકભાવ માત્ર છે, જ્ઞાયકસ્વરૂપ-જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, એવો, જ્ઞાયકસ્વભાવી જ ત્રિકાળી

આત્મા છે, એ મલિન થયો નથી.

આહા...! 'અને તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે' વર્તમાન એની દશા, ત્રિકાળ દ્રવ્યને છોડીને વર્તમાન અવસ્થામાં, પુદ્ગલકર્મના નિમિત્તથી, રાગદ્વેષાદિ મલિન છે, તે પર્યાય છે, એ તો અવસ્થા છે!

આહા...! (જેમ) મનુષ્યપણું, મનુષ્યપણું જ કાયમ છે. બાળ-યુવાન-વૃદ્ધાવસ્થા એ તો પર્યાયના ભેદ છે. મનુષ્યપણું તો મનુષ્યપણે કાયમ છે, એમ જ સોનું સોનાપણે કાયમ છે પણ સોનાની અવસ્થા કુંડળ-કડાં આદિ પર્યાય છે, એ અવસ્થા છે, તે ભેદ છે, તે વસ્તુમાં નથી. (વસ્તુ અભેદ છે)!

આહા...! (જેમ) મનુષ્યપણું, મનુષ્યપણું જ કાયમ છે. બાળ-યુવાન-વૃદ્ધાવસ્થા એ તો પર્યાયના ભેદ છે. મનુષ્યપણું તો મનુષ્યપણે કાયમ છે. એમ જ સોનું સોનાપણે કાયમ છે પણ સોનાની અવસ્થા કુંડલ-કડાં આદિ પર્યાય છે, એ અવસ્થા છે, તે ભેદ છે, તે વસ્તુમાં નથી. (વસ્તુ અભેદ છે)!

આહા... હા...! આવું સમજવું બાપુ!

(કહે છે કે) 'દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે, તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે' વસ્તુ... વસ્તુ... વસ્તુ ત્રિકાળી વસ્તુ-દ્રવ્ય-તત્ત્વ, દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો તો દ્રવ્ય જે છે તે જ છે. જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે. 'તે કાંઈ જડપણે થયું નથી' આહા...! જ્ઞાયકભાવ જે જાણન્‌સ્વભાવ! તે તો જ્ઞાયક સ્વભાવે ત્રિકાળ છે. અને એ પુણ્ય-પાપ ભાવ જે જડ છે, તે-રૂપ (જ્ઞાયકભાવ) થયો નથી. પુણ્યને પાપ, દયા ને દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ, તેમાં જ્ઞાયકભાવનો અંશ નથી. તેમાં જ્ઞાયકભાવ તો નથી જ, પણ જ્ઞાયકભાવનો અંશ - કિરણ (એટલે) નિર્મળપર્યાય પણ તેમાં નથી. શેમાં નથી? પુણ્ય-પાપ આદિ ભાવમાં. શુભ-અશુભ ભાવ જે છે, મલિન છે, એ જડ છે.

આહા.. હા! (આ) શરીર જડ છે, એ તો વર્ણ, રસ, ગંધએ, સ્પર્શવાળા જડ છે અને પુણ્ય-પાપના ભાવ જડ છે (એતો) એમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે, તે અપેક્ષાએ તે જડ છે. આહા... હા! 'જડ થયો નથી' (જ્ઞાયકભાવ) 'અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે' -આ ગાથામાં વસ્તુની દૃષ્ટિ બતાવવી છે. તેને, વસ્તુ શુદ્ધ છે, એ દૃષ્ટિએ બતાવવો છે. વસ્તુની દૃષ્ટિ કરાવવી છે (તેથી) સમ્યગ્દર્શન થાય છે, સત્યદર્શન થાય છે - આવી ચીજ (આત્મવસ્તુ) છે, આવી દૃષ્ટિ કરાવવા, દ્રવ્યદૃષ્ટિને પ્રધાન-મુખ્ય કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે' - ગુણસ્થાન ચૌદ છે. એ 'ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે' શુભ-અશુભ ભાવ પર્યાયમાં, કર્મના સંયોગના નિમિત્તથી, પોતાના ઉપાદાનની યોગ્યતાથી, ઉત્પન્ન થાય છે પણ, છે એ જડ! એ કારણ પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે, એ પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.

જેમ, શુભાશુભ ભાવ પરદ્રવ્ય જનિત વિકારી-જડ કહ્યા, તેમ, પ્રમત્ત-અપ્રમત્તના ભેદ પણ-પહેલે ગુણસ્થાનથી છ સુધી પ્રમત્ત, સાતમેથી ચૌદ સુધી અપ્રમત્ત, ભેદ છે એ સંયોગજનિતની અપેક્ષાએ ભેદ છે. વસ્તુમાં (ત્રિકાળી) માં ભેદ નથી.

આવી ચીજ છે! (વ્યાખ્યાન) હિન્દીમાં કરીએ... તો પણ ભાવ તો જે છે! અત્યારે તો ચાલતું નથી. અત્યારે તો... ગરબડ બધે છે. દયા કરો ને... વ્રત કરો ને... ભક્તિ કરો ને.... પૂજા કરો ને તેથી ધર્મ થઈ જશે, ધૂળમાંય ધરમ નહીં થાય ભાઈ...! તને ખબર નથી.

આહા....! એ વિકારીભાવ, પર્યાયદૃષ્ટિમાં સંયોગજનિત ભેદ છે. એ વસ્તુમાં છે નહીં. અને, વસ્તુની દૃષ્ટિ થયા વિના... સમ્યગ્દર્શન થતું નથી. આહા.. હા..! સમજાણું કાંઈ...?

અહીંયાં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરીને કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે એ પરદ્રવ્યના

સંયોગજનિત પર્યાય છે. અશુદ્ધતા દ્રવ્યદષ્ટિમાં ગૌણ છે, એ અશુદ્ધતા (જે છે તે) વસ્તુ દષ્ટિ કરાવવા માટે, એ અશુદ્ધતા પેટામાં-ગૌણ કરીને- 'એમાં છે નહીં'-એ પર્યાયમાં પણ છે નહીં, ગૌણ કરીને (કહ્યું) છે.

પર્યાય (સર્વથા) છે નહીં એવું છે નહિ, પણ એ (અશુદ્ધ) પર્યાયને, ગૌણ કરીને અર્થાત્ એની મુખ્યતા લક્ષમાં ન લઈને, ત્રિકાળ દ્રવ્યને લક્ષ્માં, મુખ્ય લેવાને માટે, જે કારણથી સમ્યગ્દર્શન થાય છે-ધર્મની પહેલી સીડી! તે કારણ અશુદ્ધતાને ગૌણ કરીને - દ્રવ્યદષ્ટિમાં એ ગૌણ છે!!

આહા...! વસ્તુ જે ચૈતન્યપ્રભુ નિત્યાનંદ ચૈતન્યધ્રુવ છે એ આત્મદ્રવ્યની દષ્ટિમાં, એ પર્યાયના ભેદો-ગુણસ્થાન ભેદો-પુણ્ય, પાપ આદિ-**પ્રમત્ત અપ્રમત્તના ભેદો, એ બધું ગૌણ છે, વ્યવહાર છે. ત્રિકાળ જ્ઞાયક ભાવ તે મુખ્ય છે.**

અને, પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે ગૌણ છે, ત્રિકાળજ્ઞાયક ભાવ છે તે 'નિશ્ચય' છે અને પર્યાયના ભેદ તે 'વ્યવહાર' છે.

ભાઈ...! આવું ઝીણું છે! અહા.. એ તો દરકાર કરી નથી કોઈ દિ' સંસારના પાપ! આખો દિ' કરે, અને એમાં કાંઈક ધરમ સાંભળવા જાય તો કલાક! મળે એવું-દયા કરો ને.. વ્રત કરો ને... ભક્તિ કરો ને... અપવાસ કરો ને... પૂજા કરો ને.. ધર્મ થશે!!

અરે! એ તો મિથ્યાત્વ છે.

આહા.. હા.! વસ્તુ, જે દષ્ટિ છે (અનાદિ પર્યાય) ની, ત્રિકાળી જે કાયમી, અસલી ચીજ (આત્મવસ્તુ) છે એની દષ્ટિ કરાવવા માટે, દ્રવ્યદષ્ટિની મુખ્યતાથી, એ પર્યાય ગૌણ છે.

ત્રિકાળ છે એ નિશ્ચય છે અને પર્યાય છે તે વ્યવહાર છે.

ત્રિકાળ છે તે સત્યાર્થ છે અને પર્યાય, અપેક્ષાએ અભૂતાર્થ છે.

ત્રિકાળ સત્યાર્થ છે તો એ અપેક્ષાએ પર્યાય અસત્યાર્થ છે.

ત્રિકાળ વાસ્તવિક છે તો ભેદ ઉપચાર છે.

વસ્તુ એવી ઝીણી છે બાપુ!

અહીં સુધી તો આવ્યું' તું કાલ, આવી ગયું હતું ને? આ તો ફરીને લીધું.

આહા.... હા..! દ્રવ્યદષ્ટિ શુદ્ધ છે. વસ્તુ જે ત્રિકાળી સચ્ચિદાનંદ, ધ્રુવ! ધ્રુવ! જેમાં પલટો-અવસ્થા પણ નથી. આવી ચીજ છે એ શુદ્ધ છે!

પર્યાય, મલિન ને ભેદ એ અશુદ્ધતા છે. તેને ગૌણ કરીને, વ્યવહાર કરીને, અસત્યાર્થ કરીને 'છે નહી' એવું કહેવામાં આવેલ છે. સમજાણું કાંઈ...?

આહા...! આ ત્રિકાળી ભગવાન આત્મા, એક સમયમાં ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ, ચિદાનંદ પ્રભુ વસ્તુ છે. એની જે દષ્ટિ, જે છે તે શુદ્ધ છે. દ્રવ્યદષ્ટિ શુદ્ધ છે. તે તો, ત્રિકાળી ચીજ છે (દ્રવ્યપ્રભુ!) સત્યાર્થ છે, ભૂતાર્થ છે, છતી ચીજ છે, ત્રિકાળી! એની દ્રષ્ટિ શુદ્ધ છે. સંયોગનનિત અશુદ્ધપર્યાયની દષ્ટિ તો અશુદ્ધ છે. (એ તો) પર્યાય છે ને વ્યવહાર છે. સમજાણું...?

આહા... હા! દ્રવ્યદષ્ટિ શુદ્ધ છે. વસ્તુ છે... એની દષ્ટિ કરાવવા... એ દ્રવ્યદષ્ટિ જ શુદ્ધ છે. પર્યાયદષ્ટિ કરવી, તો પર્યાય તો અશુદ્ધ છે સંયોગજનિત (છે) એને (એ પર્યાયને) ગૌણ કરીને-વ્યવહાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કરીને અને વસ્તુને (દ્રવ્ય) ને મુખ્ય કરીને-નિશ્ચય કહીને, એની (દ્રવ્યની) દૃષ્ટિ કરાવી છે.

આહા.. હા..! દિગંબર સંતોની વાણી ગંભીર બહુ! ઘણી ગંભીર બાપુ!! આવી ચીજ બીજે ક્યાંય નથી. શ્વેતાંબર ને સ્થાનકવાસીમાં ને અન્યમતમાં, ક્યાંય આવું (વસ્તુ સ્વરૂપનું નિરૂપણ-વાત) છે નહીં, આવી ચીજ (અલૌકિક) !

તો, કહે છે કે 'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે' -ત્રિકાળીવસ્તુની દૃષ્ટિ શુદ્ધ છે અને ત્રિકાળીદૃષ્ટિ નિશ્ચય છે, એ ત્રિકાળી દ્રવ્ય જે છે એ જ નિશ્ચય છે. અને તેની દૃષ્ટિ તે નિશ્ચય છે.

આહા...! 'ભૂતાર્થ છે' ત્રિકાળી ચીજ છે ઈ ભૂત (નામ) છતો પદાર્થ છે. પર્યાય તો, પ્રગટતી ક્ષણિક અવસ્થા, સંયગોજનિત, ભેદ, અભૂત મલિનતા છે. આ તો... સ્વાભાવિક વસ્તુ છે ત્રિકાળી! જેને સંયોગની કંઈપણ અપેક્ષા નથી, સંયોગના અભાવની પણ અપેક્ષા નથી. (એ તો નિરપેક્ષ છે) આહા.. હા.. !

સમજાય એટલું સમજો બાપુ! આ તો, પરમાત્મા-જિનેશ્વરદેવ-તીર્થંકર ત્રિલોકના નાથ!! એની આ વાણી છે. અત્યારે તો બધી ગરબડ થઈ ગઈ છે બધે! જ્યાં જુઓ ત્યાં આ કરો ને... અપવાસ કરો ને... એમાં જરી શુભ વિકલ્પ છે તો તે પણ અશુદ્ધ છે.

આહો.. હા..! એ અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગે ઉત્પન્ન થાય છે, એ સ્વાભાવિક ચીજ નથી, સ્વાભાવિક ચીજ તો જે ત્રિકાળી ચીજ છે એ સ્વાભાવિક છે-સહજ છે. એની દૃષ્ટિ,... દ્રવ્ય શુદ્ધ છે. તો એની દૃષ્ટિ પણ શુદ્ધ છે.

આહા...! 'દ્રવ્ય અભેદ છે' હવે પર્યાય અભેદ થઈ ગઈ.

દ્રવ્ય, નિશ્ચય છે તો પર્યાયને પણ નિશ્ચય કહેવામાં આવે છે, વસ્તુ ભૂતાર્થ છે, ભૂત નામ છતી, છતી-હયાતિ-ત્રિકાળમૌજુદ ચીજ (આત્મવસ્તુ) છે, પર્યાય છે એનો ક્ષણિક વિકાર-અશુદ્ધતા, એ તો સંયોગથી (સંયોગજનિત) ઉત્પન્ન થાય છે.

'આ' વસ્તુ સત્ય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે (એટલે) સત્ય, સત્ય, કાયમી ચીજ સત્ય પદાર્થ છે, આહા.. હા.! "આ જ સમ્યગ્દર્શનનો વિષય" સમજાણું કાંઈ...?

અભ્યાસ ન મળે! કાંઈ ખબર ન મળે! જગતના પાપના અભ્યાસ બધાં! આખો દિ' ધંધા!! આ દુકાને બેસીને ઘરાક સાચવવા ને માલ ને... નોકરી હોય તો બે-પાંચ હજારનો પગાર મળે! પાપ એકલું આખો દિ'!! ધરમ તો નથી પણ પુણ્યે ય નથી!

આહા.. હા! આહીંયાં તો ધરમ.. અનંતો ધારે! પર્યાયદૃષ્ટિને, મલિનતાને-ભેદ-અશુદ્ધતાને, દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ કરીને... (તે ધરમ પ્રગટાવવા) ત્રિકાળીની દૃષ્ટિ કરાવવા માટે-તે સત્યદૃષ્ટિ છે કેમ કે વસ્તુ સત્ય છે, ત્રિકાળી મૌજુદ ચીજ છે (આવી) મૌજુદ ચીજ ભગવાન ત્રિકાળી ધ્રુવ (આત્મદ્રવ્ય), એની દૃષ્ટિ કરવી એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એનું નામ ધરમની પહેલી સીડી છે! ચારિત્ર તો ક્યાંય રહી ગયું, એ તો બહુ આકરી વાત છે! સમજાણું કાંઈ..?

આહા...! 'પરમાર્થ છે' પરમપદાર્થ, પરમાર્થ એ વસ્તુ પરમાર્થ! આ દુનિયાનો (કહેવાય) છે તે પરમાર્થ ને એ વસ્તુ નહીં. એ બધું મિથ્યા છે. કોઈનું, કોઈ કાંઈ કરી શકતું નથી (તો બીજાનું ભલું કર્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેને પરમાર્થ કહે છે એ મિથ્યા છે) પરમપદાર્થ-પરમાર્થ તો પ્રભુ (આત્મા) પોતે છે, ત્રિકાળી પરમપદાર્થ પરમાર્થ છે એની દૃષ્ટિ કરવાથી, જનમ-મરણના અંત લાવનારું સમયગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ...?

આહા...હા! 'માટે આત્મા જ્ઞાયક જ છે' (કહે છે) વસ્તે છે એ તો, ત્રિકાળી જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાનરસ... જ્ઞાનસ્વભાવ.. જ્ઞાયક.. સ્વભાવ!! સર્વજ્ઞ સ્વભાવ!! જ્ઞાયક ભાવ એ તો ત્રિકાળી જ્ઞાયક-સ્વરૂપ છે.

આહા...હા..! આવી ભાષા.. ને આવું બધું બાપુ! મારગ ઝીણો બહુ! આહા.. છે? એ કારણે.. આત્મા જ્ઞાયક જ છે એ.. ક! જાણક્સ્વભાવ માત્ર!! કાયમી ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ માત્ર!! જાણક્સ્વભાવ માત્ર આત્મા છે. એમાં કોઈ મલિનતા કે ભેદ છે નહીં.

આહા...હા...! 'તેમાં ભેદ નથી' - ઈ પ્રમત્ત- અપ્રમત્ત અને પુણ્ય-પાપના ભાવ, એ વસ્તુના સ્વરૂપમાં છે નહીં... ભેદ નથી, આહા...! તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એ કારણે, એ ગુણસ્થાનના ભેદ જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ- જેમ સીડી ચડીએ ને પગથિયાં હોય છે ને - તો ઈ ભેદ છે (એમ) ચૌદગુણસ્થાન પર્યાયમાં, તે એમાં (જ્ઞાયકમાં) છે નહીં..

આહા...! 'જ્ઞાયક, એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે' આહા.. હા! 'જાણવાવાળો'..'જાણવાવાળોહ (જાણનાર, જાણનાર) એવું કહેવામાં આવે છે તો એ 'જાતનારો' પરને જાણે છે માટે 'જાણનારો' છે?

કહે કે ના. એ તો પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની વિકાસ શક્તિ પ્રગટ થઈ એ પોતાથી થઈ છે પરનું જાણવું ને સ્વનું જાણવું! એ પર્યાયમાં, (જ્ઞાન) પર્યાયના વિકાસમાં વ્યક્ત-પ્રગટ થઈ, એ પોતાનાથી (પોતાના સ્વભાવથી) થઈ છે, પરથી નહીં. આહા.. હા! સમજાણું કાંઈ...?

'જ્ઞાયક' નામ પણ એને જ્ઞેયને જાણવાથી દેવામાં આવે છે' કેમ...? 'જ્ઞેયનું પ્રતિબિંબ જેમ ઝળકે છે જ્ઞાનની પર્યાયમાં' એમ એ પર્યાયમાં- પર્યાયની વાત ચાલે છે-એની (સાધકની) પર્યાયમાં રાગ જાણવામાં આવે છે. શરીર છે એ જાણવામાં આવે છે, 'જ્ઞાનની પર્યાયમાં એની (સ્વ-પરજ્ઞેય) ની 'ઝલક નામ જાણવામાં આવે છે'.

'આહા..! જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે જ્ઞાનની પર્યાયમાં' સ્વપર પ્રકાશક પર્યાયનું સામર્થ્ય છે તે વિકસિત થયું, એમાં (વિકસિતજ્ઞાન-પર્યાયમાં) શરીરાદિ, રાગને દેખવામાં- જાણવામાં આવે છે. એ તો જ્ઞાનમાં એવો અનુભવ થાય છે જ્ઞાનમાં આવો અનુભવ થાય છે કે હું તો જ્ઞાનની પર્યાય છું 'તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી'. શું કહે છે? ત્રિકાળી જ્ઞાયકભાવ તો શુદ્ધ છે પણ એનું જ્ઞાન થયું પર્યાયમાં તો જ્ઞાન એનું (ત્રિકાળી) નું થયું એ જ્ઞાનની પર્યાયમાં, 'સ્વ' તો જાણવામાં આવ્યો, પણ એ જ્ઞાનની પર્યાયમાં-અવસ્થામાં્ર પર જાણવામાં આવ્યું તો? પર જાણવામાં આવ્યું તો એ જ્ઞેયકૃત-પરકૃત-અશુદ્ધતા એમાં આવી? પરાધીનતા એમાં આવી (કે નહીં)?

એવું છે નહીં. એ પરજ્ઞેયકૃત ભાવ, જે જાણવામાં આવ્યો તે તો પોતાની (જ્ઞાન) પર્યાયનો ભાવ છે. એ જ્ઞાનપર્યાય પોતાનો જ્ઞાનપર્યાય ભાવ છે. એ જ્ઞેયકૃતથી (જ્ઞાન) થયું છે એવું છે નહીં.

આરે...! આવી વાતું હવે!! ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો જે પ્રમાણે હોય તે પ્રમાણે હોય

ને...!

આહા..! શું કહ્યું? કે જે 'જાણવાવાળો' એમ કહેવામાં આવ્યું, તો 'જાણવાવાળા' એ પોતાને તો જાણ્યો!

પણ, એ પરને જાણવાકાળે, પર જેવી ચીજ છે તેવું અહીંયાં જ્ઞાન હોય છે. તો પરને કારણે એવી પર્યાય થઈ છે?

એમ છે નહીં. **એ પરના જાણવાકાળે પણ પર્યાય પોતાની જ્ઞાનની છે, પોતની શક્તિનો વિકાસ થયો છે, સ્વ પર પ્રકાશનો વિકાસ થયો છે. પ્રગટ થઈ છે તે પોતાની પર્યાય છે. પોતાથી પ્રગટ થઈ છે, પરથી (પ્રગટ) થઈ નથી.** સમજાણું?

આહા...! આવો ઉપદેશ સાંભળવો... કાંઈ સાંભળ્યું ન હોય, દ્રવ્ય શું ને પર્યાય શું? અભેદ શું ને ભેદ શું?

આહા.. હા.! અનાદિ કાળથી અજ્ઞાન! ભવનાં કર્યા છે પરિભ્રમણ! આહા..! કાગડા, કૂતરાં, કંથવાના ભવ તો થયાં અનંતવાર!

અને, આંહી (મનુષ્યભવમાં) નહિ સમજે તો મરીને ત્યાં અ.. વ.. ત.. ર.. શે! આહા... હા! ભલે, અહીંયાં કરોડોપતિ હો-માંસને દારૂ આદિ ખાપાંપીતાં ન હોય પણ ભાન નથી વસ્તુનું ને માયા-કપટ-લોભ આદિના ભાવ કર્યા હોય તત્ત્વનું જ્ઞાન નથી એ પશુમાં જશે!! પુણ્યનાં ય ઠેકાણાં નથી! ધરમ તો કઠણ પણ મનુષ્યપણું મળવું કઠણ થઈ જશે!

આ ચીજ! જેવી છે તેવી, તારી ચીજ છે, તને સમજણમાં-જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી પરિભ્રમણનાં ભાવ છે!

આહા...હા! 'જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે' જ્ઞાનમાં એવો અનુભવ આવે છે. -તો **એ રાગને શરીર (આદિ) ને જાણ્યા (તો ખરેખર) તો ઈ જ્ઞાનની પર્યાય જાણવામાં આવી છે.** એ રાગનું જ્ઞાન થયું માટે રાગને જાણ્યો (અથવા) રાગથી જ્ઞાન થયું એ તો છે નહીં. એ જ્ઞાનપર્યાયે પોતે પોતાને જાણી! **એ પર્યાયે પર (જ્ઞેય) ને જાણ્યું કે પરના કારણે (જ્ઞાને) પરને જાણ્યું, પરનું જ્ઞાન થયું એમ છે નહીં.** પોતાનામાં ઈ સ્વપર પ્રકાશકનો પ્રકાશ ૧થયો, વિકાસ થયો, પ્રગટતા થઈ એ રાગથી પ્રગટતા થઈ નથી. શરીરને જાણ્યું તો શરીરથી એ જાણવાની પર્યાય ઉત્પન્ન થઈ એવું છે નહીં. આહા.. હા..! સમજાણું કાંઈ..?

આહા.. હા 'તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા એને નથી' -કેમકે જેવું, જ્ઞાનમાં પ્રતિભાસિત થયું (ઝળક્યું-પ્રતિભાસ્યું) એવું જ શરીર ને રાગ છે તેવું જ પોતાની (જ્ઞાન) પર્યાયમાં (ઝળક્યું) -સ્વજ્ઞેય (તો) જાણવામાં આવ્યું એ પર્યાયમાં પરનું જાણવું આવ્યું (અર્થાત્) ) એ પ્રતિભાસિત થયું 'એવો જ્ઞાયકનો અનુભવ કરવાથી જ્ઞાયક જ છે' એતો જાણવાની પર્યાય, જ્ઞાયકની છે, એ રાગની પર્યાય નથી.

આ... રે! આવી વાતું હવે! પાઠ ખૂબ સારો છે ભાઈ? છઠ્ઠી ગાથા!! આ.. તો ભાવાર્થ છે, ટીકા તો ચાલી. આ તો ઓગણીસમી વાર ચાલે છે, અઢાર વાર તો સમયસાર પુરેપુરું સભામાં ચાલી ગયું, પહેલી (ગાથા) થી ઠેઠ આખિર સુધી અઢાર વાર (વ્યાખ્યાન) થયાં આ ઓગણીસમી વાર ચાલે છે.

વસ્તુ ગહન!! ક્યારે ય સાંભળ્યું નહીં... વિચારમાં આવ્યું નહીં શું ચીજ છે? અને એની દશામાં

શું ચાલે છે?

તો પહેલાં તો આ કહ્યું: કે વસ્તુ છે ત્રિકાળી (આત્મદ્રવ્ય) શુદ્ધ, એની દૃષ્ટિ કરવી શુદ્ધ છે. અને પર્યાયમાં અશુદ્ધતા આવે છે એ સંયોગજનિત છે માટે મલિનતા ને ભેદ હોય છે.

આહા...! હવે, આંહી જે પર્યાય થઈ એ બીજી વાત છે. છતાં એ પર્યાય, દ્રવ્યમાં નથી. 'સ્વજ્ઞેયને જાણ્યો, પરજ્ઞેયને જાણ્યા' તો પર્યાય, સ્વપર પ્રકાશક એ પોતાની, પોતાથી થઈ છે. છતાં એ પર્યાય, દ્રવ્યમાં છે નહીં. પર્યાય ભિન્ન છે.

આહા..હા..! આવું મુંબઈવાળાને ક્યાં.. નવરાશ મળે! આવું સમજવાની! ધંધા.. આખો દિ' પાપ! સવારે ઊઠે કે આ કરો ને.. આ કરોને..!! ધંધા..ધંધા..ધંધા પાપના! આહા..હા.! ધરમ તો નહીં પણ પુણ્યે ય ન મળે. જો બે-ચાર કલાક સત્ સાંભળવામાં આવતું હોય, તો પુણ્યે ય બંધાય, પણ ધરમ નહીં. ધરમ તો..., એ પુણ્યભાવના રાગભાવથી ભિન્ન ભગવાન (આત્મા) છે, એની નજર એક જ્ઞાયકભાવ પર છે- એની દૃષ્ટિ કરવી એટલે કે દૃષ્ટિમાં એ 'જ્ઞાયક' લેવો! જે દૃષ્ટિમાં, પર્યાય આદિ રાગ આદિ છે, એ દૃષ્ટિમાં જ્ઞાયક ત્રિકાળી લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા...!

(કહે છે) 'કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું'- પર્યાયની અહીં વાત છે હો!! 'તેવો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે' – એ 'જાણે' ઈ પર્યાય જ્ઞાયકની છે પોતાની, (એટલે કે) સ્વનું જાણવું-પરનું જાણવું, એ પર્યાય જ્ઞાયકની જ છે, અથવા **'જ્ઞાયક જ જાણવામાં આવ્યો' પર્યાયમાં, 'પર જાણવામાં આવ્યું એવું છે નહીં'** (એટલે કે પરને જાણતો જ નથી ને...!)

આહા...હા.! પોતાનો, જ્ઞાયક ચૈતન્ય પ્રભુ! નિત્યાનંદ ધ્રુવ!! એનું જે જ્ઞાન સમ્યક્, દૃષ્ટિ (સમ્યક્) થઈને-આશ્રય લઈને થયું, એ જ્ઞાનની પર્યાયમાં, આ રાગ આદિ, શરીર આદિ, બાહ્ય ચીજ (જે) જાણવામાં આવે છે એ કહે છે, પરના કારણથી જાણવામાં આવે છે, એવું નથી. (પરંતુ) એ પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક પ્રગટ થઈને, પર્યાય, પોતાની જ પર્યાય છે એવું જાણે છે.

એવું છે!! ભાઈ, મારગ બહુ સૂક્ષ્મ ભાઈ! અત્યારે સંપ્રદાયમાં તો ગોટા ઊઠયા છે બધા! એનું શું કરવું?! એને બિચારાને ખબર નથી. અરે..! આ ચીજ જે અંદર રહી જાય છે આખી સચ્ચિદાનંદ પ્રભુ! નિત્યાનંદ! સહજાત્મ સ્વરૂપ! સહજ્ સ્વભાવી! જેમાં પલટન-પર્યાય, એ પણ નથી, એવો સ્વભાવ (તે) વસ્તુ છે!!

તો...., પર ઉપરથી દૃષ્ટિ ઊઠાવીને, અંદર ત્રિકાળીમાં દૃષ્ટિ લગાવવી, એ દૃષ્ટિ શુદ્ધ છે ને વસ્તુ (આત્મા) શુદ્ધ છે!!

અને.... દૃષ્ટિ શુદ્ધ થઈ... અને સ્વનું જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાયમાં, પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી, પર જાણવામાં આવ્યું, તો પરના કારણથી પરનું જ્ઞાન થયું. અહીંયા (જ્ઞાનપર્યાય)માં એવું નથી. એ તો પોતાના સ્વપર પ્રકાશ સામાર્થ્યથી પોતાનાં જ્ઞાનનો વિકાસ થયો છે. આહા..! આવી વાત છે!!

અરે..! જનમ-મરણના અંત લાવ્યા નહીં. અત્યારે તો સાંભળ્યુ જાય નહીં તેવું છે! જુવાન-જુવાન માણસ હાર્ટફેઈલ! આ બેઠાં બેઠાં, વાત કરતાં હાર્ટફેઈલ. દીકરીયુંને હાર્ટફેઈલ!! આહા.. હા! ક્યાં..ય

રખડવા ઢોરમાં-પશુમાં.. ને! તેનાં બંગલાં ને પૈસા બધાં પડાં રહે અહીંયાં!

આહા.. હા! પ્રભુ! તારે ઊગરવાના આરા હોય તો.. એ ઊગરવાનો આરો કહેવા છે ને... તો ઈ ચૈતન્યદ્રવ્ય છે!!

આહા... હા! એ ત્રિકાળી જ્ઞાયકભાવ! ધ્રુવભાવ! સ્વભાવ ભાવ, કાયમી ભાવ! અસલી ભાવ! નિત્યભાવ!! (એવો આત્મસ્વભાવ) એની દૃષ્ટિ કરવાથી એટલે એમાં પ્રવેશ કરવાથી (એકાગ્ર થવાથી) સમયગ્દર્શન થાય છે! એ સમયગ્દર્શનથી ભવનો અંત થશે, એ અંત કરવાવાળું છે બાકી, કોઈ દયા-દાન-વ્રત-ભક્તિ (ના ભાવ) એ તો સંસાર છે.

આહા..હા..! 'કારણ કે **જેવું જ્ઞેયપર જ્ઞાનમાં પ્રતિભાસિત થયું' 'પ્રતિભાસિત' એટલે? જેવું જ્ઞેય છે એવું અહીં જ્ઞાન થયું. 'તેવો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે' - એ તો જ્ઞાયકની પર્યાય છે, અને જ્ઞાયકથી ઉત્પન્ન થઈ છે. 'પરથી નહીં, પરની નહી'.**

આહા..હા! 'આ હું જાણનારો છું તે હું જ છું' જુઓ! શું કહે છે? એ જ્ઞાનની પર્યાયમાં, રાગ-શરીર આદિ જાણવામાં આવ્યું, તો જે 'જાણવાની પર્યાય છે તે તો હું છું' છે? .. 'આ જણનારો છું તે હું જ છું' - એ જાણવાવાળી જે ચીજ-પર્યાય તે હું છું. એ રાગને જાણવાવાળી પર્યાય, રાગ છે એવું તો છે નહીં. આહા.. હા! ક્યાં... લઈ જવો છે...! આવો મારગ! એની ખબરું વિના, ચોરાશીમાં રખડી મરે છે... કાગડાં ને કૂતરાં ને સિંહ, વાઘ, વરૂના અવતાર!! વાણિયા મરીને ત્યાં જાશે ઘણાં! ધરમની ખબર ન મળે! સાચો સત્‌સમાગમ બે-ચાર કલાક જોઈએ તેની ખબર ન મળે!! પાપનો અસત્‌સમાગમ... આ ધંધો! અસત્‌સમાગમે છે. અને તે દિ' (સાંભળવા) આ મળે તો સત્‌સમાગમ છે!!

અહીં કહે છે કે... પર જે જાણવામાં આવ્યા, એ હું છું, એ મારી (જ્ઞાન) પર્યાય છે, મારાથી ઉત્પન્ન થઈ છે. રાગનું જ્ઞાન, શરીરનું જ્ઞાન- એ જ્ઞાન, શરીર કે રાગને કારણે થયું નથી, મારી પર્યાયના સામર્થ્યથી એ જ્ઞાન થયું છે. હું ત્રિકાળી તો જ્ઞાયક જ છું પણ... એની જે (જ્ઞાન) પર્યાયે જ્ઞાયકને જાણ્યો, પરને જાણ્યા, એ તો મારી પર્યાય છે. હું તો જાણવાવાળાપણે પરિણમું છું, રાગ (વાળાપણે) પરિણમું છું એમ નથી. (અર્થાત્) રાગનું જ્ઞાન થયું, આ શરીરનું જ્ઞાન થયું એ રાગપરિણમન થઈને આવ્યું છે, એ રાગના કારણથી પરને-પર્યાયને જાણવાની (જ્ઞાન) પર્યાય આવી છે, એવું છે નહીં.

આહા..! બાપુ! મારગડા જુદા ભાઈ! અરેરે...! સત્ય સાંભળવામાંય આવે નહીં-એ સત્ય શું ચીજ છે!! એની પ્રાપ્તિ મહાદુર્લભ છે!!

અહીંયા કહે છે કે 'આ હું જાણનારો છું તે હું જ છું'-રાગ અને શરીર આદિની ક્રિયા જે થાય છે જડની, તેનું અહીંયા જ્ઞાન થાય છે, તે તો હું જ છું. એ જ્ઞાનની પર્યાય મારી છે. મારાથી ઉત્પન્ન થઈ છે. પરથી ઉત્પન્ન થઈ નથી.

આહા...હા! 'અન્ય કોઈ નથી'-આવો, પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો! એવો ભગવાન સ્વરૂપ ચૈતન્ય પ્રભુ! પોતાને પોતાનું જ્ઞાન થયું, પરના જ્ઞાનમાં પણ પોતાનું જ્ઞાન થયું'-એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો, ત્યારે જાણનક્રિયાનો કર્ત્તા સ્વયં (આત્મા) છે. શું કીધું? જાણક્સ્વરૂપ જે ભગવાન આત્મા ત્રિકાળ છે, એની જાણનશીલ પર્યાય, એ સમયે જે રાગને, શરીરને,

પરને જાણે છે એ પર્યાય (થઈ) એ પર્યાયનો કર્ત્તા આત્મા છે. આહા.. હા! છે? .. એ જાણનક્રિયાનો કર્ત્તા એમ કહ્યું અહીંયાં આહા.. હા! પર્યાય છે ને! ક્રિયા છે ને પર્યાય!! ત્રિકાળીજ્ઞાયક ચૈતન્ય હું છું એવું જે જ્ઞાન થયું અને જે જ્ઞેય થયું, એ જ્ઞાનનું લક્ષ, શરીરાદિ પર ઉપર જાય છે, તો એનું એને જ્ઞાન થાય છે- તો એનું જ્ઞાન થયું, તો ઈ જ્ઞાનની પર્યાય મારી જ્ઞાનકૃત છે- એ જાણવાની ક્રિયાનો કર્ત્તા સ્વયં (જ્ઞાયક) જ છે. એ રાગનું જ્ઞાન થયું તો રાગ કર્ત્તા ને જાણવાનું કાર્ય-જ્ઞાનપર્યાય, એવું કર્ત્તા-કર્મ છે નહીં. આવો વીતરાગનો મારગ!!

આહા..હા! 'એ જાણવાની ક્રિયાનો કર્ત્તા સ્વયં જ છે'-સ્વને જાણવું ને પરને જાણવું-એ જાણવાની ક્રિયાનો કર્ત્તા તો સ્વયં આત્મા છે. એ જાણવાની ક્રિયા (માં) પરનું જાણવું થયું તો પર કર્ત્તા છે અને આ જ્ઞાનની ક્રિયા કાર્ય છે, એવું છે નહીં. 'અને જેને જાણ્યું તે કર્મ પણ સ્વયં (પોતે) જ છે' આહા.. હા! એ 'કર્ત્તા' પણ પોતે જ છે પોતાની જ્ઞાનની પર્યાયનો અને 'કર્મ' પણ સ્વયં જ છે, કાર્ય થયું ઈ સ્વયંપર્યય છે પોતાની.

આહા..! 'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે'-એવો જ એક જ્ઞાયકસ્વભાવ સ્વયં શુદ્ધ છે.

આ તો... ત્રિલોકનાથ! સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરની વાણી છે!

આહા...! પ્રભુ! તું કોણ? શું છે? અને કેટલા કાળથી છે? 'હું તો જ્ઞાયક છું' કેટલા કાળથી છો? હું તો ત્રિકાળ છું તો એમાં કોઈ પર્યાયના ભેદ છે કે નહીં? (એટલે કે) જે પરના જાણવાવાળી પર્યાય છે, અશુદ્ધ છે, રાગ છે એ એમાં છે કે નહીં?' ના. (અભેદમાં ભેદ નથી)!

(અભેદનો અનુભવ થયો) ત્યારે અશુદ્ધતા-ભેદ છે જ નહીં એવું જ્ઞાન થયું, તો ઈ થાનની પર્યાય થઈ-એ પર્યાય તો સ્વને જાણે છે ને પરને જાણે છે, તો ઈ પર્યાય છે કે નહીં અંદરમાં? તો... અંદરમાં નથી, પણ પર્યાય જાણવામાં આવી તે મારામાં છે. પર્યાયમાં, સ્વનું જાણવું ને પરનું જાણવું એ પર્યાયમાં છે. સમજાણું કાંઈ...?

ચૈતન્ય જ્ઞાનનો પૂંજ છે અંદર!! જેમ ધોકળા હોય છે ને..! બોરા-બોરા! રૂ ના ભરેલા બોરા (ધોકળા) હોય છે ને પચીસ-પચીસ મણના!! (એમ) આ (આત્મા) અનંત-અનંત ગુણના જ્ઞાનના બોરા છે. એમાંથી થોડા નમૂનો બહાર કાઢે છે. આ 'આખા' બોરા આવો છે, એમ આ જ્ઞાયકચીજ પ્રભુ (આત્મા) એનું જ્ઞાન કરવાથી, એના નમૂનારૂપ જ્ઞાનની પર્યાય બશાર આવે છે કે.. આ જ્ઞાનની પર્યાય જે આવી, તો 'આખું' સ્વરૂપ જ્ઞાનમય છે!!

અને, જે (સ્વાનુભવ)માં જ્ઞાનની પર્યાય-અવસ્થા થઈ, એ છે તો ભેદ-ત્રિકાળની અપેક્ષાએ- પણ, (જ્ઞાનપર્યાય)નો રાગ તરફનો ઝૂકાવ નથી. 'રાગનું જ્ઞાન, પરના ઝૂકાવ વિના થયું છે' -એ કારણ પર્યાય જે થઈ, તે અભેદ થઈ. કેમ કે સ્વના આશ્રયથી થઈ-અભેદ થઈ એમ તેને કહેવામાં આવે છે. પર્યાય કાંઈ દ્રવ્યમાં ઘુસી જતી નથી, પર્યાય તો પર્યાયમાં રહે છે. ભલે! જ્ઞાયકનું જ્ઞાન થયું, એ રાગનું જ્ઞાન તે પોતાની પર્યાય જ છે, પણ ઈ પર્યાય, ત્રિકાળીમાં ઘુસી જાય છે એવું તો નથી. પર્યાય, પર્યાયમાં રહે છે, દ્રવ્ય, દ્રવ્યમાં રહે છે!! છતાં.. દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવે છે. આ પૂર્ણાનંદ પ્રભુ છે એવું જ્ઞાન પર્યાયમાં આવે છે, એ વસ્તુ (દ્રવ્ય) પર્યાયમાં આવી જાય છે એવું નથી. સમજાણું કાંઈ...?

હળવે.. હળવે તો ભઈ કહેવાય છે, આ તો પ્રભુનો મારગ... છે, અનંત સર્વજ્ઞો, અનંત તીર્થકારો, આ વાત કરતા આવ્યા છે. એણે ( જીવો ) એ અનંતવાર સાંભળી છે, પણ એને રુચિ નથી, એણે અંતરમાં આશ્રય કરીને શરણ લીધું નથી એનું આહા.. હા! શરણ લીધું નહીં!

અહીંયાં કહ્યું ને...! 'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે' ત્રિકાળી!!

આહા...! 'આ શુદ્ધનયનો વિષય છે' શું કીધું? જે વસ્તુ છે ત્રિકાળી, પણ એનું જ્ઞાન ( જેને ) થયું એને શુદ્ધ છે. તો ઈ પર્યાય ( સ્વાનુભવ ) ની જ્ઞાનની જ્ઞઈ એને શુદ્ધ કહેવામાં આવેલ છે. અભેદ થઈ ગઈ ને...!! શુદ્ધ ચૈતન્યવસ્તુ પૂર્ણ છે એનું જ્ઞાન થઈને, સ્વના આશ્રયે શુદ્ધ થઈ ગઈ, એ અભેદ કહેવામાં આવી. એટલે કે શુદ્ધ કહેવામાં આવ્યું એ અપેક્ષાએ અભેદ! બાકી, પર્યાય છે તે તો વ્યવહાર નયનો વિષય, ચાહે તો કેવળજ્ઞાન હો! તે પણ વ્યવહારનયનો વિષય છે!!

આવી ફુરસદ ક્યાં મળે! ધંધા આડે.. એક અંધો હોય પહેલાં કારખાનાનો, બીજું કર્યુ ને ત્રીજું કારખાનાનું કર્યુ એમાં નવરાશ ક્યાં છે? ( આત્મતત્ત્વ સમજવાની ) આહા.. હા! પ્રભુ! તું...

( શ્રોતાઃ ) એમાં રૂપિયા મળે, સુખ છે ને એમાં? ( ઉત્તરઃ ) ધૂળમાંય એને મળતાં નથી રૂપિયા ક્યાં 'ય! રૂપિયા તો રૂપિયામાં રહે છે ને...! મળ્યા છે એવી મમતા મળે છે એને. કારણ કે પૈસા તો પૈસામાં છે. શું તે આત્મામાં આવે છે? 'મને મળ્યા' - એવી મમતા એની પાસે આવી છે આહા.. હા! પૈસા તો પૈસામાં રહ્યા છે.

આહા.. હા! આ પર્યાય જ્ઞાનની થઈ, તો એમાં રહી એમ કહેવામાં આવે છે. પ્રભુ! જે ચૈતન્યમૂર્તિ! ચૈતન્યના પ્રકાશનું પૂર.. પૂર!! ધ્રુવ પૂર! ત્રિકાળી, એનું જેણે સેવન કર્યુ, એ જ્ઞાનની પર્યાય અભેદ થઈ, કેમ કે એના આશ્રયથી-એના અવલંબનથી અથવા ઈ સ્વપર્યાયથી જ થઈ છે.

આહા... હા! આકરું કામ બાપુ! અરે..! આ ક્યાં? નવરાશ ન મળે! બાળ અવસ્થા રમતુંમાં જાય, જુવાની બાયડીના મોહમાં જાય, વૃદ્ધાવસ્થા જાય ઈન્દ્રિયોની નબળાઈમાં, થઈ રહ્યું!! જીવન પરાધીન થઈ ગયું!! આહા.. હા! 'એમાં પહેલેથી કામ ન લીધું તો પછી હારી જઈશ મનુષ્યપણું!" શાસ્ત્રમાં પણ એવું આવે છે, શરીરની જરા-જીર્ણતા ન આવે, શરીરની ઈન્દ્રિયો હીન ન થાય, શરીરમાં રોગ ન આવે તે પહેલાં કામ કરી લે! પછી નહીં થાય ( ભાવપાહૂડ ગાથા. ૧૩૨ ) આ તો અષ્ટપાહૂડમાં છે આપણા દિગમ્બરમાં.

આહા...! વૃદ્ધાવસ્થા ન આવે, રોગ શરીરમાં ન દેખાય, શરીરની જીર્ણતા ન થાય- કરી લે કામ આત્માનું, પછી નહીં થઈ શકે, ચાલ્યો જાઈશ જિંદગી ખોઈને...! નિષ્ફળ!!

નિષ્ફળ નહીં, ધરમને માટે નિષ્ફળ રખડવા માટે સફળ, દુઃખ ભોગવવા માટે સફળ!!

આહા.. હા. હા. હા.! આવું સત્યસ્વરૂપ છે.

( કહે છે ) 'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે' - 'આ શુદ્ધનયનો વિષય છે' - શુદ્ધનયનો વિષય તો ત્રિકાળ ( જ્ઞાયકભાવ ) છે, અહીં વિષયને જાણ્યો, ત્યારે તેને શુદ્ધ કહેવામાં આવે ને...! તો તે અપેક્ષાએ પર્યાયને પણ શુદ્ધનયનો વિષય કહેવામાં આવેલ છે. છે તો ( નિશ્ચય ) થી વિષય ત્રિકાળી શુદ્ધ!! પણ એનો વિષય કરનારી પર્યાય નિર્મળ જે પ્રગટ થઈ, એ પણ એ બાજુ ઢળી ગયેલી છે ને...! એટલે એને પણ એક ન્યાયે - સમયસાર ચૌદ ગાથામાં કહ્યું છે ને... 'આત્મા કહો કે એને શુદ્ધનય કહો કે અનુભૂતિ

કહો ' - એ અપેક્ષાએ, આને- પર્યાયને શુદ્ધનય કહેવામાં આવેલ છે.

અહીં તો ત્રિકાળીને શુદ્ધનયનો વિષય કીધો છે.

(કહે છે કે) 'અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે'- જુઓ..! હવે આવ્યું! 'તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. આહા...હા..! 'અન્ય પરસંયોગજનિત ભેદો છે' એ ભેદ, પ્રમત્ત-અપ્રમત્ત. તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે' - એમ શા માટે કહ્યું? (એ ભેદો) દ્રવ્યની પર્યાય છે, એ અપેક્ષાથી અશુદ્ધ દ્રવ્યાર્થિક કહેલ છે.

મલિન પર્યાય, પ્રમત્ત-અપ્રમત્તપણે પરિણમે છે ને...! એ અપેક્ષાએ 'દ્રવ્યની પર્યાય ગણીને' એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહેલ છે. (છતાં) ઈ અશુદ્ધદ્રવ્યાર્થિકની પર્યાય પણ શુદ્ધદ્રવ્યની અપેક્ષાએ પર્યાયાર્થિક જ છે.

આ અશુદ્ધ (દ્રવ્યાર્થિક) કેમ કહી? કે દ્રવ્ય, પોતે-પોતાની પર્યાય છે અશુદ્ધરૂપે પરિણમે છે, એ કારણે એને અહીં અશુદ્ધ દ્રવ્યાર્થિક કહેલ છે. એ અશુદ્ધ દ્રવ્યાર્થિક, શુદ્ધદ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે એ તો પર્યાય જ છે. પ્રમત્ત-અપ્રમત્ત પણ અને એટલા માટે વ્યવહારનય જ છે.

આહા.. હા! શું કીધું? ત્રિકાળી વસ્તુ જે ચૈતન્યશુદ્ધ ભગવાન (આત્મદ્રવ્ય) એ શુદ્ધનયનો વિષય અને પર્યાય શુદ્ધ-અશુદ્ધ!! પણ પર્યાય (જે છે) મલિનર્યાયના ભેદ સંયોગજનિત - ચૌદગુણસ્થાનના ભેદ કહ્યા છે ને...! તે તો અશુદ્ધદ્રવ્યાર્થિક (કહ્યા). દ્રવ્ય પોતે ભેદરૂપે પર્યાયમાં અશુદ્ધ થયેલ છે એ અપેક્ષાએ (-પર્યાયદ્રવ્યની ગણીને) એ અશુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યું પણ ઈ અશુદ્ધદ્રવ્યાર્થિક એ પર્યાયાર્થિક જ છે કેમ કે પર્યાયાર્થિક છે એ જ વ્યવહાર છે આહા.. હા.. !

કેટલું યાદ રાખે આમાં?! એક કલાકમાં!! આ તો બાપુ! જગતથી જુદી જાત છે, બાપુ! ધર્મની જાત!! સર્વજ્ઞ જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ પરમેશ્વર કહે છે. એ વાતું આખા જગતથી જુદી છે. આહા..! દુનિયામાં ક્યાંય મેળ ખાય તેમ નથી!!

આહા.. હા! શું કહ્યું? કે બે ભેદ-એક ત્રિકાળી દ્રવ્ય વસ્તુ જ્ઞાયકભાવ, એ શુદ્ધનયનો વિષય-ધ્યેય! અને પર્યાયના જે ભેદ છે, (ચૌદ) ગુણસ્થાન, શુભાશુભ ભાવ એ અશુદ્ધ (નયનો વિષય) અશુદ્ધ દ્રવ્ય! દ્રવ્ય પોતે (પર્યાયમાં) અશુદ્ધતાપણે પરિણમ્યું છે-પર્યાય તરીકે હો?! એથી એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું (એટલે કે) એની પર્યાય છે ને એમ લેવું-સમજવું.

અશુદ્ધ દ્રવ્યાર્થિક (એટલે કે) અશુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન (તે) અશુદ્ધ દ્રવ્યાર્થિક છે એને પર્યાયાથિક કહે છે અને એને વ્યવહાર કહે છે.

એનાં બધાં પલાખાં આકરાં! અરે! અનંતકાળના અજાણ્યો મારગ બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એની ભાષામાં, એ દિવ્યધ્વનિમાં પ્રભુની વાણીમાં 'આ' આવ્યું છે. એ આચાર્યે આ રીતે ગાથામાં રચના કરી છે. આહા.. હા!

એનો ભાવર્થ પંડિતે-જયચંદ પંડિત થઈ ગ્યા છે. એવા આ (ભાવાર્થ) ભર્યા છે.

આહા.. હા! શું કહેવા માગે છે. એની સ્પષ્ટતા ભાવર્થમાં લીધી છે. સમજાણું કાંઈ...?

'અશુદ્ધ દ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે' આહા... હા! એ જ્ઞાયકભાવમાં, પર્યાયના ભેદ-ચૌદ ગુણસ્થાનના ભેદ દેખાય છે એ વ્યવહારનય જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પર્યાય ( માત્ર ) વ્યવહારનય છે.

દ્રવ્ય, નિશ્ચયનયનો વિષય છે પણ જેને નિશ્ચય વસ્તુનું જ્ઞાન થાય છે એને ભેદનું-રાગનું જ્ઞાન, પોતાને પોતાના કારણે થાય છે, ‘ એવો આશય જાણવો જોઈએ ’.

‘ અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે- એમ આશય જાણવો ’ .

‘ છે ’ વ્યવહારનય જ છે એમ આશય ( જાણવો ) સમજવો જોઈએ.

વિશેષ કહેશે...

* * *

-આત્મા ખરેખર પરને જાણતો નથી તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો એ વાત જ ક્યાં રહી? પોતે પોતાને જાણે છે એમ કહેવું એ પણ ભેદ હોવાથી સદ્‌ભૂત વ્યવહાર છે. ખરેખર જ્ઞાયક તો જ્ઞાયક જ છે તે નિશ્ચય છે.

( ગુજરાતી આત્મધર્મ, માર્ચ-૧૯૮૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચનક્રમાંક-૨૫ દિનાંક: ૪-૭-૭૮

(સમયસાર ગાથા-૬) એનો ભાવાર્થનો બીજો પેરેગ્રાફ (છે).

(કહે છે) 'અહીં એમ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે' -આત્મા છે, તે જ્ઞાયકભાવ ત્રિકાળ છે. એટલે કે ગુણસ્થાનના જે ભેદ છે- એ શુભ, અશુભ-પુણ્ય, પાપના ભેદ, એમાં છે નહીં, પર્યાયમાં છે.

આહા...! વસ્તુ જે છે જ્ઞાયકરસ! ચૈતન્યરસ! અસ્તિ-મૌજુદગી ચીજ! વસ્તુ-વસ્તુ મૌજુદગી ચીજ!! એ આત્મા ધ્રુવ છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય છે, ધરમની પહેલી સીડી પ્રાપ્ત કરવા માટે એ જ્ઞાયકરસ! ચૈતન્યરસ (આત્મદ્રવ્ય) જે પરિણમન-પર્યાય વિનાની ચીજ!! હલચલ નથી એમાં! (એ જ સમયગ્દર્શનનો વિષય-ધ્યેય છે).

ઝીણી વાત છે ભાઈ...!

પર્યાય છે ઈ હલચલસ્વરૂપ, બદલે છે ને...! વસ્તુ ધ્રુવ છે, એ તો હલચલ વિનાની ધ્રુવ, એકરૂપ ત્રિકાળ છે. શુદ્ધ સત્તા સ્વરૂપ, એમાં પર્યાયના ભેદ પણ નથી. એ સમ્યગ્દર્શનનો વિષય છે.

આહા.. હા! ધરમની પહેલી સીડી! સમ્યગ્દર્શન પર્યાય છે, એનો વિષય- ધ્યેય, ત્રિકાળી જ્ઞાયકભાવ જ છે. એ જ સમયગ્દર્શનનો વિષય છે. એ અપેક્ષાથી (એને) અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો, પર્યાય કહો કે વ્યવહાર કહો- એ ત્રિકાળી ચીજમાં (આત્મદ્રવ્યમાં) નથી.

(શ્રોતા:) એ શુભાશુભ બધું પર્યાયમાં છે? (ઉત્તર:) પર્યાયમાં છે. (આત્મ) વસ્તુમાં નથી, વસ્તુ તો ત્રિકાળી એક, સદશ, ચૈતન્યઘન, ચૈતન્યના પ્રકાશનું પૂર... એનું નૂર છે! આહા.. હા! અસ્તિ છે ને...! અસ્તિ છે. ને અસ્તિ!! 'છે' -છે ને...! મૌજુદગી છે. કાયમી-મૌજુદગીમાં શું આવ્યું?

કાયમી-મૌજુદગી તો જ્ઞાન-આનંદ આદિનો રસ! ધ્રુવ એકરૂપ ત્રિકાળ (સદશ ચીજ આત્મતત્ત્વ) આદિ-અંત વિનાની ચીજ! (જેની) શરૂઆત નહીં, અંત નહીં. એટલે કાયમ-ધ્રૂવપણે બિરાજમાન પ્રભુ!! આહા.. હા! એ ચીજને સત્ કહીને, પર્યાયને અસત્ કીધી અથવા પર્યાયમાં રાગપણે ધ્રુવ પરિણમતો નથી, એમ કહ્યું! એમ કેમ કહ્યું છે? કે, જ્ઞાયકભાવ જે ધ્રુવ છે એ પુણ્ય ને પાપ (જે) અચેતન ભાવ છે જે દયા-દાન-વ્રત-ભક્તિ આદિના વિકલ્પ છે એ તો અચેતન છે અચેતનનો અર્થ: કે જે જ્ઞાયકરસ ચિદાનંદ છે તે તેમાં આવતો નથી, તેમજ જ્ઞાયકનું કિરણ (જ્ઞાનકિરણ) જે છે તે-પણ પુણ્ય-પાપના ભાવમાં આવતું નથી. તે કારણે પુણ્ય-પાપના ભાવને અચેતન ને જડ કહેવામાં આવ્યા છે. આ શરીર જડ છે એમાં તો રસ, ગંધ, રંગ, સ્પર્શ છે અને પુણ્ય-પાપના ભાવ છે જે દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધ (આદિભાવ) એમાં રંગ, ગંધ આદિ (જડનાગુણ) નહીં, પણ તેમાં ચૈતન્યના પ્રકાશનું કિરણ નથી એ અપેક્ષાથી પુણ્ય-પાપના ભાવને જડ ને અચેતન કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ...?

આહા... હા! તો કહે છે કે અચેતનને જડ કહીને એનો નિષેધ કર્યો કે એ વસ્તુમાં છે નહીં. એ (ભાવ) જ્ઞાયકમાં છે નહીં. તો ઈ પર્યાયમાં છે કે નહીં? પર્યાયમાં છે. એ નિર્ણય કરનારી તો પર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(જુઓ)! શું કહે છે? કે ત્રિકાળી (જ્ઞાયક) શુદ્ધ છે, એ ધ્રુવ-જ્ઞાયક ધ્રુવ! વજ્રનો પિંડ!! વજ્ર-વજ્ર જેમ છે ને એમ જ્ઞાન-આનંદનું બિંબ! ધ્રુવ છે. પર્યાયની હલચલ વિનાની ધ્રુવ ચીજ!!

પણ... એ 'આ' છે. એનો નિર્ણય કોણ કરે છે? એ પર્યાય જ એનો નિર્ણય કરે છે. અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. આરે.. આરે! આ વાત જ જુદી, આખી દુનિયાથી જુદી છે!

(શ્રોતાઃ) અનિત્ય, નિત્યનો નિર્ણય કરે, તો તે પોતે અનિત્ય છે! (નિત્ય-અનિત્ય) બંને જુદાજુદા છે?

(ઉત્તરઃ) એ નિત્યાનંદ છે ધ્રુવ...! આદિ-અંત વિનાની વસ્તુ, સહજ! સહજ આત્મા-સહજાત્મ સ્વરૂપ! ધ્રુવ! આમાં તો એનો નિર્ણય થાય નહીં, નિર્ણય કરવાવાળી તો પર્યાય છે એ અનિત્ય છે, પર્યાય પલટતી છે, હલચલ (વાળી) છે. આહા... હા! એ પર્યાય, એમાં નથી. પણ.. પર્યાય નિર્ણય કરે છે તો પર્યાય, પર્યાયમાં છે, (છતાં) એનાથી પૃથક્ કરવું છે-સમજવું છે.

આહા...! વીતરાગનો મારગ! જિનેશ્વરદેવનો મૂળ મારગ સૂક્ષ્મ છે! જગતને તો અત્યારે સાંભળવા મળતો નથી. બહારનાં-વ્રત કર્યા ને.. સેવા કરો ને... દેશ સેવા કરો ને... માણસની સેવા કરો ને! ક્યાં ખબર છે પ્રભુ! પરની સેવા એટલે શું? તેનો અર્થ શું?

(વિશ્વમાં) પરદ્રવ્ય છે કે નહીં? છે. (છે તો) તેની પર્યાય, વર્તમાનમાં શું નથી? પર્યાય વિનાનું શું દ્રવ્ય છે? (પર્યાય તો છે) તો પછી તેનું પર્યાયનું કાર્ય તો એ દ્રવ્ય કરે છે. (શું) તું બીજાનું કાર્ય કરે છે?

'હું બીજાની સેવા કરી શકું છું'? -એમ માને છે, તો તે માન્યતા છે તે જ મિથ્યાત્વ, ભ્રમ ને અજ્ઞાન છે.

આહા...! અહીંયા તો પ્રભુ કહે છે ત્રિલોકનાથ! સર્વજ્ઞ જિનેશ્વરદેવને વીતરાગદેવ પરમાત્મા અનંત તીર્થંકરો!! વર્તમાન બિરાજે છે, વર્તમાનમાં વીસ તીર્થંકર પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. તેમની વાણી 'આ' છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા.

ત્યાંથી આવીને 'આ' -આ ભગવાનનો સંદેશ છે એમ જગતને 'જાહેર કરે છે આડતિયા થઈને, 'માલ'- તો પ્રભુનો છે! (સીમંધરપ્રભુનો) છે સમજાણું કાંઈ...?

આહા.. હા.! ભગવાન આત્મા, ચૈતન્ય જ્ઞાયકરસ જ છે! અસ્તિ, મૌજુદગી ચીજ! એતો પર્યાય વિનાની ચીજ છે. એમાં કોઈ અશુદ્ધતા (નથી) જે અશુદ્ધદ્રવ્યાર્થિક કહેવામાં આવેલ છે. અશુદ્ધદ્રવ્યાર્થિક (કહ્યું છે પણ) દ્રવ્ય અશુદ્ધ થતું નથી, પણ દ્રવ્યની પલટતી પર્યાય અશુદ્ધ થાય છે, તેથી તેને અશુદ્ધદ્રવ્યાર્થિક કહે છે. (ખરેખર) તો અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયથી પર્યાય કહે છે, પર્યાય છે તે વ્યવહાર છે (અને) ત્રિકાળી ચીજ નિશ્ચય છે!

આમાં વાત.. કયાં સમજવી...! એ કારણે કહ્યું ને... પર્યાયનો નિષેધ કર્યો છે ને...! કે જ્ઞાયકમાં પર્યાય છે નહીં. અને જ્ઞાયકભાવ, શુભ-અશુભપણે થયો જ નથી. કેમ કે જ્ઞાયકરસ! ચૈતન્યરસ! ચૈતન્ય-ચૈતન્ય પ્રકારનો પુંજ પ્રભુ! એ પુણ્ય-પાપના ભાવ જે અચેતન છે, એમાં અંધારા છે, એમાં પ્રકાશનો અંશ નથી, એ (ભાવો) અંધારા છે. જે ચૈતન્યપ્રકાશનો પુંજ! જે ચૈતન્ય તત્ત્વ, એ અંધારાસ્વરૂપ થયો જ નથી. સમજાણું કાંઈ...?

આહા...! અને એ જ્ઞાયકભાવ, શુભ-અશુભભાવે થઈ જાય તો જ્ઞાયકરસ અચેતન-જડ થઈ જાય! અચેતન થઈ જાય!! આહા.. હા..! આ દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ પણ અચેતન જડ છે, કેમ કે એ વિકલ્પ છે-રાગ છે.

એ રીતે ચૈતન્ય જે સ્વભાવ છે, જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ પ્રભુ! એ શુભાશુભ વિકલ્પરૂપે થાય તો, જ્ઞાયકચૈતન્ય અંધારા સ્વરૂપ જડ થઈ જાય.

આહા.. હા! આવી વાત છે!

એ અશુદ્ધતા, પર્યાયમાં જે અશુદ્ધતા છે, એ દ્રવ્યાર્થિક નયનો વિષય નથી, એતો અશુદ્ધ દ્રવ્યાર્થિક નયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિક નયને કહ્યું તો દ્રવ્યની અશુદ્ધપર્યાય છે. એ અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યું, એને જ પર્યાયાર્થિક કહીને, એને જ વ્યવહાર કહ્યો, એ વ્યવહાર જૂઠો-એવું કહ્યું!!

આહા.. હા! જુઓ! એ અહીંયાં કહે છે.

'આહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે' -વીતરાગ ત્રિલોકનાથનું કથન-અભિપ્રય સ્યાદ્વાદરૂપ છે. સ્યાદ્=સ્યાત્ (સ્યાત્) એટલે અપેક્ષાએ કથન કરવું તે. સ્વદ્વાદ=સ્યાત્ નામ અપેક્ષાએ, વાદ નામ કથન કરવું. એનું નામ સ્યાદ્વાદ છે. એ જિનમતનું કથન છે.

'તેથી અશુદ્ધનયને' - તે ઈ પર્યાયમાં શુભાશુભભાવ છે. ચેતન શુભાશુભપણે થયો નથી, એમ કહ્યું (તો) એ અશુદ્ધનયનો વિષય જ છે નહીં, એવું છે નહીં. 'સર્વથા અસત્યાર્થ ન માનવો' (અર્થાત્) જેમ ત્રિકાળી શુદ્ધ સ્વભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવપ્રભુ (આત્મ દ્રવ્ય) એ શુભાશુભ ભાવપણે થયો નથી, પણ શુભાશુભભાવ પર્યાયમાં છે. (પર્યાયમાં) છે એનો નિષેધ કરે-નથી જ સર્વથા-એમ માને તો તો વસ્તુનો નિષેધ થઈ જાય. આહા...! સમજાણું કાંઈ..?

(કહે છે કે) 'અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો' - ત્યાં તો (ગાથામાં) એ કહ્યું કે અશુદ્ધ છે એ જૂઠું છે, અશુદ્ધતા અસત્યાર્થ છે- જુઠું છે. (એ) કઈ અપેક્ષાએ? એ તો ત્રિકાળી ચૈતન્યજ્યોત જે ધ્રુવધાતુ! ચૈતન્ય ધાતુ! ચૈતન્યપણું જ જેણે ધારી રાખ્યું છે એવો (ચેતનઆત્મા છે) એની અપેક્ષાએ, રાગ-પુણ્ય, પાપ છે, તેને અશુદ્ધ કહીને, અચેતન કહીને, દ્રવ્યમાં નથી, એમ કહ્યું. પણ, રાગ પર્યાયમાં છે (સર્વથા) નથી જ એમ નહીં તેથી 'અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો' આહા.. હા! સમજાણું કાંઈ...?

હવે, કહે છે કેઃ 'કારણકે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા, બન્ને વસ્તુના ધર્મ છે' - શું કીધું? કંથચિત્ નયથી જે પરમાર્થનયનું કથન છે પ્રભુનું, એ શુદ્ધ જે વસ્તુનું સત્ત્વ છે વસ્તુનું સત્વ છે- વસ્તુનો કસ છે, તેમજ પુણ્ય-પાપના (ભાવ) પર્યાયમાં, પણ વસ્તુનો કસ છે, પર્યાયમાં, પણ વસ્તુનો કસ છે, પર્યાયમાં (છે) તે પણ સત્ત્વ છે.

આહા.. હા! દરેક શબ્દ અજાણ્યા બધા..! એનાં ભણતરમાંનો' આવે, વેપારમાં નો' આવે ને અત્યારે તો સંપ્રદાયમાં ય નથી આ (તત્ત્વની વાત)

આહા.. હા! શું કીધું? 'સ્યાદ્વાદ પ્રમાણે' -અપેક્ષાથી, વસ્તુને સિદ્ધ કરવા માટે, શુદ્ધતા ત્રિકાળી અને અશુદ્ધતા વર્તમાન-બન્ને વસ્તુનાં ધર્મ છે. ધર્મ નામ એ (ભાવ) વસ્તુએ ધારી રાખેલી ચીજ

છે. ધર્મ એટલે અહીં સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રના પરિણામ એની વાત નથી. પરંતુ વસ્તુએ ધારી રાખેલ ભાવ, એ ધરમ અહીં (સમજવું)

જેમ વસ્તુ ત્રિકાળી ભગવાન (જ્ઞાયકભાવ) એણે ધારી રાખેલી ચીજ છે, એમ જ પુણ્ય-પાપ પર્યાયમાં ધારી રાખેલી ચીજ છે. પુણ્ય-પાપ અસ્તિ છે, પુણ્ય-પાપ નથી જ, એવું છે નહીં, સમજાણું કાંઈ.... ?

ઝીણી વાત છે આ બધી...! કોઈ દિ' ક્યાં 'ય સાંભળ્યું નથી! સત્ય શું છે? સંપ્રદાયમાં તો અત્યારે ગોટા ઊઠયા છે બધા- આ કરો ન... આ કરો... વ્રત કરો-તપ કરો, ધર્મ થશે! પરંતુ કરવું-કરવું એ તો બધો વિકલ્પ ને રાગ છે.

રાગના તત્ત્વને, જ્ઞાનના-ચૈતન્યને સોંપવું મિથ્યાત્વ છે. પણ, વસ્તુ છે ખરી, અશુદ્ધતા છે ખરી. પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો તો પર્યાય શૃદ્ધ જ છે, તો છે જ (શુદ્ધ) એને ધરમ કરવો, એ તો રહેતું નથી. આહા...! 'મારે ધરમ કરવો છે' - એવો પ્રશ્ન ઊઠે-થાય છે. તો તેમાં શું આવ્યું? કે ઈ પર્યાયમાં ધરમ છે નહીં, પર્યાયમાં અધર્મ છે, તો અધર્મનો નાશ કરીને ધર્મ કરવો છે. એનો અર્થ એ છે કે પર્યાયમાં અધર્મ છે.

આહા... હા! આ તો, લોજિકથી પ્રભુનો મારગ! આવો કહ્યો છે, અત્યારે અજાણ્યો થઈ ગ્યો છે!!

આહા. હા! 'બન્ને વસ્તુનાં ધર્મ છે' - ધર્મનો અર્થ છે કે વસ્તુએ ટકાવી રાખેલી ચીજ છે. વસ્તુ જે ભગવાન આત્મા, ત્રિકાળી ધ્રુવ ટકાવી રાખેલ છે એમ જ પર્યાયે અશુદ્ધતા ટકાવી રાખેલ છે. સમજાણું કાંઈ... ?

આહા...! 'અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે' - શું કહ્યું? સમજાણું... ?

વસ્તુ જે પ્રભુ! જ્ઞાયકભાવ જે ત્રિકાળ! એ પણ વસ્તુનો ધર્મ છે, વસ્તુએ ધારી રાખેલી. ટકાવી રાખેલી ચીજ છે. એની પર્યાયમાં મલિનતા છે એ પણ વસ્તુનું સત્ત્વ છે. (એ કાંઈ) અસત્ નથી. પર્યાયમાં મલિનતા-અશુદ્ધતા છે. એ સત્ત્વ છે, સત્ત્વનામ 'છે' - એક અંશ છે તે પણ સત્ત્વ છે.

આહા... હા! 'અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે' - સત્ત્વ એટલે શું? શુદ્ધત્રિકાળીવસ્તુ એ વસ્તુનું સત્ત્વ છે, આ ત્રિકાળી (સત્ત્વ છે) અને શુભભાવ-અશુભભાવ (એટલે કે) દયા, દાન, કામ-ક્રોધનાં ભાવ વર્તમાન પર્યાયમાં (છે), એનાં અસ્તિત્વમાં, એનાં સત્‌ના સત્ત્વમાં અર્થાત્ પર્યાયના સત્ત્વમાં એટલે કે પોતાનામાં છે.

આહા... હા! અંતર શું કે આ અંતર છે કેઃ 'અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે' - એટલો ફેર છે. શુભને અશુભ ભાવ-અશુદ્ધ (ભાવ), વસ્તુની પર્યાયમાં, સત્ત્વનામ એની ચીજ છે. પર્યાય પણ એની ચીજ છે. પણ શુભાશુભભાવ ઈ અશુદ્ધતાના ભાવ, સંયોગના લક્ષથી ઉત્પન્ન માટે સંયોગજનિત અશુદ્ધ કહેવામાં આવે છે. આહા.. હા' 'અને અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે' અશુદ્ધનય તો 'હેય' કહેલ છે અહીંયાં! એ પુણ્ય-પાપના ભાવ છોડવાલાયક કહ્યા છે. જેમને ધર્મ પ્રગટ કરવો છે - સમ્યગ્દર્શન - ધરમની પહેલી સીડી!! એમને જ્ઞાયકભાવ ત્રિકાળ જે છે તે જ આદરણીય છે,

અને શુભ-અશુભ ભાવ, એમને હેય છે- છોડવા લાયક છે, એમ કહેલ છે. સમજાણું કાંઈ... ?

હવે, એની એક પંકિત સમજવી કઠણ છે!! આ તો, સિદ્ધાંત વાત છે! આ કોઈ કથા-વાર્તા નથી. (આ તો) ભાગવત...! ભગવત્ કથા છે. (લોકો) ભાગવતકથા કહે છે ને...! નિયમસારમાં આવે છે ને...! આ જ ભાગવત કથા છે-ભાગવત્કથા-ભગવાન આત્માની (કથા), ભગવાન ત્રિલોકનાથે કહેલ છે. પ્રભુ! તારું સ્વરૂપ તો ભગવત્સ્વરૂપ છે ત્રિકાળ પ્રભુ છે!!

પણ, તારી પર્યાયમાં ભૂલ છે- પુણ્ય-પાપના ભાવ છે, તે છે. શુદ્ધતા છે, પર્યાયમાં અશુદ્ધતા છે ઈ અશુદ્ધતા દ્રવ્યે કરી છે (દ્રવ્ય, દ્રવે છે ને.. !) છે ભલે, પર્યાયની ક્રિયા પણ આ પર્યાય પણ રાખેલ છે, અશુદ્ધતા પર્યાયમાં છે. ફકત ફેર એટલો!! ત્રિકળી જે સ્વતઃસ્વાભાવિક વસ્તુ છે અને પુણ્ય-પાપના ભાવ સંયોગજનિત-સંયોગ (ના લક્ષે) થાય છે. આહા.. હા! છે? (અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે)

આહા.. હા! 'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે. - એ પુણ્ય-પાપના ભાવ, સંસાર છે-દુઃખ છે.. આ દુકાન-ધંધામાં રહેવું આખો દિ' એકલા પાપભાવ છે.

(શ્રોતાઃ) પણ રહેવું કેવી રીતે? ધંધો ન કરીએ તો રહેવું કેવી રીત? પૈસા શી રીતે આવે?

(ઉત્તરઃ) કોણ કહે છે કે કરે, એ તો જડ છે, જડની ચીજ આવવાની હશે તો આવશે જ.

(લોકમાં કહેવત છે ને કે) 'દાને દાને પે લિખા હે ખાનેવાલેકા નામ' ખાવાવાળાનું પરમાણુમાં નામ છે. દાણે-દાણે નામ છે. ભાઈ...! સાંભળ્યું છે તેમ ખાને વાલેકા નામ- દાણે-દાણે ખાવાવાળાની મ્હોરછાપ છે.

મ્હોરછાપનો અર્થ (છે કે) જે પરમાણુ આવવાના છે તે આવશે જ અને નહીં આવવાવાળા નહીં આવે!

તારા લાખ પ્રયત્ન કરવા છતાં નહીં આવે, અને આવવાવાળા છે તે એને કારણે આવે છે, એને કારણે રોકાય છે, તારા કારણે નહીં. જે પરમાણુ આવે છે તે તારા હાથની વાત છે નહીં.

(શ્રોતાઃ) પરમાણુંમાં ભલે એમ હોય, અમારે તો રૂપિયાની વાત છે!

(ઉત્તરઃ) ધૂળેય... એ પણ એમ જ છે. રૂપિયા પણ જડ-પરમાણું છે. એક-એક પરમાણું જ્યાં જવાવાળા છે ત્યાં જશે જ, જ્યાં રહેવાવાળા છે ત્યાં રહેશે, તારાથી તે રહેશે?! પરની સત્તા એ તો છે (તારી સત્તાથી એમાં કાંઈ ફેરફાર થાય) એ વાત ત્રણકાળમાં સાચી છે નહીં... આહા.. હા!

વાત બહુ છે! (સૂક્ષ્મ!) બાપુ! અરે, ચોરાશીના અવતાર બાપુ! ભાઈ, ઘણાંય રખડીને પડયા છે. ભગવાન તો એમ કહે છે કે 'તારું એટલું દુઃખ તે ભોગવ્યું, એ દુઃખ જોનારને રોવું આવ્યું! તે તો (દુઃખ) સહન કર્યા! પણ એટલાં.. એટલાં દુઃખ છે ચોરાશીના અવતારમાં... નરકને કીડા, કાગડાં, કંથવા આહા.. હા!

એવા તો પ્રભુ! અનંત ભવ તેં કર્યા છે. અનંતકાળનો છે ને તું! અનાદિ છો.. નવો છો કાંઈ... ? આહા.. હા! એ... પરિભ્રમણનું દુઃખ તેનો નાશ કરવો હોય તો પ્રભુ! તારો (આત્મા) અંતર આનંદનો નાથ છે, તારું શરણ ત્યાં છે, તારો રક્ષક ત્યાં છે, તારું સર્વસ્વ ત્યાં જ્ઞાયકમાં છે. ત્યાં શરણ લેવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


માટે જા, અસ્તિ છે તેને ઉપાદેય કર, તો પરિભ્રમણનો અંત આવશે.

જુઓ...! પુણ્ય ને પાપના ભાવ હેય ને છોડવાલાયક કહેવામાં આવ્યા, પણ એ 'છે' તો છોડવાલાયક કહ્યા ને...! તો તે 'છે' કે નથી? કે છે જ નહીં? તો કહ્યું ને..' અશુદ્ધનયનો વિષય સંસાર છે.'

આહા.. હા! ત્રણલોકનો નાથ! ચૈતન્ય પ્રભુ જ્ઞાયક! ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ! એ સિવાય, પુણ્યને પાપના ભાવ જે થાય છે તે સંસાર છે. 'संसरण इति संसारः' જેમાં સંસરણ – પરિભ્રમણ જ છે જેનાથી ઉત્પન્ન થાય, એનું નામ સંસાર છે. પુણ્યને પાપના, બન્ને (પ્રકારના) ભાવ, સંસરણ ઈતિ સંસાર છે, એ વર્તમાન સંસાર છે અને ભવિષ્યમાં પરિભ્રમણનાં બીજડાં છે! આવી વાત સાંભળતાં....

આહા... હા! આંહી તો કહે છે પ્રભુ! તું જાણક્શક્તિનું તત્ત્વ છો! એ રાગનું ને પરનું કેમ કરી શકે? એ રાગને પુણ્ય-પાપના કર્તા માને છે એ તારો સંસાર છે. એ બીજ છે!! આહા.. હા! છે? .. અશુદ્ધ નયનો વિષય સંસાર છે' – એ પુણ્ય-પાપ ભાવ જ સંસાર છે. આહા... હા! 'અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે'

(શ્રોતાઃ) એ તો (આત્મા) શુદ્ધ છે! (ઉત્તરઃ) એવો શુદ્ધ તો આત્મા છે (વર્તમાન પર્યાય અશુદ્ધ છે).

(જુઓ ને...!) પૈસા થયા પાંચ-પચાસ લાખ, છોકરાં થયાં સાત, આઠ, દસ! બબ્બે લાખની પેદાશવાળા, એમાં સુખ ભર્યાં છે? કલેશ છે પ્રભુ! એ શુભ-અશુભ ભાવથી વર્તમાન કલેશ ભોગવે છે અને ભવિષ્યમાં કલેશનું કારણ છે આહા... હા!

આહા.. હા! હવે, કહે છે કે 'જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે કલેશ મટે' – હવે સવળી, ધરમની વાત કરે છે. હવે અહીંથી સવળી વાત આવે છે, ધરમની વાત કરે છે, કે પુણ્યને પાપના શુભ-અશુભ ભાવ એ સંસાર છે, કલેશ છે, દુઃખ છે, અને ભવિષ્યમાં સંસાર પરિભ્રમણના તે (ભાવ) કારણ છે. 'જ્યારે તે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય છે' – એ પુણ્ય-પાપના ભાવથી ત્રિકાળ હું ભિન્ન છું, મારી ચીજ તો એનાથી જુદી-ભિન્ન છે. હું તો જ્ઞાયક ચૈતન્યરસથી ભરચક્ક ભરેલ, અતીન્દ્રિય આનંદથી ભરપુર ભરેલ તત્ત્વ છું! અને રાગ જે પરદ્રવ્ય છે એને ભિન્ન કરું છું, તો સંસારથી છુટકારો છે.

(શ્રોતાઃ) અહીંયા તો પરદ્રવ્યથી ભિન્ન કહ્યું છે!! (ઉત્તરઃ) સ્વદ્રવ્યથી તો ભિન્ન છે અનાદિથી (અજ્ઞાની) હવે, પરદ્રવ્યથી ભિન્ન કરવો છે! (અનાદિથી અજ્ઞાની) સ્વદ્રવ્યથી ભિન્ન થઈને, રાગ-દ્વેષને પોતાનાં માને છે, એ જ સંસાર છે, કલેશ છે, દુઃખ છે નરક-નિગોદનાં કારણ છે.

આહા...હા! 'જ્યારે સ્વયં પરદ્રવ્યથી ભિન્ન થાય છે ત્યારે સંસાર મટે છે' આહા...! એ શુભ કે અશુભ ભાવ- આ કમાવું-રળવું, સ્ત્રી પરિવાર-કુટુંબના પોષણના ભાવ, એ તો પાપ છે. તો એ કલેશ છે, દુઃખ છે અને ભવિષ્યમાં પણ કલેશના-દુઃખનાં કારણ છે. અને શુભભાવ પણ વર્તમાન દુઃખ છે દયા-દાન-વ્રત-ભક્તિ આદિના જે વિકલ્પ, શુભ ભાવ છે એ રાગ છે દુઃખ છે, વર્તમાન કલેશ છે. ભવિષ્યમાં કલેશનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહા... હા! આનાથી ભિન્ન પડીને-જે શુભ-અશુભ ભાવ (છે) તો કલેશ છે, સંસાર છે અરે રે! દુઃખ છે. મારી ચીજ એ નહીં. એવા પરદ્રવ્યને ભિન્ન કરીને-આહા... હા! એ પુણ્ય-પાપના ભાવ સાથે ચૈતન્યની એકત્વબુદ્ધિ-રાગ સાથે એકત્વબૃદ્ધિ (છે) એ એકત્વને છોડવું અને પૃથક કરવું-ભેદજ્ઞાન કરવું (એટલે કે) પુણ્ય ને પાપના ભાવ મલિન છે, દુઃખ છે એ પોતાનથી ભિન્ન છે-એમ ભિન્ન કરીને પોતાનો (સ્વયંનો) અનુભવ કરવો, એ સંસારનો નાશ કરવાનો ઉપાય છે, કીજો કોઈ. પાય છે નહીં.

આહા... હા! અત્યારે તો એવું (ચાલ્યું છે કે) દેશ સેવા કરો! ભૂખ્યાંને અનાજ આપો! તરસ્યાંને પાણી આપો! બિમારને દવા આપો મકાન ન હોય તો મકાન-ઘર આપો! (તેથી) ધરમ થશે...!!

અરે! ભગવાન, (પરનું) કોણ કરે? પ્રભુ! પરદ્રવ્યની ક્રિયા કોણ કરે? ભાઈ, એ પરદ્રવ્યની ક્રિયા એનાથી થાય છે, તારાથી નહીં. પરદ્રવ્યની-પરમાણુની પર્યાય એનાથી (સ્વયં) થાય છે. તારાથી આ (તારી) આંગળી ય હલતી નથી. (છતાં) તારી સત્તામાં તું ગરબડ કરે છે કે પરનું કાંઈ કરી શકું છું, કરી શકતો નથી, માત્ર તું માને છે, પરની સત્તામાં તારી ગરબડ (મિથ્યામાન્યતા) બિલકુલ ચાલે નહીં.

આહા.. હા! અરે...! અહીં આવે તો સાંભળવું મુશ્કેલ પડે એવું છે!! એક તો સાંભળવું મળે નહીં, સાંભળવું કઠણ પડે! વસ્તુ આવે નહીં હાથ!! આહા.. હા!

આહા..! અનંતકાળથી પરિભ્રમણ કરી-કરીને.. એ દુઃખી છે. અત્યારે તો સાંભળીએ છીએ, એ ભ્રમણા! બાપા! આવું છે. બોલતાં-બોલતાં હાર્ટફેલ! આહા..! આ મૃત્યુના પ્રસંગો અનંતવાર આવી ગયા છે એ બધા પુણ્ય-પાપના ભાવની કર્ત્તાબુદ્ધિને લઈને. આકરી વાત છે પ્રભુ! આ તો પરિભ્રમણ કર્યાં!! (કારણ કે) પરદ્રવ્યની ક્રિયા મેં કરી (મિથ્યા માન્યતા હોવા છતાં) પરદ્રવ્ય તો એમાં છે નહીં, શુભાશુભ ભાવ છે નહીં અને પુણ્ય-પાપના ભાવથી પણ (આત્મદ્રવ્ય) નિવૃત્ત છે.

આહા.. હા! હવે, આ રીતે સમજશે નહીં તો એનો સંસાર રહેશે. સમજાણું કાંઈ...? આહા..! જિનેશ્વરદેવ, ત્રણલોકના નાથ! આમ ફરમાવે છે આહા.! એની 'આ' વાણી છે!

આહા..! 'એ પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે છે' અને ત્યારે કલેશ મટે છે -શુભ-અશુભ ભાવ એ કલેશ છે, દુઃખ છે, સંસાર છે. એનાથી ભિન્ન પડીને, પોતાના ચૈતન્ય- આનંદસ્વરૂપ ભગવાન, ત્રિકાળ મૌજુદગી ચીજ છે. કાયમની ચીજ છે (શાશ્વત છે) એનું શરણ લેવાથી સંસાર મટી જાય છે, દુઃખ છૂટી જાય છે.

(કહે છે કે) 'એ રીતે દુઃખ મટાડવાનો શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે' - શું કહે છે? કે ઈ શુદ્ધનયનો વિષય, આનંદરૂપ ત્રિકાળી (જ્ઞાયક) ને કહ્યો, પુણ્ય-પાપ અસત્ય કહ્યા- શુદ્ધનયના વિષયને આદરવા માટે (ઉપાદેય કરવા માટે) મુખ્યપણે (ઉપદેશ છે). શુદ્ધનયનો વિષય ધ્રુવ છે, એનો આદર કરવા શુદ્ધનયને સત્ય કહ્યો અને પુણ્ય-પાપના ભાવની પર્યાય અશુદ્ધ છે, એ શુદ્ધભાવની અપેક્ષાએ અસત્ છે-સ્વભાવની અપેક્ષાએ એને 'નથી' એમ કહ્યું સમજાણું કાંઈ..?

એ રીતે શુદ્ધનયનો ઉપદેશ મુખ્ય છે- પ્રધાન છે.

આહા.. હા! ત્રિકાળજ્ઞાયક ભાવ જ છે, એનું શરણ લે! એ જ ધ્યેય છે!! એના વિના જ રખડે છે. ચૈતન્ય ભગવાન આનંદનો નાથ! જ્ઞાયકધ્રુવ (એ એક જ શરણરૂપ છે)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા...! ઓલા તેર બોલ છે ને..! 'આત્મધર્મ' ગુજરાતીમાં આવ્યું' તુ 'ધ્રૂવ ધામના ધણી, ધ્યાનના' આ બોલ છે ને..! ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધુણી ધગશ ને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે. બધા 'ધ.. ધા..' છે.

ધ્રુવધામ=પોતાનું ધ્રુવ સ્થાન- નિત્યાનંદ પ્રભુ (આત્મા) પુણ્ય-પાપની પર્યાયથી ભિન્ન, એ ધ્રુવધામ.

ધણી=એને ધ્યેય બનાવી

ધ્યાન=એની એકાગ્રતા કરી

ધખતી ધુણી=પર્યાયની એકાગ્રતાની ધખતી ધુણી.

ધગશને ધીરજથી ધખાવવી=પોતાના ઉગ્ર પુરુષાર્થથીને ધીરજથી ધખાવવી, અંદર એકાગ્રતા કરવી.

તે ધરમનો ધારક ધર્મી ધન્ય છે. તેર છે, તેર (બોલ છે) આ તો, અમારી પાસે હોય ઈ આવે, બીજું શું આવે...! આપ્યા' તા ને તમને એનો ખુલાસો છે.

અહીં કહે છે 'શુદ્ધનયનો વિષય મુખ્ય કરીને- પ્રધાન કરીને કહ્યો છે' ત્રિકાળીઆનંદનો નાથ પ્રભુ! છે ને...! આહા...! તેનું રક્ષણ લઈ! તારું શરણ ત્યાં છે, તારુ ધામ ત્યાં છે, તારું સ્થાન ત્યાં છે, તારી શક્તિ ત્યાં છે, તારા ગુણ ત્યાં છે!!

અરે! આવું ક્યાં સાંભળે?! અરે.. રે! મનુષ્યપણું મળ્યું, પણ એમને એમ પચાસ-સાઠ વરસ ગાળે! પાપમાં ને પાપમાં, જગતમાં એને ક્યાં જાવું ભાઈ! આહીં તો (કહે છે) પુણ્યનાં પૂર્વના ઉદય આવે કદાચિત તો પણ તે બંધનનું કારણ દુઃખ ને કલેશ છે.

આહા.. હા! એને દુઃખથી છોડાવવા ને ત્રિકાળ (આત્માની) દૃષ્ટિ કરાવવા માટે એને શુદ્ધનયને પ્રધાન કરીને-મુખ્ય કરીને- 'તે છે' એવું કહ્યું છે. ત્રિકાળી ચીજ! ચિદાનંદપ્રભુ ભગવાન (આત્મા ધ્રુવ છે) પ્રભુ, તારું શરણ પૂર્ણ છે ત્યાં જા. આ મલિનપર્યાય છે તેનાથી હઠી જા. તારે જો મુક્તિ લેવી હોય ને આનંદ લેવો હોય તો દુઃખી તો થાય છે અનાદિથી છે..?

કહે છે કે 'અશુદ્ધ નયને અસત્યાર્થ કહેવાથી' -અશુદ્ધનય નામ પુણ્ય-પાપના ભાવ, 'તે નથી' એમ કહ્યું. અસત્યાર્થ કહ્યા, અભૂતાર્થ કહ્યા, જૂઠા કહ્યા' તો એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી' - આકાશમાં ફૂલ (ઊગતા જ) નથી આકાશને ફૂલ હોય છે? (ના.) એમ જ પુણ્ય-પાપના પરિણામ-અશુદ્ધતા છે જ નહીં, એમ છે નહીં. તારી પર્યાયમાં છે અને છે તો સ્વરૂપની દૃષ્ટિ કરવાથી તે છૂટી જાય છે, તે (અશુદ્ધતા) દુઃખ છે દુઃખ!

આહા..! આંખ વિંચાય, તો ખલાસ થઈ ગ્યું! એ પૈસાને શરીરને બધું જ્યાં - જ્યાં છે ત્યાં ત્યાં જ રહેશે. તારા કારણથી પરમાં ફેરફાર થયો? જ્યાં જ્યાં પરમાણુ-પુદ્‌ગલ, જેવી જેવી પર્યાયમાં છે ત્યાં ત્યાં (તેવી તેવી અવસ્થામાં) રહેશે. એમાં ફેરફાર ગમે તે તું કર, પણ એ ચીજ જે પર્યાય જેવી છે ત્યાં તેવી રહેશે.

આહા..! આ આવું આકરું છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે પર્યાય જ્યાં જે ક્ષેત્રે થાય, જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં તે રહેશે. તારી કલ્પનાથી એમાં ફેરફાર થાય, કાળ બદલી જાય, પર્યાય બદલી જાય તું બદલી જા, તારી દષ્ટિ જે પુણ્ય-પાપને અશુદ્ધ (પર્યાય) ઉપર છે એને છોડી દે તું, એ તારા અધિકારની વાત છે. આવી વાત ભાઈ..!

કહે છે કે 'આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી, એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે' - આત્માની પર્યાયમાં, મલિનતા છે જ નહીં, એવું માનવાથી આકાશના ફૂલની જેમ તો તો આકાશમાં ફૂલ નથી ને છે એમ માનવાથી મિથ્યાત્વ થશે એમ પર્યાયમાં અશુદ્ધતા-મલિનતા નથી એમ માનવાથી મિથ્યાત્વ થશે. પર્યાયમાં, મલિનતા-અશુદ્ધતા (સર્વથા) નથી જ એમ માનવું મિથ્યાત્વ છે, અને અશુદ્ધ, એમ માનવાથી ધરમ થશે, એવી માન્યતા પણ મિથ્યાતવ છે અને મારા શુદ્ધસ્વભાવમાં અશુદ્ધતા ઘુસી ગઈ છે (પ્રસરી ગઈ છે) એવું માનવું પણ મિથ્યાત્વ છે.

આહા... હા! આ આવો. ઉપદેશ હવે! માણસો... સાંભળનારા થોડાં! પણ.. હવે તો ઘણાં.. જિજ્ઞાસાથી લોકો સાંભળે છે. આ વખતે જન્મ-જ્યંતિ થઈ, પંદર હજાર-વીસહજાર માણસો!

વાત તો આ છે અમારી બાપુ! પ્રભુ, તું કોણ છે!? ક્યાં છો?

તું છો, તો તારી પર્યાયમાં, પણ તું છો, પણ પર્યાયમાં મલિનતા છે. એ છોડવા માટે (એને) અસત્યાર્થ કહીને ત્રિકાળનું સત્યાર્થનું શરણ લેવાનું કહ્યું છે.

આહા...હા! 'માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ અપેક્ષાથી કહ્યું હતું કે શુદ્ધ છે, ત્રિકાળી દ્રવ્યમાં મલિનતા છે જ નહિ, એ (અશુદ્ધતા) પર્યાયમાં નથી એમ કહ્યું નહોતું. અપેક્ષાએ કહે વસ્તુમાં (મલિનતા) નથી.

આહા...! 'સ્યાદ્વાદનું શરણ લઈ' - સ્યાદવાદ એટલે અપેક્ષાએ કથન કરવું તે. સ્યાત્= અપેક્ષાએ, વાદ = કહેવું અથવા જાણવું. સ્યાદ્વાદ, તેનું શરણ લઈને શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ' -પુણ્ય-પાપ મલિતના પર્યાયમાં છે, એમ જાણીને, એની દષ્ટિ છોડીને, ત્રિકાળીનું શરણ લેવું!! આહા... હા!

આમાં... કંઈ દયા પાળવી, વ્રત પાળવાં, પૈસા દેવા કોઈ મંદિર કરાવવું કે ભઈ, પાંચ કરોડ રૂપિયા છે તેમાંથી એક કરોડ ધરમમાં! તારા પાંચેય કરોડ દે તો, એ તો જડ છે તેને ધરમ ક્યાં છે એમાં? (શ્રોતાઃ) મંદિર થઈ ગ્યું છે! (ઉત્તરઃ) હવે આપણે મંદિર થઈ ગ્યું છે એમ કહે છે. મંદિર નો' તું થયું તો પણ પહેલેથી કહેતાં આવીએ છીએ!

બેંગ્લોરમાં બાર લાખનું મંદિર થયું, અને આ સત્તરમી તારીખે આફ્રિકામાં (નૈરોબીમાં) પંદર લાખનું મંદિર! ખાતમુહૂર્ત કર્યું.

પણ એ તો પારકી ચીજ છે બાપુ! એનાથી બનવાના કાળમાં બને છે, કોઈ કહે છે કે મારાથી બને છે તે ભ્રમ છે. (શ્રોતાઃ) કડિયાથી તો બનેલ છે ને..! (ઉત્તરઃ) કડિયાથી (પણ) બનતી નથી. એ તો બીજી ચીજ છે એને કોણ બનાવે? એની 'જન્મક્ષણ' છે. પ્રવચનસાર ૧૦૨ ગાથા.

'જે દ્રવ્યની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે તેની જન્મક્ષણ છે. જન્મક્ષણ નામ ઉત્પત્તિનો કાળ છે, તેથી તે ઉત્પન્ન થઈ છે, પરથી બિલકુલ (ઉત્પન્ન) થઈ નથી, ત્રણકાળ, ત્રણલોકમાં!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા...! (જુઓ!) આ હાથ હલે છે આમ-આમ, એ સમયની એની 'જન્મક્ષણ' છે- પર્યાયની એની ઉત્પત્તિનો કાળ છે, તેથી ઉત્પન્ન થાય છે, આત્માથી બિલકુલ નહીં.

અરે... આવી વાત હવે સાંભળવા મળે નહીં, કઠણ વાત છે બાપુ! અને એનું ફળ, પણ કેવું છે!! શુદ્ધનયનો આશ્રય, ચિદાનંદનો આશ્રય કરતાં, એનાં ફળમાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આદિ અનંત અતીન્દ્રિય આનંદ છે!!

આહા..! 'માટે સ્યાદ્‌વાદનું શરણ લઈને' - અપેક્ષાથી (કહ્યું) ત્રિકાળી શુદ્ધદ્રવ્યમાં અશુદ્ધતા નથી, પર્યાયમાં અશુદ્ધતા છે. આમ બે પ્રકારનું જ્ઞાન કરીને, અશુદ્ધતાનું શરણ છોડી દઈ અને ત્રિકાળશુદ્ધ આત્મદ્રવ્યનું શરણ લે...

પણ... અશુદ્ધનું સાથે-સાથે જ્યારે જ્ઞાન હોય ત્યારે

આહા... હા! (સમયસાર) ચૌદમી ગાથામાં આવ્યું છે ને... !

ટીકાના ભાવાર્થમાં કે 'ના' પાડીને તમે (કે 'અશુદ્ધ' નથી!) પર્યાયમાં અશુદ્ધતા નથી એમ માને તો તો વેદાંત થઈ જાય છે. એકાંત! પર્યાયને માની નહી - પર્યાયને માને નહીં તો અનુભવ કોનો? ત્રિકાળનો નિર્ણય કોણે કર્યો? દ્રવ્યે કર્યો કે પર્યાયે કર્યો?

આ ત્રિકાળ આત્મા છે. નિર્ણય કોણે કર્યો? પર્યાયન હોય તો, પર્યાય વિના નિર્ણય કરે કોણ? નિત્યનો નિર્ણય, અનિત્ય કરે છે. - દ્રવ્ય નિત્ય છે એની પર્યાય અનિત્ય છે એ પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે. પણ... એ પર્યાયની દૃષ્ટિ છોડાવવા માટે, ત્રિકાળી વસ્તુ સત્ય છે અને અશુદ્ધતા છે તે અસત્ય છે - એવી રીતે નિત્ય (ત્રિકાળ) ગ્રહણ કરવા માટે (અશુદ્ધતા-પર્યાયને) અસત્ય કહેવામાં આવેલ છે. બિલકુલ અશુદ્ધતા પર્યાયમાં ય છે જ નહીં તો તો અશુદ્ધતા છોડવાનો ઉપદેશ કેમ કરવામાં આવે છે અને 'ધર્મ કરવો છે' તો જો " અધર્મ નહો, પર્યાયમાં અધર્મ ન હો તો ધર્મ કરવો છે એ પણ રહેતું નથી. આહા.. હા!

કેમકે... પર્યાયમાં, અધર્મના સ્થાન ધર્મ લાવવો છે. તો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ન હોય તો આશ્રયદૃષ્ટિ વિના ધર્મ થતો નથી અને (પર્યાયમાં) અશુદ્ધતા ન હોય તો તો વ્યય થઈને શુદ્ધતા પ્રગટ થતી જ નથી.

અરે... આવી વાતું છે!!

(કહે છે કે) 'માટે સ્વદ્‌વાદનું શરણ લઈને શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ' - શુદ્ધનય એટલે ત્રિકાળીવસ્તુ (આત્મદ્રવ્ય), સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી, ચૈતન્યમૂર્તિ શુદ્ધજ્ઞાન દૃષ્ટિમાંપ્રતીતિમાં- અનુભવમાં આવ્યો. પણ (અનુભવમાં) આવીને જેમ પૂરણપ્રાપ્તિ સર્વજ્ઞ થયા, કેવળજ્ઞાન થયું એમને (તો) શુદ્ધનયનું પણ આલંબન રહેતું નથી, (કારણ) એમને તો સ્વ તરફ ઝૂકવાનું રહેતું નથી, એ તો પૂરણ થઈ ગયું આહા... હા! એતો વસ્તુસ્વરૂપે જે છે તે છે, એ તો જેવું દ્રવ્ય, તેવી જ પર્યાયપણે છે- પૂર્ણ થઈ ગયા, 'એનું ફળ વીતરાગતા છે' - પ્રમાણનું કથન!

આહા... હા! 'આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે' - કેટલું ભર્યું છે. !! આ તો સામાન્ય ભાષામાં છે, ચાલતી ભાષામાં (ભાવાર્થ છે ને... !)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(કહે છે કે:) 'અહીં, (જ્ઞાયકભાવમાં) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપંમત્ત' એટલે શું? -શું કહે છે? વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય જ્ઞાયક ભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય, એતો પ્રમત્ત-અપ્રમત્ત-ચૌદગુણસ્થાનેય એમાં છે નહીં. પર્યાયનો ભેદ, એમાં છે નહીં, એમ કહ્યું.

ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા સુધી પ્રમત્ત અને સાતમાથી લઈને અપ્રમત્ત કહેવામાં આવે છે, પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે. આહા..! પહેલું ગુણસ્થાન, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, તેરમું એમ ચૌદેય ગુણસ્થાન છે એ વ્યવહારનયનું કથન છે.

આહા... હા 'પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે' શુદ્ધનયનથી આત્મા જ્ઞાયક જ છે' -એકલો ચૈતન્યબિંબ! પ્રકાશનો પુંજ! જાણવાવાળો-જાણક્સ્વરૂપ છે એમાં એ ભેદ ગુણસ્થાનના છે નહીં. આહા.. હા!

* * *

- નિશ્ચયથી કેવલજ્ઞાન પોતાની પર્યાયની જાણે છે કે જેમાં લોકાલોક જણાય છે. લોકાલોક જણાય છે એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહારનય છે. વળી લોકાલોક છે માટે લોકાલોકને જાણે છે એમેય નથી. એ તો જ્ઞાનની પર્યાયની એ સહજ શક્તિ છે કે પોતે પોતાથી જ ષટ્કારકરૂપ થઈને લોકાલોકને જાણતી થકી પ્રગટ થાય છે. આહા! કેવલજ્ઞાનની પર્યાયનાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ- એમ ષટ્કારક પર્યાય પોતે જ છે; પરજ્ઞેય તો નહિ, પણ દ્રવ્ય-ગુણેય નહિ. અંદર શક્તિ છે, પણ પ્રગટ થવાનું સામાર્થ્ય પર્યાયનું સ્વતંત્ર છે. કેવલજ્ઞાન ખરેખર લોકાલોકને અડયા વિના, પોતાની સત્તામાંજ રહીને પોતે પોતાથીજ પોતાને (પર્યાયને) જાણે છે કે જેમાં લોકાલોક પ્રકાશિત થાય છે. આહા! પોતાની પર્યાયને જાણતાં લોકાલોક જણાઈ જાય છે.

(પ્રવ. રત્ના ભાગ-૮, પાનું - ૫૩૩)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# ગાથા-૭૫

कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत ईति चेत् –

**कम्मम्म य परिणांमं णोकम्मस्स य तदेव परिणामं ।**
**करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी ।।**

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એ કઈ રીતે ઓળખાય? તેનું ચિહ્ન (લક્ષણ) કહો, તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે.**

**ગાથાર્થઃ** [ यः ] જે [ आत्मा ] આત્મા [ एनम् ] આ [ कर्मणः परिणामं च ] કર્મના પરિણામને [ तथा एव च ] તેમજ [ नोकर्मणः परिणामं ] નોકર્મના પરિણામને [ न करोति ] કરતો નથી પરંતુ [ जानतति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ]

**ટીકાઃ** નિશ્ચયથી મોહ, રાગ, દ્રેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહા ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્ગલ પરિણામ છે. પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે અને પુદ્ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. તેથી પુદ્ગલ દ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જ સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલ પરિણામ તેને જે આત્મા, પુદ્ગલ પરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપક ભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી, પરંતુ (માત્ર) પુદ્ગલ પરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. (પુદ્ગલ પરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છેઃ) પરમાર્થે પુદ્ગલ-પરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સસદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. વળી આ રીતે (જ્ઞાતા પુદ્ગલ પરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલ પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. (માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા-૭૫ પ્રવચન ક્રમાંક-૧૫૯ દિનાંક ૩-૧-૭૯

'હવે પૂછે છે' જુઓ! શિષ્યની શૈલી! શિષ્યે આવું સાંભળ્યું ત્યારે પૂછે છે' કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? જણાય શી રીતે? એનાં લક્ષણ શું? એનાં ચિન્હ શું? એનાં એંધાણ શું?

આહા... હા! એનાં (જ્ઞાનીનાં) લક્ષણ, ચિન્હ, એંધાણ શું? એમ શિષ્યનો પ્રશ્ન છે, અને ઉત્તર દેવામાં આવે છે.

આહા... હા! ચોથે ગુણસ્થાનેથી જગતનો સાક્ષી થાય છે.

**ટીકા:** 'નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ' -આ (કહ્યું) છે ઈ કર્મ, જડકર્મના પરિણામ છે એમ એ લોકો કહે છે. આંહી તો નિશ્ચયથી અંદર જે મોહના પરિણામ થાય (ભાવકર્મ છે)

(શ્રોતા:) જડકર્મના એ (લોકો) કહે છે? (ઉત્તર:) હા, ઈ કરમ-કરમ એ જડના લેવા.

અરે! બાપુ તું અરે ભાઈ!

(શ્રોતા:) ભાવકર્મની વાત છે? (ઉત્તર:) અંદરમાં થતો જે મોહ - મિથ્યાત્વ ન લેવું અહીંયાં (પરંતુ) પરતરફનો સાવધાનીનો ભાવ લેવો. 'રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું મોહ એટલે મિથ્યાત્વ ન લેવું પરતરફની જરી સાવધાની થાય છે અસ્થિરતાની (જ્ઞાનીને) એનો જ્ઞાની સાક્ષી છે.

આહા... હા! 'નિશ્ચયથી મોહ, રાગ એટલે પર તરફના પરિણામ-એનો વિસ્તાર... રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ....

આહા...! લોકો કંઈક! કંઈક! પોતાની કલ્પનાથી... અર્થ કરે! વસ્તુસ્થિતિ કાંઈક રહી જાય છે!!

(શ્રોતા:) એને - ભાવકર્મને જડ કિધાં? (ઉત્તર:) ભાવકર્મને જડ લેવાં (સમજવાં) 'જે કર્મનું પરિણામ' કહ્યું છે ને...! અને નોકર્મ શરીરાદિ એમ.

(શ્રોતા:) મારે તો એમ કહેવું છે કે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ-બધાં કીધાં છે ને?

(ઉત્તર:) નોકર્મ પછી આવશે, આમાં આવી ગ્યું ને...! બધું આવી ગ્યું! દ્રવ્યકર્મને કર્મના પરિણામ એ બધું કર્મમાં જાય છે. એ ભાવકર્મનું પરિણામ છે- એ જડનું પરિણામ છે ઈ જડમાં જાય છે, એથી કર્મ ય આવી ગ્યું ને આ એ આવી ગયું!

આહા.. હા.. હા! ભગવાન આત્મા જ્યારથી જગતનો સાક્ષી થાય છે, એમ કહેવું છે ને... !! હવે, કર્મ (માં) ભાવકર્મ, નોકર્મ (દ્રવ્યકર્મ) ત્રણેય આવી ગયાં એમાં કર્મ છે ને કર્મના નિમિત્તથી થતાં મોહાદિન પરિણામ છે- એ બેયનો ઈ (જ્ઞાની) સાક્ષી છે!

આહાહાહા! ઝીણું છે ભાઈ! અંતરંગ મારગ અલૌકિક છે! આહા..! એમાં આ સમયસાર!!

આહા...! આ વાત થઈ' તી ત્યાં સનાવદમાં! (તે કહે) આ કર્મ છે જડ છે અજીવ લેવા અહીં પરિણામ જીવના ન લેવા.

(અહીં કહે છે) આંહી તો જીવના પરિણામ છે ઈ કર્મના જ પરિણામ છે! જીવ તો આત્મા

જ્ઞાયકસ્વરૂપ છે એના એ પરિણામ નથી. આહા... હા! ગાથા-૭૫ એણે અર્થ કર્યો છે ત્યાં સનાવદવાળાએ....

અરે! કંઈક-કંઈક અર્થ પોતાની કલ્પનાથી કરે ને... સમયસારને ફેરવી નાખે! આહા..! સમયસાર એટલે બાપુ! શું ચીજ છે!! અહીંયાં તો (કહે છે) ભગવાન આત્મામાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું છે ને અજ્ઞાનસ્વરૂપ રાગાદિ જે છે, તેનાથી જ્ઞાનસ્વરૂપ થયો થકો- વસ્તુ તો વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, પણ જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થયો થકો, એનાથી નિવર્તે છે અને પોતે સ્વયં જ્ઞાનરૂપ, જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ... ?

આવી વાત છે!

આહા... હા! આફ્રિકામાં મળે એવું નથી ક્યાંય, કાલ કહેતા' તા ભાગ્યશાળી ને મળે... એમ કાલ કહેતા' તા!

વાત સાચી છે. ભગવાનની ધારા... 'આ' ભગવાન સર્વજ્ઞે કહેલું તત્ત્વ છે ભાઈ!

આહા.. હા! 'જે કર્મનું પરિણામ છે' - ભાવકર્મને દ્રવ્યકર્મ બેય આવી ગયાં એમાં. 'અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ... જોયું? 'શબ્દ' આવ્યો! બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું? જોયું? બહાર ઉત્પન્ન થતું (કહ્યું). 'જે નોકર્મનું પરિણામ' આહા...! 'તે બધુંય પુદ્‌ગલપરિણામ છે' આંહી વાંધો છે. વિકાર છે ઈ બધા પુદ્‌ગલપરિણામ છે એમ કહેવું છે.

આહા.. હા! ભગવાન વિજ્ઞાનઘનના 'આ' પરિણામ કયાં છે? અજ્ઞાનપણે માન્યાં હતાં ત્યાં સુધી એનાં હતાં. માન્યા' તા ઈ, છતાં ઈ (પોતાના) માન્યાં પણ ઈ કાંઈ સ્વરૂપમાં નથી. આહા.. હા... હા! ઈ તો માન્યતા ઊભી કરી હતી.

આહા.. હા! એ અજ્ઞાનપણાનું સ્વરૂપ વિજ્ઞાનઘન ભગવાનમાં (એટલે કે) જ્ઞાનસ્વભાવને પકડયો, અનાદિથી રાગને પકડયો' તો, એથી ભગવાન જ્ઞાન-સ્વભાવ રહી ગ્યો તો! એ જ્ઞાનસ્વભાવને પકડયો અને રાગસ્વભાવને છોડી દીધો.

આવો મારગ છે બાપા! વાદ-વિવાદે આમાં પાર આવે એવું નથી. અગિયારમી ગાથામાં કહ્યું છે ને...! 'જિનવાણીમાં પણ નિમિત્તનો-વ્યવહારનો ઉપદેશ શુદ્ધ નયનો હસ્તાવલંબ (સહાયક) જાણીને બહુ કર્યો છે પણ એનું ફળ સંસાર જ છે' આવું, આવું વ્રત કરવાં વ્રત પાળવાં ને (વિકારભાવ) ટાળવા એવી વાતું આવે ને બધી... આ જોઈને ચાલવું, વિચારીને બોલવું ને... આહા...! એવા કથનો જિનવાણીમાં આવે પણ એનું ફળ સંસાર છે.

આહા.. હા! 'તે બધુંય પુદ્‌ગલ પરિણામ છે' એ દયા-દાન, વ્રત પરિણામ આવે! પણ એ બધાં પુદ્‌ગલપરિણામ છે. આંહી તો કર્તા-કર્મ પ્રવૃત્તિનો નિષેધ કરવો છે ને અજ્ઞાનપણાનો!!

આહા..! 'એ રાગ મારું કાર્ય છે ને એનો શું કર્તા છું' - એ તો અજ્ઞાનભાવ છે. સ્વરૂપ છે જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાન! ઈ શું કરે? ઈ તો જાણવા-દેખવાનું કરે! એ (પણ) ભેદથી કથન છે. (શ્રોતા:) જ્ઞાન કરે એ પણ નહીં? (ઉત્તર:) રાગને કરે, એ આત્મા નહીં આહા..! જડને કરે, ઈ ચૈતન્ય ક્યાં રહ્યો? રાગ તો અજીવ છે, જીવ નથી.

આહા... હા! પણ... માણસને આકરું પડે ને....!!

(કહે છે કે:) 'પરમાર્થે જેમ ઘડાને અને માટીને જોયું? માટીને 'જ' વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્દભાવ હોવાથી' - માટી વ્યાપક છે, ઘડો તેનું વ્યાપ્ય છે. માટી કર્ત્તા છે, ઘડો તેનું કાર્ય છે. આહા.. (શું તે) કુંભારનું કાર્ય છે? 'ઘડાને અને માટીને વ્યાપ્ય-વ્યાપકનો સદ્દભાવ હોવાથી' - ઘડો છે ને તે વ્યાપ્ય છે, માટી છે તે વ્યાપક છે.

આહા.. હા! 'વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્દભાવ હોવાથી' માટી તે કર્ત્તા છે, ઘડો તે તેનું કાર્ય છે. વ્યાપક માટી તે કર્ત્તા છે, ઘડો તેનું કાર્ય છે અત્યારે (અહીં) એટલું સિદ્ધ કરવું છે.

નહિતર તો... ઘડાની પર્યાય (પોતાના) ષટ્કારરૂપે પરિણમે છે. આહા..! આકરી વાત બાપા! પણ... સમજાવવું છે પરથી ભિન્ન પાડીને... એટલે આ રીતે કહ્યું છે. બાકી માટી છે ઈ, ઈ ઘડાની પર્યાયને કરે, ઈ પર્યાયને અશુદ્ધનય (કહી છે) પ્રવચનસારમાં લીધું છે ને ભાઈ...! માટી શુદ્ધનય ને માટીની પર્યાયો થાય, તે અશુદ્ધ (નય) વ્યવહાર, વ્યવહારનય છે ને...!

આહા... હા! એમ દ્રવ્ય છે જે આખી વસ્તુ તે શુદ્ધ છે, પર્યાયના ભેદો પાડવા તે અશુદ્ધ છે. ભલે! નિર્મળ પર્યાયનો ભેદો પાડો! આહા...! રાગ છે ને... એ 'મેચક' કહ્યું છે ને...! આહા...! 'મેચક' એટલે રાગ એમ કહ્યું નથી પણ ભેદ છે એ જ મેલ છે મેચક છે એમ કથન કરવામાં વ્યવહારથી એમ આવે છે ને કળશટીકામાં આવે છે.

આહા... હા! 'પરમાર્થે તે કાંઈ વસ્તુ નથી વ્યવહારે ભલે કુંભાર કર્ત્તા અને ઘડો કર્મ એમ કહેવામાં આવે પણ જેમ ઘડાને... અને માટીને 'જ' - ઘડાને અને માટીને જ (એટલે) માટી વ્યાપક છે, ઘડો તેનું વ્યાપ્ય-કાર્ય છે. માટી કર્ત્તા છે અને ઘડો તેનું કાર્ય છે. આહા...! આંહી એટલું પરથી ભિન્ન પાડવું છે ને... !

ઓહોહોહોહો! ગંભીરતા! સમયસારનો એક-એક 'લોક! એક-એક ટીકા! બાપુ! (જેનું બીજું) દસ્ટાંત નહીં!!

(શ્રોતા:) સાહેબ! 'પરમાર્થે' કેમ કીધું? (ઉત્તર:) કીધું ને...! વ્યવહારે કહેવાય છે ને વાત આવી ગઈ. વ્યવહારે કહેવાય આ ઘડો કાર્યને કુંભાર કર્તા (પરમાર્થે) એ નહીં. એ તો કથનમાત્ર છે. આ તો (અહીં કહ્યું તે) પરમાર્થ છે.

(શ્રોતા:) પરમાર્થે છે (એટલે તે સાચી વાત છે? (ઉત્તર:) હા, પરમાર્થે કહે તે સત્ય છે. ઘડો કુંભારે કર્યો ઈ વાત અસત્ય છે. રોટલી લોટે કરી ઈ બરાબર છે, પણ રોટલી સ્ત્રી એ કરી, તાવડીએ કરી, અગ્નિએ કરી ઈ અસત્ છે. આ શરીરના પરિણામ જે આમ-આમ થાય છે, એ શરીરપરમાણુએ કર્યા એ કર્તા-કર્મ ખરું, પણ એ પરિણામ જીવે કર્યા એવો વ્યવહાર છે એ કથન જૂઠું છે!

આહા... હા! ભાષાની પર્યાય જીવ બોલે છે એમ કહેવું ઈ તો કથનમાત્ર છે. પણ ભાષાની પર્યાય એનું કાર્ય તેની ભાષાવર્ગણા કર્તા છે ઈ ભાષાની પર્યાય તેનું કાર્ય છે ઈ પરમાર્થ છે. આહા... હા... હા! 'મેં ટીકા કરી નથી હો?! આચાર્ય અમૃતચંદ્રાચાર્ય કહે છે, 'મેં ટીકા કરી નથી હો! હું તો સાક્ષી છઉં...!! હુંતો જ્ઞાનસ્વરૂપમાં ગુપ્ત છું આવે છે ને....! પ્રભુ (જ્ઞાયક) ગુપ્ત છે. તે ટીકા કરવા કયાં જાય?! (શ્રોતા:) ઈ એમાં વ્યાપે તો કરી શકે! (ઉત્તર:) વ્યાપેતો... વ્યાપે જ નહીં પછી કરી શકે (ની વાત જ કયાં છે!)

વ્યાપક તો દ્રવ્ય છે ને વ્યાપ્ય તો તેની પર્યાય-કાર્ય છે, વ્યાપ્ય-વ્યાપકમાં બીજો વ્યાપક આવે ક્યાંથી ત્યાં ?!

આહા.. હા! 'પરમાર્થે જેમ ઘડાને અને માટીને' .. આહા..! દષ્ટાંતે ય કેવું આપ્યું છે! એ અમૃતચંદ્રાચાર્યે આપ્યું છે. 'આમ તો (મૂળપાઠ તો) कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं 'ण करेइ' આવે जो जाणदि सो हवदि णाणी' એ સિદ્ધ કર્યું છે.

આહા...હા! 'પરમાર્થે જેમ ઘડાને અને માટીને 'જ' (સંસ્કૃતટીકામાં છે). 'घटमृत्तिकायोरिव' છે ને? घटमृत्तिकायोरिव व्याप्यव्यापकभाव सद्भावात्पुद्गलद्रव्येण कर्त्ता स्वतन्त्रव्यापकेन स्वयं' આહા! જુઓ ઈ કહે છે. 'તેમ પુદ્‌ગલપરિણામને...' આહા! ઓલું (પહેલાં કહ્યું) કર્મનું પરિણામ તે કહ્યું હતું ને... બધું પુદ્‌ગલ પરિણામ-રાગાદિને પુદ્‌ગલપરિણામ (કહ્યાં), શરીરને પુદ્‌ગલપરિણામ કહ્યાં એ.

'તેમ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે ' આ હા.. હા... હા.. હા! એ રાગ પુદ્‌ગલના પરિણામ અને એનો પુદ્‌ગલ કર્ત્તા છે!

ત્યારે, એ 'ના' કહે કે જુઓ! ઉપાદન-આત્માથી જ થાય છે ને નિમિત્તથી થતું નથી ઈ તમારું ખોટું પડે છે, એ બીજી વાત છે બાપુ! એ વાત તો સિદ્ધ રાખીને છે.

આહા...! જે સમયે જે પરિણામ જે દ્રવ્યના તે સમયે તે કાર્યરૂપે પરિણમીને થાય, થવાના તેજ થાય એ ષટ્‌કારકરૂપે, એ વાત સિદ્ધ રાખીને હવે સ્વભાવની દૃષ્ટિ બતાવવી છે ને આંહી તો...! ઓલી વાતતો કરી... કે છએ દ્રવ્ય જ્ઞેય છે, એ દર્શનનો અધિકાર છે (જ્ઞેયઅધિકાર) પ્રવચનસાર છતાં તે તે જ્ઞેયના તે સમયના તે તે પરિણામ તે જ સમયના ક્રમબદ્ધમાં થવાના તે થાય. આહા.. હા! ભલે નિમિત્ત હો! પણ તે તે સમયના તે પરિણામ થાય તે વાત રાખીને હવે, અહીંયાં પુદ્‌ગલકર્ત્તા અને રાગાદિપરિણામ તેનું કાર્ય - સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે. આહા.. હા! (અને) ત્યાં તો જ્ઞેયપણું - જગતના પદાર્થ આવા છે એમ સિદ્ધ કર્યું છે. આહા.. હા!

હવે, (વિશ્વના) ઈ પદાર્થમાં પણ વાસ્તવિક સ્વરૂપ એનું છે ચૈતન્યનું (કે) ઈ વિજ્ઞાનઘન છે! એ વિજ્ઞાનઘન વ્યાપક ને વિજ્ઞાનઘનની પર્યાય તેનું વ્યાપ્ય-કાર્ય છે. આહા... હા... હા! પણ રાગ-દ્વેષના પરિણામ (જે) દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામ, અરે! ભગવાનની ભક્તિ- સ્તુતિના પરિણામ આહા... હા! પુદ્‌ગલપરિણામને... રાગ, ભક્તિ ભગવાનની જે સ્તુતિનો રાગ, આહા... હા! એ પુદ્‌ગલપરિણામનો પુદ્‌ગલકર્તા છે, પુદ્‌ગલ વ્યાપક થઈને ઈ વ્યાપ્ય થયું છે!!

(શ્રોતાઃ) પુદ્‌ગલ એટલે દ્રવ્યકર્મ? (ઉત્તરઃ) દ્રવ્યકર્મ, જડ! આહા... હા! આ શરીર ને પુદ્‌ગલકર્મ જડ-બેય છે ને આંહી તો. બેયનાં પરિણામ લીધાં છે ને...! (શ્રોતાઃ) ઈ વિકાર ભેગો છે? (ઉત્તરઃ) ઈ વિકાર પુદ્‌ગલ જ છે! પુદ્‌ગલના પરિણામ આહીં તો કહ્યા પણ આગળ પુદ્‌ગલ જ કહેશે, આમાં ને આમાં કહેશે, આગળ (ટીકામાં) સમજાણું...?

આ કહેશે... જુઓ! 'જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ-કુંભારની જેમ' ત્યાં પુદ્‌ગલ કીધું છે, આંહી પરિણામ લીધા છે ત્યાં પછી અને પુદ્‌ગલ કીધાં છે!

આહા... હા! 'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી' આહાહાહા! જ્યાં રાગનો કર્ત્તા કીધો! દર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગાથા પંચાસ્તિકાય ત્યાં તો કાર્ય ' સિદ્ધ કરવું છે ને...! તો કહે છે કે રાગના પરિણામ અને દ્વેષના પરિણામવિકારી પરિણામ, ઈ સ્વતંત્ર ષટ્કારકથી જીવની પર્યાયમાં થાય છે. કર્મે ય કર્ત્તા નહીં ને એનાં (જીવનાં) દ્રવ્યગુણે ય કર્ત્તા નહીં. અ. ચર્ચા થઈ ' તી ન તે દિ ' વર્ણીજી હારે, તેરની સાલ! બાવીસ વરસ થયાં!

આકરું કામ!!

આહા... હા! એ વિકારી પરિણામ તેનો કર્ત્તા કર્મે ય નહીં ને તેનો કર્ત્તા દ્રવ્યગુણે ય નહીં, આંહી કહે છે કે વિકારીપરિણામનો કર્ત્તા પુદ્ગલ! એ 'સ્વભાવની દૃષ્ટિ ' અહીં બતાવવી છે.

આહા...! પરનું કર્તાકર્મપણું-વિકારનું (કર્તાકર્મપણું) છૂટીને... જ્ઞાન થવું, એ સ્વરૂપ જે છે તે વિજ્ઞાનઘન છે એનું જ્ઞાન થયું ત્યાં, એના પરિણામ (માં) વિકારીકાર્ય છે નહીં, એથી વિકારીપરિણામનો કર્ત્તા પુદ્ગલને નાખી (કહી) અને એ પુદ્ગલનું કાર્ય છે, સ્વતંત્રપણે પુદ્ગલ કરે છે એમ કહ્યું ' કર્ત્તા એને કહીએ કે સ્વતંત્ર પણે કરે.

આહા... હા ત્યારે રાગ જે થા દયા-દાન-વ્રત-ભક્તિ ભગવાનની ને સ્તુતિનો (રાગ) એ રાગ... પુદ્ગલ સ્વતંત્ર થઈને એ રાગપરિણામને કરે છે. (શ્રોતાઃ) જીવ નથી કરતો એમ બતાવવું છે! (ઉત્તરઃ) જીવસ્વભાવ નથી એમ બતાવવું છે. આહા... હા... હા હા

આવી વાત આકરી પડે માણસને...! લોકોએ... અરે! વાદ-વિવાદ ઝઘડા ઊભા કરે! બાપુ! જેમ છે એમ છે ભાઈ...! આંહી તો, ભગવાનની સ્તુતિ છે તે રાગ છે અને રાગ.. પુદ્ગલવ્યાપક સ્વતંત્રપણે થઈને રાગ કરે છે. આવું છે! રાડ... નાખે એવું છે!!

શું કીધું? ' પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી ' -શરીરનો પુદ્ગલનો ને કર્મ, બેય.. સ્વતંત્ર વ્યાપક હોવાથી ' પુદ્ગલપરિણામનો કર્ત્તા છે ' એટલે... કે કર્મ પોતે સ્વતંત્ર રાગનો કર્તા છે, શરીરની પર્યાયનો કર્તા, શરીરના પરમાણું સ્વતંત્ર છે!

આહા..! આ.. તો ધીરા થઈને વિચારે તો બેસે! વાત આવી છે! વિદ્વતાની ચીજ નથી ' આ '..

આહા... હા! એ પુદ્ગલ પરિણામ સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલ, પુદ્લપરિણામનો કર્તા છે. એટલે કે દયા-દાન-વ્રતના પરિણામનો પુદ્ગલ સ્વતંત્ર થઈને તે પરિણામને કરે છે!

(શ્રોતાઃ) નિશ્ચયે-પરમાર્થે કહે છે? (ઉત્તરઃ) પરમાર્થે, વસ્તુ છે ને એ. (શ્રોતાઃ) અશુદ્ધનિશ્ચયનયો! (ઉત્તરઃ) અશુદ્ધનિશ્ચયનયે છે પણ એ વ્યવહાર અને વ્યવહારનો કર્તા કર્મ છે પરમાર્થે આત્મા નહીં.

આહા.. હા! " આંહી તો જગતનો સાક્ષી સિદ્ધ કરવો છે ને હવે તો " જ્ઞાતા-દ્રષ્ટા છે. એ એનાં રાગના પરિણામનો કર્તા નથી. ત્યરે પુદ્ગલસ્વતંત્ર થઈને, દ્રવ્ય પોતે સ્વતંત્ર થઈને રાગને કરે એવું નથી. (આત્મ) દ્રવ્ય સ્વતંત્ર થઈને તો નિર્મળપરિણામને કરે એમ કહેવાય વ્યવહારે!

આહા... હા! બાકી, દ્રવ્ય નિર્મળ પરિણામને કરે એય ક્યાં છે? !

આહા... હા! ' અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યાપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે '

વિશેષ કહેશે... (પ્રમાણવચન! ગુરુદેવ!!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન ક્રમાંક - ૧૬૦ દિનાંક : ૪-૧-૭૯

પંચોતેર ગાથા. આંહીથી 'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી' છે ને...? શું કહે છે? કર્મ અને નોકર્મ એ પુદ્‌ગલ છે. એ સ્વતંત્રપણે વ્યાપક-કર્ત્તા હોવાથી, સ્વતંત્રપણે વ્યાપક એટલે કર્ત્તા હોવાથી 'પુદ્‌ગલપરિણામનો કર્ત્તા છે' રાગ આદિનો કર્ત્તા પુદ્‌ગલ છે.

આહા...! આંહી તો એ સિદ્ધ કરવું છે, નહિતર તો રાગાદિ છે ઈ આત્માની પર્યાયમાં, આત્માની પર્યાયથી એટલે ષટ્‌કારક પરિણમનથી થાય છે. એ તો એને-પર્યાયને સિદ્ધ કરવી હોય ત્યારે... અને તેનાથી.. એ થવાનું છે એમ જ્યારે સિદ્ધ કરવું છે, ત્યારે પણ વિકાર છે ઈ આત્માની પર્યાયમાં થાય છે એટલું સિદ્ધ કરીને હવે,

આત્મા, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે. એ વીતરાગસ્વરૂપ છે. એ... વીતરાગસ્વરૂપનું વ્યાપકપણે થઈને વ્યાપ્ય રાગ, એનું કાર્ય રાગ ન હોય! સમજાણું કાંઈ..? જે બે વાત કીધી એ રાખીને આ વાત છે. અહીંયાં હવે એ આત્મા વીતરાગસ્વરૂપ છે-જિનસ્વરૂપ છે' એટલે? જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સ્વરૂપ છે!! તેનો વ્યાપક પોતે થઈને-પ્રસરીને વ્યાપ્ય જે થાય, તે વિકાર ન થાય! ઈ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એ કર્ત્તા થઈને અર્થાત્ વ્યાપક થઈને કાર્ય થાય-એ જાણવા-દેખવાના ને આનંદના પરિણામ એમાં થાય. સમજાણું કાંઈ...?

આહા... હા! આવી વાત છે.

એટલે આંહી કહે છે કે વિકારી પરિણામ જે થાય અને શરીરના પર્યાય થાય, એ 'પુદ્‌ગલપરિણામને પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્ત્તા તે સ્વતંત્રપણે કરે (તે કર્ત્તા) એમ કહે છે અહીંયા કર્મ પોતે સ્વતંત્ર થઈને વિકારના પરિણામનો કર્ત્તા થાય છે!

આહા.. હા! અહીંયાં સ્વભાવ એનો જે આત્માનો (સ્વભાવ) એ તો જિનસ્વરૂપી-વીતરાગસ્વરૂપી જ પ્રભુ છે. (એ) વીતરાગસ્વરૂપી પ્રભુના પરિણામ તો વીતરાગી થાય. આહા.. હા! એની-સ્વભાવની દૃષ્ટિ રાખીને, જે સ્વભાવ વીતરાગપણે પરિણમે-એ સ્વભાવ રાગપણે ન પરિણમે.. એમ સિદ્ધ કરવું છે. આહા... હા! તેથી તે પર્યાયદૃષ્ટિમાં જે રાગ આદિ થાય છે તે સ્વતંત્રપણે પુદ્‌ગલના-નિમિત્તના સંબંધે થાય છે માટે પુદ્‌ગલકર્મ તે કર્ત્તા-વ્યાપક (અને) વિકારીપરિણામ તેનું કાર્ય એટલે વ્યાપ્ય રાગ આદિ!

આહા.. હા! આવું છે! કેટલા પ્રકારો પડે! અપેક્ષા ન સમજે ને.. ઉપાદાનની જ્યાં વાત આવે!

આત્મા અશુદ્ધ ઉપાદાન પણે એટલે વ્યવહારપણે-પર્યાયપણે-વિકારપણે પરિણમે છે પોતે, કર્મ તો નિમિત્ત માત્ર છે! કર્મને એ વિકાર થતાં કર્મ એનુ અડતું ય નથી એમ કર્મનો ઉદય છે એ રાગને અડતો ય નથી!

આહા... હા! ત્યારે તે રાગના પરિણામ એની પર્યાયમાં સ્વતંત્ર ષટ્‌કારકના પરિણમનથી થાય એમ એનાથી જ થાય એમ સિદ્ધ કરવું છે, પણ.. અહીંયા તો,..'સ્વભાવ એવો નથી (આત્માનો)'!! આહા...! સ્વભાવ જે છે આત્મા જે છે એ જિનસ્વરૂપી-વીતરાગસ્વરૂપી છે.

આહા... હા! જિનસ્વરૂપી પ્રભુ (આત્મા છે) એનાં પરિણામ સમ્યગ્દર્શનના પણ વીતરાગીપર્યાય થાય.

કો 'ક કહે છેને.. સમ્યગ્દર્શન સરાગ! એ વસ્તુ બીજી અપેક્ષા છે. (આંહીતો) વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ (આત્મા) એ વીતરાગસ્વરૂપી પર્યાય વીતરાગ થાય, એ સમ્યગ્દર્શન પણ વીતરાગપર્યાય છે અને આગળ જતાં ચારિત્ર થાય એ પણ વીતરાગીપર્યાય છે!

આહા...હા! એ વીતરાગ સ્વભાવનું કાર્ય, વીતરાગસ્વભાવ વ્યાપક અને વ્યાપ્ય વીતરાગીપર્યાય છે - એટલે ભેદ પાડીને. કથન કરવું એપણ ઉપચારથી છે. એ અવિકારી પરિણામ તેના કર્તાને કર્મ પરિણામમાં છે!! પણ આત્મા એનો વ્યાપક એટલે પ્રસરીને થાય છે એ પણ ભેદનયનું કથન છે. (તથા) વિકારી પરિણામનો કર્ત્તા આત્મા અને વિકારી પરિણામ કાર્ય- એ પણ ઉપચારથી કથન છે.

આહા.. હા! એમ દ્રવ્યકર્મ અને પરનો કર્ત્તા (આત્મા), ઉપચારથી પણ નથી, તેમ કર્મ, શરીર કે આત્માને વિકારી પરિણામનો ઉપચારથી પણ કર્ત્તા નથી. પણ અહીંયા સ્વભાવની દૃષ્ટિથી કથન કરવું છે! આહા... હા! ભગવાન આત્માના અનંતગુણો છે તેમાં કોઈ ગુણ વિકાર પણે પરિણમે એવો (કોઈ) ગુણ નથી. એથી એ સ્વભાવીવસ્તુ, સ્વભાવના પરિણામપણે પરિણમે અને એ કાર્યવ્યાપ્ય છે એમ કહેવાય, પણ વિકારપરિણામનું કાર્ય આત્માનું છે સ્વભાવદૃષ્ટિએ એમ નથી. આહા... હા! હવે! આટલી બધી અપેક્ષાઓ!!

આહા... હા! આંહી 'પદ્દગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક એટલે કર્તા થઈને, સ્વતંત્ર એ કર્ત્તા છે. તો એ સ્વતંત્રપણે કર્ત્તા થઈને પુદ્દગલપરિણામનો એટલે કે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવનો કર્ત્તા છે, આ દૃષ્ટિએ... આહાહા! સમજાણું કાંઈ...?

'અને પુદ્દગલપરિણામ તે વ્યાપક વડે' - એ રાગને, દ્વેષને પુણ્ય-પાપના ભાવ, એ પુદ્દગલપરિણામને 'તે વ્યાપક વડે' એટલે કર્મના વ્યાપક વડે 'સ્વયં વ્યપાતું' (એટલે) સ્વયં થતું- સ્વયં કાર્ય થતું હોવાથી તે પુદ્દગલપરિણામ તે પુદ્દગલનું કાર્ય છે!

આહાહાહા...! આવી વાત છે! કઈ અપેક્ષાએ કથન છે એ જાણવું જોઈએ. અપેક્ષા જાણ્યા વિના... કરમથી વિકાર થાય, કરમથી વિકાર થાય! ભઈ, પરદ્રવ્યથી થાય? એમ ત્રણકાળમાં ન હોય.

પર્યાય તો સ્વતંત્ર તે સમયની પોતાથી થાય છે, પણ તે જીવનો સ્વભાવ નથી તેથી જીવના સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે તે વિકારના પરિણામનું કાર્ય તે સ્વભાવ નથી. ત્યારે તેના કાર્યનો કર્ત્તા કર્મ છે એમ કહ્યું. જોયું...? ભેદ પાડી નાખ્યો, પરથી એને જૂદું પાડી નાખ્યું!!

(શ્રોતાઃ) આત્મા કર્તા છે કે જ્ઞાતા? (ઉત્તરઃ) જ્ઞાતા છે ને..! પણ પરિણમન તરીકે ભલે કર્ત્તા કહો! કર્ત્તા (કહ્યો) પણ કરવાલાયક છે એવી બુદ્ધિપણે કર્ત્તા નથી. આહા... હા! કેટલી... અપેક્ષા!

(જ્ઞાનીને કર્ત્તા કહે છે) સુડતાલીસ નયમાં એમ કહ્યું કે પરિણમે છે તે જ્ઞાની કર્ત્તા છે, એનો અધિષ્ઠાતા છે એમ કર્ત્તા કહ્યો! કઈ અપેક્ષાએ? આ પ્રવચનસાર, નયઅધિકાર (માં કહ્યું) એ જ્ઞાનપરિણામ એનું છે એટલું બતાવવા કર્ત્તા, તે પરિણમે (છે) તે કર્ત્તા એમ કહ્યું! પણ... અહીંયાં તો સ્વભાવની દૃષ્ટિમાંએનું પરિણમન સ્વભાવનું હોય છે. એનું પરિણમન વિકૃત છે એ કર્મનું કાર્ય છે એમ કહીને સ્વભાવના પરિણમનથી એને જૂદું પાડી નાખ્યું છે!

આવું... અને હવે આટલું બધું!! બીજી વાત હોય તો... (સમજાય!) આ વસ્તુ જ એવી છે!

પણ મેળ થાવો જોઈએ ને! એમને એમ કહે-કથન કરે તો શી રીતે મેળ થાય...!

આહા.. હા! અહીંયાં તો ભગવાન એમ કહે છે કે.. નિશ્ચય સ્વભાવની દૃષ્ટિએ ભગવાન આત્માનો સ્વભાવ તો વીતરાગ છે ને! આકષાય સ્વભાવ છે ને! એટલે સ્વ-ભાવ દરેક ગુણ શુદ્ધ છે ને! એ શુદ્ધ વ્યાપક થઈને વિકારીપર્યાય (એનું) વ્યાપ્ય થાય એમ છે નહીં.

એટલું સિદ્ધ કરવા એ વિકારીપરિણામનું વ્યાપક કર્મ છે અને વિકારી પરિણામ તેનું વ્યાપ્ય છે, વ્યાપ્ય નામ કાર્ય છે. એવું છે હવે ક્યાં! હજીતો પુદ્ગલ કહેશે, હજી તો પુદ્ગલપરિણામને પુદ્ગલ કહેશે.

(જુઓ! આગળ ટીકામાં) 'પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે' (આમ કહ્યું) આહાહાહા! એ પુદ્ગલ જ છે! જીવદ્રવ્ય નહીં!! ભગવાનની ભક્તિનો, સ્તુતિનો જે રાગ છે એનો કર્ત્તા કર્મ છે એમ આંહી કહે છે. આવું છે!

(શ્રોતા:) (રાગનો) કર્ત્તા કર્મ છે એમાં જ્ઞાન નથી! (ઉત્તર:) જ્ઞાનસહિત ક્યાં પણ પરિણમે છે? એમાં અનંતા-અનંતા ગુણો છે, કોઈ ગુણ વિકારપણે પરિણમે એવો (કોઈ) ગુણ નથી (આત્મામાં) એ તો પર્યાયમાં થાય છે માટે પરના લક્ષે થયેલી છે માટે પર વ્યાપક ને તે તેનું વ્યાપ્ય!! આહા... હા! ભગવાન આત્મા! નિર્મળ અનંતગુણ વ્યાપક એટલે કર્તા અને વિકારીપર્યાય વ્યાપ્ય એટલે કાર્ય, એમ બંધબેસતું નથી!!

કો 'ભાઈ! આવી બધી અપેક્ષાઓ ને આ બધું!!

(શ્રોતા:) અનુભવથી જણાય! (ઉત્તર:) અનુભવથી... વાત સાચી!

આ...હા...! 'સ્વયં વ્યપાતું હોવાથી' એટલે સ્વયં થતું--સ્વયં કાર્ય થતું-કર્મને લઈને પુણ્ય-પાપના ભાવ, ભક્તિ આદિના ભાવ, ભગવાનની સ્તુતિ આદિના ભાવ-એ કર્મ વ્યાપક થઈને વ્યપાતું એટલે થતું કાર્ય હોવાથી તે પુદ્ગલનું કાર્ય છે. આહા...હા...હા...હા..! ભાઈ, આવી ગંભીર વસ્તુ છે બાપુ!

આહા... હા! 'તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્ત્તા થઈને' જોયું...? પુદ્ગલકર્મ વડે કર્ત્તા થઈને એ 'કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મ રૂપ પુદ્ગલપરિણામ જોયું...? એ કર્મના પરિણામને નોકર્મના પરિણામ જે શરીરાદિના, ભાષાદિના એ પુદ્ગલપરિણામ તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ આ દાખલો' યે એવો!!

'પુદ્ગલપરિણામને અને આત્માને' (એટલે કે) જે રાગના ને દ્વેષના પરિણામને અને આત્માને 'ઘટ અને કુંભારની જેમ' કુંભારવ્યાપક અને ઘટ એનું વ્યાપ્ય નથી! આહાહાહા! હવે! આ ઘડો કુંભારથી કરાતો, કુંભારથી નથી થતો, માટીથી થાય છે. બાપુ! પરદ્રવ્યને શું સંબંધ છે? પરદ્રવ્ય નિમિત્ત માત્ર હો! પણ એથી કરીને એનું કાર્ય કેમ કરે? આહાહા!

ઘટ ને કુંભારની જેમ. એટલે? રાગ-દ્વેષના પરિણામ અને આત્માને, ઘટ ને કુંભારની જેમ 'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે' આહાહાહા! શું ટીકા! ઓહોહોહોહો!! ગંભીર!

શું કહ્યું? કે દયા-દાન-વ્રતાદિના-ભક્તિના જે (પરિણામ), ભગવાનની સ્તુતિના જે પરિણામ છે, એ પરિણામને અને આત્માને ઘટ ને કુંભારની જેમ. ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એમ નથી તેથી તે પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી. ઘટ-કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે

આહા... હા! કુંભાર વ્યાપક થઈને-પ્રસરીને ઘટનું કાર્ય કરે એનો અભાવ છે એમ આત્મા વ્યાપક થઈને પ્રસરીને એ વિકારના પરિણામ કરે એનો અભાવ છે.

બહું! આવું આકરું છે!

(શ્રોતાઃ) સ્વભાવ એનો એવો છે! (ઉત્તરઃ) સ્વભાવની વાત કીધી ને....! વસ્તુસ્વભાવ છે ને એની દૃષ્ટિ થઈ છે, સ્વભાવ છે એની દૃષ્ટિ થઈ છે તો સ્વભાવના પરિણમનમાં વિકારીપરિણામ ન હોય-એ આંહી વાત લેવી છે. આમ આગળ તો કહેશે મિથ્યાત્વ ને અવ્રત ને પ્રમાદના પરિણામ જીવના છે, અને જડના જે છે બેય જુદાં પડી જાય છે. ગાથામાં છે.

આહા... હા! અહીંયાં તો.... વસ્તુનો સ્વભાવ, ચૈતન્યમૂર્તિ ભગવાન (આત્મદ્રવ્ય) રાગના પરિણામથી ભિન્ન પ્રભુનો સ્વભાવ! એવું જ્યાં અંતર જ્ઞાન થયું તે જ્ઞાનીને રાગ તેનું વ્યાપ્ય ને આત્મા તેનો વ્યાપક નથી. કોની પેઠે? ઘટને કુંભારની પેઠે! કુંભાર વ્યાપક અને ઘટ તેનું વ્યાપ્ય-કાર્ય નથી, એમ આત્મા વ્યાપક થાય અને વિકારી પરિણામ વ્યાપ્ય એમ નથી.

આહા... હા.! આવો.... મારગ! વસ્તુનું સ્વરૂપ આવું છે!!

(કહે છે) 'પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકના અભાવને લીધે કર્તા-કર્મપણાની અસિદ્ધિ હોવાથી' ઘટનો કર્ત્તા કુંભાર એની અસિદ્ધિ હોવાથી, તેમ વિકારીપરિણામનો કર્ત્તા આત્મા એની અસિદ્ધિ હોવાથી આહા... હા... હા!

'પરમાર્થે કરતો નથી, - ઘટને જેમ કુંભાર પરમાર્થે કરતો નથી, એમ વિકારીપરિણામને આત્મા સ્વભાવથી પરમાર્થે કરતો નથી! આહાહા... હા!

ભાષા તો સાદી છે! પણ બાપુ, ભાવ તો જે છે એ છે! ભાવ... શું થાય...?

'પરંતુ માત્ર પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' આહાહાહા! એટલે? જે રાગ આદિ ભક્તિ આદિ, સ્તુતિ આદિ ના વિકલ્પ જે થાય, તેના જ્ઞાનને પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, એપણ નિમિત્તથી કથન છે. એટલે જે પરિણામ થયા, તેના જ્ઞાનને-તેનું જાણવું-તેના તે સમયે જ્ઞાનની પર્યાય, ષટ્‌કારકરૂપે પરિણમતી જ્ઞાનની પર્યાય ઊભી થાય છે, તે પરિણામના જ્ઞાનને - આમ પરિણામના જ્ઞાનને ભાષા આમ છે પણ ખરેખર તો તે જ્ઞાનની પર્યાય પોતાથી ષટ્‌કારરૂપે પરિણમે છે અ જેને રાગના પરિણામનું જ્ઞાન, એવી પણ અપેક્ષા નથી. ભાઈ...!

આહા... હા! પણ આંહી એને જે સમજાવવું છે! એટલે કહે છે 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' - એટલે કે જે કાંઈ દયા-દાન-વ્રત-ભક્તિ-સ્તુતિનો વિકલ્પ થયો, તે કાળે અહીં જ્ઞાન પોતે પોતાના સ્વપરપ્રકાશમાં પોતાથી પોતે પરિણમે છે તે રાગના પરિણામના જ્ઞાનનું- 'જ્ઞાનના પરિણામને કરતો આત્મા' આહા.. હા! છે...? 'રાગના પરિણામના જ્ઞાનને કર્મપણે કરતો' - એ પણ ઉપચારથી છે.

ભાઈ....! એમાં (કળશટીકામાં) કળશ છે ને...! તેમાં નાખ્યું છે. 'જ્ઞાનની પર્યાયનો કર્ત્તા આત્માને કર્મ જ્ઞાન, એ ઉપચારથી છે. ભેદ છે ને....? આહા...! એમાં છે ભાઈ! કળશટીકામાં છે. પરનો તો ઉપચારથીયે કર્ત્તા નથી, રાગનો આત્મા ઉપચારથી પણ કર્ત્તા નથી, સ્વભાવદૃષ્ટિએ! પણ 'રાગનું જે જ્ઞાન' કહેવામાં આવે છે, એ પણ અપેક્ષિત! સમજાવવા માટે (કહેવાય છે) **ખરેખર તો એ વખતે જ્ઞાનની**

**પર્યાય સ્વપરપ્રકાશકપણે સ્વતઃ પરિણમનસ્વભાવ છે. તેથી ષટ્કારકપણે તે જ્ઞાનપરિણામ પરિણમે છે, તે જ્ઞાનપરિણામને 'પુદ્ગલપરિણામના જ્ઞાનને' એમ કીધું છે.** સમજાણું કાંઈ.... ?

બહુ ગંભીર વસ્તુ છે બાપુ!

આહા... હા! 'પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને આત્માના કર્મપણે- આત્મા તે જ્ઞાનના કર્મપણે પરિણમે છે! જ્ઞાનનું કાર્ય તે પણે પરિણમે છે! રાગનું કાર્ય તેપણે પરિણમતો નથી. આહા... હા! સમજાય છે?

ભાષા તો બહુ સાદી! પણ ભાવ તો છે ઈ છે ને ભાઈ...!!

આહા... હા! આહીંતો... પ્રભુની પ્રભુતાનું વર્ણન છે. પામરતા જે થાય છે ઈ પ્રભુતાનું કાર્ય નથી! એમ કીધું.

આહા....! પ્રભુત્વગુણનો ધરનાર! ભગવાન (આત્મા), અનંતગુણના પ્રભુત્વથી ભરેલો પ્રભુ! એ પોતે રાગના પરિણામને વ્યાપક થઈને - કર્ત્તા થઈને કરે એ કેમ બને? કેમ કે એનાં દ્રવ્યમાં નથી, એનાં ગુણમાં નથી! સમજાણું કાંઈ?

આહા. હા! 'એ પુદ્ગલપરિણામના જ્ઞાનને' - આવી રીતે! આવી ભાષા!! **ખરેખર તો જ્ઞાન જે છે એ પુદ્ગલપરિણામનું જ્ઞાન છે એમ કહેવું એ વ્યવહાર છે! એ જ્ઞાનનો પર્યાય તે કાળે ષટ્કારકપણે સ્વતંત્ર સ્વયં પરિણમે છે કે જેને પરની અપેક્ષા તો નથી** પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી!!

અરે! આવું તત્ત્વ! એને લોકો કંઈક-કંઈ દ્દષ્ટિએ વિપરીત, પીંખી નાખે છે પોતાની દ્દષ્ટિએ એને...! આહા...!

આહા... હા.! કળશમાં લીધું છે હો! પછીનો કળશ આવશે ને! પોતાના જ્ઞાનના પરિણામને કરે, એ પણ ઉપચારથી છે, ભેદ છે ને...! એટલો! 'પરિણામ, પરિણામને કરે છે' એ યથાર્થ છે.

આહા... હા! શું કીધું ઈ? 'રાગનું જ્ઞાન' એતો નિમિત્તથી કથન છે. અને એ જ્ઞાનના પરિણામને આત્મા કરે, એ ઉપચાર (કથન) છે. બાકી જ્ઞાનપરિણામને પરિણામ ષટ્કારકરૂપે પરિણમીને કરે છે એ નિશ્ચય છે. જુઓ! પંડિતજી? સમજમેં આતા હૈ? આહા...! શું વાત છે! ભાષા તો સાદી છે! ભગવાન, તારી મહત્તાની શી વાતું!!

આહા... હા! પ્રભુત્ત્વગુણથી ભરેલો ભગવાન! એ પામર (એવા) રાગના પરિણામમાં કેમ વ્યાપે? આવું તત્ત્વ!! **એ રાગના પરિણામનું જ્ઞાન તે આત્માનું કાર્ય એ પણ ભેદથી કથન છે.**

"પરિણામે પરિણામનો કર્ત્તા-કાર્ય-પરિણામ કારણ ને પરિણામ કાર્ય, એ નિશ્ચય!! કર્ત્તા કહો, કારણ કહો (એકાર્થ છે)

(શ્રોતાઃ) તો જ સ્વતંત્રતા રહે ને! (ઉત્તરઃ) સ્વતંત્રતા જ છે. દરેક સમયનો પર્યાય, સત્ છે તેને હેતું ન હોય! આહા... હા! 'છે' એને હેતુ શું? 'છે' ઈ પોતાથી 'છે' ને પરથી છે એમ કહેવું? **એ રાગ થયો એનું જે જ્ઞાન થયું એમ કહેવું ઈ વ્યવહાર છે, અને ઈ જ્ઞાનના પરિણામને આત્મા કરે છે એમ કહેવું ઈ વ્યવહાર છે!** આહાહાહાહા!

(શ્રોતાઃ) રાગનું જ્ઞાન થયું એ પણ વ્યવહાર છે? (ઉત્તરઃ) આંહીયાં જ્ઞાનના પરિણામને આત્મા

કરે છે એ ય વ્યવહાર છે!

'પરિણામ પરિણામને કરે છે' રાગની અપેક્ષ વિના, દ્રવ્યગુણની અપેક્ષા વિના! તેથી તે કળશમાં લીધું છે, એમાં કળશ છે ને.... ઓગણપચાસ! વ્યાપ્ય-વ્યાપક છે ને... !

દ્રવ્યપરિણામી, પોતાના પરિણામનો કર્ત્તા. વ્યાપ્ય પરિણામ. દ્રવ્યત્રિકાળી વ્યાપક તેમાં આવો ભેદ કરવામાં આવે તો થાય, ન કરવામાં આવે તો નથી થતો!

આહા... હા! જીવતત્ત્વથી પુદ્ગલદ્રવ્યનું તત્ત્વ તો ભિન્ન છે! ભિન્ન છે તેથી વ્યાપ્યવ્યાપક સબંધ નથી. ભાવાર્થ આ છે કે આત્મા પોતાના પરિણામનો ઉપચારથી કર્ત્તા છે.

આહા... હા! રાગનો કર્ત્તા તો નહી, પણ રાગસંબંધીનું જ્ઞાન કહેવું, એ નિમિત્તિ છે અને એ જ્ઞાનના પરિણામનો કર્ત્તા આત્મા કહેવો, એ ઉપચાર છે.

આહા... હા! કારણ કે પરિણમન-પર્યાય, ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે, સ્વતંત્રપણે પરિણમે તે કર્ત્તા, એનો બીજો કોઈ કર્ત્તા-કારણ હોય નહીં! સમજાય છે કાંઈ.... ? ઝીણું છે બહુ!

આહા... હા! એ પહેલું કીધું ન....! ઉપચાર માત્રથી - પોતાના જ્ઞાનના પરિણામને કરે એ ઉપચાર. એ પરિણામ દ્રવ્યથી કરાયેલો તેથી કર્ત્તા, અન્યદ્રવ્યનો તો ઉપચારમાત્રથી પણ નથી.

**રાગના પરિણામનું આંહી જ્ઞાન થયું એ તો જ્ઞાનનું જ્ઞાન છે! રાગના પરિણામનું ( જ્ઞાન ) નથી,** છતાં એ સમજાવવું છે તેથી આ રાગ થયો-ભગવાનની સ્તુતિનો આદિ. તે રાગનું જ્ઞાન થયું, એ નિમિત્તનું કથન છે, **જ્ઞાન જ્ઞાનથી થયું છે એ રાગથી નથી ( થયું ) દ્રવ્ય-ગુણથી નથી ( થયું )**

આહા... હા! એવા જ્ઞાનપણે સ્વતંત્રપણે ષટ્કારકપણે પર્યાય પરિણમે છે અને દ્રવ્ય ( ને ) એનો કર્ત્તા કહેવો-દ્રવ્યસ્વભાવને કર્ત્તા કહેવો એપણ ઉપચાર ને વ્યવહાર છે.

આહાહા! સમજાય એવું છે હો! ઝીણું છે માટે ન સમજાય એવું નથી. સમજાણું? ( કહે છે કે: ) 'પરંતુ પુદ્ગલપરિણામના જ્ઞાનને' ભાષા છે ભાઈ...! ખરેખર તો એ પરિણામ જ્ઞાન આત્માના ય નથી. પરિણામ પરિણામના છે!! આહાહા... હા! પણ... આંહી સમજાવવું છે એટલે શી રીતે સમજાવવું?

'રાગનો કર્ત્તા નથી' એમ સમજાવવું છે. ત્યારે. શું, શેનો કર્ત્તા છે? કે રાગસંબંધીનું જ્ઞાન જે પોતાથી પોતામાં થયું તેનો તે કર્ત્તા કહેવામાં આવે છે. એ પણ ભેદથી-વ્યવહાર ( કથન ) છે. ગજબ વાત છે!! આવી વાત, સર્વજ્ઞ સિવાય, સંતો-વીતરાગી સંતો સિવાય ક્યાંય હોય નહીં.

આહા... હા! **પુદ્ગલપરિણામના જ્ઞાનને આત્માના કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે' જોયૂં ? એ તો રાગને જાણે છે એમે ય નહીં'** રાગના પરિણામને આત્મા કરતો, પરિણામને જાણે છે, રાગને જાણે છે એમ નહીં. 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન' આવે છે ને...! એ અહીં લઈ લીધું! પણ આ તો બાપા! એકેક અક્ષર આતો સર્વજ્ઞની વાતો છે! સર્વજ્ઞના કેડાયતો-સંતોની વાતું બાપા! આ કાંઈ કથા નથી! વારતા નથી!

( શું કહે છે ) **'કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે? જોયું? ( એટલે કે ) ઈ ઓલા પરિણામને જાણે છે એમ રાગને જાણે છે એમ નહીં.** વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠયો! આહાહા! એનું આંહી જ્ઞાતાપણે જ્ઞાન કરે છે પર્યાયમાં. એ પણ વ્યવહારથી ( કથન છે ) અને પરિણામ પોતાના આત્માને

જાણે છે એ પરિણામ પોતાના છે, રાગના નહીં ને રાગથી થયા નથી.

**'એ રાગને જાણતો નથી એ પરિણામને જાણે છે.** સમજાણું કાંઈ...?

'એવા પોતાના આત્માને જાણે છે' – ઈ પર્યાયને જાણે છે એમ. આત્માને જાણે છે નહિ કે એ રાગને જાણે છે.

આહા...! 'તે આત્મા કર્મનોકર્મથી અત્યંત ભિન્ન' – રાગ અને શરીરના પરિણામથી અત્યંત ભિન્ન! 'જ્ઞાનસ્વરૂપ થયો થકો' – જ્ઞાનસ્વરૂપ થયો થકો –જાણવાના સ્વભાવપણે થયો થકો ભિન્ન છે. સમજાણું?

આહાહાહા! 'આ' એની મેળે વાંચે તો, બરાબર બેસે એવું નથી. આહા...! કાંઈકનું કાંઈક ખતવી નાખે! એવીવાત છે!

શ્રોતા : જ્ઞાનપરિણામને જાણે છે જ્ઞાની કે આત્માને? (ઉત્તર:) એ જ્ઞાનપરિણામને જાણે છે એ આત્માના પરિણામ છે એથી આત્માને જાણે છે. **'આ તો રાગને જાણતો નથી એમ બતાવવા' આત્મા પોતાના પરિણામને જાણે છે તે આત્મા, આત્માને' જાણે છે એમ કીધું** એ પરિણામ થયાને એના 'પોતાના આત્માને જાણે છે' આહા... હા!

કેમ કે તે જ્ઞાનના પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને પરજ્ઞેયને જાણે છે, એમ ન કહેતાં તે પરિણામ સ્વને જાણે છે ને પર નામ પરિણામને જાણે છે– એટલે 'આત્માને જાણે છે' એમ કીધું છે.

"શું કહ્યું ઈ? તે પરિણામ સ્વજ્ઞેયને જાણે છે અને તે પરિણામ પરિણામને જાણે છે, એથી આત્માને જાણે છે એમ કહેવામાં આવ્યું છે!!" આહાહા... હા! આકરું છે! ગાથા જ અલૌકિક છે!! સમજણમાં આવે છે કે નહીં?

આહા... હા! 'અત્યંત ભિન્ન છે' લ્યો! રાગથી ભિન્ન પણ રાગનું જ્ઞાન જે થયું છે, એ જ્ઞાનપરિણામથી પણ (આત્મદ્રવ્ય) ભિન્ન છે! 'એવો જ્ઞાની થયો થકો, આત્મા તે જ્ઞાની છે' આહાહા! સમજાણું કાંઈ...?

ટીકા...! ઘણી ગંભીર છે, ઘણી ગંભીર!! બહુ ઊંડી, ઓહોહોહો!!

'પુદ્ગલપરિણામનું જ્ઞાન' –ભાષા આવે છે! 'આત્માનું કર્મ કઈ રીતે છે' – એ રાગનું થયેલું જ્ઞાન– છે તો જ્ઞાનનું જ્ઞાન–પણ આંહી એને સમજાવવું છે ને...! 'પુદ્ગલપરિણામનું જ્ઞાન' એટલે કે દયા–દાન–વ્રત–ભક્તિ–સ્તુતિનો જે વિકલ્પ ઊઠયો, એનું જ્ઞાન! આહાહા! એનું જ્ઞાન એને આંહી થાય છે ને! એટલે તે છે તો પોતાથી સ્વપરપ્રકાશક!!

પણ, 'આછે' એમ લોકાલોકનું જ્ઞાન કીધું ને...! **તો લોકાલોકનું જ્ઞાન નથી ખરેખર તો જ્ઞાનજ્ઞાનનું છે!** સમજાણું કાંઈ...? આહા. હા... હા!

(શ્રોતા:) પરપ્રકાશકજ્ઞાન કેવળજ્ઞાનમાં એનું છે ને...? (ઉત્તર:) પરપ્રકાશક એ પોતાનો સ્વભાવ છે. એ પરને લઈને પ્રકાશે છે એવું કેવળજ્ઞાન નથી. (શ્રોતા:) પરસંબંધીનું કેવી રીતે કીધું? (ઉત્તર:) એ પરસંબધીનું કીધું એ પોતાને, પોતાનું સ્વતંત્ર જ્ઞાન છે. સર્વજ્ઞ સ્વરૂપમાં 'આત્મજ્ઞ' છે. શક્તિમાં લીધું છે ને ભાઈ...! ત્યાં. **સર્વજ્ઞ ઈ આત્મજ્ઞ છે' ઈ પરજ્ઞ નહીં.** આહાહાહા! સર્વજ્ઞ સ્વભાવ જ સ્વનો સ્વત:

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે. એ પર્યાયમાં સર્વજ્ઞપણું આવ્યું, સર્વજ્ઞ એટલે પરજ્ઞ છે એમ નહીં, એ 'આત્મજ્ઞ' છે. ઈ આત્મજ્ઞ, સર્વજ્ઞને, આત્મજ્ઞ કહેવામાં આવે છે. આહા... હા! હવે! આવી વાતું ક્યાં!!

આહા..! 'પુદ્ગલપરિણામનું જ્ઞાન' એટલે કે દયા-દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ-રાગ, એનું આંહી જ્ઞાન. એ તો જ્ઞાનનું છે ને....! જ્ઞાન, રાગ **પરનું નથી છતાં એ તો પરનું જ્ઞાન થયું એમ એને સમજાવે છે.**

'એ (પુદ્ગલ) પરિણામનું જ્ઞાન' (કીધું પણ) જ્ઞાન પરિણામનું નથી. **જ્ઞાન તો જ્ઞાનનું છે. પણ એ સંબંધીનું ત્યાં જાણવામાં આવ્યું તેથી લોકાલોક જાણવામાં આવ્યો (તેમ કીધું પણ) લોકાલોકનું (જ્ઞાન) નથી, જ્ઞાન જ્ઞાનનું છે!**

આહાહા! 'પુદ્ગલપરિણામનું જ્ઞાન' આત્માનું કાર્ય કઈ રીતે છે તે સમજાવે છે? આહા... હા.. હા! 'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી' આહાહાહાહા!

'પુદ્ગલપરિણામના જ્ઞાનને' એટલે રાગ થયો જે તેના જ્ઞાનને અને પુદ્ગલને એટલે રાગને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે!

આહા... હા! કુંભાર વ્યાપક અને કટ વ્યાપ્ય નથી. એમ રાગના જ્ઞાનથી આત્મા વ્યાપક છે. પણ પુદ્ગલનું-રાગનું-પરિણામનું જ્ઞાન, માટે રાગ વ્યાપક છે ને જ્ઞાનપરિણામ વ્યાપ્ય છે, એમ નથી. રાગ કહો કે કર્મ કહો-કર્મ વ્યાપક થઈને આંહી જ્ઞાન થયું આત્માને એમ નથી. આહાહાહા!

'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને' આહા.. હા.. હા! 'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી, કર્ત્તાકર્મપણાની અસિદ્ધિ છે!

આહા...! કુંભાર ઘટનો કર્ત્તા નથી, એમ રાગના પરિણામનો આત્મા કર્ત્તા નથી. આહાહા.. આહા..! વ્યવહાર રત્નત્રયના રાગનો કર્ત્તા આત્મા નથી એમ કહે છે. આહા.. હા! (શ્રોતાઃ) નિશ્ચય છે? (ઉત્તરઃ) કંથચિત એ વ્યવહાર છે. નિયમસારમાં કહ્યું છે ને...! ઈ તો એમ કહે છે વ્યવહારથી પરને જાણે છે અને વ્યવહારથી સ્વને ન જાણે! પણ વ્યવહારથી સ્વને ન જાણે તન્મય થઈને.

આવી વાત છે બાપુ! સમયસાર તો સમયસાર છે! ત્યાં ઈ બીજી વાત, છે જ નહીં.

આહા..! 'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને' જોયું...? રાગને. જ્ઞાનને અને રાગને 'ઘટ-કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી' આહા... હા! 'કર્ત્તાકર્મપણાની અસિદ્ધિ છે '-કર્મ કર્ત્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય, એનો અભાવ છે પુદ્ગલકર્મ કર્ત્તા-રાગકર્ત્તા અને રાગનું પરિણામ તેનું કાર્ય, એનો અભાવ છે.

ઝીણો વિષય છે આજ ઘણો! આહાહા! આવું છે! શાંતિથી આ તો પકડાય એવું છે.

આહા... હા! 'તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાક ભાવનો સદ્ભાવ હોવાથી' જોયું? આત્માના પરિણામને એટલે કે જ્ઞાનનાં પરિણામ થયાં તેને અને આત્માને, વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી - આત્મા વ્યાપક છે અને જ્ઞાનના, દર્શનના, આનંદના પરિણામ જે થયાં તે તેનું વ્યાપ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. તેનો સદ્ભાવ છે. 'કર્તાકર્મપણું છે' એટલું છે' એટલું છે. આત્મા કર્ત્તા અને જ્ઞાનના પરિણામનું કાર્ય એનું વ્યાપ્ય, એટલું છે! ભેદથી.. આહાહા.. હા!

(કહે છે કે) 'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી' -ભગવાન આત્મા કર્ત્તા એટલે કે સ્વતંત્રપણે કર્ત્તા હોવાથી-સ્વતંત્રપણે વ્યાપક એટલે પ્રસરતો હોવાથી-કર્ત્તા હોવાથી, વ્યાપક એટલે કર્ત્તા 'આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્ત્તા છે!

આહાહાહા! સમજાવવામાં શું આવે શૈલી!

'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી' આત્મપરિણામનો એટલે વીતરાગી પરિણામ, જ્ઞાનના પરિણામ, શ્રદ્ધાના પરિણામ, શાંતિના પરિણામ, આનંદના પરિણામ-જ્ઞાનના પરિણામ એટલે આ બધાં પરિણામ કીધાં એ એટલે કે 'પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્ત્તા છે' - એ રાગના જ્ઞાનનો આત્મા કર્ત્તા છે. આહાહા! રાગનો નહીં.

આહાહાહા! 'અને પુદ્ગલ પરિણામનું જ્ઞાન' એટલે રાગનું જે જ્ઞાન, સમજાવવું છે ને...! 'તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી' આહા.. હા! 'કર્મ છે - તે આત્માનું કાર્ય છે. 'પુદ્ગલપરિણામનુંજ્ઞાન' - એટલે ભગવાનની સ્તુતિ આદિના રાગનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી' એટલે એ આત્મા વડે સ્વયં કરાતું હોવાથી વ્યપાતું હોવાથી એટલે કાર્ય થતું હોવાથી 'કર્મ-કાર્ય છે!!

ઝીણું ભારે આવ્યું ભાઈ આજ તો! (શ્રોતાઃ) ફરીને લેવું! (ઉત્તરઃ) હેં? આવે છે તે શબ્દો પુદ્ગલના! આહાહા! આવું છે.

આહાહા! 'વળી આ રીતે જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે' ભગવાન આત્મા રાગનું જ્ઞાન કરે છે. 'તેથી એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે' - એ રાગનું જ્ઞાન કરે છે માટે રાગ એ પુદ્ગલપરિણામ એટલે જે રાગ એ જ્ઞાતાનું વ્યાપ્ય એમ નથી. આહા.. હા! ફરીને 'આ રીતે જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી એમ પણ નથી કે પુદ્ગલકર્મ, જ્ઞાતાનું વ્યાપ્ય છે' - રાગનું જ્ઞાન કરે છે માટે રાગ વ્યાપ્ય છે આત્માનું એમ નથી. રાગનું આંહી જ્ઞાન કરે છે માટે આત્માનું વ્યાપ્ય-ઉત્પન્ન થઈને રાગવ્યાપ્ય છે એમ નથી. (અને) રાગ વ્યાપક-કર્મના પરિણામ વ્યાપક છે ને જ્ઞાન વ્યાપ્ય છે, એમ નથી.

આહા... હા..! આ સમયસાર!!

(કહે છે) 'વ્યાપ્યરૂપ થતું હોવાથી આ રીતે જ્ઞાતા-આત્મા પુદ્ગલપરિણામનું એટલે રાગનું જ્ઞાન કરે છે તેથી 'એમ પણ નથી' રાગનું જ્ઞાન કરે છે માટે પુદ્ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે જ્ઞાન કરે છે માટે રાગ આત્માનું વ્યાપ્ય છે - રાગનું જ્ઞાન કરે છે માટે રાગ, આત્માનું કાર્ય-વ્યાપય છે એમ નથી.

કો 'ભાઈ...? આવું ઝીણું છે!! સમયસાર! સમયસાર!!

આહા.. હા! 'આ રીતે આત્મા રાગનું જ્ઞાન કરે છે તેથી, એમ પણ નથી કે રાગ-દ્વેષ પુદ્ગલપરિણામ, જ્ઞાતાનું વ્યાપ્ય છે. આહાહા! જ્ઞાતાનું વ્યાપ્ય તો જ્ઞાનના પરિણામ છે, રાગનું જ્ઞાન માટે એ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી.

આહા.. હા! (શ્રોતાઃ) રાગ તો પુદ્ગલપરિણામ છે! (ઉત્તરઃ) હેં? એ વાત પહેલી ક્યાં હતી? હવે ટૂંકું કરી નાખીને. પુંદ્ગલદ્રવ્ય કહી દીધું. (શ્રોતાઃ) રાગ કર્મ થયું ને વ્યાપ્ય નહીં? (ઉત્તરઃ)

રાગનું... નહીં, આંહી રાગનું જ્ઞાન કરે છે ને...! એમ કીધું ને...! રાગનું જ્ઞાન કરે છે ને..! રાગનું જ્ઞાન કરે છે, તો રાગ એનું વ્યાપ્ય થયું કે નહીં? ના. આહાહાહા!

આહા.. હા! આવી વાતું છે બાપુ આકરી!

એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે સમજાણું?

હવે, પુદ્‌ગલપરિણામ કહ્યાં અત્યાર સુધી, હવે, પુદ્‌ગલપરિણામને પુદ્‌ગલ કહે છે. 'ભગવાનની ભક્તિના ભાવ-સ્તુતિના ભાવ પુદ્‌ગલ' છે' આહાહાહા... હા! અભેદ કરી નાખ્યું ને....? અભેદ કરી કહે છે. 'કારણ કે પુદ્‌ગલને અને આત્માને' - એટલે કે પુદ્‌ગલના પરિણામને જે કહ્યું હતું તે પુદ્‌ગલને એમ. એ પુદ્‌ગલ કીધાં એ પુદ્‌ગલને અને આત્માને 'જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં' આહા... હા!

શું કીધું? રાગને એટલે પુદ્‌ગલને, અને આત્માને, જ્ઞેય રાગ અને આત્મા 'જ્ઞાયક' છે, 'એવો જ્ઞેયજ્ઞાયકનો સંબંધ વ્યવહાર માત્ર હોવા છતાં' આહા.. હા.. હા! 'પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે' કોનું? જ્ઞાનનું. જ્ઞાન થાય છે ને તેનું નિમિત્ત એવું જે જ્ઞાન (અર્થાત્) પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન' આહાહાહા!

રાગ... એ પુદ્‌ગલ! એ જ્ઞાનના પરિણામને નિમિત્ત છે. 'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે'-તે જ જ્ઞાતાનું કાર્યને વ્યાપ્ય છે. આહા..! તે તેની પર્યાય છે, તે તેનું કાર્ય છે, તે તેનું વ્યાપ્ય છે!

આહા... હા! 'માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે' લ્યો!! ઘણું જમાવ્યું હો? આહાહા! શું કીધું સમજાણું?

કે, આત્મા જ્ઞાતા છે ને રાગનું જ્ઞાન છે માટે તે રાગનું-વ્યાપકપણું જ્ઞાન પર્યાય વ્યાપક થયું ને...! રાગનું જ્ઞાન એમ કીધું ને... માટે રાગ, વ્યાપક થયો, આંહી જાણવાનું થયું ને...! પણ... જ્ઞાતાના પરિણામ તે વ્યાપ્ય તે આત્માનું વ્યાપ્ય છે. એ પણ ભેદથી... છે.

બાકી તો, પરિણામ જે જ્ઞાતાના છે, તે રાગના નથી તેમ દ્રવ્યગુણના નથી. આહા... હા! 'તે પરિણામ પરિણામના છે' છતાં જ્ઞાતાનું એ વ્યાપ્ય છે એમ કહેવું એ વ્યવહાર છે આહા... હા... હા!

રાગ એનું વ્યાપ્ય છે એ તો છે જ નહીં. લ્યો! ઓહો...! બહુ સરસ! આહા... હા! ટીકા તે ટીકા છે ને!! અમૃતચંદ્રાચાર્ય! આવું! આહા...! વસ્તુની સ્થિતિ એવી છે! વસ્તુની મર્યાદા!! આહા...!

મર્યાદા પુરુષોત્તમ પુરુષ આત્મા!

એ પોતાના જ્ઞાનપરિણામનો કર્ત્તા!! રાગનું જ્ઞાન માટે, રાગનું વ્યાપ્યજ્ઞાન એમ નહીં. 'રાગનું જ્ઞાન' એમ કીધું ને...! વ્યવહાર રત્નત્રય છે તેનું જ્ઞાન કીધું ને...! એટલે કે રાગ વ્યાપક અને જ્ઞાનપરિણામ વ્યાપ્ય એમ નથી! આહા.. હા!

એ તો, જ્ઞાનપરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક! એ કીધું એ સિદ્ધ કર્યું છે વ્યવહારથી, ઓલું તો વ્યવહારથી ય નહીં.

આહા... હા... હા! લ્યો! વિશેષ કહેવાશે...

(પ્રમાણવચન ગુરુદેવ!)

## પ્રવચન ક્રમાંક-૧૬૧ દિનાંકઃ ૫-૧-૭૯

સમયસાર! પંચોત્તેર ગાથા.

‘હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? આંહી જ્ઞાની તો થયો છે, એને પુદ્‌ગલકર્મના સંયોગથી રાગાદિ થાય, તેનો પણ ‘જાણનાર’ છે. એવો જ્ઞાની કહ્યો છે ને...! અનાદિનો તો અજ્ઞાની હતો, આંહી તો જ્ઞાનીપણું કહેવું છે ને..! સમ્યગ્જ્ઞાન થયું છે, આત્મા પરથી ભિન્ન છે અને વર્તમાન પર્યાય જ્ઞાનની, અને રાગથી ભિન્ન કરીને, એ પર્યાયને દ્રવ્યમાં વાળી છે અને જેને અંતર સમ્યગ્જ્ઞાન થયું છે- જ્ઞાનનીપર્યાયમાં પૂરણજ્ઞેય જ્ઞાનમાં જણાણું છે, એને આંહી જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું...?

એટલે, આંહી નિર્વિકલ્પ સમાધિમાં હોય, ત્યારે જ જ્ઞાની કહેવાય, અને વિકલ્પ ઊઠે (એ જ્ઞાની ન કહેવાય) (શ્રોતાઃ) જ્ઞાની, સાધકને અધૂરી દશા છે! (ઉત્તરઃ) છતાંય એને રાગ હોય જ નહીં, એમ એ કહે છે, અબુદ્ધિપૂર્વક હોય, બુદ્ધિપૂર્વક હોય નહીં, એને જ્ઞાની કહેવો-એમ એણે કહ્યું છે, (પરંતુ) એમ નથી અહીંયા!

તેથી તો, પહેલો પ્રશ્ન આ છે (શિષ્યનો) કે આત્મા જ્ઞાનસ્વરૂપ-જ્ઞાની થયો-ધર્મી થયો એમ કેમ ઓળખાય? એનાં ચિન્હ શું? એનાં એંધાણ શું? એનું લક્ષણ શું? ‘તેનું ચિન્હ કહો’ તેનાં લક્ષણ કહો, એમ પૂછે છે. અમૃતચંદ્ર આચાર્ય કહે છે હો! ‘कथम् अयमात्मा ज्ञानिभूतो लक्ष्यत ईति चेत्’ – સંસ્કૃત (માં) છે. એ જયચંદ પંડિતનું નથી. ઝીણી વાત છે!

‘જ્ઞાની થયો થકો’ કેમ ઓળખાય? તેનું લક્ષણ શું? એટલે, ચોથાગુણ-સ્થાનથી જ્ઞાની ગણવામાં આવ્યો છે, ઈ વાત પાઠ સિદ્ધ કરે છે.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।। ७५।।**

થાય છે ખરા રાગાદિ! ‘जाणदि सो हवदि णाणी’ શું કીધું સમજાણું? રાગ આદિ થાય છે, નિર્વિકલ્પમાં જ પડયો છે તો એને જે જ્ઞાની કહેવો એમ નહીં. (જ્ઞાનીને) રાગઆદિ થાય છે, પણ તે રાગનો ‘જાણનાર’ રહે છે. રાગ મારો સ્વભાવ નથી. હું એનાથી ભિન્ન છું. એમ ‘જાણનાર’ રહે છે, અને રાગ હોય છે.

તેથી... રાગનો ‘જાણનાર’ ને ‘રાગનુંજ્ઞાન’ છે ને તે આત્માનું જ્ઞાન છે (જ્ઞાનીને) એમ આવ્યું ને...! (પાઠમાં) તો.. **આંહી તો રાગ છે બુદ્ધિપૂર્વક! રુચિપૂર્વક નહીં.**

આહા... હા! ધર્મી-સમ્યગ્દષ્ટિ, એટલે કે જ્ઞાની થાય, એને કેમ ઓઈખાય? તેનું લક્ષણ શું? એમ પૂછયું છે. સમજાણું કાંઈ...? આ તો ફરીવાર લીધું છે.

પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે-તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

આહા... હા! હવે, ટીકા!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


'નિશ્ચયથી' – ખરેખર 'મોહ' એટલે કે પર તરફની જરી રાગની દશા હોય, પહેલું 'સમુચ્ચય' મોહ લીધો છે, પણ મિથ્યાત્વ ન લેવું. કે પર તરફનો હજી ભાવ હોય છે. એ 'મોહ' સમુચ્ચય કહીએ ચારિત્રમોહની વાત છે. દર્શનમોહની વાત નથી આંહી. ઈ અંદર પરિણામમાં પણ તરફના વલણવાળો રાગ હોય છે એ 'મોહ' એના પેટાભેદ, રાગઅને દ્વેષ અને સુખ, દુઃખ – કલપના થાય છે સુખ દુઃઅની, એ 'આદિરૂપે' અંતરંગમાં ઉત્પન્ન થતું, જે કર્મનું પરિણામ' –દ્રવ્યકર્મને ભાવકર્મ બેય ભેગાં લીધાં. જડકર્મ જે છે એ દ્રવ્યકર્મ છે અને એનાં નિમિત્તથી થતાં પર્યાયમાં મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ છે, એ અંતરંગપરિણામ એ કર્મના પરિણામ છે, એ પુદ્‌ગના પરિણામ છે! આહા... હા! આવી વાતું! અને, તમારો પ્રશ્ન હતો કે દ્રવ્યકર્મ આમાં ક્યાં આવ્યું? પણ દ્રવ્યકર્મ–ભાવકર્મ બેય આવી ગયું આમાં.

આહા...! ભગવાન આત્મ, જ્યાં પોતે રાગથી તો ભિન્ન પડીને ને પર્યાયને–જ્ઞાન પર્યાયને, અંતરમાં–સામાન્યમાં પર્યાયને વાળી છે, એટલે આમાં વિશેષ પણ આવી ગ્યું ને સામાન્ય પણ આવી ગયું. શું કીધું? રાગ નો આવ્યો. રાગથી ભિન્ન પડી અને જ્ઞાનની પર્યાય–વિશેષ જે છે એ વિશેષ–ગુણની વિશેષ એ પર્યાયને, આમ વાળી સામાન્યમાં, એટલે વિશેષ નેસામાન્ય બેય આવી ગયું. રાગ ભિન્ન રહી ગ્યો!! આહા... હા! સમજાય છે, ઝીણી વાત છે ભાઈ..?

વિશેષ જે જ્ઞાનપર્યાય છે, એને રાગથી તો ભિન્ન છે પર્યાય! એથી રાગથી તો ભિન્ન કરીને જ્ઞાનપર્યાય ઉપર લક્ષ કરી, એ પર્યાયને વાળી ધ્રુવમાં!! ઉત્પાદ થયેલી પર્યાય જ્ઞાનની છે, એને–ધ્રુવમાં–વાળી! એટલે કે ધ્રુવ સામાન્ય છે, પર્યાયને–વિશેષને એમાં વળી એટલે વિશેષને સામાન્ય બેય થઈ ગયું!

એટલે, ઓલા વેદાંતી, એમ કહે કે વિશેષ છે જ નહીં. (આત્મા) એકલો કૂટસ્થ છે. તો કૂટસ્થનો નિર્ણય કરનાર કોણ? આહાહા! સમજાણું કાંઈ...?

વેદાંત, સર્વવ્યાપકનો.. મોટો ભાગ અત્યારે છે ને..! પણ એ 'નિશ્ચયાભાસ્‌' છે. કેમ... કે વસ્તુ છે એકસમયમાં ત્રિકાળ! એનો નિર્ણય કરનાર ધ્રુવ ક્યાં છે૯ એનો નિર્ણય કરનાર વિશેષ પર્યાય છે. આહા... હા! એ અનિત્ય છે, પર્યાય છે ઈ અનિત્ય છે, એ અનિત્ય છે એ નિત્યને જાણે છે. 'અનિત્ય છે તે નિત્યનો નિર્ણય કરે છે!'

આહા...હા...હા...! છે ને...? આહા..!

એટલે કહે છે કે 'ખરેખર', આગળ ૮૭ ગાથામાં કહેશે. કે મિથ્યાત્વના બે ભેદ છે. આંહી પરિણામ મિથ્યાત્વના! (અને) દર્શનમોહના રજકણ. એવી રીતે મિથ્યાત્વના બે ભેદ, અવ્રતના બે ભેદ, અજ્ઞાનના બે ભેદ, ક્રોધનાદિના બે ભેદ, એમ લેશે. ત્યાં તો ફકત બેની ભિન્નતા સિદ્ધ કરવી છે.

આંહી તો હવે રાગની ભિન્નતા કરીને જ્ઞાન થયું છે તે જ્ઞાન કેવું હોય? એને આંહી સિદ્ધિ કરવું છે! સમજાણું કાંઈ...? (સમયસાર) ૮૭ ગાથા છે ને...! સમજાણું કાંઈ..?

(સમયસાર ગાથા ૮૭) 'मिच्छतं पुणं दुविहं जीवमजीवं तहेव अणणाणं' છે ને...! બે પ્રકારના મિથ્યાત્વ, એક આત્માના પરિણામ મિથ્યાત્વ (અને બીજું) દર્શનમોહ–જડના પરિણામ મિથ્યાત્વ! જડના–અજીવના ને જીવના – એમ બેય ભિન્ન પાડીને, ભિન્ન સિદ્ધ કરવું છે.

આંહીયાં તો... ભિન્ન પડેલું જેને જ્ઞાન થયું છે, રાગથી ભિન્ન પડેલી જ્ઞાનપર્યાય અને એ પર્યાયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેણે, આમ-સામાન્યમાં વાળી છે- જેને જ્ઞાન થયું છે એ જ્ઞાનનું લક્ષણ-એંધાણ શું? સમજાણું કાંઈ?

આહા.. હા! ગાથા બહુ ઊંચી છે! ભાઈએ ફરીવાર લેવાનું કહ્યું તે... ઈનું ઈ આવે એવું કાંઈ છે?!

છે તો ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, એથી આંહી આ પ્રત્યક્ષને સિદ્ધ કરે છે. કે **રાગ આદિ હોય છે. અને તે સંબંધીનું જ્ઞાન, આંહી જ્ઞાન કરે છે. /ઈ છે તો પોતાનું જ્ઞાન, એ સંબંધીનું એ નિમિત્તથી કથન છે. છતાં ત્યાં રાગ છે તેને ઈ જાણે છે, એટલે કે બુદ્ધિપૂર્વક રાગ છે તેને ઈ જાણે છે-એટલે કે ખ્યાલમાં આવે છે કે રાગ છે એમ.** આ સદ્‌ભૂત ઉપચારથી/ખ્યાલમાં આવે છે કે રાગ, છતાં જ્ઞાની, ધર્મજીવ, એ રાગને 'જાણનારો' રહે છે.

કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં અંતર ભાન થયું તેથી તેની પર્યાયમાં જ્ઞેય જે પૂરણજ્ઞાયક છે તેનું જ્ઞાન થયું. એ જ્ઞાનનીપર્યાયના કાળમાં, રાગ જે હોય છે એનું પણ ઈ સ્વપરપંકાશક પર્યાય હોવાથી, ઈ જ્ઞાનની પર્યાય ષટ્‌કારકરૂપે પરિણમતી ઉત્પન્ન થાય છે! અરે... આવું છે! ઝીણો મારગ ભાઈ...!

ક્યાં.. ય.. રાગથી પાર ને એકસમયની પર્યાયથી પાર... ભિન્ન અંદર? ૭૩ માં આવ્યું ને...! અનુભૂતિ ભિન્ન છે!

આહા.. હા! ખરેખર તો અહીંયા જ્ઞાની-ભાન થયું આત્માનું- જેને રાગથી ભિન્ન પડી અને પર્યાયને જ્ઞાયકત્રિકાળી! જ્ઞાયકસ્વભાવ! ધ્રુવ સ્વભાવ! ત્રિકાળી એકરૂપ-જ્ઞાયકસ્વભાવ!! એનું જેને વર્તમાન પર્યાયમાં તે તરફ વાળીને જ્ઞાન થયું છે તેને અહીંયા જ્ઞાની કહેવામાં આવે છે. આંહી કોઈ આત્મા ડરી જાય તો જ જ્ઞાની છે, એમ છે નહીં.

વસ્તુ જ એવી ઈ તો કહે છે અજ્ઞાન છે, બારમા સુધી અજ્ઞાન છે ને..! પણ ઈ તો અજાણપણેઓછું જ્ઞાન છે એમ છે, ત્યાં કોઈ વિપરીણજ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ...? બારમા (ગુણસ્થાન) સુધી અજ્ઞાન કહ્યું છે ઈ તો ઓછું જ્ઞાન છે એમ કીધું છે, વિપરીત જ્ઞાન નથી.

આંહી ચોથે, સમ્યગ્દર્શન (થયું) આંહી તો જ્ઞાની કેમ ઓળખાય? એમ પ્રશ્ન કર્યો છે ને.. નિર્વિકલ્પસમાધિમાં રહેલો વીતરાગ કેમ ઓળખાય એમ નથી પૂછયું અહા...! જેને આત્મધરમ! વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન! એવું જેને રાગથી ભિન્ન પડી અને પર્યયને અંતરમાં વાળી છે. એ... પણ પર્યાય છે ને વાળું છું એવો ભેદ ત્યાં નથી પણ સમજાવવામાં શું આવે? .. સમજાણું કાંઈ...? પર્યાય... જે પરલક્ષમાં છે એ **પર્યાયતો ત્યાં રહી ગઈ, પછીતી પર્યાય દ્રવ્યમાંથી થાય ને દ્રવ્ય તરફ ઢળે એ સમય એક જ છે!** આહા.. આરે... આરે... આવી વાતું છે.! વીતરાગ મારગ બાપા, અલૌકિક છે ભાઈ...!

આહા...! કહે છે, એ પરિણામ જે કર્મનું છે, પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રતને ભક્તિ આદિના પરિણામ થયાં. પણ એ પરિણામ કર્મનું પરિણામ છે, જીવનું નહીં. કેમકે જીવ જે છે એ અનંતગુણનો પિંડ સ્વભાવ શુદ્ધ છે, તો જે અનંતગુણ છે એ શુદ્ધ છે, તો શુદ્ધના પરિણામ શુદ્ધ હોય- એમ આંહી સિદ્ધ કરવું છે ને...! પર્યાયમાં અશુદ્ધતા છે ઈ પછી સિદ્ધ કરશે... સમજાણું કાંઈ...? એનામાં-પર્યાયમાં અશુદ્ધિ પછી સિદ્ધ કરશે.

આહા...! આંહી તો જે વસ્તુ છે એ શુદ્ધ છે, અનંત, અનંત, અનંત ગુણનો પિંડ સાગર પ્રભુ!

એ બધા-અનંતગુણો શુદ્ધ છે અને તેથી તેનું પરિણમન પણ શુદ્ધ છે. આહા...! એ ગુણનું પરિણમન કોઈ વિકૃત છે એમ હોઈ શકે નહીં.

એથી વિકૃત જે છે એ નિમિત્તને આધીન થઈને થાય છે. એનું જ એ હોવા છતાં અજ્ઞાની ઈ મારાં છે એમ માને છે. અને જ્ઞાની નિમિત્તને આધીન થયેલ હોવા છતાં, એને તેનામાં રાખીને, પોતે તેનું જ્ઞાન/એની હયાતિ છે માટે કરે છે એમેય નહીં. તેનું જ્ઞાન એની **જ્ઞાનની પર્યાયમાં-સ્વનું અને પરનું જ્ઞાન પોતાથી પોતામાં થયું છે... તેને તે જાણે છે!**

આહા...! **રાગને જાણે છે એમ કહેશે.. પણ ખરેખર તો એને આમ જાણે છે.** (શ્રોતાઃ) એના થયેલા જ્ઞાનને જાણે છે! (ઉત્તરઃ) જ્ઞાનને જાણે છે. (શ્રોતાઃ) અટપટું છે! (ઉત્તરઃ) સમજાય એટલું સમજવું બાપુ! આ તો વીતરાગ ત્રિલોકનાથ! તીર્થંકર દેવ! જિનેશ્વરની સાક્ષાત્ વાણી છે!!

(કહે છે કેઃ) 'નિશ્ચયથી-ખરેખર મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં-' અંતરંગમાં (કહ્યું) જોયું? ઈ કહેતા 'તા ને કાલ... કે ખંડવામાં સનાવદનો ભાઈ છે, ઈ કહે આ પરિણામ છે ઈ જડના લેવાં, જીવના વિકારી પરિણામ નો' લેવા... કીધું એમ નહીં, એમ નથી! આહા... હા... હા! આ તો 'અંતરંગ ઉત્પન્ન થતું' (કહ્યું છે) એ જીવના પરિણામ વિકારી છે, મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિ, એ કર્મનું પરિણામ છે. જીવનું નહીં, એ જીવના પરિણામ નહીં.

(શ્રોતાઃ) જીવ તો શુદ્ધ પરિણમે! (ઉત્તરઃ) જીવ તો શુદ્ધ છે માટે એના શુદ્ધ પરિણામ હોય. એ આંહી સિદ્ધ કરવું છે. કર્ત્તાકર્મ, સિદ્ધ કરવું છે ને...! તો આત્મા કર્ત્તા થઈને કર્મ થાય, એ તો શુદ્ધ થાય. કારણ શુદ્ધ! એનાં ગુણો શુદ્ધ, પવિત્ર, આનંદકંદ છે એ તો. (આત્મા) તો અનંત-અનંત ગુણોનો પાર નથી, એવો ભંડાર છે! છતાં અનંત ગુણમાં એક્કેય ગુણ અનંતા- અનંતા-અનંતા-અનંતા-અનંતા... ગુણમાંથી એક્કેય ગુણ રાગપણે થાય એવો કોઈ ગુણ જ નથી.

(શ્રોતાઃ) ગુણ રાગપણે થાય તો મટે જ નહીં! (ઉત્તરઃ) મટે જ નહીં, ગુણ કોઈ રાગપણે થાય તો, ઈ મટે જ નહીં. અશુદ્ધ જો દ્રવ્ય થાય તો કોઈ દિ 'મટે નહીં. પર્યાયની અશુદ્ધતા હોય તો મટે છે. ધ્રુવ (આત્મદ્રવ્ય) અશુદ્ધ હોય તો (અશુદ્ધતા) મટે જ નહીં, તો તો (આત્મા) અશુદ્ધ કાયમ રહે!

આહા...હા! ધીમે.. થી... સમજવાની વાત છે બાપુ આ તો! વીતરાગ મારગ છે ભાઈ...! પરમેશ્વર ત્રિલોકનાથ! જિનેશ્વરની વાણી સીધી છે 'આ'! સંતો દ્વારા, બહાર આવી છે.

આહા..! એ કર્મનું પરિણામ કીધું, કોને? જીવમાં થતાં જ્ઞાનીને રાગ-દયા-દાન-વ્રત-ભક્તિ-પરમાત્માની સ્તુતિ, એ બધાં રાગ અંતરંગકર્મના પરિણામ છે. આ.. હા.. હા.. !

આંહી દ્રવ્યકર્મ, ભાવકર્મ બેય ભેગું! ઈ તો ભાઈએ પ્રશ્ન કર્યો' તો ને પહેલાં (કે) જીવ, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત છે, તો પછી આમાં ભાવકર્મ-નોકર્મથી રહિત આવ્યું, દ્રવ્યકર્મ ક્યાં આવ્યું? પણ... ઈ દ્રવ્યકર્મ જ અહીં ભાવકર્મપણે પરિણમે છે એમ લેવું છે આંહી, એટલે દ્રવ્ય, ભાવ, નોકર્મ ત્રણેય આવી ગયાં. આહા... હા..! અરે... રે! આવી વાત! લોકોને મળવી મુશ્કેલ પડે! સમજવી તો... આહાહા ભગવાન આત્મા, રાગથી ભિન્ન પડી અને પર્યાયને દ્રવ્યમાં વાળી છે! જેની જ્ઞાનની પર્યાયમાં, આખું-પૂરણ જ્ઞેયનુ જ્ઞાન થયું છે, એ જ્ઞાનીને જ્ઞાનનું લક્ષણ શું હોય? એમ પૂછયું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા...હા! તો... કહે છે કે સાંભળ પ્રભુ!

એ કર્મ જડ છે. અને એનાં નિમિત્તથી થયેલાં ઉપાદાન/અશુદ્ધઉપાદાનથી પર્યાયમાં-આત્મામાં છે, પણ આંહી અશુદ્ધઉપાદાનનું કાર્ય, કર્મના નિમિત્તથી થતાં, કર્મમાં નાખી દેવું છે.

અને આંહી શુદ્ધ ઉપાદાન ભગવાન આત્મા! એમાં તો શુદ્ધ-વીતરાગી પરિણામ હોય. આહાહા.. હા! એનો ય કર્તા કહેશે ઈ ઉપચારથી છે. તો... વિકારનો, પરિણામનો કર્તા તો ઉપચારથી પણ નહીં.. સમજાણું કાંઈ...?

આહા.. હા! આ તો... ગંભીર વાણી છે પ્રભુ!! એ કર્મ પરિણામ કીધું.

(હવે, કહે છે) 'અને સ્પર્શ-આ શરીરમાં છે. સ્પર્શ, રસ, ગંધ, રંગ અને શબ્દવાણી, બંધ-અંદર, સંસ્થાન, સ્થૂલતા, સુક્ષ્મતા એટલે પરમાણુઓ, આદિરૂપે બહાર ઉત્પન્ન થતું- કર્મરૂપે પર્યાય જે થાય, શરીરરૂપે પર્યાય જે થાય, મનના પરમાણુંરૂપે પર્યાય થાય, વાણીના-શબ્દરૂપે પરમાણુરૂપે પર્યાય થાય, એ બધું બહાર ઉત્પન્ન થતું/ ઓલું અંતરંગ પરિણામમમાં, આ બહારમાં- જે નોકર્મનું પરિણામ, શરીર આદિ, વાણીના પર્યાય, 'તે બધું ય પુદ્‌ગલપરિણામ છે' - બેય! પહેલાં કર્મના પરિણામ કીધાં ને આ નોકર્મના પરિણામ, એ પુદ્‌ગલનાપરિણામ છે. આત્માના નહી!

આહી..! જ્ઞાનની વ્યાખ્યા છે ને આંહી..! અહા.. આહા.. હા! જ્ઞાની તો જ્ઞાનસ્વભાવને જાણ્યો છે તે રાગથી તો ભિન્ન જાણ્યો છે, ભિન્ન જાણ્યું છે એટલે રાગનો પરિણામ તે જીવના પરિણામ છે એમ આંહી નથી.

આહા... હા! એ બહાર થતું નોકર્મનું પરિણામ 'તે બધુંય' એટલે કર્મપરિણમ અને નોકર્મનું પરિણામ 'તે બધું ય પુદ્‌ગલપરિણામ છે' પુદ્‌ગલના પરિણામ છે, જડના પરિણામ છે! આહા.. હા!

(કહે છે) 'પરમાર્થે-ખરેખર,' નિશ્ચયથી લીધું' તું ને પહેલું એનાં પ્રશ્ન, પરનાં છે એમ, એમ 'પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી' શું કહે છે? માટી છે તે પોતે કર્તા છે -વ્યાપક છે અને ઘડો છે તે તેનું વ્યાપ્ય છે -કર્મ છે-તેનું કાર્ય છે. સમજાણું કાંઈ...? માટી છે એ વ્યાપક છે-પ્રસરે છે, /એમ આંહી અત્યારે તો એમ કહેવું છે ને, બાકધી તો પર્યાય પર્યાયથી થાય છે.

તો માટી વ્યાપક છે એટલે કર્તા છે એટલે કે બદલનાર છે એવી જે માટી ઈ વ્યાક છે, અને ઘડો તેનું વ્યાપય-કાર્ય-કર્મ એની દશા છે, ઘડો એ માટીની દશા છે, એ કુંભારની દશા નહીં, કુંભારનું કાર્ય નહીં. આહા.. હા! સમજાય છે?

કાલ આવ્યું 'તું એ જ આવે, એવું કાંઈ છે! આહાહા..

આહા.. હા! 'જેમ ઘડાને અને માટીને વ્યાપ્ય/દેખો વ્યાપ્ય પહેલું લીધું છે. વ્યાપ્ય-વ્યાપકભાવનો' દેખો! ઘડો છે તે વ્યાપ્ય છે/ એ શબ્દ પહેલો લીધો છે. ઘડો વ્યાપ્ય છે વ્યાપ્ય એટલે કાર્ય, કાર્ય એટલે કે પર્યાય છે. કોની...? માટીની, વ્યાપક એટલે માટી. માટી કર્ત્તા અને માટી વ્યાપક, એનો ઘડો વ્યાપ્ય, અને કાર્ય એનું છે ઈ માટીનું! ઘડો ઈ માટીનું કાર્ય છે, ઘડો ઈ કુંભારનું કાર્ય નથી.

આહા... હા! આવો મારગ છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(શ્રોતાઃ) પણ કુંભાર પરિણામ કરતો દેખાય છે ને...! (ઉત્તરઃ) કુંભારના પરિણામનો તે એ કર્તા. ઘડના પરિણામનો કર્તા, એ ક્યાંથી આવે? પર્યાયને અડતો ય નથી ને કુંભાર તો ઈ ઘડાની પર્યાયને અડતો ય નથી! એક બીજામાં તો અભાવ છે! આહાહા...! આહા.. !! ઈ તો ખરેખર તો કર્મનો ઉદય છે એને રાગ અડતો નથી, તેમ રાગ ઉદયને અડતો નથી. એમ રાગ સ્વભાવને ય અડતો નથી માટે વિભાવની ઉત્પત્તિ કર્મથી થઈ છે એમ કીધું છે. બાકી તો કર્મનો ઉદય થ્યોને આંહી રાગ થ્યો એવું કાંઈ નથી, રાગ છે તે ઉદય-જડના ઉદયને અડતો નથી.

છતાં... સ્વભાવનું એ કાર્ય નથી, માટે તે વિભાવનું કાર્ય, એ કર્મનું કાર્ય છે એમ કહીને કર્મના પરિણામ કીધાં છે! આહા.. હા! સમજાણું કાંઈ...?

છે ને સામે પુસ્તક? આ સાંભળવાનું મળ્યું! કાલે કહેવાય ગયું હતું ને..! ફરીથી લીધું. 'આ'

આહા... હા! આ શરીરની જે ચેષ્ટાઓ ને શરીરની જે આકૃતિ છે, એ બધાં પરમાણુઓનાં પરિણામ છે. નોકર્મ જે શરીર છે તેનાં પરિણામ છે. આહા..! આ સુંદરતા દેખાય ને આકર્ષિત દેખાય, ઈ બધાં પરિણામ-પર્યાય-કાર્ય, તે શરીરના રજકણો છે તેનું એ કાર્ય છે. (શ્રોતાઃ) પુદ્‌ગલના પરિણામ છે! (ઉત્તરઃ) હા, એનું કાર્ય છે, ઈ એને આકર્ષે છે! સુંદર છે શરીરને આ છે, આ છે.. રૂપાળું છે, સુંદર છે ને નમણું છે! પણ એ તો જડની પર્યાય છે ને પ્રભુ! એ તો પુદગલ-જડ-નોકર્મની પર્યાય છે. આહા.. હા! અને રાગ દ્વેષ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ, એ કર્મના પરિણામ છે! કે પર્યાયમાં ઉત્પન્ન થયેલાં, ગુણમાં ને દ્રવ્યમાં એ નથી. તો એ પર્યાયમાં ઉત્પન્ન થાય છે, તે નિમિત્તને આધીન થયેલાં છે તે નિમિત્તના છે એમ કહેવામાં આવ્યું છે. આહા..! શુદ્ધ ઉપાદાનને આધીન થયેલાં એ નથી.

આહા...હા! શુદ્ધ જે જ્ઞાતા-દ્રષ્ટા, અનંત ગુણનો પિંડ પવિત્ર પ્રભુ! એને આધીન થયેલાં તો શુદ્ધ હોય એવી... અશુદ્ધતાના પરિણામ જે છે અશુદ્ધનિશ્ચયનયે તેને આંહી વ્યવહાર કહીને, તેને નિમિત્ત આધીન થયેલાં કહીને, પરમાં નાખી દીધા છે.

આહા.. હા! ભાઈ.. આવું છે! આહા.. હા! આ તો ઓગાળવા જેવું છે બાપુ! આ તો.. અનંતકાળમાં એણે કર્યું નથી, અરે.. રે! આવો મનુષ્યભવ અનંતકાળે મળે, એની કિંમતું કરીને કરવા જેવું તો 'આ' છે આહા..! બાકી તો બધી અજ્ઞાનદશા!! કર્તાકર્મ માને બહારમાં રખડશે. આહા..!

આહા.. હા! 'પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ' -ઘડો તે વ્યાપ્ય એટલે કામ છે, કાર્ય છે. માટી કારણ છે તે વ્યાપક છે. એ કાર્ય-કારણ ભવનો 'સદ્‌ભાવ હોવાથી' -ઘડો તે કાર્ય છે ને માટી તે કારણ છે. એ સદ્‌ભાવ હોવાથી 'કર્તાકર્મપણું છે' - માટી કર્તા ને ઘડો તેનું કાર્ય, કુંભાર કર્તાને ઘડો તેનું કાર્ય, એમ નથી. આવી વાતું હવે! બેસારવી! રોટલી થાય છે આ રોટલી, એ રોટલીના પરિણામ, જે લોટ છે તેના છે. એ વેલણું છે, તેનાથી એ રોટલીના પરિણામ થયા નથી. કારણ કે વેલણું છે તે લોટને અડતું' ય નથી.

કેમકે લોટના પરમાણુઓ વેલણાંના પરમાણુઓ-બેય વચ્ચે અભાવ છે. અભાવ છે તેથી તેને અડતા નથી. આહા.. હા! તેથી તે રોટલીના પરિણામ, રોટલી પર્યાય છે ને...! એ પરિણામનો કર્તા લોટ, આ (રોટલી) લોટના પરમાણુઓ છે. આ સ્ત્રી કર્તા નહીં. તાવડી કર્તા નહીં, અગ્નિ કર્તા નહીં, વેલણું કર્તા નહીં..

આહા... હા! આવી વાત! આવી છે! વીતરાગ મારગ બાપા! આ તો સર્વજ્ઞમાં છે, બીજે ક્યાંય છે નહીં. વીતરાગ સર્વજ્ઞ સિવાય, અન્યમતમાં એ વાતની ગંધે' ય નથી! આહા...! (અત્યારે તો) જેના મતમાં છે, ઈ ઊપજ્યા છે એને ય ખબર નથી, કે શું છે 'આ માર્ગ'!

આહા...! 'ઘડાને અને માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો વ્યાપય-વ્યાપકપણાનો એમ લીધું છે સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

'તેને-પુદ્‌ગલપરિણામને'-એટલે દયા-દાન-પુણ્ય-પાપ-વ્રત-ભક્તિ આદિ રાગાદિના પરિણામ... ને અને શરીરના પરિણામને. 'અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી' આહા.. હા!

જેમ માટીને અને ઘડાને કર્તાકર્મપણું છે એમ રાગ-દ્વેષના, પુણ્ય-પાપના ભાવને અને 'પુદ્‌ગલને કર્તાકર્મપણું છે' -પુદ્‌ગલકર્તા અને રાગદ્વેષ એનું કાર્ય! પુદ્‌ગલ વ્યાપક અને પુણ્ય-પાપના, દયા-દાનના, વ્રત-ભક્તિના વિકલ્પ એ વ્યાપ્ય, એ એનું પુદ્‌ગલનું કાર્ય છે!!

આહા. હા... હા..! આંહી તો રાગથી ભિન્ન પડયું એવું જે જ્ઞાન, એ જ્ઞાનીનું લક્ષણ શું? એમ પૂછયું છે ને...! આહા..! ધર્મી જે થયો-સમ્યગ્દ્રષ્ટિ થયો, એનું શું લક્ષણ જ્ઞાનનું? આને જ્ઞાન થયું, એનું એંધાણ શું?

કે જે રાગાદિના પરિણામ થાય અને શરીરના પરિણામ થાય-એ બધાં પુદ્‌ગલના પરિણામ છે તેને જ્ઞાની જ્ઞાનમાં રહીને રાગને અડયા વિના 'સ્વપરપ્રકાશકપણે પરિણમે છે, તે જ્ઞાનનું પરિણામ તે જ્ઞાનીનું કાર્ય છે, જ્ઞાનીનું રાગ કાર્ય છે' -એમ નથી. આહા.. હા!

આહા...! 'તેમ પુદ્‌ગલપરિણામને' એટલે પુણ્ય-પાપના ભાવને અને શરીરના પરિણામને- બેયને પુદ્‌ગલપરિણામ કહ્યા છે. 'અને પુદ્‌ગલને' (એટલે) કર્મના પરમાણુને અને આ શરીરના પરમાણુને 'વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે' -પુદ્‌ગલ-કર્મ જે જડ છે તે કર્તા છે અને દયા-દાન-રાગાદિ ભક્તિના પરિણામ તે કર્તાનું કાર્ય છે. (શ્રોતાઃ) રાગ-દ્વેષ આદિને રૂપી કહ્યા છે?! (ઉત્તરઃ) રૂપી શું? જડ કહ્યા છે, એ તો 'પુદ્‌ગલ' આંહી કહેશે. આંહી હજી તો પુદ્‌ગલપરિણામ કીધાં, પછી તો 'પુદ્‌ગલ' કહેશે.

આહા.. જીવદ્રવ્ય જુદો! પર્યાય નિર્મળ થઈ તે જુદું! રાગાદિભાવ જુદાં! એ પુદ્‌ગલ છે, એવી વાતું બાપા! વીતરાગ.. ભાગ્યશાળીને તો કાને પડે તેવી વાત છે! બાપા!! આ.. વસ્તુસ્થિતિ છે બાપા! (શ્રોતાઃ) બીજે ક્યાંય નથી... (ઉત્તરઃ) સાચી વાત છે બાપા!

આહા.. હા! 'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર (પણે)' એ કર્મ જે પુદ્‌ગલ છે, શરીર જે પુદ્‌ગલ છે એ સ્વતંત્રપણે વ્યાપક હોવાથી - એ કર્મ પુદ્‌ગલ છે ને શરીરના પરમણુ પુદ્‌ગલ છે-બેય સ્વતંત્રપણે વ્યાપક હોવાથી, પુદ્‌ગલપરિણામના કર્તા છે' આત્મામાં જ્ઞાનીને જે રાગ-દ્વેષ થાય, એ જ્ઞાનીને થતાં નથી, એ પુદ્‌ગલ પરિણામ છે તે પુદ્‌ગલથી થયેલાં છે! આહાહા! છે? એ પુદ્‌ગલ સ્વતંત્રપણે-કર્તા લેવું છે.. ને!

કર્ત્તા એને કહીએ કે જે સ્વતંત્રપણે કરે (તે કર્તા) તો કર્મના પુદ્‌ગલ, સ્વતંત્રપણે પુણ્ય-પાપને દાય-દાન, વ્રત-ભક્તિના પરિણામ કરે છે, આહા.. હા! સમજાણું કાંઈ...?

અરે! દેહ છૂટી જશે, એકલો ચાલ્યો જશે. આ વાત સાચી નહીં સમજે સમ્યગ્જ્ઞાન નહીં થાય તે

ક્યાં રહેશે ભવિષ્યમાં!! ચોરાશીના અવતારમાં, અજાણ્યા ઘરે, અજાણ્યા ક્ષેત્રે અવતરશે!!

માટે કહે છે કે 'એકવાર જાણ, તું તારા આત્માને' આહા.. હા.. હા! ભગવાન આત્મા, શુદ્ધગુણ સંપન્ન પ્રભુ છે ને ભાઈ..! એ શુદ્ધગુણ સંપન્નનું વિકારી કાર્ય શી રીતે હોય? વિકારી કાર્ય જે છે એ વ્યવહારનેય ને અશુદ્ધનયે છે ને એનામાં...! એ વ્યહારનયનો વિષય જે છે એ કર્મથી થયો છે એમ આંહી સિદ્ધ કરવું છે. આત્માના શુદ્ધગુણોથી વિકાર શી રીતે થાય?

એટલે 'પુદ્‌ગલ સ્વતંત્રપણે' (કરે છે) એમ કીધું પાછું. કર્મના પુદ્‌ગલો સ્વતંત્રપણે કર્તા થઈને એ દયા-દાન ને ભક્તિ-વ્રતના (આદિ) ભાવ થાય છે! સમજાણું કાંઈ...? કર્તા સિદ્ધ કરવું છે ને...! આ સ્વતંત્રપણે કરે તે કર્ત્તા અને કર્ત્તાનું ઇષ્ટ તે કર્મ! કર્તાનું ઇષ્ટ-પ્રિય તે તેનું કાર્ય!! તો કર્મ, કર્તા સ્વતંત્રપણે છે, તેનું પુણ્ય-પાપના ભાવ વિકાર તેનું ઇષ્ટ કાર્ય છે.

આહા.. હા! આત્માને પુણ્ય-પાપના ભાવ ઇષ્ટ નથી. ધર્મીને પુણ્ય-પાપ ઇષ્ટ નથી. એથી ધર્મીને તે ઇષ્ટકાર્ય જે કર્મનું તેનો તે 'જાણનાર' કહેવો, એ પણ વ્યવહારથી છે. (ધર્મી-જ્ઞાની) **એનાં જ્ઞાનનાં પરિણામને તે જાણે છે, રાગને નહીં.** આહા... હા.! આવું સ્વરૂપ છે!

થોડું પણ એને સત્ય હોવું જોઈએ ને બાપુ! પરમાત્મા ત્રિલોકનાથ, જિનેશ્વરદેવ, પરમેશ્વરનું આ વચન છે!!

આહા.. હા! ઈંદ્રો ને ગણધરોની સમક્ષમાં, ભગવાન બિરાજે છે, તે વાણી આ રીતે કરી રહ્યા છે! આહા..! કુંદકુંદાચાર્ય (ત્યાં) ગયા, 'આ' બધું સાંભળ્યું, જ્ઞાની તો હતા, વિશેષ સ્પષ્ટ થયું!! આવીને 'આ' શાસ્ત્ર બનાવ્યાં! આહા...! ભગવાનનો 'આ' સંદેશ છે. ત્રણલોકના નાથ, તીર્થંકરદેવ, સર્વજ્ઞપ્રભુ! એનો 'આ' સંદેશ છે.. કે જે કોઈ ધર્મી અને જ્ઞાની થાય, તેને જે રાગના પરિણામ થાય, તે રાગના પરિણામનો કર્ત્તા, પુદ્‌ગલ છે! અને તે પણ.. આત્માની કંઈ પણ અપેક્ષા રાખ્યા વિના, પુદ્‌ગલ સ્વતંત્રપણે કર્ત્તા થઈને, તે ભગવાનની સ્તુતિનો ભાવ, ભક્તિનો ભાવ, રાગનો ભાવ સ્વતંત્રપણે કરે છે. સમજાણું કાંઈ...?

આહા..! એ' પુદ્‌ગલપરિણામ!!

(કહે છે કેઃ) 'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે સ્વતંત્ર કીધો ને...! 'અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી આહા.. હા!

એ દયા-દાન-વ્રતના-ભક્તિના, ભગવાનની ભક્તિનો, જે સ્તુતિનો જે રાગ, એ પુદ્‌ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી - એ પુદ્‌ગલ પરિણામ-રાગભાવ વ્યાપક એવો જે એનાથી સ્વયં વ્યપાતું હોવાથી સ્વયં કાર્ય થતું હોવાથી-પુદ્‌ગલમાં સ્વયં કાર્ય થતું હોવાથી, આહા.. હા... હા આ કાલ તો આવી ગયું છે.

શું કહ્યું..? કે જ્ઞાની.. ધર્મી.. એને કહીએ, કે જેને રાગાદિના પરિણામ, દયા-દાન-ભક્તિ (આદિના) આવે તે પરિણામને સ્વતંત્રપણે કર્મ કર્તા હોવાથી, (એટલે) તે પુણ્ય-પાપના ભાવકર્મનું કાર્ય કર્મનું છે એ ધર્મીનું કાર્ય નહીં, એ સમ્યગ્દૃષ્ટિ જીવનું એ કાર્ય નહીં. આહા.. હા.

એક બાજુ એમ કહેવું કે 'પંચાસ્તિકાયમાં' (કહ્યું છે કે) જેટલા દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધનાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પરિણામ થાય, તે ષટ્કારકપણે જીવની પર્યાયમાં પર્યાયથી થાય છે. ત્યાં અસ્તિકાય એનું સ્વતંત્રપણું સિદ્ધ કરવું છે -પરથી ભિન્નપણું સિદ્ધ કરવું છે. ૬૨ ગાથા. વિકારના પરિણામ ષટ્કારકપણે (ઊભા થાય છે) દ્રવ્યગુણની અપેક્ષા વિના, નિમિત્તની અપેક્ષા પણ નહીં, એ વિકારના પરિણામ ષટ્કારકપણે પર્યાયમાં સ્વતંત્રપણે (ઉપન્ન થાય છે) વિકારપરિણામ કર્તા, વિકારપરિણામ કાર્ય, વિકાર (પોતે જ) સાધન, વિકાર અપાદાન (સંપ્રદાન) વિકાર એનાથી, પોતે રાખ્યું, વિકારના આધારે વિકાર એ ષટ્કારક, એવા ષટ્કારક છે 'પંચાસ્તિકાય-૬૨ ગાથા'

મોટી ચર્ચા, વર્ણીજીની હારે થઈ' તી. બાવીસ વર્ષ પહેલાં, ઈસરી. કીધું: આ પ્રમાણે છે, તો તે કહે નહીં, નહીં, નહીં, એ તો અભિન્નની વાત છે. અભિન્નની એટલે શું કીધું. એ વિકારી પરિણામ એક સમયમાં મિથ્યાત્વના થાય છે એ પણ રાગ-દ્વેષના પરિણામ (ઉત્પન્ન થાય છે) એ ષટ્કારકનું પરિણમન પર્યાયનું પર્યાયમાં છે એ પર્યાયને દ્રવ્યગુણની અપેક્ષા નથી, એ વિકારને કર્મના નિમિત્તની અપેક્ષા નથી. આહા.. હા! એટલું ત્યાં સિદ્ધ કરવું છે, એનામાં છે. એક!

(બીજું) 'પ્રવચનસારની ૧૦૨ ગાથામાં' એ વિકારી પરિણામ થાય, તે.. તે, તે સમયે તેનો ઉત્પન્ન થવાનો કાળ છે, જીવમાં જે સમયે જે કાંઈ મિથ્યાત્વ-રાગાદિ થાય, તે સમયે તે ઉત્પન્ન થવાનો તે જન્મક્ષણ છે, ઉત્પત્તિનો તે કાળ છે, એમ સિદ્ધ કર્યું છે. બે!

ત્રીજું, એ કાળલબ્ધિને કારણે જીવને તે, તે પ્રકારના રાગ ના પરિણામ થાય, તે કાળે જ થાય, તે કાળલબ્ધિ છે એમ કીધું છે. ત્રણ!

ચોથું 'આ' તેતો તેનું અસ્તિત્વ તેનામાં છે એમ સિદ્ધ કર્યું. હવે જ્ઞાની જે થયો, તે જ્ઞાની છે તે રાગના પરિણામથી ભિન્ન પડીને પોતાની જ્ઞાનની પર્યાયને જ્ઞાયકમાં વાળીને.... આહા... હા! એ કાંઈ ઓછો પુરુષાર્થ છે! (શ્રોતાઃ) અનંતો પુરુષાર્થ છે! (ઉત્તરઃ) આહા.. હા! જેની દશાની દિશા ફરી ગઈ, જેની જ્ઞાનપર્યાયની દશાની દિશા ફરી ગઈ, અંદર ગઈ!!!

આહાહા! એવા જ્ઞાનીને જે કંઈ રાગ એના પરિણામમાં દેખાય છે-દયા... દાનના... ભક્તિના.. વ્રતના... સ્તુતિના... પૂજાના એ પરિણામને, પુદ્ગલકર્મ સ્વતંત્રપણે વ્યાપક હોવાથી, પરની એને કોઈ અપેક્ષા નથી/નબળાઈ કર્મની છે આત્માની માટે આંહી થયા એ આંહીં અપેક્ષા નથી. (એ પરિણામને પુદ્ગલકર્મ સ્વતંત્રપણે કરે છે)

આહા.. હા! એ પણ આંહી જ્ઞાનીથી વાત લીધી છે, આંહી કાંઈ નિર્વિકલ્પ સમાધિવાળો છે એની આંહી વાત લીધી જ નથી, આંહી ગાથા! 'કર્ત્તા-કમ' માં એ બધો અધિકાર છે કોઈ એમ કહે છે નિર્વિકલ્પ સમાધિમાંથી ખસ્યો એટલે જ્ઞાન નહીં અજ્ઞાન!

ભાઈ...! મારગડા અંદર જુદા!! આહા.. હા.. હા!

આહા.. હા! 'અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી' -શું કીધું? પહેલું કર્તા કહ્યું કે પુદ્ગલદ્રવ્ય જે કર્મ છે તે સ્વતંત્ર વ્યાપક થઈને પુદ્ગલપરિણામ ઊભા થાય છે તો (હવે) કર્મ સિદ્ધ કરવું છે. 'અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે' એટલે કર્મના-પુદ્ગલના પ્રસરવા વડે-કર્તા વડે 'સ્વયં વ્યપાતું હોવાથી' - એ રાગ આદિ પુણ્ય-દયા-દાન આદિના ભાવ એ સ્વયં પોતે પોતાનું કાર્ય થયું હોવાથી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વ્યાપ્યરૂપ થતું હોવાથી કર્મ છે. આહા.. હા... હા! (શ્રોતાઃ) પુદ્‌ગલનું કાર્ય કહ્યું? (ઉત્તરઃ) એ પુદ્‌ગલનું કાર્ય છે. ભગવાનની સ્તુતિ કરવી કહે છે. પર છે ને...! એનો રાગ.. એ કર્મનું કાર્ય છે! કર્મ સ્વતંત્રપણે કરીને કર્તા થયેલો છે, ઈ એની (જીવની) નબળાઈ છે માટે થયેલો છે એમ નથી.

અહીંયાં તો જ્ઞાનીને જ્ઞાનની સબળાઈ છે. 'જાણનાર-દેખનાર' ઊભો થયો છે એથી તે રાગના પરિણામને કર્મનું કાર્ય ગણી, રાગનું જ્ઞાન કરનારો જ્ઞાની છે એમ કહેવું ઈ પણ વ્યવહાર છે (અને) એ જ્ઞાનના પરિણામને કરે છે એમ કહેવું હજી એ ય વ્યવહાર છે. 'જ્ઞાનપરિણામ જ્ઞાન કરે છે' તે નિશ્ચય છે.

આહા... હા! આવો છે બાપુ મારગ! બહુ ઊંડો મારગ છે! આહા..! ઊંડો ને ગંભીર!!

આહાહા! (અજ્ઞાની કહે) વ્યવહારથી નિશ્ચય થાય, અરે બાપુ! આ શું કહે છે? એવું હોય! નિરૂપણ કરે, જગતમાં બધું હોય છે અનેક મત, સંપ્રદાય છે! એ હોય છે એનું કાંઈ નહીં! આહા.. હા!

આંહી તો... પરમાત્મા! ત્રણલોકના નાથ! એની વાણીમાં આવ્યું, એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે! 'માલ' ભગવાનના ઘરનો છે, તીર્થંકરદેવ પરમેશ્વરનો, ઈ સંતોએ એ 'માલને' કેટલો' ક લીધો છે અને એ અનુભવી થઈને વાત કરે છે, પૂરણ તો સર્વજ્ઞ છે!

આહા... હા! 'અને પુદ્‌ગલદ્રવ્ય વડે સ્વયં વ્યપાતું થકું' જોયું? એ વિકારના પરિણામ સ્વયં કાર્ય કર્મનું થાય છે. ઓહોહો! ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી છે 'સ્વયંભૂસ્તોત્ર' માં સમંતભદ્રઆચાર્યે, પણ કહે છે કે પરની સ્તુતિ છે તે વિકલ્પ છે. ત્યાં લખ્યું છે પાછું. આહા..! એ... રાગના પરિણામનું વ્યાપ્ય થવાથી, વ્યાપક પુદ્‌ગલનું તે કાર્ય છે. આહા...! અરે..! આ મારગ એવો બાપા શું થાય? ભાઈ...? સમજાય છે 'આ' એ મુંબઈ-મુંબઈમાં ક્યાંય ન મળે! તમારા વેપાર ધંધામાં, પૈસા-બૈસામાં! કરોડપતિ કહેવાય, કરોડોપતિને આ બધું લાંબુલપસીંદર... કરોડપતિ! લોકો કહે, પતિ.. ને પણ એ કરોડનો ને...! જડનો.. ને! જડનો પતિ તો જડ હોય, ભેંસનો ધણી પાડો હોય!! (શ્રોતાઃ) દુનિયામાં એને ડાહ્યા કહે છે! (ઉત્તરઃ) દુનિયામાં ગાંડા બધા! તો એમાં તો બોલ બોલા જ હાલે ને...!

આહા... હા! 'સ્વયં વ્યપાતું હોવાથી' વ્યાપ્યરૂપ થતું હોવાથી કર્મ છે' 'તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને' , - એ કર્મ વડે કર્તા થઈને, શરીર વડે કર્તા થઈને, 'કર્મપણે કરવામાં આવતું' (અર્થાત્) કાર્યપણે જે કરવામાં આવતું સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ' -સમસ્ત રાગાદિના પરિણામ ઈ કર્મના અને શરીરના પરિણામ ઈ નોકર્મના એ પુદ્‌ગલપરિણામ 'તેને જે આત્મમા, - આહા...! તેને જે આત્મા! પુદ્‌ગલપરિણામને અને આત્માને' આહા.. હા! બાકી બહેશે થોડું 'ક, પરમદિ' પાછા આવવાના છે. કાલ તો આઠમ છે ને...! એ આવવાના છે ને બધા, એના સાટુ બાકી છે ને કાલ!

આહા...! શું કીધું? 'કર્મનોકર્મરૂપ પુદ્‌ગલ પરિણામ' એટલે રાગના દયાના, ભક્તિના, સ્તુતિના પરિણામ, એ કર્મના પરિણામ, આત્માના નહીં. અને શરીરની હાલવા-ચાલવાની પર્યાય, બોલવાની પર્યાય એનો કર્તા પરમાણું એનાં (શરીરના-નોકર્મના) એ પુદગલપરિણામ, તેને જે આત્મા પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યપકભાવનો અભાવ (હોવાથી)' જોયું? પહેલા સદ્‌ભાવ કહ્યો પછે પાછું અભાવ કહ્યો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ માટીને અને ઘડાને સદ્દભાવ સંબંધ છે, એમ આત્માને અને રાગને કર્તાકર્મપણાનો સદ્દભાવ સંબંધ નથી. આહા.. હા!

એ વાતે વાતે ફેર! આવો મારગ! મનુષ્યપણું હાલ્યું જશે! બાપા! એની સ્થિતિ પૂરી થશે કે ખલાસ! પછી તેં શું કર્યું? એ પરિણામ તારા તારી હારે રહેશે! આહા..! આંહી તો પાંચ, પચીસ, પચાસ વરસ છે ધૂળમાં...! અનંતકાળ ભવિષ્યમાં છે! ઈ આ રાગના પરિણામ મારું કાર્ય છે ને શું કર્તા એ અજ્ઞાનભાવ છે!

કેમકે પ્રભુ (આત્મદ્રવ્ય) શુદ્ધ છે, ત્યાં કર્તાકર્મપણું ક્યાંથી આવે (વિકારનું) ?

શુદ્ધ છે તો શુદ્ધનું કાર્ય અશુદ્ધતા હોય શી રીતે? એ અપેક્ષાએ અશુદ્ધનું કાર્ય અશુદ્ધનિશ્ચનયે કહી, વ્યવહાર કહીને નિમિત્ત પુદ્દગલ છે તે પુદ્દગલ રાગ કરે છે એમ કહ્યું!

આહા.. હા! 'ઘટ અને કુંભારની જેમ' ઈ પુદ્દગલપરિણામને અને આત્માને, એ દયા-દાન-વ્રત-ભક્તિ-સ્તુતિ આદિના પરિણામને અને આત્માને, ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી, આહા.. હા! એ વ્યાપ્ય નામ કાર્ય, જેમ ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક નથી, એમ પુદ્દગલપરિણામ એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી.

એ.. પુદ્દગલ વ્યાપક અને રાગાદિ તેનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ..?

આહા.. હા! હવે આવે છે! 'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી' -કર્તાકર્મપણાની અસિદ્ધિ, તો પરમાર્થે આત્મા કરતો નથી. આહા.. હા! એ દયા-દાન ને ભક્તિને સ્તુતિના પરિણામનો પરમાર્થે-સાચીદષ્ટિથી આત્મા કર્તા નથી.

વિશેષ કહેવાશે... (પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન ક્રમાંક-૧૬૨ દિનાંકઃ ૭-૧-૭૯

સમયસાર, ગાથા ૭૫, આંહી.. આંહી સુધી તો આવ્યું છે.

જ્ઞાની કેમ ઓળખાય એવો પ્રશ્ન છે. આ જીવને જ્ઞાન થયું. સમ્યક્ થયું એનાં એંધાણ શું? એનાં લક્ષણ શું? એનાં ચિન્હ શું? એમ પ્રશ્ન કરવામાં આવ્યો છે, એના ઉત્તરમાં અહીંયા કહ્યું! (ટીકામાં) છેલ્લું!

આહા...! 'જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ' (ટીકામાં) નીચેથી છે. (શું કહે છે?) કે જેટલા આત્મામાં દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના ભાવ થાય એ બધાં પરિણામ પુદ્‌ગલના છે.

કેમકે અહીંયા આત્મા છે એ તો અનંતગુણનો પિંડપ્રભુ! એમાં કોઈ ગુણ વિકાર કરે એવો (કોઈ) ગુણ નથી. તેથી અનંત ગુણ જે શુદ્ધ છે, તેનું જેને જ્ઞાન થયું ભાન! એ જીવને રાગ એનું કાર્ય નથી. કેમકે દ્રવ્ય જે સ્વભાવ છે એ શુદ્ધચૈતન્ય પવિત્ર સ્વભાવથી ભરેલો ભગવાન! એની જેને દૃષ્ટિ થઈ છે તેને શુદ્ધ પરિણામનો કર્તા કહેવાય, ઉપચારથી-શુદ્ધપરિણામ જે સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રનાએ પરિણામનો સ્વભાવના દૃષ્ટિવંતને ઉપચારથી કર્તા કહેવાય, અને તે શુદ્ધ પરિણામને ઉપચારથી તેનું કાર્ય કહેવાય એમ, ભેદ પડયોને!

ખરેખર તો એ શુદ્ધપરિણામ જે છે. શુદ્ધચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ થતાં, એ શુદ્ધ પરિણામ છે તે ષટ્‌કારકરૂપે પરિણમતાં ઊભાં થયા છે. શું કહ્યું ઈ...? શુદ્ધ દ્રવ્યને શુદ્ધગુણ સ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ તો ઈ દ્રષ્ટિના જે પરિણામ છે એ ખરેખર તો ષટ્‌કારકપણે પરિણમતાં ઉત્પન્ન થાય છે એ પરિણામને દ્રવ્યગુણની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી! ઝીણું છે ભાઈ...!

આહા..! અજ્ઞાનમાં પુણ્યને પાપના ભાવ અશુદ્ધનિશ્ચયથી એટલે વ્યવહારથી તેની પર્યાયમાં છે અને તેના જન્મક્ષણે તે કાળે વિકાર થાય- તે ઉત્પન્ન થાય તેનો અજ્ઞાની કર્તા છે ને અજ્ઞાનીનું તે કાર્ય છે.

કેમકે એને જે દ્રવ્યસ્વભાવ ગુણ પવિત્ર છે એની દૃષ્ટિ થઈ નથી અને દૃષ્ટિ ત્યાં રાગના પરિણામ ઉપર હોવાથી અજ્ઞાની રાગનો કર્ત્તા ને રાગ તેનું છે, અને ખરેખર તો... રાગનું કાર્ય પર્યાયનું છે, એનો કર્તા રાગપર્યાય છે. રાગનો કર્તા રાગ છે. રાગનું કાર્ય રાગ છે, રાગનું સાધન રાગ છે. જેની દૃષ્ટિ રાગ ઉપર ને વિકાર ઉપર છે તેનાં પરિણામ વિકારના ષટ્‌કારકપણે પરિણમતાં ઉત્પન્ન થાય છે.

આહા... હા! જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે. ભગવાન આત્મા શુદ્ધ અનંત... અનંત... અનંત જેનો પાર નહીં એટલા ગુણો છે, પણ કોઈ ગુણ વિકારને કરે એવો કોઈ ગુણ નથી (આત્મામાં) તેથી... તે ગુણના ધરનારને દૃષ્ટિમાં લીધો તેનું કાર્ય, દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ, ઈ એનું કાર્ય નથી. એ (કાર્ય તો) પુદ્‌ગલ સ્વતંત્રપણે કર્તા થઈને કર્મ, એ વિકારી પરિણામનો કર્તા છે.

(જુઓ.. !) એક કોર એમ કહેવું કે અશુદ્ધ ઉપાદાનથી જીવમાં વિકાર થાય! એ તો, એની પર્યાયની સિદ્ધિ કરવા.

પણ.. જ્યારે, આત્માની દૃષ્ટિ જ્યાં પર્યાય પરથી હઠી,.. અને જે પર્યાય જ્ઞાનની છે, તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અંતરસ્વભાવમાં લઈ જઈ ધ્રુવમાં લઈ જઈ ને અનુભવ થયો. આહા.. હા! એને દૃષ્ટિના વિષયમાં એ દ્રવ્યસ્વભાવ આવ્યો! એનું કાર્ય તો... નિશ્ચયથી એ.. શુદ્ધપરિણામ પણ તેનું કાર્ય નથી થયું. શુદ્ધપરિણામ, પરિણામનું કાર્ય છે!

પણ જેની દૃષ્ટિ રાગ ઉપર છે ને સ્વભાવ ઉપર નથી, તેને રાગનો કર્તા, કરણ ને સાધન કહેવામાં આવે છે.

જ્ઞાનીને પરમાર્થે સમસ્ત કર્મનો કર્મ પુદ્‌ગલ પરિણામ! પુદ્‌ગલપરિણામમાં દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધ, બધાં લેવાં.

આહા.. હા! 'જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ તેને જે આત્મા (કરતો નથી) 'પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અસદ્‌ભાવ હોવાથી' - આહા...હા! જેમ કુંભાર ઘટનો કર્તા નથી એટલે કુંભાર વ્યાપક થઈને ઘટ એનું વ્યાપ્ય થાય એમ નથી.

એ તો માટી પોતે કર્તા થઈને ઘડો એનું વ્યાપ્ય નામ કાર્ય છે. એમ બધાં પુણ્ય-પાપના પરિણામ અને આત્માને છે? આ 'પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ' -જેમ ઘટનું કાર્ય કુંભારનું નથી એમ જીવમાં થતાં વિકારી પરિરણામએ જ્ઞાનીનું વ્યાપ્ય-કાર્ય નથી.

આહા...! આવી વાતું! સમજાણું કાંઈ..?

આહા.. હા! 'પુદ્‌ગલપરિણાને અને આત્માને' -પુદ્‌ગલપરિણામ એટલે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના પરિણામ, બધા વિકાર. એને અને આત્માને 'પુદ્‌ગલપરિણામ અને આત્માને ઘટ અને કુંભારની જેમ' (એટલે) જેમ કુંભાર ઘટના કાર્યનો કર્તા નથી તેમ જ્ઞાની પુણ્ય-પાપના પરિણામનો કર્તા નથી.

આહા.. હા! 'જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી' ... પરમાર્થે કરતો નથી' આહા.. હા! જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પડી તે દૃષ્ટિવંતને જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થાય તેનું તેને-જ્ઞાનીને વ્યાપ્યવ્યાપકપણું- કર્તાપણું નથી, એનું (વિકારનું) વ્યાપ્યવ્યાપકપણું પુદ્‌ગલમાં જાય છે.

આહા...! ઉપાદાનવાળા વિરોધ કરે, કે થાય વિકાર પર્યાયમાં ને આ કહે કે કર્મને લઈને થાય!

આહાહા! આરે... થાય છે એનાં ઉપાદાનની પર્યાયમાંજ, પણ.. એ અશુદ્ધ ઉપાદાન છે. એથી તેની (જેની) દૃષ્ટિ શુદ્ધ ઉપાદાન ઉપર ગઈ છે, એનાં એ પરિણામને-વિકારના પરિણામનો કર્તા, એ દ્રવ્યસ્વભાવ નથી એમ છે તેથી જે (વિકારપરિણામ) પર્યાયમાં ઉત્પન્ન થાય અદ્ધરથી એ પુદ્‌ગલ સ્વતંત્રપણે વ્યાપક થઈને વિકાર થાય છે એ એનું કાર્ય છે!

(શ્રોતાઃ) જીવમાં થાય ને કહેવું પુદ્‌ગલમાં?! (ઉત્તરઃ) એ કહ્યું ને...! પર્યાયમાં- અશુદ્ધ ઉપાદાનથી એનામાં છે પણ.. દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે જ્યાં! એથી એ પર્યાયમાં ઉત્પન્ન થાય, એ 'દ્રવ્યનું કાર્ય' નથી, તેથી એને કર્મનો સ્વતંત્રપણે કર્તા કહીને વિકાર તેનું વ્યાપ્ય છે-તેનું કાર્ય છે. આહા..! કો 'ભાઈ? આવું છે! આવો મારગ છે બાપા!

એકકોર એમ કહેવું... જીવની જે વિકારની પર્યાય થાય છે તેની તે તે પર્યાયનો તેનો જન્મક્ષણ-તેનો તે તે છે પરથી નહીં.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અને એકકોર એમ કહેવું.. કે.. પુણ્યને પાપનું પરિણમન ષટ્‌કારકરૂપે પરિણમે પર્યાયમાં, ષટ્‌કારકપણે પર્યાયથી થાય છે, દ્રવ્યગુણથી નહીં, નિમિત્તથી નહીં.

આહા..! એકકોર એમ કહેવું... દ્રવ્યમાં તે સમયની જે પર્યાય છે, તે (તેની) કાળલબ્ધિ છે, તે તે કાળે થવાનો તે કાળલબ્ધિ છે. ત્રણ (પ્રકારો થયા)

ચોથું એમ કહેવું.. આહા.. હા.. હા! ભાઈ..! આ બધી આવી વાતું છે! (શ્રોતાઃ) ગૂંચવણમાં મૂકી દે! (ઉત્તરઃ) ગૂંચવણ નીકળી જાય એવી વાત છે. (કહે છે) કે જેની પર્યાય ઉપર દૃષ્ટિ છે, તેને જે વિકાર થાય છે તે ષટ્‌કારકપણે પરિણમતા જીવનું કાર્ય છે એમ વ્યવહારે કહેવાય છે. નિશ્ચયથી તોએ પર્યાયનું કાર્ય છે.

આહા.. હા! પણ.. જેની દૃષ્ટિ પર્યાય ઉપરથી હઠી.. અને જે પર્યાય રાગમાં જતી હતી તે પર્યાયને ધ્રુવમાં વાળી છે-દ્રવ્ય જે જ્ઞાયકભાવ છે તેમાં તે પર્યાયને અંદર વાળી છે, એવા ધર્મી જીવને દયા-દાન-વ્રતાદિના પરિણામ જે છે તે પુદ્‌ગલના પરિણામ છે જીવના નહીં એમ કહેવામાં આવ્યું છે!

(શ્રોતાઃ) આમ જ જ્ઞાની માને! (ઉત્તરઃ) જ્ઞાની એમ જ જાણે છે અને એમ છે. કારણ તો કહ્યું! એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે અને દ્રવ્યસ્વભવમાં એવો કોઈ ગુણ નથી કે વિકાર કરે!

આહા.. હા! ભાઈ! મારગડા જુદા છે પ્રભુ! એ વાત સર્વજ્ઞભગવાન સિવાય ક્યાંય છે નહીં, સંપ્રદાયમાં ય આ વાત નથી!! ભાઈ...?

અહા..! એકકોર એમ કહેવું કે ઉપાદાન એનું છે તો એનાથી થાય છે, તે તો પર્યાયમાં છે ને પર્યાયની સિદ્ધિ કરવી છે, અસ્તિકાય સિદ્ધ કરવું છે. 'પંચાસ્તિકાયમાં' જ્યાં લીધું છે ત્યાં વિકારના પરિણામ ષટ્‌કારકપણે, વિકારના તેના છે. દ્રવ્યગુણ નહીં, નિમિત્ત નહીં.

પણ... અહીંયાં તો પ્રશ્ન એ છે કે જ્ઞાનીના જ્ઞાનનું લક્ષણ શું? એંધાણ શું? ચિન્હ શું? એટલે કે... જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર થઈ છે અને પર્યાયની દૃષ્ટિ જેને ઉઠી ગઈ છે, એવો જે જ્ઞાની એના જે પરિણામ રાગ ને દ્વેષના છે, ઈ પુદ્‌ગલ કર્મ સ્વતંત્રપણે કર્તા થઈને તે વિકારનું-રાગનું કાર્ય તેનું છે આહા.. હા! સમજાય છે કાંઈ...?

અટપટી વાત છે કહે છે! આહા..! મારગ તો એ છે ભાઈ..!

આહા.. હા! 'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી પરમાર્થે કરતો નથી' જોયું...? દ્રવ્યસ્વભાવના દૃષ્ટિવંત જ્ઞાનીને તે રાગના પરિણામને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ હોવાથી તે વિકારને પરમાર્થે જ્ઞાની કરતો નથી.

આહા.. હા ' કો ' ભાઈ...? આવું છે.

ભાષા તો આવે છે, સમજાણું? કે જેની દૃષ્ટિ અનંતગુણનો પિંડ પવિત્ર છે (આત્માદ્રવ્ય) એના ઉપર ગઈ નથી- એનો સ્વીકાર થયો નથી, એને તો વર્તમાન પર્યાયમાં થતા રાગનો અને દ્વેષનો સ્વીકાર છે એથી તેને વ્યાપ્યવ્યાપક (સંબંધ) છે, રાગ-દ્વેષ તેનામાં છે.

શુભ ને અશુભ-બેય અને દયા-દાન-ભક્તિ-વ્રત-અપવાસનો જે વિકલ્પ થયો એ રાગ, દૃષ્ટિ-દ્રવ્યદૃષ્ટિવંતને રાગનો એનો સ્વભાવ નથી, એની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે તેથી તે રાગનું વ્યાપ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કર્મપુદ્દગલ સ્વતંત્ર થઈને કર્તાવ્યાપક થઈને કરે છે. સમજાણું કાંઈ..? હવે આવી વાતું! લોકોને સત્ મળ્યું નથી, આ વાડા બાંધીને બેઠા ઈ પોતાના પંથ કરવા આ એ નથી 'આ'!!

આહા.. હા! વ્રતને... તપને... અપવાસને... ભક્તિને... પૂજાને... દાનને... દયાને એવાં પરિણામ અપવાસના... ને એ પરિણામ તો રાગ છે અને એ રાગનું વ્યાપ્યપણું-વ્યાપક છે એ કર્મ છે. આંહી તો (દ્રવ્ય) સ્વભાવ છે ઈ એનો વ્યાપક ક્યાંથી હોય?

આહા...! દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે તે જ્ઞાનીને દ્રવ્યસ્વભાવથી એ વિકારી કાર્ય ક્યાંથી થાય? એમ કેમ હોય? હજી (તો) એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિને નિર્વિકારીપરિણામનું કાર્ય પણ વ્યવહારથી કહેવાય છે, આહા.. હા! ઉપચારથી કહેવાય છે એ. સમજાય છે કાંઈ...?

ભાષા તો સાદ છે ને પ્રભુ! ભાવ તો જે છે એ છે! એમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને એવા કોઈ શબ્દો નથી, ધણીસાદી ભાષામાં છે! તે તત્ત્વ જ આવું છે! એની ખબરુ નથી, એ અજ્ઞાનમાં (જે છે) ઈ રાગમાં જાય છે, એના પરિણામ પુણ્ય-પાપના પરિણામ મારું કાર્ય છે-હું એનો કર્તા છું-વ્યાપ્યવ્યાપકપણે (એમ અજ્ઞાની માને છે) સમજાય છે કાંઈ... ?

પણ... ધર્મી જીવ! એટલે કે દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં લીધેલ જીવ! આહાહા! એને જે પરિણામ થાય નિર્મળ એ નિર્મળપર્યાયનો પણ કર્તા ઉપચારથી કહેવામાં આવે છે, બાકી તો પર્યાય પર્યાયની કર્તા ને પર્યાય એનું કાર્ય! આહાહાહા! અને તે ધર્મીને દ્રવ્યદૃષ્ટિના-સ્વભાવના જોરને લઈને જે કંઈ પર્યાયમાં કમજોરીને લઈને રાગ-દ્વેષ, દયા આદિના ભાવ થાય, એ પરિણામ સ્વતંત્રપણે કર્મ, કર્તા થઈને કરે છે, કર્તા થઈને તે કરે છે, આત્મા તેનો કર્તા નથી.

આહા.. હા! આવું છે બાપા!

(કહે છે કે:) 'પરમાર્થે કરતો નથી' -કાંઈ કરતો નથી. 'પરંતુ' હવે આવ્યું છે 'પરંતુ' માત્ર પુદ્દગલપરિણામના જ્ઞાનને જોયું? જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી ગઈ છે તેને જે રાગ થાય છે એ રાગનું જ્ઞાન થાય છે એ 'જ્ઞાન' એનું કાર્ય છે. છે? 'પુદ્દગલપરિણામના જ્ઞાનને' એટલે કે? આંહી તો... કેટલીક વાત કરી' તી કાલ. કેટલા' ક કહે છે કે નિર્વિકલ્પ સમાધિ હોય ત્યારે તેને 'જ્ઞાન' કહેવું, નીચે ઊતરી જાય-વિકલ્પમાં આવી જાય, તેને જ્ઞાન ન કહેવું. એમ નથી! આંહી તો... ચોથે ગુણસ્થાનથી ઉપાડી છે વાત.

આહા..! જ્ઞાની કોને કહેવો...? કે જેને દ્રવ્ય-વસ્તુ ભગવાન આત્મા, જે અનંતગુણનો પિંડ તે દૃષ્ટિમાં આવી ગયો છે, જેની વર્તમાન પર્યાય એ પર્યાયવાનને સ્વીકારી લીધો છે. જેને વર્તમાનપર્યાય જ્ઞાનની છે. /એ તો કહ્યું 'તું કાલે કે 'જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્ય જણાય છે' સતરમી ગાથા (સમયસાર!)

આહા... હા! એ જ્ઞાનની પર્યાયનો જ એવો સ્વભાવ છે કે... તેમાં સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણ આનંદ અનંતગુણનો પિંડ એ જ્ઞાનની પર્યાયમાં જણાય છે.

કેમ કે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી એને જાણે જ છે. પણ આ અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં તેના ઉપર નથી, એની દૃષ્ટિ રાગ ને અંશવર્તમાન તેના. પર હોવાથી તેને 'જાણવામાં આવતો હોવા છતાં, તે જાણતો નથી' અને જે રાગના પરિણામનો કર્તા થઈ અજ્ઞાનપર્યાયદૃષ્ટિમાં અટકી ગયો છે!

આહા...! 'પર્યાયમાં સારું (પૂર્ણ) દ્રવ્ય અજ્ઞાનીને પણ એનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પૂરણ આનંદનો નાથ (આત્મા) એ પર્યાયમાં એને જણાય છે' છતાં 'જાણનાર' ઉપર એની દ્રષ્ટિ નથી એની દ્રષ્ટિ અંશને વર્તમાન રાગ ઉપર છે તેથી 'જાણવામાં આવતો' છતાં તેને તે 'જાણતો' નથી.

આવી વ્યાખ્યા હવે! આકરી પડે માણસોને! શું થાય ભાઈ..! મારગ તો 'આ' છે. આહા...!

આંહી કહે છે 'પરંતુ માત્ર પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' -પુદ્‌ગલપરિરણામના જ્ઞાનને એટલે? એ દયા-દાન-વ્રતના પરિણામ એ પુદ્‌ગલપરિણામ છે. કેમકે જ્ઞાયકસ્વભાવ ભગવાન (આત્મા) ના એ નથી. દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ થઈ છે તેને જ્ઞાયકના એ પરિણામ નથી. એ 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' એનાથી (એમ કહીને) વ્યવહાર સિદ્ધ કર્યો છે. 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન' આવ્યું ને બારમી ગાથામાં એ... વ્યવહાર સિદ્ધ કર્યો છે.

આહા.. હા! ધર્મી-દ્રવ્યદ્રષ્ટિવંતને 'પુદગલપરિણામના જ્ઞાનને' એ રાગ થાય, વ્યવહાર રત્નત્રયનો, દયા-દાન-વ્રત-ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધાં પુદ્‌ગલના પરિણામ છે, તે પુદ્‌ગલનાં છે, એનું 'જ્ઞાન' આંહી થાય! એય વ્યવહાર છે.

**જ્ઞાનના પરિણામમાં જ્ઞાન થાય છે પોતાનું તે સ્વપરપ્રકાશકશક્તિથી થાય છે રાગ છે માટે રાગનું જ્ઞાન થયું-એમ કહેવું ઈ તો વ્યવહાર છે**. ભાઈ..?

ભાઈ...! મારગ તો ઘણો ઝીણો છે પ્રભુ! આહા.. હા! અરે.. એને સાંભળવા મળે નહીં, એ કેદિ' વિચારમાં પ્રયોગમાં મૂકે?! આહા...! એ પર્યાયમાં દ્રવ્ય આવું ક્યારે ભાળે! અને એ કર્યા વિના એનું કાર્ય થાય નહીં! આહાહા...!

આહા... હા..! 'એ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' એટલે શું કીધું? જરી કંઈક જ્ઞાનની કમજોરીને લઈને રાગ, દયા-દાન-ભક્તિ-પૂજાનો ભાવ આવે! પણ તેના 'જ્ઞાનને' /એનું જ્ઞાન કહેવું તો સમજાવવું છે એને! બાકી.. તો 'જ્ઞાન જ્ઞાનનું છે' - પર્યાયનું જ્ઞાન, ષટ્‌કારકપણે પરિણમતું જ્ઞાન, એને આંહી 'રાગનું જ્ઞાન' (કહીને) નિમિત્તથી સમજાવ્યું છે. સમજાણું કાંઈ... ?

આરે...! આવી વાતું છે બાપા! આ... તે તમારે લોકોને... બહારમાં... ભાઈ!

આહા... હા! એ 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' આહા.. આહા.. હા! 'કર્મપણે કરતા' -પર્યાય પર્યાયથી કરે છે પણ અહીંયાં દ્રવ્ય એને કરે છે એમ ઉપચારથી કહેવામાં આવ્યું છે.

શું કહ્યું ઈ...? જ્ઞાનીને એટલે જેને દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ પરમાત્મા! જેની દ્રષ્ટિમાં આવ્યો... એને રાગ છે તેનું જ્ઞાન થાય, તે જ્ઞાન તેનું કાર્ય છે એમ કહેવાય વ્યવહારે! આહા.. હા! ખરેખર તો... એ પરિણામનું જ્ઞાન કીધું એ નિમિત્તથી કથન છે બાકી તો તે કાળે તે જ્ઞાનના પરિણામ ષટ્‌કારકપણે પરિણમતાં પોતાથી સ્વતંત્રપણે ઊભાં થાય છે એને નથી રાગની અપેક્ષ, નથી દ્રવ્યગુણની અપેક્ષા!!

સમજાય છે કાંઈ? આવો મારગ છે ભાઈ...! આ ઈશ્વરતાની વાત હાલે છે મોટી!

આહા..! પ્રભુ જણાણો એમ કહે છે, પ્રભુ જણાણો!! (આત્મપ્રભુમાં) અનંત ગુણ છે તો એમાં પ્રભુત્વનું, એમાં એનું રૂપ છે. જ્ઞાનમાં પ્રભુત્વ! દર્શનમાં પ્રભુત્વ! આનંદમાં પ્રભુત્વ! વસ્તુમાં પ્રભુત્વ! અસ્તિત્વમાં પ્રભુત્વ! આહા.. હા! એવાં અનંતગુણમાં, એક-એક ગુણમાં અનંત ગુણનુંરૂપ છે! અને એક-એક ગુણમાં પ્રભુતાનું રૂપ છે!

આહા... હા! એવો જે અનંતગુણનો સંગ્રહાલય ભગવાન આત્મા એ જેને દૃષ્ટિમાં આવ્યો એવા આ ધર્મીને પુદ્‌ગલપરિણામનું જે જ્ઞાન થાય છે, તે જ્ઞાન તેનું કાર્ય છે. એ દયા-દાન-વ્રતના પરિણામ તે તેનું કાર્ય નથી. તે પરિણામનું કાર્ય સ્વતંત્ર પુદ્‌ગલ કરીને, પુદ્‌ગલ વ્યાપક થઈને, કેમકે પર્યાય ત્યાં છે એટલે પુદ્‌ગલ વ્યાપક થઈને વિકારનો પરિણામને ત્યાં કરે છે. પર્યાયદૃષ્ટિવાનને નહીં પણ દ્રવ્યદૃષ્ટિવાનને આમ છે. સમજાય છે કાંઈ...?

આહા...! હવે, આવું છે લ્યો!

( કહે છે ) 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને 'આહાહા! વ્યવહાર રત્નત્રયનો જે ભાવ છે તે શુભરાગ છે અને દુનિયા એમ કહે છે કે એ શુભરાગથી શુદ્ધતા થાય! પણ.. આંહી કહે છે કે એ શુભરાગનું જ્ઞાન છે, એ પરિણામ ( જ્ઞાનનું થયું ) એ શુભરાગને લઈને પણ નથી એ જ્ઞાનનું પરિણામ, ( તો ) શું થયું ત્યાં? જ્ઞાનના પરિણામ જ્ઞાનના પરિણામને લઈને થયાં છે સ્વતઃ થયાં છે એ રાગથી આંહી જ્ઞાન પણ થયું નથી તો એ રાગથી શુદ્ધતા થાય? શુભભાવ કરતાં-કરતાં એને શુદ્ધતા થાય? ઘણો ફેરફાર... ઘણો ફેરફરા!! ભાઈ? સમજાણું કાંઈ...?

આહા... હા! 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને' આહા... હા! એટલું ભિન્ન કર્યું છે સમજાવવું છે પણ શું કરે? આહા... હા! **કેવળજ્ઞાનીને લોકાલોકનું જ્ઞાન છે એમ કહેવું ઈ એ વ્યવહાર છે પરદ્રવ્યનું ( જ્ઞાન ) ? એ તો જ્ઞાનનો પર્યાય જ પોતાનો પોતાથી થાય છે.** કેવળજ્ઞાનની પર્યાય પણ ષટ્‌કારકપણે પરિણમતાં કેવળજ્ઞાનની પર્યાય કર્તા, તે જ કર્મ, કેવળજ્ઞાનની પર્યાય સાધન, એ જ સંપ્રદાન-અપાદાન-આધાર એ જ પર્યાય રાખે એમાં લોકાલોક પણ કારણ નહીં ને દ્રવ્યગુણ પણ ( કારણ ) નહીં. સમજાણું કાંઈ...?

ઝીણું પડે, પણ સમજવા જેવું છે બાપા!

આહા.. હા! ક્યાં જઈને... સાંભળવા મળે?! લોકો ક્યાંય સલવાઈને પડયા છે! ભાઈ... તું ભગવાન છો ને..! ભગવાન તરીકે તને બોલાવે છે. બોંતેર ગાથામાં ( સમયસાર! )

આહા...! પ્રભુ, તને પુણ્ય-પાપના દયા-દાનના ને વ્રતના ને ભક્તિના અને તપના વિકલ્પ, જે રાગ છે, એ અશુચિ છે! એ જડ છે! ચૈતન્યના સ્વભાવનો એમાં અભાવ છે! અને તે ( આસ્રવો ) દુઃખરૂપ છે!!

જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિમાં તો એને એ પરિણામનું આંહી જ્ઞાન થાય તે જ્ઞાનનો જ્ઞાની કર્તા છે, પણ ઈ ( રાગ ) પરિણામનો કર્તા જ્ઞાની નથી! સમજાય છે કાંઈ..?

ભાષા તો પ્રભુ સાદી છે, ભાવે ય સાદા છે અંદર!!

દ્રવ્ય વ્યાપક નથી એ વ્યાપક તો વ્યવહારથી કહેવાય છે, બાકી તો પર્યાય પર્યાયમાં વ્યાપક છે એ વિકાર પોતાનો છે નહીં. આંહી તો... આકરી.. હજી આકરી વાત આવશે અત્યારે તો આટલું હાલે છે!

આહા... હા! 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને? એટલે એ રાગ થયો છે તેનું જ્ઞાન આંહી થયું છે જ્ઞાનીને, એ જ્ઞાનના પરિણામને 'આત્મા કર્મપણે' કર્તા. દ્રવ્યથી ( કહ્યું ) વાત સિદ્ધ કરવી છે, એટલે કહ્યું છે. પરથી ભિન્ન પાડયું છે.

ઝીણી વાણ છે બાપુ! એ શબ્દે શબ્દના ભાવ તો અંદર હોય બધાં! ભાવ તો બધાં હોય ( જ્ઞાનમાં )

તે વખતે હો? પણ કઈ શૈલીથી વાત ચાલે છે એની વાત આવે. એ 'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કાર્યપણે કરતા એવા' - ખરેખર તો એ ભેદ છે! ખરેખર તો પોતાના આત્માને જાણે છે. જોયું? રાગના જ્ઞાનને કીધું 'તું ને... તો રાગને શી રીતે જાણે?

શું કહ્યું પ્રભુ, એ રાગનું જ્ઞાન કહ્યું 'તું એ જ્ઞાનીના પરિણામ છે જ્ઞાનના, છતાં તે જ્ઞાનના પરિણામ રાગને જાણે છે એવું જે કાર્ય, તે એનું (કાર્ય) નહીં એ તો 'ખરેખર આત્માને જાણે છે.' આહા.. હા! સમજાણું કાંઈ...?

અરે..! પ્રભુ, તારો પ્રભુત્વ સ્વભાવ, એને દૃષ્ટિમાં આવ્યો પ્રભુ! એમાં જે રાગ છે તેનું જ્ઞાન કરે જ્ઞાની તે 'જ્ઞાનના પરિણામ તેનું કાર્ય છે. એટલું કહીને પણ રાગને જાણે છે એમ કહ્યું પાછું! (પરંતુ પાછું) ફેરવી નાખ્યું કે (જ્ઞાની) પોતાના આત્માને જાણે છે!

(શ્રોતાઃ) રાગને જાણે છે એમે ય કહ્યું! (ઉત્તરઃ) ઈ તો ફકત! રાગ છે એની વાત કરી. અરે..! બાપા! આ વસ્તુ... ભાઈ...! એ કરોડો-અબજો રૂપિયે મળે એવું નથી! આહા...! અહીંયાં તો એટલું જ કીધું કે દ્રવ્યદૃષ્ટિવંતને એટલે જ્ઞાનીને એટલે કે સમ્યગ્દૃષ્ટિને, એ રાગના-દયા-દાન-વ્યવહારના ભગવાનની સ્તુતિનો રાગ આવ્યો, તે રાગનાજ્ઞાનને કરતો આત્મા આત્માને જાણે છે!! રાગને જાણે છે ઈ કાઢી નાખ્યું!

ફકત, સિદ્ધ એટલું કરવું છે, રાગ થયો છે તે કાળે જ્ઞાન પોતે પોતાથી થયું છે. 'પરિણમ્યું છે સ્વપરપ્રકાશપણે' **રાગ થયો છે તે કાળે પણ જ્ઞાનના પરિણામ પોતાથી સ્વપરપ્રકાશપણે પરિણમ્યા છે પોતાથી, એને.. રાગનું જ્ઞાન છે એમ કીધું, છતાં તે રાગનાજ્ઞાનના પરિણામને કરતો એવો આત્મા પોતાને જાણે છે! રાગને નહીં.. !!**

આહા.. હા! ભાઈ...? આવી વાતો છે. આહા..! એ પ્રભુનો મારગ છે શૂરાનો એ કાયરના કામ ત્યાં નથી! એ વીરોના કામ છે બાપા!

જેનું વીર્ય વીર્યવાન છે, દ્રવ્ય તરફ જેનું વીર્ય વળ્યું છે એને વીર્યવાન કહીએ. સમજાય છે કાંઈ..?

એવા જે વીરના પુત્રો! આહા... હા! એનું વીર્ય વીરતાથી દ્રવ્યમાં ફેલાણું છે! એવા વીરને જે રાગથાય તેનું જ્ઞાન એવા જ્ઞાનને કરતો આત્મા આત્માને જાણે છે!! સમજાણું કાંઈ?

આહા..! એ પ્રશ્ન આવ્યો' તો કારણ પરમાત્માનો! (દ્રવ્યને) કારણ પરમાત્મા કહો છો તે કારણ પરમાત્મા કહેવાય નહીં કેમકે પર્યાયને કારણ કહેવાય, દ્રવ્યને કારણ ન કહેવાય! છાપામાં (છાપે) છે.

અરે, ભગવાન! કારણ કીધું ને... કારણ કીધું માટે પર્યાય થઈ ગઈ એમ તે કહે છે. એમ નથી, પ્રભુ! આહા... હા! મૂળ વસ્તુ ત્રિકાળી છે અને કાર્ય જે સમ્યગ્દર્શન થાય એ પર્યાય છે. તેથી.. કારણ એને (ત્રિકાળીને) કહ્યો છે અને રાગ કારણ છે ને પર કારણ છે એમ નથી સમજાય છે કાંઈ આમાં? એ જ્ઞાનના પરિણામને રાગ કારણ છે, નિમિત્ત કારણ છે (કહેવામાં આવે છે) એમ સમ્યગ્દર્શનના પરિણામને દ્રવ્ય કારણ છે ફકત લક્ષ ત્યાં ગયું છે, માટે દ્રવ્યમાં એ પરિણામ ગયાં નથી. ફકત લક્ષ ગ્યું છે આ બાજુ! એથી દ્રવ્યને કારણ કહેવામાં આવે છે. 'भूदत्थम असिदो खलु'

આહા... હા! બહુ કામ આકરું બાપા! મનુષ્યભવ મળ્યો આવો હાલ્યો જાય છે 'આ ભવ ભવના

અભાવ માટે ભવ છે!’ આહા..! એમાં ફરીને ભવ ન રહે તારા એવી ચીજ છે ભગવાન આત્મા!!

(જ્ઞાનીએ) પર્યાયને જ્ઞાયક તરફ વાળી છે! જ્ઞાયકનો આશ્રય લીધો છે, એનો અર્થ એ થયો કે ત્યાં લક્ષ કર્યું છે. કાંઈ પર્યાય જ્ઞાયકમાં ભળી જતી નથી. એ પર્યાય જે રાગતરફના વલણવાળી આંહી હતી. આહા..! એ જ્ઞાનની પર્યાયને અંદર પર્યાયવાન તરફ વાળી! આહા.. હા! અને ઢળેલી જે પર્યાય થઈ, તે જ્ઞાનપર્યાય તે કાળે રાગ થાય છે અને આ જ્ઞાનની પર્યાય થાય છે (એકજ સમયે એ રાગનું કાર્ય છે એમ તો નથી પણ રાગ છે માટે (એનું) જ્ઞાન થયું એમેય નથી. પણ.. એને બતાવવું છે કે રાગ અને જ્ઞાન એના પરિણામને કરતો તે આત્માને જાણે છે.

આહા.. હા! આવું ક્યાં ’ય મળે એવું નથી! જ્યાં વીરનો મારગ પ્રવર્ત્યો છે ત્યાં ફેરફાર થઈ ગ્યો છે! અરે પ્રભુ!

આહા..! એ... જ્ઞાની રાગના પરિણામને કરતો નથી વ્યાપ્યવ્યાપકથી... એમ છે ને..! ‘પરંતુ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને’ – એ વ્રત ને પુણ્યનો, તપનો વિકલ્પ ઊઠયો જ્ઞાનીને, એ (વિકલ્પ) રાગનું આંહી જ્ઞાન થાય, એમ કહેવું ઈ પણ ફક્ત બતાવવું છે કે રાગનું જ્ઞાન!

પણ... તેથી તે રાગ કર્તા અને જ્ઞાનપરિણામ કાર્ય એમ નથી. રાગનું જ્ઞાન થયું માટે રાગ કર્તા ને જ્ઞાનના પરિણામ કર્મ એમ નથી. ફકત! ‘જ્ઞાન થયું’ એ બતાવવું છે, એમ બતાવીને ‘કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે’ (એમ કહ્યું પાછું) આહા.. હા! ગજબ ટીકા છે ને...! હેં? આ એક લીટી! સમયસાર!! એટલે...? બીજું કોઈ છે નહીં એની હારે એની જોડમાં

આહા.. હા! ‘એવા પોતાના આત્માને જાણે છે’ (હવે કહે છે) ‘તે આત્મા અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો’ આહા..! આત્મા રાગના પરિણામનું જ્ઞાનને કરતો એવો આત્માને જાણતો.

‘તે.. આત્મા કર્મનોકર્મથી અત્યંત ભિન્ન’ (એટલે કે) કર્મના અને શરીરના પરિણામથી અત્યંત ભિન્ન! ‘જ્ઞાનસ્વરૂપ થયો થકો’ આમ. ‘થયો થકો’ (કહ્યું તો) કર્તા સિદ્ધ કરવું છે ને...! રાગથી નહીં, જ્ઞાનસ્વરૂપ થયો થકો એવો ધર્મી ‘જ્ઞાની છે.

ભાઈ..., ગાથા તો સાદી છે પ્રભુ! બાપુ, મારગ તો આ છે ભાઈ...! ધીમેથી.. એને પચાવવું પડશે! અરે..! આવે વખતે નહિ કરે તે કેદિ’ કરશે ઈ... દુનિયા દુનિયાનું જાણે! આહા...! અહિં કહે છે ‘એ જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે’ રાગસ્વરૂપ થયો થકો જ્ઞાની છે એમ નહીં. તો એણે રાગનું જ્ઞાન કર્યું તેથી રાગને જાણતો થકો એમેય નહીં રાગનું જ્ઞાન થયું પણ એ ‘આત્માને જાણે છે.’

આહાહા... હા! ક્યાંય સાંભળવા મળે એવું નથી ત્યાં વાડામાં તે...

**એ આત્માને જાણે છે રાગ છે એ પર છે તે પરને જાણવું કહેવું ઈ અસદ્‌ભૂતવ્યવહાર છે. અને જ્ઞાન જ્ઞાનને જાણે છે એ સદ્‌ભૂતવ્યવહાર છે. એ ય વ્યવહાર હો?**

આ આત્મા, આત્મા છે!! આહા.. હા! (એ નિશ્ચય છે) સમજાય છે કાંઈ..?

હવે, કૌંસમાં (પુદ્‌ગલપરિણામનું જ્ઞાન, આત્માનું કર્મ, કઈ રીતે છે તે સમજાવે છે એ રાગ થયો-દયા-દાન-વ્રતનો, એનું આંહી જ્ઞાન થયું! એ પુદ્‌ગલપરિણામનું જ્ઞાન (કીધું) જે રાગ પરિણામ કીધાં એ

બધાં (પુદ્દગલપરિણામ!)

ભગવાન (આત્મદ્રવ્ય) તો પવિત્રનો પિંડ એનાં પરિણામ રાગ કેવાં? આહા..હા! કો' ભાઈ..?

આહા.. 'પુદ્દગલપરિણામનું જ્ઞાન' (ટીકામાં કહ્યું) ઈ છે આત્માનું જ્ઞાન! પણ... માથે કહ્યું છે ને..! 'આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે.'

કહે છે 'પરમાર્થે પુદ્દગલપરિણામના જ્ઞાનને' આહાહા! છે? શરીરની અવસ્થા ઈ નોકર્મની તે પુદ્દગલના પરિણામ અને અહીં દયા-દાન-વ્રતાદિના પરિણામ તે પુદ્દગલના પરિણામ!

કર્મથી આમ થાય ને પુદ્દગલથી-શરીરથી આમ થાય બેય પુદ્દગલના પરિણામ.

આહા.. હા! 'પરમાર્થે પુદ્દગલપરિણામના જ્ઞાનને અને પુદ્દગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી' આહા.. હા! 'પુદ્દગલપરિણામના જ્ઞાનને અને પુદ્દગલને ઘટ-કુંભારની જેમ (એટલે) કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય તેનો અભાવ છે એમ પુદ્દગલપરિણામના જ્ઞાનને અને પુદ્દગલને જેમ કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય (એવા વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે, (એમ) પુદ્દગલના પરિણામ છે રાગ એ પુદ્દગલના પરિણામના જ્ઞાનને અને પુદ્દગલને વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. આહા.. હા! રાગનું જ્ઞાન એ રાગના કારણે છે એવો અભાવ છે. પરમાર્થે પુદ્દગલપરિણામ એટલે રાગ (બધો) આવી ગયો, દ્વેષ આવી ગયો, એ પુદ્દગલપરિણામના જ્ઞાનને અને પુદ્દગલને/એ જ્ઞાનને અને પુદ્દગલને, ઘટ અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકનો અભાવ છે.

આહા.. હા! શું કીધું ઈ...?

કે, પુદ્દગલપરિણામ-રાગાદિ એનું જે જ્ઞાન, અને રાગઆદિ પુદ્દગલ, તેને વ્યાપ્યવ્યાપક (ભાવનો) અભાવ છે. ઘટ અને કુંભારની જેમ. શું કીધું ઈ..? કુંભાર એ ઘટના કર્તાકર્મપણે નથી. કુંભાર વ્યાપક પ્રસરનાર અને ઘડો તેનું વ્યાપ્યં તેમ નથી.

આહા..! આ રાગ પુદ્દગલના પરિણામ અને તેનું જ્ઞાન, અને રાગ, પુદ્દગલને (અર્થાત્) પુદ્દગલપરિણામના જ્ઞાનને અને પુદ્દગલને, કુંભાર અને ઘટની જેમ (એટલેકે) રાગ છે તે વ્યાપક છે અને જ્ઞાનઆત્માનું થયું તે વ્યાપ્ય છે ઈ ઘટ-કુંભારની જેમ અભાવ છે ઘટ છે તે કાર્ય છે કુંભારનું એનો અભાવ છે તેમ રાગ છે તે જ્ઞાનનું વ્યાપ્ય-કાર્ય છે તેનો અભાવ છે.

આહા.. હા! આવી વાતું છે!!

પહેલું તો એમ કહ્યું હતું 'રાગનું જ્ઞાન' પછી એમ કહ્યું.. કે 'રાગનુંજ્ઞાન' ઈ કાર્ય છે એનો અભાવ છે જેમ ઘટ (કાર્ય) માં કુંભારનો અભાવ છે એમ રાગના જ્ઞાનપરિણામ કીધું તે કાર્ય એનું છે (એનો) અભાવ છે.

ઝીણી.. ઝીણી! બાપુ, આ ગાથા જ એવી છે!

આહા.. હા! ત્રણલોકના નાથ એ વાણી કરતા હશે, ગણધરો ને ઈંદ્રો સાંભળતા હશે આહા..! એ કેવું હશે! બાપુ! ત્રણલોકનો નાથ બિરાજે છે! દિવ્યધ્વનીમાં ઈંદ્રો બેસે, ગણધરો બેસે! આહા..! એકાવતારી ઈંદ્ર ઈ સાંભળે (વાણી!) બાપુ, એ વાત બીજી હોય! આહા..! એ ત્રણ જ્ઞાનના ધણી! એકાવતારી ઈંદ્રો, જેની વાણી સાંભળતાં આમ ગલૂડિયાંની જેમ બેઠાં હોય!

બાપુ એવી વાતું છે ભાઈ! વીતરાગની વાણી કોઈ અલૌકિક હોય છે. અત્યારે તો રાગને નામે વીતરાગ મારગને ખતવી નાંખ્યો છે અજૈનને જૈન નામે ખતવી નાંખ્યું છે!

આહા...! એમ હોય ભાઈ..? શ્વેતાંબર અને સ્થાનકવાસીને મોક્ષમાર્ગ પ્રકાશકમાં અન્યમતિ અજૈન કહ્યા છે પણ આ સંપ્રદાયમાં રહેલા પણ રાગને નામે ખતવી નાખે છે તે પણ અજૈન છે.

આહા.. હા! પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે રાગના જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે રાગને, ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. આહા..! રાગ વ્યાપક છે / રાગનું જ્ઞાન કીધું' તું તેથી રાગ વ્યાપક છે-કર્તા છે અને જ્ઞાન તેનું કર્મ છે એમ નથી સમજાણું કાંઈ...?

આ તો આવી ગયું છે પરમ દિ' ફરીને વધારે ફરીને આવ્યું.

આહા... હા! બાપુ! વીતરાગની વાત એવી છે એ તે શું ચીજ છે! એ તે સાધારણ વાત છે! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ'

નપુંસકને વીર્ય ન હોય, પ્રજા ન હોય એની જેમ રાગની પર્યાયનો કર્તા થાય એને ધર્મની પ્રજા ન હોય! રાગને રચે તે વીર્ય નહીં બાપુ! (શ્રોતાઃ) 'કલીબ' કીધું છે (ઉત્તરઃ) 'કલીબ' બે ઠેકાણે લીધું છે ને.. પુણ્ય-પાપ (અધિકારમાં) છે ને અજીવ અધિકારમાં છે, 'કલીબ' -નપુંસક! પાવૈયા હીજડાઓ!!

પાવૈયા-હીજડાઓને વીર્ય ન હોય, પુત્ર ન થાય. એમ રાગના પરિણામમાં ધરમ માનનારા હીજડાઓ છે તેને ધરમ ન થાય! (શ્રોતાઃ) આકરું (ઉત્તરઃ) આકરું છે. ટીકામાં અમૃતચંદ્ર આચાર્યે કહ્યું છે એ જ નપુંસક (કલીબનું)

ભાઈ... તું મહા... વીર... છોને પ્રભુ! તારી વીતરતાની શી વાત કરવી! કે આહા..! વીર્ય ગુણ છે, ઈ વીર્યગુણનું પણ એકેએક ગુણમાં રૂપ છે. જ્ઞાનગુણ આદિમાં (વીર્યગુણનું) રૂપ છે. આવો વીર્ય ગુણ છે.

આહા...! એવો જે 'વીર' ભગવાન આત્મા! એની જ્યાં દ્દષ્ટિ-સમ્યગ્દર્શન થયું એવા અનંતગુણોનો સ્વીકાર અને સત્કાર થયો અને રાગનો સ્વીકાર ને સત્કાર ગયો! તેને રાગનું જ્ઞાન થયું તેમાં રાગ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે (તો કહે છે) ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ છે.

રાગના પરિણામને અને એના જ્ઞાન (પરિણામને) કુંભાર-ઘટની જેમ અભાવ છે રાગ વ્યાપક છે ને આંહી જ્ઞાનના પરિણામ એને લઈને થયા છે એમ નથી. સમજાણું કાંઈ..?

૧૭/૧૮ ગાથા-સમયસાર (ત્યાં કીધું) પહેલો આત્માને જાણવો, પહેલાં ઈ નવને જાણવોઅએમેય કીધું નથી. ભગવાન! પહેલો આત્માને જાણવો એમ પહેલી ભગવાનને જાણવાની પાધરી વાત કરી છે.

આહા.. હા! બાપુ! સમયસાર તો કોઈ અલૌકિક ચીજ છે! સમજાણું કાંઈ..? આહાહા! જગતના ભાગ્ય! એવી પળે રચાઈ ગયું ને એવી પળે રહી ગ્યું છે! 'આ' આહા.. હા! હેં? છે?

(કહે છે) 'પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને' એટલે કે પુદ્‌ગલપરિણામ એટલે રાગના જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે રાગને, ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે'

આહા... હા! 'પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને' જોયું? એલા-પહેલા પુદ્ગલપરિણામ કહ્યા ઈ બધાં નાખી દીધા પુદ્ગલ (માં) આહા.. હા! શું કીધું? પુદ્ગલપરિણામના જ્ઞાનને એટલે રાગનાજ્ઞાનને અને પુદ્ગલને એટલે રાગને, ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી-રાગ કર્તા અને જ્ઞાનપરિણામ કર્મ એનો અભાવ છે. (તેથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે).

આહા..! 'અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી' (એટલે) ઘડો કાર્ય છે ને માટી કર્તા છે એવું કર્તાકર્મપણું છે. 'તેમ આત્મપરિણામને અને આત્માને' - આત્મપરિણામ એટલે કે જ્ઞાનપરિણામ થયાં તે અને આત્માને વ્યાપ્યવ્યાપકનો સદ્ભાવ છે.

આત્મા વ્યાપક છે ને જ્ઞાનપરિણામ વ્યાપ્ય છે.

અપેક્ષાથી કથન શું આવે પણ પરિણામ તો પરિણામથી છે સ્વતંત્ર!! પણ અપેક્ષા બતાવવી છે ને એટલે આવી શૈલી છે!

એ કહેતાં વખતે ખ્યાલ તો બધો હોય, જે ચાલતું હોય તે પ્રમાણે કહેવાય ને.. !

આત્મા કર્તા છે એમ કહ્યું અહીંયા પણ આત્મા દ્રવ્ય છે ને માટે ના પાડશે અહીંયાં (પાછું) 'આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મ પણું છે' એટલે આત્મા કર્તા નિર્વિકારી પરિણામ-જ્ઞાનના તે તેનું કાર્ય-કર્મ છે? આંહી રાગનું જ્ઞાન-કર્મ થયું માટે રાગકર્તાને જ્ઞાન કર્મ એમ છે નહીં..

* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન ક્રમાંક - ૧૬૩ દિનાંકઃ ૮-૧-૭૯

આહીંથી છે. ‘આ રીતે’ ... છે? (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) જ્ઞાયકસ્વભાવ જેની દૃષ્ટિમાં આવ્યો એ જ્ઞાયકસ્વભાવ (નો) તો જાણવાનો-દેખવાનો સ્વભાવ છે. એ જાણવા-દેખવામાં... કહે છે કે ‘પુદ્‌ગલના પરિણામનું જ્ઞાન’ એ વખતે ત્યાં રાગઆદિ, દ્વેષઆદિ, ભક્તિ આદિ, સ્તુતિ આદિનો રાગ થાય! એ ‘પુદ્‌ગલ પરિણામ’ કહેવામાં આવ્યા છે.

તેનું જ્ઞાન કરે છે (જ્ઞાની) - એનું જ્ઞાન! જ્ઞાયકસ્વભાવ હોવાથી, ‘જાણનાર-દેખનાર’ હોવાથી-અનુભવમાં જાણનાર-દેખનાર આવ્યો હોવાથી, એ રાગાદિ થાય, દયા-દાન-ભક્તિ આદિ, સ્તુતિ આદિનો રાગ, તેને એ જાણે! .... ઝીણી વાત છે!

છે? ‘પુદ્‌ગલપરિણામ’ એટલે રાગ. ચાહે તો ભગવાનની ભક્તિનો સ્તુતિનો, પંચમહાવ્રતનો એ રાગ, એ રાગ પુદ્‌ગલપરિણામ છે! એનું જ્ઞાન કરે છે એને જાણે છે જ્ઞાની!!

‘તેથી એમ પણ નથી’ એટલે શું? કે આત્મા જ્ઞાયકસ્વભાવી છે એમ જ્યાં જણાણું અનુભવમાં આવ્યું! ભગવાન દૃષ્ટિમાં આવ્યો! પર્યાયમાં-જ્ઞાનપર્યાયમાં જ્ઞેય પૂર્ણ છે તેનો અનુભવ થયો એ ધર્મીને.. રાગઆદિના પરિણામ થાય તેને તે જાણે છે! કેમકે તેનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ હોવાથી, ધર્મીને રાગ કે પુણ્ય-પાપના ભાવ થાય એને ‘પુદ્‌ગલપરિણામ’ કહીને એને ઈ જાણે છે! જાણવા છતાં... ‘એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે.’ શું કીધું ઈ...? રાગ અને દયા-દાનના વિકલ્પોને જાણે જાણતાં... છતાં એમ નથી રાગ છે તે આત્માનું કાર્ય છે!

આહા. હા! આવું છે!

ભગવાન આત્મા! જ્ઞાયક સ્વભાવ! વસ્તુસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ છે એવું જ્યાં ભાન થયું ત્યારે તેને રાગાદિના પરિણામ (છે) વીતરાગ પૂરણ નથી, એથી તેને દયા-દાન-વ્રત-ભક્તિ-સ્તુતિ, એવો રાગ આવે! તેથી તે રાગને જાણે! જાણવા છતાં, રાગ આત્માનું કાર્ય છે એમ નથી.

(શ્રોતાઃ) તો એ કોનું કાર્ય છે? (ઉત્તરઃ) પુદ્‌ગલનું કાર્ય છે. આહા.. હા.! ઝીણી વાત છે ભાઈ...!

આહા.. હા! છે? જાણનારો જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે! એ રાગને જાણવાનું કામ કરે! તેથી એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ એ રાગાદિ છે એ જ્ઞાતાના-જાણનારાનું એ કાર્ય છે એમ નથી. સમજાય છે આમાં?

(શ્રોતાઃ) રાગને જાણે છે? (ઉત્તરઃ) રાગનું? ...એ તો, વ્યવહાર કહ્યો ને..! પહેલો પોતાને જાણે છે, પણ રાગનું જ્ઞાન એવું બતાવ્યું! (જ્ઞાની) જાણે છે તો પોતાને!! ...પણ આંહી ઈ કહેવું છે પાછું કે ઈ રાગને જાણે છે. ‘જાણવાની પર્યાય તો પોતાથી, સ્વપરપ્રકાશકસ્વભાવ હોવાથી જાણે છે’ એ જ્ઞાનની પર્યાય, ષટ્‌કારકપણે પરિણમતી, પોતે કર્તા-પર્યાયનો પોતે કર્મ પોતાનું એ રાગનું કાર્ય નહીં! આહા.. હા! પણ... રાગને જાણે છે એથી રાગ વ્યાપ્ય નામ આત્માનું કાર્ય છે એમ નથી! ઝીણું છે! ‘આ’

આહા.. હા! ભગવાન આત્મા જાણનાર-દેખનાર જેનો (સ્વભાવ છે) આવ્યું’ તું ને કાલ ‘હું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વસંવેદન-દર્શન-જ્ઞાન-સામાન્ય છું બસ! એવું જ્યાં ભાન થયું એની જ્ઞાનની પર્યાયમાં... રાગનો ભાવ હોય તે રાગ આવે! પણ રાગને જાણવાનું કાર્ય તે જીવનું છે.

તો રાગને જાણવાનું કાર્ય જીવનું છે તો રાગ એનું કાર્ય આત્માનું છે એમ કેમ નહી? એમ પ્રશ્ન છે.

(જ્ઞાની) રાગને જાણે છે-જાણવાનું કાર્ય તો એનું છે તો... રાગને જાણે છે તો રાગ એનું કાર્ય છે કે નહીં? આહા.. હા! સમજાણું કાંઈ...?

પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે 'એમ પણ નથી એમ રાગ જાણનારનું કાર્ય છે એમ નથી! આ-રે આવી વાતું છે!

(કહે છે કે) 'કારણ કે પુદ્‌ગલને' (જુઓ!) ઈ પુદ્‌ગલના પરિણામને 'પુદ્‌ગલ' કહી દીધું! (એટલે) અંદર દયા-દાન-વ્રત-ભક્તિ-સ્તુતિનો રાગ થાય તેને પહેલાં પુદ્‌ગલના પરિણામ કહ્યાં હતાં, આંહી એને 'પુદ્‌ગલ' કહી દીધાં. સમજાણું કાંઈ...?

આહા.. હા "એ પુદ્‌ગલને અને આત્માને' -ઈ પુદ્‌ગલપરિણામને 'પુદ્‌ગલ' કહી દીધું, આખાદ્રવ્ય લીધાં ને... બેય! આહા...! 'જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં' -એ પુદ્‌ગલના પરિણામ કહો કે પુદ્‌ગલ કહો, રાગઆદિને આહાહા! વ્યવહારરત્નત્રયનો રાગ એને પુદ્‌ગલ આંહી કીધું! (એ) પુદ્‌ગલનું વ્યાપ્ય-કાર્ય છે એથી તે પુદ્‌ગલ છે એમ કીધું!

'એ પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર! (એટલે કે) એ રાગને... જાણનારો... જે જણાય એ જ્ઞાયક-જ્ઞેયનો, વ્યવહાર માત્ર સંબંધ! નિશ્ચય સંબંધ તો છે નહીં.. આહા! 'જ્ઞેય-જ્ઞાયકને' **રાગ જ્ઞેય અને આત્મા જ્ઞાયક એવો જે જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ, ઈ વ્યવહાર માત્ર છે આહાહા! પરમાર્થે તો પોતે જ્ઞાનનો પર્યાય જે થયો એ દ્રવ્ય-ગુણને પર્યાય તે જ્ઞેય અને તેનો 'જાણનાર' !!** આવું ઝીણુ છે!

'પુદગલને અને આત્માને.' આહાહા! ભગવાનની ભક્તિનો ભાવ, સ્તવન.. આમ ચાલતું હોય.. (શ્રોતાઃ) એ તો વિકલ્પ! (ઉત્તરઃ) વાચન ચાલે વિકલ્પ! પણ આ તો સમંતભદ્ર આચાર્ય યાદ આવ્યા! ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી છે ને (સ્વયંભૂસ્તોત્રમાં)

સમંતભદ્ર આચાર્ય કહે છે કે પ્રભુ! મને આપની ભક્તિનું વ્યસન પડી ગયું છે એમ કહે છે. છે એમાં..? પોતે સ્તવનમાં કહ્યું છે 'મારે એ જાતનું વ્યસન છે' ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી! પણ એમ કહ્યું પ્રભુ! મને વ્યસન છે. (શ્રોતાઃ) એને તો આંહી 'પુદ્‌ગલ' કહો છો (ઉત્તરઃ) એ રાગ છે, છોડવાનું છે. કેમકે.... ઈ તો પરદેશ છે. શ્રીમદ્‌માં આવ્યું ને... 'જાશું સ્વરૂપ સ્વદેશ'

આહા.. હા! અરે, અમારે હજી રાગ બાકી છે, પરદેશ! શેષ કર્મનો ભાગ છે, ભોગવવો અવશેષ રે' એટલો હજી રાગ બાકી છે, પરદેશ! આહા.. હા! 'તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ..' ઈ રાગ જે બાકી છે ભક્તિ આદિનો ઈ પરદેશ છે.

આહા.. હા! અંતર્ ભગવાન સ્વરૂપ સ્વદેશ અનંત.. અનંત.. ગુણનો સાગર-દરિયો (આત્મા) એ અમારો સ્વદેશ છે, એમાં અમે જવાના છીએ. આહાં... હા! એય.. ભાઈ..? આવી વાતું છે.

આ તો બહેને (ચંપાબેને 'પરદેશ' શબ્દ (બોલમાં) વાપર્યો છે અને શ્રીમદે ય (શ્રીમદ્‌રાજચંદ્રે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'સ્વદેશ' શબ્દ વાપર્યો છે.

આહા... હા! ભગવાન આત્મા જ્ઞાનને આનંદ આદિ ગુણનો દરિયો છે તે સ્વદેશ છે. અને ચાહે.. તો ભગવાનનું સ્મરણ પંચ પરમેષ્ઠિની ભક્તિ-સ્તુતિ, એ રાગ તે પરદેશ છે. આહા.. હા! હજી એકાદ ભવ પરદેશમાં રહેવાનું છે! પછી તો.. એમ સ્વરૂપમાં-સ્વદેશમાં ચાલ્યા જશું!!

બહુ વાત આકરી બાપા! મારગ સમયસારનો મારગ કોઈ અલૌકિક છે સમયસાર એટલે આત્મા એનો મારગ એમ. (શ્રોતાઃ) મારગ શું સહેલો છે? (ઉત્તરઃ) મારગ સહેલો છે, અણ અભ્યાસે દુષ્કર થઈ ગ્યો છે. દુર્લભ કીધું છે ને...! સમ્યગ્દર્શન દુર્લભ કીધું છે! સત્.. જ્ઞાયક સ્વભાવ છે! 'છે' તેને પામવું તેમાં શું? 'છે' તેને પામવું સહજ છે! એ શ્રીમદે ય કહ્યું છે ને..! 'સત્ સરળ છે, સત્ સહજ છે, સત્ સર્વત્ર છે!

આહા.. હા! આ.. ભગવાન આત્મા સત્ છે! સર્વત્ર છે! સરળ છે! પોતે જ છે! જ્ઞાયકસ્વભાવભાવ ભગવાન!! એને કહે છે કે જ્ઞાનમાં રાગનાપરિણામનું જ્ઞાન થાય એથી તે જ્ઞાતાનું રાગ કાર્ય છે? એમ પ્રશ્ન છે આહા.. હા! છે? કારણ! પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં' પણ... છતાં? ... 'પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે' એટલે કે જે દયા-દાન-ભક્તિ-વ્રત-તપનો વિકલ્પ ઊઠયો છે રાગ-પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે 'એવું જે જ્ઞાન' આહા.. હા! જ્ઞાન થયું છે તો ઉપાદાન પોતાથી... આહા..! જેઓ પાઠ! રાગનું જ્ઞાન થયું છે તો પોતાથી એમાં રાગ નિમિત્ત છે. રાગના જ્ઞાનમાં એ (રાગ) નિમિત્ત છે. જ્ઞાન થયું છે/રાગનું જ્ઞાન થયું છે ઈ તો પોતાના ઉપાદાનથી થયું છે!

આહાહા.. હા! બહુ ઝીણું બાપુ! મારગડા... ઝીણા ભાઈ...!

"જ્ઞાયક" કહેતાં એમાં બધાં સિદ્ધાંત સમાઈ જાય છે, એ 'જાણનાર' જાણનારો છતાં... /ઈ આવી ગયું છે ને.. છઠ્ઠીગાથામાં 'જ્ઞાયક' ण वि होदि अप्पमत्तो, ण पमतो जाणगो दु जो भावो! एवं भणंति શુદ્ધં, **જાણનાર જાણનારને જાણે છે!** णादो तो सो हु सो चेव!!

આંહી કહે છે કે 'જાણનાર જાણનારને જાણે છે એ વાત બરાબર છે, હવે ઈ જાણનારમાં-જાણવાની પર્યાયમાં રાગ નિમિત્ત છે, નિમિત્ત છે એટલે કાંઈ કરતું નથી એમ એનો અર્થ છે.

આહા.. હા! છે? 'પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે'

આહા.. હા! 'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે' -તે જ આત્માનું કાર્ય છે. રાગનું જ્ઞાન થયું માટે એનું એ કાર્ય છે અથવા રાગનું કાર્ય આત્માનું છે એમ નથી.

ઈ તો પહેલાં આવી ગયું છે, જ્ઞાન થયું માટે રાગનું કાર્ય છે ઈ એમ તો નથી. પણ રાગ આત્માનું કાર્ય છે / આંહી એનું જ્ઞાન થયું (તેથી) એ આત્માનું કાર્ય રાગ છે એમ નથી.

આહા.. હા! આવું છે! ... ભાઈ...? ઝીણી વાતું છે બાપા!

આહા.. હા! પુદ્ગલ.. જ્ઞેય! એ રાગ આદિ, ભક્તિ આદિ, સ્તુતિ આદિનો રાગ, એ જ્ઞેય અને આત્મા જ્ઞાયક એવો વ્યવહાર માત્ર હોવા છતાં આહાહા! 'પણ... પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે' - આંહી જાણવાનો પર્યાય થયો પોતાથી, રાગથી થયો નથી. **રાગને**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**જાણવાનું જ્ઞાન રાગથી થયું નથી. થયું છે પોતાથી. પોતાના જ્ઞાન (પર્યાયમાં) જ્ઞાન થયું, તેમાં રાગ નિમિત્ત છે**, છતાં તે રાગનું કાર્ય, જીવનું નથી. આહા.. હા! છે? 'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'

આહા..! રાગનું જ્ઞાન, એમાં એ (રાગ) નિમિત્ત છે, (જ્ઞાન) આમ તો, પોતાનું પોતાથી થયું છે રાગને જાણવાનું જ્ઞાન પણ જ્ઞાન પોતે પોતાથી થયું છે. એના જ્ઞાનમાં રાગ નિમિત્ત માત્ર છે અને તે જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહાર માત્ર હોવા છતાં એ રાગ આત્માનું કાર્ય નથી.

આહા.. હા! રાગનું કાર્ય નથી આત્માનું-ઈ તો પહેલાં આવી ગયું છે. આંહી તો હવે આત્માનું જ્ઞાન થયું/ રાગનું જ્ઞાન થયું, જ્ઞાન થયું છે પોતાના ઉપાદાનથી. રાગ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે, નિમિત્તનું જ્ઞાન/જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં તે રાગ આત્માનું કાર્ય નથી.

ભાષા તો સાદી છે પણ ભઈ, ભાવ તો... ભાવ તો જે હોય તે આવે એમાં... અને હળવા કરી નખાય કાંઈ? ... આહા.. હા! એવું સ્વરૂપ છે!

આહા.. હા! 'માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે' લ્યો! વ્યવહારે.. (કહ્યું) એ આત્મા જ્ઞાયક છે, એણે સ્વને જાણ્યો... રાગ છે તેને પરને જાણ્યું, એવું જે જ્ઞેયજ્ઞાયક (પણું) તો વ્યવહાર માત્ર! છતાં... તે રાગનું કાર્ય આત્માનું નથી. માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કાર્ય છે-રાગ આત્માનું કાર્ય નથી, રાગસંબંધી જ્ઞાન જે પોતાથી થયું છે તે જ જ્ઞાતાનું કાર્ય છે. આહા.. હા! છે? 'માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કાર્ય છે એ પણ હજી ભેદ છે આહા.. હા! એ આંહી પરથી જુદું બતાવવું છે ને...! નહિતર તો... રાગસંબંધી જ્ઞાન ને પોતાસંબંધી જ્ઞાન, એ જ્ઞાન પોતાથી થયું છે, એ જ્ઞાન જ્ઞાતાનું કાર્ય છે એ પણ વ્યવહાર કીધો! (ખરેખર તો) એ જ્ઞાતાના પરિણામ જે થયા પરિણામ, એ પરિણામ કર્તા અને પરિણામ એતું કાર્ય (છે), એને આત્માનું કાર્ય (કહ્યું એ તો) પરથી જુદું પાડવાને કહ્યું છે.

આહા..! આટલા બધા ભેદ, ક્યાં સમજવા! વીતરાગ મારગ એવો છે ભાઈ! બહુ સૂક્ષ્મ-ઝીણો છે!!

હવે, આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે. લ્યો! ગાથા પૂરી થઈ, ટીકા (પૂરી થઈ)

### કલશ-૪૯

(शार्दूलंविक्रीडित)

**व्याप्यव्यापकता तदात्मनि भवेत्रैवातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तुकर्मस्थितिः।**
**ईत्युद्दामविवेकधस्मरमहोभारेण भिन्दंस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।। ४९।।**

(શ્લોકાર્થ) 'व्याप्यव्यापकता तदात्मनि भवेत्' – વ્યાપ્યવ્યાપકપણું એટલે કર્તાકર્મપણું તત્સ્વરૂપમાં જ હોય' -રાગ એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. તેથી 'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય.' આત્મા વ્યાપક અને એના જ્ઞાનપરિણામ તે વ્યાપ્ય હોય. પરથી જુદું પાડીને બતાવવું છે ને અત્યારે!

આહા..હા! વ્યાપક (નું) વ્યાપ્ય, એટલે જ્ઞાનપરિણામ, અને વ્યાપક તે આત્મા. એ તત્સ્વરૂપમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ હોય. રાગ-દયા-દાન-વ્રત-ભક્તિનો, સ્તુતિનો રાગ, એ કાંઈ તત્સ્વરૂપ નથી, એ કાંઈ આત્મસ્વરૂપ નથી.

આહાહાહા! એથી વ્યાપ્યવ્યાપકપણું એટલે કે કર્તાકાર્યપણું તત્સ્વરૂપમાં જ હોય. એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે/તત્સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય (તેથી) કર્તા આત્મા અને જ્ઞાનપરિણામ કાર્ય (કર્મ). 'अतदात्मनि अपि न एव' 'અતત્સ્વરૂપમાં ન જ હોય' (એટલે) રાગ જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે છે તે અતત્સ્વરૂપ છે. આહા... હા! હવે... આવી વાતું! નવા અજાણ્યા માણસને તો એવું થાય કે શું આ તે કહે છે!! સાંભળવા મળ્યું નથી અને પરિચય નથી.

આહા.. હા! 'વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય' એટલે? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ-આનંદસ્વરૂપ (છે), એના પરિણામ પણ જ્ઞાનસ્વરૂપ-આનંદસ્વરૂપ, ઈ આત્મા! આત્મા વ્યાપક જ્ઞાનપરિણામ વ્યાપ્ય તે તેનું તત્સ્વરૂપ છે. ઈ તત્સ્વરૂપમાં કર્તા-કર્મપણું હોય, તત્સ્વરૂપમાં વ્યાપયવ્યાપકપણું હોય, તત્સ્વરૂપમાં કારણ-કાર્યપણું હોય. (શ્રોતાઃ) ક્ષયોપશમજ્ઞાન એ તત્સ્વરૂપ કહેવાય કે નહીં? (ઉત્તરઃ) બહારનું... બહારનું જ્ઞાન, એ જ્ઞાન નથી. ઈ પરજ્ઞાન છે! પરસત્તાવલંબી!

એ આવી ગયું છે આપણે જ્ઞેયનિષ્ઠ-જ્ઞેયનિમગ્ન! આમે ય અગ્યાર અંગનું (જ્ઞાન) અનંત વાર કર્યું છે. નવ પૂર્વ અનંતવાર થયાં છે! એ સ્વજ્ઞેય હોય તો કલ્યાણ થઈ જાય ત્યાં, આહા.. હા! એનાથી એક ભવ ઘટયો નથી. (શ્રોતાઃ) વધ્યો ખરો! (ઉત્તરઃ) એ ભવ જ છે ત્યાં વધવાનું શું? ઈ પોતે જ ભવસ્વરૂપ છે, **જેમ રાગ ભવસ્વરૂપ છે એમ 'પરસંબંધીનું જે જ્ઞાન સ્વનું મૂકીને (પરસંબંધીજ્ઞાન) એ ભવસ્વરૂપ જ છે!**

ઝીણી વાત છે પ્રભુ! આહા! આવો વીતરાગ મારગ! સર્વજ્ઞ પરમેશ્વરના મુખથી નીકળી છે વાણી એ 'આ' વાણી છે! આ તો સમયસાર છે! ઓલું-પ્રવચનસાર દિવ્યધ્વનિનો સાર! 'આ' તો આત્માનો સાર!!

આહા.. હા! 'વ્યાપકવ્યાણકપણું તત્સ્વરૂપમાં જ હોય' - જોયું? તત્સ્વરૂપમાં 'જ' હોય! એકાંત કરી નાખ્યું. કથંચિત્ તત્સ્વરૂપમાં અને કથંચિત્ અતત્સ્વરૂપમાં એમ નહીં. અ એ અસ્તિથી કહ્યું. હવે 'अतदात्मनि अपि न एव' 'અતત્સ્વરૂપમાં ન જ હોય.' અને વ્યાપ્યવ્યાપક ભાવના સંભવ વિના 'कर्तृकर्मस्थितिः काः' - કર્તાકર્મની સ્થિતિ કેવી?

આહા... હા! રાગનું કાર્ય આત્માનું ને કર્તા આત્મા એમ અતત્સ્વરૂપમાં ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ...?

'તત્સ્વરૂપમાં આવે આત્મા કર્તા અને એના શુદ્ધસ્વભાવના-મોક્ષમાર્ગના પરિણામ તેનું કર્મ હોય. આત્મા વ્યાપક અને મોક્ષમાર્ગના પરિણામ વ્યાપ્ય એ તત્સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય.

પણ... રાગ તે વ્યાપ્ય અને આત્મા વ્યાપક-કર્તા તેનું કાર્ય રાગ એમ નથી. અતત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યપકપણું નથી. આહા.. હા! પુદ્ગલપરિણામમાં વ્યાપક આત્મા અને પુદ્ગલપરિણામ વ્યાપ્ય એમ નથી. પુદ્ગલ વ્યાપક અને એ (રાગ-વ્યાપ્ય છે) આહા...! ગજબ વાતું છે ને...!

ભગવાનની ભક્તિ-ભગવાનની સ્તુતિ એ પણ પુદ્ગલના પરિણામ પુદ્ગલ વ્યાપકનું વ્યાપ્ય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા... હા! પુદ્‌ગલ પોતે પરિણમીને તે રાગ-વ્યાપ્ય તેનું થયું છે. સમજાય છે ને ભાઈ...? સમજાય છે? આવો મારગ! અરે...

અસ્તિ-નાસ્તિ કરી. (હવે) ત્રીજી વાત, 'વ્યાપ્યવ્યાપકભાવનો સંભવ વિના 'कर्तृकर्मस्थितिः का' એ ત્રીજું! જ્યાં વ્યાપયવ્યાપકપણું નથી ત્યાં કર્તાકર્મપણું કેવું?

રાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ અતત્‌સ્વરૂપમાં તો છે નહીં... સમજાણું કાંઈ...? આહા..! દેહની ક્રિયાની તો વાતું ક્યાં ગઈ?! આહા..! શરીર, વાણી, મનની પર્યાય, એનો વ્યાપક પરમાણું ને એનું વ્યાપ્યએ પર્યાય!

આંહી તો આત્મામાં થતા રાગના પરિણામ-ભક્તિના પરિણામસ્તુતિના પરિણામ, પરમાત્મા પરદ્રવ્ય છે ને...! એ પરિણામની સાથે અતત્‌સ્વરૂપ હોવાથી આત્માને તેનું કર્તાકર્મપણું નથી. સમજાણું કાંઈ..? છે ને... એમાં છે ને...? ત્રણ વાત થઈ.

કર્તાકર્મપણું એટલે કારણ-કાર્યપણું, વ્યાપ્યવ્યાપકપણું તત્‌સ્વરૂપમાં જ હોય, અને વ્યાપ્યવ્યાપક સિવાય અતત્ સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય નહીં.

માટે 'વ્યાપ્વ્યાપકભાવના સંભવ વિના કર્તાકર્મની સ્થિતિ કેવી?' આહા.. હા! આવું ઝીણું છે પ્રભુ!

આહા... હા! 'અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય' એટલે? વ્યવહાર-રત્નત્રયનો જે વિકલ્પ છે એ આત્માનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક ઈ અતત્‌સ્વરૂપમાં હોઈ શકે નહીં ઈ અતત્ સ્વરૂપ છે!

આહા...! કો' ભાઈ..? આવું છે!!

(કહે છે કેઃ) 'इति उद्दाम–विवेक–धस्मर–महोभारेण' -ઓહો...! શું કહે છે, શું કળશ.. તે કળશ!! ઓહો...! 'આવો પ્રબળ વિવેકરૂપ' આવો પ્રબળ વિવેકરૂપ! એટલે...? રાગાદિના પરિણામ અતત્‌સ્વરૂપ છે ભગવાન જ્ઞાતાના પરિણામ તે તત્સ્વરૂપ છે. આવો પ્રબળ વિવેક છે!

આહા.. હા! 'આવો પ્રબળ વિવેકરૂપ' - આવો પ્રબળ ભેદરૂપ-આવો પ્રબળ ભેદજ્ઞાનરૂપ! 'અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે' -પ્રબળ વિવેકરૂપ-ભેદરૂપ અને જે જ્ઞાનને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે 'એવો જ્ઞાનપ્રકાશ.' રાગના પરિણામ તે પુદ્‌ગલતા પરિણામ તે પુદ્‌ગલનું વ્યાપ્ય તે અતત્‌સ્વરૂપ તે તત્‌સ્વરૂપમાં હોય શકે નહીં. ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા તે કર્તા, અને તેના પરિણામ જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર થાય, એ પરિણામ તેનું વ્યાપ્ય! આહા.. હા! એ પણ ભેદથી.. (કથન છે!) આવી વાત છે!

નિશ્ચયથી તો એ મોક્ષમાર્ગના પરિણામ ષટ્‌કારકથી પરિણમતાં પોતાથી છે. આહા.. હા! ભગવાન (આત્મદ્રવ્ય) ધ્રુવ છે એ ક્યાં પરિણામે છે? (અપરિણામી છે.)

આહા... હા! શું... કળશ!!

(કહે છે) વ્યાપયવ્યાપકપણું તત્‌સ્વરૂપમાં જ હોય! તો તત્‌સ્વરૂપ તો.. ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપ છે પ્રભુ! એ તત્‌સ્વરૂપમાં એનાં જ્ઞાનને આનંદના પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ કહી શકાય. પણ... રાગ વ્યાપ્ય અને વ્યાપક આત્મા કોઈ રીતે વિવેકથી-ભેદજ્ઞાન છે ત્યાં ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરાય...! આહા...!

દૃષ્ટિ ફેરે બધો ભાવ ફેર પડી જાય છે. હેં? દૃષ્ટિ એવી સૃષ્ટિ!! જ્ઞાયકની દૃષ્ટિ થઈ તેને ‘જાણવા-દેખવા ને મોક્ષનાં માર્ગને આનંદના પરિણામ, એ તેનું (આત્માનું) વ્યાપ્ય થાય છે અને તે જ્ઞાનમાં રાગ નિમિત્ત હોવા છતાં તે રાગ આત્માનું કાર્ય નહીં અને રાગથી જ્ઞાન થયું તે રાગનું કાર્ય નહીં.

ઝીણી વાત છે ભાઈ...!

આ તો વિતરાગ સર્વજ્ઞ પરમાત્મા, ત્રિલોકનાથ કેવળીના વચનો છે ઈ સંતો જગતને જાહેર કરે છે.

આહા.. હા! ‘આવો પ્રબળ વિવેકરૂપે’ – ઉદ્દામ્ વિવેક! ઉદ્દામ્ વિવેક! એમ.

પ્રબળ વિવેક!! ‘અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે’ (એટલે) જ્ઞાન તો સ્વને જાણે-પરને જાણે ઈ ‘જાણવાનું કાર્ય’ પોતાનું પોતાથી થાય, એ બધાને જાણવાનો-ગ્રાસીભૂત-કોળિયો કરી જાય! લોકાલોક છે તે પણ જ્ઞાનની પર્યાયમાં કોળિયો થઈ ગ્યો છે! નિમિત્તરૂપે!

આહા.. હા! ‘ગ્રાસીભૂત’ – એ જ્ઞાનની પર્યાયનો એટલો સ્વભાવ છે કે લોકાલોક ભલે એમાં નિમિત્ત હો પણ એ જ્ઞાનની પર્યાય પોતાના ઉપાદાનથી થઈ છે તેથી તે પર્યાયનો સ્વભાવ સર્વને કોળિયો કરી જવું (એવો છે)! કોળિયો નાનો ને મોઢું મોટું! એમ જ્ઞાનનો પ્રકાર મોટો ને જ્ઞેય (લોકાલોક) તે નાનો, કોળિયા સમાન છે. આહા.. હા!

ભાષા તો સાદી છે પ્રભુ! આ વસ્તુ તો પણ હવે બીજું શું થાય? આહા..! એને બીજી રીતે કરે તો કાંઈ.. આહા.. હા! ખરેખર, મુનિઓનો શુદ્ધ ઉપયોગ જે છે એ તેનું વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે ઈ પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ.. ભાઈ? શું કીધું? મુનિ એનો આત્મા કર્તા કહેવો અને મોક્ષમાર્ગના પરિણામ તેનું કાર્ય કહેવું- એ પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ, પણ રાગ તેનું કાર્ય છે-વ્યવહાર રત્નત્રયનો રાગ એનું આત્માનું કાર્ય છે એમ નથી!

(શ્રોતાઃ) અશુદ્ધનયે તો કહેવાય ને...! (ઉત્તરઃ) હેં? અશુદ્ધનયે તો પર્યાયમાં એની થાય છે ઈ અપેક્ષાએ, પણ સ્વભાવદૃષ્ટિએ અને સ્વભાવમાં નથી’ માટે તો એને પરનાં પરિણામ કીધાં. એમ કહેવું છે ને..! એ તત્સ્વરૂપ નથી એનું! એનું સ્વરૂપ તો ચૈતન્ય સ્વરૂપ છે, ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, એ તત્સ્વરૂપમાં રાગનું કાર્ય ક્યાંથી આવે?

આહા.. હા! ઈ તો બપોરે આવી ગયું હતું ને ચૈતન્યસ્વરૂપ!! ચારે કોરથી જુઓ તો સંતોની વાણીમાં અવિરોધપણું ઊભું થાય છે. પણ ધીરાના કામ છે ભાઈ...! આહા...! એ વાતને ઝીલવી એ પણ એક પાત્રતા હોય છે આવી વાત છે બાપુ... !

આહા... હા! ભગવાન આત્મા! એ રાગથી ભિન્ન પડેલો ને એકરૂપ ભેદજ્ઞાનમાં એવું જે જ્ઞાન (કે) ‘જેનો સર્વને ગ્રાસીભૂત કરવાનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી’ -જ્ઞાનપ્રકાશના ભારથી અજ્ઞાન-અંધકારને ભેદતો રાગ તે અજ્ઞાન છે તેને તોડતો ભેદતો सः एषः पुमान् આ આત્મા ‘ज्ञानीभूय’ જ્ઞાનસ્વરૂપ થઈને’ (અર્થાત્) જ્ઞાયક છે તે જ્ઞાનસ્વરૂપ થઈને’

આહા.. હા! દ્રવ્યસ્વભાવ! ગુણસ્વભાવ! જ્ઞાયકસ્વભાવ! સર્વજ્ઞસ્વભાવ! જેની શક્તિ જ પોતે... પોતાને ત્રિકાળીને પોતાથી ‘જાણે ને દેખે’ એવો એનો સ્વભાવ છે. ત્રિકાળજ્ઞાનદર્શનનો, ત્રિકાળી પોતાના

જ્ઞાન-દર્શનનો જાણવા-દેખવાનો સ્વભાવ છે! એ... જયારે પર્યાયમાં / આ તો ગુણમાં વાત કરી, હવે પર્યાયમાં જ્ઞાન થયું એનો પણ સર્વને ગ્રાસીભૂત કરવાનો સ્વભાવ છે.

આહા..! શું કહ્યું ઈ..? કે આત્માનો ત્રિકાળી જ્ઞાનદર્શન જે સ્વભાવ છે એ પોતાના ત્રિકાળીને જાણવા-દેખવાવાળું, શક્તિવાળું એ તત્ત્વ છે! આહા... હા! 'નિયમસાર' માં આવ્યું છે.

એ ત્રિકાળી જ્ઞાનદર્શન ને- ત્રિકાળીદ્રવ્યને, જ્ઞાનદર્શન-જાણવા-દેખવાના સ્વભાવવાળું છે. એ જયારે પર્યાયમાં પ્રગટ થાય તત્સ્વરૂપ! રાગથી ભિન્ન પડી સ્વભાવની દૃષ્ટિ થઈ ને આત્માનો આશ્રય આવ્યો ત્યારે જે પર્યાય પ્રગટ થાય છે. મોક્ષના માર્ગની એ જીવનું વ્યાપ્ય નામ કર્મ છે /કાર્ય છે. આ વ્યવહારરત્નત્રય એ જીવનું કાર્ય નહીં. એ... ભાઈ! આવું છે!! છે એમાં? આહા..! 'વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય.' અરે! ભગવાન શાસ્ત્રમાં કહ્યું છે ને એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે (અને નિશ્ચય સમજીશ) તો એ તત્ત્વનો વિરોધ થઈ જશે!

આહા.. હા! 'આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,' આ પર્યાયની વાત છે હો! એ ભગવાન (આત્મદ્રવ્ય) જ્ઞાયકસ્વરૂપ તો છે! પણ હવે પર્યાયમાં 'જ્ઞાનસ્વરૂપ થઈને' 'તે કાળે' 'कर्तृत्वशून्यः लसितः' થયેલો શોભે છે.' 'જાણવાના' પરિણામ જે થયા તે પરિણામ થયો થકો-પરિણામરૂપે થયો થકો એમ. રાગરૂપે થયો થકો નહીં. (પણ..) જ્ઞાનપરિણામરૂપે થયો થકો-થઈને 'તેકાળે- તત્સમયે' એમ. 'કર્તૃત્વ રહિત થયેલો શોભે છે.' - રાગના કાર્યના કર્તા રહિત થઈને જ્ઞાનસ્વરૂપ થઈને શોભે છે!

બહુ ગાથા સારી આવી છે, ભાઈ..! આહા..! એક કળશમાં કેટલું નાખ્યું છે!!

અહા..! એક, એક ગાથા ને...! એક, એક પદને...! એક, એક કળશ!! આખું સ્વરૂપ ભરી દેવાની તાકાત છે!!

ભાવાર્થઃ 'જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે વ્યાપક' (એટલે કે) દરેક અવસ્થામાં રહેલો હોય તેને વ્યાપક કહીએ. 'અને કોઈ એક અવસ્થા વિશેષ થાય તે' વ્યાપકનું વ્યાપ્ય-કાર્ય કહીએ.

આત્મા જ્ઞાયક! એની દરેક અવસ્થામાં વ્યાપક છે ને તેની જ્ઞાન પર્યાય જ તેનું વ્યાપ્ય છે. અવસ્થાવિશેષ-ઈ એનું કાર્ય છે. વ્યાપક જ્ઞાયક ત્રિકાળી બધી અવસ્થામાં વ્યાપનારો છે અને કોઈ એક જ અવસ્થા (વિશેષ) ઈ પર્યાય છે-વ્યાપ્ય છે. એ વ્યાપક બધી અવસ્થામાં વ્યાપનારો જ્ઞાનની પર્યાયમાં વ્યાપે છે. સમજાણું કાંઈ...?

આહા...! 'આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે' આંહી તો દ્રવ્યને સિદ્ધ કરવું છે ને પરથી ભિન્ન! આહા... હા! 'દ્રવ્ય તો વ્યાપક છે' આત્માજ્ઞાયકદ્રવ્ય તો વ્યાપક છે! 'અને પર્યાય વ્યાપ્ય છે' -મોક્ષમાર્ગની જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પર્યાય એ વ્યાપ્ય છે. કાર્ય છે.

આહા... હા! ઈ જ્ઞાયક છે તે કારણ પરમાત્મા છે, દરેક અવસ્થામાં ઈ હોય છે અને અવસ્થા-એકસમયનું વિશેષ તે તેનું કાર્ય છે. દ્રવ્ય વ્યાપક છે ને પર્યાય વ્યાપ્ય છે/નિર્મળ પર્યાય વ્યાપ્ય છે ઈ કહેવું છે હો! રાગ એનું વ્યાપ્ય છે ઈ આંહી છે નહીં. ઈ પુદ્ગલમાં જાય છે.

આહાહા! 'દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે' આંહી તો... ઈ સિદ્ધ કરવું છે ને...! પરથી ભિન્ન સિદ્ધ કરવું છે ને...! રાગ આદિ પુદ્ગલના ભાવ એનાથી ભિન્ન સિદ્ધ કરવું છે ને એથી આંહી કહે છે કે 'દ્રવ્ય

ને પર્યાય અભેદરૂપ જ છે' . દ્રવ્ય જે જ્ઞાયકભાવ અને નિર્મળ પર્યાય એ અભેદ છે. સ્વના આશ્રયે થયેલી તે અભેદ છે. અભેદ છે એટલે? પર્યાય દ્રવ્યરૂપ થઈ ગઈ છે એમ નથી. પણ.. પર્યાય આમ.. જે ભેદરૂપ (પરસન્મુખ) એ પર્યાય આમ (સ્વસન્મુખ) થઈ તે અભેદ થઈ!

આહા.. હા! એક.. એક શબ્દના અર્થ આવા! પકડાઈ એવું છે, ભાષા તો સાદી છે પ્રભુ! પણ તું એવો છો અંદરમાં અલૌકિક ચીજ!

આહા.. હા! એ જ્ઞાયક છે તે વ્યાપક છે અને એના નિર્મળ પરિણામ-મોક્ષનો મારગ તે વ્યાપ્ય છે. આમ દ્રવ્યને પર્યાય અભેદરૂપ જ છે. આંહી દ્રવ્યને પર્યાય જુદા છે એ આંહી નથી સિદ્ધ કરવું. (સમયસાર) સંવર અધિકારમાં તો ઈ પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે! પર્યાયનો કાળ ભિન્ન છે! દ્રવ્યનો ભાવ ભિન્ન છે!! આહા.. હા! અહીંયા તો પુદ્ગલના પરિણામથી ભિન્ન બતાવવું (છે) એવાં જે જ્ઞાનના પરિણામ થયાં તે તે જ્ઞાતાનું વ્યાપ્ય છે, જ્ઞાતા તેનો કર્તા છે!

આમાં ઘરે એની મેળે સમજે તો શું એમાંથી કાઢે? એ... ભાઈ? (કર્તાપણાના) ભાવ કરે! બીજું શું? (પરદ્રવ્યનું કાંઈ કરી શકે છે?) આ કર્યું ને આ (એવા ભાવ કરે!)

ભારે કામ બાપુ આકરાં!

જુઓ! પાછું શું કહે છે? 'જે દ્રવ્યનો આત્મા સ્વરૂપ અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથાવ સત્ત્વ.' જોયું? જે દ્રવ્યનો આત્મા એટલે સ્વરૂપ દ્રવ્યનો આત્મા સ્વરૂપ! સ્વરૂપ અથવા સત્ત્વ! (એટલે) દ્રવ્યનતો આત્મા, દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યનું સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, પર્યાયનું સ્વરૂપ, પર્યાયનું સત્ત્વ! ફરીને વધારે લેવાય છે હો? ફરીને... વસ્તુ છે જે ભગવાન આત્મા/અત્યારે એના ઉપર લેવું છે ને... !

એનું-દ્રવ્યનું સ્વરૂપ આત્મા, સ્વરૂપ મૂળ તો આ વ્યાખ્યા કરી કે, દ્રવ્યનો આત્મા એટલે દ્રવ્યનો ભાવ તે દ્રવ્યનું સ્વરૂપ! તે દ્રવ્યનું સત્ત્વ! આહા.. હા! સત્... સત્ પ્રભુ જ્ઞાયક! સત્દ્રવ્ય, તેનું જ્ઞાયકપણું તે તેનું સત્ત્વ!! સત્નું સત્ત્વ! આહા.. હા! 'તે જ પર્યાયનો આત્મા, પર્યાયનો ભાવ, તેજ પર્યાયનું સ્વરૂપ ને તે જ પર્યાયનું સત્ત્વ!

આહા.. હા! દ્રવ્યનું-સત્નું સત્ત્વ અને પર્યાયનું સત્ત્વ બેય એક છે. આ અપેક્ષાએ! પરનું સત્ત્વ જુદું પાડવું છે ને અત્યારે!

આહાહા! દયા-દાન-ભક્તિ-સ્તુતિનો રાગ છે તે પુદ્ગલનું-સત્નું સત્ત્વ છે! આ.. નિર્મળપર્યાય ને નિર્મળ ભગવાન (આત્મદ્રવ્ય) કે જે દ્રવ્યનો આત્મા! દ્રવ્યનો જે સ્વભાવ! તે જ સ્વરૂપે તે તેનું સત્ત્વ! તે જ પર્યાયનો આત્મા! આહાહાહા! આ એવું -ત્રિકાળીનું સ્વરૂપ એનું છે ને..! પર્યાયનો આત્મા તે ત્રિકાળીસ્વરૂપ! અને સત્ત્વ! 'આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે' દ્રવ્ય નિર્મળપર્યાયમાં વ્યાપે છે.

આહા... હા! કઈ અપેક્ષાનું કથન છે! (સમજવું જોઈએ ને.. !)

એક બાજુ કહે છે કે પર્યાય ષટ્કારકથી પરિણમે છે તેને દ્રવ્યગુણની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી!

આંહી તો.. પરથી પુદ્ગલનાપરિણામથી (જે) રાગ-દયા-દાન-વ્રતાદિ એનાથી ભિન્ન બતાવવા

દ્રવ્યનું સ્વરૂપ છે એ પર્યાયનું સ્વરૂપ છે એમ કીધું છે. આહા.. હા! કેવી અપેક્ષા વીતરાગમાર્ગની!

એ.. ભાઈ? સમજાય છે કે નહીં 'આ', ત્યાં તમારે કાંઈ સમજાય એવું નથી એક્કેય લીટી ત્યાં... (શ્રોતાઃ) સમજવા તો આવ્યા છે! (ઉત્તરઃ) વાત સાચી છે.

આહા.. હા! દ્રવ્યનો આત્મા એટલે દ્રવ્યનો ભાવ એમ. દ્રવ્યનું સ્વરૂપ, સત્ત્વ-બેયનો, આત્મા અને પર્યાયનો ભાવ! એનું સ્વરૂપ-સત્ત્વ! આંહી... રાગના દ્રવ્ય-સત્ત્વ, એની હારે કોઈ સંબંધ નથી. સમજાણું કાંઈ...?

આહા.. હા.. હા..! ઝીણું બહુ બાપુ! વીતરાગ મારગ! સર્વજ્ઞ પરમેશ્વર.. આરે...! એને લોકાલોકનું જ્ઞાન કહેવું ઈ કહે છે વ્યવહાર છે. એ જ્ઞાન લોકાલોકને કોળિયો કરી ગ્યું! 'પ્રવચનસારમાં' તો આવે છે ને.. કોતરાઈ ગયું, જ્ઞાનમાં કોતરાઈ ગયું! ખોડાઈ ગયું પ્રવચનસારમાં પહેલા ભાગમાં આવે છે ને..! આ તો સમયસાર છે. **પ્રવચનસારમાં છે 'એ બધા જાણે અંદરમાં જ્ઞાનમાં કેમ ન હોય!' કારણ કે એ સંબંધી જ્ઞાન થયું ને...! એટલે જ્ઞાનમાં છે એમ કહેવામાં આવ્યું!**

આહા.. હા! 'આમ દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે' દ્રવ્ય વસ્તુ છે તે પર્યાયમાં વ્યાપે-દ્રવ્ય જે વસ્તુ છે ઈ પોતાની નિર્મળ અવસ્થામાં વ્યાપે, ઈ એની અવસ્થા કહેવાય. રાગ એની પર્યાય નથી (આત્મ દ્રવ્યની) (શ્રોતાઃ) એ પુદ્ગલ છે રાગ? (ઉત્તરઃ) પુદ્ગલ!

આહા..! દ્રવ્ય-વસ્તુ પર્યાયમાં રહે-વ્યાપે છે. 'અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે' કાર્ય થઈ જાય-દ્રવ્ય વડે કાર્ય થાય.

આહા... હા! પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય! આવો મારગ વીતરાગનો'. આમાં.. ક્યાં બીજે ક્યાં.. (આવું તત્ત્વ છે!) અનાર્ય દેશ, લંડનમાં!

(શ્રોતાઃ) એમાં આ સાંભળવા ય ન મળે! (ઉત્તરઃ) સાંભળવા ન મળે? સાચી વાત બાપા! અરે...! આવી વાત બાપા! પ્રભુ તું કોણ છો?

તારા દ્રવ્યનું ને પર્યાયનું સત્ત્વ એક છે, કહે છે. અને રાગનું ને પુદ્ગલનું સત્ત્વ (તારાથી) ભિન્ન છે! પુદ્ગલની હારે (એનું સત્ત્વ) ગયું! પુદ્ગલ દ્રવ્ય છે ઈ એનો આત્મા ઈ એનું સ્વરૂપ ને સત્ત્વ! એવો જ રાગ, એનું સ્વરૂપ ઈ એનો આત્મા સ્વરૂપ ને સત્ત્વ!

ધીમે... થી.. કહેવાય છે પ્રભુ! વિચાર કરવાનો વખત મળે!

આહા.. હા! અરે! પરમાત્માના વિરહ પડયા, ત્રણલોકનો નાથ ભગવાન બિરાજે છે, એની 'આ વાણી છે' શબ્દો તો ભગવાન પાસેથી (સાંભળીને) લાવીને 'આ' વાણી (શાસ્ત્ર) બનાવી, (અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે) કહે છે ને..! કુંદકુંદાચાર્યના પેટમાં પેસીને.. આહા! ટીકા એણે કરી છે.

(કહે છે કે) 'આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ ઈ અભિન્ન સત્તા છે, પર્યાયને દ્રવ્ય! 'અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય' -ભગવાન આત્માનું સત્ત્વ દ્રવ્યને પર્યાયનું સત્ત્વ છે.

પણ.. જે વ્યવહાર-રત્નત્રયનો રાગ, ભગવાનની સ્તુતિનો રાગ, તેનું સત્ત્વને સત્ તદ્દન ભિન્ન છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા... હા.. હા! એ.. ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે બાપા! પરમાત્માની વાણી છે, ભગવાનની-તીર્થંકરદેવની...

આહા..! 'જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મ ભાવ હોય, વ્યાપ્યવ્યાપક ભાવ વિના, કર્તાકર્મભાવ ન હોય? વ્યવહારરત્નત્રયમાં વ્યાપ્યવ્યાપકપણું આત્માનું નથી માટે તેમાં કર્તાકર્મપણું (આત્માનું) નથી.

આહા..! 'આવું જે જાણે છે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે' -ઈ પુદ્ગલપરિણામ-રાગ આદિ છેલ્લે (ટીકામાં) કહ્યું હતું ને...! 'આવું જે જાણે છે તે પુદ્ગલને એટલે રાગાદિના પરિણામ પુદ્ગલ અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. ભગવાન આત્મા કર્તાને દાય દાનના ને ભક્તિના ને સ્તુતિના પરિણામ તે કાર્ય (આત્માનું) એમ જ્ઞાની માનતો નથી એમ કહે છે. 'પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.

'એમ જાણતાં તે જ્ઞાની થાય છે' આહા.. હા!

(કહે છે કે) કર્તાકર્મભાવથી રહિત થાય છે.

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પરિશિષ્ટ : કળશ ટીકા:કળશ: ૧૯૨ પ્રવચન ક્રમાંક - ૨૧૩ દિનાંક: ૨૪-૧-૭૮

આ કળશ ટીકા ચાલે છે. મોક્ષ અધિકારનો આ છેલ્લો કળશ છે. મોક્ષની વ્યાખ્યા કરશે.

**કળશ ૧૯૨**

बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत–
न्नित्योधोतस्फुटितसहजावस्थमेकान्त शुद्धम्।
एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं
पूर्ण ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।। १३–१९२।।

"एतत् पुर्ण ज्ञानं ज्वलितम्"

શું કહે છે? કે આ આત્મા જે છે અંદર તે જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ છે... એનું મૂળ અસલી સ્વરૂપ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. એ જેની પ્રગટ દશામાં પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન, પૂર્ણ અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય તે ચાર ગતિના ભ્રમણથી રહિત થાય છે, તેને મોક્ષ કહે છે.

મોક્ષ એ આત્માનું અતીન્દ્રિય શુદ્ધ પરિણામ છે; તો પછી એનું કારણ પણ અતીન્દ્રિય શુદ્ધ પરિણામ હોવું જોઈએ. સમજાય છે?

મોક્ષ શું છે? ... આવ્યું ને!

एतत् पूर्ण ज्ञानं ज्वलितम्.....

એ પ્રમાણે જે કહ્યું છે તે સમસ્ત કર્મમલકલંકનો વિનાશ થતાં જીવ દ્રવ્ય જેવું હતું... છે? આમાં સૂક્ષ્મ વાતો કહેલ છે. જે જીવ અંદર આત્મા છે તે જવો હતો તેવો પ્રગટ થયો. કેવો હતો આનંત આનંદ, અનંતજ્ઞાન, અનંત અતીન્દ્રિય શાંતિ, સ્વચ્છતાનો પિંડ-પૂંજ છે આત્મા! એ આત્મા જેવો હતો... જેમ લીંડીપીપરમાં ચોસાઠપોરી તીખાશ હતી તો ઘૂંટવાથી બહાર આવી... પ્રગટ, એ પ્રાપ્તની પ્રાપ્તિ-એમ જેવો હતો-જેમ ચોસાઠપોરી તીખાશ હતી... લીંડીપીપરમાં તો ઘૂંટવાથી ચોસાઠપોરી કહો કે રૂપીયા કહો બહાર પ્રગટ થઈ... એમ જીવ દ્રવ્ય જેવો હતો; આહાહા! આ મોક્ષની વ્યાખ્યા કરે છે. આ ભગવાન આત્મા.. આ દેહ તો જડ છે... માટી... ધૂળ-એને જાણવાવાળો નિશ્ચયથી તો આમ છે. જરા સૂક્ષ્મ પડશે પોતાની વર્તમાન પર્યાય જે જ્ઞાનીન છે તે **જ્ઞાનની પર્યાય પરને જાણે છે એ તો અસદ્‌ભુતનયથી કહેવામાં આવ્યું છે. ખરેખર તો પોતાના જ્ઞાનની પર્યાયને પર જાણવામાં આવે છે એ વ્યવહાર છે પણ પર્યાયને પોતાનું જ્ઞાન થાય છે એ નિશ્ચય છે.** આ બધું જે જાણવામાં આવે છે જેની સત્તામાં સત્તા એટલે જેની પર્યાય-હાલત-વર્તમાનમાં જે જ્ઞાનની અવસ્થા છે તે પર્યાય એમાં આ જે જાણવામાં આવે છે એ ખરેખર આ (પર) જાણવામાં નથી આવતું. પણ પોણાના જ્ઞાનની વર્તમાન અવસ્થાની તાકાત જાણવામાં આવે છે આ હા... હા... હા!

સૂક્ષ્મ છે ભાઈ! ધર્મ ઘણો સૂક્ષ્મ છે. લોકોએ બહારથી કલ્પના કરીને આ દયા, દાન, વ્રત અને ભક્તિ એ બધા કોઈ ધર્મ બર્મ નથી. ધમૃ તો અંતરની કોઈ અપૂર્વ ચીજ છે.

તો હવે કહે છે કે એક સમયમાં જે વર્તમાન દશા પ્રગટ છે એ દશામાં આ.. આ.. વગેરે જે જાણવામાં આવે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી જાણતી પ્રગટ થાય છે તે જણાય છે.. આહા!

**કેમકે જેમાં તન્મય થઈને જાણવું થાય તેને જાણવું કહેવાય છે... તો પરમાં કંઈ તન્મય થઈને જ્ઞાન જાણતું નથી.**

ઝીણી વાતુ છે બધી. આહાહા!

એમ કહે છે ને કે અંદર જેવું આત્મદ્રવ્ય હતું એવું પ્રગટ થાય છે ને! તો અહીં એમ કહેવું છે કે તેની વર્તમાન પર્યાયમાં જ્ઞાનની દશા પરને જાણતી હતી એ ખરેખર નથી. કેમકે **એ પરમાં તન્મય નથી. માટે ખરેખર પરને જાણતી નથી, પરંતુ પર સંબંધી જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે એને જાણે છે...** અહાહાહા!

આવું ઝીણું છે!

હવે તો બીજું કહેવું છે... ભાઈ!

**જીવની એક સમયની જ્ઞાનની વર્તમાન દશા પરને જાણે છે એમ તો છે નહીં; કેમકે તે એમાં તન્મય કે એકમેક તો છે નહીં તેમાં એકમેક થયા વગર તેને જાણે છે એમ કેમ કહી શકાય? ...**

ઝીણી વાત છે, પ્રભુ!

અહીં તો ભગવાન કહીને જ બોલાવવામાં આવે છે... અંદર આત્મા ભગવાન સ્વરૂપે જ છે, એની એને ખબર નથી. અહીં તો વર્તમાન એક સમયની જાણન દશા છે. એ પ્રગટ દશા એમાં **ખરેખર તો જ્ઞાનની પર્યાય જ જ્ઞાનની પર્યયને જાણે છે.** આહાહાહા! એ પણ હજી પર્યાય બુદ્ધિ છે. ઝીણી વાત છે, ભાઈ!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ થયા, એ ક્યાંથી થયા? એ અંદરમાં છે એમાંથી થયા છે. જેવા હતા એ થયા. અંદરમાં એની શક્તિ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિનો આદિ સાગર ભગવાન અંદર છે.

જેવો હતો તેને –**પ્રથમ પોતાની પર્યાયમાં પરને જાણતો નથી પણ પોતાને જાણે છે.** આ પણ એક સમયની પર્યાય બુદ્ધિ છે, આહા! એ એક સમયની અવસ્થા જેવો હતો એવું જ જાણે... ઝીણી વાત છે, ભાઈ! આતો ધર્મની વાત છે.

**વર્તમાનમાં એક સમયની દશા જે ચાલી રહી છે એ પરને જાણતી નથી. ખરેખર તો એ પોતાની પર્યાય પોતામાં તન્મય છે તો તે પોતાને જાણે છે. પરમાં તન્મય નથી.**

હવે એક સમયનીએ પર્યાય પોતાને જાણે છે ત્યાં સુધી તો તેની પર્યાય બુદ્ધિ અંશબુદ્ધિ એ વર્તમાન બુદ્ધિ થઈ... આ હા... હા... હા... હા!

આમ જાણે ત્યારે.... પરને જાણે એ વાત તો ક્યાંય રહી ગઈ. આહા! સમજાય છે?

ધર્મની આવી વાત છે. સર્વજ્ઞ પરમાત્મા–ત્રિલોકનાથ–જિનેન્દ્રદેવ–વીતરાગ પરમેશ્વરે ધર્મ કહ્યો છે એ અલૌકિક ચીજ છે. એ વગર જન્મ મરણનો અંત કદી નહીં આવે. જન્મ મરણ કરતાં કરતાં આ જીવ

અનંતકાળથી પરિભ્રમણ કરે છે... આહા!

શું કહે છે? આ મોક્ષની વાત ચાલે છે. પહેલાં આ વર્તમાન પર્યાય-મુક્ત સ્વરૂપ જીવ દ્રવ્ય જેવું છે એવું-આ વર્તમાન પર્યાયમાં જયારે જાણવામાં આવે છે ત્યારે તો તેને સમ્યગ્દર્શન્ પ્રગટ થાય છે. સમજાય છે?

આ આવી વાત છે, ત્યાં રૂપીયા પૈસામાં ક્યાંય આ મળે એમ નથી. કરોડો હોય... એ ધૂળમાં નહીં મળે... ધૂળ છે પૈસા... પાંચ કરોડ અને દસ કરોડને અબજ એ ધૂળ છે. આ પણ (શરીર) માટી છે. મસાણમાં રાખ થશે. આ... અંદર ભગવાન જે આત્મા છે. એ તો છે આનંદ સ્વરૂપ પ્રભુ-સચ્ચિદાનંદ સત્શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે. એને પર્યાયમાં એવો જણાયો... પહેલાં જાણવામાં આવ્યો... 'બરાબર' .... આહા!

શું કહેવા માગે છે?

કે મોક્ષ છે... પૂર્ણ... એકાંત શુદ્ધ... સર્વથાપ્રકારે શુદ્ધ... મોક્ષ છે એ તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિયશાંતિ આદિથી પૂર્ણ શુદ્ધ છે. એ મોક્ષ! અને સંસાર છે એ વિકારદશા છે. એ પરિપૂર્ણ વિકાર છે. પ્રાણી દુઃખી છે. એ પછી ભલે રાજા હો કે અબજપતિ હો! એ રૂપીયાના ધણી માલિક હોય છે તો તે દુઃઅી છે... અજ્ઞાની છે... મૂર્ખ છે. આહા!

તો જેવો આત્મા હતો એવો મોક્ષમાં પ્રગટ થયો, એનો અર્થ એ થયો કે વર્તમાન પર્યાયમાં જેવો હતો તેવો અંતર અનુભવમાં પ્રતીત થયો, ત્યારે તો મોક્ષ પરિપૂર્ણ શુદ્ધ છે. તેનો ઉપાય અપૂર્ણ શુદ્ધ પર્યાય પૂગટ થઈ.. શરુઆત થઈ... આહા! ઝીણીવાત, ભગવાન!

અનંતકાળથી ચોરાસીના અવતાર કરી કરીને રખડીને મરી ગયો છે. કીડા, કાગડા, કૂતરા એવા અનંત ભવ કર્યા... ચોરાસી લાખ યોનિ! એક એક યોનિમાં એણે અનંત ભવ કર્યા છે પ્રભુ! એને થાક નથી લાગ્યો એને આહા! અંદર જોતો નથી કે હું કોણ છું? આહાહાહા!

અહીં તો એક સમયની વર્તમાન દશામાં **પરને જાણતો નથી... એતો પોતાને જાણે છે; કેમકે પરમાં તન્મય નથી... કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહારનયથી છે. આહા! કેમકે એમાં તન્મય નથી...** તે રૂપે થતો નથી... જો પર્યાયરૂપે તે રૂપ થાય તો તેને તે જાણે.

**આહીં અજ્ઞાની કે જ્ઞાની વર્તમાન દશામાં પરને તન્મય થઈને જાણતા નથી માટે તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં તન્મય થઈને જાણે છે તો એનું નામ પર્યાયમાં પર્યાય જણાય છે એમ કહેવામાં આવ્યું.**

અહીં તો એનાથી પણ આગળ લઈ જવા છે....

આવી વતો છે, ભાઈ! આહા!

આવું મનુષ્યપણું મળ્યું ને જો આ તત્ત્વ-આત્મજ્ઞાન શું ચીજ છે એની ખબર ન પડી તો ચાર ગતિમાં દુઃખી થઈને રઝળશે.

અહીં તો કહે છે કે 'જેવો હતો તેવો પ્રગટ થયો.' આ મોક્ષની વ્યાખ્યા કરી. અંદરમાં જેવો હતો... અનંત આનંદ.. અનંત શાંતિ... શાંતિ... શાંતિ-શક્તિએ જેવો હતો એવો વર્તમાન દશામાં તેવો પૂર્ણ દશાએ પર્યાયમાં પ્રગટ થયો. એનુ નામ મોક્ષ હવે અહીં તો મોક્ષનું કારણ પહેલું બતાવવું છે આહા..

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


હા... હા..! જેવો છે. અનંત જ્ઞાન... અનંત આનંદ એમાં છે, પ્રભુ! આહા! જેમ લીંડીપીપરના દાણામાં ચોસઠપોરી તીખાશ અંદર ભરી પડી છે. અંદર પૂર્ણ ભરી છે ચોસઠપોરી-પૂરેપૂરો રૂપીયો! એ જેવી હતી એવી ચોસાઠપોરી પીપર પ્રગટ થઈ. એ ઘૂંટવાથી થઈ.. એ જેવો હતો.. આહા! કેવો હતો? કે પૂર્ણ જ્ઞાન-પૂર્ણ આનંદ-પૂર્ણ શાંતિ-પૂર્ણ સ્વચ્છતાથી ભરપુર ભગવાન જેવો હતો એવો પ્રગટ થાય છે.

વર્તમાન પર્યાયમાં પરને જાણે છે એવી પર્યાયની તાકાત માની છે એને હવે સ્વને જાણવાની તાકાત માની-એમ જાણીને એ પર્યાય સ્વને-ત્રિકાળીને જાણે ત્યારે તેને મોક્ષ માર્ગની પર્યાય પ્રગટી.. ઉત્પન્ન થઈ.

પૂર્ણ શુદ્ધ પર્યાય એ આત્માની પૂર્ણ શુદ્ધ દશા છે. તો પછી પૂર્ણ શુદ્ધ પરિણામનું કારણ પણ આત્માનું શુદ્ધ પરિણામ હોવું જોઈએ સમજાય છે?

આહા! ઝીણી વાત છે ભગવાન!

એણે આ વાત કદી સાંભળી નથી... કદી કરી નથી. આહાહા! બચપન ખેલામાં ખોયા.. રમતુમાં, યુવાની ગઈ સ્ત્રીના મોહમાં, વૃદ્ધાવસ્થા દેખીને રોયાં.. પણ તત્ત્વ...? અંદર ભગવાન આત્મા.. સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર જેવો હતો એવો પ્રગટ થયો એનું નામ મોક્ષ.

હવે બીજી વાત.

પૂર્ણ શુદ્ધ દશા એનું નામ મોક્ષ.. તો એનું કારણ પણ આત્માનું શુદ્ધ પરિણામ હોવું જોઈએ. શુદ્ધ વસ્તુ જેવી છે.... આહા! પરિપૂર્ણ! પરિપૂર્ણ!! વસ્તુ ભરી (પડી) છે; તેની વર્તમાન પર્યાય-દશામાં અંદરમાં જેવી છે એવી પ્રતીત અનુભવમાં આવી... ત્યારે તો તેને મોક્ષનો માર્ગ પ્રગટ થયો. મોક્ષ જે પૂર્ણ શુદ્ધ પર્યાય છે... પૂર્ણ પવિત્ર-અનંત આનંદની દશા છે તેના અપૂર્ણ શુદ્ધ પરિણામ શુદ્ધ સ્વભાવના ભાનમાં જે ઉત્પન્ન થયા તે પૂર્ણ શુદ્ધ પરિણામનું કારણ છે...

અહો... આવી આ વાતો...! આવો આ માર્ગ છે ભાઈ! અત્યારે સાંભળવો પણ મુશ્કેલ પડે છે. આહા! બહારમાં ધમાધમ.. જાણે બહારથી ધર્મ થઈ જશે. ધર્મ તો અંદર સ્વભાવમાં પડયો છે. આહા!

કહે છે કે 'જેવો હતો' અહીં શબ્દ આવ્યો છે ને! 'જિસ પ્રકાર કહા સમસ્ત કર્મોકા વિનાશ હોનેસે' શબ્દ તો પૂર્ણ જ્ઞાન છે પણ કર્મ તરફથી કથન કર્યું. કેમકે પહેલાં કંઈક મલીનતા હતી એ બતાવવા માટે... 'સમસ્ત કર્મોકા વિનાશ હોનેસે' મોક્ષમાં એક રાગ પણ રહેતો નથી કે જેથી ફરીને અવતાર કરવો પડે. ચણો હોય છે તેને શેકવાથી તે ફરીને ઉગતો નથી. કાચો હોય તો ઉગે છે. વાવે તો. એમ ભગવાન આત્મા પાકો થઈ ગયો... પોતાના આત્માને અજ્ઞાનને શેકવાથી અને પૂર્ણ પર્યાયની દશા પ્રગટ તો ફરીને સંસારમાં હવે અવતાર ધારણ કરશે નહીં. આહાહા! અવતાર ધારણ કરવા એ તો કલંક છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર અંદર પડયો છે. આહા! ક્યાં જૂએ? કદી જોયું નથી.... વર્તમાનમાં ત્રિકાળ વસ્તુ જેવી છે એવી પ્રતીતમાં જ્ઞાનમાં-અનુભવમાં આવે તે શુદ્ધ પરિણામ છે.... એ શુદ્ધ પરિણામ પૂર્ણશુદ્ધનું કારણ છે. સમજમાં આવે છે?

એક તો સમજવું કઠણ પડે..... તો પછી કરે કે' દિ! આહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શ્રોતા- આપ સહેલું કરી આપો.

સહેલામાં સહેલી ભાષાથી તો આવે છે. કરવું તો એને પડશે ને? કોઈ કરી દયે? કોઈ મદદ કરી દયે એ પણ ખોટી વાત છે.

જીવ દ્રવ્ય, એટલે વસ્તુ, અને ભગવાન આત્મ તત્ત્વ.. તત્ત્વ કહો- દ્રવ્ય કહો વસ્તુ કહો- પદાર્થ કહો- એ આત્મદ્રવ્ય - આત્મપદાર્થ -આત્મ વસ્તુ - આત્મ તત્ત્વ - જે ત્રિકાળી વસ્તુ અવિનાશી - કદી નવી ઉત્પન્ન થઈ નથી કદી તેનો નાશ નથી. એવી અંતર વસ્તુ જે છે 'જેવો હતો' ... આહાહાહાહા..! 'જેવો હતો..! કેવો હતો તો અનંત ગુણે બિરાજમાન! એ અનંત ગુણે બિરાજમાન છે! આહા! સૂક્ષ્મવાત છે પ્રભુ... અનંત શક્તિઓ અંદરમાં છે. અનંત જ્ઞાન અનંત દર્શન એવા અનંત ગુણોથી બિરાજમાન છે. 'જેવો હતો' એવો પ્રગટ થયો.. એવો પરિણમનમાં પ્રગટ થયો બહારમાં. શક્તિ હતી.. એ પ્રાપ્તની પ્રાપ્તિ થઈ.. પર્યાયમાં.. પહેલાં કહ્યું હતું ને! કે પર્યાયને દ્રવ્યની પ્રતીત અનુભવ કરવાથી થાય છે.. એને મોક્ષનો માર્ગ શરુ થાય છે. ત્રિકાળનો પૂર્ણ આશ્રય થયો તો કેવળજ્ઞાન અને મોક્ષની દશા થાય છે. તો એ મોક્ષ દશાનું કારણ.. પહેલાં તો એમ કહ્યું હતું કે 'કર્મોનો નાશ થવાથી' ... એમ કહ્યું હતું ને? કલંકનો નાશ કરીને.. જીવ દ્રવ્ય જેવો હતો- અનંત ગુણે બિરાજમાન જેવો તે પ્રગટ થયો. કેવો પ્રગટ થયો?

'मोक्षम् कलयत्..' મોક્ષની વ્યાખ્યા... જીવની નિષ્કર્મરૂપ અવસ્થા.. આ મોક્ષની વ્યાખ્યા. જે રાગવાળી અને કર્મવાળી દશા છે એ તો સંસારમાં રખડવાની ચીજ છે. કર્મ અને રાગ વગરની નિષ્કર્મ અવસ્થા- પૂર્ણ નિષ્કર્મ અવસ્થા આ નાસ્તિથી વાત કરે છે. રાગ અને કર્મથી રહિત અવસ્થા એનું નામ મોક્ષ અને કર્મ અને રાગની અવસ્થા એનું નામ સંસાર.. આહા!

જીવની જે નિષ્કર્મરૂપ અવસ્થા આ મોક્ષની વ્યાખ્યા કરેછે. कलयत्.. એ રીતે પરિણમી ગયા.. कलयत् છે ને! અનુભવ થઈ ગયો. પરિણમન થઈ ગયું. કેવી છે મોક્ષ અવસ્થા? પૂર્ણ કર્મ કલંક રહિતપૂર્ણ અશુદ્ધતાથી રહિત જેવો પૂર્ણ શુદ્ધ હતો તેવું પરિણમન થયું. આ દશા પર્યાયમાં થઈ એને મોક્ષ કહે છે. આહા! સમજાણું કાંઈ?

આ આવી વાત! ભાઈ, મારગ તો આવો છે, આહા! અત્યારે તો જુઓને નાની ઉંમરના કેટલાકને હાર્ટફેઈલ થઈ જાય છે. દસ દસ વર્ષની ઉંમર-પચ્ચીસ-પચ્ચીસ વર્ષની ઉંમર ખ્યાલ ન હોય કોઈને એક સેકન્ડમાં હાર્ટ બેસી જાય! ફટ, સ્થિતિ પૂરી થઈ.. બસ ફડાક.. હાર્ટ બેસી જાય. એ સંયોગી ચીજ છે. આ તો સંયોગી ચીજ એટલે એની સ્થિતિ પૂરી થાય કે છૂટી જાય.

પોતાનું આ તો જેવું સ્વરૂપ હતું એવું પ્રગટ થયું તો રાગ અને કર્મને શરીર એને કારણે છૂટી જાય છે. આહાહાહા! એનું નામ મોક્ષ કહેવામાં આવે છે. જેમાં અતીન્દ્રિય આનંદ છે... જેમાં અતીન્દ્રિય અનંત જ્ઞાન છે.. કેમ? કેમકે 'અનંત ગુણ સહિત બિરાજમાન' એમ કહ્યું હતું ને? એ પ્રગટ થયું. આહા! નિષ્કર્મ અવસ્થા... જેવો બિરાજમાન હતો એ પ્રગટ થયો, શું પ્રગટ થયું? જીવની જે નિષ્કર્મ અવસ્થા-એવું પરિણમન થયું... અરે! આવા શબ્દો છે.

પૂર્ણ દશા.. અનંત અનંત આનંદ! સિદ્ધની દશાનું વર્ણન છે ને! બહેન કહે છે ને? સિદ્ધની વ્યાખ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શાંતિ- શાંતિ - શાંતિ! ૐ શાંતિ! આહાહા! બેનનું વાંચન વાંચીને તો પાગલ થઈ જવાય એવું છે. દુનિયાના લોકોમાં કોઈ પાગલ થઈ જાય છે એ નહીં. આ તો અંદરના પાગલ... બીજું કાંઈ સૂઝે નહીં આત્મા.. આત્મા.. આત્મા! આનંદ..! આનંદ..! આનંદ..! શાંતિ. બેને લખ્યું છે ને કે વિભાવથી ભિન્ન તારી ચીજ છે ને! વિભાવ એટલે વિકાર... વિકાર એટલે પુણ્ય અને પાપના ભાવ, આ બધા વિભાવ અને વિકાર છે, એનાથી અંદર ભગવાન આત્મા ભિન્ન છે. આહાહાહા!

એ જેવી શક્તિ હતી એવી નિષ્કર્મ અવસ્થારૂપ પરિણમન થયું.. જોયું? कलयत् શબ્દ હતો ને એનો અર્થ પરિણમન કહો - અનુભવ કહો - અવસ્થા કહો - અભ્યાસ કહો - બધા એક જ અર્થ છે.

कलयत् - અવસ્થામાં પરિણમન થયું. શું કહ્યું? જેમ ચોસઠપોરી લીંડીપીપરમાં અંદર શક્તિ છે તેને ઘૂંટવાથી બહાર આવે છે. ચોસઠપોરી એટલે પૂર્ણ તીખાશ એ બહાર પ્રગટ થઈ. એમ ભગવાન આત્મામાં એક જડ ચીજ એવી લીંડીપીપરમાં પૂર્ણ તીખાશ ભરી છે ને બહાર પ્રગટ થાય છે તો પછી આ તો ચૈતન્યનો નાથ ભગવાન અંદરમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ચોંસઠ પોરી-પૂરો રૂપીયો - ચોસઠ પૈસા - ભર્યો પડયો હતો એ પર્યાયમાં - દશામાં -અનુભવમાં આવ્યો.

ત્યાં પૈસામાં ક્યાંય આ સાંભળવા મળે એમ નથી.. પૈસાવાળા બધા દુઃખી છે બિચારા. શાસ્ત્રમાં તો પૈસાવાળાને ભિખારી કહ્યા છે, ।। ભીખ માગે છે! ભગવાન થઈને ભીખ માગે છે, " પૈસા લાવો " " પૈસા લાવો " " પૈસા લાવો " " બાયડી લાવો " " છોકરાં લાવો " " આબરૂ લાવો " અરે! ભિખારી છો તું? અનંત અનંત અંદર શાંતિ અને આનંદ પડયા છે. તારી લક્ષ્મી તો અંદર પડી છે. સચ્ચિદાનંદ પ્રભુ, એ લક્ષ્મીનો અંદર ધણી થાય ને! એનો સ્વામી થાને! આહાહા! સમજમાં આવે છે? આકરી વાત છે. દુનિયાથી વિરુદ્ધ છે. પણ આ તારા આત્માના ઘરની વાત છે તારા આત્માની વાત છે નાથ! પ્રભુ! તું અંદર કોણ છો? આ દેહ તો માટી છે... હાડકાં છે મસાણમાં રાખ થઈને ઉડી જશે. આહાહાહા! તું ઉડે અને નાશ થાય એવો નથી. તું તો અવિનાશી છો. અનાદિ અનંત છો.. ' છે ' એની ઉત્પત્તિ નહીં, ' છે ' એનો નાશ નહીં, ' છે ' એ તો પ્રગટ છે...! આહા! છે?

કેવો છે મોક્ષ? " अक्षय्यम् " આગામી અનંત કાળ પર્યંત અવિનશ્વર છે. આહાહા! જેવી વસ્તુ છે.. આત્મ તત્ત્વ અનંત આનંદ અવિનશ્વર જેવી મોક્ષ અવસ્થા... પર્યાય થઈ... દશા થઈ હવે એ પણ અવિનશ્વર થઈ કેમકે અવિનશ્વર આત્મા છે. એની દશામાંથી અનંત આનંદ આદિ પૂર્ણ પ્રગટ થયો મોક્ષ... ( તો ) પર્યાય ( પણ ) અવિનશ્વર છે, એ પણ અનંતકાળ રહેશે. આહાહાહા!

મોક્ષ થાય પછી અવતાર ધારણ કરવો પડે.. ( એમ નથી )...

( શ્રોતા ) - ભક્ત ભીડમાં આવે ત્યારે.. ભગવાન આવે?

જવાબ - એ વાત બધી ખોટી... ભગવાનને ભીડ શું? પોતાના સ્વરૂપમાં પૂર્ણ આનંદ દશા થઈ ગઈ. એનું જ્ઞાન પણ કરતા નથી.. એ જ્ઞાન તો પોતાની પર્યાયનું કરે છે એ અવતાર લે? બાપુ મારગડા જુદા, પ્રભુ! આહા! અત્યારે તો પ્રાણીઓ બિચારા દુઃખી... એક તો મોંઘવારી... ગરીબ આધાર-માણસને મળવું મુશ્કેલ પડે.. પૈસાવાળાને ઘણું દેખાય.. બેય દુઃખી.. રાંક દુઃખી-શેઠ દુઃખી-રાજા દુઃખી - દેવ દુઃખી! સુખી એક સંત કે જેને આત્માનું ભાન થયું. હું તો અનંત આનંદ કરું છું... સચ્ચિદાનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રભુ એનું જેને ભાન થયું એ જગતમાં સુખી છે. સુખિયા જગતમેં સંત દુરિજન દુઃખીયા.. આહા.. હા.. હા..! આ બધા દુઃખિયા ફરે છે જગતમાં સાચી વાત હશે?

અહીં તો કહે છે મોક્ષ અવસ્થા કોને કહીએ કે આગામી અનંતકાળ સુધી રહેનારી અને જે અતુલ-ઉપમા રહિત છે. આહા! એ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન છે અંદર એ જયારે પર્યાયમાં અનુભવ કરી અંતરમાં-દશામાં પૂર્ણ આનંદ થયો એની ઉપમા કેમ દેવી? કોની ઉપમા દેવી શું એમ કહેવું કે ઇન્દ્રના સુખ કરતા અનંતગણું સુખ મોક્ષમાં? ઇન્દ્રના સુખ તો ઝેરના સુખ છે, આ આત્માનું સુખ તો અતીન્દ્રિય સુખ છે, તો અતીન્દ્રિય સુખને કોઇ ઉપમા છે? નહીં... સમજાય છે કાંઈ? આહા!

અતુલ અને ઉપમા રહિત છે. કયા કારણથી? "बन्धच्छेदात्" બન્ધને મૂળ સત્તામાંથી નાશ કરી નાખે એવા. લ્યો! જેમ એ ચણાના ઉપરના ફોતરા નાશ થાય છે અને ચણો (શેકાયને) પાકો થાય છે અને પછી તે ઉગતો નથી અને મીઠાશ આપે છે... એ મીઠાશ આવી ક્યાંથી?

કાચા ચણામાં મીઠાશ ન હતી. તુરાશ હતી- અને પાકા ચણામાં મીઠાશ આવી એ ક્યાંથી આવી? એ શું બહારથી આવી છે? ... અંદરમાં મીઠાશ પડી હતી તે બહાર આવી છે... શેકવાથી આવી છે? તો (કોઈ) લાકડાને શેકે, કોલસાને શેકે તો મીઠાશ બહાર આવવી જોઈએને? ચાણામાં (તો) મીઠાશ પડી છે. એ શેકવાથી બહાર આવી. એ મીઠાશ જેમ છે એમ આત્મામાં અતીન્દ્રિય આનંદની મીઠાશ છે. ચણો તો એ (પોતાની) મીઠાશને જાણતો નથી... અને ચણાની મીઠાશનું જ્ઞાન થયું એ ચણાની મીઠાશનું નથી. આહાહાહા!

એ સમયે એ પર્યાયમાં જે જ્ઞાન થયું એ પોતાના કારણે થયું છે... 'ચણામાં મીઠાશ છે' એવું જ્ઞાન હોં! એ જ્ઞાનમાં પોતાનું જ્ઞાન તન્મય છે... તો જે જ્ઞાનમાં મીઠાશનું જ્ઞાન છે એવું એ જ્ઞાન જો અનંતજ્ઞાનની મીઠાશમાં લાગી જાય... આહા! અનંત આનંદ અંદર ભર્યો છે. એમાં મીઠાશ લાગી જાય અંદરમાં તો પર્યાયમાં પૂર્ણ આનંદ થઈ જાય છે. આગામી કાળમાં પછી એનો કોઈ નાશ નથી છે? કેમકે આઠ કર્મ છે... અને રાગ-દ્વેષ-પુન્ય-પાપ એ ભાવ કર્મ છે... જડ કર્મ આઠ છે એ બધાનો નાશ થાય છે.

કયા કારણથી?

મૂળ સત્તાનો (કર્મની) નાશ થવાથી.

કેવું છે શુદ્ધ જ્ઞાન?

"नित्योद्योतस्फुटित्तसहजावस्थम्" શાશ્વત પ્રકાશથી પ્રગટ થયું છે. આત્મા જેવો શાશ્વત અવિનાશી છે એની શક્તિઓ અનંત આનંદાદિ શાશ્વત છે. એવો પર્યાયમાં શાશ્વત અતીન્દ્રિય આનંદ પ્રગટ થઈ ગયો.. આહાહા! વસ્તુ શાશ્વત ગુણ શાશ્વત- પર્યાય અવસ્થા શાશ્વત! દ્રવ્ય ગુણ શાશ્વત, અને પર્યાય જે અસ્થિરતાની અશાશ્વત હતી સંસારની, રાગ-દ્વેષની તો હવે જેવું દ્રવ્ય શાશ્વત, વસ્તુ! એની શક્તિ ગુણ આનંદ આદિ શાશ્વત, એવી પર્યાય શાશ્વત થઈ ગઈ. આહાહાહા!

આવો આ ઉપદેશ કઈ જાતનો હશે? દયા પાળવી, વ્રત કરવા, દેશની સેવા કરવી. કોણ કરે? ભગવાન! આહા! તારા શરીરમાં રોગ આવે છે તો એને મટાડવાની શક્તિ તને નથી... શરીર જડ છે... તો પરને તું મટાડી શકીશ? અભિમાન છે.. અજ્ઞાનમાં અહીં તો કહે છે પોતાને મટાડી શકે છે નિત્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઉદ્યોત-શાશ્વત પ્રકાશ - સ્ફુટિત. કાલ આવ્યું હતું ને? જુઓ અહીં આવ્યું.. સ્ફુટ... સ્ફુટિત હું એટલે પ્રગટ થયો. જેવો અંદરમાં આનંદ હતો તેવો પ્રગટ થયો. આહા!

કેવું છે જ્ઞાન? નિત્ય પ્રગટ થયું. सहजावस्थम् અનંત ગુણ બિરાજમાન શુદ્ધ જીવ દ્રવ્ય.. એવું. "सहज्अवस्थम्" આ પર્યાય દશાની વાત છે. જેવો ત્રિકાળ શક્તિરૂપ પ્રભુ છે, એવો અનુભવ કરીને આનંદનું વેદન કરીને - આત્મજ્ઞાન કરતાં કરતાં - સ્થિર કરતાં કરતાં - પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ, એ પૂર્ણ શાશ્વત દશા છે.

અનંત ગુણે બિરાજમાન શુદ્ધ જીવ દ્રવ્ય જેમ છે એવી પર્યાય પણ અનંત શુદ્ધ અનંત કાળ રહેશે. આહા! સંસારનો નાશ અને મોક્ષની ઉત્પત્તિ. આમ દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ. શું કહે છે આ? આ તો વિજ્ઞાનનું પણ વિજ્ઞાન છે. આ અંતર આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન વગર કદી જન્મ મરણનો અંત થશે નહીં. ચોરાશીના અવતારમાં રખડી રખડી - ઘાંચીની ઘાણીની જેમ પીલાઈને મરી ગયો છે. બાપા!

અહીં કહે છે કે પોતે નિત્ય પ્રગટ થયો. સહજ અનંત ગુણોથી બિરાજમાન "सहजअवस्थम्" એ શબ્દ છે... अवस्थ એટલે નિશ્ચયથી સહજ અનંત ગુણ છે બસ! એમ લેવું. અવસ્થા નહીં. अवस्थ એટલે ચોક્કસપણે છે.

કેવો છે? "एकान्तशुद्धम्" હવે આવ્યું. ઓહોહોહો! આત્મા અનંત એકાન્ત શુદ્ધ હતો અંદર એનો અનુભવ કરતાં કરતાં એવી અંદર દશા પ્રગટ થઈ... આત્મ જ્ઞાનમાં લીન થતાં તો... એ પર્યાય પણ એવી એકાન્તશુદ્ધ - સર્વથા શુદ્ધ કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ એમ નહીં... આહા! એ સિદ્ધને કોઈ દુઃખી કહે તો એ દુઃખી છે નહીં, પૂર્ણ આનંદસ્વરૂપ છે.

જેને પૂર્ણ આનંદ પ્રગટ થયો પછી તેને જન્મ મરણ છે નહીં एकान्तशुद्धम्- સર્વથા પ્રકારે શુદ્ધ છે.

'પરમાત્મ પ્રકાશ' માં તો કહ્યું છે કે ઇન્દ્રિયોનું સુખ ભગવાનને નથી. 'પરમાત્મ પ્રકાશ' નો ન્યાય. ઇન્દ્રિયોનું સુખ શું...? એ તો કલ્પના માત્ર છે પર જડની.

અહીં તો કહે છે એકાન્તશુદ્ધ - એકાન્ત પરિપૂર્ણ સુખી. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન અંદર અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો નાથ સાગર અંદર બિરાજમાન.. એનો અંતરમાં અનુભવ કરતાં કરતાં એનું અનુસરણ કરતાં કરતાં દશામાં જ્યાં પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ.. એ નિત્ય એકાન્ત શુદ્ધ છે.

કેવો છે? અત્યંત ગંભીર ધીર અનંત ગુણે બિરાજમાન ગંભીર. શું કહે છે? ગૂમડું હોય છે ને? ગંભીર ગૂમડું... બહુ પાકી ગયેલું.. વાટ પણ અંદર જઈ ન શકે. એમ આત્માનો આનંદ જ્યાં પ્રગટ થયો... એ અત્યંત ગંભીર એટલે? એટલે કે આનંદની એટલી ગંભીરતા કે જેનો પાર નહીં! આહા! એવો આનંદ અંદર પડયો જ છે. એની દૃષ્ટિ અને સમ્યગ્દર્શનને જ્ઞાનનો અનુભવ કરતાં કરતાં એ પ્રગટ થાય છે. અનંત અનંત ગંભીર જેની એક સમયની દશા પૂર્ણ મોક્ષ એનો પાર નહીં.. અક્ષય અનંત ગંભીર છે. આહા! અક્ષય અનંત.. એ ચારિત્રને (પણ) અક્ષય અનંત કહ્યું. કારણ કે અક્ષય અનંતની મર્યાદા શું? અત્યંત ગંભીર છે, ભાઈ!

એ મોક્ષનો માર્ગ એ ધર્મ. ધર્મ તો કોઈ અલૌકિક ચીજ છે.. એ કોઈ બહારથી પ્રાપ્ત થતી નથી. અંતર આત્મામાં છે, એનું ધ્યાન કરવાથી - અંતરના આનંદનું ધ્યાન કરવાથી આનંદ અને ધર્મ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આંહીં તો થોડી દયા પાળે અને થોડા પૈસા ખર્ચે તો કહે કે ધર્મ થઈ ગયો, લ્યો! ધૂળમાં ધર્મ નથી. તારા કરોડ બે કરોડ ખર્ચી નાખને અબજ ખર્ચી નાખને! એ તો ધૂળ છે માટી. માટીમાં ધર્મ ક્યાંથી આવ્યો?

અહીં તો કહે છે અત્યંત ગંભીર અને ધીર એમ બે અર્થ (શબ્દ) વાપર્યા. અનંત ગુણે બિરાજમાન એવો ધી.. ર... એટલે સરલતાથી રહેનાર છે. શાશ્વત રહેનાર છે. સંસારનો નાશને મોક્ષ થયો આત્માનો.. પોતાનો અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાન થયું.. શાશ્વતસુખ.. આહા! (જુઓ) છે?

કયા કારણથી?

"एकाकारस्वरसभरत:" એકરૂપ થયું. અનંતની એકરૂપ દશા થઈ ગઈ.. જ્યારે વિકારી દશાહતી તે અનેકરૂપ હતી. જ્યાં અંતરમાં મોક્ષ દશા થઈ તો એકરૂપ પૂર્ણ આનંદ પ્રગટ થયો. એકરૂપાં આનંદ છે; અનેકપણાનો નાશ થયો એવો એકરાર આહા! અનંત જ્ઞાન-અનંત દર્શન- અનંત સુખઅને અનંત વીર્ય એના અતિશયથી-વિશેષ કારણથી સુખી છે.

કેવો છે?

"स्वस्थ अचले महिम्नि लीनं"

પોતાના નિષ્કંપ પ્રતાપમાં મગ્ન છે. આ રીતે સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં આત્મદ્રવ્ય સ્વાધીન છે અને ચાર ગતિમાં પરાધીન છે. ચાહે તો નરકમાં - મનુષ્યમાં પશુમાં કે દેવમાં બધા પરાધીન છે.

આમ મોક્ષનું સ્વરૂપ કહ્યું.

મોક્ષનું વર્ણન પૂરું થયું.

* * *

# શ્રી કળશ ટીકા કળશ - ૨૧૫ પ્રવચન ક્રમાંકઃ ૨૩૯ દિનાંકઃ ૨૩-૨-૭૮

કળશ ટીકા ૨૧૫ કળશ ફરીને (લેવામાં આવે છે)

शुद्ध द्रव्यनिरूपणार्पितमतस्तत्त्वं समुत्पश्यतो
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।
ज्ञानं ज्ञेयमवैति यतु तदयं शुद्धस्वभावोदय:
किंद्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्चयवन्त जना:।। २३-२१५।।

**"जना: तत्त्वात् किं च्यवन्ते"**

"હે! સંસારી જીવો' – આચાર્ય કરુણા કરીને કહે છે, 'હે જીવો!' આહા! 'જીવવસ્તુ ત્રણકાળ શુદ્ધ સ્વરૂપે છે.' શું કહે છે? ભગવાન આત્મા તો શુદ્ધ સ્વરૂપ જ છે. પરને કરે નહિ દયા દાનના ભાવને કરે એમેય નથી.

પરને કરે તો નહીં, દયા દાનના ભાવને કરે એવો નથી એ તો શુદ્ધ જીવવસ્તુ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, એટલે? અંદર રાગ આવે એને સ્પર્શ કર્યા વગર જ્ઞાન જાણે એવો એનો સ્વભાવ છે. શું કહ્યું સમજાણું? આહા! ભગવાન જ્ઞાન સ્વરૂપ આત્મા, એને કોઈ દયા, દાનાદિનો રાગ આવે પણ એથી પરની દયા કરી શકે એ તો પ્રશ્ન છે જ નહીં. આહા! આવી ચીજ છે. પણ એ ભાવ આવ્યો એને જ્ઞાન સ્વભાવ સ્પર્શતો નથી. શું કહ્યું? જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા તો ચૈતન્ય જ્યોત ચેતના, એ રાગાદિ અચેતન સ્વભાવને સ્પર્શતો નથી. આહા!

એ તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એમ જેના જ્ઞાનમાં જણાયએ આત્માને અંદર રાગ થાય તે રાગને સ્પર્શ કર્યા વગર રાગને જાણે છે. સમજાણું કાંઈ? પરની દયા પાળવી આદિ તો કરી શકતો નથી. કેમ કે પરને અડી શકતો નથી. પણ અંદરમાં રાગ આવે એ પણ શુદ્ધ જીવના સ્વભાવમાં રાગનું અડવું અને ચુંબન કરવું એટલે સ્પર્શવું એ ચૈતન્ય ઘન ભગવાન આત્માની સત્તા જાણવા દેખવાની છે એ જાણવા દેખવામાં જે રાગ આવે એને પણ સ્પશર્યા વિના તે પોતાના ક્ષેત્રમાં – ભાવમાં રહી એને જાણી લ્યે છે. છે? કેમ ભ્રષ્ટ થાય છે... એવા અનુભવથી કેમ ભ્રષ્ટ થાય છે? એટલે રાગને જાણતાં એને એમ થઈ જાય છે કે અરે હું રાગ રૂપ થઈ ગયો.. અથવા રાગ મારા સ્વરૂપે થઈ ગયો એમ જીવ કેમ ભ્રષ્ટ થાય છે? આહા!

બહુ ઝીણી વાતો છે, બાપુ! જૈન ધર્મ બહુ સૂક્ષ્મ છે.. લોકોએ કલ્પનાઓ કરી છે એ બધી બહારની વાતો.

અહીં તો જીવ શુદ્ધ સ્વરૂપ છે એ રાગને જાણતાં રાગને અડતો નથી. એ પર જ્ઞેય છે અને ખરેખર એ રાગ છે તે ચેતનથી ભિન્ન જાત છે માટે અચેતન છે. એ અચેતનને ચેતન અડતો નથી. આહા!

શ્રોતા– 'અડે તો શું વાંધો આવે?"

ઉત્તરઃ અડે તો વાંધો એ આવે કે મલિન માને. મિથ્યાદ્રષ્ટિ એમ માને. અડે શું? સ્પર્શી શકતો નથી. કેમકે રાગ અને જ્ઞાયક ભાવની વચ્ચે અત્યંત અભાવ છે. રાગ તત્ત્વ એ પર તત્ત્વ છે. મલિન તત્ત્વ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે. અચેતન તત્ત્વ છે. ભગવાન ચેતન તત્ત્વ છે. નિર્મળ તત્ત્વ છે... જ્ઞાયક સ્વભાવથી ભરેલ તત્ત્વ છે. એ રાગને અડયા વિના જ્ઞાન પોતાના ભાવમાં રહી સ્વક્ષેત્રમાં રહીને રાગને જાણે છે. પણ લોકો રાગને જાણતાં તેને જાણું છું. એટલે સ્પર્શ કરું છું એમ ભ્રષ્ટ કેમ થઈ જાય છે? આહાહાહા! છેલ્લી ગાથાઓ..

બે વસ્તુ તદ્દન ભિન્ન છે. ભિન્નને ભિન્ન અડી શકતો નથી... "બહિર લોટન્તિ" એ આવી ગયું છે... આહા! એ રાગથી ભગવાન આત્મા "બહિર લોટન્તિ" .. બહાર ફરે છે, અને આત્માના સ્વભાવથી પણ રાગ "બહિર લોટન્તિ" ..

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આવી ચોખ્ખી વાત છે. જમીનને અડતો નથી.. એ દાખલો આપ્યો હતો ને ચાલવાનો.. આ શરીર ચાલે (ત્યારે) પગ જમીનને અડતો નથી. અરેરે! આ વાત ક્યાં છે? .. કેમકે જમીનની પર્યાય અને આત્માની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે... અત્યંત અભાવમાં ભાવ એ સ્પર્શ-રૂપે કેમ હોય શકે?

આવું છે...!

વીતરાગ માર્ગ.. સત્ય.. કોઈ અલૌકિક છે. સાંભળવા મળે નહીં બચારા ક્યાં જાય?

રખડપટ્ટી ચોરાશીની.. કાગડા કૂતરાના અવતાર કરી કરીને મરી ગયો.. જન્મ.. મરણ.

અહીંઆ તો આચાર્ય, મહારાજ એમ કહે છે કે 'વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે. શું પ્રગટ છે? રાગને સ્પર્શ્યા વિના પર દ્રવ્યને અડયા વિના જ્ઞાન એને જાણે એવું વસ્તુનું સ્વરૂપ તો પ્રગટ છે. આહાહાહા! સમજાય છે? ભાષા તો સાદી છે.. ભાવ ઊંડા છે. આહા!

આ બીડી પીવે છે એને કહે છે કે બીડીને હાથ અડતો નથી. એમ હોઠને આત્મા અડતો નથી. એમ રાગ થયો તેને આત્મા અડતો નથી. આહા! આવું છે!! જુઓ તો ખરા! દૃષ્ટાંત દીધું બીડીનું દાખલો.. દાખલા વગર સમજાય કેવી રીતે? આહા!

શ્રોતા- આત્મા અડતો નથી તો પછી પીવામાં શું વાંધો?

જવાબઃ પીવું ક્યાં રહ્યું ત્યાં? બીડીને અડતો નથી.. હોઠ અડતો નથી. આત્મા હોઠને અડતો નથી. આવી વાત છે, ભાઈ!

જિનેન્દ્ર દેવ ત્રિલોકનાથ! પરમાત્માનો માર્ગ કોઈ અલૌકિક છે. અત્યારે તો સાંભળવા પણ મળતો નથી એવી ચીજ થઈ ગઈ છે... શું.. થાય?

લ્યો હવે આવે છે. 'જીવ વસ્તુ સર્વકાળ શુદ્ધ સ્વરૂપ છે, સમસ્ત જ્ઞેયને જાણે છે' એવા અનુભવથી કેમ ભ્રષ્ટ થાય છે? જોયું? આહાહાહા! હું રાગને રાગમાં પેઠા વિના મારામાં રહીને રાગને જાણું આવા સ્વભાવનો અનુભવ એનાથી જીવ કેમ ભ્રષ્ટ થાય છે? કે હું રાગને અડું છું, રાગને સ્પર્શુ છું. શરીરને સ્પર્શું છું. એમ રાગને જાણનારો ભિન્ન છે એવા અનુભવથી (જીવ) કેમ ભ્રષ્ટ થાય છે...? સમજાણું કાંઈ?

કેવા છે જનો? અરે કેવા છે એ જીવો જગત ના? "द्रव्यान्तरचुम्बनाकुलधियः" પોતાના દ્રવ્યથી અનેરી જ્ઞેય વસ્તુને જાણે છે તેથી "चुम्बन" જાણે એટલે સ્પર્શ કર્યો? એટલે અશુદ્ધ થઈ ગયું? એમ જીવ દ્રવ્ય જાણીને આહાહા! શરીરને, વાણીને જ્ઞાન જાણે છતાં જ્ઞાન શરીર કે વાણીને સ્પર્શ નહીં એવો તો જ્ઞાનનો સ્વભાવ છે એનાથી જનો અનુભવથી ભ્રષ્ટ કેમ થાય છે? કે હું આ શરીરને અડું છું...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા! આ શરીરની ઇન્દ્રિયો જે છે એને આત્મા અડતો નથી આહા! છતાં અનુભવમાં તો એમ આવે છે કે જ્ઞાન શરીરને કે રાગને સ્પર્શતું પણ નથી.. પણ એને ઠેકાણે હું શરીરને સ્પર્શુ છું... આ શરીર સુંવાળું છે એને હું ચાહું છું એવી રીતે જીવને પર દ્રવ્ય સાથે ચુમ્બન સ્પર્શ કેમ માને છે? ઝીણી વાત છે પ્રભુ, આહા! આ તો જન્મ મરણના અંત લાવવાની વાતુ છે બાપુ એના ફળ પણ કેટલા? અનંત આનંદ આનંદ! આહા!

જીવ તત્ત્વ જ્ઞાન સ્વરૂપે શુદ્ધ.. એ પર તત્ત્વ છે જે જડ શરીર, વાણી, કુટુંબ, સ્ત્રી પરિવાર આદિ પોતામાં રહીને બધાને જાણવાનો સ્વભાવ છે છતાં પણ હું આને અડું છું, આને સ્પર્શુ છું એમ જ્ઞાનમાં સ્વરૂપથી ભ્રષ્ટ કેમ થઈ જાય છે? આહાહાહા! સમજાણું કાંઈ?

ચુંબનનો અર્થ અહીં અશુદ્ધ કર્યો; ચુંબનનો અર્થ સ્પર્શ થાય છે.

આ યુવાન નથી લેતાં? શરીરને બાળકને.. એ હોઠ પણ અડતો નથી ત્યાં એમ કહે છે. આહાહાહા! આત્માનું જ્ઞાન તો હોઠને શું અડે? પણ હોઠ એના બાળકને પણ અડતાં નથી.. આ આવી વાત કેમકે પ્રત્યેક તત્ત્વ ભિન્ન છે. શરીર, વાણી, મન એ અજીવ તત્ત્વ છે; દયા-દાન, વ્રતના ભાવ એ આસ્રવ તત્ત્વ અથવા પૂન્યતત્ત્વ છે; ભગાન છે તે જ્ઞાયક તત્ત્વ છે. આહા! આ આવી વાત છે!

એ જ્ઞાયક તત્ત્વનું સ્વરૂપ જ એવું છે કે એ પરને અડયા વગર જાણે છે. છતાં જુઓ! જગતના પ્રાણીઓ શું શું કરે છે? આહા! અમે આ રાગને જાણતા રાગને સ્પર્શીએ છીએ તેથી અમે અશુદ્ધ થઈ જઈએ છીએ. આવી આ ભ્રમણા કેમ થઈ ગઈ? સમજાણું કાંઈ?

એક તત્ત્વ ભિન્ન તત્ત્વને સ્પર્શે તો બે તત્ત્વ એક થઈ જાય... ભિન્ન રહે નહીં.. આ તો ધીરાના કામ છે, ભાઈ! આ તો બહારથી કોઈ વ્રત કરે ઉપવાસ અને તપ કરે અને માને કે ધર્મ થઈ ગયો તો એ ત્રણ કાળમાં એમ નથી. પણ વ્રતના એ વિકલ્પ ઊઠે એને પણ સ્પર્શ્યા વગર જ્ઞાનસ્વરૂપી ભગવાન પોતામાં રહી જાણે છતાં આને હું સ્પર્શુ છું અડું છું અને તેથી હું અશુદ્ધ થઈ જઉં છું પરને જાણતાં એવો ભ્રમ અજ્ઞાનીને કેમ થઈ જાય છે?

બહુ સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ "द्रव्यान्तरचुम्बनाकुन्ताधियः" .. आकुलाधयः શું કીધું? પરને સ્પર્શીને જ્ઞેય વસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે? પરને હું અડું છું એ કેમ છૂટે? અથવા પરનું જાણવું મને થાય છે તો પરનું જાણવું થયું એ અશુદ્ધતા થઈ માટે પરનું જાણવું કેમ છૂટે? એમ અજ્ઞાની ભ્રમ કરે છે. આહા..! સમજાણું કાંઈ?

એને ઘણે ઠેકાણેથી પાછો વાળવો પડશે. આહા..! આ કાંઈ વાતોથી વડા થાય એમ નથી..! વડામાં જેમ અનાજ-તેલ-ઘી જોઈએ એમ આ માલ છે અંદરનો.

ચેતન તત્ત્વ છે એ અચેતન તત્ત્વને કેમ અડે? અચેતન એ તો જડ તો ઠીક પણ રાગ એ પણ અચેતન છે એને કેમ અડે? આહાહા! એટલે કે એને કેમ સ્પર્શ? એટલે કે જ્ઞાનને એમ થઈ જાય કે રાગ ને જાણું છું. એટલે હું એને સ્પર્શુ છું. એટલે એનું જ્ઞાન મને થાય એટલે અશુદ્ધ છું એટલે એનું જ્ઞાન છૂટે તો હું શુદ્ધ થાઉં.. એ ભ્રમ છે. સમજાય છે કાંઈ?

અહીં તો હજુ પરની દયા પાળું તો ધર્મ થાય.. અરર! કાળા કેર કરે છે ને! આત્માને હણી નાખે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે.. મરણ તુલ્ય કરે છે, કળશ ટીકામાં આવ્યું હતું.

જગત હણાય છે એમ આવ્યું હતું. અહીં તો પોતે મરણ તુલ્ય થઈ જાય છે. પોતે પોતાને મરણ તુલ્ય કરી નાખે છે. એટલે કે જાણે હું જ્ઞાન દર્શન આનંદ સ્વભાવવાળી ચૈતન્ય જાગતી જ્યોત છું એમ નથી માનતો. એ તો જાણે હું રાગને કરું છું ને રાગને સ્પર્શું છું. એણે જીવના સ્વરૂપને મરણતુલ્ય કરી નાખ્યું.. જાણનાર દેખનાર (એવો) સ્વભાવને એણે હણી નાખ્યો. આહાહાહા!

પરને તો હણી શકતો નથી.. આહા! પણ પોતાને વ્યવહાર રત્નત્રયનો રાગ આવે એને હું અડું છું. એ તો ઠીક પણ વળી એમ માને કે વ્યવહાર રત્નત્રયથી મને નિશ્ચયનો લાભ થાય છે.. અરે પ્રભુ! તું જ્ઞાન અને આનંદનો ધણી છો... (એવો) તને રાગના વિકારથી અવિકારનો લાભ થાય? અવિકારી તું છો તો એમાંથી અવિકારીનો લાભ થાય આહા! સમજાણું કાંઈ? આવો આ ધર્મ!

આહીં તો એથી આગળ જઈને એને જાણવું કહે એ (માને છે કે) જાણું એટલે હું અશુદ્ધ થઈ જઉં છું.. પોતાનું જાણવું એ તો પોતાનો સ્વભાવ છે. પોતામાં રહીને જાણી શકાય એ તો એનો સ્વભાવ છે. પરનું જાણવું થયું માટે અશુદ્ધ થઈ ગયો. પર વસ્તુ છે ને? એને જાણ્યું માટે અશુદ્ધ થઈ ગયો. માટે સ્વને જાણું તો શુદ્ધ! અને પરને છોડી દઉં.. પરને જાણવું એ તો પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. એને છોડવા જઈશ તો તારી વસ્તુ છૂટી જશે. આહાહાહા!

અરે! ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે અનંતકાળ! આવી ભ્રમણા ક્યાંક ક્યાંક અટકવાનાં સ્થાન અનંત છૂટવાનું સાધન એક સ્વસ્વરૂપ! સમજાણું કાંઈ?

એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ છે. અડે કોને? અત્યંત અભાવ છે. આહાહાહા! આકરું કામ! આ શરીરનો પગ જમીનને અડે નહીં છતાં ત્યાં જો કાંકરી હોય અને લાગે તો એમ દેખાય આહા! લાગ્યું પણ નથી. કાંકરી શરીરને અડી નથી. એ શરીરમાં કંઈક થયું એને જ્ઞાન અડયું નથી. આહાહાહા! એના તરફનો અણગમાનો જરા વિકલ્પ આવ્યો એને જ્યાં (જ્ઞાન) અડયું નથી!

જ્ઞાનનો સ્વભાવ એવો છે જ નહીં કે પરને અડવું! આહા! એ તો ભગવાન પોતાના સ્વભાવમાં રહી અને તેનું જ્ઞાન કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ સંબંધી પોતાનું જ્ઞાન એને એ જાણે છે; એને સ્પર્શીને જાણે છે. રાગને સ્પર્શીને રાગને જાણતો નથી. આહાહાહા!

અરેરે મારું શું થશે? હું ક્યાં જઈશ? અને શું છું હું? એ તો જ્ઞાન સ્વરૂપી ભગવાન છે... એ ક્યાં જાય? ... આહાહાહા!

બેનનો શબ્દ આવે છે ને? જાગતો જીવ ઊભો છે ને એ ક્યાં જાય?

એ જાણક સ્વભાવી ભગવાન ધ્રુવ છે ને! એ પરિણમે તો જાણવારૂપે પરિણમે પર છે માટે પરને જાણવા માટે પરિણમે છે એમ પણ નથી. આહા!

એ તો પોતાનો સ્વભાવ જ સ્વ પર પરિણતિ જાણવાનો સ્વભાવ છે. એ આત્મજ્ઞપણું છે. એ સ્વપણું છે. પણ અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે હું પરને જાણું છું તો બહાર વયો ગયો... પરને જાણું છું તો.. હું બહાર ગયો એમ એને થઈ જાય છે.

ભારે વાત છે, ભાઈ! પરને જાણું છું એમ કહેવું એ પણ ઉપચાર છે, વ્યવહાર છે, આહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આ આવી વાત છે, ભાઈ!

ચૈતન્યસ્વરૂપી ભગવાન!

સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી

તાતૈ વચન ભેદ ભ્રમ ભારી

જ્ઞેય શક્તિ દુવિધા પ્રકાશી

નિજરૂપા પરરૂપા ભાસી

એ રાગ અને શરીર વાણી એ તો પર જ્ઞેય એને જ્ઞાનમાં પોતામાં રહીને તેને જાણવું એમ કહેવાય વ્યવહારથી. પણ એને અડે છે અથવા એને જાણે છે માટે અશુદ્ધ થઈ ગયું. જ્ઞાન... એ જ્ઞાન બહારમાં વહી ગયું.. (એમ નથી) આહાહાહા!

બહારને જાણે છે માટે જ્ઞાન પોતાના સ્થાનથી ભાવથી છૂટીને બહારમાં ગયું. એવો અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. આહાહા!

શ્રોતા- જ્ઞાન સર્વગત છે ને?

જવાબ- સર્વગત નહીં એ તો વ્યવહારથી કહ્યું છે. શ્રી પ્રવચનસારમાં કહ્યું છે. "અર્થો જ્ઞાનમાં છે" એટલે કે એનું જ્ઞાન છે ત્યાં એવો ત્યાં અર્થ છે.

શ્રોતા - અર્થો જ્ઞાનમાં છે.

જવાબ- અર્થો જ્ઞાનમાંછે એમ કહ્યું હોય તો તે અર્થ સંબંધીનું જ્ઞાન જ્ઞાનમાં છે.. એમ કહે છે. અર્થ તો અર્થમાં છે.. આહા! પંચાધ્યાયીમાંતો કહ્યું છે કે (જ્ઞાનને) સર્વગત માને તે મિથ્યાભાવ છે. સર્વગત તો સ્વભાવ છે ૪૭ નયમાં કઈ અપેક્ષાએ છે.. પોતાને અને પરને સર્વને જાણવાનું સ્વરૂપ છે માટે સર્વગત પણ પરને જાણવું... એક રીતે પરને જાણતાં જ્ઞાન પોતાના અસ્તિત્વમાંથી બહાર ચાલ્યું ગયું છે એમ નથી. એક પ્રદેશ પણ ભિન્ન થઈ શકે નહીં આહા! પોતાના ઘરમાં રહીને કોઈ ચાલ્યા જતાં લશ્કરને જુએ તો એ લશ્કરમાં આંખ ગઈ નથી અને લશ્કર આંખમાં આવ્યું નથી. ઘરમાં ઊભો ઊભો જુએ કે આ બધું નીકળ્યું છે... વરઘોડો... હાથી.. આહાહાહા!

એમ ભગવાન જ્ઞાન સ્વરૂપી છે ને પોતામાં બેઠો છે... એમાં આ બધા પ્રકારો જડના રાગના લશ્કરો નીકળે એ વખતે તેનો તે સંબંધીનો સ્વભાવ તે કાળે એવું જ્ઞાન થવાનો સ્વભાવ પોતાનો પોતાથી છે. એ અશુદ્ધતા નથી. પરને જાણ્યું માટે જ્ઞાન બહારમાં વયું ગયું નથી. અંદરમાં પેઠા વગર (જ્ઞાન) આ બધું એ કઈ રીતે જાણે?

ભાઈ...! આ અગ્નિને જ્ઞાન જાણે છે તે જ્ઞાન શું અગ્નિમાં પેઠું છે? આ અગ્નિ છે એમ જણાય છે કે નહીં? આ ૮૪ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? .. ૫૦ વર્ષ થયા. રાણપુરમાં ચોમાસું હતું. બધા માણસો ઘણા આવે... નામ પ્રસિદ્ધ ખરૂં ને! અન્યમતિઓ પણ આવે.. દેરાવાસી આવે સાંભળવા.. પણ અંદરથી પોતાનો પક્ષ મૂકવો કઠણ પડે. આહા! વાડામાં જે પક્ષ લઈને એ બેઠા હોય એમાંથી ખસવું એને આકરું પડે.. આહા!

અહીં કહે છે.. જ્ઞેય વસ્તુનું જાણપણું કઈ રીતે છૂટે એમ અજ્ઞાની માને છે.. જેના છૂટવાથી જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દ્રવ્ય શુદ્ધ થાય એવી થઈ છે. જેમની બુદ્ધિ આવે છે, તેનું સમાધાન આમ છે કે- "યત્ જ્ઞાનં જ્ઞેયમ્ અવૈતિ તત્ अयं शुद्धस्वभावोदय:" જો એમ છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે એવું પ્રગટ છે.

જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, શરીર વાણી કુટુંબ વગેરે બધા પર જ્ઞેય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર જ્ઞેય છે અને અંદરમાં રાગ આવે દયા-દાન એ પણ પર જ્ઞેય છે. 'જ્ઞાન જ્ઞેયને જાણે છે એવું પ્રગટ છે. તે આ શુદ્ધ જીવ વસ્તુનું સ્વરૂપ છે. शुद्धस्वभावोदय: એ તો શુદ્ધ જીવ સ્વભાવનું પ્રગટપણું છે. સ્વ-પર પ્રકાશક પણું એ તો શુદ્ધ જીવનો સ્વભાવ પ્રગટ છે આહાહાહા! ભારે કામ આકરૂં! આ તો આખો દિવસ ધંધામાં પડયો હોય જાણે આ કરું ને આ કર્યું ને... આહા! મારી નાખ્યો જીવને, મરણતુલ્ય કરી નાખ્યો છે.

ચૈતન્ય જાગતી જ્યોત સ્વ-પર પ્રકાશક સ્વરૂપમાં બિરાજમાન છે એને પરના જ્ઞેયને જાણવું એ તો એનું સ્વરૂપ જ છે.. એ તો શુદ્ધ જીવનો ઉદય થયેલો સ્વભાવ જ છે. પરનું જાણવું એ અશુદ્ધતા છે અને પરને અડે છે તો પરને જાણે છે એમ નથી.

શ્રોતા- પર સામું જોઈને જાણે છે..?

જવાબ- પર સામુ જોઈને જાણે છે એ પોતામાં પોતાથી.

શ્રોતા- ત્યારે ઉપયોગ ક્યાં હોય છે?

જવાબ- ઉપયોગ ભલે.. છે તો પર તરફ પણ જાણે છે તે તો પોતાથી પોતામાં રહીને.

શ્રોતા- ઉપયોગને પરનો આશ્રય લેવો પડે છે ને?

જવાબ- આશ્રય ફાશ્રય કંઈ ન મળે.

શ્રોતા- પરમાં છે ને?

જવાબ- પર માં નથી. પરને જાણવામાં છે. ઝીણી વાત છે. આહાહાહા! ઉપયોગ ભલે વિકલ્પમાં આવ્યો છતાં પણ વિકલ્પને ઉપયોગ જાણે છે. એવું એનું સ્વરૂપ છે.

શ્રોતા- ઉપયોગ પરમાં જાય એવો નિયમ નહીં?

જવાબ - ના. ના.

શ્રોતા- ઉપયોગ બહારમાં.. હોય..

જવાબ- બહારમાં નથી એ અંદરમાં પોતામાં છે.

શ્રોતા- અંદરમાં છે. તો મોઢું બહાર છે?

જવાબ- ના મોઢું પણ બહાર નથી. મોઢું અંદર છે.

શ્રોતા- સ્વ સન્મુખ અને પરસન્મુખ..

જવાબ- એ સ્વસન્મુખ.. દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયક ઉપર જ પડી છે.

શ્રોતા- ઉપયોગ તો અંદરમાં છે.

જવાબ- અંદર જ છે એ ભલે રાગાદિ વિષય કષાયમાં હોય છતાં એ પોતે જાણનારમાં છે. રાગમાં નથી. આવું કામ છે આકરું... આહા!

અરે! જીંદગીઓ ચાલી જાય છે... મરણને તુલ્ય થઈ જશે... મરણનો એક સમય આવશે ત્યાં..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આમ... છૂટી જશે.. જુવાન અવસ્થા હશે તોય છૂટી જશે. આહા! આહા! એ છૂટું જ તત્ત્વ છે એની સાથે એક ક્યાં રહેલો છે. એક ક્ષેત્રે પણ ભેગું નથી.. પોતાના અને પરના ક્ષેત્ર.. આકાશની અપેક્ષાએ (એકક્ષેત્રાવગાહ) કહેવાય. શરીર અને કર્મ... અરે! અહીં તો રાગનું ક્ષેત્ર પણ ભિન્ન ગણ્યું છે.. એવું છે.. "સંવર અધિકાર" દયા-દાન-ભક્તિના પરિણામ થાય... ભાઈ! એ વિકલ્પ છે. એનું ક્ષેત્ર એટલું ભિન્ન ગણ્યું છે. એ ભિન્ન ક્ષેત્રને ભિન્ન ભાવને જ્ઞાનમાં રહીને સ્વમાં રહીને જાણવું એ તો સ્વપર પ્રકાશક જીવનો શુદ્ધ ઉદય ભાવ છે. સ્વ પર પ્રકાશક જીવનો સ્વભાવ છે. એ પોતાનું પ્રગટપણું છે. પોતાનો એ સ્વભાવ છે એ ઉદય તો સ્વભાવ જ છે એમ કહે છે.

એ શુદ્ધ સ્વભાવનું જ પ્રગટપણું છે. હવે આવી વાતો...! પકડાય નહીં.. બિચારાં શું કરે? પછી હાલ્યા જાય છે... ક્રિયાકાંડમાં જોડાઈ જાય છે. વ્રત કરો ને અપવાસ કરો ને આયંબિલ કરો.. ધર્મ થઈ જશે.. અરેરે! જીવને ક્યાંય રખડાવી માર્યો છે... ભ્રમણામાં ને ભ્રમણામાં.

અહીં તો એ સિદ્ધ કરે છે કે શુદ્ધ જીવનો સ્વભાવ તો સ્વ-પર ને જાણવું એ અપેક્ષાએ પરનું કહેવું છે... જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાનમાં પર વસ્તુ જણાય છે. એ તો જ્ઞાન છે... અને જ્ઞાન સિવાય પોતાના બીજા અનંતગણને જાણે.. એ પણ પર-પ્રકાશક છે. આહાહાહા! છતાં તે જ્ઞાન અનંતગુણને જાણે છતાં તે ગુણો જ્ઞાનમાં આવી નથી ગયા. આહા! આવું છે...

શ્રોતા- તાદાત્મ્ય સંબંધ હોવા છતાં જુદોને જુદો રહે છે?

જવાબ- તાદાત્મ્ય સંબંધ જ્ઞાન અને આત્મા સાથે છે.. રાગ.. એ સંયોગી સંબંધ નથી એમ કહ્યુંને એ સંયોગી ભાવ છે. એ સંયોગી ભાવને અડતો પણ નથી.

શ્રોતા- રાગને ક્ષણિક તાદાત્મ્ય કહેવાય?

જવાબ- એ અપેક્ષાથી એની પર્યાયમાં છે ને એ અપેક્ષાથી બાકી પરમાર્થે એ સંયોગી ભાવ છે; એની સાથે સંબંધ છે જ નહીં. તાદાત્મ્ય સંબંધ નથી એટલે સંબંધ નથી.. એમ.. ત્રિકાળની સાથે સંબંધ નથી. પર્યાયની સત્તા.. પર્યાયમાં છે એને જાણતાં જ્ઞાન રાગને અડીને જાણે છે એમ નહીં એ તો એની પર્યાયમાં છે તે અશુદ્ધતા બતાવવી હોય એ માટે.

અહીં તો એની પર્યાયમાં છે. તેની પર્યાય તે કાળે તેને અને પરને જાણે એવો પોતામાં રહીને રાગને જાણે એવો સ્વભાવ છે. જ્ઞાન તે વખતે પણ રાગરૂપ થયું જ નથી. આહાહાહા! સમજાણું કાંઈ?

એ તો શુદ્ધ સ્વભાવોદયઃ શુદ્ધ જીવ સ્વભાવ ઉદય એટલે સ્વરૂપ જ છે એમ કહેવું છે. આહા! ભાવાર્થ- જેમ અગ્નિનો દાહક સ્વભાવ છે. સમસ્ત દાહ્ય વસ્તુને બાળે છે. દૃષ્ટાંત આપે છે. અગ્નિનો દાહક સ્વભાવ છે. એ બધી વસ્તુને બાળે છે. છતાં બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધ સ્વરૂપે છે. અગ્નિનો એ વો જ સ્વભાવ છે બધાને અગ્નિ કાંઈ પરરૂપે લાકડારૂપે કે છાણા રૂપે થઈ બાળ્યું નથી.. આહા..! બાળે છે એ પણ વ્યવહાર છે કહ્યું ને!

'બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધસ્વરૂપે છે અગ્નિનો એવો જ સ્વભાવ છે.' સમજાવવું તે શી રીતે સમજાવવું? આહાહાહા! લાકડાં-અડાયા છાણા- અગ્નિ એ રૂપે થાય છે... એ અગ્નિ પોતાના સ્વરૂપે થઈ છે.. એ છાણાના આકારે છાણાના સ્વરૂપે નથી થઈ.

પોતાનું અસ્તિત્વ કેવડું છે. કેટલું છે અને ક્યાં છે એમ આંહી સિદ્ધ કરવું છે. અગ્નિ પણ પોતાના અસ્તિત્વમાં રહીને બાળે છે એમ કહેવું પણ એ અગ્નિરૂપ થઈને છે એતો.

એમ પરને જાણે છે એ પોતાના સ્વરૂપે થઈને જાણે છે.. પરરૂપે થઈને જાણે છે એમ છે.. નહીં.. આહાહાહા!

'અગ્નિ પોતાના શુદ્ધ સ્વરૂપે છે' ... જોયું? શુદ્ધ સ્વરૂપે એમ ભાષા લીધી છે. 'અગ્નિનો એવો સ્વભાવ છે.' ... એ દૃષ્ટાંત.. હવે સિદ્ધાંત.. એમ જીવ જ્ઞાનસ્વરૂપ છે' ... છે? જેમ અગ્નિનો દાહક સ્વભાવ છે એમ જીવનો જ્ઞાનસ્વભાવ છે. અગ્નિ જેમ બધાને બાળે છે એમ સમસ્ત જ્ઞેયને જાણે છે.. ઓલામાં બાળતો થકો અગ્નિ પોતાના શુદ્ધ સ્વરૂપે છે એમ જાણતો થકો (જીવ) પોતાના સ્વરૂપે છે. આહાહાહા!

સર્વજ્ઞ અને સર્વદર્શિત્ત્વ (શક્તિ) માં એ લીધું નથી? શક્તિમાં! સર્વજ્ઞ એ આત્મજ્ઞપણું છે.. આત્મજ્ઞ એ સર્વજ્ઞપણું છે. સર્વને જાણે છે એમ નહીં... આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞ છે.. એ પોતે પોતાને જાણે છે.. સર્વજ્ઞ કહ્યું છતાં એ આત્મજ્ઞ છે.. આહાહા!

ઝીણું છે, ભાઈ! શું થાય? અનંતકાળથી જન્મ મરણ થાય છે એને મટાડવાનો ઉપાય અલૌકિક છે.. આહા!

ચૈતન્ય સત્તા એટલે કે જેનું હોવાપણું એકલું ચૈતન્યથી જ છે. જેનું હોવાપણું એકલું ચૈતન્યથી છે એને પકડીને અનુભવ કરવો એનું નામ પ્રથમ ધર્મની શરૂઆત છે. સત્તા એટલે જેનું હોવાપણું જ્ઞાનપણે જેનું હોવાપણું છે. એ રાગપણે કે શરીરપણે જેનું હોવાપણું નથી.

એથી એ જ્ઞાન બધાંને જાણતો થકો છતાં પોતાના જ્ઞાન સ્વરૂપે જ થઈને એ રહ્યો છે. પરને જાણતાં પરસ્વરૂપે થઈને રહ્યો છે એમ નથી.

આહા! 'એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો.'

આહા! પર સંબંધીનું જ્ઞાન થતાં હું પરને અડી ગયો છું અથવા પર મારામાં આવી ગયું છે એમ ન માનો.

હવે આવી વ્યાખ્યા! ઝીણી! હેં! બહુ આકરું પડે... સંપ્રદાયમાં તો બસ જાણે વ્રત અને તપ-ભક્તિ, પૂજા... યાત્રા બાત્રાને જાણે ધર્મ, આ વળી પોષા અને સામાયિક... દયા... પડિક્રમણાં.. બધી રાગની ક્રિયાઓ છે.

એ વખતે રાગ થયો પણ કહે છે કે જીવનો સ્વભાવતો જાણવું જ છે, એ રાગ કાળે પણ જીવ રાગને અને પોતાને જાણે છે... આ તો જીવનો સ્વભાવ છે. એ તો શુદ્ધજીવનું સ્વરૂપ જ છે. આહાહાહા!

પરનું કરવું એ તો ન મળે; પણ રાગનું કરવું એ પણ ન મળે; પણ રાગનું જાણવું એ પણ રાગમાં જઈને જાણે એમ પણ નથી. આહાહાહા!

આવો આ માર્ગ! વીતરાગ પરમેશ્વર! જિનેન્દ્ર દેવ... ગણધરો અને ઇન્દ્રોની વચ્ચેનો આ ત્રિલોકનાથનો પોકાર છે. આહા! માર્ગ આ છે. ભાઈ! તે સાંભળ્યું ન હોય માટે કાંઈ બીજી ચીજ થઈ જાય?

શ્રોતા- જ્ઞાન રાગને તો ન જાણે પણ જ્ઞાન નિર્મલ પર્યાયને પણ ન જાણે?

જવાબ- પર્યાય પોતાને જાણે છે એ તો સ્વની છે ને!

શ્રોતા- પર્યાય દ્રવ્યને ક્યાં અડે છે?

જવાબ-પોતાને જાણે છે. પર્યાય પર્યાયને જાણે છે. અનંતી પર્યાયોને જાણે છે. પણ એ અનંતી પર્યાયોને અડીને જાણતો નથી.

ઝીણું બહુ! આહા!

જ્ઞાનની એક જ પર્યાય એટલી તાકાતવાળી છે કે એક જ પર્યાયમાં છ દ્રવ્યના ગુણ પર્યાય જણાય અને પોતાના ત્રિકાળી દ્રવ્ય ગુણ પર્યાય જણાય એવી એક સમયની પર્યાયની તાકાત છે; તે પર્યાય પરને તો અડતી નથી... આહાહાહા! .. એથી આગળ અહીં નથી કહેવું... પણ એ પર્યાય દ્રવ્યને પણ અડતી નથી. અહીં તો પરની અપેક્ષાની વાત છે. પર્યાય જો દ્રવ્યરૂપે થઈ જાય તો એ એક સમયની છે.. ને વસ્તુ ત્રિકાળ છે. આહા! ત્રિકાળને અડીને પર્યાય કામ કરતી નથી કેમકે બે વચ્ચે પણ અભાવ છે; અતત્ ભાવ! પ્રવચનસારમાં છે. જે પર્યાય ભાવ છે તે દ્રવ્યમાં અતત્ ભાવ છે; દ્રવ્યભાવ છે તે પર્યાયમાં અતત્ભાવ છે. પર્યાયમાં સ્વપર જાણવાનો સ્વભાવ સ્વતઃ છે.. એમાં રાગને અને શરીરને જાણવું એથી મારું જ્ઞાન ભ્રષ્ટ થઈ ગયું કે પરમાં વયું ગયું એમ.. ન.. થી.. એ અજ્ઞાનીની અનાદિની ભ્રમણા છે. જીવનો જ્ઞાન સ્વભાવ છે તે દયા વિકલ્પનું કરવું એવું એનું સ્વરૂપ નથી. પણ તેને જાણવું અડીને એવું પણ એનું સ્વરૂપ નથી. એનાથી ભિન્ન રહીને પોતાને જાણતાં એ જણાય જાય છે, એ તો જીવનો સ્વ-પરનો જ્ઞાનનો ઉદય છે.. જીવનો.. આહાહાહા...! સમજાણું કાં... ઈ...?

એ તો સ્વ-પર પ્રકાશમય જ્ઞાનનું અસ્તિત્વ છે. એ જ્ઞાનનું અસ્તિત્વ છે.. એ રાગનું અસ્તિત્વ નથી. સમજાણું કાંઈ?

શ્રોતા- જ્ઞાનમાં પરનો પ્રતિભાસ.. થાય..

જવાબ- પ્રતિભાસ થાય એ ભાષા વ્યવહાર છે.

શ્રોતા- જ્ઞાનને કારણે એ થાય છે...?

જવાબ- નહીં! નહીં! પ્રતિભાસ થાય એ ભાષા વ્યવહાર છે. પણ જેવું ત્યાં સ્વરૂપ છે એવું જ્ઞાનનું તે કાળે પોતાથી જાણવું થઈ જાય એવું એનું સ્વરૂપ છે.

શ્રોતા- ત્યારે સ્વચ્છત્ત્વ શક્તિનું કેવું...

જવાબ- એ પણ એવું જ એ પણ પોતે પોતાને પૂર્ણ જાણે છે. દૃષ્ટાંત પણ શું કરે? દર્પણનો દાખલો આપીને કહ્યું છે. સ્વચ્છત્ત્વ શક્તિમાં છે. પણ દર્પણમાં જે કોઈ ચીજ જણાય છે... એ દર્પણની થઈ નથી. અહીં અગ્નિ છે... એ દર્પણમાં જણાય છે તો દર્પણમાં જણાય છે એ શું અગ્નિ છે? એ તો અરીસાની સ્વચ્છતા છે. અગ્નિને હાથ લગાડતા ઉષ્ણ લાગે છે.. એવી અગ્નિ છે શું ત્યાં? એ તો અરીસાની અવસ્થા છે... (અરીસાને) હાથ લગાડતાં ત્યાં શું ઉષ્ણ લાગે છે? આહા! આવું ઝીણું છે.. આ બધું અંદર જાણવું પડશે હોં! .. એ ચોરાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. આ જાણવાની એ. બી. સી. ડી. છે... કક્કો છે... આ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શું કહ્યું? જોયું?

'જાણતો થકો પોતાના સ્વરૂપે છે- એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે. તે ન માનો' જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો' ... આહાહા! 'જીવ શુદ્ધ છે.'

વિશેષ સમાધાન કરે છે.

કારણ કે "किम् अपि द्रव्यान्तरं एक द्रव्यगतं न चकास्ति।" જુઓ "કોઈ જ્ઞેયરૂપ પુદ્‌ગલ દ્રવ્ય અથવા ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશદ્રવ્ય, કાળદ્રવ્ય શુદ્ધજીવ વસ્તુમાં એક દ્રવ્યરૂપે પરિણમે છે એમ શોભતું નથી."

આહાહા! બીજાં છ દ્રવ્યો શુદ્ધ જીવ વસ્તુમાં એક દ્રવ્યરૂપે આવે છે એમ નથી. જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે પણ જ્ઞાન (તો) જ્ઞાનરૂપ છે. આહાહાહા! જ્ઞાન જ્ઞાનરૂપ રહીને જ્ઞાન જાણે છે એમ કહેવું એ જ્ઞાનરૂપ છે એનું! બધાને જાણે છે પણ એ તો જ્ઞાનનું રૂપ છે. એ તો જીવનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આજ તો ઝીણું બહુ આવ્યું બધું હો! આવું સાંભળવું તો મળે બાપા!

લોકો માને કે ન માને, પણ વસ્તુ સ્થિતિ આ છે. આહા! પરમ સત્યનો પોકાર પ્રભુનો.. તો.. આ છે આહા!

અહીં તો ત્યાં સુધી (કહે છે) કે રાગના અસ્તિત્વમાં તારું જ્ઞાન ગયું માટે.. અસ્તિત્વ અગ્નિમાં જઈને જાણે છે. (એમ નથી)... તારા જ્ઞાનમાં રહીને તે અગ્નિનું સ્વરૂપ આમ છે એવું જણાય છે તે તારા જ્ઞાનમાં રહીને જણાય છે. પોતાના અસ્તિત્વમાં રહીને જણાય છે. પરનું અસ્તિત્વ તો તેમાં કદી આવતું નથી, પર સંબંધીનું જ્ઞાન... એ પણ ખરેખર પોતાનું જ્ઞાન છે, પર સંબંધીનું નથી. આહાહાહા! સમજાણું કાંઈ?

પાછળના આ શ્લોકો બહુ ઝીણા છે. ભાષા સાધારણ છે પણ ભાવ ઘણાં... ઉંડા છે.

હવે આમાં ચર્ચા કોની સાથે કરવી? એ આવ્યા હતા ને.. ચંદ્રશેખર... "ચર્ચા કરીએ" ... શ્વેતાંબર... જીવા પ્રતાપનો ભત્રીજો... દીક્ષા લીધી છે શ્વેતાંબરની... કહે "આપણે ચર્ચા કરીએ" કહ્યું કે ભાઈ! અમે તો ચર્ચા કરતાં નથી, બાપુ...! શું કહીએ? આહા! "તમે સિંહ છો, તો અમે સિંહના બચ્ચા છીએ. હું સિંહ છું એવું તો મેં કીધું નથી.. એમ એણે એમ કીધું હતું... પછી છેવટે ઉભાં થતાં બોલ્યા કે "આ ચશ્મા વગર જણાય?"

ચશ્માનું અસ્તિત્વ ભિન્ન છે અને જાણનારનું અસ્તિત્વ ભિન્ન છે... એ ચશ્માથી જાણે છે એમ છે નહીં. એ તો જ્ઞાનના અસ્તિત્વથી જાણે છે જીવા પ્રતાપ, હમણાં ગુજરી ગયા, ક્રોડપતિ શેઠ હતા, આ ભત્રીજાએ દીક્ષા લીધી... લીંબડી આવ્યા હતા. તમે હતા ત્યારે ત્યાં ચર્ચા કરવા આવ્યા હતા. રામવિજયને મોકલ્યા હતા ત્યાં જામનગર ઘણાં માસ પહેલા ચર્ચા... "લોકોનું અહિત થાય છે કે આ વ્રત-તપ અને ભક્તિથી ધર્મ નથી.. મોટી ગલતી ઊભી થાય છે. ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! તમને ખોટું લાગતું હોય તો ન માનો તમે, બાકી વસ્તુ તો આ છે.

બાકી આનાથી વિરુદ્ધ માને છે એ જુદ્દો છે માટે અમારે ચર્ચા કોની સાથે કરવી? આહાહાહા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહીં તો ત્યાં સુધી લઈ ગયા કે જે કાળે જે પ્રકારનો.. એ તો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એમ આવ્યું છે ને? એનો અર્થ પછી કરશે. જે કાળે જે રાગ આવે દયા-દાન-વ્રતાદિનો તે પ્રકારનું જ જ્ઞાન અહીં પોતાને સ્વ-પર પ્રકાશકના સામર્થ્ય...

ને લઈને એ રાગ આવ્યો એને કારણે નહીં. એ કાળે આનો સ્વભાવ પર્યાયમાં સ્વ-પર પ્રકાશક આનો અને આનો બન્નેનું જેટલું સ્વરૂપ છે તેવું જાણવાની પર્યાય પ્રગટી.

શ્રોતા- પર સંબંધીનું પોતાનું જ્ઞાન

જવાબ- એ પર સંબંધીનું કહેવું એ વ્યવહાર છે. એ પણ નહીં.. એ પોતાનું છે.

શ્રોતા- જ્ઞાનમાં આવ્યું તો પરનો સંબંધ ક્યાં ગયો?

જવાબ- કોણે કીધું તમને? ખબર નથી...! .. પર છે એટલા સંબંધનું સ્વરૂપ પોતામાં જાણવાની શક્તિ છે તેથી પોતામાં જાણે છે. લોકાલોકને જાણે છે એ લોકાલોકને લઈને નહીં આહાહા!

એ જ્ઞાનની પર્યાયનું એટલું સામર્થ્ય છે કે "સ્વ-પર પ્રકાશક" એ સ્વસ્વરૂપ જ છે.. સ્વ જ્ઞેય એટલું એનું સ્વરૂપ છે. આહા! સમજાણું?

બધું ઝીણું પડયું આજે. કલાક થયો.

આ અધિકાર એવો છે... ગાથા એવી છે!

સમય સમયનો પર્યાય એવડો છે. ત્રિકાળ તો ધ્રુવ છે... પણ અહીં પોતાની પર્યાય પ્રગટ થાય છે એ જેટલું સામે જ્ઞેયનું પ્રમાણ છે એટલા પ્રમાણમાં જ્ઞાનની પર્યાય પોતામાં પોતાથી પ્રગટ થાય છે. પૂરી પ્રગટે છે ત્યારે આ પ્રશ્ન (રહેતો) નથી. સમજાણું કાંઈ? આહા! જે સમયમાં જે જ્ઞેય સામે છે તેટલા પ્રમાણમાં જ્ઞાનની પર્યાય પોતાથી પોતામાં સ્વ-પર પ્રકાશરૂપ સ્વથી પ્રકાશે છે.

આવું છે આ! એક અક્ષર (જો) ફરે તો બધું ફરી જાય... આહા!

આ વાત હતી જ નહીં.

એટલે લોકોને નવીન લાગે. આ જાણે બધો નવો ધર્મ કાઢયો? નવો નથી, બાપુ! અનાદિનો તું છો.. તો સ્વપર પ્રકાશનું સામર્થ્ય સ્વથી-પોતાથી-પોતામાં અનાદિનું છે.

એ ચેતન.. ચેતન.. ચેતન.. ચેતન...!

એ અચેતનને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે.

અચેતનમાં રાગ અને શરીર બધું અચેતન આવી ગયું. આહા! અને તેના સંબંધીનું તેટલું જ જ્ઞાન એ જ્ઞેય જેટલું છે એટલું જ્ઞાન અહીં સ્વ-પર પ્રકાશન એને લઈને પ્રગટયું છે એમે ય નથી.

તે સમયનો એનો સ્વ-પર પ્રકાશનું જેટલું સામર્થ્ય છે તેથી એ પ્રગટયું છે તે સ્વ છે. આહા! આહાહાહા!

પકડાય એટલું પકડવું, બાપુ!

તારી લીલા તો અપાર છે.

આ કોઈ પંડિતાઈની ચીજ નથી.

આ તો અંતરના સ્વભાવના નાદની ચીજ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શ્રોતા- આ ભણતર જુદી જાતનું છે.

વાત સાચી છે... આહાહા...!

એટલી વાત કાને પડે છે એય ભાગ્યશાળી છે ને!

આવી આ વાત! પરમાત્માના શ્રીમુખેથી નીકળેલી વાત છે... સમજાણું કાંઈ?

ક્યાંય આ નથી...

પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? કેવો છો? સમયે સમયે તું કેવડો છો?

એ પર જે જ્ઞેય છે એટલું જ અહીં જ્ઞાન થાય.. અને સ્વનું (પણ) જ્ઞાન થાય તેવડો તે સમયે એવડી પર્યાય તારી છે.. (એ) તારાથી આહા!

શ્રોતા- આજે તત્ત્વની બહુ મજા આવી...

જવાબ- આ શ્લોક એવો છે. એ વધારે તો અહીં "चुम्बन" માંથી આવ્યું "ચુંબન" છે ને! એનો અર્થ કરી નાખ્યો "અશુદ્ધગુણ" પણ ચુમ્બનનો અર્થ સ્પર્શવું છે. એ ત્રીજી ગાથામાં કર્યો ને! કે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને એ સ્પર્શે છે પરને સ્પર્શતો નથી. એનો આ બધો વિસ્તાર છે. આહાહાહા!

આ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન... જ્ઞાનમાં ઠરે એની વાતું છે, બાપા! જેવી જેની સત્તા એટલે હોવાપણે છે તેમાં તે ઠરે... આહાહાહા! સમજાણું કાંઈ?

એ વસ્તુ છે.

'જીવ વસ્તુમાં એક દ્રવ્યરૂપે પરિણમે છે એમ શોભતું નથી.' રાગરૂપે આત્મા પરિણમે છે કે આત્મા રાગરૂપે થાય છે કે જ્ઞેય આત્માપણે થાય છે એમ શોભતું નથી. આહા! 'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે, જ્ઞેય વસ્તુ જ્ઞેયરૂપ છે; કોઈ દ્રવ્ય પોતાનું દ્રવ્યત્ત્વ છોડીને અન્ય દ્રવ્યરૂપે તો નથી થયું... એવો અનુભવ કોને છે તે કહે છે. આહાહા! "શુદ્ધદ્રવ્યનિરૂપણાપિત્તમયેઃ" સમસ્ત વિકલ્પથી રહિત શુદ્ધ ચેતનામાત્ર જીવ વસ્તુના પ્રત્યક્ષ અનુભવમાં સ્થાપ્યું છે બુદ્ધિનું સર્વસ્વ જેણે એવા જીવને.

'નિરૂપણ' એટલે પ્રત્યક્ષ અનુભવ. આહાહા! જોયું કથન છે એનું વાચ્ય છે એને અહીં લીધું પછી.

'નિરૂપણ' વાચ્ય છે એને નિરૂપણ શબ્દથી કહ્યું આહાહા! એવા જીવને આ હોય છે. આવો અનુભવ એને હોય છે એમ કહેવું છે અહીં... આહાહાહા..!

જેણે ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપી.. એમાં બુદ્ધિને સ્થાપીને જ્ઞાનનો અનુભવ કર્યો એને આ વાત હોય છે. અજ્ઞાનીને એ વાત હોતી નથી. ચાહે તો સાધુ થયો હોય પાંચ મહાવ્રત પાળતો હોય પણ અજ્ઞાની છે એને આ વાત શોભતી નથી... એને હોતી નથી.

'સત્તા માત્ર શુદ્ધ જીવવસ્તુને પ્રત્યક્ષ આસ્વાદે છે. જોયું? "तत्त्वंसमुत्पश्यत:" સમ્યક્પ્રકારે ઉગ્રપણે પશ્યતઃ આસ્વાદે છે. એવા જીવને આહાહાહા! આવા જીવને આ હોય છે. વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું એને પ્રગટ છે.. કે પરને જાણતાં પરમાં જ્ઞાન ગયું નથી... પરથી જ્ઞાન થયું નથી.

જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે,... સમસ્તજ્ઞેયથી ભિન્ન છે એવો સ્વભાવ સમ્યગ્દષ્ટિ જીવ જાણે છે.

લ્યો...

પ્રમાણ વચન ગુરુદેવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# દિનાંક - ૧૫-૧-૭૯ શ્રી સમયસાર ગાથા ૧૯૯ પ્રવચન નં. ૨૭૫

હવે સમ્યગ્દષ્ટિ સ્વને અને પરને પ્રમાણે જાણે છે.

पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।
ण दु एस मज्झ भावो जोगणभावो हु अहमेक्को।।१९९।।

પુદ્‌ગલ કરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયક ભાવ છું. ૧૯૯

ઝીણી વાત છે ભાઈ... નિર્જરા અધિકાર છે ને! નિર્જરા એટલે શુદ્ધિ સ્વરૂપ જે શુદ્ધ છે... પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે.. પૂર્ણ અતીન્દ્રિય આનંદનો મહાસાગર છે. એવા આત્માને અંતરમાં દૃષ્ટિ અંતર્મુખ કરી અને એનું વેદન સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે એને અહીંઆ સમ્યગ્દષ્ટિ કહે છે. આહા!

એને નિર્જરા હોય છે. નિર્જરા તત્ત્વની.. વાત ત્રણ પ્રકારે કર્મનું ખરવું એને નિર્જરા કહે છે.. અશુદ્ધતાનું ટળવું એને નિર્જરા કહે છે એ એક શુદ્ધનું વધવું.

વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે ભાઈ! કાલે કોઈક કહેતું હતું કે આ વર્ષાદ ખેંચાણો છે ને તો બાર-ચૌદ ઢોર મરી ગયા ઘાસ વગર કહો! આવા અવતાર! આમ તો અગીયાર ઇંચ વર્ષાદ આવી ગયો છે. ઘાસ થોડું હતું એ બધું ખવાઈ ગયું... બાર-ચૌદ ઢોર ઘાસ વગર મરી ગયા. આવા અવતાર તેં અનંતવાર કર્યા છે... એક આત્મજ્ઞાન વિના બાકી બધું કર્યું છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિ કર્યા છે.. એ સંસાર છે.

અહીંયા તો સમ્યગ્દષ્ટિ.. જેને આત્મા ચૈતન્ય રત્નાકર, મહાપ્રભુ અનંત શક્તિઓથી બિરાજમાન, કાલે કહ્યું હતું કે એક આત્મામાં એટલી શક્તિઓ એટલે સ્વભાવ એટલે ગુણો એટલા છે કે અનંતા મોઢાં કરીએ- મુખ કરીએ- એક એક મુખમાં અનંતી જીભ કરો તો પણ કહી શકાય નહીં. આહા! પ્રભુ! એને ખબર નથી. બહારની બધી વાતોમાં અને ભીખમાં.. પોતાથી વિશેષ જાણે બહારમાં છે એમ લાગ્યું છે એટલે અટકી ગયો છે. પોતાની અંદર વિશેષ કોઈ જુદી ચીજ છે... આહા! એના તરફ એણે કદી નજર કરી નથી. એ આંહી કહે છે.

સમ્યગ્દષ્ટિ જીવ.. સમ્યક્ નામ સત્ય- જેવું હોય તેવું પૂર્ણ સ્વરૂપ.. કેવું? અનંત મુખથી અને એક એક મુખમાં અનંત જીભે એના ગુણ કહેવા જાય તો પણ ગુણની સંખ્યા એટલી છે કે કહી શકાય નહીં! આહાહાહા! રાત્રે કહ્યું હતું. એવો આ ભગવાન આત્મા શરીર એ તો માટી છે એ પર છે... જગતની ચીજ છે.. કર્મ અંદર છે એ જડ છે, પર છે. એનું તો આત્મામાં અસત્‌પણું છે સ્વમાં સત્‌પણું છે અને પરનું તેમાં અસત્ પણું છે.

હવે એમાં રખડે છે કેમ? આટલી આટલી શક્તિઓ પડી છે. આહા! એ અનંત ગુણોની સંખ્યા કહી શકાતી નથી, એવો આ ભગવાન આત્મા એણે સમ્યક્ એટલે જેવું સત્યસ્વરૂપ છે એવી અંતરદષ્ટિ

અનુભવ કરીને કરી છે તે અહીંઆ સમ્યગ્દષ્ટિ કહે છે. આહાહાહા!

**ટીકા:**

નીચે ગુજરાતી આવી ગયું છે.

પુદ્‌ગલ કરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયક ભાવ છું. ૧૯૯

આહા! આંહી સુધી પહોંચવું! ...

ખરેખર રાગ નામનું પુદ્‌ગલ કર્મ છે.. જડ..

ચારિત્રમોહ.. જડ તેના ઉદયનો વિપાક.. એ કર્મ સત્તામાં પડયું છે અજીવપણે પણ એનો ઉદય આવ્યો એ પણ એક અજીવ છે. આહાહા! ભગવાન અનંતગુણનો નાથ! શુદ્ધરસ! ચૈતન્ય રત્નાકર પ્રભુ! એની પર્યાયમાં કર્મ જડ છે તેના નિમિત્તે... પુરુષાર્થની કમજોરીથી રાગ થાય.. પરથી નહીં એ કર્મથી નહીં.. કર્મ તો જડ છે.. એને તો આત્મા અડતો પણ નથી; કોઈ દિવસ અડયો પણ નથી. આહા! ભગવાન આત્મા શરીર, વાણી, કર્મ એને અનંત અનંતકાળમાં કદી અડયો પણ નથી. કેમકે એ ચીજની જે ચીજમાં નાસ્તિ છે એને અડે શી રીતે? આવો જે ભગવાન આત્મા અનંતગુણ રત્નાકર એનું જેને જેવું છે એવું સમ્યક્ પ્રતીત જ્ઞાન થઈને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવીને સ્વસ્વરૂપને જ્ઞેય બનાવીને જ્ઞાન કરીને પ્રતીત થાય છે એને અહીંયા ભવના અંતની પહેલી સીડી સમ્યગ્દર્શન કહે છે. તે વિના ભવનો અંત પ્રભુ નથી આવતો.

બહારની અનેક પ્રકારની ક્રિયાઓ દયા-દાન-વ્રતાદિ-સંસારની તો શું વાત કરવી? એની ઝંઝાળમાં તો એકલો પાપ છે. આખો દિવસ પાપ અને બાયડી છોકરાંઓને સાચવવાં એની સાથે રમવું. એ પાપ! ધર્મ તો ક્યાં છે બાપા? પુણ્યના પણ ઠેકાણા નથી આહા!

અહીં તો કહે છે કે ધર્મી તો એને કહીએ કે જેને આત્માનો પૂર્ણ સ્વભાવ.. એની જેને જ્ઞાન થઈને પ્રતીતિ થઈ છે.. એમને એમ પ્રતીતિ નહીં. જ્ઞાનમાં ચીજ આવી છે કે આ ચીજ આ છે, પૂર્ણ આનંદ અને પૂર્ણ શક્તિનો સંગ્રહાલય, શાંત પ્રભુ, એવું જેનું પરમ સત્યસ્વરૂપ છે એવો જેણે અંતરમાં જ્ઞાનની પર્યાયમાં જાણીને પ્રતીત કરીને શાંતિનું વેદન કર્યું છે.. એને અહીંયા સમ્યગ્દષ્ટિ કહે છે. એને અહીંઆ ધર્મની પહેલી સીડી ધર્મનું પહેલું પગથિયું કહે છે.

એવો જે જીવ તે ખરેખર રાગ નામનું પુદ્‌ગલ કર્મ છે તેના ઉદયના વિપાકથી સત્તામાં પડયું છે એ નહીં. એનો ઉદય આવતાં એનો પાક થયો ઉદયથી ઉત્પન્ન થયેલો રાગ એટલે નિમિત્તના લક્ષે વશ એ કર્મનો જે ઉદય છે તે નિમિત્ત છે. એના લક્ષે એના વશે.. એનાથી નહીં... જે કંઈ રાગ થયો આહાહાહા! ... છે? ...

વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગ ભાવ છે... જોયું...? શું કીધું ઈ? આ તો સિદ્ધાંત છે આ કંઈ વાર્તા નથી. પ્રભુ! અરે! એણે આ કદી કર્યું નથી. એને પોતાની દયા આવી નથી. અરે! હું ક્યાં રખડું છું? કઈ યોનિમાં ક્યાં હું? મારી કઈ જાત.. અને ક્યાં આ રખડવાનાં સ્થાન..! હું એક

આનંદનો બાદશાહ.. અનંત ગુણનો ધણી.. એ તો આ એકેન્દ્રિય અને બેઇન્દ્રિયમાં રખડે..!

એવું જેને અંદર ભાન થયું છે કે હું તો ચૈતન્યસ્વરૂપ આનંદ છું... જ્ઞાયક છું.. હું તો એક જાણનાર દેખનાર છું. એની સાથે અનંતા ગુણો વણાયેલા છે. જાણવા દેખવાની સાથે અવિનાભાવે અનંતાનંત ગુણો સાથે પડયા છે. ઝીણી વાત છે, પ્રભુ!

'એવો જે હું એમાં આ જે રાગ થયો એ મારો સ્વભાવ નથી' અંદર જરા દયાનો-દાનનો-વ્રતનો-પૂજાનો અને ભક્તિનો ભાવ આવ્યો એ રાગ છે હિંસા-જૂઠ-ચોરી વિષયનો રાગ એ તો તીવ્ર છે એની તો શું વાત કરવી? એ તો ઝેરના પ્યાલા છે. આહા! અહીં તો દયા-દાન-વ્રત-ભક્તિનો રાગ આવ્યો તો સમ્યગ્દષ્ટિ જીવ... જેને સત્ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે... પૂર્ણાનંદનો નાથ પરમ સ્વભાવ જે પારિણામિક ભાવે સહજ સ્વભાવે જ અનાદિથી છે એ ત્રિકાળ નિરાવરણ છે.. ત્રિકાળ અખંડ છે.. એક છે.. અવિનશ્વર છે એવો જે ભગવાન આત્મા એની જ્યાં પ્રતીત થઈને અનુભવ થયો છે એ એમ કહે છે કે આ રાગ છે એ મારો નહીં.

જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ મારો નહીં. એમાં હું નહીં. એ હું નહીં એ મારામાં નહીં આહાહા! આટલી શરતોનું સમ્યગ્દર્શન છે.

દુનિયા.. તો ક્યાં.. ક્યાં.. બેઠી છે. આગળ છાપામાં આવ્યું છે ને? મોરારજી ગંગામાં નાહ્યા વીસ મિનિટ 'સ્થિતપ્રજ્ઞ છે' એમ લખ્યું છે, અરે! ભગવાન! બાપુ.. સ્થિતપ્રજ્ઞ કોને કહે.. જે જ્ઞાન વાસ્તવિક પૂર્ણ સ્વરૂપમાં ઠરે એને સ્થિતપ્રજ્ઞ કહે છે. આહા!

એ જીવને રાગ જરી દેખવામાં આવે... પોતાની પર્યાયની નબળાઈથી.. હવે અહીં કોઈ એમ લઈ લ્યે કે કર્મના વિપાકથી આ રાગ થયો છે, એનાં જડનો ઉદય આવ્યો માટે રાગ થયો છે એમ નથી. જડને તો ચૈતન્ય કદી અડયો પણ નથી. રાગ છે તે જડ કર્મને પણ અડયો નથી. કર્મનો ઉદય છે તે રાગ અહીં થયો તેને અડયો નથી. અહીં તો એમ કહે છે કે ને મને પણ (રાગ) અડયો નથી એવો હું છું.. છે?

એ રાગરૂપભાવ છે.. છે એટલે અસ્તિ છે હું ત્રિકાળી અસ્તિ છું.. અને પર્યાયમાં રાગ આવ્યો છે. એ રાગનું અસ્તિત્વ છે. પણ (એ) મારો સ્વભાવ નથી. એ મારું સ્વરૂપ નથી.. મારો સ્વભાવ... સ્વ... સ્વ.. સ્વ.. ભાવ એ નહીં.. એ વિભાવ છે વિકાર છે પર છે. મારા સ્વરૂપમાં તેની નાસ્તિ છે. એના સ્વરૂપમાં મારી નાસ્તિ છે.

આવો મારગ છે, બાપુ! લોકો એકાંત કહીને ઉડાવી દે છે.. કરો કરો બાપુ! મારગ તો આ છે. ત્રણ લોકના નાથ અનંત તીર્થંકરોની ધ્વનિ આ છે અવાજ આ છે.

કહે છે કે ધર્મની જેને દૃષ્ટિ થઈ છે, ધર્મ એટલે? આત્માના અનંત ગુણો એ ધર્મ અને આત્મા એનો ધરનારો ધર્મી.. એવા અનંત ગુણોરૂપી ધર્મ એની જેને દૃષ્ટિ થઈ છે. તો પર્યાયમાં પણ અનંત ધર્મ અને અનંતી શક્તિનો અંશ બહાર આવ્યો. પ્રગટ થયો છે. જેવી રીતે દ્રવ્ય અનંતગુણનું એકરૂપ જેવી રીતે સંખ્યાએ ગુણ અનંતરૂપ એવી એની પ્રતીતિ કરતાં પણ અનંતગુણની જેટલી સંખ્યા છે તેનો એક અંશ પ્રગટ થયો છે.. અનંતનો અનંત અંશ પ્રગટ વ્યક્ત થયો છે; આમ સમ્યગ્દર્શન થતાં થાય છે. આહા! ત્રણેય એક થાય છે.. એટલે?

દ્રવ્યમાં અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, એના અનંતગુણો, એવા જે ધર્મ મૂળ છે તેનો ધરનાર ધર્મી દ્રવ્ય છે. તેની જ્યાં અંતરદષ્ટિ થાય છે તેની રાગની પર્યાયની દષ્ટિ ઉડી ગઈ છે.. આહા! એને આ રાગ છે એ મારો સ્વભાવ નહીં. જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ અપરાધ છે. આહાહાહા! પરની દયાનો ભાવ આવે એ અપરાધ છે. એ દોષ છે.. એ મારો સ્વભાવ નથી. ધર્મી એમ જાણે છે કે એ મારું સ્વરૂપ નથી.

અહાહા! ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો માર્ગ કોઈ અલૌકિક છે. એ સિવાય બીજે ક્યાંય છે નહીં. આહા! એવો જે પ્રભુ આત્મા! કહે છે કે એ પંચ મહાવ્રતનો રાગ આવ્યો... ભગવાનની ભક્તિનો (રાગ) આવ્યો. દયાનો (રાગ) આવ્યો. એ મારો સ્વભાવ નથી. ધર્મી તો એમ જાણે છે કે મારા સત્‌માં તેનું અસત્‌પણું છે. મારામાં એ નથી. સમજાય છે કાંઈ? માર્ગ ઝીણો બાપુ!

નરકના અને નિગોદના દુઃખો.. જેમ ગુણોની સંખ્યાનો પાર ન મળે.. એમ આ દુઃખોનું વર્ણન પણ કરોડ ભવે.. કરોડ જીભે ન કહેવાય બાપુ!

એવા જે ગુણો છે એની ઉલટી દશા જે દુઃખ.. એ દુઃખ પણ કરોડ ભવે અને કરોડ જીભે પણ ન કહી શકાય એવા દુઃખ (એણે) વેઠયા છે, બાપા! નરકના નિગોદના એમાંથી છૂટવાનો તો મારગ આ એક છે એના તરફનું વલણ તો કર! અહાહા! હું એક પૂર્ણાનંદનો નાથ પૂર્ણસ્વરૂપ એવી જે અંતર દષ્ટિ થતાં રાગનો એક કણ પણ મારું સ્વરૂપ અને સ્વભાવ નહીં.. એ મારામાં નહીં.

એને ઉદયમાં રાગ થયો એ નિર્જરી જાય છે. અલ્પબંધ થાય છે એ વાત ગૌણ છે. ખરેખર નિર્જરી જાય છે એમ કહેવું છે, એ મારો સ્વભાવ નથી. "હું" તો કેમ કે એ છે અને હું પણ છું.. હું તો આ ચૈતન્ય પ્રત્યક્ષ બતાવે છે 'આ' એટલે એ પ્રત્યક્ષપણું બતાવે છે. કહેતા નથી કે 'આ' માણસ આવ્યો. 'આ' એટલે એનું વિદ્યમાનપણું બતાવે છે પ્રત્યક્ષ 'આ' આત્મા એમ જ્ઞાનમાં એનું પ્રત્યક્ષપણું જણાય છે. આ આવી વાત છે. સાંભળવી પણ મુશ્કેલ પડે..! એને અંતરમાં ઉતારવું એ તો કોઈ અલૌકિક પ્રસંગ છે. દુનિયા સાથે મેળ ખાય એવું નથી. 'હું તો આ પ્રત્યક્ષ અનુભવ ગોચર. હું તો આ પ્રત્યક્ષ અનુભવ ગોચર. હું તો જ્ઞાનના પ્રત્યક્ષ વેદન અનુભવ ગોચર છું. હું પરોક્ષ રહું એવું મારું સ્વરૂપ નથી.. આહા!

૪૭ શક્તિનું વર્ણન જ્યાં છે એમાં એક 'પ્રકાશ' નામનો ગુણ લીધો છે. તો એ પ્રકાશ નામના ગુણને લઈને ગુણી એવા ભગવાન આત્માને જ્યાં સમ્યક્ અનુભવમાં લીધો તો એને પર્યાયમાં સ્વસંવેદન સ્વ એટલે પોતાનું સમ્-પ્રત્યક્ષ વેદન થાય તેવો જ એનો ગુણ છે. આહાહાહા! સમજાણું કાંઈ?

'હું તો આ પ્રત્યક્ષ અનુભવ ગમ્ય ટંકોત્કીર્ણ.. એવોને એવો.. અનંતકાળ વીતી ગયો છતાં મારા દ્રવ્યમાં ઘસારો લાગ્યો નથી. આહા! નિગોદ અને નરકમાં અનંતવાર રહ્યો પણ મારા દ્રવ્ય અને ગુણમાં કાંઈ હીણપ અને ઘસારો થયો નથી. આહા! એવો મારો પ્રભુ એક જ્ઞાયકભાવ છું.

વિકલ્પના અનંત પ્રકારના ભાવ આવે ઘણા પ્રકારના- સંક્ષેપમાં અસંખ્યાત છે- વિસ્તારમાં અનંત પ્રકાર છે.. પણ વસ્તુ હું છું એ તો એકરૂપે છું. આહા! હું એક જ્ઞાયક ભાવ ટકોત્કીર્ણ.. હું તો જાણક સ્વભાવ-જાણક સ્વભાવ-જાણક સ્વરૂપ એવું તત્ત્વ તે હું છું. એ રાગ તો હું નહીં પણ પર્યાય જેટલો

પણ હું નહીં.. રાગ છે એને જાણે છે એ રાગ જ્ઞાનમાં આવ્યો નથી.. રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાન થયું નથી.. જ્ઞાનની પર્યાયમાં પોતાથી રાગનું અને પોતાનું જ્ઞાન પોતાથી પોતાની સત્તામાં પોતા વડે થયું છે, તે જ્ઞાન એક સમયની પર્યાય છે, એટલોય હું નથી. સમજાય છે કાંઈ?

હું તો એક જ્ઞાયક ભાવ છું આહાહાહા! જુઓ આ ભવના અંતની વાત! પ્રભુ! ચોરાસીના ભવના અવતાર! ... ક્યાંય નરક... ક્યાંય નરક... ક્યાંય નિગોદ! ક્યાંય લીલોતરી! ક્યાંય લસણ! ક્યાંય બાવળ! ક્યાંય થોર! આહાહા! અવતાર ધારણ કરી કરીને ક્યાં રહ્યો. એના અંત લાવવાનો આ એક ઉપાય છે. જેમાં ભવ કે ભવનો ભાવ નથી. રાગ એ ભવનો ભાવ છે. એ મારા સ્વરૂપમાં નથી.

અત્યારે તો એવી માંડે કે આ દયા કરો દાન કરો, વ્રત કરો, પૂજા કરો, ભક્તિ કરો, સેવા કરો એ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે. અરે પ્રભુ! જે વસ્તુ ઝેર છે.. રાગ છે.. એ સ્વરૂપમાં નથી તો એનાથી સ્વરૂપમાં લાભ થાય? સમજાણું કાંઈ?

અત્યારે તો દૃષ્ટિનો મોટો ફેરફાર થઈ ગયો છે.. સેવા કરો- દેશ સેવા કરો- એક બીજાને મદદ કરો ભૂખ્યાને અનાજ આપો, તપસ્યાનો પાણી આપો. આહા! આપણાં સાધર્મીઓને મદદ કરો. આહા! પર વસ્તુનો પ્રભુ તારામાં અભાવ છે અને તારો તેનામાં અભાવ છે, તો તું પરનું શું કર? આહા! કેમકે તે પર પદાર્થ એની પર્યાયના કાર્ય વગર તો છે નહીં તો એની પર્યાય તું શી રીતે કરીશ? આહાહાહા!

તારી સામે એ અનંતા દ્રવ્યો ભલે હો પણ એ અનંતા દ્રવ્યો તો પોતાની પર્યાયને કરે છે. એ પરને કાંઈ કરી શકે નહીં. એ પરને કાંઈ કરતો નથી. તારું દ્રવ્ય પરને કાંઈ કરતું નથી. પરના દ્રવ્ય ગુણને તો નહીં પર્યાયને કરતું નથી. આહાહાહા!

આવો હું એક જ્ઞાયક તત્ત્વ છું. કાલ આવ્યું હતું તત્ત્વથી ભાષાથી નહિ પણ પરમાર્થથી એને આ વાત અંતરમાં બેસવી જોઈએ તત્ત્વથી!

એક જ્ઞાયક ભાવ ત્રિકાળ તે હું છું. એ દયા-દાનાદિનો રાગ આવ્યો છે એ હું નહીં.. એ હું નહીં તો તેનાથી મને લાભ પણ નહીં મારો પ્રભુ મારો સ્વભાવ છે.. એ સ્વભાવના પરિણામ દ્વારા મને લાભ થાય.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષ પણે એટલે અગાઉ પહેલાં સામાન્યપણે કહ્યું હતું. કે એક આત્મા એ સિવાય અને રાગથી માંડીને બધાનો ત્યાગ છે એ સામાન્યપણે કહ્યું હતું... હવે ભેદ પાડીને (કહે છે) સમજાય છે કાંઈ?

પહેલાં સામાન્યપણે કહ્યું હતું એક તરફ આત્મા અને રાગાદિ આખી દુનિયા. રાગ અને વિકલ્પથી માંડીને આખી દુનિયા.. બધું; તે તારામાં નથી અને તું એનામાં નથી. સામાન્યપણે આમ પહેલાં કહ્યું હતું.. હવે એના ભેદ પાડીને વિશેષપણે સમજાવે છે.

સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે.. સ્વ અને પરને જાણે છે. આહીં તો ત્યાં સુધી કહ્યું છે રાગ છે તેને જાણે છે અને જાણનાર તે હું છું.. જે રાગ મારામાં જણાય છે એ હું નહીં.. આહાહાહા!

રાગ છે માટે અહીં રાગનું જ્ઞાન થાય છે એમેય નહીં મને મારું જ્ઞાન મારાથી.. સ્વને જાણતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પરને જાણું એવું સ્વ-પર પ્રકાશક મારી સત્તાનું સ્વરૂપ છે. એનાથી હું મને જાણું છું.. આવું છે!

સ્વ અને પરને જાણે છે સ્વ એ જ્ઞાયક ભાવ અને રાગ એ પર.. અહીં અત્યારે રાગ લેવો છે. આ અપેક્ષા છે. ખરેખર તો અહીં સંબંધીનું જ્ઞાન પોતાનામાં પોતાથી સ્વ-પર પ્રકાશના સામર્થ્યથી થયેલું છે, તેને જાણે છે. અહીં રાગ બતાવવો છે. રાગને ધર્મી જાણે છે પણ રાગ (તે) હું નહીં.. હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. આહાહાહા! આવી વાત! માણસને નવરાશ ક્યાં છે.. પોતાના હિતને માટે વખત લેવો એ પણ વખત એને મળતો નથી એમ કહે છે. મરવાનો વખત નથી. આ વેપાર અને આ ધંધા! બાપુ! દેહ છૂટવાના ટાણા આવશે ભાઈ! એ ટાણે (મોત) અકસ્માત આવીને ઉભું રહેશે. આહાહાહા! વાત કરતાં કરતાં (દેહ) છૂટી જશે. એમ નહીં કે એ કહેશે કે હવે હું છૂટું છું.. આ દેહ તો જડ છે માટી છે એને જે સમયે છૂટવાનો સમય છે તે સમયે એનો છૂટયે જ છૂટકો છે. એ એનો સમય છે.

ભગવાનના જ્ઞાનમાં તો છે.. પણ તારે શરીરમાં રહેવાની આટલી જ યોગ્યતા છે.. એટલી યોગ્યતા સુધી રહીને દેહ છૂટી જશે. આહા!

અહીં કહે છે પ્રભુ...! ધર્મી એને કહીએ જેને આત્માનું દર્શન થયું છે. એને દયા-દાન-ભક્તિ-જાત્રાનો રાગ આવે પણ ધર્મી એને પોતાનો માનતો નથી. એને પોતાનો ન માને. જેમ આ માટી જડ ધૂળ છે અને એનું અસ્તિત્વ તદ્દન ભિન્ન છે. (તેમ રાગ ભિન્ન છે) એ પર છે. રાગનું અસ્તિત્વ પર્યાયમાં જરા દેખાય છતાં એ અસ્તિત્વ મારું સ્વરૂપ નથી. આહા!

ધર્મી એને કહીએ.. સમ્યગ્દર્શન એ ધર્મની પહેલી સીઢી- એને કહીએ રાગને પણ પોતાની ચીજ ન માને. આહા! ત્યાં વળી આ બાયડી મારી અને આ છોકરાં મારા... પ્રભુ! ધર્મી એમ માને નહીં કહેશે હમણાં એ... સમજાણું કાંઈ?

આ દીકરો મારો છે અને આ દીકરી મારી છે.. આ મારી બાયડી છે. અરે પ્રભુ! કોની બાયડી? કોના છોકરાં? એનો આત્મા જુદો એના શરીરના પરમાણુ જુદા.. તારાં જુદા.. એ તારા ક્ય ાંથી આવ્યાં? આહા! શું થયું છે તને પ્રભુ! આહાહાહા!

આહીં કહે છે કે એ સ્વ-પરને જાણે છે. આ જ પ્રમાણે રાગ પદ બદલીને દ્વેષ આવે.. દ્વેષ લેવો "છે?" દ્વેષનો અંશ આવે તો પણ ધર્મીને આત્માના આનંદના સ્વાદ આગળ એ દ્વેષનો સ્વાદ આકુળતા છે માટે એ મારું સ્વરૂપ નથી. આહા! સમજાય છે કાંઈ?

દ્વેષનો અંશ છે એ મારી ચીજ નહીં. હું તો પ્રભુ જ્ઞાયક ચૈતન્ય જ્યોત અનાદિ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વર દેવ પરમેશ્વર પરમાત્મા એણે જે આ આત્માને જોયો એ આત્મા તો રાગ અને વિકાર રહિત પ્રભુ આત્મા છે. તેને ભગવાને આત્મા કહ્યો છે. આહા! એ ભગવાન પોતે એમ કહે છે કે, 'ભાઈ! જે ધર્મી થાય એને રાગ અને દ્વેષના અંશ આવે.. એની એટલી નબળાઈ છે.. પણ એ મારું નહીં મને નહીં હું એને અડતોય નથી. આહા! આવી વાત છે! સાંભળવી મુશ્કેલ પડે, બાપુ! શું કરે.. એ દ્વેષ, મોહ.. આ મોહ એટલે મિથ્યાત્વ નહીં! પણ પર તરફ જરાક સાવધાની જાય છે એ પણ હું નહીં, હું નહીં.. અહીં સમ્યગ્દષ્ટિને લેવો છે ને! મિથ્યાત્વ છે જ નહીં ત્યાં.. પણ કોઈ જરી સમ્યક્ત્વ મોહનીયનો ઉદય હોય કોઈ વખત... એ પર તરફની સાવધાની એ પણ હું નહીં. એ હું નહીં.. હું તો જાણનાર ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વર દેવે જેવો પ્રગટ કર્યો અને એવો હતો એ હું છું. મારામાં અને ભગવાનમાં કાંઈ ફેર નથી. ભગવાનની પર્યાય પ્રગટ થઈ ગયેલી છે; મારી પર્યાય અપૂર્ણ છે. છતાં એ રાગ આદિ ચીજ જેમ ભગવાનમાં નથી એમ મારામાં પણ નથી.

અરેરે! આવી વાતો! ક્યાં નવરાશ છે. માણસ પાસે?

એમ દ્વેષ-એમ મોહ-એમ ક્રોધ-એમ ક્રોધ જરી આવી જાય.... ધર્મી છે.. લડાઈ વગેરેમાં પણ ઊભો હોય છતાં એ ધર્મી ક્રોધને પોતાનું સ્વરૂપ જાણતો નથી. એ ક્રોધને ક્રોધની હૈયાતીમાં, ક્રોધને.... જાણવાનો પોતાનો સ્વભાવ છે તેને જાણે છે. સમજાણુ કાંઈ

આવી વાત છે. ક્રોધ.... એમ માન, ધર્મીને જરા માન આવી જાય... ધર્મી છે. ... આહા! છતાં એ જાણે છે કે એ મારી ચીજ નહીં હો! એતો પારકી ચીજ આવીને દેખાવ દયે છે.. આહાહા!

જેમ ઘરમાં પોતે રહ્યો હોય અને કોઈકની સ્ત્રી કે છોકરો પોતાના મોઢા આગળ આમ આવીને ચાલ્યા જાય બારણા પાસેથી... એમ આ ક્રોધનો અંશ પણ આવીને દેખાવ ધ્યે છે, એ મારી ચીજ નહીં.

આવું ઝીણું છે. એટલે તો લોકો કહે છે ને કે આ સોનગઢવાળાનું એકાંત છે. વ્યવહારથી થાય એમ કહેતા નથી.. પણ અહીં પ્રભુ તો એમ કહે છે કે વ્યવહારનો રાગ આવે એને ધર્મી પોતાનો માનતો નથી.

પ્રભુ! વીતરાગ માર્ગ ઝીણો બહુ છે બાપુ!

ત્રણ લોકના નાથ સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એના આહીં પડયા વિરહ! વાણી રહી ગઈ. આહા! સાક્ષાત્ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. આવીને આ વાણી બનાવી છે. (શાસ્ત્રો બનાવ્યાં છે.) એની ટીકા કરનાર તો ત્યાં ગયા ન હતા. પણ એ અહીં ભગવાન પાસે અંદર ગયા હતા. તેથી આ ટીકા બનાવી છે આહા!

આવું છે...! આ કઇ જાતનો ઉપદેશ? બાપુ, ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! વીતરાગ..! વીતરાગનો માર્ગ વીતરાગભાવથી હોય છે. વીતરાગનો માર્ગ રાગથી હોય નહીં... તો (એ) વીતરાગ માર્ગ ન કહેવાય.

એથી સમ્યગ્દષ્ટિ આત્માને વીતરાગસ્વરૂપે જ જાણે છે તેથી પર્યાયમાં... સમ્યગ્દર્શન એ.. વીતરાગી પર્યાય પ્રગટ થઈ છે. વીતરાગી પર્યાયથી વિરૂદ્ધનો માન કે ક્રોધ એ એને પોતાનો માનતો નથી. આહાહાહા!

માયા.... માયા પણ જરી આવે છે. પણ એ દેખાવ દયે છે... તે વખતે તે જ્ઞાનનો પર્યાય તેને જાણવાની પોતાની શક્તિથી પ્રગટેલું જ્ઞાન આ છે એમ જાણે છે, છૂટી જાય છે. આહા! આવું આકરું છે.

લોભ... ઈચ્છા કોઈ વર્તી આવે છતાં ધર્મી એને કહીએ કે એ ઈચ્છાને પણ પોતામાં ન લાવતાં... એ મારું સ્વરૂપ જ નથી.... લોભ મારું સ્વરૂપ જ નથી.... મારી જાત નથી.... મારી નાત નથી એ તો કજાત છે.. એ આત્મ જાત નહીં... ઈચ્છાને પણ અન્ય જાણીને માત્ર જાણવાવાળો રહે છે. હું તો એક જ્ઞાયક જાણનારો છું.. આહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આવું સ્વરૂપ ક્યાંથી... એમ કહે છે.

આ અહીંનું કરેલું છે? અનાદિનો માર્ગ જ આ છે, પણ એણે સાંભળ્યો ન હોય એથી એને નવીન લાગે. એથી કંઈ માર્ગ નવો નથી. માર્ગ તો જે છે તે આ જ છે. એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ ' એ આહિં કહે છે.

લોભ... આઠ કર્મ... એ આઠ કર્મ હું નહીં. મેં કર્મ બાંધ્યા અને મેં કર્મ છોડયા એ મારામાં નથી... આહા! શાસ્ત્રમાંથી સાંભળ્યું હોય કે ચોથે ગુણસ્થાને આમ આટલા કર્મ બાકી છે... આમ હોય... પણ એ તો એનું જ્ઞાન આટલા કર્મ બાકી છે.... આમ હોય.. પણ એ તો એનું જ્ઞાન કરે છે. એ કર્મ મારાં છે એમ માનતો નથી. કેમ કે કર્મ છે એ જડ છે, અજીવ છે અને ભગવાન આત્મા જ્ઞાયક છે. એ સત્‌સ્વરૂપ છે એમાં જડકર્મનો ત્રિકાળ અભાવ છે. એ કર્મનો પ્રભુમાં (આત્મામાં) અભાવ છે. અરેરે! આ કેમ બેસે? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી પ્રભુ અને કર્મ જડ છે. એ મારામાં નથી. હુ સત્‌ છું એ અપેક્ષાએ એ આસત્‌ છે. અને એ સત્‌ છે. એ અપેક્ષાએ હું અસત્‌ છું. એ પરમાણુની પર્યાય છે... કર્મ છે એ કર્મવર્ગણાની પર્યાય છે. એ પર્યાય કર્મરૂપે પરિણમી છે તો એ એની છે. આહા! એ કર્મ મારા નથી.. મેં આયુષ્ય બાંધ્યુ છે ને આયુ પ્રમાણે મારે દેહમાં રહેવું પડશે ને એય હું નથી. આહા! આયુષ્ય છે એ તો જડ છે મેં બાંધ્યું નથી. મારું છે જ નહીં ને; અને એને લઈને હું શરીરમાં રહ્યો છું એમે ય નહિને આહાહા! મારી પર્યાયની યોગ્યતાથી હું શરીરમાં રહ્યો છું... મારી યોગ્યતા એટલી પૂરી થશે ત્યારે દેહ છૂટી જશે.

એ કર્મ મારાં નહીં. એ જ્ઞાનાવરણીય કર્મ મને નડે છે.. એ મારાં છે જનહીં પછી નડે શું?

લોકો કહે છે ને કે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય તો જ્ઞાન હણાય.. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય તો જ્ઞાન ખીલે અહીં ના પડે છે. ખીલવું અને રહેવું એ તો પોતાની પર્યાયની યોગ્યતા છે. એ કર્મ મારાં છે જ નહીં પછી મને એ લઈને મારામાં કાંઈ થાય એ વાત છે જ નહીં આહા!! એક કલાકમાં કેટલું યાદ રાખવું? જગતાં હાલે નહીં એવી વાત! બાપુ! એવો મારગ છે, ભાઈ! આહા! એ તો ત્રણ લોકના નાથ એનું વિવરણ કરે અને સંતો વિવરણ કરે એ અલૌકિક રીતે છે. આહા!

નોકર્મ.. મારા સિવાય જેટલી ચીજો છે એ બધા નોકર્મ એ મારામાં નથી. આહા એ સ્ત્રી મારી નથી એમ સમકિતી માને છે દુનિયા જેને અર્ધાંગના કહે છે, આહા! એનો આત્મા જુદો - એના શરીરના રજકણો દ્રવ્ય જુદા. એ મારી અપેક્ષાએ અસત છે એની અપેક્ષાએ હું અસત છું તો એ મારાં ક્યાંથી થઈ ગયા? આહા! તો કરવું શું? આ બાયડી છોકરાંને છોડીને ભાગી જવું? ભાગીને ક્યાં જાવું છે? અંદરમાં જવું છે? (આત્મામાં) એ નોકર્મ મારું નહીં આહાહાહા!

એ બંગલા... એ પૈસા... એ સ્ત્રી... એ દિકરા એ દિકરીયું... વેવાઈ... જમાઈ, આહાહાહા! એ મારાં સ્વરૂપમાં નહી એ એ મારૂં સ્વરૂપ નહીં. હું એને અડતો પણ નથી; એ ચીજ મને અડતી નથી. આહા! અરે! આ વાત કેમ બેસે? અનંતકાળમાં રખડયો; અજ્ઞાન ભાવથી અને મૂઢભાવથી રખડે છે. એને આ વાત અંદરમાં બેસે ત્યારે ભવના અંત આવે એવું છે.

ઓ નોકર્મ હું નહીં... નોકર્મમાં બધું આવ્યું, પૈસા સ્ત્રી, કુટુંબ, દીકરા, દીકરી, મકાન, આબરૂ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહા! એ બધું મારામાં નહીં.... એ બધું મારું નહીં, મારે લઈને એ નહીં, એને લઈને હું નહીં. આહા! આવી વાત છે. આવો માર્ગ છે. શરીરને લેશે જુદું પણ ખરેખર એ નોકર્મમાં જાય છે. શરીર વાણી, આ પર વસ્તુ મકાન કપડાં દાગીના, સ્ત્રી, દીકરા, દીકરી બધું નોકર્મ એ મારું સ્વરૂપ નહીં, એ મારાં નહીં એ મારામાં નહીં એમાં હું નહીં આહાહાહા!

સમ્યગ્દષ્ટિ ધર્મન પહેલી સીઢીવાળો આ રીતે આત્માને અને પરને જાણે છે દુનિયાને આ બેસવું કઠણ પડે. અને કહે છે કે આ એકલો નિશ્ચય થઈ ગયો પણ વ્યવહાર ક્યાં?"

પણ વ્યવહાર એટલે શું?

પર વસ્તુને વ્યવહાર કહીએ.... તે કોઈ વસ્તુ આત્માનાં નથી. સ્વને નિશ્ચય કહીએ અને પરને વ્યવહાર કહીએ. પર એ તારામાં નથી, અને તું એનામાં નથી.

અરે! એ કે' દી નિર્ણય કરે અને ક્યારે અનુભવ કરે ને ક્યારે જન્મ મરણનો અંત આવી... આહા!

નોકર્મ... એ મન મારું નહીં... આઠ પાંખડી આકારે છે. આત્મા વિચાર કરે એમાં નિમિત્ત એ જડ છે. એ હું નહીં. ... મન (તે) હું નહીં.... હુ મનનો મનમાં રહીને જાણનારો નહીં... મન મારું તો નહીં પણ મનમાં રહીને મનને જાણનારો નહીં... હું તો મારામાં રહીને મનને ભિન્ન તરીકે જાણું એ પણ વ્યવહાર આહાહાહા! આહીં સુધી પહોંચવું... !

ઓલું તો સહેલું..... વ્રત કરો-તપ કરો-સેવા કરો-અપવાસ કરો-એકબીજાને મદદ કરો-પૈસા આપો. મંદિર બનાવો -જાત્રા કરો શત્રુંજય અને ગીરનારની... આ બધું સહેલું સટ.... આહા! એવું તો અનંતવાર કર્યું છે ભાઈ... એ રાગને પોતાનો માનીને અનંતા મિથ્યાત્વના સેવન કર્યા છે. આહા!

મન (તે) હું નહીં... વાણી હું નહીં.... વાણી તો જડની પર્યાય છે... જડની પર્યાય તો મારામાં અસત છે. હું પણે હું તો સત્ છું... પણ વાણીપણે અસત્ છું... મારી અપેક્ષાએ વાણી અસત્ છે. વાણી વાણીને અપેક્ષાઓ સત્ છે... મારી અપેક્ષાએ વાણી અસત્ છે. આહાહાહા! ઘણાં વેણ (વચન) મૂકી દીધાં છે.

કાયા... એ શરીર (તે) હું નહીં આ હાલે ચાલે તે અવસ્થા તે હું નહીં.... આહા! આ બોલાય છે (ભાષા) તે હું નહીં. એ જડ છે. આ કેમ બેસે? જ્યાં ત્યાં અભિમાન! હું કરું હું કરું એજ અજ્ઞાન છે. શકટનો ભાર જયમ શ્વાન તાણે. ગાડાની નીચે કૂતરુ અડયું. હોય તો જાણે કે ગાડું મારાથી ચાલે છે. અમે આ જ્યાં બેઠો હોય ત્યાં વ્યવસ્થા થતી હોય તો જાણે મારાથી થાય છે. એ કુતરો છે! અહા!

એ કાયા મારી નહીં.... એ કાયાની ક્રિયા મારી નહીં.. એ કાયાની હલવા ચલવાની ક્રિયામાં હું નહીં આહા! એને તો હું જાણનારો છું. શરીર છે એનો હું જાણનારો છું. એ શરીરમાં રહીને નહીં... પોતામાં રહીને એને હું પૃથ્થક તરીકે જાણું છું. એ પણ વ્યવહાર છે. હું જાણનારો છું. હું જ્ઞાયક છું.

વિશેષ પછી કહેશે...

# શ્રી સમયસાર ગાથા-૨૦૪ પ્રવચન ક્રમાંકઃ ૨૮૩ દિનાંકઃ ૧૩-૮-૭૯

સમયસાર, બસો ચાર ગાથા ફરીને થોડું!

આ આત્મા વાસ્તવમાં (અર્થાત્) ખરેખર પરમ પદાર્થ છે. અને તે આત્મા જ્ઞાન છે' આત્મા પરમપદાર્થ છે. જ્ઞાન સ્વરૂપ છે. 'અને આત્મા એક જ પદાર્થ છે' આત્મા એક જ પદાર્થ છે. એટલે જ્ઞાન એક જ પદાર્થ છે. આત્મા એકસ્વરૂપ છે તો જ્ઞાન પણ એક સ્વરૂપ છે. તેથી જ્ઞાન પણ એક જ પદ છે. આત્મા એક સ્વરૂપ છે તો જ્ઞાન પણ એક સ્વરૂપ છે. કેમકે આત્મા જ્ઞાન છે. 'જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થ સ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એના તરફની દૃષ્ટિ-એકાગ્રતા એ મોક્ષનો ઉપાય છે. આહા! પરમાર્થ સ્વરૂપ સાક્ષાત્ - મોક્ષ - ઉપાય છે.'

અવિનાશી તો આંહી ભગવાન છે! આહાહા! એના નાશવાન (દેહ) ઉપર તો લક્ષ કરવાનું નથી, પણ રાગને પર્યાય ઉપર પણ લક્ષ કરવા જેવું નથી. આહા! એ આત્મા પદાર્થ જ્ઞાનસ્વભાવી (છે) એટલે આત્મા એક છે તે જ્ઞાન પણ એક જ સ્વરૂપ છે.

અરે...., ભગવાન તું કોણ છે? એને જો ને.. . આહાહા! એવી દશાઓ (મરણની) અનંતવાર થઈ. હવે તારે તારું કલ્યાણ કરવું હોય, આવા અવસરમાં તો ભગવાન આત્મા એક સ્વરૂપે છે તો એનું જ્ઞાન પણ એકસ્વરૂપ છે આહા.. હા! એ મોક્ષનો ઉપાય છે. અંદર એકસ્વરૂપ જ્ઞાન છે એ તરફનું અવલંબન લેવું એ મોક્ષનો ઉપાય છે... જનમ-મરણથી રહિત થવાનો ભાવ એ એક જ છે ભાઈ!

આહા...! 'અહીં, મતિજ્ઞાન આદિ' ભેદજ્ઞાનથી પર્યાયમાં મતિ, શ્રુત, અવધિ (જ્ઞાનમા) ભેદો આ એક પદને ભેદતા નથી' ખરેખર તો જ્ઞાનની નિર્મળ પર્યાય, અનેકપણે સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે એ એકપણાની પુષ્ટિ કરે છે. ભેદ ઉપર લક્ષ ન હો અને જ્ઞાનસ્વભાવ ઉપર નજર હો તો જ્ઞાનની શુદ્ધિની પર્યાય ભલે મતિ, શ્રુત, અવધિના ભેદ હો પણ ઈ એકપણાને અભિનંદે છે. આહા...હા જે જે જ્ઞાનની નિર્મળ થાય તે તે નિર્મળદશા આની પુષ્ટિ કરે છે. આહા..! સમજાણું કાંઈ...?

નિર્જરા અધિકાર છે ને...! આહા...! એ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ તો ત્રિકાળ છે. એના અવલંબનથી શુદ્ધતાની સંવર-નિર્જરાની પર્યાય શુદ્ધ પ્રગટી છે એ પૂરણ શુદ્ધિનું કારણ છે. પૂરણ શુદ્ધિ એટલે મોક્ષ.

પણ.... અહીંયાં કહે છે કે પર્યાયમાં અનેકપણારૂપ જ્ઞાન થાય છે ને...! એ અનેકપણું ઉત્પન્ન થાય, પણ ઈ એકપણાને અભિનંદે છે. સ્વભાવની પુષ્ટિ કરે છે. આહા... હા!

ઝીણી વાતું બહુ ભાઈ...!

એ ચૈતન્ય ભગવાન આત્મા એક પદરૂપે - એકસ્વરૂપે હોવા છતાં, તેનો આશ્રય લઈને નિર્મળ પર્યાયો અનેક પ્રગટ થાય છતાં એ અનેક પર્યાય, એકપણાને અભિનંદે ને પુષ્ટિ આપે છે. સમજાય છે?

સ્વરૂપ શુદ્ધ એકરૂપ ચૈતન્ય છે. એનાં અવલંબનથી નિર્મળ પર્યાય અનેક થાય છે એ નિર્મળ પર્યાયો એકપણાની પુષ્ટિ કરે છે. ભેદ ઉપર લક્ષ ન લીધું! દૃષ્ટિ અભેદ ઉપર છે. જ્ઞાનની એકાગ્રતા.... શુદ્ધિ વધે છે તો કહે છે કે એકપણાની પુષ્ટિ કરે છે. એકાગ્રપણાની પુષ્ટિ કરે છે. આહા... હા! એકાગ્રપણાની પુષ્ટિ કરે છે.. . આહા.. હા! છે?

ત્યાં સુધી આવ્યું' તું 'પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે' એક પદને જ અભિનંદે છે. અર્થાત્ જ્ઞાયકભાવ જે ભગવાન (આત્મા છે) એના તરફના અવલંબનથી અનેક પ્રકારની નિર્મળ પર્યાયો મતિ, શ્રુત, અવધિ ઉત્પન્ન થાય છે એ બધી એકપણાની પુષ્ટિ કરે છે. સ્વભાવમાં એકાગ્રતાની વૃદ્ધિ કરે છે. આહા.. હા!

રાગને દયાદાનના વિકલ્પ એ તો ક્યાંય બહાર રહી ગયા! એ કોઈ ધરમ નથી, ધરમનું કારણે ય નથી... આહા... હા!

'તે વાતને દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે' આંહી સુધીં આવ્યું' તું કાલ. 'જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય' વાદળનાં દળથી ઢંકાયેલ સૂર્ય 'જો કે વાદળાંના વિઘટન અનુસાર' વાદળ ના વિખરવા અનુસાર 'પ્રગટપણું પામે છે' શું? પ્રકાશ. 'તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશ સ્વભાવને ભેદતા નથી.' પ્રકાશ વિશેષ, વિશેષ, પ્રગટ થાય છે એ સામાન્યને ભેદ કરતા નથી તે એકત્વ કરે છે આહા... હા! બહુ ઝીણું!

અંતર્માં ભગવાન આત્મા એકરૂપ – જ્ઞાન એકરૂપ એનું અવલંબન લેવાથી નિર્મળથી નિર્મળ એમ અનેક પર્યાયો ઉત્પન્ન થાય છે, પણ ઈ (પર્યાયો) અનેકપણાને પ્રાપ્ત થતી નથી એ સ્વરૂપની અંદર એકાગ્રતાની પુષ્ટિ કરે છે. આહા... હા! શું કહે છે? અરે... વીતરાગ મારગ બાપા!

ભગવાન આત્મા, જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ! એનાં અવલંબનથી જે શુદ્ધિની વૃદ્ધિ એક પછી એક થાય છે એ અનેકપણાને પુષ્ટ નથી કરતી આંહી એમ કહે છે. અંતર્માં એકાગ્રતાની પુષ્ટિ કરે છે. સમજાણું? સૂર્યના આડા વાદળાં છે એ જેમ જેમ વિખરાઈ છે તેમ તેમ પ્રકાશ વિશેષ વિશેષ થાય છે એ (વિશેષપણું) પ્રકાશની પુષ્ટિ કરે છે. અનેકપણાની નહીં પ્રકાશની પુષ્ટિ કરે છે. આહા... હા! આવી... ધરમની વાતું!

એ ભાઈ? અરે રે ઈ કરોડપતિ બધા દુઃખી છે એમ કહે છે. અરે રે ક્યાં છે ભાઈ...! તારું પદ ક્યાં છે? તારું પદ તો અંદર છે ને...! અને તે એકરૂપ પદ ભગવાન આત્મા દર્શનજ્ઞાન આનંદ એકરૂપે છે. ઈ એકરૂપમાં એકાગ્રતા થાય છે અને ઈ એકાગ્રતામાં શુદ્ધિની અનેકતા ઉત્પન્ન થાય છે. અનેકતામાં લક્ષ નહીં ત્યાં, ઈ અનેકતા એકતાની પુષ્ટિ કરે છે. આહા...! સમજાણું કાંઈ...?

(જેમ) સૂર્યનો પ્રકાશ, વાદળના વિખરવાથી જેમ વિશેષ થતો જાય છે તો એ (વિશેષતા) પ્રકાશની પુષ્ટિ કરે છે. (પ્રકાશ તેજ તેજ થતો જાય છે) સમજાણું કાંઈ...? હવે આવી વાતું! ધરમને માટે, (લોકો કહે) મારે ધરમ કરવો છે બાપુ! પણ ભાઈ..! ધરમ આ રીતે થાય... ભાઈ! ભગવાન તું જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છો ને...! ....એ તરફના ઝૂકાવથી જે શુદ્ધિની, એક પછી એક અનેક પ્રકારની પર્યાયો ઉત્પન્ન થાય છે એ અનેકપણું, એકપણાની પુષ્ટિ કરે છે શુદ્ધિ, શુદ્ધિ, શુદ્ધિ, શુદ્ધિ, શુદ્ધિ, વૃદ્ધિ છે

અનેકપણાની પુષ્ટિ નથી થતી અનેકપણાની પુષ્ટિ થાય છે. આહા... હા! ભગવાન.... આવો છે! જન્મ – મરણ રહિત ઈ ચીજ કોઈ અલૌકિક છે!

આખા જગતથી ઉદાસ થવું પડશે પ્રભુ! રાગને પર્યાયથી પણ ઉદાસ થવું પડશે! ઉદાસ થવું પડશે ભાઈ! અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ, ત્યાં તારું આસન લગાવી દે આહા... હા! ઉદાસીનોડહં, ઉદાસીન...! ઉદાસીન પરથી ઉદાસ થઈને પોતાના સ્વભાવમાં આસન લગાવી દે! આહા! ઈ આસન લગાવવાથી એકપણાની શુદ્ધિ રહેતી નથી ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે તો શુદ્ધિ વૃદ્ધિ પામે છે તે અનેકપણાની પુષ્ટિ નથી કરતી, શુદ્ધિની વૃદ્ધિએ અનેકપણાની એકપણાની પુષ્ટિ કરે છે. આહા... હા! સમજાય છે કાંઈ...?

આહા... હા 'તેના અર્થાત્ સૂર્યના પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના સામાન્ય પ્રકાશસ્વભાવને ભેદતા નથી.' પ્રકાશ.. . પ્રકાશ... પ્રકાશ વધતો જાય એમાં ભેદ નહીં, ભલે પ્રકાશ વધતો હોય પણ પ્રકાશની જ પુષ્ટિ ત્યાં છે આહા.. હા!

તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા' (કેટલાક) આમાંથી કાઢે! (જુઓ!) કર્મના ઉદયથી ઢંકાયેલો આત્મા એમ (કહ્યું છે) એ.. કર્મના ઉદયને વશ પડયો રહેલો આત્મા એમ (અર્થ છે) સમજાણું કાંઈ... ? કર્મના પટલના ઉદયથી, ઢંકાયેલો (એટલે) કર્મના ઉદયમાં, વશ થઈને, પોતાના સ્વભાવને ઢાંકી દીધો છે. આહા... હા! દુશ્મનને વશ થઈને સજ્જનની સત્‌શક્તિને ઢાંકી દીધી. એ રાગ, કર્મનો ઉદય એ દુશ્મન છે. એને વશ થઈને નિજશક્તિને ઢાંકી દીધી. આહા... હા! એ કર્મના ઉદયથી ઢંકાયેલો આત્મા એક કહ્યું દષ્ટાંત દેવું છે ને...! વાદળ ને પ્રકાશ. વાદળ ઢાંકે છે તો પ્રકાશ ઢંકાય છે પણ ખરેખર તો ઢંકાવવાની યોગ્યતા પ્રકાશની પોતાનાથી છે. એ વાદળ પ્રકાશને ઢાંકે છે એમ કહેવું ઈ તો વ્યવહારથી કથન છે. આહા... હા! સમજાણું કાંઈ?

એમ અહીંયાં અશુદ્ધતાની દશા ઉત્પન્ન થઈ તે કર્મના ઉદયને વશ થઈ ગયો છે એ કર્મથી હઠીને અંતરમાં જેમ જેમ અશુદ્ધતા ઘટતી જાય છે તેમ તેમ કરમ પણ દૂર થતા જાય છે તેમ વિજ્ઞાનઘન આત્મા પોતાની પર્યાયમાં પ્રકાશમાં પુષ્ટ થતો જાય છે. આહા... હા! આવો ધરમ હવે આરે...! એવી વાતું છે ભાઈ!

'કરમના વિઘટન અનુસાર' ભાષા.. છે? એ પછી વર્ણીજી હારે પ્રશ્ન થ્યાતા તો એણે એ જ કહ્યું: "કે જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષય, ક્ષયોપશમ થાય એટલું જ્ઞાન આવે" તમે કહો છો કે જ્ઞાનની પોતાની યોગ્યતાથી જ્ઞાન થાય છે. આહા... હા! આ તો નિમિત્તથી કથન કયુ છે. સમજાણું કાંઈ...?

નિમિત્તને વશ થાય છે (પોતે) એટલો આત્મા ઢંકાઈ ગયો છે. જેટલો નિમિત્તના વશથી છૂટયો એટલો આત્માનો વિકાસ થયો આહા... હા! સમજાણું કાંઈ... ? પ્રભુ, આતો વીતરાગના ઘરની વાતું બાપા!

અરે! ભરતક્ષેત્ર જેવા સાધારણ ક્ષેત્ર! એમાં ગરીબ માણસોને ઘરે વસ્તી (ગરીબ) એમાં આ તવંગરની વાતું કરવી! આહા... હા! મહા ભગવાન પૂર્ણાનંદનો નાથ! અંતર મહેલમાં બિરાજે છે આનંદના મહેલમાં!

એ આત્મા જેટલો કર્મના ઉદયને વશ થાય છે એટલી ત્યાં આત્માની પર્યાય ઢંકાય છે. જેટલો આત્મા નિમિત્તને વશ ન થઈને રહ્યો તો કર્મનું ઘટવું થયું એમ કહેવામાં આવ્યું ઈ આત્મા પોતે જ કર્મને વશ ન થયો તો કર્મ ઘટયાં! અશુદ્ધ પર્યાય નિમિત્તને વશ થતી હતી એવો અર્થ છે ભાઈ! છે?

'કર્મના વિઘટન અનુસાર' ભાષા છે. જેમ વાદળના ઘટવાને કારણ પ્રકાશ પ્રગટ થાય છે એમ અહીંયા કર્મના ઘટવાને કારણે આહા...! એનો અર્થ એ છે કે પોતાની અશુદ્ધપર્યાય જે પરને-નિમિત્તને તાબે થતી હતી એ નિમિત્તને તાબેથી હઠી, તો કર્મનો ક્ષયોપશમ એમ કહેવામાં આવેલ છે. વાત તો આમ છે ભાઈ....!

એકબાજુ એમ કહે કે આત્માની પર્યાય જે સમયે જે ઉત્પન્ન થવાની છે તે પોતાથી ઉત્પન્ન થાય છે અને એકબાજુ અમે કહે કે કર્મ ઘટે તેટલો પ્રકાશ થાય. ભઈ! એનો ન્યાય તો સમજવો પડશે ને...! આહા.... હા! શાસ્ત્ર વાંચનામાં પણ બાપુ! તો એ દ્રષ્ટિ યથાર્થપણે હો તો એમાં સમજી શકે! પરદ્રવ્ય ઘટવાને કારણે આત્મામાં પ્રકાશ વધે છે? પણ આત્મામાં એક અભાવ નામનો ગુણ છે, એ અશુદ્ધતાના અભાવરૂપે પરિણમે છે. તેટલી પુષ્ટિ, જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

આહા... હા! સાધારણ માણસને... અભ્યાસ ન હોય અંદરમાં આહા...! અને ક્યાં જાવું છે ક્યાં! આહા...! દેહ તો પડી જશે પ્રભુ! દેહ તો સંયોગ છે. પરમાં છે તારામાં છે નહીં પણ એકક્ષેત્રે ભેગું હોય ત્યાં સુધી તને લાગે કે દેહમાં છઈએ! દેહમાં નથી એ તો પોતે આત્મામાં છે. દેહનો ક્ષેત્રાંતરથી દેહ છૂટે. સમજાણું? કાલ પ્રશ્ન નહોતો થયો પંડિતજી ? કે ભઈ પરિણમન છે ઈ ક્રિયાવતી શક્તિને કારણે છે (ઉત્તરઃ) ક્ષેત્રાંતર તો એક ક્ષેત્રથી અન્ય ક્ષેત્રે ક્ષેત્રાંતર થાય ઈ ક્રિયાવતી શક્તિ, પણ એનું જે પરિણમન છે ઈ ક્રિયાવતી શક્તિથી નહીં. એ અનંત ગુણનું પરિણમન જે છે એ પોતાથી છે. ક્રિયાવતી શક્તિનું પરિણમન તો આત્મા કે પરમાણુ ક્ષેત્રથી ક્ષેત્રાંતર થાય, એ ક્રિયાવતી શક્તિનું (કાર્ય છે) પણ ત્યાંને ત્યાં રહીને જે પરિણમન થાય છે એ ક્રિયાવતી એકલી નહીં ભલે એ વખતે સ્થિર હોય તો ક્રિયાવતી શક્તિનું પરિણમન સ્થિર છે. ગતિ કરે તો એ હોય, પણ પરિણમન એની દશા... ભગવાન પૂર્ણાનંદના નાથનું અવલંબન લઈને જે દશા શુદ્ધિ, શુદ્ધિ ઉત્પન્ન થાય છે એ શુદ્ધિ અનેકતાને નહિ અભિનંદતી, શુદ્ધિ વધે ઈ એકતાની પુષ્ટિ કરે છે. સમજાણું કાંઈ...?

આહા.... હા 'જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે' આવી ભાષા હવે એમાંથી કાઢે લોકો એ! 'કર્મના ઉદયના ઘટવા પ્રમાણે જ્ઞાનનો ઉઘાડ થાય' આંહી એક બાજુ એમ કહેવું કે જ્ઞાનની પોતાની પર્યાય તે સમયે તે પ્રકારની પ્રગટ થવાની લાયકાતથી પ્રગટ થાય છે. કરમના ઘટવાથી નહીં કેમ કે એમાં (આત્મામાં) એક 'અભાવ' નામનો ગુણ છે. કે પરના અભાવરૂપે પરિણમે છે, પરથી નહીં પરના અભાવ પણે પરિણમવું પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ.. ?

કરમ ઘટે માટે અભાવરૂપે પરિણમે છે એ તો નિમિત્તનું કથન છે. આહા... હા! કેમકે આત્મામાં એક ભાવને અભાવ નામનો ગુણ છે. તો ભાવગુણના કારણે તો દરેક ગુણની વર્તમાન પર્યાય થશે જ. કર્મના ઘટવાથી એવી થઈ છે (પર્યાય) એવું છે નહીં ન્યાં ભલે ઘટે પણ એની આંહી અપેક્ષા નહિ. સમજાણું કાંઈ?

આવો વિષય! કાલ કોઈ પૂછતું' તું અનેક અપેક્ષાથી કાલ સવારમાં વાત આવી. ભઈ! જ્ઞાનની વિશેષતાની મહિમા જ એવી છે એનાં પડખાં એટલાં પડખાં છે. આહા.. હા!

આંહી કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન (આત્મા) પરના સ્વભાવ ને નિમિત્તને વશ થઈને ભાવ થાય છે એના અભાવગુણના કારણે ઈ કર્મનું ઘટવું થયું પણ અહીંયા તો પોતાના અભાવગુણના કારણે રાગના અભાવ સ્વભાવરૂપે પરિણમવું એ પોતાને કારણે છે. આહા... હા! કર્મના ઘટવાને કારણ શુદ્ધિ વધે છે એ તો નિમિત્તનું કથન છે... આહા.. હા! સમજાણું કાંઈ?

આહા...! તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો' પહેલી શુદ્ધિ થોડી પછી વિશેષ, એવો હીનાધિકતારૂપ ભેદ 'તેના સામાન્ય જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે' ભલે ઈ વૃદ્ધિ પામે શુદ્ધિ પણ એ સામાન્યજ્ઞાનને પુષ્ટિ કરે છે. સામાન્ય નામ ત્રિકાળ ને તેનું અવલંબન લેવું ઈ સામાન્ય. એની પુષ્ટિ કરે છે. આહા.. હા!

આવી.. વાતું હવે આહા... હા વીતરાગમારગ બહુ અલૌકિક પ્રભુ! એવી વાત ક્યાંય છે નહીં, સર્વજ્ઞવીતરાગ સિવાય. પણ સમજવું એ અલૌકિક વાત છે ભાઈ...!

આહા...! 'તેના જ્ઞાનની હિનાધિકતારૂપ ભેદો તેના સામાન્ય જ્ઞાનસ્વભાવને ભેદતા નથી' ભગવાન સામાન્ય ત્રિકાળ છે એને તો ભેદતા નથી, પણ સામાન્યમાં એકાગ્રતા છે એનો ય ભેદ કરતા નથી. એકાગ્રતાની તો પુષ્ટિ કરે છે. સમજાણું કાંઈ...? વાહ રે વાહ! 'પરંતુ ઊલટા તેને અભિનંદે છે' આહા...! આત્માના અવલંબનથી શુદ્ધિની અનેકતા હોવા છતાં પણ ઈ એકતાની પુષ્ટિ કરે છે. ભેદની પુષ્ટિ નથી. સમજાણું કાંઈ.... ? આવી વાત છે? અરે લોકોને સ્થૂળ મળે! એમાં સાંભળીને સંતોષ થઈ જાય (અને માને) કાંઈક ધરમ કર્યો!

અરે! પ્રભુ કયારે અવસર મળે? પ્રભુ ભાઈ! આહા! સત્ય સ્વરૂપ, સચ્ચિદાનંદ પ્રભુ! સૂર્યસમાન પ્રકાશનો પુંજ! જ્ઞાનના પ્રકાશનો પુંજ! એ તો ત્રિકાળી. પણ એના અવલંબને શુદ્ધિની અનેકતા ઉત્પન્ન થવા છતાં પણ એકતાની પુષ્ટિ કરે છે અનેકમાં ખંડ નથી થતા. એકતાના ખંડ નથી થતાં એકતાની પુષ્ટિ કરે છે. સમજાણું?

એ ભાઈ? આવી વાતુંછે આ અરેરે! દેખાવા સારુ અર્થ (ટીકા) કરી છે?

બાપુ! બહારમાં ક્યાં શરણ છે? એ વખતે પણ જો ભગવાન આત્માના સ્વભાવની દૃષ્ટિ કરે તો શરણ મળી જાય. સમજાણું કાંઈ... ? કેમકે ભગવાન (આત્મા) વિદ્યમાન, ત્રિકાળ વિદ્યમાન છે. એમાં અવિદ્યમાનપણું તો બિલકુલ છે જ નહીં આહા...હા...હા! એવો જે ભગવાન આત્મા ત્રિકાળ વિદ્યમાન પ્રભુ! સત્તા, વસ્તુ પોતાની સત્તા, હયાતિ મૌજુદગી ત્રિકાળ રાખનારો, એનો આશ્રય લેવાથી શુદ્ધિની અનેકતા પર્યાયમાં ભાસે છતાં તે અંતરની શુદ્ધિની પુષ્ટિ કરે છે. અંતરમાં એકાગ્રતાની પુષ્ટિ કરે છે.

જરી ઝીણું છે ભાઈ! સમજાણું કાંઈ... ?

સમયસાર તો માખણ એકલું છે! જૈનદર્શનનું! જૈન દર્શન એટલે કોઈ પંથ નથી. વસ્તુ દર્શન! જેવી જગતની વસ્તુ છે એ વસ્તુની દશા કેવી, વસ્તુની શક્તિ કેવી વસ્તુનું વસ્તુપણું શું? એ બતાવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહા... હા...! કહે છે કે આત્માની શુદ્ધિ ઉત્પન્ન થાય છે એ ભેદતી તો નથી ઊલટા તેને અભિનંદન કરે છે. છે? એટલે એકાગ્રતાની પુષ્ટિમાં શુદ્ધિની વૃદ્ધિ થઈ. બીજે ઠેકાણે આવે છે ને ભાઈ સમયસારમાં કે શુદ્ધિ અનેક અનેક અનેક શુદ્ધિની વૃદ્ધિ થાય છે. છતાં ઈ શુદ્ધિ અનેક અનેક હોવા છતાં એકતાની પુષ્ટિ છે. શુદ્ધિની અનેકતા થાય, અનેકતા થતાં ઈ અનેકપણું એમાં પુષ્ટ નથી થતું આહા... હા!

આહા.... આ દુનિયાની મિઠાશ મૂકવી! ‘હેં? અને આત્માની મિઠાશમાં આવવું ભાઈ...! આંહી તો એમ કહે છે પ્રભુ! મિઠાશ – આનંદથી ભરપૂર એકરૂપ સ્વરૂપ છે. જેમ જ્ઞાન એકરૂપે – આત્મા એકરૂપે ને આનંદ એકરૂપે! એ આનંદમાં એકાગ્રતા કરતાં કરતાં આનંદની પર્યાય અનેક પણે પ્રગટ થાય છે. એ અનેકપણું એકપણાની પુષ્ટિ કરે છે. શુદ્ધિની વૃદ્ધિ થઈને પણ એકપણાની પુષ્ટિ કરે છે. નિર્મળ પર્યાયમાં હો? સામાન્ય તો છે એ છે! આ તો નિર્મળ પર્યાય જે પ્રગટ થઈ, એ અનેકપણે શુદ્ધિ, શુદ્ધિ, શુદ્ધિ થતી વધતી જાય છે એ અનેકપણાને પુષ્ટ નથી કરતી એ અનેકપણું અંતર એકાગ્રતાને પુષ્ટ કરે છે.

એ ભાઈ? આવું ચોપડાં તો કોઈ દિ' વાંચ્યો ય ન હોય ન્યાં! આહા...! અરેરે! આવી ચીજ પડી છે! નિધાન મૂક્યાં છે. આહા... હા! ભાવમાં હો? આ પાનાં તો જડ છે. આ તો ભાવમાં!

(જેમ) રૂના ધોકડાં હોય છે ને... એમાંથી રૂનો નમૂનો કાઢે આવો માલ છે. એમ પોતાના આનંદ સ્વરૂપમાં એકાગ્રતા થતાં આનંદનો અંશ, નમૂનો બહાર આવે છે તે નમૂના દ્વારા (આખો) આત્મા આનંદસ્વરૂપ આવો છે. એવી પ્રતીતિ થાય છે હવે ઈ આનંદની પર્યાત તો પ્રગટ થઈ અને વિશેષ એકાગ્રતા થતાં થતાં આનંદની વિશેષ પર્યાય પ્રગટ થઈ તો વિશેષ પર્યાય પ્રગટ થઈ, ભેદ ન્યાં થતો નથી. એ અંદરમાં જ્ઞાનની પુષ્ટિમાં એકાગ્ર થાય છે. આહા... હા! એ આનંદની વૃદ્ધિ થાય છે. અનેકપણામાં અનેકપણાની વૃદ્ધિ નહીં પણ આનંદની વૃદ્ધિ થાય છે.

આહા... હા... હા! આવો મારગ હવે!

‘માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે' દેખો! ભેદ પણ દૂર થઈ ગયા! ભેદ ઉપર લક્ષ નહીં. ભલે શુદ્ધિની અનેકતા થાવ પણ એ ઉપર લક્ષ નહીં. લક્ષ ત્રિકાળ ઉપર છે તો અંદર એકાગ્રતામાં પુષ્ટિ વિશેષ થાય છે. સમજાણું કાંઈ... ?

ધીમેથી સમજવું પ્રભુ! આ તો વીતરાગનો મારગ! ત્રણલોકના નાથ! પરમાત્મા એવો જ આ ત્રણલોકનો નાથ પરમાત્મા છે. આ પરમાત્મા પોતે પરમાત્મા આત્મા પોતે પરમાત્મા! આહા.... હા...! એનો પંથ-એમાં એકાગ્રતા થવી, જ્યાં એકરૂપ પદ પડયું છે તેમાં એકાગ્ર થવું – એકાગ્રતા થવાથી એ જે શુદ્ધિની અનેકતા ઉત્પન્ન થાય છે છતાં ઈ એકાગ્રતાની પુષ્ટિ કરે છે. શુદ્ધિની વૃદ્ધિ થાય છે. ત્યાં! અનેકપણાની પુષ્ટિ નથી કરતા. આનંદની વૃદ્ધિ થાય વિશેષ આનંદ આનંદ આનંદ! ભલે આનંદના અંશો શુદ્ધિના વધ્યા એટલે અનેકપણે ભિન્ન ભિન્ન થતાં આનંદની વૃદ્ધિ અંદર પર્યાયમાં-આનંદની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ...?

એ અનેકપણાને લઈને આનંદની વૃદ્ધિનો ભેદ પડી જાય છે એમ નથી. આહા... હા... હા! આવી વાત ક્યાં છે ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આંહી તો પર્યાયમાં શુદ્ધિ વધે એ ઉપર લક્ષ ન કરવું એમ કહે છે. અંદરમાં લક્ષ ગયું છે એ દ્રવ્યમાં ત્યાં જ લક્ષ જમાવી દે! એથી શુદ્ધિ ભલે અનેકપણે વધે - અનેકપણે દેખાય પણ અંદરમાં તો એકપણે શુદ્ધિ વધતી જાય છે. આહા... હા! જરી વિષય ઝીણો છે!

આહા... હા! 'માટે જેમાં સમસ્ત ભેદ દૂર થાય છે. એવા આત્મ સ્વભાવ ભૂત' આત્માનો... સ્વભાવ... ભૂત એ 'જ્ઞાનનું જ એકનું આલંબન કરવું જોઈએ' એકરૂપ ભગવાન આત્મા એનું અવલંબન કરવું જોઈએ.... આહા... હા! પર્યાય ભલે અનેક હો પણ છતાં આલંબન તો એકમાં એકનું જ લેવું જોઈએ... આહા... હા!

સમજાય એવું છે પ્રભુ! આત્મા કેવળજ્ઞાન લઈ શકે અંતમૂહૂર્તમાં અરે! એના વિરહ પડી ગ્યા! પંચમકાળ! કાળ નડયો નથી, પણ એની પર્યાયમાં હીણી દશાનો કાળ પૂરી દશાનો કાળ પોતામાં પોતાને માટે નહીં આહા... હા! પોતાનો છે ને સ્વયં એ દોષ પોતાનો કાળ નહીં કાળ - કાળનો દોષ નહીં! હીનતા એ વૃદ્ધિ એ વૃદ્ધિ નહીં પામતી એ નડતર છે. આહા.... હા! સમજાણું કાંઈ...?

આહા...! 'એવા આત્મસ્વભાવ ભૂત જ્ઞાનનું એકનું જ' આત્મ જ્ઞાન છે ને...! તેથી સ્વભાવભૂત જ્ઞાન, જે સ્વભાવભૂત આત્મા છે ત્રિકાળ એમ જ્ઞાન, સ્વભાવભૂત એ જ્ઞાનનું જ એકનું અવલંબન કરવું જોઈએ' આહા... હા!

'તેના આલંબનથી જ ભાષા દેખો! ભગવાન જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ! તેના અવલંબનથી જ' જોયું? અવલંબનથી 'જ' નિશ્ચય લીધો. આ જ વસ્તુ છે. તેનો પ્રભુ પૂર્ણાનંદનો નાથ! દ્રવ્ય સ્વભાવ તેના અવલંબનથી જ, પાછું બીજાનું અવલંબન નહીં માટે 'જ' મૂક્યો છે. પર્યાયનું અવલંબન નહીં, રાગનું નહીં નિમિત્તનું નહીં આહા... હા! તેના અવલંબનથી જ નિજ પદની પ્રાપ્તિ થાય છે' પર્યાયમાં.

નિજપદ જે ત્રિકાળ છે તેના અવલંબનથી જ પાર્યયમાં નિજપદની પૂરણ પ્રાપ્તિ થાય છે. આહા... હા..! સમજાણું? ફરીથી, આમાં કાંઈ પુનરુક્તિ ન લાગે આમાં, ભાવનાનો ગ્રંથ છે ને....! હેં? નિજસ્વરૂપ પૂર્ણાનંદનો નાશ તેના આલંબનથી જ નિજપદની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે. દ્રવ્ય તો નિજપદ તો છે જ. તેના અવલંબનથી જ પૂરણપર્યાય નિજપદની પ્રાપ્તિ તેનાથી થાય છે. આહા... હા!

આંહી તો હજી બહારમાં તકરારું! ઝગડા અરે રે! એ વ્યવહાર ઉથાપે છે ને...! એકાંત નિશ્ચય સ્થાપે ને... આવા ઝગડા બધા!

પ્રભુ! વાત તો આવી જ છે. આંહી તો પર્યાયની અનેકતા પણ આશ્રય કરવા લાયક નહીં. તો વળી રાગને દયાદાનને આશ્રય કરવો. આહા... હા! આ વાત વીતરાગ સિવાય ક્યાંય નથી. વીતરાગ સ્વભાવી ભગવાન પ્રભુ (આત્મા), વીતરાગ સ્વભાવભૂત આત્મા, તેના અવલંબનથી જ વીતરાગી પર્યાયની પૂર્ણતાની નિજપદની પ્રાપ્તિ થાય છે. આહા... હા! કોઈ રાગના કારણે કે નિમિત્તના કારણે ઈ પૂરણપર્યાયની પૂર્ણતાની પ્રાપ્તિ નથી થતી. સમજાણું કાંઈ?

'તેના આલંબનથી નિજપદની પ્રાપ્તિ થાય છે એકવાત. અસ્તિથી પહેલાં લીધું 'ભ્રાંતિનો નાશ થાય છે' મિથ્યાતત્ત્વનો નાશ નિજપદના અવલંબનથી થાય છે. બીજી કોઈ ચીજ નહીં. ભ્રાંતિ નામ મિથ્યાત્વ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે પર્યાય જેવડો જ હું છું - રાગથી ધર્મ થશે વિગેરે ભ્રાંતિ જે મિથ્યાત્વ એ નિજપદના અવલંબનથી જ નાશ થશે. નિજપદની પ્રાપ્તિ તેના અવલંબનથી જ થાય છે એ અસ્તિથી લીધું પહેલું પછી 'ભ્રાંતિનો નાશ થાય છે' (એ નાસ્તિ કહી) પણ નિજપદના અવલંબનથી જ ભ્રાંતિનામ મિથ્યાત્વનો નાશ થાય છે. આહા... હા! આવી તો ચોખ્ખી વાત! અરે દિગંબર શાસ્ત્રો અને દિગંબર મુનિઓ તો અલૌકિક વાત છે બાપા! આહા મુનિપણા કેવા અલૌકિક બાપુ! આહા... હા જેને અંતર્ અનંત આનંદ પર્યાયમાં, સમુદ્રમાં જેમ કાંઠે ભરતી આવે છે. એમ મુનિઓને સાચા સંત હોય તો પર્યાયમાં અનંત આનંદની ભરતી આવે છે. એ અતીન્દ્રિય આનંદની વિશેષ વિશેષ દશા વર્તે એ વિશેષ વિશેષ ઉપર લક્ષ નહીં સામાન્ય ઉપર લક્ષ-દૃષ્ટિ છે એ કારણે વિશેષ વિશેષ આનંદ હો, એકાગ્રતામાં પુષ્ટિ થાય છે એ આનંદની, આનંદની વૃદ્ધિ થાય છે! આહા... હા! સમજાણું કાંઈ?

(કહે છે) 'ભ્રાંતિનો નાશ થાય છે' ઈ તો આમ જ્યાં અસ્તિ પ્રાપ્તિ થઈ સમ્યગદર્શનપણે ત્યાં ભ્રાંતિનો નાશ થયો. નિજ અવલંબનથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તો સ્વરૂપની પ્રાપ્તિ થઈ પર્યાયમાં, એ વખતે ભ્રાંતિનો નાશ થાય છે. આહા...! 'આત્માનો લાભ થાય છે' પહેલી સાધારણ વાત કરી કે નિજપદની પ્રાપ્તિ થાય છે. તો એ કહે છે કે આત્માનો લાભ થાય છે. ભ્રાંતિનો નાશ થવાથી ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એનો લાભ થાય છે.

આ વાણિયા લાભ-સવાયા નથી મૂકતાં! દિવાળી ઉપર કરે છે ને...! લાભ સવાયા! નામું લખે ને...! ભાઈ લાભ નથી એ તો નુકશાન સવાયા છે. આહા... હા! પ્રભુ આ લાભ આત્મલાભ તે લાભ છે. આહા...! આત્મલાભ! 'આત્માનો લાભ થાય છે આહા... હા!

હવે દેખો! 'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે' હવે આંહી તો પુણ્યના પરિણામને અણાત્મા કહ્યા. કો' ચેતનજી? આ તો અણાત્મા. પુણ્ય અણાત્મા છે. એ આત્મા નથી. હવે આંહી (લોકો) કહે પુણ્યને ધર્મ કહ્યો છે, અરે પ્રભુ! અરે રે.. આવું શું છે ભાઈ? પુણ્ય છે ઈ અણાત્મા છે. આત્માનો લાભ થયો તો અનાત્માનો નાશ થયો. પરિહાર થયો. એ પુણ્ય અણાત્મા છે! પુણ્યને તો પહેલા અધિકારમાં જીવ અધિકારમાં અજીવ કહ્યા છે. આહા... હા! ઈ અજીવથી જીવને લાભ થાય છે? અને અજીવને ધર્મ કહ્યો? એ નિશ્ચય ધર્મ છે? એ તો ઉપચારથી કથન કર્યું છે.

આહા... હા! 'આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે' પૂરણ સ્વરૂપ, ધ્રુવ, તેનો આશ્રય લેવાથી આત્મ-નિજપદ-નિજસ્વરૂપ (ની પ્રાપ્તિ થાય છે) રાગ પદ એ નિજપદ નહીં. નિજપદની પ્રાપ્તિ એટલે આત્માનો લાભ થાય છે. ત્યાં આત્માનો લાભ મળે - આત્મ લાભ! આ લક્ષ્મીના લાભ મળે ને ધૂળનો ને... એ (લાભ નથી.) એ પુણ્યભાવનો લાભ ઈ એ આંહી નહીં પુણ્યભાવ તો અણાત્મા છે. આહા... હા! સમજાણું કાંઈ....?

આવો ઉપદેશ હવે! માણસને નવરાશ ને ફુરસદ નહીં, ધંધા આડે નવરાશ ન મળે! એ પોતાનું હિત કેમ થાય! આહા!

બાપુ! એ તો તને ખેદ છે દુઃખ છે અને એને દેખીને તને આમ થયું એ તો મિથ્યાત્વભાવ છે. આહા.... હા...! ન્યાં તો મિથ્યાત્વની પુષ્ટિ થઈ છે. આહા... હા! આ ભગવાનને તરતો અંદર જુદો દેખ! આવે

છે ને વિશ્વ ઉપર તરતો (સમયસાર) એકસો ચુમાલીસ (ગાથામાં) આવે છે. યાદ ન હોય કયે ઠેકાણે છે ભાવ મગજમાં રહી ગ્યો હોય! વિશ્વવમાં તરતો ન્યાં એકસો ચુમાલીસમાં આવે છે. કર્તાકર્મમાં છે. ઘણે ઠેકાણે આવે છે.

આહા... હા! ભગવાન આત્મા રાગથી ને પર્યાયથી ભિન્ન તરતો આહા...! પર્યાયનો પણ જેમાં પ્રવેશ નહીં (એવો ધ્રુવ આત્મા)! જો તારા ત્રિકાળીનું અવલંબન લે, તને આત્મલભાવ થશે, ભ્રાંતિનો નાશ થશે – આત્મલાભ થશે – અણાત્માનો પરિહાર સિદ્ધ થશે. પુણ્યભાવ એ અણાત્મા છે. અરેરે! હવે આંહી આત્મા, તો એ અણાત્મા છે. આંહી ધર્મ તો એ અધર્મ છે. આંહી પવિત્રતા તો એ અપવિત્રતા છે. આહા... હા!

આહા... હા..! આકરું કામ ભાઈ...!

અને તે ચાંડાલણીના પુત્ર બેયને કહ્યું છે. પુણ્યને પાપ. બ્રાહ્મણને ત્યાં ઊછર્યો તે કહે આ મને ખપે નહીં, આ મને ખપે નહીં. પણ તું કોણ છો? મૂળ તો છો ચાંડાલણીનો પુત્ર! એમ પુણ્યભાવ વાળો કહે કે આ મને ખપે નહીં ફલાણું ખપે નહિ પણ તારો એ પુણ્યભાવ ચાંડાલણીનો પુત્ર છે. વિભાવનો પુત્ર છે. એવું લખ્યું છે. 'કળશટીકા' માં.

પુણ્યભાવવાળા એમ માને આ મારે ખપે નહીં આ ખપે નહીં, એ ચાંડાલણનો પુત્ર હોય ને માને બ્રાહ્મણીનો છું એવું છે એને આહા... હા..! અમારે વિષય ભોગ હોય નહીં અમારે સ્ત્રીનો સંગ હોય નહીં, સંગ નથી પણ તારો ભાવ શું છે? ભાવ તો શુભ છે રાગ છે એ રાગ તો ચાંડાલણીનો પુત્ર છે. ચાંડાલણીનો બીજો પુત્ર છે તે કહે છે કે મને ખપે છે. આ ચાંડાલણીનો દિકરો છે તે કહે છે મારે ખપતો નથી! આહા... હા..!

શું કીધું? ચંડાલણીના બે દિકરા છે તે એક દિકરો કહે કે આ મને માંસ ખપે નહીં (બીજા કહે કે મને ખપે) એ ચાંડાલણીનો પુત્ર છે. મહાવ્રતના પરિણામ. મહાવ્રતના પરિણામવાળો કહે કે આ મને ખપે નહિ ભોગ ખપે નહિ, સ્ત્રીનો સંગ ખપે નહિ પણ ભાવ તારો છે એ તો શુભભાવ છે એ ચાંડાલણીનો પુત્ર છે. આહા... હા! એય....? (શ્રોતાઃ) આકરુ પડે એવું છે! (ઉત્તરઃ) આકરું પડે એવું! (શ્રોતા) ગળે ઊતરે એવું નથી. (ઉત્તરઃ) સંસારની વાત કેમ ગળે ઊતરી જાય છે ઝટ! આ તો અંતરની વાત છે પ્રભુ! આ બહારમાં બધુ મનાવી દીધું છે. સાધુએ! વ્રત કરો ને અપવાસ કરોને... સેવા કરોને.... સાધર્મીને મદદ કરો ને...! આહા... હા! છે દુનિયાને... બહારનું મહાત્મ્ય છે. એ તો.

આહીં કહે છે કે 'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે' અણાત્મા કોણ? પુણ્ય. પાપ તો ઠીક.... પણ પુણ્ય છે એ અણાત્મા છે, અજીવ છે. આહા... હા... હા! અજીવનો પરિહાર થાય છે.

એ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ! એના અવલંબનથી નિજદની પ્રાપ્તિ થાય છે ભ્રાન્તિનો નાશ થાય છે આત્માનો લાભ થાય છે અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે. આહા... હા! બહુ સરસ!

ઓલા કહે છે કે અણાત્મા રાગ સાધન છે. – વ્યવહાર સાધન છે. નિશ્ચય સાધ્ય આંહી તો કહે છે આત્માનો લાભ થાય છે તો અનાત્માનો પરિહાર થાય છે. આહાહાહા! અરે રે! જે વ્યવહાર અણાત્મા છે એનાથી આત્માને લાભ થશે? આંહી કહે છે આત્માનો લાભ જ્યારે થાય છે અંતર્ ત્યારે અણાત્માનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તો પરિહાર થાય છે એમ કીધું ને...! આહા... હા! ત્યાગ! અણાત્માનો ત્યાગ થાય છે.

લોકરંજન કરવાની વાત છે આહા...! દુનિયાનું આમાં લોકરંજન થાય નહીં. પકડાય માંડ માંડ આ! તો ય હવે માણસ આવે છે. મુંબઈમાં પંદર, પંદર હજાર માણસ દશ-દશ હજાર માણસ આવે છે. સાંભળવા.

આંહી તો શું કહે છે સાંભળો તો ખરા! આહા.... હા..! એ તો તમારે ય પંદર પંદર હજાર માણસ (સાંભળવા આવે છે) ઇંદોરમાં, સાગરમાં પંદર પંદર હજાર માણસ! ભોપાલમાં તો ચાલીશ હજાર માણસ! ચાલીશ હજાર! સાંભળે... અંદર ખળભળાટ તો થતો' તો... પણ આ (સાંભળવું) આકરું પડે!

એકકોર મંદિર બનાવે દશ દશ લાખના લાખો રૂપિયાના! અને એને કેવું કે તમે બનાવ્યા નથી. તમારો ભાવ (શુભ) હોય તો પુણ્ય છે એ પુણ્ય અણાત્મા છે.

કોણ કરે છે? થવાનું હોય ત્યારે થાય, એનાથી કાંઈ થાય છે? મંદિર તો મંદિરના પરમાણુને પર્યાયનો કાળ એ રીતે છે ત્યારે રચાય છે?

એ પરમાણુ એ પરમાણુ તે સમયે પરિણમવાના પરિણામ, પરિણામનો પરિણામી પદાર્થ છે તે કર્તા છે. એ પર્યાયનું પરિણમન છે તે પુદ્‌ગલપર્યાયનો કર્તા પુદ્‌ગલ પરિણામી પદાર્થ છે. કડિયો ને વગેરે તેનો કોઈ કર્તા નથી. આરે આવી વાતું!

આંહી કહે છે કે 'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે' એમ થવાથી કર્મ જોરાવર થઈ શકતું નથી' ઓલું કર્મ બળવાન થતું હતું પોતાની પર્યાયમાં તેને વશ થવાથી તો કર્મ બળવાન એમ કહેવાયું. આહા.. હા! (સ્વામી) કાર્તિકમાં આવે છે 'જીવો બળિયો, કમ્બો બળિયો, ત્યાં નખે (કહે) જુઓ કર્મને બળવાન કહ્યું! પણ તારા પરિણામ થયા એવા તો કર્મને બળવાન કહેવામાં આવ્યું છે. જ્યાં વિકાર બળવાનપણે છે એ કારણે અંદર અવિકાર પરિણામ ઉત્પન્ન થતા નથી. પરદ્રવ્યને લઈને પોતાની પર્યાયમાં કોઈ કમી - ઓછી થાય એવી કોઈ વાત નથી. બીલકુલ જુઠી વાત છે. માને, ન માને સ્વતંત્ર છે, આ તો આવ્યું (પરંતુ) કરમ બળવાન હોતા નથી. આંહી ભાવકર્મને જોડતો હતો આત્માના એ પછી અણઆત્માના એ પછી આત્માનો લાભ થયો અણાત્મા બળવાન નહીં તો રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી એ કારણે અવલંબનથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ કારણે રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી, આહા...હા!

વિશેષ વાત કહેશે... (પ્રમાણવચન ગુરુદેવ!)

***

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સમયસાર ગાથા - ૨૮૩ થી ૨૮૫ ક્રમાંકઃ ૩૪૮ દિનાંક ૧૬-૧૧-૭૯

સમયસાર, તા. ૨૮૩-૮૪-૮૫ ગાથા. એની ટીકા.

ઝીણો અધિકાર છે થોડો!

ટીકાઃ 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે' આત્માનું સ્વરૂપ જ એવું છે કે પોતાને આશ્રયે રાગ થાય એવું એનું સ્વરૂપ જ નથી. દયા -દાન- વ્રત -ભક્તિ -કામ ક્રોધાદિના ભાવ, એ આત્માને આશ્રયે થાય એવો આત્માનો સ્વભાવ જ નથી. આહા... હા! આત્મા પોતાથી પુણ્યને પાપ, રાગ અને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિના પરિણામ, એનો પોતે અકારક 'જ' છે. આહા... હા... હા! આત્મા અકારક જ છે રાગાદિનો જો એમ ન હોય.... જો આત્મા પોતાથી રાગાદિકનો કારક હોય શું કહે છે હવે?

કે રાગાદિ થાય છે ઈ પોતાના સ્વભાવ ને આશ્રયે નથી થતાં. ફક્ત પરદ્રવ્યના નિમિત્તના લક્ષે..... પોતામાં થાય છે ઈ પોતાના સ્વભાવમાં, એ રાગાદિ નથી. આહા... હા! સૂક્ષ્મ વિષય છે! થોડું ચાલી ગયું છે આ તો ફરીને...

એ પોતાથી એકલો જ્ઞાયકસ્વરૂપ! એ જ્ઞાયક!! રાગનો ત્યાગ કહેવો ઈ પણ એને લાગુ પડતું નથી કહે છે. એ તો અકારક જ છે. આહા... હા...! રાગનો ત્યાગ, આત્માએ કર્યો એ પણ એક વ્યવહારનું વચન છે. પોતે તો... રાગરહિત જ એનું સ્વરૂપ છે! અને પોતાના આશ્રયે.... રાગ કે દયા-દાન કે કામક્રોધઆદિના પરિણામ થાય, એવું એનું સ્વરૂપ જ નથી. સમજાય છે કાંઈ.... ?

એ પરદ્રવ્યના નિમિત્તના લક્ષે (રાગાદિ) ઉત્પન્ન થાય છે. નિમિત્તથી નહીં પણ પરદ્રવ્યના નિમિત્તના લક્ષે એમાં વિકાર, પુણ્ય-પાપના ભાવ થાય! એથી આત્માનો વાસ્તવિક સ્વભાવ, સ્વથી રાગ કરવો - એવું એનું સ્વરૂપ જ નથી! સમ્યગ્જ્ઞાની, ધર્મી જીવ, શુદ્ધ આત્મસ્વભાવમાં જ્ઞાયકની દૃષ્ટિને લઈને, પરનો ત્યાગ કરનારો તો એ છે નહીં 'પોતે પોતાનો દેખનારો ને જાણનારો છે એ પણ વ્યવહાર છે.' આહાહા... હા.. હા! સમજાય છે કાંઈ...?

આત્મા પરને જાણે-દેખે ને છોડે એ વાત તો એનામાં છે જ નહીં. ત્રણે ય આવી ગયાં. દર્શન-જ્ઞાનને ચારિત્ર! આત્મા... એકલો પરને જાણે - દેખે અને છોડે, એવું એવું સ્વરૂપ જ નથી અરે...! પોતે - પોતાને જાણે ને દેખે ને રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ અપોહક સ્વરૂપ છે એ પણ સ્વ-સ્વામીસંબંધનો વ્યવહાર છે. અહા...! પરમાર્થે એને લાગુ પડતું નથી. કો' ભાઈ? ઝીણી વાતું છે!

સ્વયં ભગવાન આત્મા, જ્ઞાયકસ્વરૂપ તે જ્ઞાયક જ છે. એ જ્ઞાયકસ્વરૂપ છે તે પોતાને જાણે, પોતાને દેખે ને રાગનો ત્યાગ એનામાં કરે-એ પણ વ્યવહાર છે. 'રાગ કરે... **પરને જાણે-દેખે' એ તો તદ્દન અસદ્ભૂત વ્યવહાર છે.** ઝીણું બહુ! ચેતનજીએ કીધું તું! આ ફરીને લેવું કીધું તું! કાલ કહ્યું તું થોડું ચાલી ગયું હતું આપણે!

આહા... હા! ભગવાન આત્મા! જ્ઞાયક તે જ્ઞાયક જ છે! **જ્ઞાયક તે પરને જાણેને પરને દેખે ને**

**પરને છોડે - એ એનાં સ્વરૂપમાં જ નથી!!** આહા... હા... હા! “આવો આત્મા જેની દ્રષ્ટિમાં આવે ત્યારે તેણે આત્મા જાણ્યો અને દેખ્યો એમ કહેવામાં આવે!” અને તે પણ આત્મા, આત્માને જાણે ને દેખે એમ એ પણ વ્યવહાર ભેદ પડયો! “આત્મા પોતે જ છે.”

આહા... હા! ઝીણું છે. એ આત્મા... શરૂઆતમાં પહેલી લીટીમાં જ બધો સિદ્ધાંત ભર્યો છે. ‘આત્મા... પોતાથી’ એટલે કે નિમિત્ત ના લક્ષ વિના, અને નિમિત્તના આશ્રય વિના રાગ થાય, આત્મા એકલો રહેને પોતાને રાગ થાય-એવો એનો સ્વભાવ જ નથી.

આહા....! એ તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન! જ્ઞાયક તે જ્ઞાયક જ છે. એ જ્ઞાયક તે રાગના ત્યાગ સ્વભાવ સ્વરૂપ છે. એમ કહેવું ઈ એ વ્યવહાર છે. એ તો ત્યાગના અભાવ સ્વભાવ સ્વરૂપ જ એનું સ્વરૂપ છે! રાગના ત્યાગના અભાવ સ્વરૂપ! એનો ત્યાગ કર્યો એનો અભાવ છે. એનું સ્વરૂપ જ એવું છે. એનો-રાગનો ત્યાગ કરવો, એપણ એનાં સ્વરૂપમાં નથી. આહા... હા... હા... હા..! આવી વાતું લ્યો ધર્મની!

‘આત્મા... પોતાથી... સ્વયંથી... એ તો જ્ઞાનદર્શનને આનંદસ્વરૂપ છે. એ પોતાથી પુણ્યપાપના પરિણામ એનો અકારક જ છે.’ આહાહા...! એ દયા -દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ જે શુભ છે. એનો ય પોતાથી તો (આત્મા) અકારક જ છે. આહા.... હા... હા! આવો એનો સ્વભાવ છે. એવી દ્રષ્ટિ થવી અંદર, એનું નામ સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન છે.

આહા...! ને રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ, પરના લક્ષને છોડી, ને શુદ્ધ ચૈતન્ય મૂર્તિના આશ્રયે ઠર્યો એ એનો ચારિત્ર ભાવ છે. આહા...! પણ ઈ આત્મા, આત્મામાં ઠર્યો, એ પણ સ્વ-સ્વામીસંબંધ અંશ, વ્યવહાર છે. આહા.... હા... હા...! આવું.... સ્વરૂપ!! એક વાત

આંહી (હવે) કારણ આપે છે. કેમ અકારક છે? ભગવાન આત્મા સ્વયં પોતે પોતાથી કોઈપણ દયા-દાન-ભક્તિ-વ્રતાદિનાં પરિણામનો તો અકારક જ છે. એનું સ્વરૂપ જ અકારક છે. આહા... હા... હા! કારણ.... કે જો એમ ન હોય તો અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો’ એટલે આત્મા પોતાના આશ્રયેથી, પોતાને લક્ષે, પોતાને અવલંબે, દયા-દાન પુણ્યપાપનો કર્તા હોય તો ‘અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ’ ભગવાને... શુદ્ધ નયનું કથન છે એથી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહ્યું છે. એથી ભગવાને કહ્યું કે રાગ છોડ! રાગ છોડ!! વર્તમાન રાગનું પ્રતિક્રમણ કર! ભવિષ્યના રાગનું પ્રત્યાખ્યાન કર!! ત્યારે એમ જે ઉપદેશ આવ્યો ઈ એમ સૂચવે છે કે રાગનો કર્તા ભગવાન (આત્મા) સ્વયં પોતે નથી. જો હોય તો વર્તમાન રાગનો ત્યાગ, ને ભવિષ્યના રાગના પચ્ચખાણ એમ બની શકે નહીં. સમજાય છે કાંઈ.... ?

આહા... હા! આવો ધર્મનો ઉપદેશ! ઓલો તો કેવો હતો ઉપદેશ ‘મિચ્છામિ પડિક્રમણ સામાયિ પડિકમણું થઈ ગયું લ્યો! આંહી તો કહે છે કે હજી આત્મા કોણ છે એની તને ખબર વિના.... સાંભળ તો ખરો!

આત્મા પોતાથી...પોતાથી...વજન આંહી છે. ભગવાન આનંદને જ્ઞાન ને દર્શનસ્વરૂપ છે. જ્ઞાનથી જાણે છે. દેખે છે. ઈ એમેય નહીં ઈ સ્વરૂપ જ છે. જ્ઞાન-દર્શન ને આનંદ એનું આત્માનું સ્વરૂપ

જ છે! એથી પોતાથી વિકારનો અકારક છે. આહાહા...! સમજાય છે કાંઈ... ? કેમ? 'જો એમ ન હોયતો' -ભગવાનનો ઉપદેશ એવો છે કે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ' – નિષેધથી વાત કરી છે. બાકી એનો પોતાનો જો સ્વભાવ હોય તો.... રાગથી છૂટી જા... રાગનો ત્યાગ કર.... અને રાગનું પચ્ચખ્ખાણ કર-છોડ! એવો જે ઉપદેશ વ્યવહારનો એ બની શકે નહિ. જો આત્મા પોતાથી કરતો હોત તો... રાગને છોડને રાગનું પચ્ચખાણ કર એ બની શકે નહિ. એનો (આત્માનો) સ્વભાવ જ જો હોય તો કરવાનો તો તે ઉપદેશ બની શકે નહિ.

આહા.... હા! અધિકાર ઝીણો છે.

'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન દ્વિવિધ' – હજી દ્રવ્ય ભાવની વાત નથી અત્યારે! અત્યારે તો દ્રવ્ય અપ્રતિક્રમણ અપ્રત્યાખ્યાન એટલી જ એટલે કે પરનું પ્રતિક્રમણને પરનું પચ્ચખાણ, ઈ કહેવું છે ને શુદ્ધનયનો અધિકાર એટલે અપ્રતિક્રમણ ને અપચ્ચખાણ કહ્યું! 'એવો જે ઉપદેશ ભગવાનનો છે એ બની શકે નહિ. જો પોતે જ પોતાના સ્વભાવથી, સ્વરૂપ જ વિકાર કરવાનો દયા-દાન-આદિનો હોય તો એને છોડવાનું જે કહ્યું, એટલે કે તેનાથી લક્ષ છોડી દે એમ કહ્યું, એ ઉપદેશ બની શકે નહીં સમજાણું કાંઈ... ?

આહાહા...! આવો મારગ હવે! ઓલું તો પડિકમણું મિચ્છામિ.. કરતા તો એય.. ભાઈ..! તમારા બાપ એમ કરતા. સામાયિક કરે.. સામાયિક પોષા.. પોષા કરે બધા.. બધાય કરતાને.. તો 'આ'

આહા... હા! અરે.... આંહી તો કહે છે પ્રભુ એક વાર સુન (સાંભળ)! આંહી કહે છે કે એ રાગનો ત્યાગ કહે છે એનો અર્થ જ (આત્મા) એનો કર્તા નથી. રાગનું પ્રતિક્રમણ કર. રાગનું પચ્ચખાણ કર એમ કહેવાના ઉપદેશમાં જ એવો અર્થ આવ્યો કે આત્મા પોતાથી રાગ કરે ને પુણ્ય કરે એવું એનું સ્વરૂપ જ નથી.

આહા.... હા... હા! ઝીણો અધિકાર આવ્યો! તેરસે વ્યાખ્યાન હતું પાછું બારસે આવ્યું આ તેર દિ' વચ્ચે પડયું! આવું.... ભાઈ? આહા... હા! ભગવાન આત્મા, જ્ઞાન દર્શન અને પરના રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ છે. એનું સ્વરૂપ જ એ છે. એ વળી આત્મા, આત્માને જાણે ને આત્મા, આત્માને દેખે ને આત્મા, આત્મામાં ઠરે-એ પણ વ્યવહાર છે. એનું સ્વરૂપ જ એવું છે કહે છે! આહાહા! એ જ્ઞાનદર્શનને રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ જ એનું છે. એવી દૃષ્ટિ થતાં અંદરમાં સમ્યગ્દર્શનચારિત્ર થાય, એનું નામ ધરમને મોક્ષનો મારગ છે!

આહા... હા.... હા... હા! આકરું પડે એવું છે બધાં ને!! આવો મારગ છે ભાઈ....! આહા...! અનંતકાળથી રખડે છે! એની મહિમા, એની જાતની મહિમા, એની જાતની મોટપ!!! બેઠી નથી. એણે હીણો જ કલપ્યો છે! કાં રાગનો કર્તાને રાગનો ભોક્તા ને...! આહા... હા!

આહા.... પરનો જાણનારો ને પરનો દેખનારો ને...! **પોતાની પર્યાયમાં પરને જાણવું થાય છે ઈ ક્યાં પર-પર ક્યાં ત્યાં જણાય છે? આહા...! કેમકે પરની હારે તો તન્મય નથી. એ પરને જાણતો નથી નિશ્ચયથી તો! આહા...! નિશ્ચયથી તો જેમાં પર્યાયમાં તન્મય છે તેને જાણે છે એ પણ વ્યવહાર એને પણ વ્યવહાર કહેવો છે. આહા... હા... હા! એમ પરને દેખે છે. એ ક્યાં પરમાં તન્મય થાય છે કે દેખે? એ દેખવાની પર્યાયમાં તન્મય છે. માટે પોતે પોતાને દેખે છે. - એ પણ વ્યવહાર છે. (કારણ) ભેદ પડયો!**

હવે તો એ રાગનો ત્યાગ કરે છે (આત્મા), એમ કહેવું એ પણ વ્યવહાર છે. અસદ્ભૂત (વ્યવહાર છે) આંહી તો રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ આત્મા છે. એવો જે ભેદ છે. એય વ્યવહાર છે. આહા... હા... હા! એ તો રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ જ ત્રિકાળી જ ચીજ છે એવી વીતરાગસ્વરૂપ જ એ છે. આહા... હા... હા! વીતરાગ સ્વરૂપ છે એમાં રાગનો અભાવો કરવો.... કે આત્મા રાગનો અભાવ કરે. અથવા રાગનો અભાવ કરે તો વીતરાગપણે રહે... એમ નથી. એ તો રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ વીતરાગસ્વરૂપ જ બિરાજમાન છે.

આહા...હા...હા...હા! સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? આ તો ચાલ્યું ' તું થોડું! ચેતનજી કહે કે વળી ફરીથી લેવું! એથી ફરીને લીધું આ.

આહાહા! (શ્રોતાઃ) પછી શું આવે? (ઉત્તરઃ) આમ જ છે. ઝીણું કહો કે જાડું કહો! વસ્તુ આવી છે ત્યાં! પહેલેથી જ કીધું ને... 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે' એ સિદ્ધાંત શું કહે છે. કે પોતાને આશ્રયે રાગ કરે કે પોતાને આશ્રયે પરને જાણવાનું કરે પરનું લક્ષ જાય છે ને તેથી પરને જાણે છે એમ કહે છે. છતાં તે પરને જાણે ઈ એ નહીં. કારણ કે એની પર્યાયમાં, જે પરસંબંધીનું જ્ઞાન, પોતામાં તે સમયે પરની અપેક્ષા વિના, પોતાથી પર્યાય પર્યાય જાણવા- દેખવાની થાય! આહા... હા! આવું છે.

'જો આમ ન હોય તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન' બે બોલ છે હો? દ્રવ્ય ને ભાવ, પછી આવશે. આંહી તો હજી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન, પરથી પાછું હઠવું, પરમાં જોડાવું નહીં ભવિષ્યમાં (તે), એવો જે ઉપદેશ છે તે એમ જ બતાવે છે. આત્મા સ્વયં પોતાથી રાગનો કર્તા છે નહીં. આહા...હા...હા...! એ તો એનું લક્ષ પરમાં જાય છે. ત્યારે નિમિત્તના લક્ષે એ વિકાર થાય છે. નિમિત્તથી નહીં પરદ્રવ્યથી જેમ રાગ નહીં તેમ પરના નિમિત્તથી પણ રાગ નહીં... આહા!

શું કહ્યું ઈ.... ? જે ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ! પોતાથી જેમ રાગ નથી તેમ ને નિમિત્તના લક્ષે પણ રાગ નથી, નિમિત્તને લક્ષે.... પોતે રાગ પર્યાયમાં કરે છે. (આત્મા) નિમિત્તથી નહીં. આત્માથી જેમ રાગ નહીં એમ નિમિત્તથી પણ રાગ નહીં. સમજાય છે. આમાં? એની પર્યાયમાં નિમિત્તનું લક્ષ કરીને, સ્વભાવનો આશ્રય છોડી દઈને, વિકાર પર્યાયમાં કરે છે. એથી ભગવાને એમ કહ્યું કે રાગનું પ્રતિક્રમણ કર! રાગનું પચ્ચખાણ કર! કેમ કે તારું સ્વરૂપ નથી એ. આહા... હા... હા! સમજાણું આમાં?

'અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનના દ્વિવિધિપણાનો' અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન હો એ અત્યારે બે લીધા. બીજાં બે (પછી) લેશે. પછી વળી દ્રવ્યને ભાવ બીજાં બે પછી. આ તો ફક્ત એક વર્તમાન અપ્રતિક્રમણ ભવિષ્યનું અપ્રત્યાખ્યાન, એવા બે બોલ લીધાં, ગયા કાળની વાત તો છે નહીં અત્યારે માટે પ્રશ્ન નહીં, આ લીધું વર્તમાનમાં રાગનો ત્યાગ ને ભવિષ્યમાં રાગનો ત્યાગ!

એવો અપ્રતિક્રમણને અપ્રત્યાખ્યાનનો ઉપદેશ ભગવાને આપ્યો એ શુદ્ધ નયથી કહ્યું. ખરેખર તો રાગનો વર્તમાનમાં અભાવ કર, ભવિષ્યમાં રાગનો અભાવ કર એજે કહેવું છે એ જ એમ બતાવે છે કે આત્મા પોતાના સ્વભાવથી રાગ કરે એવો એનો સ્વભાવ નથી. આહા...! એ નિમિત્ત જે પરદ્રવ્ય છે તેના ઉપર એનું લક્ષ જાય છે આ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છે. એનું લક્ષ છોડી દઈને, સ્વ-જીવ એનામાં નથી, જે એનામાં છે એનું લક્ષ છોડી દઈને જે એનામાં નથી એવા પરનું લક્ષ કરે છે તેથી તે નિમિત્તના

લક્ષે રાગ કરે, નિમિત્તથી રાગ થતો નથી. પણ નિમિત્તના લક્ષે રાગ – દ્વેષ થાય છે સમજાય છે કાંઈ?

આહા.... હા! જેમ આત્મા, પોતે અકારક છે. રાગને પોતે પોતાથી કરે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. તેમ નિમિત્તથી રાગ થાય એવું પણ સ્વરૂપ નથી. પણ નિમિત્તને લક્ષે રાગ કરે છે. આહા... હા... હા...! કો' આમાં સમજાય છે? ઝીણું છે ભઈ આ અધિકાર ઝીણો! આંહી સુધી તો આવ્યું' તું કાલ.

આહા...! ભગવાનનો ઉપદેશ અપ્રતિક્રમણનો ને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ બની શકે નહિ. જો પોતે પોતાથી કર્તા હોય એનો સ્વભાવ જ જો રાગ કરવાનો હોય, તો રાગને છોડ – વર્તમાન રાગને છોડને ભવિષ્યમાં રાગનો ત્યાગ તે પ્રત્યાખ્યાન એવો જે ઉપદેશ તે બની શકે નહિ. સમજાય છે કાંઈ... ? આહા!! ભાષા સમજતે કે નહીં ગુજરાતી?

આહા.... હા...! આવો... ઉપદેશ હવે! એવો ધર્મ સરળ હતો સામાયિક કરો ને પડિક્રમણાં કરો ને ચોવિહાર કરો ને થઈ ગ્યો લ્યો ધરમ? અરે... ભાઈ!

ધરમ કરનારો.... એ કોણ છે? કે જેનામાં... . રાગ છે જ નહીં જેનામાં જ્ઞાન દર્શનને આનંદ ભરેલો છે. આહા... હા! ધર્મી... એને જો ધરમ કરવો હોય તો... એનામાં... તો જ્ઞાનદર્શનને આનંદભર્યા છે. એ પોતાને આશ્રયે રાગ-દ્વેષ કરે... એ તો સ્વરૂપ જ એનું નથી. તેથી તેને ભગવાનનો ઉપદેશ (છે કે) દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન, વર્તમાન રાગ છે એને ને ભવિષ્યમાં રાગ થાય એને છોડ કારણ કે તારા સ્વરૂપમાં એ છે નહીં. એ ફકત તું નિમિત્તને લક્ષે તું રાગ કરે છે અને ભવિષ્યમાં પણ નિમિત્તના લક્ષે રાગ થાય તેને છોડ!

આહા... હા! આવો છે ઉપદેશ! પહેલે દિ' હાલ્યું તે આવ્યું ઝીણું આવ્યું આવું! આ અધિકાર જ એવો છે.

આહા...! 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો ખરેખર દ્રવ્યને ભાવના ભેદે' હવે બે પહેલાં લીધાં' તા વર્તમાન અપ્રતિક્રમણને ભવિષ્યનું અપ્રત્યાખ્યાન એટલું... . હવે એના પાછા બે ભેદ પાડયા. આહા... હા... શું કીધું ઈ? 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો ખરેખર દ્રવ્યને ભાવના ભેદે દ્વિવિધ' દ્રવ્યને ભાવ એ બે પ્રકાર લીધાં પહેલાં અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન એ બે ભેદ લીધાં, વર્તમાન અપ્રતિક્રમણ ને ભવિષ્યનું અપ્રત્યાખ્યાન.

હવે, અપ્રતિક્રમણના બે પ્રકાર ને અપ્રત્યાખ્યાનના બે પ્રકાર અપ્રતિક્રમણ બે પ્રકાર શું? દ્રવ્ય એટલે નિમિત્ત ઉપરનું લક્ષ જાય છે તે અપ્રતિક્રમણનું નિમિત્ત અને એને આશ્રયે વિકાર થાય છે એ ભાવ. નિમિત્તથી થતાં નથી ફકત એને લક્ષે કરે છે. સમજાણું કાંઈ...?

પરદ્રવ્યને લઈને રાગદ્વેષ થતાં નથી. આંહી વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા એનો આશ્રય છોડીને જેણે નિમિત્ત – પરદ્રવ્ય ઉપર લક્ષ કર્યું એથી તેને આશ્રયે રાગદ્વેષ થાય છે. તે નિમિત્તથી થયા નથી, સ્વભાવથી થયા નથી. ફકત નિમિત્તના લક્ષે થાય છે. પહેલાં બે પ્રકાર-દ્રવ્ય અપ્રતિક્રમણને દ્રવ્ય અપ્રત્યાખ્યાન બે ભેદ લીધાં હવે અપ્રતિક્રમણ અપ્રત્યાખ્યાનના પાછા બે ભેદ. (દ્રવ્ય ને ભાવ)

પહેલાં અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહ્યાં એ વર્તમાન તે અપ્રતિક્રમણને ભવિષ્યના અપ્રત્યાખ્યાન એ બે ભેદ લીધાં. હવે પાછા એક-એકના બબ્બે ભેદ (લે છે) કે અપ્રતિક્રમણ બે પ્રકાર-દ્રવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અને ભાવ. કારણ કે દ્રવ્ય એટલે પર ઉપર લક્ષ એનું જાય છે એ દ્રવ્ય. એને લઈને રાગદ્વેષ થાય છે ઈ ભાવ – એ અપ્રતિક્રમણના બે પ્રકાર. નિમિત્ત અને રાગદ્વેષ.

એમ અપ્રત્યાખ્યાનના બે પ્રકાર ભવિષ્યમાં રાગમાં લક્ષ જશે, નિમિત્ત તરફનું એ દ્રવ્ય (અપ્રત્યાખ્યાન) અને ભાવ થશે રાગ. (એમ) દ્રવ્યને ભાવ બે પ્રકારે અપ્રતિક્રમણ અને દ્રવ્ય ને ભાવ બે પ્રકારે અપ્રત્યાખ્યાન આહા... હા... હા!

નવરાશ ન મળે, ફુરસદ ન મળે! ભાઈ આ નવરાશ નહીં ને... નિર્ણય કરવાની બાયડી – છોકરાં સાચવવાં, ધંધો કરવા સાંભળવાનું મળે તો એને બીજું મળે! આ વાત... ક્યાં આંહી ત્રણલોકનો નાથ! સચ્ચિદાનંદ પ્રભુ! વીતરાગની મૂર્તિ... એ વીતરાગની મૂર્તિ, રાગ કેમ કરે? કહે છે, આહા... હા!

ત્યારે કહે કે એમાં રાગ થાય છે ને...! અને ભગવાનનો ઉપદેશ પણ છે ને...! કે રાગનું પ્રતિક્રમણને રાગનું પ્રત્યાખ્યાન કર, એમ છે ને...! હા.... છે કેમ? કે એના સ્વભાવ–દ્રવ્યગુણમાં એ નથી, પણ પર્યાયમાં એનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે. તેથી દ્રવ્ય અપ્રતિક્રમણ કહ્યું. અને એનાથી ભાવ–રાગ–દ્વેષ થયા એ ભાવ અપ્રતિક્રમણ કહ્યું. એમ ભવિષ્યમાં પર ઉપર લક્ષ જશે એ દ્રવ્ય અપ્રત્યાખ્યાન કહ્યું અને ભાવ થાશે એ ભાવ અપ્રત્યાખ્યાન કહ્યું! બરાબર હૈ? (શ્રોતા) બરાબર હૈ!

આહા... હા! આ વીતરાગનો મારગ છે ભાઈ...!

શું કહે છે? કે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર, ખરેખર ભાષા લીધી છે જોયું? નિમિત્ત ઉપર લક્ષ જાય છે ને...! 'દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ' બે પ્રકાર પડયાં. પોતાનો ભગવાન વીતરાગ, સ્વરૂપ જ્ઞાયક એને છોડી, એને પર દ્રવ્ય ઉપર લક્ષ કર્યું એ દ્રવ્ય અપ્રતિક્રમણ અને તેનાથી થતો રાગ તે ભાવ અપ્રતિક્રમણ.

આહા.... હા! સમજાય છે કાંઈ... .? આહા...!

કહે છે, કે 'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે... દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે' ભગવાનનો ઉપદેશ કે જે રાગ થાય છે તે નિમિત્તને લક્ષે થાય છે, એ દ્રવ્ય, અને થાય છે ઈ ભાવ- દ્રવ્યને ભાવ બે (પ્રકાર) બે (પ્રકારે) અપ્રતિક્રમણને બે (પ્રકારે) અપ્રત્યાખ્યાન–દ્રવ્યને ભાવ ભેદે. વર્તમાન છે તે દ્રવ્ય, ભવિષ્યમાં પર ઉપર લક્ષ કરે તે નિમિત્તનું તે દ્રવ્ય અપ્રત્યાખ્યાન આંહી ભાવ કરે તે ભાવ અપ્રત્યાખ્યાન.

આહા... હા! એ ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત–નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો' હવે શું કહે છે? આહા.... હા... હા! ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ! સ્વયં તો વિકાર – દયાદાનઆદિનો કર્તા નથી, પણ નિમિત્ત –નૈમિત્તિક સંબંધે, પરદ્રવ્યનિમિત્ત, વિકાર નૈમિત્તિક એની પર્યાય છે. દ્રવ્યને ભાવના નિમિત્ત–નૈમિત્તિક પણું પરદ્રવ્ય ઉપર એ દ્રવ્ય ને થાય છે ભાવ એના લક્ષે તે નૈમિત્તિક, એ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એમ બતાવે છે કે વસ્તુ પોતે એકલો આત્મા વિકારનો કર્તા નથી. આહા...હા...હા...હા! સમજાય છે કાંઈ?

શું કહે છે પ્રભુ! આહા... હા... મુનિરાજની ટીકાતો જુઓ! શું કહે છે! કે દ્રવ્ય અને ભાવનો જે ઉપદેશ છે એ દ્રવ્ય ને ભાવના નિમિત્ત – નૈમિત્તિકપણાને જાહેર કરતો જોયું? પર દ્રવ્ય ઉપર લક્ષ જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે એ નિમિત્ત અને ભાવ થાય છે. નૈમિત્તિક! એ નિમિત્ત-નૈમિતિકને પ્રસિદ્ધ કરે છે. સ્વભાવ ત્યાં ઢંકાઈ જાય છે. સ્વભાવનું ત્યાં ભાન રહેતું નથી. નિમિત્ત-નૈમિત્તિક જાહેર કરે છે' પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એ દ્રવ્ય (અપ્રતિક્રમણ) આંહી થાય છે એ વિકાર એ ભાવ (અપ્રતિક્રમણ)

એ દ્રવ્ય અપ્રતિક્રમણને ભાવ અપ્રતિક્રમણ એ અપ્રત્યાખ્યાન (દ્રવ્યને ભાવ) બે ય - એ નિમિત્ત - નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો આહા...હા...! સ્વભાવમાં ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ! આહા... હા! સચ્ચિદાનંદ પ્રભુ! એ પોતે પોતાથી આનંદને ઉત્પન્ન કરે, એ પણ હજી વ્યવહાર. રાગને ઉત્પન્ન કરે ઈ તો વસ્તુમાં છે જ નહીં આહા...હા...! હવે આંહી તો હજી વ્યવહાર દયાદાનને વ્રત કરે તો ધરમ થાય! તો નિશ્ચય થાય! એમ હજી કહે છે લ્યો! લોકો આવું કહે છે.

ભગવાન! તારું સ્વરૂપ પ્રભુ! તારું સ્વરૂપ વીતરાગ ભાવથી ભરેલું તારું સ્વરૂપ છે તારી મોટપમાં વીતરાગતા છે. એ તારે આશ્રયે વીતરાગતા જ થાય પણ તે તારો આશ્રય છોડીને, નિમિત્તનું આમ લક્ષ કરે છે, પરદ્રવ્યનું - નિમિત્તનું ને તેને લક્ષે થતો ભાવ તે વિકાર એ નિમિત્ત - એ નૈમિત્તિક પ્રસિદ્ધ કરે છે કે જ્ઞાયકભાવ પોતે કર્તા નથી. આહા... હા... હા!

આવો ઉપદેશ હવે! કો' ભાઈ? ક્યાં આવું ક્યાં હતું કયાય સાંભળ્યું તું ક્યાંય? આ વીતરાગનો મારગ આવો છે ભાઈ! ત્રણ લોકના નાથ, પોતે હો? ત્રણ લોકનો નાથ જ્ઞાયકભાવ!! સચ્ચિદાનંદ પ્રભુ! સત્.... છે જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ! એ જ્ઞાનાનંદસ્વરૂપ પોતાને આશ્રયે રાગ શી રીતે કરે? એના સ્વરૂપમાં જ છે નહીં.

ત્યારે કહે છે કે થાય છે ને (રાગ) કે ઈ સ્વનો આશ્રય છોડીને, નિમિત્તનો આશ્રય કરે છે ઈ પરદ્રવ્ય ત્યારે થાય છે. નિમિત્તથી થતો નથી. નિમિત્તનો આશ્રય કરે છે. એથી ત્યાં વિકાર ઉત્પન્ન થાય છે. પુણ્ય-પાપ, દયા-દાન આદિ.

એ નિમિત્ત-નૈમિત્તિક જાહેર એમ કરે છે કે વ્યવહારથી તે વિકાર થાય છે, આત્માના સ્વભાવથી તે થતો નથી. આહા...હા...હા...!

જરી'ક ઝીણું છે પણ ધીમે-ધીમે (સમજવું) વિચારવાનો બાપુ આવો વખતે ક્યારે મળશે? અરે...! વખત... હાલ્યા જાય છે. મનુષ્ય દેહ! મનુષ્ય દેહની સ્થિતિ કેટલી? આ ધૂળની આ તો માટી છે. (શરીર છે તે) હાલ્યો જશે આ! ભગવાન આંહીથી ચાલ્યો જશે. એ જેની દૃષ્ટિમાં આ તત્ત્વ શું છે એ આવ્યું નથી ઈ ચોરાશીમાં રખડશે! પ્રભુ!! કોઈ શરણ નથી ક્યાંય! આહા...હા...!

શું કહે છે આહા... હા.... હા! દ્રવ્ય અને ભાવ બે, અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનના બે ભેદ કીધાં એ નિમિત્ત-નૈમિત્તિકને જાહેર કરે છે, નિમિત્ત-નૈમિત્તિક જાહેર કરે છે. પર ઉપર લક્ષ જાય છે. એને નિમિત્ત કીધાં ને એ નિમિત્ત-નૈમિત્તકને જાહેર કરે છે. સ્વભાવને આશ્રયે થતો નથી એમ યથાર્થસિદ્ધ કરે છે. આહા... હા... હા...! કો' સમજાય છે કાંઈ....? સંભળાય છે ને બરાબર... ? એ ભાઈ? (શ્રોતાઃ) હા, જી, હા... (ગુરુદેવઃ) સંભળાય છે?

આહા.... હા.... હા. શું ટીકા! શું ટીકા!! ગજબની વાત! અને તે આમ બે ને બે ચાર જેવી વાત બેસે એવી છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે ભગવાન આત્મા પોતાથી (રાગાદિકનો) અકારક છે, કારક છે જ નહીં અકારક જ છે. ત્યારે કહે કે આ (રાગાદિ) છે ને...! એ દ્રવ્ય અપ્રતિક્રમણ એ દ્રવ્ય અપ્રત્યાખ્યાનને લઈને છે. તો એ દ્રવ્ય અપ્રતિક્રમણને દ્રવ્ય અપ્રત્યાખ્યાન થયું કેમ? એ પરદ્રવ્યના લક્ષે, દ્રવ્ય અપ્રતિક્રમણને દ્રવ્ય અપ્રત્યાખ્યાન પરદ્રવ્યના લક્ષે થયું છે. એ નિમિત્તક-નૈમિત્તિક (સંબંધ) પર્યાયમાં વ્યવહાર જાહેર કરે છે. એ પર્યાયમાં, નિમિત્તના લક્ષે થતો વિકાર એ પર્યાયમાં વ્યવહાર જાહેર કરે છે. એ આત્મા અકારક છે એમ સિદ્ધ કરે છે.

આહા... હા! ભાઈ...? સમજાય છે? આહા... હા... હા!

ભાષા તો સાદી પણ ભાવ તો ભાઈ જે હોય ઈ હોય ને પ્રભુ શું!

ઈ શું કીધું? 'દ્રવ્ય અને ભાવના નિમિત્ત - નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો' આત્માના અકર્તાપણાને જ જણાવે છે' આહા... હા... હા..!

શું કહ્યું ઈ પ્રભુ! કહે છે પ્રભુ, સાંભળ! ભગવંત! તું ભગવંત સ્વરૂપ છો!! આહા...! ભગવંત સ્વરૂપ પોતે પોતાથી વિકાર કરે એવું સ્વરૂપ એનામાં છે જ નહીં. ત્યારે એ થાય છે ખરો... તો એ દ્રવ્યગુણોમાં તો થાય નહીં, ત્યારે સ્વ તો શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આનંદરૂપ છે. ત્યારે હવે પર્યાયમાં પરના લક્ષે, નિમિત્ત પર દ્રવ્ય ઉપર તેનું લક્ષ જાય છે. એનાથી આ (વિકાર) થાય છે. એટલે નિમિત્ત ને નૈમિત્તિક જાહેર એમ કરે છે કે આત્મા રાગાદિકનો અકારક જ છે.

એ નિમિત્ત ઉપર લક્ષ કરે છે ત્યારે થાય છે એવો વ્યવહાર થાય છે (પર્યાયમાં) ઈ રીતે વ્યવહાર છે. આહા... હા! સમજાણું આમાં? આમાં સમજ્યા એમ કીધું ઓલા સમજ્યાં છો એ નહીં આહા...હા...હા! આવો મારગ! પ્રભુનો મારગ છે શૂરાનો, એ કાયરના ત્યાં કામ નથી.

શું સીધી વાત કરે છે આહા...હા...! ભગવંત! તું તો સ્વરૂપ છો ને... વીતરાગ સ્વરૂપ છો ને...! એ વીતરાગસ્વરૂપને આશ્રયે રાગ થાય પ્રભુ! (ન થાય.) ત્યારે કે છે કે આ રાગ થાય છે ને...! અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન એવા દોષ દેખાય છે ને...! કે એ દોષ છે એ નિમિત્તને લક્ષે, દ્રવ્ય સ્વભાવનો આશ્રય છૂટીને આશ્રય છે ત્યાં તેને આમ, આશ્રય પરદ્રવ્ય ઉપર છે આંહી નથી લક્ષ તેથી ન્યાં પરદ્રવ્ય ઉપર લક્ષ છે નિમિત્તને લક્ષે રાગ-દ્વેષ પુણ્યપાપ થાય છે એ નિમિત્ત નૈમિત્તિકને જાહેર કરતો આત્માને અકારક જાહેર કરે છે. આહા...હા...હા! નૈમિત્તિક વ્યવહારને જાહેર કરતો, નિશ્ચય ભગવાન આત્મા એકલો અકારક છે તેમ જાહેર કરે છે.

આહા.... હા.... હા! હવે આવો ઉપદેશ! ઓહો..! આચાર્યો! દિગંબર સંતો! એવી સાદી ભાષા! સાદી ભાષામાં... આ એટલું સિદ્ધ કર્યું છે આમ!! પ્રત્યક્ષ એને થઈ જાય એમ! આહા... હા...!

પ્રભુ તું તો વીતરાગસ્વરૂપ છો ને... એમ કીધું ને...! 'પોતાથી અકારક છે' એમ કીધું ને.. .! પહેલું કીધું ને 'આત્મા પોતાથી રાગાદિકનો અકારક છે' રાગાદિકનો અકારક એટલે વીતરાગસ્વરૂપ એમ (અર્થ છે) તું વીતરાગસ્વરૂપ જ છો!! અકષાયસ્વરૂપ પ્રભુ તારું સ્વરૂપ જ ચિદાનંદ - સચ્ચિદાનંદ ત્રિકાળ સ્વરૂપ પ્રભુ તારું છે - સચ્ચિદાનંદ સત્ શાશ્વત આનંદને જ્ઞાનનો કંદ પ્રભુ! એ (આત્મા) પોતે પોતાથી રાગાદિકનો અકારક છે, એમ સિદ્ધ કરતાં, વીતરાગસ્વરૂપ જ તું છો, વીતરાગભાવે વીતરાગ ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્પન્ન થાય, રાગભાવ ઉત્પન્ન થાય નહીં. આહાહા.... હા... હા!

ઝીણું થોડું પડે પણ આ વાતે ય તે ફરી - ફરીને આવે છે બે ત્રણ વાર. મારગ આવો છે બાપા! ઓહોહો...! શું કહ્યું? એ બે પ્રકારનો જ ઉપદેશ છે. કયા બે પ્રકારનો? દ્રવ્ય અને ભાવ, પર દ્રવ્યનું લક્ષ અને ઉત્પન્ન થતો ભાવ. એ નિમિત્ત-નૈમિત્તિક! ઈ બે પ્રકારનો જે ઉપદેશ છે તે 'તે દ્રવ્ય અને ભાવના નિમિત્ત - નૈમિત્તિકપણાના ભાવને જાહેર કરતો થકો' એટલે? ભાવ ક્યો વિકારી, દ્રવ્ય કોણ પર. પરદ્રવ્યના લક્ષે નિમિત્તે એ દ્રવ્યને આંહી વિકારમાં ભાવ એ નિમિત્ત - નૈમિત્તિકને જાહેર કરતો (થકો) આત્મા અકારક છે એમ સિદ્ધિ કરે છે. આહા.... હા... હા... હા... હા... હા... હા...!

ઝીણી વાત છે બાપુ આ કાંઈ... કથા... વાર્તા નથી. આહા... હા! આતો ત્રણ લોકના નાથ! એની કથા છે. ધર્મકથા, ધર્મકથા છે આ તો...! આહા...હા...!

આહા...હા...! દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને' દ્રવ્ય નિમિત્તને ભાવ નૈમિત્તિક એમ. પર દ્રવ્યનું લક્ષ એ નિમિત્ત ને નૈમિત્તિક એ ભાવ, વિકારભાવ, પુણ્યપાપના. 'એને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે' એ નિમિત્ત-નૈમિત્તિક જાહેર એમ કરે છે કે આત્મા સ્વયં અકર્તા છે. એ તો નિમિત્તનું લક્ષ કરે ને વિકાર કરે તો (કર્તા કહેવાય છે) બાકી સ્વયં તો અકર્તા છે. આહા...હા...હા...!

કો' ભાઈ? આવું ક્યાં છે તમારે કલકત્તામાં? ધૂળમાંય નથી ક્યાંય... (શ્રોતા!) પૈસો ધૂળ છે. એ! (ઉત્તરઃ) ધૂળ છે. પૈસા, પૈસા! અરે... રે! કહે છે કે દયા-દાન-વ્રત-ભક્તિના તેપણ નૈમિત્તિક ભાવ છે તે નિમિત્તને લક્ષે નૈમિત્તક થાય છે. એ નૈમિત્તિક, સ્વભાવને લક્ષે થતા નથી. આહા... હા... હા... હા..! અરે... આવું!

એથી... એનો સ્વભાવ, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! એનો સ્વભાવ/આ નિમિત્તને લક્ષે વિકાર થાય એ નિમિત્ત - નૈમિત્તિક સંબંધને જાહેર કરતો થકો એ (સંબંધ) ભગવાન આત્માનો સ્વભાવ અકારક છે એમ સિદ્ધ કરે છે.

એ પર્યાયબુદ્ધિમાં નિમિત્તના લક્ષે વિકાર થાય ઈ એમ પ્રસિદ્ધ કરે છે. આત્માનો સ્વભાવ તો અકારક જ છે. આહા... હા... હા!! કો' ચેતનજી! ચેતનજી કહે ફરીને લેવું! પાઠ એવો છે ફરીને લેવા જેવો હતો. આહા... હા...! આ સમજાય એવું છે હો! ભાષા તો સાદી છે. ભાવ ભલે જે ઝીણાં હોય!

આહા.... હા! 'માટે નક્કી થયું કે પરદ્રવ્યનું નિમિત્ત છે' આ ઓલા વાંધા કરે છે ને...' નિમિત્ત છે તેનાથી થાય! નિમિત્ત છે પણ તેનાથી થતું નથી. 'પરદ્રવ્ય નિમિત્ત છે' જોયું? (એમ અહીં કહ્યું) 'અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.' આહા...હા...હા! જ્ઞાયક ભગવાન! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ! સચ્ચિદાનંદ આવ્યા અંદર પૂર્ણાનંદનો નાથ જે વસ્તુ છે એ પૂર્ણ શુદ્ધ છે. વસ્તુ પોતે છે ઈ શુદ્ધને પવિત્ર ને પૂરણ છે. એવો ભગવાન અંદર આત્મા, એ પોતાના આશ્રયે - લક્ષે સ્વભાવે વિકારનો અકર્તા છે.

ત્યારે કહે કે (વિકાર) થાય છે કેમ? કે એનો પોતાનો સ્વભાવ છે તેની દૃષ્ટિ છોડી દઈને, નિમિત્તના લક્ષે / જે નિમિત્ત એના નથી. જેનામાં એ છે એમાં જેમ છે એમાં દૃષ્ટિ ન આપતાં જે એમાં નથી એમાં દૃષ્ટિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપતાં/એનાથી થતો નથી (વિકાર) પણ એના–નિમિત્તના લક્ષે થાય છે. આહા.... હા... હા... હા... હા..! 'માટે એમ નક્કી થયું કે પર દ્રવ્ય નિમિત્ત છે' હો? નિમિત્ત છે, નથી એમ નહીં એ જે લોકો કહે કે નિમિત્ત... નિમિત્ત છે.

ભાઈ.... એ (પંડિતે) નક્કી કર્યું કે સોનગઢવાળા નિમિત્ત નથી એમ નથી કહેતા પરંતુ નિમિત્તથી થાતું નથી પરમાં (કાંઈ) એમ (સોનગઢ) કહે છે. વાંધા આખા! જુઓ ન્યાં પરદ્રવ્ય નિમિત્ત છે. પણ 'નિમિત્ત' છે ને! ' નિમિત્ત તો પોતે કરે છે (વિકાર), વિકાર પરને લક્ષે કર્યો તો તેને નિમિત્ત કહેવાણું વિકાર કર્યો પોતે ઈ કાંઈ એનાથી (નિમિત્તથી) વિકાર થયો નથી. આહા.... હા! સમજાણું કાંઈ...?

દ્રવ્ય – પરદ્રવ્ય નિમિત્ત છે, એટલે કે સ્વદ્રવ્ય જે ઉપાદાન છે શુદ્ધ ચૈતન્ય મૂર્તિ ભગવાન? એનો તો આશ્રય છે નહીં. આહા...હા...! એથી તેના આશ્રય વિના, દૃષ્ટિ ક્યાંક તો પોતાનું અસ્તિત્વ કબૂલવું જોઈશે એથી સ્વદ્રવ્યમાં આશ્રય વિના, પરદ્રવ્યના લક્ષે વિકાર થયો એ મારો છે એમ માનીને, અજ્ઞાનપણે રાગદ્વેષનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહા... હા... હા.!

આવું યાદે ય રહે શી રીતે? એક કલાક સુધી આવી વાતું પ્રભુ! આહા...! પ્રભુ તારી વાતું મોટી છે ભગવાન! ભગવાન છો તું.... પરમાત્મા છો તું! ઈશ્વર છો! એ તને તારી ખબર નથી. આહા... હા...! તારી મોટપની, મહિમાની સર્વજ્ઞપ્રભુ પણ પૂરું કહી શકે નહીં એવી પ્રભુ તારી મહિમા–મોટપ છે અંદર એક–એક આત્માઓ! એવા ભગવાન આત્માઓ બધાં શરીરમાં (શરીરાદિથી) ભિન્ન ભિન્ન બિરાજે છે. આહા... આહા..!

એવા ભગવાન આત્માનો સ્વભાવ દોષનો અકારક છે કેમ કે દોષ છે નહીં વસ્તુમાં. અનંતા ગુણો છે પણ ઈ બધા પવિત્ર છે. તેથી તેનો કોઈ ગુણ દોષ કરે એવો ગુણ નથી. તેથી તે તેના દ્રવ્યના આશ્રયે દોષ ન થતાં, જે દ્રવ્યમાં નથી એવા પર દ્રવ્યો ઉપર લક્ષ જતાં – પર દ્રવ્ય ઉપર લક્ષ જતાં હો! પરદ્રવ્ય (વિકાર) કરાવે છે એમ નહીં આહા...હા...હા...! ભગવાન પૂર્ણાનંદનો નાશ અંદર, એના ઉપર લક્ષ નહિ હોવાથી, એનું લક્ષ પર ઉપર જાય છે. પોતાનું અસ્તિત્વ પ્રભુ પોતાની મોટાઈની ખબર નથી, એથી એનું લક્ષ પર ઉપર જાય છે અનાદિથી, એ પરવસ્તુ છે ઈ નિમિત્ત છે અને એ નિમિત્તથી થતા ભાવ, પોતાના પોતાથી થાય છે. નિમિત્તથી નહીં, સ્વભાવથી નહિ! સમજાણું કંઈ...?

'પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે' 'જો એમ ન માનવામાં આવે તો' – જો આમ ન માનવામાં આવે તો દ્રવ્ય–અપ્રતિક્રમણ અને દ્રવ્ય–અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય' – જો આમ ન માને તો ભગવાને એમ કહ્યું છે. કે તારું પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં તને વિકાર થાય છે, તેથી તું તેનો કર્તા થાછો આહા... હા... હા.! સમજાણું? વસ્તુ (આત્મદ્રવ્ય) કર્તા છે નહીં, વસ્તુતો આનંદકંદ પ્રભુ છે આહા... હા... હા...!

શું કહ્યું? 'જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય–અપ્રતિક્રમણ અને દ્રવ્ય–અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ જાય, શું કહે છે? એટલે એ રાગનો કર્તા છે. અજ્ઞાનભાવે રાગનો કર્તા છે. એ નિમિત્તને લક્ષે કર્તા છે. 'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં' આહા...! નિમિત્તને લક્ષે રાગદ્વેષ થાય છે તે વાસ્તવિક છે. સમજાણું? એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપદેશ પ્રભુનો છે ઈ બરાબર છે. આહા... હા... અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત પણું આવી પડતાં 'નિમિત્તને લક્ષે વિકાર છે ઈ જો તું ન માન, તો એકલો આત્મા ઉપર આવી પડતાં આત્મા વિકાર કરે એવો તો ઈ જ નહીં. આહા...!

'આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં' નિમિત્તપણું એટલે? ઉપાદાન તો ખરું પણ પોતાપણ એમ. રાગાદિ ભાવોનું નિમિત્તપણું એટલે પોતે કારણપણું આવી પડતાં 'નિત્ય-કર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.' આહા... હા! ભગવાન નિત્યાનંદ પ્રભુ! જો નિમિત્તનાં લક્ષે વિકાર થાય એવો નિમિત્ત - (સંબંધને) જાહેર કરતાં આત્મા અકારક છે એ સિદ્ધ છે. એમ ન હોય તો, આત્મા રાગનો કર્તા નિત્ય ઠરે. ઈ તો પર્યાયમાં પરને લક્ષે કરે છે ક્ષણિકમાં પણ એમ જો ન માન તો, આત્મા કર્તા તો આત્મા તો નિત્ય છે, આત્મા નિત્ય રાગનો કર્તા થાય કોઈ દિ'? તો તો ધરમ કોઈ દિ' થાય જ નહીં. સમજાણું એમાં કાંઈ...?

ફરીને આહા...હા...! દ્રવ્ય અને ભાવ પ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો -કર્તાપણાનો કરે છે. અજ્ઞાનભાવ-રાગ-દ્વેષ એમ કહે છે એ ઉપદેશ છે ઈ નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક આત્માને જ રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડે' નિમિત્ત - નૈમિત્તિક સંબંધ વિકાર થાય છે. એમ જો ન માન, નિમિત્તને લક્ષ થતો વિકાર એમ જો ન માન તો આત્મા ઉપર કર્તાપણું આવી પડે, તો આત્મા નિત્ય છે તો આત્મા નિત્ય વિકારને કરે તો કોઈ દિ' વિકારનો અભાવ થાય નહીં ને એમ કોઈ દિ' બનતું નથી. આહા... હા.. હા! સમજાય છે આમાં? રાત્રે ચર્ચા બંધ છે નહિતર તો ચર્ચા થાય આ બધી રાત્રે ચર્ચા બંધ છે ને

શુ કીધું ઈ? દ્રવ્ય અને ભાવનો કર્તાપણાનો નિમિત્ત તરીકેનો ઉપદેશ, પરને લક્ષે વિકાર થાય છે એવો જે ઉપદેશ છે, એ નિરર્થક જ થાય. એકલો આત્મા (વિકાર) કરે તો.... અને 'તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડે' એકલા આત્માને પરના લક્ષ વિના, પુણ્ય - પાપનો ભાવ આવી પડે ને કર્તા થાય તોતો આત્મા નિત્ય છે તો વિકાર પણ નિત્ય કરે તો તો વિકારથતાં એને કોઈ દિ' દુઃખ મટે નહીં, કોઈ દિ' સુખી થાય નહીં, ધરમ થાય નહીં અને મોક્ષ થાય જ નહીં સમજાણું આમાં?

આહા...હા...! 'એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડે' શું કીધું? ઓલું નિમિત્તને લક્ષે વિકાર થાય છે એમ જો તું ન માન તો એકલા આત્માને રાગાદિનું કર્તાપણું આવી પડતાં, આત્મા નિત્ય છે તો નિત્યકર્તા ઠરી જાય. ઈ વીતરાગ સ્વરૂપ છે એને રાગપણાનું કર્તાપણું સિદ્ધ થઈ જાય. આહા... હા.. હા.. હા! ગજબની વાત છે.

આહા...! 'એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું' નિમિત્ત એટલે કારણ, આત્માને રાગદ્વેષનું કારણપણું આવી પડે! નિમિત્તને લક્ષે નૈમિત્તિક જાહેર કરતાં આત્મા અકારક છે એમ જો ન કરે, આત્મા એકલો રાગનોકર્તા ઠરતાં, આત્મા નિત્ય છે તો રાગનો કર્તા નિત્ય ઠરે!

'નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે' તો મોક્ષ કોઈ દિ' થાય જ નહીં આત્માનો થઈ રહ્યું! આહા... હા..! શું કીધું ઈ... ? કે નિમિત્ત ઉપર લક્ષ જો નિમિત્ત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર વસ્તુ છે. જેમ તું છો એમ પર પણ છે. એ પરના લક્ષે વિકાર થાય ઈ એમ જાહેર કરે છે કે આત્મા અકારક છે. હવે એમ જો તું ન માન તો નિરર્થક ઉપદેશ થાય. તો આત્મા એકલો રાગનો કર્તા ઠરતાં નિમિત્ત – નૈમિત્તિક સંબંધ ન રહ્યો! તો તો આત્મા રાગનો કર્તા ઠરતાં, આત્મા રાગનો નિત્યકર્તા ઠરે, કોઈ દિ' મોક્ષ રહે નહીં. મોક્ષ થાય નહીં કોઈ દિ' !

આ વાણિયાને વેપારીઓને આવી વાતું હવે! એકલો ન્યાયનો વિષય છે! હું 'મોક્ષનો અભાવ ઠરે' પછી વાત આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

* * *

## જિનવાણી સ્તુતિ

આત્મજ્ઞાનમેં હી આત્માકી સિદ્ધિ ઔર પ્રસિદ્ધિ હૈ,
આત્મજ્ઞાનમેં હી ભિન્નરૂપ વિશ્વકી ભી સિદ્ધિ હૈ. ૧

આત્મજ્ઞાન હી બસ જ્ઞાન હૈ, આત્મજ્ઞાન હી બસ જ્ઞેય હૈ,
આત્મજ્ઞાનમયી જ્ઞાતા હી આત્મા, જ્ઞાન-જ્ઞેય અભેદ હૈ. ૨

દર્શાય સરસ્વતી દેવીને યહ કિયા પરમ ઉપકાર હૈ,
નિજ ભાવમેં હી સ્થિર રહૂઁ મા વંદના અવિકાર હૈ. ૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# જ્ઞાન તો માત્ર જ્ઞાનને જ જાણે છે!

* આત્મા વસ્તુ છે જ્ઞાન સ્વરૂપ. એ જ્ઞાનની ઉત્પત્તિ થાય તે જે સમયે રાગાદિ વિકલ્પ ઉત્પન્ન થાય છે. કાળ એક છે, ક્ષેત્ર એક છે, પણ ભાવ ભિન્ન છે! આમ અતિ નિકટતાને લઈને ચેત્ય – ચેતક ભાવનો સદ્ભાવ હોવાથી રાગ છે એ જણાવા યોગ્ય – ચેત્ય છે અને આત્મા જાણનાર – ચેતક છે.

* રાગ જણાવા લાયક છે; આત્મા જાણનાર છે. એ બંને એક નથી. રાગનું બંધ લક્ષણ છે, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેનું જ્ઞાન લક્ષણ છે આમ બંનેના લક્ષણ જુદા હોવાથી ચીજ બંને જુદી છે. છતાં એક ક્ષેત્રે અને એક કાળે હોવાથી નજીકપણું છે તેથી અજ્ઞાનીને એ રાગ પોતાની ચીજ છે અથવા તેનાથી મને લાભ થશે એમ ભેદજ્ઞાનનો અભાવ હોવાથી તેને લાગે છે.

* જ્ઞેય અને જ્ઞાયક બે ય એક નથી. પણ એક સાથે ઉત્પન્ન થાય છે એથી અજ્ઞાનીને ભ્રમ ઉપજે છે કે આ રાગ મારી ચીજ છે અને તેનાથી મને લાભ થશે એમ અજ્ઞાની અનાદિથી મિથ્યા શ્રદ્ધામાં માની રહ્યો છે.

* રાગ છે તે આત્માની જાત નથી. આત્મા અને રાગ ભિન્ન છે. એ રાગ જાણવા લાયકમાં જાય છે અને આત્મા એનો જાણનાર છે એમ જણાય છે.

* રાગ જે સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે તે રાગનું જ્ઞાન પોતાથી થાય છે. રાગની હયાતી છે માટે એનું જ્ઞાન થાય છે એમ નહીં. એ જ્ઞાનગુણની પર્યાય સ્વ-પર પ્રકાશપણે છે તે સમયે તે પ્રગટે છે તેથી તેની જાણનાર કહી અને રાગને જણાવા યોગ્ય કહેવામાં આવ્યો.

* **ખરેખર તો આત્મા પોતે તો પોતાની પર્યાયને જાણે છે.** જાણનારનો કર્તા આત્મા પોતે છે. પર્યાય પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય એ પર્યાયની કર્તા છે. રાગને લઈને નહીં – દ્રવ્યગુણને લઈને નહીં. જાણવાની પર્યાય પોતે સ્વતંત્ર ઊભી થાય છે.

* જાણનાર ચૈતન્ય ભગવાન અને દયા, દાનના વિકલ્પો જે રાગ બંને એક દ્રવ્ય નથી. દ્રવ્ય બંને જુદા છે. એક સાથે – એક કાળે – એક ક્ષેત્રે જ્ઞાન ઉપજે અને રાગ ઉપજે એ એક દ્રવ્યપણાને લઈને નહી –એક વસ્તુપણાને લઈને નહીં. એક આસ્રવ તત્ત્વ છે અને એક જીવ તત્ત્વ છે. બેય પદાર્થ જુદા છે.

* જેમ દીપક વડે પ્રકાશવામાં આવતાં ઘટાદિ દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે – દીપકપણાને જાહેર કરે છે, એ ઘટ-પટને જાહેર નથી કરતાં તથા દીવો બીજી ચીજોને પ્રકાશે છે એમ નથી; એ તો પોતાની ચીજ પ્રકાશ છે એને જ પ્રકાશે છે. દીવાનો સ્વભાવ સ્વને અને પરને અને પરને પ્રકાશવાનો છે તેને પ્રકાશે છે; બીજી ચીજને પ્રકાશે છે એમ નહી. તેમ રાગાદિ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા તો રાગાદિ ભાવો આત્માના ચેતકપણાને જાહેર કરે છે. આત્મા પોતાને જાણે છે અને રાગાદિ થાય એને જાણે છે એ જાણવાની પર્યાયને પ્રકાશે છે. પરને નહી – રાગાદિને નહી. **આત્મા રાગ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામમાં પેસીને જાણતો નથી. એમાં તન્મય થઈને જાણતો નથી. તન્મય તો પોતાની પર્યાયમાં થઈને જાણે છે તેથી તે પોતાની જ્ઞાનની પર્યાયને પ્રકાશે છે - એ રાગાદિને પ્રકાશતો નથી.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


* આત્માનો સ્વભાવ સ્વતઃ સ્વયં સ્વ. પર પ્રકાશક હોવાથી પરને લઈને પરને પ્રકાશે છે એમ નથી પરને અને પોતાને પ્રકાશે છે **એ પોતાને પ્રકાશે છે પોતાની પર્યાયને પ્રકાશે છે. એ પરને પ્રકાશતો નથી.**

* આત્મા જ્ઞાનાનંદ પ્રભુ રાગ-દયા, દાન, ભક્તિના પરિણામ થાય તેને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું હતું કે તે જણાવાયોગ્ય છે અને આ જાણનાર છે. હવે કહે છે કે એ જણાવા યોગ્ય છે એ પણ વ્યવહારથી કહ્યું હતું.... બાકી એને પ્રકાશતો નથી; પોતાની પર્યાયમાં દ્વિરૂપતાને પ્રકાશે છે. **પોતાને પ્રકાશે છે અને રાગને પ્રકાશે છે; એ દ્વિરૂપતાને પ્રકાશે છે. એ પોતાનો પ્રકાશ છે.**

* આહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ કે તું એક ચૈતન્ય છો કે નહીં? છો તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહીં? એ જાણવું છે તે તો સ્વપર પ્રકાશક પણે છે કે એકલા સ્વપણે જ છે? જ્યારે સ્વપર પ્રકાશક પણે જાણવું છે તો તે પરને પ્રકાશે છે કે પોતાને પ્રકાશે છે? **સ્વપર પ્રકાશક પણું પોતાને પ્રકાશે છે.**

* જાણનાર કહ્યો છે - એ તો એના જાણવામાં એ આવે છે માટે. **પણ ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વ-પર પ્રકાશક પોતાની શક્તિ છે એને એ વિસ્તારે છે.** એ રાગાદિને - પરને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વ-પર પ્રકાશકતાનો વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે - પર વસ્તુ - જ્ઞેયને વિસ્તારતો નથી.

* અહીં આત્માના ગુણની મર્યાદા લીધી છે. એ આત્માના ગુણની મર્યાદા સ્વ-પર પ્રકાશક છે એ પરને પ્રકાશે છે એમ જાહેર નથી કરતું; **પણ પર સંબંધી પોતાનો જે પ્રકાશન સ્વભાવ છે. સ્વ.... સ્વપર પ્રકાશક તેને પ્રકાશે છે.**

* પહેલાં તો એ લીધું કે પુણ્ય અને પાપના ભાવ થાય એ ચેત્ય છે - જણાવા લાયક છે બસ! એટલું કહ્યું. આત્મા જાણનાર છે એટલું કહ્યું. એક સાથે ઉત્પન્ન થાય છે એક કાળે- એક ક્ષેત્ર છતાં બંને ભિન્ન ચીજ છે. ઓલી જણાવા યોગ્ય ચીજ છે, આ જાણનાર છે. હવે અહીં તો કહે છે કે એ જણાવા યોગ્ય ચીજ છે એ વાત કહી હતી પણ એ આના પ્રકાશમાં પ્રકાશે છે - એ પોતાનો પ્રકાશ છે. એ ચીજને પ્રકાશતો નથી. એ ચૈતન્યનો પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે એને પ્રકાશે છે. એ જ્ઞાન જ્ઞેયમાં ક્યાં તન્મય થાય છે કે એને પ્રકાશે. **જ્ઞેય સંબંધીનું જ્ઞાન જે પોતાનું છે એમાં એ તન્મય છે તેથી તે પોતે પોતાના જ્ઞાનને સ્વપ્રકાશને વિસ્તારે છે. પરનો વિસ્તાર કરતો નથી.**

* ચૈતન્ય દ્રવ્ય ભગવાન સ્વરૂપ ચૈતન્યપ્રકાશ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. ચૈતન્ય ચમત્કારી એટલે? પોતામાં રહેલા અનંતને પ્રકાશે છે. છતાં અનંતને પ્રકાશે છે એમ કહેવું તે પણ અપેક્ષા એ છે. પોતાની પર્યાયમાં અનંતતા જણાય એ પર્યાયને પ્રકાશે છે. જણાય એવા પદાર્થમાં હું નથી. હું તો મારા સ્વપર પ્રકાશના પર્યાયમાં છું. જ્ઞાનની પર્યાયમાં આ બધું જણાય છે? તો કહે છે ના. **એ ચૈતન્યનો સ્વભાવ છે પ્રકાશવું. તો અસ્તિત્વમાં રહીને પ્રકાશે છે.** તે પોતાના જ્ઞાનને પ્રકાશે છે. આ ચીજોમાં જ્ઞાન જતું નથી તેમજ તે ચીજોને લઈને આંહી જ્ઞાનનો પ્રકાશ થતો નથી. **પોતાનો અનંતભાવ જાણવાનો જે સ્વભાવ છે એ સ્વભાવમાં અનંતા જણાય છે એ ખરેખર તો પોતાની પર્યાય જણાય છે - પર નહીં. પરને તો અડતો ય નથી.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


* જાણનારો ભગવાન પોતે ક્ષણે ક્ષણે પોતાને અને પરને પોતાના કારણે પોતે જ પ્રકાશે છે. આહાહાહા!

સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદભ્રમ ભારી; જ્ઞેય શક્તિ દુવિધા પરકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.

જ્ઞેય દ્વૈત છે પણ ખરેખર તો જ્ઞેય "આ" ભાસે છે, ચૈતન્ય જ્ઞેય છે... એનું અસ્તિત્વ જ એટલું બધું મોટું છે કે પોતામાં રહીને, પરને અડયા વિના, પરનું અસ્તિત્વ છે માટે પોતે જાણે છે એમ પણ નહીં પરંતુ પોતાના અસ્તિત્વની સત્તા એટલી છે કે પર અનંત છે તે અડયા વિના સ્વ-પર પ્રકાશને પ્રકાશે છે. **એ પર પ્રકાશને પ્રકાશતો નથી. સ્વને પ્રકાશે છે.**

* આત્માના ચેતનપણાને જ... ભાષા જોઈ? શું કહે છે? રાગાદિને નહી. આત્માના ચેતનપણાને જ જાહેર કરે છે. ગજબ કામ કર્યા છે ને? આવી વાત ક્યાંય નથી 'જ' શબ્દ છે ને? પર પદાર્થોને નહી અહાહા! ચૈતન્યનું સ્વપર પ્રકાશકપણું વિશાળ છે, એની સત્તા વિશાળ છે. એ વિશાળતાને જાહેર કરે છે. વિશાળતામાં વિશાળ વસ્તુને જાહેર કરે છે એમ નહીં.

*** આત્માના પ્રકાશમાં આત્માનો પ્રકાશ જ જાહેર કરે છે. રાગાદિની નહીં....**

નજીકમાં નજીક એક ક્ષેત્રે અને એક કાળે ઉત્પન્ન થાય એને પણ જાહેર કરતો નથી. પોતાના પ્રકાશની દ્વિરૂપતા, એને અને પોતાને પ્રકાશે એવી પોતાની શક્તિને પ્રકાશે છે.. . પરને જાહેર કરે છે એમ નહીં; પોતાને જાહેર કરે છે. જે જણાય છે **તેને નહીં - એ જણાતું જ નથી. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું છે એ જણાય છે.**

(પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસારજી શાસ્ત્રની ગાથા-૨૯૪ ઉપરના ૧૯મી વારના પ્રવચન ક્રમાંક - ૩૬૧, દિનાંકઃ ૬-૧૨-૭૯ માંથી)

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તન્મય થયા વિના જ્ઞાન જાણે જ નહીં !

... આ શરીર છે તે શરીરમાં જણાય છે? કે આત્માની જ્ઞાન પર્યાયમાં જણાય છે? જે પર્યાયનું અસ્તિત્વ છે તેમાં તે જણાય છે. ખરેખર તે જણાતું નથી પરંતુ ખરેખર તો એની પર્યાય જણાય છે. એ પર્યાય પણ એમાં નથી. અહાહા! લોજીકથી કાંઈક પકડશે કે નહીં ન્યાય! જેની સત્તામાં આ સત્તાનો સ્વીકાર થાય છે તે ચૈતન્યની પર્યાયની સત્તામાં આ છે. પૈસા છે ને બાયડી છે ને આ છોકરા છે એ ચીજ કાંઈ એની પર્યાયમાં આવતી નથી. પર્યાય એટલે અવસ્થા - જાણવાની અવસ્થા. ત્રિકાળ દ્રવ્ય અને ત્રિકાળ ગુણ અને વર્તમાન પર્યાય-અવસ્થા. એ અવસ્થામાં એ ચીજ કાંઈ આવતી નથી; પણ એ ચીજ છે એમ જાણે છે એ પણ એ ચીજને જાણતો નથી. અહાહા! એ ચીજ તો આવતી નથી પણ એ ચીજને જાણતો નથી. એ તો જાણનારને જાણે છે.

અહાહા! આવું છે પ્રભુ! આ તો વીતરાગ, જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની વાણી આ છે બાપા! લોકોએ પામર તરીકે કાઢી નાખી છે. એકેન્દ્રિયની દયા પાળો, ફલાણાની દયા પાળો ને આ વ્રત કરોને એમ કરીને જૈનધર્મને પામર કરી નાખ્યો છે. જેની પ્રભુતાનો પાર નથી, જેની મોટપનો પાર નથી અહાહા!

જે આ જગતમાં ચીજો છે. આ શરીર છે એમ શરીરને ખબર પડે છે? એ આત્માની પર્યાયમાં ખબર પડે છે કે આ શરીર છે છતાં પર્યાયમાં એ શરીર આવતું નથી. ખરેખર તો એ પર્યાય શરીરને જાણતી પણ નથી કારણ કે એ પર્યાય શરીરમાં તન્મય થતી નથી. **તન્મય થયા વિના જાણવું કહેવું એ બરાબર નથી.** આ શરીર છે, વાણી છે, રાગ છે, આ પૈસો - ધૂળ છે, આ મકાન છે એ આત્માની પર્યાય એટલે કે અવસ્થાની સત્તામાં જણાય છે. એ જણાય છે એ આત્માની સત્તાની અવસ્થા જણાય છે; એ વસ્તુ નહીં.

અહાહા! આ બધું દેખાય છે. આંખ તો આટલી છે એમાં દેખાય આટલું બધું. ખરેખર તો અસંખ્ય પ્રદેશમાં દેખાય છે. આ તો આંખ નિમિત્ત છે. અસંખ્ય પ્રદેશમાં પર્યાયમાં જણાય છે. એ પર્યાયમાં પર્યાયની શક્તિથી પર્યાયને જાણે છે.

અહાહા! પ્રભુ! તું તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણોથી શોભાયમાન છો ને! એમાં પરના વિકલ્પોથી તને તો અશોભા અને કલંક લાગે છે. જે આનંદ અને જ્ઞાનથી શોભનારું તત્ત્વ એવું જે પરમાત્મ તત્ત્વ પોતે પ્રભુ નિજ પરમાત્મા એની પર્યાયમાં આ કરું ને આ કરું! પણ આ કરું એ ચીજ તો આહીં આવતી નથી અને તારી પર્યાય એ ચીજમાં જાતી નથી તો પરનું કરવું તો એમાં આવતું નથી પણ **પરને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે - અસદ્ભૂત વ્યવહાર છે કેમ કે પરમાં તન્મય થતો નથી.** ફક્ત પોતાની પર્યાયને જો છે એમ કહેવું એ પણ સદ્ભૂત વ્યવહાર છે.

(પૂ. ગુરુદેવશ્રીના નિયમસાર શ્લોક-૧૨૦ ઉપરના દિ. ૨૫-૧૧-૭૯ના પ્રવચનમાંથી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# પ્રતિભાસ સંબંધી થોડુંક

જ્ઞાન સ્વ-પર પ્રકાશક સ્વભાવી છે. જિનવાણીનું આ કથન મહાસત્ય છે. જ્ઞાનનો સ્વભાવ જાણવું છે તો તેમાં કોને જાણવું અને કોને ન જાણવું એવો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. પરંતુ જ્યારે આત્માનુભવી જ્ઞાની પુરુષો વારંવાર એમ સમજાવતા હોય કે જ્ઞાન સ્વપર પ્રકાશકપણાની એક શક્તિ ધરાવે છે તે વાત સાચી છે પરંતુ જ્ઞાન પરને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહાર નયનું કથન છે. ખરેખર તો જ્ઞાન જેમાં પોતાના સ્વપર પ્રકાશકપણાની દ્વિરૂપતા જણાઈ રહી છે તેવી પોતાની પર્યાયને જ જાણે છે. આમ જ્ઞાન તો જ્ઞાનને જ જાણે છે ખરેખર પરને જાણતું નથી. કેવળી ભગવાન નું કેવળજ્ઞાન પણ નિરંતર પોતાની વર્તમાન વર્તતી જ્ઞાનપર્યાયને જ જાણી રહેલ છે જે પર્યાયમાં લોકાલોક સતત પ્રકાશિત થયા કરે છે.

વળી એક ન્યાય એવો પણ આપવામાં આવે છે કે જ્ઞાન તન્મય થયા વિના જાણી શકે નહિ અને જ્ઞાનની પર્યાય પર સાથે તો તન્મય થતી નથી તેથી ખરેખર પરમાર્થથી જોતાં જ્ઞાનપર્યાય પરને જાણી શકે જ નહિ. પર્યાય પર્યાયમાં તન્મય હોવાથી પોતે પોતાને જાણે છે અને પ્રયોજનની દ્રષ્ટિએ અભેદ વિવક્ષા લઈએ તો જ્ઞાન પર્યાય જ્ઞાનમય છે અને જ્ઞાન તો સદા જ્ઞાયકમય જ હોય છે તેથી જ્ઞાયક જ જાણવામાં આવે છે એ નિશ્ચય છે.

જ્ઞાન પર્યાયની જાણવા સંબંધી જો આવી સ્થિતિ છે તો પછી પરના જણાવા સંબંધી કોઈ ખાસ વ્યવસ્થા હોવી જોઈએ કારણ કે પર સંબંધીનું જ્ઞાન તો થયા જ કરે છે. આ પ્રશ્નના ઉત્તરરૂપ કથનો જિનવાણીમાં આવે છે પરંતુ તે કથનો યથાર્થ ખ્યાલમાં, યથાર્થરીતે આવ્યા નથી. જ્ઞાનની સ્વચ્છતા, ઉપયોગની સ્વચ્છતા, આત્મામાં, રહેલી સ્વચ્છત્વશક્તિ વગેરે સંબંધી મીમાંસા કરતાં સ્વપરનું પ્રકાશન કેવી રીતે થાય છે તે સમજાય છે. જ્યાં જ્યાં સ્વચ્છતાની વાત આવી છે ત્યાં ત્યાં દર્પણના દ્રષ્ટાંતથી પ્રકાશનની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. બાહ્ય પદાર્થો દર્પણમાં પ્રતિબિંબિત થાય છે તે દર્પણની સ્વચ્છતાનું પરિણમન છે, પદાર્થનું એમાં કાંઈ કર્તવ્ય નથી.

જ્ઞાનની સ્વચ્છતાને કારણે લોકાલોક સ્વ-પર સમસ્ત પદાર્થો પોતાનું પ્રમેયત્વ સમર્પિત કરતાં સ્વયમેવ ઝળકે છે. જ્ઞાન તો સમયે સમયે આ ઝળકવાપણાને જાણી રહેલ છે, પદાર્થોને નહી કેમ કે ઝળકવું જ્ઞાનની સત્તામાં બની રહ્યું છે જ્યારે લોકાલોક તો જ્ઞાનની સત્તાથી બહાર વર્તે છે. સ્વચ્છત્વના નિજ અમૂર્ત આત્મપ્રદેશોમાં થઈ રહેલા પરિણમનને જ પ્રતિભાસન, અવભાસન, પ્રતિબિંબિતપણું, પ્રકાશન વગેરે શબ્દોથી ઓળખવામાં આવે છે. સ્વચ્છત્વના આ નિરંતર ચાલતા પરિણમનને કારણે જ જ્ઞાન સ્વસત્તામાં રહીને પર સન્મુખ થયા વિના તેમજ પરમાં તન્મય થયા વિના પોતાના સ્વચ્છત્વના પરિણમનમાં પ્રતિભાસિત સમસ્તને તેજ સમયે જાણી લે છે. સ્વચ્છત્વને કારણે થતો પ્રતિભાસરૂપ પ્રકાશનનો વ્યાપાર તથા જ્ઞાનનો જાણનક્રિયારૂપ વ્યાપાર સમકાળે ચાલતા રહેતા હોવાથી કાળભેદ વિના સ્વપરનું જાણવું બની શકે છે. આમ પ્રકાશકપણું એ પ્રતિભાસ એટલે કે ઝળકવાના અર્થમાં પ્રતિપાદિત છે, તેને સમકાલીન પરિણમનને કારણે જાણવાના અર્થમાં પણ ઠેકઠેકાણે કથિત કરવામાં આવે છે પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનની જાણનક્રિયાના અર્થમાં જોઈએ તો સર્વજીવોને સર્વકાળે અને સર્વક્ષેત્રે જ્ઞાનમાં તો પોતાનું જ્ઞાન જ જણાયા કરે છે એટલે કે જ્ઞાયક જ અભેદનયે જાણવામાં આવી રહ્યો છે.

વળી પ્રતિભાસ શબ્દ શાબ્દિક અર્થની દૃષ્ટિએ ભિન્ન ભિન્ન અર્થમાં વપરાય છે. પ્રતિભાસનો એક અર્થ "જાણે કે આમ ન હોય એવું લાગે છે" એવારૂપે થાય છે. અજ્ઞાનીને વાસ્તવિકતા ન હોય તો પણ તેવું પ્રતિભાસવું એ ભ્રમણાના અર્થમાં થતો પ્રતિભાસનો ઉપયોગ છે. અને જ્ઞાનની જાણનક્રિયા સાથે સંબંધિત પ્રતિભાસ શબ્દનો અર્થ સ્વચ્છત્વના પરિણમનરૂપ પ્રકાશકપણું, પ્રતિબિંબિતપણું, ઝળકવાપણું, અવભાસન થાય છે અને આ અર્થ જે સ્વપર પ્રકાશકતાને યથાર્થ સમજવા માટે યથાર્થ છે.

જ્ઞાની અજ્ઞાની બધામાં જ્ઞાનનું સ્વચ્છત્વ હોવાથી સ્વપરનો પ્રતિભાસ તો વર્ત્યા જ કરે છે. અજ્ઞાની એકાંત પર પ્રતિભાસનો સ્વીકાર કરી પરમાં એકત્વ સ્થાપતો હોવાથી તેના જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરે છે તેથી તે અપ્રતિબુદ્ધ રહી જાય છે અને તેજ જીવ સ્વના પ્રતિભાસનો સ્વીકાર કરી એકત્વપૂર્વક સ્વજ્ઞાયકમય પરિણમન કરે છે તે પ્રતિબુદ્ધ થઈને અનુભૂતિ પ્રગટ કરી લે છે. આ વાત જ શ્રીમદ્ રાજચંદ્રજીના નીચેના કથનમાંથી ફલિત થાય છે–

"અનાદિકાળથી જે જ્ઞાન ભવહેતુરૂપ થતું હતું તે જ જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી ભવનિવૃત્તિરૂપ કરનાર કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન જયવંત વર્તો, જયવંત વર્તો".

આમાં જ્ઞાન તો માત્ર જાણક સ્વભાવી જ હોવાથી ભવના હેતુરૂપ કેમ થાય? પરંતુ સ્વચ્છત્વના પરિણમનને કારણે પરનો પ્રતિભાસ થતાં પરસાથે એકતાબુદ્ધિરૂપ વર્તવું થાય છે તે શ્રદ્ધા અને ચારિત્રના દોષિત પરિણામો સાથે ભેદજ્ઞાનના અભાવને લઈને જ્ઞાન એકત્વપૂર્વક વર્તે છે તેથી તેની ભવના હેતુરૂપ કહેવામાં આવેલ છે. આ હકીકતનો ખુલાસો શ્રી સમયસારજી શાસ્ત્રની ગાથા ૮૭ માં ભાવાર્થકાર સમકિતી પંડિત શ્રી જયચંદજીએ સ્પષ્ટ રીતે કરેલ છે તે યથાર્થપણે સમજીને સ્વીકૃત કરવા યોગ્ય છે.

પ્રતિભાસના સ્વચ્છત્વના પરિણમન સ્વરૂપ આ પ્રકારના ઉપયોગના સંદર્ભો જિનવાણી તથા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી સંકલિત કરીને અહીં પ્રકાશિત કરવામાં આવેલ છે.

* * *

## પ્રકાશમાનપણું, પ્રતિભાસ, અવભાસન, પ્રતિબિંબિંતપણું, ઝલકવું વગેરે એકાર્થ છે તેના સંદર્ભો:

### (૧) જિનવાણીમાંથી:

૧. સ્વચ્છત્વશક્તિની વ્યાખ્યા: અમૂર્તિક આત્મપ્રદેશોમાં **પ્રકાશમાન** લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે) (શ્રી સમયસારજી શાસ્ત્રમાં ૧૧ મી શક્તિ)

૨. જેમાં દર્પણની સપાટીની પેઠે બધા પદાર્થોનો સમૂહ અતીત, અનાગત અને વર્તમાનકાળના સમસ્ત અનંત પર્યાયો સહિત **પ્રતિબિંબિત** થાય છે, તે સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતના સ્વરૂપ પ્રકાશ જયવંત વર્તો..

જે શુદ્ધ ચેતના પ્રકાશમાં બધા જ જીવાદિ પદાર્થોનો સમૂહ **પ્રતિબિંબિત** થાય છે. શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહીમા છે કે તેમાં જેટલા પદાર્થો છે તે બધા જ પોતાના આકાર સહિત **પ્રતિભાસમાન** થાય છે. અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે તેમ... જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ **પ્રતિબિંબિત** થાય છે. એવું કોઈ દ્રવ્ય કે પર્યાય નથી જે જ્ઞાનમાં ન આવ્યું હોય. આવા શુદ્ધ ચૈતન્યરૂપ પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે. (શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ગાથા-૧: અન્વયાર્થ, ટીકા, ભાવાર્થ)

૩. જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે **જ્ઞેયનું પ્રતિબિંબ** જ્યારે **ઝળકે** છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં **પ્રતિભાસિત** થયું તેવો જ્ઞાયકનોજ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. (શ્રી સમયસારજી ગાથા-૬ નો ભાવાર્થ)

૪. જે પુરુષો પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈપણ પ્રકારે ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે એવી અવિચળ પોતાના આત્માની અનુભૂતિને પામે છે, તે જ પુરુષો દર્પણની જેમ પોતામાં **પ્રતિબિંબિત** થયેલા અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકાર રહિત હોય છે, - જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર **પ્રતિભાસે** છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. (શ્રી સમયસારજી કળશ-૨૧)

૫. આત્માની **જ્ઞાન-સ્વચ્છતા** એવી જ છે કે જેમાં જ્ઞેયનું **પ્રતિબિંબ** દેખાય; એ રીતે કર્મ - નોકર્મ જ્ઞેય છે તે **પ્રતિભાસે** છે. (શ્રી પ્રવચનસારજી ગાથા-૧૯ ભાવાર્થ).

૬. આત્મા પદાર્થોમાં નહિ વર્તતો હોવા છતાં જે શક્તિ વૈચિત્ર્યથી તેને પદાર્થોમાં વર્તવું સિદ્ધ થાય છે તે પ્રકાશે છે. (શ્રી સમયસારજી ગાથા-૨૯ મથાળું) આ ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં છે કે જ્ઞાની જ્ઞેય પદાર્થેષુ નિશ્ચયનયેન અપ્રવિષ્ટો અપિ વ્યવહારેણ પ્રવિષ્ટ ઈવ **પ્રતિભાતીતિ** શક્તિ વૈચિત્ર્ય.

૭. શ્લોકાર્થમાં છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે આનો ભાવાર્થ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કારે એવો અર્થ કર્યો છે કે જ્ઞાનમાં અન્ય દ્રવ્યો **પ્રતિભાસે** છે તે તો આ **જ્ઞાનની સ્વચ્છતા**નો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો **પ્રતિભાસ** દેખીને આ લોકો "જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે" એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે તે તેમનું અજ્ઞાન છે. (શ્રી સમયસારજી કળશ-૨૧૫)

૮. જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તો પણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી. ભાવાર્થકાર આને સમજાવતાં લખે છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરાપણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની **સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે,** પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. (શ્રી સમયસારજી કળશ - ૨૧૬)

૯. જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે. (શ્રી સમયસારજી કળશ-૪૭)

૧૦. જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાન સ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાન કલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવા યોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. (શ્રી સમયસારજી કલશ-૨૭૧ ભાવાર્થ)

૧૧. વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે. જ્ઞાનરૂપી ભીતમાં (જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ અક ક્ષણે જ **ભાસે** છે. આત્માની અદ્‌ભુત જ્ઞાનશક્તિ અને દ્રવ્યોની અદ્‌ભુત જ્ઞેયત્વશક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે **ભાસવું** અવિરુદ્ધ છે.

જયસેનાચાર્યઃ સર્વે સદ્‌ભૂતા અસદ્‌ભૂતા અપિ પર્યાયાઃ યે સ્ફુટં તે પૂર્વોકતાઃ પર્યાયો વર્તન્તે **પ્રતિભાસન્તે** પ્રતિસ્ફુરન્તિ કેવલજ્ઞાને. (શ્રી પ્રવચનસારજી ગાથા-૩૭)

૧૨. આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે તેમને ભિન્ન કરવા અત્યંત અશકય હોવાથી, બધુંય જાણે કે આત્મામાં નિખાત - પેસી ગયું હોય એ રીતે **પ્રતિભાસે** છે. (સંસ્કૃત ટીકામાં "પ્રતિભાતિ" છે, ત્યાં જાણે છે એમ નથી.) (શ્રી પ્રવચનસારજી ગાથા-૪૯)

૧૩. પ્રથમ તો, અર્થવિકલ્પ તે જ્ઞાન છે. ત્યાં, અર્થ એટલે શું? સ્વ-પરના વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ. તેના આકારોનું **અવભાસન** તે વિકલ્પ અને દર્પણના નિજ વિસ્તારની માફક જેમાં યુગપદ્ સ્વ-પર આકારો **અવભાસે** છે એવો જે અર્થ વિકલ્પ તે જ્ઞાન. (શ્રી પ્રવચનસારજી ગાથા-૧૨૪)

૧૪. એક પોતાના આત્માને જાણતાં આ ત્રણ લોક જાણવામાં આવી જાય છે કારણ કે આત્માના ભાવરૂપ કેવળજ્ઞાનમાં આ લોક **પ્રતિબિંબિત** થતો વસી રહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્માને પોતાને જાણતાં બધા ભેદ જણાઈ જાય છે. જેણે પોતાને જાણી લીધો તેણે પોતાથી ભિન્ન સર્વ પદાર્થોને જાણી લીધા. અથવા આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યપ્તિજ્ઞાનથી સર્વ લોકાલોકને જાણે છે તેથી આત્માને જાણતાં બધું જાણી લીધું. અથવા વીતરાગ નિર્વિકલ પરમ સમાધિના બળથી કેવળજ્ઞાન પ્રગટ કરીને જેવી રીતે દર્પણમાં ઘટપટાદિ પદાર્થ **ઝળકે** છે તે જ રીતે જ્ઞાનરૂપી દર્પણમાં સર્વ લોકાલોક **ભાસે** છે. ( શ્રી પરમાત્મપ્રકાશ-હિંદીપ્રત ગાથા-૯૯, પાનું-૯૩/૯૪ )

૧૫. જેવી રીતે તારાઓનો સમૂહ નિર્મળ જળમાં **પ્રતિબિંબિત** થતો પ્રત્યક્ષ દેખાય છે તેવી જ રીતે મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોથી રહિત સ્વચ્છ આત્મામાં સમસ્ત લોક અલોક **ભાસે** છે. ( શ્રી પરમાત્મપ્રકાશ ગાથા-૧૦૨, પાનું- ૯૬ )

૧૬. જેવી રીતે દર્પણની સ્વચ્છતા, દર્પણનું સ્વરૂપ તથા દર્પણના આકાર બરાબર છે તેને છોડયા વિના દર્પણ યથાયોગ્ય પદાર્થોને પ્રતિબિંબિત કરે છે તથા તે પદાર્થોમાં પ્રતિબિંબિત થવાનો સ્વભાવ હોવાથી પોતાનું સ્થાન છોડયા વિના જ તે દર્પણમાં પ્રતિબિંબિત થઈ જાય છે; તેવી જ રીતે જ્ઞાનાનંદના આધારભૂત આત્માનું જ્ઞાન આત્માના સ્વરૂપ અને આકાર બરાબર છે તેને છોડયા વિના જ સર્વજ્ઞ પરમાત્મા સર્વ લોકાલોકને જાણી લે છે તથા સર્વ લોકાલોક જ્ઞાનનો વિષય હોવાથી જ્ઞેયસ્વભાવી હોવાથી તે પણ પોતાનું સ્થાન છોડયા વિના જ જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ જાય છે. જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબિત મયૂર બાહ્યસ્થિત મયૂરનું પ્રતિબિંબરૂપ કાર્ય હોવાથી મયૂર જ કહેવાય છે તે જ રીતે જ્ઞાનમાં પ્રતિબિંબિત સર્વ લોકાલોક બાહ્ય સ્થિત લોકાલોકના પ્રતિબિંબરૂપ કાર્ય હોવાથી સર્વ લોકાલોક જ કહેવાય છે તેથી સર્વને જાણવાની અપેક્ષાએ આત્મા સર્વગત છે એમ કહેવામાં આવે છે.

જેવી રીતે જ્ઞાનસ્વભાવી સર્વજ્ઞ જ્ઞાનમય સ્વક્ષેત્રથી બહાર ગયા વિના જ સર્વગત છે તેવી જ રીતે શરીર સ્થિત સર્વજ્ઞ શરીરની બહાર ગયા વિના જ સર્વગત છે. આ રીતે આત્માની જ્ઞાનમયતા તથા પદાર્થોની જ્ઞેયમયતાને કારણે પોતપોતાના ક્ષેત્રનો ત્યાગ કર્યા વિના જ ક્રમશઃ સર્વજ્ઞ સર્વગત તથા પદાર્થ સર્વજ્ઞગત છે એમ વ્યવહારથી કહેવાય છે. ( શ્રી પ્રવચનસારજી ગાથા-૨૭ ની શ્રી જયસેનાચાર્યદેવની તાત્પર્યવૃત્તિ ટીકા )

૧૭. જેવી રીતે રૂપી દ્રવ્ય નેત્રની સાથે પરસ્પર સંબંધનો અભાવ હોવા છતાં પણ પોતાના આકારને સમર્પિત કરવા સમર્થ છે અને નેત્રપણ તેમના આકારને ગ્રહણ કરવા સમર્થ છે તે જ રીતે ત્રણ લોકરૂપ ઉદરવિવર-છિદ્રમાં સ્થિત ત્રણકાળ સંબંધી પર્યાયોથી પરિણમિત પદાર્થ જ્ઞાનની સાથે પરસ્પર પ્રદેશોનો સંબંધ ન હોવા છતાં પણ પોતાના આકારને સમર્પિત કરવા સમર્થ છે; અખંડ, એક **પ્રતિભાસમય કેવળજ્ઞાન** પણ તેમના આકારોને ગ્રહણ કરવા સમર્થ છે. ( શ્રી પ્રવચનસારજી ગાથા-૨૯ તાત્પર્યવૃત્તિ ટીકા )

૧૮. જો સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા ( જ્ઞાનમાં ) ઉતર્યા થકા સર્વ પદાર્થો જ્ઞાનમાં ન **પ્રતિભાસે** તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય અને જો તે ( જ્ઞાન ) સર્વગત માનવામાં આવે, તો પછી ( પદાર્થો )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાક્ષાત્ જ્ઞાનદર્પણ ભૂમિકામાં ઊતરેલા **બિંબસમાન** પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો હોવાથી અને પરંપરાએ **પ્રતિબિંબ સમાન** જ્ઞેયાકારોના કારણો હોવાથી પદાર્થો કઈ રીતે જ્ઞાનસ્થિત નથી નક્કી થતા? (અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે)

ફૂટનોટ :- જ્ઞાનને દર્પણનીઉપમા આપીએ તો પદાર્થોના **જ્ઞેયાકારો** બિંબસમાન છે અને જ્ઞાનમાં થતા જ્ઞાનની અવસ્થારૂપ **જ્ઞેયાકારો પ્રતિબિંબ** જેવા છે-પદાર્થો પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોનાં સાક્ષાત્ કારણ છે અને પરંપરાએ જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારોનાં (જ્ઞાનાકારોનાં) કારણ છે. (શ્રી પ્રવચનસારજી શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત ટીકા ગાથા-૩૧)

૧૯. સિદ્ધ પરમેષ્ઠીના જ્ઞાનમાં કોઈ પદાર્થનો વિનાશ સંભવ નથી. અર્થાત્ બધા પદાર્થો તેમનાં જ્ઞાનમાં પોતપોતાન ભિન્ન ભિન્ન સત્તારૂપ રહીને જ સર્વદા **પ્રતિબિંબિત** થયા કરે છે. (પરમ અધ્યાત્મ તરંગિણી કળશ-૧)

૨૦. જ્ઞેયો પણ પોતપોતાના સ્થાને રહીને જ્ઞાનમાં **પ્રતિબિંબિત** થયા જ કરે છે. આવો જ જ્ઞાન અને જ્ઞેયોનો પરસ્પરમાં જ્ઞાયક જ્ઞેય સંબંધ અનાદિથી ધારાપ્રવાહરૂપે ચાલ્યો આવે છે અને આ પ્રકારે જ અનંતકાળ સુધી ચાલ્યા કરશે. ભાવાર્થમાં છે કે બધા પદાર્થો જ્ઞેય છે. અને જ્ઞાનમાં **પ્રતિભાસિત** થયા જ કરે છે. (પરમ અધ્યાત્મ તરંગિણી કળશ-૬)

૨૧. આત્મા જ્યારે પરિપૂર્ણ નિરાવરણ કેવળજ્ઞાન સમ્પન્ન થાય છે ત્યારે તેમાં ત્રણલોકવર્તી અનંતાનંત પદાર્થો પોતાની ત્રણે કાળની પર્યાયો સહિત યુગપત્ એક જ સમયમાં એક જ કાળે પ્રતિબિંબિત થાય છે. તેમના **પ્રતિબિંબિત** થવા છતાં પણ આત્મા તો પોતાના સ્વરૂપમાં જ નિમગ્ન રહે છે. આત્માનો સ્વભાવ જ્ઞાયક છે અને જ્ઞેયોનો સ્વભાવ જ્ઞેયરૂપે જ્ઞાનમાં **પ્રતિબિંબિતથવું-ઝળકવું** તે છે. બન્ને પોતપોતાના સ્વભાવમાં જ રહે છે. (પરમ અધ્યાત્મ તરંગિણી કળશ-૩૩)

## (૨) ગુરુવાણીમાંથી

૧. દર્પણમાં જે પ્રતિબિંબ દેખાય છે તે તો દર્પણની સ્વપર આકારનો-સ્વરૂપનો **પ્રતિભાસ** કરનારી **સ્વચ્છતા જ** છે. તેમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞેયાકાર સ્વનું જ્ઞાન કરે છે અને દયા-દાન-વ્રતાદિ વિકલ્પનું જ્ઞાન કરે છે. એ પરનું જ્ઞાન થાય છે એ પોતાની પર્યાયમાં થાય છે. એ પરનું જ્ઞાન પરમાં તો થતું નથી પણ પરને લીધે પણ થતું નથી. પોતાના **જ્ઞાનની સ્વચ્છત્વ શક્તિને** લીધે થાય છે. (પ્રવચન રત્નાકર ભાગ-૨, પાનું-૫૪)

૨. લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય છે એમ નથી. જ્ઞાનની સ્વપર પ્રકાશક પરિણતિ એ પોતાના સ્વભાવથી થાય છે, લોકાલોકથી નહીં. **સ્વપરનો પ્રતિભાસ થવો** એ પોતાનું સહજ સામર્થ્ય છે; પર છે તો પરનો પ્રકાશ થાય છે એમ નથી. આત્માની તો સ્વપરને જાણનારી જ્ઞાતૃતા છે. (પ્રવ. રત્ના. ભાગ-૨, પાનું ૫૫)

૩. ભગવાન આત્મા જ્ઞાયકભાવ સ્વભાવરૂપ છે. એમાં વ્યવહાર રત્નત્રયનો જે રાગ થાય તે રાગ સંબંધીનું પણ તે કાળે પોતાનું જ્ઞાન પરિણમે છે એ જ્ઞેયાકારે પરિણમે છે એમ કહેવું તે વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને એ જ્ઞાનાકારે થઈ રહ્યું છે એ નિશ્ચય છે ભગવાન! તને સ્વભાવની સત્તાની ખબર નથી. ભગવાન આત્માની જ્ઞાનસત્તા જ્ઞાનના હોવાપણે છે.. ભગવાન આત્માનો સ્વપરને પ્રકાશવાના સામર્થ્યવાળો ચૈતન્યપ્રકાશ જ એવો છે કે જેમ અરીસામાં સામેની ચીજ-બિંબનું પ્રતિબિંબ દેખાય છે તેમ જ્ઞાનમાં રાગાદિકર્મ-નોકર્મ જે હોય તે **પ્રતિભાસે** છે. (પ્રવ. રત્ના. ભાગ-૨, પાનું-૫૭)

૪. કેવળી ભગવાન નિશ્ચયથી ત્રણકાળ ત્રણલોકને દેખતા નથી. પણ પોતાની પર્યાયને દેખતાં તેમાં ત્રણકાળ ત્રણલોક દેખવામાં આવી જાય છે... નિત્યાનંદ જ્ઞાન સ્વભાવી ભગવાન આત્માને, પોતાની જ્ઞાન અવસ્થા કે જેમાં લોકાલોક **ઝળક્યા** છે તેને દેખે છે ત્યાં લોકાલોક સહજ દેખાઈ જાય છે. જેને તે દેખે છે તે તો જ્ઞાનની અવસ્થા છે, લોકાલોક નથી. (પ્રવ. રત્ના. ભાગ-૪, પાનું-૧૭૯)

૫. અનંત સિદ્ધો અને સ્વદ્રવ્ય પર્યાયમાં જણાયો છે એટલે કે પર્યાયમાં પર્યાયનો **પ્રતિભાસ** થાય છે અને પર્યાયમાં દ્રવ્યનો **પ્રતિભાસ** થાય છે. જેમ દર્પણમાં બિંબનું પ્રતિબિંબ દેખાય છે તેમ એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યનો **પ્રતિભાસ** થાય છે. (પ્રવ. રત્ના. ભાગ-૩, પાનું ૭૬)

૬. તારી ચૈતન્ય જ્યોતિ-જ્ઞાનજ્યોતિ પ્રભુ! બહાર રહેલી અગ્નિને જાણે, પણ તે કાંઈ અગ્નિમાં પ્રવેશ કરે છે, વા અગ્નિ જ્ઞાનમાં પ્રવેશ કરે છે એમ નથી. અરીસો હોય છે ને? તેમાં અગ્નિ, બરફ વગેરે ચીજોનો પ્રતિભાસ થાય છે તે અરીસાની **સ્વચ્છતાનો સ્વભાવ** છે; બાકી અરીસામાં કાંઈ અગ્નિ, બરફ વગેરે પેસી જતાં નથી, કે અરીસો તે ચીજોમાં પ્રવેશતો નથી. તેમ ભગવાન આત્મા ચૈતન્ય અરીસો છે. તેમાં શરીર, મન, વાણી ઈન્યાદિ દેખાય છે, **પ્રતિભાસે** છે, પણ તે ચીજો જ્ઞાનમાં પ્રવેશતી નથી ને જ્ઞાન તે ચીજોમાં પ્રવેશતું નથી. (પ્રવ. રત્ના. ભાવ-૯, પાનું-૩૯૭)

૭. અહા! લોકો જ્ઞાનમાં પરદ્રવ્યોનો **પ્રતિભાસ** દેખીને પરદ્રવ્યો સાથે પોતાને પરમાર્થ સંબંધ હોવાનું માને છે; અર્થાત્ પરજ્ઞેયોને કારણે જ્ઞાન થતું હોવાનું માને છે પરંતુ એવું માનવું અજ્ઞાન છે, આ શબ્દો પરજ્ઞેય છે એનાથી જ્ઞાન થાય એમ માનવું તે અજ્ઞાન છે. (પ્રવ. રત્ના-ભાગ-૯, પાનું-૩૯૭/૯૮)

૮. જ્ઞેયોના આકારની **ઝલક** જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો છે, જુઓ, જ્ઞાન જ્ઞેયાકાર છે એમ નહિ. એ તો જ્ઞેયને જાણવા પ્રતિ તેવા જ્ઞાનાકારે પોતે જ થયું છે. જ્ઞેયનું તેમાં કાંઈ જ નથી. જ્ઞેય જ્ઞાનમાં પેઠું છે એમ છે જ નહિ અર્થાત્ જ્ઞાન જ્ઞેયરૂપે થાય છે એમ છે જ નહિ. જ્ઞાન જ્ઞાનાકાર જ છે. એ જ્ઞાનના જ કલ્લોલો છે. (પ્રવ. રત્ના. ભાગ-૧૧, પાનું-૨૫૦)

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com